પામે છે. અંબિકાનંદન! શાપથી દાઝેલા રાજા પાંડુના જે પાંચ પુત્રો વનમાં ઉત્પન્ન થયા છે તે પાંચેય ઈન્દ્ર જેવા શક્તિશાળી છે, તેમને તમે જ નાનપણમાં ઉછેર્યા છે અને શિક્ષા આપી છે; તેઓ પણ હંમેશાં તમારી આજ્ઞાનું પાલન કરતા રહે છે. તાત! તેમને તેમનો ન્યાયોચિત રાજ્યભાગ આપીને તમે તમારા પુત્રો સાથે આનંદ ભોગવો. નરેન્દ્ર! આવું કરવાથી તમે દેવતાઓ તથા મનુષ્યોની આલોચનાનો વિષય નહિ બનો. ॥ ૧૦૬-૧૨૮ ॥

—★—

(વિદુરનીતિ)
(બીજો અધ્યાય)

ધૃતરાષ્ટ્ર બોલ્યા – તાત! હું ચિંતાથી સળગી રહેલો હજી સુધી જાગી રહ્યો છું; તમે મારા માટે કરવા યોગ્ય જે કાર્ય સમજો, તે જણાવો. કેમકે તમે ધર્મ અને અર્થના જ્ઞાનમાં નિપુણ છો. ઉદારચિત્ત વિદુર! તમે તમારી બુદ્ધિથી વિચારીને મને યથાર્થ ઉપદેશ કરો. જે વાત યુધિષ્ઠિર માટે હિતકર હોય અને કૌરવો માટે કલ્યાણકારી સમજો, તે સર્વ મને અવશ્ય કહો. વિદ્વન્! મારા મનમાં અનિષ્ટની આશંકા રહે છે, તેથી હું બધે અનિષ્ટ જ જોઉં છું; તેથી વ્યાકુળ હૃદયથી હું તમને પૂછી રહ્યો છું – અજાતશત્રુ યુધિષ્ઠિર શું ઈચ્છે છે, તે બધું મને યથાર્થ રીતે કહો. ॥ ૧-૩ ॥

વિદુરજીએ કહ્યું – મનુષ્ય જેનો પરાજય ઈચ્છતો નથી, તેને વિના પૂછ્યે પણ કલ્યાણપ્રદ અથવા અનિષ્ટ કરનારી, સારી કે ખોટી – જે પણ વાત હોય, તે કહી દેવી જોઈએ. તેથી રાજન્! જેનાથી સમસ્ત કૌરવોનું હિત થાય, તે જ વાત તમને કહીશ. હું જે કલ્યાણકારી અને ધર્મયુક્ત વચન કહી રહ્યો છું, તેમને તમે ધ્યાન દઈને સાંભળો – ભારત! અસત ઉપાયો (જુગાર વગેરે)નો પ્રયોગ કરીને જે કપટપૂર્ણ કાર્યો સિદ્ધ થાય છે, તેમનામાં તમે મન પરોવશો નહિ. એ જ પ્રમાણે સાત્ત્વિક ઉપાયો દ્વારા સાવધાનીપૂર્વક કરાયેલું કોઈ કાર્ય જો સફળ ન થાય તો બુદ્ધિમાન પુરુષે તેના માટે મનમાં દુઃખ કરવું ન જોઈએ. કોઈ પ્રયોજનથી કરવામાં આવેલા કર્મમાં, પ્રથમ પ્રયોજનને સમજી લેવું જોઈએ. બહુ જ સમજી-વિચારીને કામ કરવું જોઈએ, ઉતાવળા થઈને કોઈ કાર્યનો આરંભ ન કરવો જોઈએ. ધીર મનુષ્ય માટે ઉચિત છે કે પ્રથમ કર્મનું પ્રયોજન, પરિણામ તથા પોતાની ઉન્નતિનો વિચાર કરીને પછી કાર્યનો આરંભ કરે અથવા ન કરે. જે રાજા સ્થિતિ, લાભ, હાનિ, કોષ, દેશ તથા દંડ વગેરેના પ્રમાણને જાણતો નથી તે સ્થિર રહીને રાજ્યનું શાસન કરી શકતો નથી. જે આમનાં પ્રમાણોને (માત્રાને) બરાબર જાણે છે તથા ધર્મ અને અર્થના જ્ઞાનમાં ચિત્ત જોડી રાખે છે, તે રાજ્યને પ્રાપ્ત કરે છે. 'હવે તો રાજ્ય મળી જ ગયું' – એવું સમજીને અનુચિત વર્તાવ કરવો ન જોઈએ. ઉદંડતા સંપત્તિને એ રીતે નષ્ટ કરી દે છે, જેમ સુંદર રૂપને વૃદ્ધત્વ. માછલી સુંદર ખોરાકથી ઢાંકેલા લોઢાના કાંટાને લોભવશ પકડીને ગળી જાય છે, તેનાથી નીપજનારા પરિણામ પર વિચાર કરતી નથી. તેથી પોતાની ઉન્નતિ ચાહનાર પુરુષે તે જ વસ્તુ ખાવી (અથવા ગ્રહણ કરવી) જોઈએ જે ખાવા યોગ્ય હોય અને ખાઈ શકાતી હોય, ખાધા પછી (અથવા ગ્રહણ કર્યા પછી) પચી

શકે અને પચી ગયા પછી હિતકારી હોય. જે વૃક્ષો પરથી કાચાં ફળ તોડે છે, તેને તે ફળોમાંથી રસ તો મળતો નથી, ઊલટાનું તે વૃક્ષનું બીજ પણ નાશ પામે છે. પરંતુ જે સમય પર પાકેલા ફળને ગ્રહણ કરે છે, તે ફળનો રસ મેળવે છે અને તે બીજથી પુનઃ ફળ પ્રાપ્ત કરે છે. જેમ ભમરો ફૂલોની રક્ષા કરતો રહીને જ તેમના મધનો સ્વાદ લે છે, તે જ પ્રમાણે રાજાએ પણ પ્રજાને કષ્ટ આપ્યા વિના જ તેમની પાસેથી ધન લેવું. જેમ માળી બગીચામાં એક-એક ફૂલ તોડે છે, તેનાં મૂળિયાં કાપતો નથી, તે જ પ્રમાણે રાજાએ પ્રજાની રક્ષા કરતા રહીને તેમની પાસેથી કર લેવો. કોલસા બનાવનારાઓની માફક મૂળ કાપવાં જોઈએ નહિ. આ કરવાથી મારો શો લાભ થશે અને ન કરવાથી શી હાનિ થશે – આ પ્રમાણે કર્મોના વિષયમાં પૂરેપૂરો વિચાર કરીને પછી મનુષ્યે કર્મ કરવું અથવા ન કરવું. કેટલાંક એવાં વ્યર્થ કાર્યો છે જે નિત્ય અપ્રાપ્ત હોવાને કારણે આરંભ કરવા યોગ્ય હોતાં નથી; કેમકે તેમનાં માટે કરેલો પુરુષાર્થ પણ વ્યર્થ થઈ જાય છે. જેની પ્રસન્નતાનું કોઈ ફળ નથી અને ક્રોધ પણ વ્યર્થ છે, તેને પ્રજા સ્વામી બનાવવા ઈચ્છતી નથી – જેમ સ્ત્રી નપુંસકને પતિ બનાવવા ચાહતી નથી. જેમનું મૂળ (સાધન) નાનું અને ફળ મહાન હોય, તેવાં કાર્યોનો બુદ્ધિમાનો શીઘ્ર આરંભ કરી દે છે. તેવાં કામોમાં તે વિઘ્ન આવવા દેતો નથી. જે રાજા, જાણે 'આંખોથી પી જશે' – એવી પ્રેમભરી કોમળ દૃષ્ટિથી જુએ છે, તે ચૂપચાપ બેસી રહે તો પણ પ્રજા તેને પ્રેમ કરે છે. રાજા વૃક્ષની જેમ સારી રીતે ફૂલોથી ખીલવા (પ્રસન્ન રહેવા) છતાં પણ ફળદાયી (વધારે આપનાર ન હોય). ન થાય. જો ફળથી યુક્ત (આપનારો) હોય તો પણ જેના પર ચઢી ન શકાય, એવો (પહોંચની બહાર) થઈને રહે. કાચો (ઓછો શક્તિશાળી) હોય તો પણ પાકેલ (શક્તિશાળી) હોય તે રીતે પોતાને પ્રગટ કરે. આમ કરવાથી તે નષ્ટ થતો નથી. જે રાજા નેત્ર, મન, વાણી અને કર્મ – આ ચારેયથી પ્રજાને પ્રસન્ન કરે છે, તેનાથી પ્રજા પ્રસન્ન રહે છે. જેમ શિકારીથી હરણ ભયભીત થાય છે એ પ્રમાણે જે રાજાથી સઘળાં પ્રાણીઓ ડરે છે, તે સમુદ્ર સુધીની પૃથ્વીનું રાજ્ય પ્રાપ્ત કરે તો પણ પ્રજા તેને ફેંકી દે છે. અન્યાયમાં રાચતો રાજા પૈતૃક રાજ્ય પ્રાપ્ત કરીને પણ પોતાનાં જ કર્મોથી તેનો એ રીતે નાશ કરી દે છે, જેમ હવા વાદળોને વિખેરી નાખે છે. પરંપરાથી સજ્જન પુરુષો દ્વારા પળાયેલા ધર્મનું આચરણ કરનારા રાજાના રાજ્યની ભૂમિ ધન-ધાન્યથી પૂર્ણ બનીને ઉન્નતિને પ્રાપ્ત થાય છે અને તેનાં ઐશ્વર્યને વધારે છે. જે રાજા ધર્મનો ત્યાગ કરીને અધર્મનું આચરણ કરે છે, તેની રાજ્યભૂમિ અગ્નિ પર મૂકેલાં ચામડાની જેમ સંકોચાઈ જાય છે. જે પ્રયત્ન બીજા રાષ્ટ્રના નાશ માટે કરવામાં આવે છે, તે જ પ્રયત્ન પોતાના રાજ્યની ઉન્નતિ માટે કરવો ઉચિત છે. ધર્મથી જ રાજ્ય પ્રાપ્ત કરવું અને ધર્મથી જ તેની રક્ષા કરવી; કેમકે ધર્મયુક્ત રાજ્યલક્ષ્મીને પ્રાપ્ત કરીને ન તો રાજા તેને છોડે છે કે ન તે રાજાને છોડે છે. નિરર્થક બોલનારાં, પાગલ તથા બકવાદ કરનારાં બાળકો પાસેથી પણ બધી રીતે તે જ પ્રમાણે તત્ત્વની વાત ગ્રહણ કરવી જોઈએ, જેમ પથ્થરોમાંથી સોનું લઈ લેવામાં આવે છે. જેમ ઉચ્છવૃત્તિથી જીવિકા ચલાવનારા લોકો એક એક દાણો વીણે છે, તે જ પ્રમાણે ધીર પુરુષે જ્યાં-ત્યાંથી ભાવપૂર્ણ વચનો, સૂક્તિઓ અને સત્કર્મોનો સંગ્રહ કરતાં રહેવું જોઈએ. ગાયો ગંધથી,

બ્રાહ્મણો વેદોથી, રાજા ગુપ્તચરોથી અને સર્વ પ્રાણીઓ આંખોથી જોતા હોય છે. રાજન્! જે ગાય ઘણી મહેનતે દોહવા દે છે, તે ભારે દુ:ખ ભોગવે છે; પરંતુ જે સહજતાથી દૂધ આપે છે તેને લોકો દુ:ખ આપતા નથી. જે ધાતુ ગરમ કર્યા વિના વળી જાય છે તેને અગ્નિમાં તપાવતા નથી. જે લાકડું સ્વયં વળેલું હોય છે, તેને કોઈ વાળવાનો પ્રયત્ન કરતું નથી. આ દૃષ્ટાંત પ્રમાણે બુદ્ધિમાન પુરુષે અધિક બળવાન સામે નમી જવું જોઈએ; જે વધારે બળવાન સામે નમી જાય છે, તે જાણે ઈન્દ્રદેવતાને પ્રણામ કરે છે. પશુઓના રક્ષક અથવા સ્વામી છે વાદળો, રાજાઓના સહાયક છે મંત્રી, સ્ત્રીઓના રક્ષક છે પતિ અને બ્રાહ્મણોના રક્ષક છે વેદ. સત્યથી ધર્મની રક્ષા થાય છે, યોગથી વિદ્યા સુરક્ષિત રહે છે, સફાઈથી સુંદર રૂપની રક્ષા થાય છે અને સદાચારથી કુળની રક્ષા થાય છે. તોલવાથી અનાજની રક્ષા થાય છે, ફેરવવાથી ઘોડા સુરક્ષિત રહે છે, વારંવાર દેખભાળ કરવાથી ગાયોની તથા મેલાં વસ્ત્રોથી સ્ત્રીઓની રક્ષા થાય છે. મારો એવો વિચાર છે કે સદાચારહીન મનુષ્યનું માત્ર ઊંચું કુળ માન્ય થઈ શકતું નથી; કેમકે નીચ કુળમાં જન્મેલા માણસોનો પણ સદાચાર જ શ્રેષ્ઠ માનવામાં આવે છે. જે બીજાનાં ધન, રૂપ, પરાક્રમ, કુલીનતા, સુખ, સૌભાગ્ય અને સન્માનની ઈર્ષ્યા કરે છે તેનો આ રોગ અસાધ્ય છે. ન કરવા યોગ્ય કામ કરવાથી, કરવા યોગ્ય કામમાં પ્રમાદ કરવાથી તથા કાર્ય સિદ્ધ થતાં પહેલાં જ રહસ્ય પ્રગટ થઈ જવાથી ડરવું જોઈએ. જેનાથી નશો ચડે, એવું પીણું ન પીવું. વિદ્યાનો મદ, ધનનો મદ અને ત્રીજો ઊંચા કુળનો મદ છે. આ અભિમાની પુરુષો માટે તો મદ છે, પરંતુ સજ્જનો માટે 'દમ'નાં સાધન છે. ક્યારેક કોઈ કાર્યમાં સજ્જનો દ્વારા કરાયેલી પ્રાર્થનાથી દુષ્ટ લોકો પોતાને પ્રખ્યાત દુષ્ટ જાણતા હોવા છતાં સજ્જન માનવા લાગે છે. મનસ્વી પુરુષોને સહારો આપનારા સંત છે, સંતોનો પણ સહારો સંત જ છે; દુષ્ટોને પણ સહારો દેનારા સંત છે, પરંતુ દુષ્ટ લોકો સંતોને સહારો આપતા નથી. સુંદર પોશાકવાળો સભાને જીતે (પોતાનો પ્રભાવ પાડે) છે; જેની પાસે ગાય છે, તે મીઠા સ્વાદની સ્પૃહાને જીતી લે છે; વાહન દ્વારા યાત્રા કરનાર માર્ગને જીતી લે છે (નિશ્ચિત કરી લે છે) અને શીલવાન પુરુષ બધાને જીતી લે છે. મનુષ્યમાં શીલ જ મુખ્ય છે; જેનું શીલ નષ્ટ થઈ જાય છે, આ સંસારમાં જીવન, ધન અને ભાઈ-બંધુઓથી તેનું કોઈ પ્રયોજન સિદ્ધ થતું નથી. ભરતશ્રેષ્ઠ! ધનથી ઉન્મત્ત માણસોના ભોજનમાં માંસની, મધ્યમશ્રેણીના લોકોમાં ગોરસની તથા દરિદ્રિના ભોજનમાં તેલની પ્રધાનતા હોય છે. દરિદ્રિ પુરુષ હંમેશાં સ્વાદિષ્ટ ભોજન કરે છે; કેમ કે ભૂખ જ સ્વાદની જનની છે અને તે (ભૂખ) ધનવાનો માટે સર્વથા દુર્લભ છે. રાજન્! સંસારમાં ધનવાનોમાં પ્રાય: ભોજન કરવાની શક્તિ નથી હોતી, પરંતુ દરિદ્રિ લોકોના પેટમાં લાકડાં પણ પચી જાય છે. અધમ પુરુષોને જીવિકા ન હોવાથી ભય લાગે છે, મધ્યમ શ્રેણિના મનુષ્યોને મૃત્યુનો ભય હોય છે, પરંતુ ઉત્તમ પુરુષો અપમાનથી જ બહુ બીએ છે. આમ તો પીવાનો નશો વગેરે પણ નશો જ છે, પરંતુ ઐશ્વર્યનો નશો તો બહુ જ ખરાબ છે; કેમકે ઐશ્વર્યના મદથી પાગલ બનેલો માણસ ભ્રષ્ટ થયા વિના હોશમાં આવતો નથી. વશમાં ન હોવાને કારણે વિષયોમાં રાચતી ઈન્દ્રિયોથી આ સંસાર એ જ રીતે કષ્ટ ભોગવે છે જેમ સૂર્ય વગેરે ગ્રહોથી નક્ષત્રો તિરસ્કૃત થઈ જાય છે. ॥ ૪-૫૪ ॥

જે જીવને વશ કરનારી પાંચ ઈન્દ્રિયો દ્વારા જિતાઈ ગયો, તેની આફતો શુક્લપક્ષના ચન્દ્રમાની જેમ (રોજેરોજ) વધે છે. ઈન્દ્રિયો સહિત મનને જીત્યા વિના જ જે મંત્રીઓને જીતવાની ઈચ્છા રાખે છે, અથવા મંત્રીઓને પોતાને અધીન કર્યા વિના શત્રુને જીતવા ચાહે છે, તે અજિતેન્દ્રિય પુરુષનો બધા લોકો ત્યાગ કરી દે છે. જે પહેલાં ઈન્દ્રિયો સહિત મનને જ શત્રુ સમજીને જીતી લે છે, પછી જો તે મંત્રીઓ તથા શત્રુઓને જીતવાની ઈચ્છા રાખે તો તેને સફળતા મળે છે. ઈન્દ્રિયો તથા મનને જીતનારા, અપરાધીઓને દંડ દેનારા અને સમજી-વિચારીને કામ કરનારા ધીર પુરુષની લક્ષ્મી (સંપત્તિ) બહુ સેવા કરે છે. રાજન્! મનુષ્યનું શરીર રથ છે, બુદ્ધિ સારથિ છે અને ઈન્દ્રિયો તેના ઘોડા છે. એમને વશમાં કરીને સાવધાન રહેનારો ચતુર અને બુદ્ધિમાન પુરુષ વશમાં કરેલા ઘોડાઓ દ્વારા રથીની જેમ સુખપૂર્વક યાત્રા કરે છે. કેળવ્યા વિનાના, વશમાં ન થનારા ઘોડા જેમ મૂર્ખ સારથિને રસ્તામાં પાડી દે છે, તે જ રીતે આ ઈન્દ્રિયો વશમાં ન રહેવાના કારણે પુરુષને મારી નાખવામાં પણ સમર્થ થઈ જાય છે. ઈન્દ્રિયો વશમાં ન હોવાને કારણે અર્થને અનર્થ અને અનર્થને અર્થ સમજીને અજ્ઞાની પુરુષ અતિ દુઃખને પણ સુખ માની બેસે છે. જે ધર્મ અને અર્થનો પરિત્યાગ કરીને ઈન્દ્રિયોને વશ થઈ જાય છે તે તરત જ ઐશ્વર્ય, પ્રાણ, ધન તથા સ્ત્રીથી પણ હાથ ધોઈ બેસે છે. જે ધનવાન હોવા છતાં ઈન્દ્રિયો પર કાબૂ રાખતો નથી, તે અજિતેન્દ્રિય હોવાના કારણે ઐશ્વર્યથી ભ્રષ્ટ થઈ જાય છે. મન, બુદ્ધિ અને ઈન્દ્રિયોને પોતાને અધીન કરીને પોતાના દ્વારા જ પોતાના આત્માને જાણવાની ઈચ્છા કરવી; કેમ કે આત્મા જ આપણો બંધુ અને આત્મા જ આપણો શત્રુ છે. જેણે સ્વયં પોતાના આત્માને જીતી લીધો છે, તેનો આત્મા જ તેનો બંધુ છે. તે જ સાચો બંધુ અને તે જ સાચો શત્રુ છે. રાજન્! જે રીતે બારીક છેદવાળી જાળમાં ફસાયેલી બે મોટી-મોટી માછલીઓ મળીને જાળને કાપી નાખે છે, તે જ પ્રમાણે કામ અને ક્રોધ – એ બંને વિશિષ્ટ જ્ઞાનને લુપ્ત કરી દે છે. જે આ જગતમાં ધર્મ અને અર્થનો વિચાર કરીને વિજય માટેની સાધન-સામગ્રીનો સંગ્રહ કરે છે, તે જ તે સામગ્રીથી યુક્ત હોવાથી હંમેશાં સુખપૂર્વક સમૃદ્ધિશાળી થાય છે. જે ચિત્તના વિકારભૂત પાંચ ઈન્દ્રિયોરૂપી અંદરના શત્રુઓને જીત્યા વિના જ બીજા શત્રુઓને જીતવા ચાહે છે, તેને શત્રુઓ પરાજિત કરી દે છે. ઈન્દ્રિયો વશમાં ન હોવાને કારણે મોટા-મોટા સાધુઓ પણ કર્મોથી તથા રાજાઓ રાજ્યના ભોગ-વિલાસોથી બંધાયેલા રહે છે. દુષ્ટોનો ત્યાગ ન કરીને તેમની સાથે ઓતપ્રોત રહેવાથી નિરપરાધ સજ્જનો પણ દંડાય છે, જેમ સૂકા લાકડાની સાથે લીલું લાકડું પણ બળી જાય છે; તેથી દુષ્ટ લોકો સાથે ક્યારેય મિત્રતા કરવી નહિ. જે પાંચ વિષયો તરફ દોડનારા પોતાના પાંચ ઈન્દ્રિયોરૂપી શત્રુને મોહને કારણે વશમાં કરતો નથી, તે મનુષ્યને આપત્તિઓ ગળી જાય છે. ગુણોમાં દોષ ન જોવો, સરળતા, પવિત્રતા, સંતોષ, પ્રિયવચન, ઈન્દ્રિયદમન, સત્યભાષણ તથા અચંચળતા – આ ગુણો દુરાત્મા મનુષ્યોમાં હોતા નથી. ભારત! આત્મજ્ઞાન, દુઃખનો અભાવ, સહનશીલતા, ધર્મપરાયણતા, વચનની રક્ષા તથા દાન – આ ગુણ અધમ પુરુષોમાં હોતા નથી. મૂર્ખ માણસ વિદ્વાનોને અપશબ્દો અને નિંદાથી કષ્ટ આપે છે. અપશબ્દો બોલનારો પાપનો ભાગીદાર બને છે અને ક્ષમા કરનારો પાપથી મુક્ત થઈ જાય

છે. દુષ્ટ માણસોનું બળ હિંસા છે, રાજાઓનું બળ છે દંડ, સ્ત્રીઓનું બળ સેવા છે અને ગુણવાનોનું બળ છે ક્ષમા. રાજન્! વાણીનો પૂર્ણ સંયમ તો બહુ કઠણ માનવામાં આવે છે, પરંતુ વિશેષ અર્થસભર અને આશ્ચર્યચકિત કરી દેનારી વાણી પણ અધિક બોલી શકાતી નથી. રાજન્! મધુર શબ્દોમાં કહેલી વાત અનેક પ્રકારે કલ્યાણ કરે છે; પરંતુ તે જો કટુશબ્દોમાં કહેવામાં આવે તો મહાન અનર્થનું કારણ બની જાય છે. બાણના ઘા રુઝાઈ જાય છે, કપાયેલું વન ફરીથી લીલુંછમ થઈ જાય છે; પરંતુ કડવાં વચનો કહીને વાણી દ્વારા કરેલો ભયંકર ઘા રુઝાતો નથી. કર્ણિ, નાલીક અને નારાચ નામનાં બાણોને શરીરમાંથી કાઢી શકાય છે; પરંતુ કડવા વચનરૂપી કાંટો કાઢી શકાતો નથી, કેમ કે તે હૃદયની અંદર ભોંકાય છે. વચનરૂપી બાણ મુખમાંથી નીકળીને બીજાના મર્મસ્થાન પર ઘા કરે છે, તેનાથી ઘવાયેલો માણસ રાત-દિવસ કણસતો રહે છે. તેથી વિદ્વાન પુરુષે બીજા પર કટુ વાણીનો પ્રયોગ ન કરવો. દેવતાઓ જેને હરાવે છે, તેની બુદ્ધિને પહેલેથી હરી લે છે; તેથી તે હીનકર્મો પર જ વધારે દૃષ્ટિ રાખે છે. વિનાશકાળ ઉપસ્થિત થતાં બુદ્ધિ મલીન થઈ જાય છે, પછી તો ન્યાય જેવો પ્રતીત થતો અન્યાય હૃદયમાંથી બહાર નીકળતો નથી. ભરતશ્રેષ્ઠ! તમારા પુત્રોની તે બુદ્ધિ નષ્ટ થઈ ગઈ છે; તમે પાંડવો સાથેના વિરોધને કારણે આ પોતાના પુત્રોને ઓળખી શકતા નથી. મહારાજ ધૃતરાષ્ટ્ર! રાજલક્ષણોથી સંપન્ન હોવાના કારણે જે ત્રિભુવનનો પણ રાજા થઈ શકે છે, તે તમારો આજ્ઞાકારી યુધિષ્ઠિર જ આ પૃથ્વીનો શાસક થવાને યોગ્ય છે. તે ધર્મ તથા અર્થના તત્ત્વને જાણનારો, તેજ અને બુદ્ધિથી યુક્ત, પૂર્ણ સૌભાગ્યશાળી તથા તમારા બધા પુત્રોથી ચઢિયાતો છે. રાજેન્દ્ર! ધર્મધારીઓમાં શ્રેષ્ઠ યુધિષ્ઠિર દયા, સૌમ્યભાવ તથા તમારી મર્યાદાને કારણે અનેક કષ્ટ સહી રહ્યો છે. ॥ ૫૫-૮૬ ॥

—★—

(વિદુરનીતિ)
(ત્રીજો અધ્યાય)

ધૃતરાષ્ટ્રે કહ્યું – મહાબુદ્ધે! તમે ફરી ધર્મ અને અર્થપૂર્ણ વાતો કહો, એને સાંભળતાં મને તૃપ્તિ થતી નથી. આ વિષયમાં તમે અદ્ભુત વાતો કહી રહ્યા છો. ॥ ૧ ॥

વિદુરજી બોલ્યા – બધાં તીર્થોમાં સ્નાન તથા બધા પ્રાણીઓ સાથે કોમળતાનો વર્તાવ – આ બંને સમાન છે; અથવા કોમળતાના વર્તાવનું વિશેષ મહત્ત્વ છે. વિભો! તમે તમારા પુત્ર કૌરવ, પાંડવ બંનેની સાથે સમાનરૂપે કોમળતાનો વર્તાવ કરો. આવું કરવાથી આ લોકમાં મહાન સુયશ પ્રાપ્ત કરીને મૃત્યુ પછી તમે સ્વર્ગલોકમાં જશો. પુરુષશ્રેષ્ઠ! આ લોકમાં જ્યાં સુધી મનુષ્યની પવિત્રકીર્તિનું ગાન કરવામાં આવે છે, ત્યાં સુધી તે સ્વર્ગલોકમાં પ્રતિષ્ઠિત થાય છે. આ સંબંધમાં તે પ્રાચીન ઈતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે, જેમાં 'કેશિની' માટે સુધન્વા સાથે વિરોચનના વિવાદનું વર્ણન છે. રાજન્! એક સમયે કેશિની નામની એક અનુપમ કન્યા સર્વશ્રેષ્ઠ પતિનું વરણ કરવાની ઈચ્છાથી સ્વયંવર-સભામાં ઉપસ્થિત થઈ. તે જ સમયે દૈત્યકુમાર વિરોચન તેને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી ત્યાં આવ્યો. ત્યારે કેશિનીએ ત્યાં દૈત્યરાજ સાથે આ

પ્રમાણે વાતચીત કરી. ॥ ૨-૭ ॥

કેશિની બોલી – વિરોચન! બ્રાહ્મણ શ્રેષ્ઠ હોય છે કે દૈત્ય? જો બ્રાહ્મણ શ્રેષ્ઠ હોય છે તો હું સુધન્વા સાથે લગ્ન કેમ ન કરું? ॥ ૮ ॥

વિરોચને કહ્યું – કેશિની! અમે પ્રજાપતિના શ્રેષ્ઠ સંતાન છીએ, તેથી બધાથી ઉત્તમ છીએ. આ સમસ્ત સંસાર અમારા લોકોનો જ છે. અમારી સામે દેવતાઓ કે બ્રાહ્મણો શી ચીજ છે? ॥ ૯ ॥

કેશિની બોલી – વિરોચન! આ જ સ્થાને આપણે બંને પ્રતીક્ષા કરીએ, કાલે સવારે સુધન્વા અહીં આવશે, પછી હું તમને બંનેને એકસાથે જોઈશ. ॥ ૧૦ ॥

વિરોચન બોલ્યો – કલ્યાણી! તમે જે કહો છો, તે જ કરીશ. બીકણ! પ્રાતઃકાળે તમે મને અને સુધન્વાને એકસાથે ઉપસ્થિત જોશો. ॥ ૧૧ ॥

વિદુરજી કહે છે – રાજન્! ત્યારપછી જ્યારે રાત વીતી અને સૂર્યમંડળનો ઉદય થયો, તે સમયે સુધન્વા તે સ્થાન પર આવ્યો જ્યાં વિરોચન કેશિની સાથે મોજૂદ હતો. ભરતશ્રેષ્ઠ! સુધન્વા પ્રહ્‌લાદકુમાર વિરોચન અને કેશિનીની પાસે આવ્યો. બ્રાહ્મણને આવેલો જોઈને કેશિની ઊભી થઈ ગઈ અને તેણે તેને આસન, પાદ્ય અને અર્ઘ્ય અર્પણ કર્યાં. ॥ ૧૨-૧૩ ॥

સુધન્વા બોલ્યો – પ્રહ્‌લાદનંદન! હું તમારા આ સુવર્ણમય સુંદર સિંહાસનનો માત્ર સ્પર્શ કરું છું, તમારી સાથે આના પર બેસી શકતો નથી; કારણ કે એમ કરવાથી આપણે બંને એકસરખા થઈ જઈશું. ॥ ૧૪ ॥

વિરોચને કહ્યું – સુધન્વન્! તમારા માટે તો પાટલો, સાદડી અથવા દર્ભનું આસન ઉચિત છે; તમે મારી સાથે બરાબરીના આસન પર બેસવા યોગ્ય છો જ નહિ. ॥ ૧૫ ॥

સુધન્વાએ કહ્યું – પિતા અને પુત્ર એકસાથે એક આસન પર બેસી શકે છે, બે બ્રાહ્મણ, બે ક્ષત્રિય, બે વૃદ્ધ, બે વૈશ્ય અને બે શૂદ્ર પણ એકસાથે બેસી શકે છે. પરંતુ બીજા કોઈ બે વ્યક્તિઓ પરસ્પર એકસાથે બેસી શકતા નથી. તમારા પિતા પ્રહ્‌લાદ નીચે બેસીને જ મારી સેવા કરતા હતા. તમે હજી બાળક છો, ઘરમાં સુખેથી ઊછર્યા છો. તેથી તમને આ વાતોનું કશું જ્ઞાન નથી. ॥ ૧૬-૧૭ ॥

વિરોચને કહ્યું – સુધન્વન્! અમારા અસુરો પાસે જે કાંઈ સોનું, ગાયો, ઘોડા વગેરે સંપત્તિ છે, તેને હું દાવમાં મૂકું છું; હું અને તમે બંને જઈને જે આ વિષયમાં જાણકાર હોય, તેને પૂછીએ કે અમારા બંનેમાં શ્રેષ્ઠ કોણ છે. ॥ ૧૮ ॥

સુધન્વા બોલ્યો – વિરોચન! સોનું, ગાય અને ઘોડા તમારી પાસે જ રાખો. આપણે બંને પ્રાણોને દાવ પર મૂકીને જે જાણકાર હોય, તેને પૂછીએ. ॥ ૧૯ ॥

વિરોચને કહ્યું – સારું, પ્રાણોને દાવ પર મૂક્યા પછી આપણે બંને ક્યાં જઈશું? હું તો નથી તો દેવતાઓની પાસે જઈ શકતો અને ન ક્યારેય મનુષ્યો પાસે નિર્ણય કરાવી શકું એમ છું. ॥ ૨૦ ॥

સુધન્વા બોલ્યો – પ્રાણોને દાવ પર મૂક્યા પછી આપણે બંને તમારા પિતાજી પાસે જઈશું. (મને વિશ્વાસ છે કે) પ્રહ્‌લાદ પોતાના પુત્ર માટે પણ અસત્ય બોલશે નહિ. ॥ ૨૧ ॥

વિદુરજી કહે છે – આ પ્રમાણે શરત કરીને પરસ્પર ક્રોધિત થઈને વિરોચન અને સુધન્વા બંને ત્યાં ગયા, જ્યાં પ્રહ્‌લાદજી હતા. ॥ ૨૨ ॥

પ્રહ્‌લાદે (મનમાં) કહ્યું – જે ક્યારેય

એકસાથે જતા નથી, તે બંને આ સુધન્વા અને વિરોચન આજે સાપની જેમ ક્રોધિત થઈને એક જ રસ્તે આવતા દેખાય છે. (પછી વિરોચનને કહ્યું,) વિરોચન! હું તમને પૂછું છું, શું સુધન્વા સાથે તમારી મિત્રતા થઈ ગઈ છે? પછી એકસાથે કંઈ રીતે આવી રહ્યા છો? પહેલાં તો તમે ક્યારેય એકસાથે ક્યાંય જતા ન હતા. ॥ ૨૩-૨૪ ॥

વિરોચન બોલ્યો – પિતાજી! સુધન્વા સાથે મારી મિત્રતા થઈ નથી. અમે બંને પ્રાણોને દાવ પર મૂકીને આવી રહ્યા છીએ. હું તમને યથાર્થ વાત પૂછું છું. મારા પ્રશ્નનો જૂઠો ઉત્તર ન આપતા. ॥ ૨૫ ॥

પ્રહ્લાદે કહ્યું – સેવકો! સુધન્વા માટે જળ અને મધુપર્ક લાવો. (પછી સુધન્વાને કહ્યું) બ્રહ્મન્! તમે મારા પૂજનીય અતિથિ છો. મેં તમારા માટે સફેદ ગાય બહુ જ હૃષ્ટપુષ્ટ કરી રાખી છે. ॥ ૨૬ ॥

સુધન્વા બોલ્યો – પ્રહ્લાદ! જળ અને મધુપર્ક તો મને રસ્તામાં જ મળી ગયાં છે. તમે તો હું જે પૂછી રહ્યો છું તેનો બરાબર ઉત્તર આપો – શું બ્રાહ્મણ શ્રેષ્ઠ છે અથવા વિરોચન?

પ્રહ્લાદ બોલ્યા – મારો એક જ પુત્ર છે અને અહીં તમે સ્વયં ઉપસ્થિત છો. ભલા, તમારા બંનેના વિવાદમાં મારા જેવો મનુષ્ય કઈ રીતે નિર્ણય આપી શકે છે? ॥ ૨૮ ॥

સુધન્વા બોલ્યો – મતિમન્! તમારી પાસે ગાયો અને બીજું જે કોઈ પ્રિય ધન હોય, તે બધું તમારા ઔરસ પુત્ર વિરોચનને આપી દો; પરંતુ અમારા બંનેના વિવાદમાં તો તમારે યોગ્ય ઉત્તર આપવો જ જોઈએ. ॥ ૨૯ ॥

પ્રહ્લાદે કહ્યું – સુધન્વન્! હવે હું તમને એ વાત પૂછું છું કે જે સત્ય ન બોલે અથવા અસત્ય નિર્ણય કરે, એવા દુષ્ટ વક્તાની શી સ્થિતિ થાય છે? ॥ ૩૦ ॥

સુધન્વા બોલ્યો – શોકવાળી સ્ત્રી (પતિની બીજી સ્ત્રી), જુગારમાં હારેલો જુગારી અને બોજો ઉપાડવાથી દુઃખી શરીરવાળા મનુષ્યની રાત્રે જે સ્થિતિ થાય છે, તે જ સ્થિતિ વિપરીત ન્યાય આપનાર વક્તાની પણ થાય છે. જે જૂઠો નિર્ણય આપે છે, તે રાજા નગરમાં કેદ થઈને બહારના દરવાજા પર ભૂખનું કષ્ટ ઉઠાવતો રહીને અનેક શત્રુઓને જુએ છે. જૂઠું બોલવાથી જો પશુ મરે તો પાંચ પેઢી, ગાય મરે તો દસ પેઢી, ઘોડો મરે તો સો પેઢી અને મનુષ્ય મરે તો એક હજાર પેઢી નરકમાં પડે છે. સુવર્ણ માટે જૂઠું બોલનાર ભૂત અને ભવિષ્યની તમામ પેઢીઓને નરકમાં નાખે છે. જમીન તથા સ્ત્રીને માટે જૂઠું બોલનારો તો પોતાનું સર્વનાશ જ નોંતરે છે, તેથી તમે સ્ત્રીને માટે ક્યારેય જૂઠું બોલશો નહિ. ॥ ૩૧-૩૪ ॥

પ્રહ્લાદે કહ્યું – વિરોચન! સુધન્વાના પિતા અંગિરા મારાથી શ્રેષ્ઠ છે, સુધન્વા તમારાથી શ્રેષ્ઠ છે, આની માતા પણ તમારી માતાથી શ્રેષ્ઠ છે; તેથી તમે આજે સુધન્વાથી હારી ગયા. વિરોચન! હવે સુધન્વા તમારા પ્રાણોનો માલિક છે. સુધન્વન્! હવે જો તમે આપી દો તો હું વિરોચનને પ્રાપ્ત કરવા ચાહું છું. ॥ ૩૫-૩૬ ॥

સુધન્વા બોલ્યો – પ્રહ્લાદ! તમે ધર્મનો જ સ્વીકાર કર્યો છે, સ્વાર્થવશ જૂઠું બોલ્યા નથી; તેથી હવે આ દુર્લભ પુત્રને પુનઃ તમને આપી રહ્યો છું. પ્રહ્લાદ! તમારા આ પુત્ર વિરોચનને મેં ફરીથી તમને આપી દીધો. પરંતુ હવે એ કુમારી કેશિની પાસે આવીને મારા પગ ધુએ. ॥ ૩૭-૩૮ ॥

વિદુરજી કહે છે – તેથી રાજેન્દ્ર! તમે પૃથ્વીને માટે જૂઠું બોલશો નહિ. પુત્રના સ્વાર્થવશ સત્ય વાત ન કહીને પુત્રો અને મંત્રીઓ સહિત વિનાશના મુખમાં ન જશો. દેવતાઓ ગોવાળોની માફક ડંડો લઈને ચોકી કરતા નથી. તેઓ જેની રક્ષા કરવા ચાહે છે, તેને ઉત્તમ બુદ્ધિ આપે છે. મનુષ્ય જેમ જેમ કલ્યાણમાં મન પરોવે છે, તેમ–તેમ તેનાં બધાં અભીષ્ટ સિદ્ધ થાય છે – એમાં સહેજ પણ સંદેહ નથી. કપટપૂર્ણ વ્યવહાર કરનારા માયાવીને વેદો પાપોથી મુક્ત કરતા નથી. પરંતુ જેમ પાંખો ફૂટ્યા પછી પક્ષીઓનાં બચ્ચાં માળો છોડી દે છે, એ જ પ્રમાણે વેદો પણ અંતકાળમાં તેનો ત્યાગ કરી દે છે. મદિરાપાન, ક્લેશ, સમૂહ સાથે વેર, પતિ-પત્નીમાં ભેદ ઊભો કરવો, પરિવારના લોકોમાં વૈમનસ્ય ઊભું કરવું, રાજા સાથે દ્વેષ, સ્ત્રી-પુરુષમાં વિવાદ અને ખોટા માર્ગે વિચરવું – આ બધું છોડી દેવા યોગ્ય છે. હસ્તરેખા જોનારો, ચોરી કરીને વેપાર કરનારો, જુગારી, વૈદ્ય, શત્રુ, મિત્ર અને ચારણ – આ સાત જણાને ક્યારેય સાક્ષી બનાવવા નહિ. આદરપૂર્વક અગ્નિહોત્ર, આદરપૂર્વક મૌનવ્રત, આદરપૂર્વક સ્વાધ્યાય અને આદર સાથે યજ્ઞનું અનુષ્ઠાન – આ ચાર કર્મો ભયનાશક છે; પરંતુ તે જ જો યોગ્ય રીતે કરવામાં ન આવ્યાં તો ભયપ્રદ પણ બને છે. ઘરમાં આગ લગાડનારો, પરસ્ત્રીલંપટ, ઝેર આપનારો, વ્યભિચારી સ્ત્રીની સંતાનની કમાણી ખાનારો, સોમરસ વેચનારો, શસ્ત્ર બનાવનારો, ચુગલી કરનારો, મિત્રદ્રોહી, ગર્ભની હત્યા કરનારો, ગુરુસ્ત્રીગામી, શરાબ પીનાર બ્રાહ્મણ, ક્રોધી સ્વભાવનો, કાગડાની જેમ કા, કા, કરનારો. નાસ્તિક, વેદનો નિંદક, લાંચ લેનાર, પતિત, ક્રૂર તથા શક્તિશાળી કે જેની પાસે રક્ષા માટે પ્રાર્થના કરવા છતાં હિંસા કરે છે – આ બધાં બ્રહ્મહત્યા સમાન પાપ છે. પ્રજ્વલિત અગ્નિમાં સોનાની પરખ થાય છે, સદાચારથી સત્પુરુષની, વ્યવહારથી સાધુની, ભય ઉપસ્થિત થતાં શૂરવીરની, આર્થિક મુશ્કેલીમાં ધીરની અને સંકટ સમયે શત્રુ અને મિત્રની પરીક્ષા થાય છે. વૃદ્ધત્વ સુંદર રૂપને, આશા (તૃષ્ણા) ધૈર્યને, મૃત્યુ પ્રાણોને, દોષ જોવાની આદત ધર્માચરણને, ક્રોધ લક્ષ્મીને, નીચ પુરુષની સેવા સ્વમાનને, કામ લજ્જાને અને અભિમાન સર્વસ્વને નષ્ટ કરે છે. શુભ કર્મોથી લક્ષ્મી પ્રાપ્ત થાય છે, સાહસિકતાથી વધે છે, ચતુરાઈથી દૃઢ થાય છે અને સંયમથી સુરક્ષિત બને છે. આઠ ગુણો પુરુષની શોભા વધારનારા છે – બુદ્ધિ, કુલીનતા, દમ, શાસ્ત્રજ્ઞાન, પરાક્રમ, વધારે ન બોલવું, યથાશક્તિ દાન અને કૃતજ્ઞતા. તાત! એક ગુણ એવો છે, જે આ બધા મહત્ત્વના ગુણો પર જબરજસ્તી અધિકાર જમાવી દે છે. જે સમયે રાજા કોઈ મનુષ્યનો સત્કાર કરે છે તે સમયે તે એક જ ગુણ (રાજસન્માન) બધા ગુણોથી વધીને શોભાયમાન થાય છે. રાજન્! મનુષ્યલોકમાં આ આઠ ગુણ સ્વર્ગલોકનું સુખ આપનારા છે, તેમાંના ચાર તો સજ્જનોનું અનુસરણ કરે છે અને ચારનું સ્વયં સજ્જનો અનુસરણ કરે છે. યજ્ઞ, દાન, અધ્યયન અને તપ – આ ચાર સજ્જનોની પાછળ ચાલે છે; અને ઇન્દ્રિય-નિગ્રહ, સત્ય, સરળતા તથા કોમળતા – આ ચારનું સંતો સ્વયં અનુસરણ કરે છે. યજ્ઞ, અધ્યયન, દાન, તપ, સત્ય, ક્ષમા, દયા અને અલોભ – આ ધર્મના આઠ પ્રકારનાં માર્ગ કહ્યાં છે. એમાંના પ્રથમ ચારનું તો દંભ માટે પણ સેવન કરી શકાય છે, પરંતુ છેલ્લા ચાર તો જે મહાત્મા નથી, તેમાં રહી જ શકતા નથી. જે સભામાં વડીલ-વૃદ્ધો નથી, તે સભા નથી;

જે ધર્મની વાત ન કહે તે વૃદ્ધ નથી જેમાં સત્ય નથી તે ધર્મ નથી અને જે કપટથી પૂર્ણ હોય તે સત્ય નથી. સત્ય, વિનય, શાસ્ત્રજ્ઞાન, વિદ્યા, કુલીનતા, શીલ, બળ, ધન, શૂરવીરતા અને પ્રભાવશાળી ભાષણ – આ દસ સ્વર્ગનાં સાધન છે. પાપી મનુષ્ય પાપાચરણ કરતો રહીને પાપરૂપી ફળને જ પ્રાપ્ત થાય છે તથા પુણ્યકર્મો કરનાર મનુષ્ય પુણ્ય કરતો રહીને અત્યંત પુણ્યફળનો જ ઉપભોગ કરે છે. તેથી ઉત્તમ વ્રતનું આચરણ કરનાર પુરુષે પાપ કરવું નહિ; કેમકે વારંવારના પાપકર્મથી બુદ્ધિ નષ્ટ થઈ જાય છે. જેની બુદ્ધિ નષ્ટ થઈ જાય છે, તે મનુષ્ય સદા પાપાચારમાં જ પ્રવૃત્ત રહે છે. આ જ પ્રમાણે વારંવાર પુણ્ય કરવાથી બુદ્ધિ વધે છે. જેની બુદ્ધિ વધી જાય છે, તે માણસ હંમેશાં પુણ્ય જ કરે છે. આ પ્રમાણે પુણ્ય કરનાર મનુષ્ય પુણ્ય લોકમાં જ જાય છે. તેથી મનુષ્યે હંમેશાં એકાગ્રચિત્તે પુણ્યનું સેવન કરવું. ગુણોમાં દોષદષ્ટિવાળો, મર્મસ્થાન પર ઘા કરનારો, નિર્દયી, શત્રુતા કરનારો અને શઠ મનુષ્ય પાપાચરણ કરતો રહીને તરત જ મહાન દુઃખોને પ્રાપ્ત થાય છે. દોષદૃષ્ટિ રહિત શુદ્ધબુદ્ધિવાળો પુરુષ સદા શુભ કર્મોનું અનુષ્ઠાન કરતો રહીને આત્યંતિક સુખને પ્રાપ્ત થાય છે અને સર્વત્ર તેનું સન્માન થાય છે. જે બુદ્ધિમાન પુરુષો પાસેથી સદ્બુદ્ધિ પ્રાપ્ત કરે છે, તે જ પંડિત છે; કેમ કે બુદ્ધિમાન મનુષ્ય જ ધર્મ અને અર્થની પ્રાપ્તિ કરીને અનાયાસે જ પોતાની ઉન્નતિ કરવામાં સમર્થ બને છે. દિવસે એવું કાર્ય કરવું જેથી રાત્રિ સુખમાં પસાર થાય અને આઠ મહિના એવું કાર્ય કરવું, જેથી વર્ષાઋતુના ચાર મહિના સુખેથી પસાર થઈ શકે. પહેલી અવસ્થામાં તે કામ કરવું જેથી વૃદ્ધાવસ્થા સુખપૂર્વક પસાર થઈ શકે અને જીવનભર એવું કાર્ય કરવું જેથી મર્યા પછી પણ સુખપૂર્વક રહી શકાય. સજ્જનો પચી ગયા પછી અન્નની, નિષ્કલંક યુવાની વીતી ગયા પછી સ્ત્રીની, યુદ્ધ જીતી ગયા પછી શૂરવીરની અને તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થઈ જતાં તપસ્વીની પ્રશંસા કરે છે. અધર્મથી પ્રાપ્ત થયેલા ધન દ્વારા જે દોષ છુપાવવામાં આવે છે, તે દોષ છુપાતો નથી; બલકે નવા દોષ પ્રગટ થઈ જાય છે. પોતાનું મન અને ઇન્દ્રિયોને વશ કરનારા શિષ્યોના શાસક ગુરુ છે, દુષ્ટોના શાસક રાજા છે અને ગુપચુપ પાપ કરનારાઓના શાસક સૂર્યપુત્ર યમરાજ છે. ઋષિ, નદી, મહાત્માઓનું કુળ અને સ્ત્રીઓનાં દુશ્ચરિત્રોનું મૂળ જાણી શકાતું નથી. રાજન્! બ્રાહ્મણોનું પૂજન કરનારો, દાતા, પરિવાર પ્રત્યે કોમળતાનો વર્તાવ કરનારો અને શીલવાન રાજા ચિરકાળ સુધી પૃથ્વીનું પાલન કરે છે. શૂરવીર, વિદ્વાન અને સેવાધર્મને જાણનારા – આ ત્રણ પ્રકારના માણસો પૃથ્વીમાંથી સુવર્ણરૂપી પુષ્પનો સંચય કરે છે. ભારત! બુદ્ધિથી વિચારીને કરેલાં કર્મ શ્રેષ્ઠ હોય છે, બાહુબળથી કરવામાં આવેલાં કર્મ મધ્યમ શ્રેણીનાં છે, જાંઘ (સાથળ)થી થનારાં કાર્ય અધમ છે અને બોજો ઉપાડવાનું કાર્ય મહા-અધમ છે. રાજન્! હવે તમે દુર્યોધન, શકુનિ, મૂર્ખ દુઃશાસન તથા કર્ણ પર રાજ્યનો ભાર મૂકીને ઉન્નતિની અપેક્ષા કઈ રીતે રાખો છો? ભરતશ્રેષ્ઠ! પાંડવો તો બધા ઉત્તમ ગુણોથી સંપન્ન છે અને તમારા પ્રત્યે પિતા જેવો ભાવ રાખીને વર્તે છે; તમે પણ તેમના પ્રતિ પુત્રભાવ રાખીને ઉચિત વર્તાવ કરો. ॥ ૩૯-૭૭ ॥

—★—

(વિદુરનીતિ)
(ચોથો અધ્યાય)

વિદુરજી કહે છે – આ સંબંધમાં દત્તાત્રેય અને સાધ્ય દેવતાઓના સંવાદરૂપ એક પ્રાચીન ઈતિહાસનું ઉદાહરણ આપવામાં આવે છે; એ મારું પણ સાંભળેલું છે. પ્રાચીનકાળની વાત છે, ઉત્તમ વ્રતવાળા મહાબુદ્ધિમાન્ મહર્ષિ દત્તાત્રેયજી હંસ (પરમહંસ) રૂપે વિચરી રહ્યા હતા; તે સમયે સાધ્ય દેવતાઓએ તેમને પૂછ્યું– ॥ ૧-૨ ॥

સાધ્ય બોલ્યા – મહર્ષિ! અમે બધા સાધ્ય દેવતાઓ છીએ. તમને જોવા માત્રથી તમારા વિશે કશું અનુમાન કરી શકતા નથી. અમને તો તમે શાસ્ત્રજ્ઞાનથી યુક્ત, ધીર અને બુદ્ધિમાન લાગો છો; તેથી અમને તમારી વિદ્વત્તાપૂર્ણ ઉદાર વાણી સંભળાવવાની કૃપા કરો. ॥ ૩ ॥

હંસે કહ્યું – દેવતાઓ! મેં સાંભળ્યું છે કે ધૈર્ય-ધારણ, મનોનિગ્રહ તથા સત્ય-ધર્મોનું પાલન જ કર્તવ્ય છે; એના દ્વારા પુરુષે હૃદયની બધી ગ્રંથિઓ ખોલીને પ્રિય અને અપ્રિય વ્યક્તિને પોતાના આત્માસ્વરૂપ સમજવી જોઈએ. બીજાના અપશબ્દો સાંભળીને પણ તેને અપશબ્દો ન કહેવા. ક્ષમા કરનારનો રોકેલો ક્રોધ જ અપશબ્દ કહેનારને બાળી નાખે છે અને તેના પુણ્યને પણ ખેંચી લે છે. બીજાને ન તો અપશબ્દો કહેવા અને ન તેનું અપમાન કરવું, મિત્રનો દ્રોહ અને નીચજનની સેવા ન કરવી. સદાચારહીન અને અભિમાની ન થવું. કઠોર અને રોષભરેલી વાણીનો પરિત્યાગ કરવો. આ જગતમાં કઠોર વાતો મનુષ્યનાં મર્મસ્થાન, હાડકાં, હૃદય તથા પ્રાણોને બાળતી રહે છે; તે માટે ધર્માનુરાગી પુરુષે બળતરા કરાવનારી કઠોર વાતોનો સદાને માટે પરિત્યાગ કરી દેવો. જેની વાણી અને સ્વભાવ કઠોર છે, જે મર્મસ્થાન પર ઘા કરે છે તથા વાગ્બાણોથી મનુષ્યને દુઃખ પહોંચાડે છે, તેણે એવું સમજવું જોઈએ કે, તે મનુષ્યોમાં અતિ દરિદ્રિ છે અને પોતાની વાણીમાં દરિદ્રતાનું પોટલું ઉપાડીને ફરે છે. જો બીજું કોઈ આ મનુષ્યને અગ્નિ અને સૂર્ય જેવાં બાળી નાખનારાં તીક્ષ્ણ વાગ્બાણોથી કારમો ઘા કરે તો તે વિદ્વાન પુરુષ ઘા ઝીલીને અત્યંત વેદના સહીને પણ એવું સમજે કે તે મારા પુણ્યોને પુષ્ટ કરી રહ્યો છે. જેમ કપડું જે રંગથી રંગવામાં આવે તેવું જ થઈ જાય છે, તે જ પ્રમાણે જો કોઈ સજ્જન, અસજ્જન, તપસ્વી અથવા ચોરની સેવા કરે છે તો તેના પર તેનો રંગ ચઢી જાય છે. જે પોતે કોઈને બૂરી વાત કહેતો નથી, બીજા પાસે પણ કહેડાવતો નથી, માર ખાઈને ન તો પોતે મારે છે અને ન બીજા પાસે મરાવે છે, અપરાધીને પણ જે મારવા ચાહતો નથી, દેવતાઓ પણ તેના આગમનની વાટ જુએ છે. બોલવા કરતાં ન બોલવું સારું છે; પરંતુ સત્ય બોલવું એ વાણીની બીજી વિશેષતા છે, એટલે કે મૌન કરતાં પણ બમણું લાભપ્રદ છે. સત્ય પણ જો પ્રિય હોય તો ત્રીજી વિશેષતા છે અને તે પણ જો ધર્મ-સંમત હોય તો તે વાણીની ચોથી વિશેષતા છે. મનુષ્ય જેવા લોકોની સાથે રહે છે, જેવા લોકોની સેવા કરે છે અને જેવો બનવા ચાહે છે, તેવો જ થઈ જાય છે. જે જે વિષયોથી મનને હઠાવવામાં આવે છે; તેમનાથી મુક્તિ થઈ જાય છે; આ પ્રમાણે જો બધી બાજુથી નિવૃત્તિ થઈ જાય તો મનુષ્યને લેશમાત્ર પણ દુઃખનો ક્યારેય અનુભવ ન થાય. જે ન તો સ્વયં કોઈનાથી જિતાય છે, ન બીજાને જીતવાની ઈચ્છા કરે છે, ન કોઈની સાથે વેર કરે છે અને

ન બીજાને ઘા કરવા ચાહે છે, જે નિંદા અને પ્રશંસામાં સમાન ભાવ રાખે છે, તે હર્ષ-શોકથી પર થઈ જાય છે. જે બધાનું કલ્યાણ ઇચ્છે છે, કોઈના અકલ્યાણની વાત મનમાં વિચારતો નથી, જે સત્યવાદી, દયાળુ અને જિતેન્દ્રિય છે, તે ઉત્તમ પુરુષ છે. જે જૂઠી સાંત્વના આપતો નથી, આપવાનું વચન આપીને આપી જ દે છે, બીજાના દોષોને જાણે છે, તે મધ્યમ શ્રેણીનો પુરુષ છે. જુઓ, દુઃશાસનને ગંધર્વોએ માર્યો. અસ્ત્ર-શસ્ત્રોથી વીંધી નાખવામાં આવ્યો, (તે સમયે પાંડવોએ તેની રક્ષા કરી;) તો પણ તે કૃતઘ્ન ક્રોધને વશ થઈને પાંડવોની બૂરાઈ કરતાં થાકતો નથી. તે દુરાત્મા કોઈનો પણ મિત્ર નથી. આવી ચિત્તવૃત્તિવાળો અધમપુરુષ છે. જે પોતાના વિશે સંદેહ હોવાને કારણે બીજાઓ દ્વારા પણ કલ્યાણ થશે એવો વિશ્વાસ નથી કરતો, મિત્રોને પણ છેટા રાખે છે, તે ખરેખર અધમ પુરુષ છે. જેને પોતાની ઉન્નતિની ઇચ્છા છે, તેણે ઉત્તમ પુરુષોની સેવા કરવી, સમય આવ્યે મધ્યમ પુરુષોની પણ સેવા કરવી, પરંતુ અધમ પુરુષોની સેવા કદાપિ ન કરવી. મનુષ્ય દુષ્ટ પુરુષોના બળથી, સતત પ્રયત્નથી, બુદ્ધિથી તથા પુરુષાર્થથી ધન ભલે મેળવી લે, પરંતુ તેનાથી ઉત્તમ પુરુષ જેવું સન્માન અને સદાચારને તે કદાપિ પ્રાપ્ત કરી શકતો નથી. ॥ ૪-૨૧ ॥

ધૃતરાષ્ટ્રે કહ્યું – વિદુર! ધર્મ અને અર્થના નિત્યજ્ઞાતા અને બહુશ્રુત દેવતાઓ પણ ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલા પુરુષોની ઇચ્છા કરે છે. તેથી મારો તમને પ્રશ્ન છે કે ઉત્તમ કુળ કયું કહેવાય? ॥ ૨૨ ॥

વિદુરજી બોલ્યા – જેનામાં તપ, ઇન્દ્રિયસંયમ, વેદોનો સ્વાધ્યાય, યજ્ઞ, પવિત્ર વિવાહ, સદા અન્નદાન અને સદાચાર – આ સાત ગુણો જે કુળમાં વિદ્યમાન હોય તેને ઉત્તમ કુળ કહે છે. જેમનો સદાચાર શિથિલ થતો નથી, જે પોતાના દોષોથી માતાપિતાને વ્યથિત કરતા નથી, ધર્મનું આચરણ પ્રસન્નતાપૂર્વક કરે છે તથા અસત્યનો પરિત્યાગ કરીને પોતાના કુળની વિશેષ કીર્તિ ચાહે છે, તેમનું કુળ ઉત્તમ છે. યજ્ઞ ન થવાથી, નિંદિત કુળમાં વિવાહ કરવાથી, વેદનો ત્યાગ અને ધર્મનું ઉલ્લંઘન કરવાથી ઉત્તમ કુળ પણ અધમ થઈ જાય છે. દેવતાઓના ધનનો નાશ, બ્રાહ્મણના ધનનું અપહરણ અને બ્રાહ્મણોની મર્યાદાનું ઉલ્લંઘન કરવાથી ઉત્તમ કુળ પણ અધમ થઈ જાય છે. ભારત! બ્રાહ્મણોનો અનાદર અને નિંદાથી તથા અનામત મૂકેલી વસ્તુને હડપ કરવાથી સારાં કુળ પણ નિંદનીય બની જાય છે. ગાયો, મનુષ્યો અને ધનથી સંપન્ન થઈને પણ જે કુળ સદાચારહીન છે, તે સારાં કુળની ગણનામાં આવી શકતાં નથી. થોડી સંપત્તિવાળાનું પણ કુળ સદાચારી હોય તો તે સારાં કુળની ગણનામાં આવી જાય છે અને મહાન યશ પ્રાપ્ત કરે છે. સદાચારનું જતન યત્નપૂર્વક કરવું જોઈએ; સંપત્તિ તો આવતી-જતી રહે છે. ધન ક્ષીણ થઈ જવા છતાં પણ સદાચારી મનુષ્ય ક્ષીણ થયેલો માનવામાં આવતો નથી; પરંતુ જે સદાચારથી ભ્રષ્ટ થઈ ગયો છે, તેને તો નષ્ટ થયેલો જ સમજવો જોઈએ. જે કુળ સદાચારહીન જ છે, તે ગાયો, પશુ, ઘોડા અને લીલીછમ ખેતીવાડીથી સંપન્ન હોવા છતાં પણ ઉન્નતિ કરી શકતાં નથી. આપણા કુળમાં કોઈ વેર કરનાર ન થાઓ, બીજાની સંપત્તિનું અપહરણ કરનાર રાજા અથવા મંત્રી ન થાઓ અને મિત્રદ્રોહી, કપટી તથા અસત્યવાદી ન થાઓ. એ જ પ્રમાણે માતા-પિતા, દેવતા અને અતિથિઓને ભોજન કરાવ્યા પહેલાં ભોજન કરનાર પણ ન થાઓ.

આપણા લોકોમાંથી જે બ્રાહ્મણોની હત્યા કરે, બ્રાહ્મણોનો દ્વેષ કરે તથા પિતરોનું પિંડદાન અને તર્પણ ન કરે, તે આપણી સભામાં ન જાય. ઘાસનું આસન, પૃથ્વી, જળ અને ચોથી મીઠી વાણી—સજ્જનોનાં ઘરમાં આ ચાર વસ્તુની ક્યારેય ખોટ હોતી નથી. રાજન્! પુણ્યકર્મ કરનારા ધર્માત્મા પુરુષોને ત્યાં આસન વગેરે ચીજો બહુ શ્રદ્ધા સાથે સત્કાર માટે આપવામાં આવે છે. નૃપવર! નાનો સરખો રથ પણ ભાર ઉપાડે છે, પરંતુ બીજાં મોટાં-મોટાં લાકડાં તેવો ભાર ઉપાડી શકતાં નથી. એ જ પ્રમાણે ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલ ઉત્સાહી પુરુષ ભાર સહી શકે છે, બીજા મનુષ્યો તેવા હોતા નથી. જેના કોપથી ભયભીત થવું પડે તથા શંકિત થઈને જેની સેવા કરવામાં આવે, તે મિત્ર નથી. મિત્ર તો તે જ છે જેના પર પિતાની જેમ વિશ્વાસ મૂકી શકાય; બીજા તો સંગી (સાથી) માત્ર છે. પહેલાંથી કોઈ સંબંધ ન હોય તો પણ જે મિત્રતાનો વર્તાવ કરે, તે જ બંધુ, તે જ મિત્ર, તે જ સહારો અને તે જ આશ્રય છે. જેનું ચિત્ત ચંચળ છે, જે વૃદ્ધોની સેવા કરતો નથી, તે અસ્થિર બુદ્ધિના મનુષ્યને સ્થાયી મિત્રો મળતા નથી. જેમ હંસ સૂકા સરોવરની આસપાસ ચક્કર કાપતા રહી જાય છે, અંદર પ્રવેશ નથી કરતા, તે જ પ્રમાણે જેનું ચિત્ત ચંચળ છે, જે અજ્ઞાની અને ઇન્દ્રિયોનો ગુલામ છે, તેને અર્થની પ્રાપ્તિ થતી નથી. દુષ્ટ પુરુષોનો સ્વભાવ મેઘ જેવો ચંચળ હોય છે, તેઓ સહજમાં ક્રોધિત થઈ જાય છે અને કારણ વિના જ પ્રસન્ન થઈ જાય છે. જે મિત્રો દ્વારા સત્કાર મેળવીને અને તેમની સહાયતાથી પોતાનું કાર્ય સાધીને પણ તેમના હિતૈષી થતા નથી, આવાં કૃતઘ્નોના મૃત્યુ પછી તેમનું માંસ, માંસભક્ષી જંતુઓ પણ ખાતાં નથી. સંપત્તિ હોય કે ન હોય, મિત્રોનો તો સત્કાર કરવો જ જોઈએ. મિત્રો પાસે કંઈ પણ માગી શકાય પરંતુ તેમ કરીને તેમની ઉદારતાની પરીક્ષા ન કરવી. સંતાપ (દુઃખ)થી રૂપ નષ્ટ થાય છે, સંતાપથી બળ નષ્ટ થાય છે, સંતાપથી જ્ઞાન નષ્ટ થાય છે, અને સંતાપથી મનુષ્ય રોગી બને છે. અભીષ્ટ વસ્તુ શોક કરવાથી મળતી નથી, તેનાથી તો માત્ર શરીરને પીડા જ થાય છે, અને શત્રુઓ પ્રસન્ન થાય છે. તેથી તમે મનમાં શોક ન કરો. મનુષ્ય વારંવાર મરે છે અને જન્મ લે છે, વારંવાર હાનિ-લાભ પણ થાય છે. વારંવાર સ્વયં બીજા પાસે યાચના કરે છે અને બીજા તેની પાસે યાચના કરે છે, તથા વારંવાર તે બીજાને માટે શોક કરે છે અને બીજા તેના માટે શોક કરે છે. સુખ-દુઃખ, ઉત્પત્તિ-વિનાશ, લાભ-હાનિ અને જીવનમરણ – આ બધાં ક્રમશઃ પ્રાપ્ત થતાં રહે છે; તેથી ધીર પુરુષે એમને માટે હર્ષ અને શોક કરવો ન જોઈએ. આ છ ઇન્દ્રિયો ઘણી જ ચંચળ છે; એમનામાંથી જે જે ઇન્દ્રિય જે જે વિષય તરફ જાય છે, તેનાથી બુદ્ધિ તે જ રીતે ક્ષીણ થાય છે, જેમ ફૂટેલા ઘડામાંથી પાણી સદા ચૂવે છે. ॥ ૨૩-૪૮ ॥

ધૃતરાષ્ટ્રે કહ્યું – લાકડામાં છુપાયેલા અગ્નિની જેમ સૂક્ષ્મ ધર્મથી બંધાયેલા રાજા યુધિષ્ઠિર સાથે મેં મિથ્યા વ્યવહાર કર્યો છે; તેથી તેઓ યુદ્ધ કરીને મારા મૂર્ખ પુત્રોનો નાશ કરી નાખશે. મહામતે! આ બધું જ હંમેશાં ભયથી વ્યાકુળ છે; મારું મન પણ ભયથી વ્યાકુળ છે; તે માટે જે દુઃખરહિત અને શાંતિપ્રદ હોય, તે જ મને જણાવો. ॥ ૪૯-૫૦ ॥

વિદુરજી બોલ્યા – પાપશૂન્ય નરેશ! વિદ્યા, તપ, ઇન્દ્રિય નિગ્રહ અને લોભત્યાગ સિવાય બીજો કોઈ શાંતિ માટેનો ઉપાય તમારા

માટે મને દેખાતો નથી. બુદ્ધિથી મનુષ્ય પોતાના ભયને દૂર કરે છે, તપસ્યાથી મહત્-પદને પ્રાપ્ત થાય છે, ગુરુની સેવાથી જ્ઞાન અને યોગથી શાંતિ મળે છે. મોક્ષની ઇચ્છા રાખનારા મનુષ્યો દાનથી થનારા પુણ્યનો આશ્રય લેતા નથી, વેદના પુણ્યનો પણ આશ્રય નથી લેતા; પરંતુ નિષ્કામભાવે રાગદ્વેષનો ત્યાગ કરીને આ સંસારમાં વિચરે છે. યોગ્ય અધ્યયન, ન્યાયોચિત યુદ્ધ, પુણ્યકર્મ અને સારી પેઠે કરેલા તપથી સુખની વૃદ્ધિ થાય છે. રાજન્! આપસમાં કુસંપ રાખનારા લોકો સુંદર શૈય્યા સાથેના પલંગ પર પણ ક્યારેય સુખની નિદ્રા લઈને સૂઈ શકતા નથી; તેઓ સ્ત્રીઓ પાસે રહીને તથા બંદીજનો દ્વારા કરાયેલી સ્તુતિ સાંભળીને પણ પ્રસન્ન રહી શકતા નથી. જેઓ પરસ્પર ભેદભાવ રાખે છે, તેઓ ક્યારેય ધર્મનું આચરણ કરતા નથી. સુખ પણ પામતા નથી. તેમને ગૌરવ પ્રાપ્ત થતું નથી તથા શાંતિની વાત પણ ગમતી નથી. હિતની વાત કહેવામાં આવે તો પણ તેમને રુચતી નથી; તેમનાં યોગક્ષેમની પણ સિદ્ધિ થઈ શકતી નથી; રાજન્! ભેદભાવ રાખનારા પુરુષની વિનાશ સિવાય અન્ય ગતિ નથી. જેમ ગાયોમાં દૂધ, બ્રાહ્મણમાં તપ અને યુવાન સ્ત્રીઓમાં ચંચળતા વિશેષરૂપે હોવાનો સંભવ છે, તે જ પ્રમાણે પોતાના જાતિ-બંધુઓથી ભય થવો પણ સંભવ છે. નિત્ય સીંચીને ઉછેરેલી કોમળ વેલ જો અધિક માત્રામાં હોય તો ઘણાં વર્ષો સુધી નાના પ્રકારના આંધી-પવનનાં તોફાનોને સહી લે છે; આ જ વાત સત્પુરુષોના સંબંધમાં પણ સમજવી જોઈએ. અર્થાત્ તેઓ દુર્બળ હોવા છતાં સામૂહિકશક્તિથી બળવાન થઈ જાય છે. ભરતશ્રેષ્ઠ! બળી રહેલા લાકડાના ટુકડા અલગ-અલગ હશે તો તે ધુમાડો ફેલાવે છે અને ભેગા થાય તો પ્રજ્વલિત થઈ જાય છે. એ પ્રમાણે જાતિ-બંધુઓ પણ કુસંપ હોવાથી દુ:ખ ભોગવે છે અને એકતા હોય તો સુખી રહે છે. ધૃતરાષ્ટ્ર! જે લોકો બ્રાહ્મણો, સ્ત્રીઓ, જ્ઞાતિજનો અને ગાયો પર પોતાની વીરતા દેખાડે છે, તે ડીંટાથી પાકી ગયેલા ફળની જેમ નીચે પડે છે. જો વૃક્ષ એકલું હોય તો તે બળવાન, દૃઢમૂળ અને બહુ વિશાળ હોવા છતાં પણ એક જ ક્ષણમાં આંધી તેને બળપૂર્વક શાખાઓ સહિત ધરાશાયી કરી દે છે. પરંતુ જો ઘણાં વૃક્ષો એકસાથે હોય તો એકબીજાના આધારે આંધીના ભયંકર તોફાનને પણ સહી લે છે. આ જ પ્રમાણે સઘળા ગુણોથી સંપન્ન મનુષ્ય પણ એકલો હોય તો શત્રુ પોતાની તાકાતથી તેને પરાસ્ત કરી દે છે, જેમ એકલા વૃક્ષને પવન. પરંતુ પરસ્પર મેળ હોય અને એકને બીજાનો સહારો મળી જાય તો તે પરિવાર એ રીતે વૃદ્ધિ પામે છે, જેમ તળાવમાં કમળ. બ્રાહ્મણ, ગાય, કુટુંબી, બાળક, સ્ત્રી, અન્નદાતા અને શરણાગત – આટલાં અવધ્ય છે. રાજન્! તમારું કલ્યાણ થાઓ, મનુષ્યજીવનમાં સંપત્તિ અને આરોગ્યને છોડીને બીજા કશાનું મહત્ત્વ નથી; કેમકે રોગી તો મુડદા જેવો છે. મહારાજ! જે રોગ વિના જ ઉત્પન્ન થયેલો, કડવો, માથાનો દુખાવો વધારનારો, પાપ સાથે જોડાયેલો, કઠોર, તીક્ષ્ણ અને અગ્નિ જેવો ગરમ છે, જે સજ્જનો દ્વારા પી જવા યોગ્ય છે અને જેને દુર્જનો પી શકતા નથી, તે ક્રોધને તમે પી જાઓ અને શાંત થઈ જાઓ. રોગથી પીડિત મનુષ્યને મીઠાં ફળ રુચિપ્રદ લાગતાં નથી, વિષયોમાં પણ તેમને સુખ કે સાર મળતો નથી. રોગીઓ હંમેશાં દુ:ખી જ રહે છે; તેઓ ન ક્યારેય સંપત્તિના ભોગોનો કે ન સુખનો પણ અનુભવ કરે છે. રાજન્! પહેલાં જુગારમાં દ્રૌપદીને જીતેલી જાણીને મેં

કહ્યું હતું, 'તમે દ્યૂતક્રીડામાં આસક્ત દુર્યોધનને રોકો, વિદ્વાનો આવી ઠગાઈ માટે સંમતિ આપતા નથી;' પરંતુ તમે મારું કહ્યું માન્યું નહિ. તે બળ નથી, જેનો મૃદુતા સાથે વિરોધ હોય; સૂક્ષ્મ ધર્મનું તરત જ સેવન કરવું જોઈએ. ક્રૂરતાપૂર્વક એકઠી કરેલી સંપત્તિ નાશ પામે છે; જો તેને મૃદુતાપૂર્વક વધારવામાં આવી હોય તો ભવિષ્યની પેઢી માટે પણ સ્થિર રહી શકે છે. રાજન્! તમારા પુત્રો પાંડવોની રક્ષા કરે અને પાંડુના પુત્રો તમારા પુત્રોની રક્ષા કરે. બધાં કૌરવો એકબીજાના શત્રુને શત્રુ અને મિત્રને મિત્ર સમજે. બધાનું એક જ કર્તવ્ય હોય, બધાં સુખી અને સમૃદ્ધિશાળી થઈને જીવન વ્યતીત કરે. અજમીઢકુલનંદન! અત્યારે તમે જ કૌરવોના આધારસ્તંભ છો, કુરુવંશ તમારે જ અધીન છે. તાત! કુંતીના પુત્રો હજી બાળક છે અને વનવાસનું ઘણું દુઃખ ભોગવી ચૂક્યા છે; અત્યારે પોતાના યશની રક્ષા કરતા રહીને તમે પાંડવોનું પાલન કરો. કુરુરાજ! તમે પાંડવો સાથે સંધિ કરી લો, જેથી શત્રુઓને તમારાં છિદ્રો જોવાનો અવસર ન મળે. નરદેવ! બધા પાંડવો સત્યને વરેલા છે; હવે તમારા પુત્ર દુર્યોધનને રોકો. ॥ ૫૧-૭૪ ॥

—★—

(વિદુરનીતિ)
(પાંચમો અધ્યાય)

વિદુરજી કહે છે – રાજેન્દ્ર! વિચિત્રવીર્યનંદન! સ્વાયંભુવ મનુજીએ કહ્યું છે કે નીચે જણાવેલા સત્તર પ્રકારના પુરુષોને ફાંસો હાથમાં લઈને યમરાજના દૂતો નરકમાં લઈ જાય છે – જે આકાશને મુઠ્ઠીનો પ્રહાર કરે છે, જે નમાવી ન શકાય એવા વર્ષાઋતુના ઈન્દ્રધનુષ્યને નમાવવા ચાહે છે, પકડમાં ન આવનારાં સૂર્યનાં કિરણોને પકડવાનો પ્રયાસ કરે છે, શાસન માટે અયોગ્ય પુરુષ પર શાસન કરે છે, મર્યાદાનું ઉલ્લંઘન કરીને સંતુષ્ટ થાય છે, શત્રુની સેવા કરે છે, સ્ત્રી-રક્ષા દ્વારા પોતાનો નિર્વાહ કરે છે, યાચના ન કરવા યોગ્ય પુરુષ પાસે યાચના કરે છે તથા આત્મપ્રશંસા કરે છે, ઊંચા કુળમાં ઉત્પન્ન થઈને પણ નીચ કર્મ કરે છે, દુર્બળ હોવા છતાં બળવાન સાથે વેર કરે છે, શ્રદ્ધાહીનને ઉપદેશ આપે છે, ન ઈચ્છવા યોગ્ય વસ્તુની ઈચ્છા કરે છે, સસરો થઈને પુત્રવધૂ સાથે મશ્કરી કરે છે તથા પુત્રવધૂની સહાયતાથી સંકટમાંથી છૂટીને પણ ફરીથી તેની પાસેથી પ્રતિષ્ઠા ચાહે છે, પરસ્ત્રી સાથે સમાગમ કરે છે, જરૂર કરતાં વધારે સ્ત્રીની નિંદા કરે છે, કોઈની પાસેથી કોઈ વસ્તુ પ્રાપ્ત કરીને 'યાદ નથી' એવું કહીને તેને દબાવી દેવા ચાહે છે, માગવાથી દાન આપીને તેના માટે પોતાની બડાઈ હાંકે છે અને જુઠાને સાચું ઠેરવવાનો પ્રયાસ કરે છે. જે મનુષ્ય પોતાની સાથે જેવો વર્તાવ કરે, તેની સાથે તેવો જ વર્તાવ કરવો જોઈએ – આ નીતિ છે. કપટનું આચરણ કરનાર સાથે કપટપૂર્ણ વર્તાવ કરવો અને સારો વર્તાવ કરનાર સાથે સાધુ-વ્યવહાર કરવો જોઈએ. વૃદ્ધાવસ્થા રૂપનો, તૃષ્ણા ધૈર્યનો, મૃત્યુ પ્રાણોનો, અસૂયા ધર્માચરણનો, કામ લજ્જાનો, નીચ પુરુષોની સેવા સદાચારનો, ક્રોધ લક્ષ્મીનો અને અભિમાન સર્વસ્વનો નાશ કરી દે છે. ॥ ૧-૮ ॥

ધૃતરાષ્ટ્રે કહ્યું – જ્યારે બધાય વેદોમાં

પુરુષને સો વર્ષના આયુષ્યનો જણાવવામાં આવ્યો છે, તો એ કયા કારણે પોતાનું પૂર્ણ આયુષ્ય નથી ભોગવતો? ॥ ૯ ॥

વિદુરજી બોલ્યા – રાજન્! તમારું કલ્યાણ થાઓ. અત્યંત અભિમાન, વધારે બોલવું, ત્યાગનો અભાવ, ક્રોધ, પોતાનું પેટ ભરવાની ચિંતા અને મિત્રદ્રોહ – આ છ તીક્ષ્ણ ધારવાળી તલવારો શરીરધારીઓનાં આયુષ્યને કાપે છે. આ જ મનુષ્યોનો વધ કરે છે, મૃત્યુ નહિ. ભારત! જે પોતાના પર વિશ્વાસ મૂકનારની પત્ની સાથે સમાગમ કરે છે, ગુરુસ્ત્રીગામી છે, બ્રાહ્મણ થઈને શૂદ્રની સ્ત્રી સાથે સંબંધ રાખે છે, શરાબ પીએ છે તથા જે વડીલો પર હુકમ ચલાવનારો, બીજાની જીવિકા નષ્ટ કરનારો, બ્રાહ્મણોને સેવાકાર્ય માટે દોડાવનારો અને શરણાગતની હિંસા કરનારો છે – આ બધા બ્રહ્મહત્યારા જેવા છે; આવા લોકોનો સંગ થઈ જાય તો પ્રાયશ્ચિત્ત કરવું – એવી વેદોની આજ્ઞા છે. વડીલોનો આજ્ઞાંકિત, નીતિજ્ઞ, દાતા, યજ્ઞશેષ અન્નનું ભોજન કરનારો, હિંસારહિત, અનર્થકારી કાર્યોથી દૂર રહેનારો, કૃતજ્ઞ, સત્યવાદી અને દયાળુ સ્વભાવનો વિદ્વાન સ્વર્ગગામી થાય છે. રાજન્! હંમેશાં પ્રિય વચન બોલનારા મનુષ્યો તો સહેજે મળી જાય છે; પરંતુ જે અપ્રિય હોવા છતાં હિતકર હોય, એવાં વચન કહેનાર વક્તા અને શ્રોતા બંને દુર્લભ છે. જે ધર્મનો આશ્રય લઈને તથા સ્વામીને પ્રિય લાગશે કે અપ્રિય – આનો વિચાર છોડીને અપ્રિય હોવા છતાં હિતની વાત કહે છે, તેનાથી રાજાને સાચી સહાયતા મળે છે. કુળની રક્ષા માટે એક મનુષ્યનો, ગામની રક્ષા માટે કુળનો, દેશની રક્ષા માટે ગામનો અને આત્મકલ્યાણ માટે સંપૂર્ણ પૃથ્વીનો ત્યાગ કરી દેવો જોઈએ. આપત્તિ માટે ધનની રક્ષા કરવી, ધન દ્વારા સ્ત્રીની રક્ષા કરવી તથા સ્ત્રી અને ધન બંને દ્વારા હંમેશાં પોતાની રક્ષા કરવી. જુગાર રમવો એ મનુષ્યોમાં વેરનું કારણ જોવામાં આવે છે, તેથી સમજદાર માણસે કોઈ રીતે જુગાર રમવો નહિ. રાજન્! મેં જુગારની રમત શરૂ થઈ ત્યારે પણ કહ્યું હતું કે આ બરાબર નથી; પરંતુ રોગીને જેમ દવા અને પથ્ય ગમતાં નથી, તે જ રીતે મારી વાત પણ તમને સારી ન લાગી. નરેન્દ્ર! તમે કાગડા જેવા તમારા પુત્રો દ્વારા અદ્ભુત પાંખોવાળા મોર જેવા પાંડવોને પરાજિત કરવાનો પ્રયત્ન કરી રહ્યા છો, સિંહોને છોડીને શિયાળવાંની રક્ષા કરી રહ્યા છો; સમય આવ્યે તમારે આને માટે પસ્તાવું પડશે. તાત! જે સ્વામી હંમેશાં હિત-સાધનમાં તત્પર એવા ભક્ત સેવક પર ક્યારેય ક્રોધ કરતો નથી, તેના પર સેવકો વિશ્વાસ કરે છે અને તેનો આપત્તિના સમયમાં પણ ત્યાગ કરતા નથી. સેવકોની જીવિકા બંધ કરીને બીજાના રાજ્ય અને ધનના અપહરણનો પ્રયત્ન ન કરવો; કેમકે પોતાની જીવિકા છિનવાઈ જવાથી ભોગોથી વંચિત થઈને પહેલાંના પ્રેમી મંત્રીઓ પણ તે સમયે વિરોધી બની જાય છે અને રાજાને છોડી દે છે. પ્રથમ કર્તવ્ય, આવક-જાવક અને ઉચિત વેતન વગેરેનો નિર્ણય કરીને પછી સુયોગ્ય સહાયકોને રાખવા જોઈએ; કેમકે કપરામાં કપરું કાર્ય પણ સહાયકો દ્વારા સાધી શકાય છે. જે સેવક સ્વામીના અભિપ્રાયને સમજીને આળસનો ત્યાગ કરીને સઘળાં કર્મોને પૂરાં કરે છે, જે હિતની વાત કહેનારો, સ્વામીભક્ત, સજ્જન અને રાજાની શક્તિને જાણનારો છે, તેને પોતાના તુલ્ય સમજીને તેના પર કૃપા કરવી જોઈએ. જે સેવક સ્વામીની આજ્ઞાનો અનાદર કરે છે, બતાવેલું કામ કરવાનો

ઈન્કાર કરી દે છે, પોતાની બુદ્ધિનો જેને ઘમંડ છે એવા પ્રતિકૂળ જવાબ આપનાર સેવકનો શીઘ્ર ત્યાગ કરી દેવો જોઈએ. અહંકારરહિત, કાયરતાશૂન્ય, કાર્યને તરત પૂરું કરનારો, દયાળુ, શુદ્ધહૃદયી, બીજાના બહેકાવવામાં ન આવનારો, નીરોગી, અને ઉદાર વચનવાળો – આવા આઠ ગુણોથી યુક્ત મનુષ્યને 'દૂત' બનાવવા યોગ્ય માન્યો છે. સાવધાન મનુષ્યે વિશ્વાસ હોવા છતાં પણ સાયંકાળે ક્યારેય શત્રુને ઘેર જવું નહિ, રાત્રે છુપાઈને ચોતરા પર ઊભા ન રહેવું અને રાજા જે સ્ત્રીને ગ્રહણ કરવા ચાહતો હોય, તેને પ્રાપ્ત કરવાનો યત્ન ન કરવો, દુષ્ટ સહાયકોવાળો રાજા જ્યારે ઘણા લોકો સાથે મંત્રણાસભામાં બેસીને સલાહ લઈ રહ્યો હોય, ત્યારે તેની વાતનું ખંડન ન કરવું; 'હું તમારા પર વિશ્વાસ કરતો નથી' એવું પણ ન કહેવું. બલકે કોઈ યુક્તિસંગત બહાનું કાઢીને ત્યાંથી નીકળી જવું. વધારે દયાળુ રાજા, વ્યભિચારિણી સ્ત્રી, રાજકર્મચારી, પુત્ર, ભાઈ, નાનાં બાળકોવાળી વિધવા, સૈનિક અને જેનો અધિકાર છીનવી લેવામાં આવ્યો હોય, તે પુરુષ – આ બધાંની સાથે લેવડ-દેવડનો વ્યવહાર ન કરવો. આ આઠ ગુણો પુરુષની શોભા વધારે છે – બુદ્ધિ, કુલીનતા, શાસ્ત્રજ્ઞાન, ઈન્દ્રિયનિગ્રહ, પરાક્રમ, વધારે ન બોલવાનો સ્વભાવ, યથાશક્તિ દાન અને કૃતજ્ઞતા. તાત! એક ગુણ એવો છે, જે આ બધા મહત્ત્વપૂર્ણ ગુણો ઉપર જબરજસ્તી અધિકાર કરી લે છે. રાજા જે સમયે કોઈ મનુષ્યનો સત્કાર કરે છે તે સમયે આ ગુણ (રાજસન્માન) ઉપરોક્ત બધા ગુણોથી ચઢિયાતો બનીને શોભે છે. નિત્ય સ્નાન કરનાર મનુષ્યને બળ, રૂપ, મધુર સ્વર, ઉજ્જ્વળ વર્ણ, કોમળતા, સુગંધ, પવિત્રતા, સુંદરતા, સુકુમારતા અને સુંદર સ્ત્રીઓ – આ દસ લાભ પ્રાપ્ત થાય છે. ઓછું ભોજન કરનારને નીચે જણાવેલા છ ગુણ પ્રાપ્ત થાય છે – આરોગ્ય, આયુષ્ય, બળ અને સુખ તો મળે જ છે, તેનાં સંતાન સુંદર થાય છે તથા 'આ ખાઉધરો છે' એવો તેના પર લોકો આક્ષેપ કરતા નથી. અકર્મણ્ય, ખાઉધરા, બધા સાથે વેર કરનારા, વધારે માયાવી, ક્રૂર, દેશકાળનું જ્ઞાન ન રાખનારા અને નિંદિત વેશ ધારણ કરનારા મનુષ્યને ક્યારેય પોતાના ઘરમાં આશ્રય આપવો નહિ. અત્યંત સંકટ આવી પડે તો પણ નીચે જણાવેલા લોકો પાસે સહાયતાની યાચના કરવી નહિ – કૃપણ, અપશબ્દો બોલનાર, મૂર્ખ, જંગલમાં રહેનાર, ધુતારો, નીચસેવી, નિર્દયી, વેર બાંધનાર અને કૃતઘ્ન પાસે સહાયતા માગવી નહિ. ક્લેશપ્રદ કર્મો કરનાર, અત્યંત પ્રમાદી, સદા અસત્ય બોલનાર, અસ્થિર ભક્તિ કરનાર, સ્નેહ વિનાનો, પોતાને ચતુર સમજનાર – આ છ પ્રકારના અધમ પુરુષોની સેવા કરવી નહિ. ધનની પ્રાપ્તિ સહાયકની અપેક્ષા રાખે છે, અને સહાયક ધનની અપેક્ષા રાખે છે, આ બંને એકબીજાના આશ્રિત છે. પરસ્પરના સહયોગ વિના એમનું કાર્ય સિદ્ધ થતું નથી. પુત્રોના જન્મ પછી તેમને ઋણના ભારથી મુક્ત કરીને તેમના માટે કોઈ પણ પ્રકારની જીવિકાનો પ્રબંધ કરી દેવો; પછી કન્યાઓનાં યોગ્ય વર સાથે લગ્ન કરાવી દીધા પછી વનમાં મુનિવ્રતથી રહેવાની ઇચ્છા કરવી. જે બધાં પ્રાણીઓ માટે હિતકર, પોતાના માટે પણ સુખપ્રદ હોય તે કાર્ય ઈશ્વરાર્પણબુદ્ધિથી કરવું. સંપૂર્ણ સિદ્ધિઓનો આ જ મૂળમંત્ર છે. જેનામાં ઉન્નતિ સાધવાની શક્તિ છે, પ્રભાવ, તેજ, પરાક્રમ, પ્રયત્ન અને નિશ્ચય છે, તેને પોતાની જીવિકા નાશ થવાનો ભય ક્યાંથી હોય? પાંડવો સાથે યુદ્ધ કરવામાં જે

દોષ છે, તેના પર નજર કરો. તેમની સાથે યુદ્ધ શરૂ થઈ જતાં ઈન્દ્રાદિ દેવતાઓને પણ કષ્ટ ઉઠાવવું પડશે. આ ઉપરાંત પુત્રો સાથે વેર, નિત્ય ઉદ્વેગપૂર્ણ જીવન, કીર્તિનો નાશ અને શત્રુઓને આનંદ થશે. આકાશમાં ત્રાંસા ઉગેલા ધૂમકેતુથી જેમ સંપૂર્ણ સંસારમાં અશાંતિ અને ઉપદ્રવ ફેલાઈ જાય છે, તે જ પ્રમાણે ભીષ્મ, તમે, દ્રોણાચાર્ય અને રાજા યુધિષ્ઠિરનો વધી ગયેલો ક્રોધ આ સંસારનો સંહાર કરી શકે છે. તમારા સો પુત્રો, કર્ણ અને પાંચ પાંડવો – એ બધા મળીને સમુદ્ર સુધીની સંપૂર્ણ પૃથ્વીનું શાસન કરી શકે છે. રાજન્! તમારા પુત્રો વન જેવા છે અને પાંડવો તેમાં રહેનારા વાઘ જેવા છે. તમે વાઘો સહિત સમસ્ત વનનો નાશ ન કરો તથા વનથી તે વાઘોને દૂર ન ભગાવો. વાઘો વિના વનની રક્ષા થઈ શકતી નથી તથા વન વિના વાઘ રહી શકતા નથી; કેમકે વાઘ વનની રક્ષા કરે છે અને વન વાઘોની. જેમનું મન પાપપરાયણ છે, તે લોકો બીજાના કલ્યાણકારી ગુણોને જાણવાની તેવી ઇચ્છા કરતા નથી જેવી તેમના અવગુણોને જાણવાની કરે છે. જેને અર્થની પૂરેપૂરી સિદ્ધિ પ્રાપ્ત કરવી હોય તેણે પ્રથમ ધર્મનું જ આચરણ કરવું જોઈએ. જેમ સ્વર્ગથી અમૃત દૂર નથી હોતું, તે જ પ્રમાણે ધર્મથી અર્થ અલગ નથી. જેની બુદ્ધિ પાપકર્મોથી હઠીને કલ્યાણમાં લાગી ગઈ છે તેણે સંસારમાં જે પણ પ્રકૃતિ અને વિકૃતિ છે – તે બધાંનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે. જે સમયાનુસાર ધર્મ, અર્થ અને કામનું સેવન કરે છે, તે આ લોક અને પરલોકમાં પણ ધર્મ, અર્થ અને કામને પ્રાપ્ત કરે છે. રાજન્! જે ક્રોધ અને હર્ષના વેગને રોકી લે છે અને આપત્તિ સમયે પણ ધૈર્યને ખોઈ બેસતો નથી, તે જ રાજ્યલક્ષ્મીનો અધિકારી થાય છે. રાજન્! તમારું કલ્યાણ થાઓ. મનુષ્યોમાં સદા પાંચ પ્રકારનું બળ હોય છે, તેને સાંભળો. જે બાહુબળ છે, તે કનિષ્ઠ બળ છે, મંત્રીનું મળવું બીજું બળ છે; મનીષીઓ ધનલાભને ત્રીજું બળ કહે છે અને રાજન્! જે બાપ-દાદાથી પ્રાપ્ત થયેલું સ્વાભાવિક બળ (કુટુંબબળ) છે, તે 'અભિજાત' નામનું ચોથું બળ છે. ભારત! જેમાં આ બધાં બળોનો સમાવેશ થઈ જાય છે તે બધાં બળોમાં શ્રેષ્ઠ 'બુદ્ધિબળ' છે. જે મનુષ્યોનો બહુ મોટો અપકાર કરી શકે છે, તે પુરુષ સાથે વેર કરીને એવા વિશ્વાસમાં ન રહેવું કે 'હું તેનાથી દૂર છું (તે મારું કાંઈ બગાડી શકે એમ નથી). એવો કયો બુદ્ધિમાન હશે જે સ્ત્રી, રાજા, સાપ, ભણેલા પાઠ, સામર્થ્યશાળી શત્રુ, ભોગ અને આયુષ્ય પર પૂરો વિશ્વાસ મૂકી શકે. જેને બુદ્ધિના બાણથી વીંધી નાખ્યો છે તેવા જીવને માટે ન કોઈ વૈદ્ય છે, ન દવા છે, ન હોમ, ન મંત્ર, ન કોઈ માંગલિક કાર્ય, ન અથર્વવેદોક્ત પ્રયોગ અને ન તેની કોઈ સચોટ જડીબુટ્ટી પણ છે. ભારત! મનુષ્યે સાપ, અગ્નિ, સિંહ અને પોતાના કુળમાં ઉત્પન્ન વ્યક્તિનો અનાદર ન કરવો, કેમકે એ બધા બહુ તેજસ્વી હોય છે. સંસારમાં અગ્નિ એક મહાન તેજ છે, તે લાકડામાં છુપાયેલો રહે છે; પરંતુ જ્યાં સુધી બીજા લોકો તેને પ્રજ્વલિત ન કરે, ત્યાં સુધી તે લાકડાને બાળતો નથી. તે જ અગ્નિ જો લાકડાનું મંથન કરીને પ્રજ્વલિત કરવામાં આવે તો તે પોતાના તેજથી તે લાકડાને અને જંગલને પણ તરત જ બાળી નાખે છે. એ જ પ્રમાણે પોતાના કુળમાં ઉત્પન્ન થયેલા અગ્નિ જેવા તેજસ્વી પાંડવો ક્ષમાભાવથી યુક્ત અને વિકારશૂન્ય થઈને લાકડામાં છુપાયેલા અગ્નિની જેમ શાંતભાવમાં

સ્થિત છે. તમારા પુત્રો સહિત તમે લતા જેવા છો અને પાંડવો મહાન શાલવૃક્ષ જેવા છે; મહાન વૃક્ષના આશ્રય વિના લતા (વેલ) ક્યારેય વધી શકતી નથી. રાજન્! અંબિકાનંદન! તમારા પુત્રો એક વન છે અને પાંડવો તેમાં રહેનારા સિંહ સમજો. તાત! સિંહથી સૂનું વન નષ્ટ થઈ જાય છે અને વન વિના સિંહ પણ નષ્ટ થઈ જાય છે. ॥ ૧૦-૬૪ ॥

—★—

(વિદુરનીતિ)
(છઠ્ઠો અધ્યાય)

વિદુરજી કહે છે – જ્યારે કોઈ માનનીય વૃદ્ધ પુરુષ નજીક આવે છે, તે સમયે નવયુવાન વ્યક્તિનો પ્રાણ (જીવ) અદ્ધર ચડવા માંડે છે; પછી જ્યારે તે વૃદ્ધના સ્વાગત માટે ઊભો થાય છે અને પ્રણામ કરે છે, ત્યારે પુનઃ પ્રાણોને તે વાસ્તવિક સ્થિતિમાં પ્રાપ્ત કરે છે. ધીર પુરુષે જ્યારે કોઈ સાધુ પુરુષ અતિથિરૂપે ઘેર આવે ત્યારે પ્રથમ આસન આપીને, જળ લાવીને ચરણ પખાળી, તેમના કુશળ પૂછી પોતાની સ્થિતિ કહ્યા પછી આવશ્યકતા સમજીને ભોજન કરાવવું જોઈએ. જે દાતાને ઘેરથી લોભ, ભય અથવા કંજૂસાઈના કારણે વેદવેત્તા બ્રાહ્મણો જળ, મધુપર્ક અને ગાયના દાનનો સ્વીકાર કરતા નથી, શ્રેષ્ઠ પુરુષોએ તે ગૃહસ્થના જીવનને વ્યર્થ કહ્યું છે. વાઢકાપ કરનાર, વૈદ્ય, બ્રહ્મચર્યથી ભ્રષ્ટ, ચોર, ક્રૂર, શરાબી, ગર્ભહત્યારો, સેનાજીવી (સૈનિક) અને વેદ વેચનારો – આ બધા જોકે પગ ધોવાને યોગ્ય નથી, તેમ છતાં જો અતિથિરૂપે આવે ત્યારે આદરપાત્ર બનતા હોય છે. મીઠું, રાંધેલું અન્ન, દહીં, દૂધ, મધ, તેલ, ઘી, તલ, માંસ, ફળ, મૂળ, શાક, લાલ કપડું, બધા પ્રકારના સુગંધિત પદાર્થો અને ગોળ – આટલી વસ્તુઓ વેચવા યોગ્ય નથી. જે ક્રોધ ન કરનારો, શોકરહિત, સંધિ-વિગ્રહથી રહિત, નિંદા-પ્રશંસાથી પર, પ્રિય-અપ્રિયનો ત્યાગ કરનાર તથા ઉદાસીન છે, તે જ ભિક્ષુક (સંન્યાસી) છે. જે નીવાર (જંગલી ચોખા), કંદ-મૂળ, ઇંગોરી અને શાક ખાઈને નિર્વાહ કરે છે, મનને વશમાં રાખે છે, અગ્નિહોત્ર કરે છે, વનમાં રહીને પણ અતિથિ-સેવામાં સદા સાવધાન રહે છે, તે જ પુણ્યાત્મા તપસ્વી (વાનપ્રસ્થ) શ્રેષ્ઠ માનવામાં આવે છે. બુદ્ધિમાન પુરુષની બૂરાઈ કરીને એવા વિશ્વાસથી નિશ્ચિંત ન રહે કે, 'હું દૂર છું.' બુદ્ધિમાનોના હાથ બહુ લાંબા હોય છે, તેને સતાવવામાં આવે તો તે તે જ લાંબા હાથેથી બદલો લે છે. જે વિશ્વાસપાત્ર નથી, તેનો તો વિશ્વાસ કરવો જ નહિ; પરંતુ જે વિશ્વાસપાત્ર છે તેના પર પણ અધિક વિશ્વાસ ન કરવો. વિશ્વાસુ પુરુષથી ઉત્પન્ન થયેલો ભય મૂળમાંથી નષ્ટ કરી નાખે છે. મનુષ્યે ઈર્ષ્યારહિત, સ્ત્રીઓનો રક્ષક, સંપત્તિનો ન્યાયપૂર્વક વિભાગ કરનારા, પ્રિયવાદી, સ્વચ્છ તથા સ્ત્રીઓની સામે મીઠા વચન બોલનાર થવું, પરંતુ તેમના વશમાં ક્યારેય ન થવું. સ્ત્રીઓ ઘરની લક્ષ્મી કહેવાય છે. તેઓ અત્યંત સૌભાગ્યશાળી, પૂજવા યોગ્ય, પવિત્ર તથા ઘરની શોભા છે. તેથી તેમની વિશેષરૂપે રક્ષા કરવી જોઈએ. અંતઃપુરની રક્ષા પિતાને સોંપવી, રસોઈઘરનું કાર્ય માતાના હાથમાં આપી દેવું, ગાયોની સેવા માટે પોતાના જેવી વ્યક્તિને નીમવી અને ખેતીનું કાર્ય સ્વયં કરવું. સેવકો

દ્વારા વેપાર કરવો અને પુત્રો દ્વારા બ્રાહ્મણોની સેવા કરવી. જળથી અગ્નિ, બ્રાહ્મણથી ક્ષત્રિય અને પથ્થરથી લોઢું પેદા થયું છે. એમનું તેજ સર્વત્ર વ્યાપ્ત હોવા છતાં પણ પોતાના ઉત્પત્તિસ્થાનમાં શાંત થઈ જાય છે. ઊંચા કુળમાં ઉત્પન્ન થયેલા અગ્નિ જેવા તેજસ્વી, ક્ષમાશીલ અને વિકારરહિત સંતપુરુષો હંમેશાં લાકડામાં અગ્નિની જેમ શાંત ભાવે સ્થિત રહે છે. જે રાજાની મંત્રણાને તેના બહારના કે અંદરના સભાસદો સુધ્ધાં જાણતા નથી, તેવો બધી બાજુ દૃષ્ટિ રાખનાર રાજા ચિરકાળ સુધી ઐશ્વર્યનો ઉપભોગ કરે છે. ધર્મ, કામ અને અર્થ સંબંધી કાર્યો કરતાં પહેલાં કહેવાં નહિ, કરીને દેખાડવાં. આવું કરવાથી મંત્રણા (ગુપ્ત રહસ્ય) પ્રગટ થતી નથી. પર્વતના શિખર પર ચડીને અથવા એકાંતસ્થાન પર જઈને અથવા જંગલમાં નિર્જનસ્થાન પર જઈને મંત્રણા કરવી જોઈએ. હે ભારત! જે મિત્ર ન હોય, મિત્ર હોવા છતાં પંડિત ન હોય, પંડિત હોવા છતાં જેનું મન વશમાં ન હોય, તે ગુપ્ત મંત્રણા જાણવા યોગ્ય નથી. રાજાએ સારી રીતે પરીક્ષા કર્યા વિના કોઈને પોતાનો મંત્રી ન બનાવવો. કેમકે ધનની પ્રાપ્તિ અને ગુપ્ત મંત્રણાની રક્ષાનો ભાર મંત્રી પર જ હોય છે. જે રાજાનાં ધર્મ, અર્થ અને કામવિષયક બધાં કાર્યો પૂરાં થયાં બાદ જ સભાસદો જાણી શકે છે તે જ રાજા બધા રાજાઓમાં શ્રેષ્ઠ છે. પોતાની મંત્રણાને ગુપ્ત રાખનાર તે રાજાને નિઃસંદેહ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. મોહવશ ભૂરાં કર્મો કરનારનાં તે કાર્યો દ્વારા નીપજનારાં વિપરીત પરિણામોને કારણે તે જીવનથી હાથ ધોઈ બેસે છે. ઉત્તમ કર્મો તો સુખદ હોય છે, પરંતુ તે મુલતવી રાખવાથી પશ્ચાત્તાપનું કારણ બને છે. જેમ વેદ ભણ્યા વિના બ્રાહ્મણ શ્રાદ્ધકર્મનો અધિકારી થતો નથી, તે જ પ્રમાણે સંધિ, વિગ્રહ, યાન (વાહન), આસન, ભેદભાવ અને સમાશ્રય નામક છ ગુણોને જાણ્યા વિના કોઈ ગુપ્ત મંત્રણા સાંભળવાનો અધિકારી થતો નથી. રાજન્! જે સંધિ-વિગ્રહ વગેરે છ ગુણોની જાણકારી માટે પ્રસિદ્ધ છે, જે સ્થિતિ વૃદ્ધિ અને હ્રાસને જાણે છે તથા જેના સ્વભાવની બધા લોકો પ્રશંસા કરે છે તેવો રાજા પૃથ્વીનું શાસન કરે છે. જેના ક્રોધ અને હર્ષ વ્યર્થ જતા નથી, જે આવશ્યક કાર્યોની સ્વયં દેખરેખ રાખે છે અને કોષની જાણકારી પણ સ્વયં રાખે છે તેના શાસનમાં ધનની ઊણપ રહેતી નથી. રાજાએ પોતાના 'રાજા' નામથી અને રાજોચિત 'છત્ર' ધારણથી સંતુષ્ટ રહેવું જોઈએ. સેવકોને પર્યાપ્ત વેતન આપે, બધું એકલો જ હડપ ન કરી જાય. બ્રાહ્મણને બ્રાહ્મણ જાણે છે, સ્ત્રીને તેનો પતિ જાણે છે, મંત્રીને રાજા જાણે છે અને રાજાને પણ રાજા જ જાણે છે. વશમાં થઈ ગયેલ વધ કરવા યોગ્ય શત્રુને છોડવો જોઈએ નહિ. જો પોતાનું સામર્થ્ય ન હોય તો નમ્રતાથી સમય પસાર કરવો જોઈએ અને સામર્થ્ય આવી જતાં તેને મારી નાખવો જોઈએ; કેમકે જો શત્રુને ન માર્યો તો તે તરત જ ભયનું કારણ બને છે. દેવતા, બ્રાહ્મણ, રાજા, વૃદ્ધ, બાળક અને રોગી પર ક્રોધ ન કરવો. નિરર્થક ક્લેશ કરવો મૂર્ખતા છે. બુદ્ધિમાને તેનો ત્યાગ કરવો જોઈએ. આવું કરવાથી તેને યશ મળે છે અને અનર્થનો સામનો કરવો પડતો નથી. જેના પ્રસન્ન થવાનું કોઈ ફળ નથી તથા જેનો ક્રોધ પણ વ્યર્થ હોય છે તેવા રાજાને પ્રજા એવી જ રીતે ચાહતી નથી, જેમ નપુંસક પતિને સ્ત્રી ચાહતી નથી. બુદ્ધિથી ધન પ્રાપ્ત થાય છે અને મૂર્ખતા દરિદ્રતાનું કારણ

છે – એવો કોઈ નિયમ નથી. સંસારચક્રના વૃત્તાન્તને માત્ર વિદ્વાનો જ જાણે છે, બીજા લોકો નહિ. ભારત! મૂર્ખ માણસ વિદ્યા, શીલ, અવસ્થા, બુદ્ધિ, ધન અને કુળમાં આદરણીય પુરુષોનો સદા અનાદર કર્યા કરે છે. જેનું ચરિત્ર નિંદનીય છે, જે મૂર્ખ, ગુણોમાં દોષદષ્ટિવાળો, અધાર્મિક, બૂરાં વચનો બોલનારો અને ક્રોધી છે, તેના ઉપર સંકટો આવતાં વાર લાગતી નથી. ઠગાઈ ન કરવી, દાન આપવું, કહેલી વાત પર કાયમ રહેવું અને સારી રીતે કહેવાયેલી હિતની વાત – આ બધાં આચરણો બધા લોકોને પોતાના બનાવી લે છે. કોઈની સાથે દગો ન કરનાર, ચતુર, કૃતજ્ઞ, બુદ્ધિમાન અને સરળ રાજાને કોષ ખાલી થઈ જવા છતાં મદદનીશો છોડતા નથી; અર્થાત્ તેને મદદ કરનારા મળી આવે છે. ધૈર્ય, મનનો નિગ્રહ, ઇન્દ્રિયસંયમ, પવિત્રતા, દયા, કોમળ વાણી અને મિત્રનો દ્રોહ ન કરવો – આ વાતો લક્ષ્મીને વધારનારી છે. રાજન્! જે પોતાના આશ્રિતોમાં સંપત્તિનો યોગ્ય વહેંચણી કરતો નથી તથા જે દુષ્ટ, કૃતઘ્ન અને નિર્લજ્જ છે, એવો રાજા આ લોકમાં ત્યાગી દેવા યોગ્ય છે. જે સ્વયં દોષી હોઈને પણ નિર્દોષ આત્મીય વ્યક્તિને છંછેડે છે, તે સર્પયુક્ત ઘરમાં રહેનાર મનુષ્યની જેમ રાતે સુખેથી સૂઈ શકતો નથી. ભારત! જેમના ઉપર દોષારોપણ કરવાથી યોગક્ષેમમાં અડચણ ઊભી થતી હોય તે લોકોને દેવતાઓની જેમ હંમેશાં પ્રસન્ન રાખવા જોઈએ. જો ધન વગેરે પદાર્થોને સ્ત્રીઓ, પ્રમાદી, પતિત અને નીચ પુરુષોના હાથમાં સોંપી દેવામાં આવે તો તે પરત મેળવવામાં શંકાસ્પદ બની જાય છે. રાજન્! જ્યાંનું શાસન સ્ત્રી, જુગારી અને બાળકના હાથમાં છે ત્યાંના લોકો નદીમાં પથ્થરની નાવ પર બેસનારાઓની જેમ વિપત્તિના સમુદ્રમાં ડૂબી જાય છે. જે લોકો જેટલું જરૂરી છે, તેટલા જ કામમાં વ્યસ્ત રહે છે, અધિકમાં હાથ નાખતા નથી, તેમને હું પંડિત માનું છું; કેમકે અધિકમાં હાથ નાખવો સંઘર્ષનું કારણ બને છે. જુગારી જેની પ્રશંસા કરે છે, ચારણો જેની પ્રશંસાનું ગાન કરે છે અને વેશ્યાઓ જેની બડાઈ કર્યા કરે છે તે મનુષ્ય જીવતો હોવા છતાં મરેલો છે. ભારત! તમે તે મહાન ધનુર્ધર અને અત્યંત તેજસ્વી પાંડવોને છોડીને જે આ મહાન ઐશ્વર્યનો ભાર દુર્યોધન ઉપર મૂકી દીધો છે, તેથી તમે તરત જ તે ઐશ્વર્યના મદથી મૂઢ દુર્યોધનને ત્રિભુવનના સામ્રાજ્યથી ચ્યુત થયેલા બલિરાજાની જેમ આ રાજ્યથી ભ્રષ્ટ થતો જોશો. ॥ ૧-૪૭ ॥

—★—

(વિદુરનીતિ)
(સાતમો અધ્યાય)

ધૃતરાષ્ટ્રે કહ્યું – વિદુર! પુરુષ ઐશ્વર્યની પ્રાપ્તિ અને નાશમાં સ્વતંત્ર નથી. બ્રહ્માજીએ દોરીથી બાંધેલી કઠપૂતળીની જેમ તેને પ્રારબ્ધને અધીન કરી રાખ્યો છે; તેથી તમે જે કહેવું હોય તે કહ્યા કરો, હું સાંભળવા માટે ધૈર્ય ધારણ કરીને બેઠો છું. ॥ ૧ ॥

વિદુરજી બોલ્યા – ભારત! સમયથી વિપરીત જો બૃહસ્પતિ પણ કાંઈ બોલે તો તેમનું અપમાન જ થશે અને તેમની બુદ્ધિની પણ અવજ્ઞા જ થશે. સંસારમાં કોઈ મનુષ્ય દાન આપવાથી પ્રિય થાય છે, બીજો પ્રિય વચન બોલવાથી પ્રિય થાય છે અને ત્રીજો રહસ્ય તથા

ઔષધના બળથી પ્રિય બને છે, પરંતુ જે વાસ્તવમાં પ્રિય છે, તે તો હંમેશાં પ્રિય છે જ. જેના પર દ્વેષ થઈ જાય છે તે મનુષ્ય ન તો સાધુ, ન વિદ્વાન કે ન બુદ્ધિમાન લાગે છે. પ્રિય વ્યક્તિનાં તો બધાં કર્મો શુભ જ હોય છે અને દુશ્મનનાં બધાં પાપમય. રાજન્! દુર્યોધનનો જન્મ થયો ત્યારે જ મેં કહ્યું હતું, 'માત્ર આ એક પુત્રને તમે છોડી દો. આના ત્યાગથી સો પુત્રોની ઉન્નતિ થશે અને આનો ત્યાગ ન કરવાથી સો પુત્રોનો નાશ થશે.' જે વૃદ્ધિ ભવિષ્યમાં નાશનું કારણ બને, તેને વધારે મહત્ત્વ ન આપવું જોઈએ અને તે ક્ષયનો પણ બહુ આદર કરવો જોઈએ જે આગળ જતાં અભ્યુદયનું કારણ બને. મહારાજ! વાસ્તવમાં જે ક્ષય વૃદ્ધિનું કારણ હોય છે, તે ક્ષય કહેવાય જ નહિ. પરંતુ તે લાભને પણ ક્ષય જ માનવો જોઈએ, જેને પ્રાપ્ત કરીને ઘણાનો નાશ થઈ જાય. ધૃતરાષ્ટ્ર! કેટલાક લોકો ગુણોથી ધનવાન હોય છે અને કેટલાક લોકો ધનથી ધનવાન. જે ધનથી ધનવાન હોવા છતાં પણ ગુણોમાં કંગાળ હોય છે, તેમનો બધી રીતે ત્યાગ કરવો જોઈએ. ॥ ૨-૮ ॥

ધૃતરાષ્ટ્રે કહ્યું – વિદુર! તમે જે કાંઈ કહી રહ્યા છો, તે પરિણામમાં હિતકર છે; બુદ્ધિમાનો આનું અનુમોદન કરે છે. એ પણ બરાબર છે કે જે બાજુ ધર્મ હોય છે, તે પક્ષની જીત થાય છે તોપણ હું મારા પુત્રનો ત્યાગ કરી શકતો નથી. ॥ ૯ ॥

વિદુરજી બોલ્યા – જે વધારે ગુણવાન અને વિનયી છે, તે પ્રાણીઓનો થોડો પણ સંહાર થતો જોઈને તેની તે ક્યારેય ઉપેક્ષા કરી શકતો નથી. જેઓ બીજાની નિંદામાં જ કરતા રહે છે, બીજાને દુઃખ આપવા અને આપસમાં કુસંપ કરાવવા માટે સદા ઉત્સાહપૂર્વક પ્રયત્ન કરે છે, જેમની દૃષ્ટિ દોષયુક્ત (અશુભ) છે અને જેમની સાથે રહેવામાં પણ ઘણું મોટું જોખમ છે, એવા લોકો પાસેથી ધન લેવામાં મહાન દોષ છે અને તેમને આપવામાં મોટો ભય છે. બીજાઓમાં કુસંપ કરાવવાનો જેમનો સ્વભાવ છે. જે કામી, નિર્લજ્જ, શઠ અને જાણીતા પાપી છે, તેમને સાથે રાખવા અયોગ્ય – નિંદાને પાત્ર માનવામાં આવ્યા છે. ઉપરોક્ત દોષો ઉપરાંત બીજા પણ મહાન દોષ જેમનામાં છે તેમનો ત્યાગ કરી દેવો જોઈએ. મિત્રતાનો ભાવ નિવૃત્ત થઈ જતાં નીચ પુરુષનો પ્રેમ નષ્ટ થઈ જાય છે, તે મિત્રતાથી થનારી ફળ-સિદ્ધિ અને સુખનો પણ નાશ થઈ જાય છે. પછી તે નીચ પુરુષ નિંદા કરવાનો પ્રયાસ કરે છે, નાનો સરખો અપરાધ થઈ જતાં તે મોહવશ વિનાશ માટેનો પ્રયત્ન કરે છે. તેને લગીરે શાંતિ મળતી નથી. તેવા નીચ, ક્રૂર તથા અજિતેન્દ્રિય પુરુષોના સંગનો પોતાની બુદ્ધિથી પૂરો વિચાર કરીને વિદ્વાન પુરુષ તેને દૂરથી જ ત્યાગી દે. જે પોતાના કુટુંબી, દરિદ્ર, દીન તથા રોગી પર અનુગ્રહ કરે છે, તે પુત્ર-પુત્રાદિ, પશુ-સંપત્તિ વગેરેથી સમૃદ્ધ થઈને અનંત મંગળોનો અનુભવ કરે છે. રાજેન્દ્ર! જે લોકો પોતાનાં હિતની કામના કરે છે, તેમણે પોતાના જ્ઞાતિ-ભાઈઓને ઉન્નતિને માર્ગે દોરવા જોઈએ. તેથી તમે સારી પેઠે પોતાના કુળની વૃદ્ધિ કરો. રાજન્! જે પોતાના પરિવારજનોનો સત્કાર કરે છે, તેનું કલ્યાણ થાય છે. ભરતશ્રેષ્ઠ! પોતાના પરિવારના લોકો ગુણહીન હોય, છતાં તેમની રક્ષા કરવી જોઈએ. પછી તમારી કૃપાના અભિલાષી અને ગુણવાન છે તેમની તો વાત જ શી કરવી? રાજન્! તમે સમર્થ છો, વીર પાંડવો પર કૃપા

કરો અને તેમની જીવિકા માટે થોડાં ગામ આપી દો. નરેશ્વર! આમ કરવાથી તમને આ સંસારમાં યશ મળશે. તાત! તમે વૃદ્ધ છો, તેથી તમારે તમારા પુત્રો પર શાસન કરવું જોઈએ. ભરતશ્રેષ્ઠ! મારે પણ તમારા હિતની જ વાત કહેવી જોઈએ. તમે મને તમારો હિતૈષી સમજો. તાત! શુભચિંતકોએ પોતાના જ્ઞાતિજનો સાથે ક્લેશ ન કરવો જોઈએ; બલકે તેમની સાથે મળીને સુખનો ઉપભોગ કરવો જોઈએ. જ્ઞાતિભાઈઓ સાથે પરસ્પર ભોજન, વાતચીત અને પ્રેમ કરવો એ જ કર્તવ્ય છે; તેમની સાથે ક્યારેય વિરોધ ન કરવો જોઈએ. આ જગતમાં જ્ઞાતિભાઈ તારે પણ છે અને ડુબાડે પણ છે. તેમનામાં જે સદાચારી છે તેઓ તો તારે છે અને દુરાચારી ડુબાડે છે. રાજેન્દ્ર! તમે પાંડવો સાથે સદ્વ્યવહાર કરો. માનદ! તેમનાથી સુરક્ષિત થઈને તમે શત્રુઓના આક્રમણથી બચી જશો. ઝેરીલાં બાણ હાથમાં લીધેલા શિકારી પાસે પહોંચીને જેમ મૃગને કષ્ટ ભોગવવું પડે છે, તે જ પ્રમાણે જે જાતિબંધુ પોતાના ધનવાન બંધુ પાસે જઈને દુ:ખી થાય તો તેના પાપનો ભાગી તે ધનવાન બને છે. નરશ્રેષ્ઠ! તમે પાંડવોને અથવા પોતાના પુત્રોને 'મરાઈ ગયા' એવું સાંભળીને પછીથી સંતાપ કરશો; તેથી આ વાતનો પહેલાં જ વિચાર કરી લો. (કારણ કે આ જીવનનો કોઈ ભરોસો નથી.) જે કર્મ કરવાથી છેવટે ખાટલા પર બેસીને પસ્તાવું પડે, તે કર્મ પહેલાંથી જ ન કરવું જોઈએ. શુક્રાચાર્ય સિવાય બીજો કોઈ મનુષ્ય એવો નથી જે નીતિનું ઉલ્લંઘન કરતો નથી, તેથી જે વીતી ગયું તે તો ગયું, હવે બાકીના કર્તવ્યનો વિચાર તમારા જેવા બુદ્ધિમાન પુરુષો પર નિર્ભર છે. નરેશ્વર! દુર્યોધને જો પ્રથમ પાંડવોનો અપરાધ કર્યો છે, તો તમે આ કુળમાં વડીલ-વૃદ્ધ છો, તમારા દ્વારા તેની શુદ્ધિ થઈ જવી જોઈએ. નરશ્રેષ્ઠ! જો તમે પાંડવોને રાજ્યપદ પર સ્થાપિત કરી દેશો તો સંસારમાં તમારું કલંક ધોવાઈ જશે અને તમે બુદ્ધિમાન પુરુષોનાં આદરને પાત્ર થઈ જશો. જે ધીર પુરુષોના વચનોના પરિણામ પર વિચાર કરીને તેમને કાર્યરૂપમાં પરિણિત કરે છે, તે ચિરકાળ સુધી યશસ્વી બને છે. કુશળ વિદ્વાનો દ્વારા પણ ઉપદેશાયેલું જ્ઞાન પણ વ્યર્થ જ છે, જો તેનાથી કર્તવ્યનું જ્ઞાન ન થયું અથવા જ્ઞાન થવા છતાં તેનો અમલ ન થયો. જે વિદ્વાન પાપરૂપી ફળ આપનારાં કર્મોનો આરંભ કરતો નથી તે અભ્યુદયને પામે છે. પરંતુ જે પૂર્વમાં કરેલાં પાપોનો વિચાર ન કરીને તેમનું જ અનુસરણ કરે છે, તે બુદ્ધિહીન મનુષ્ય અગાધ કીચડથી ભરેલા નરકમાં જાય છે. બુદ્ધિમાન મનુષ્યે મંત્રભેદનાં આ છ દ્વારોને જાણી લેવાં અને ધનને સુરક્ષિત રાખવાની ઇચ્છાથી તેને સદા બંધ રાખવું – નશાનું સેવન, નિદ્રા, જરૂરી વાતોની જાણકારી ન રાખવી, પોતાની આંખો, મુખ વગેરેના વિકારો, દુષ્ટ મંત્રીઓ પર વિશ્વાસ અને મૂર્ખ દૂત ઉપર ભરોસો રાખવો. રાજન્! જે આ દ્વારોને જાણીને સદા તેમને બંધ રાખે છે, તે અર્થ, ધર્મ અને કામનું સેવન કરીને શત્રુઓને પણ વશમાં કરી લે છે. બૃહસ્પતિ જેવો મનુષ્ય પણ શાસ્ત્રજ્ઞાન અથવા વૃદ્ધોની સેવા કર્યા વિના ધર્મ અને અર્થનું જ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી. સમુદ્રમાં પડેલી વસ્તુ નષ્ટ થઈ જાય છે, જે સાંભળતો નથી તેને કહેલી વાત નષ્ટ થઈ જાય છે, અજિતેન્દ્રિય પુરુષનું શાસ્ત્રજ્ઞાન અને રાખોડીમાં કરેલો હવન પણ નષ્ટ જ છે. બુદ્ધિમાન પુરુષે બુદ્ધિથી ચકાસીને પોતાના અનુભવથી વારંવાર તેમની યોગ્યતાનો

નિશ્ચય કરવો, પછી બીજાઓ પાસેથી સાંભળીને અને સ્વયં જોઈને સારી પેઠે વિચાર કરીને વિદ્વાનો સાથે મિત્રતા કરવી. વિનયભાવ અપયશનો નાશ કરે છે, પરાક્રમ અનર્થને દૂર કરે છે, ક્ષમા હંમેશાં ક્રોધનો નાશ કરે છે અને સદાચારથી કુલક્ષણો (બૂરી આદતો) નાશ પામે છે. રાજન્! નાના પ્રકારની ભોગ-સામગ્રી, માતા, ઘર, સ્વાગત-સત્કારની રીતભાત અને ભોજન તથા વસ્ત્ર પરથી કુળની પરીક્ષા કરવી. દેહાભિમાનરહિત પુરુષ પાસે પણ જો ન્યાયયુક્ત પદાર્થ સ્વતઃ ઉપસ્થિત થાય તો તે તેનો વિરોધ કરતો નથી, પછી કામાસક્ત મનુષ્યના માટે તો કહેવું જ શું? વિદ્વાનોની સેવામાં રહેનાર, વૈદ્ય, ધાર્મિક, દેખાવે સુંદર, મિત્રોથી યુક્ત તથા મીઠાબોલો હોય, એવા સુહૃદની સદા રક્ષા કરવી જોઈએ. અધમ કુળમાં ઉત્પન્ન થયો હોય અથવા ઉત્તમ કુળમાં – જે મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી, ધર્મની અપેક્ષા રાખે છે, કોમળ સ્વભાવનો તથા લજ્જાશીલ છે તે સેંકડો કુળવાનોથી ચઢિયાતો છે. જે બે મનુષ્યોનાં ચિત્તથી ચિત્ત, ગુપ્તમાં ગુપ્ત રહસ્ય અને બુદ્ધિથી બુદ્ધિ મળી જાય છે, તેમની મિત્રતા ક્યારેય નષ્ટ થતી નથી. મેધાવી પુરુષે દુર્બુદ્ધિ અને વિચાર-શક્તિહીન પુરુષનો ઘાસથી ઢાંકેલા કૂવાની જેમ ત્યાગ કરવો જોઈએ; કેમ કે તેની સાથે કરવામાં આવેલી મિત્રતા નષ્ટ થઈ જાય છે. વિદ્વાન પુરુષે અભિમાની, મૂર્ખ, ક્રોધી, સાહસિક અને અધાર્મિક પુરુષ સાથે મિત્રતા ન કરવી. મિત્ર તો એવો હોવો જોઈએ જે કૃતજ્ઞ, ધાર્મિક, સત્યવાદી, ઉદાર, દૃઢ અનુરાગી, જિતેન્દ્રિય, મર્યાદામાં રહેનાર તથા મિત્રતાનો ત્યાગ ન કરતો હોય. ઇન્દ્રિયોને બધી રીતે રોકવી એ તો મૃત્યુ કરતાં પણ વધુ અઘરું છે અને તેમને તદ્દન ભટકતી મૂકી દેવાથી દેવતાઓનો પણ નાશ થઈ જાય છે. સઘળાં પ્રાણીઓ પર દયા, ગુણોમાં દોષદૃષ્ટિ ન કરવી, ક્ષમા, ધૈર્ય અને મિત્રોનું અપમાન ન કરવું – આ બધા ગુણો આયુષ્ય વધારનારા છે – એમ વિદ્વાનો કહે છે. જે અન્યાયથી નષ્ટ થયેલી સંપત્તિને દૃઢબુદ્ધિથી, સારી નીતિથી પુનઃ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે છે, તે વીર પુરુષ જેવું આચરણ કરનાર છે. જે આગંતુક દુઃખને રોકવાનો ઉપાય જાણે છે, વર્તમાન કર્તવ્યનું દૃઢતાથી પાલન કરનારો છે અને અતીતનાં જે કર્તવ્ય શેષ છે, તેને પણ જાણે છે તે મનુષ્ય અર્થસિદ્ધિને પ્રાપ્ત કરે છે. મનુષ્ય મન, વાણી અને કર્મથી જેનું સેવન કરે છે તે કાર્ય તે પુરુષને પોતાના તરફ ખેંચી લે છે. તેથી હંમેશાં કલ્યાણકારી કાર્યો જ કરવાં જોઈએ. માંગલિક પદાર્થોનો સ્પર્શ, ચિત્તવૃત્તિઓનો નિરોધ, શાસ્ત્રાભ્યાસ, ઉદ્યોગશીલતા, સરળતા અને સત્પુરુષોનાં વારંવાર દર્શન – આ બધું કલ્યાણકારી છે. ઉદ્યોગમાં પ્રવૃત્ત રહેવું એ ધન, લાભ અને કલ્યાણનું મૂળ છે. તેથી ઉદ્યોગ ન છોડનાર મનુષ્ય મહાન થઈ જાય છે અને અનંત સુખનો ઉપભોગ કરે છે. તાત! સમર્થ પુરુષ માટે બધી જગાએ અને હરકાળે ક્ષમા જેવો હિતકર અને અત્યંત શ્રીસંપન્ન બનાવનાર બીજો કોઈ ઉપાય નથી. જે શક્તિહીન છે, તે તો બધાને ક્ષમા કરે જ; પરંતુ જે શક્તિશાળી છે તે પણ ધર્મ વિચારીને ક્ષમા કરે. તથા જેની દૃષ્ટિમાં અર્થ અને અનર્થ બંને સમાન છે તેના માટે તો ક્ષમા હંમેશાં હિતકર હોય છે. જે સુખનું સેવન કરતા રહેવાથી પણ મનુષ્ય ધર્મ અને અર્થથી ભ્રષ્ટ થતો નથી, તેનું ઇચ્છા પ્રમાણે સેવન કરે; પરંતુ તે સુખમાં આસક્ત ન થાય. જે દુઃખથી દુભાયેલો, પ્રમાદી, નાસ્તિક, આળસુ,

અજિતેન્દ્રિય અને ઉત્સાહરહિત છે, તેમને ત્યાં લક્ષ્મીનો વાસ થતો નથી. દુષ્ટબુદ્ધિવાળા લોકો સરળતાથી યુક્ત અને સરળતાને જ કારણે લજ્જાશીલ મનુષ્યને કમજોર માનીને તેનું અપમાન કરે છે. અત્યંત શ્રેષ્ઠ, અતિશય દાની, અત્યંત શૂરવીર, અધિક વ્રત-નિયમોનું પાલન કરનાર અને બુદ્ધિના ઘમંડમાં ચકચૂર રહેનારા મનુષ્યની પાસે લક્ષ્મી ભયને કારણે આવતી નથી. રાજ્યલક્ષ્મી ન તો અતિ ગુણવાન પાસે રહે છે અને ન બહુ ગુણહીનની પાસે. એ ન તો બહુ ગુણોને ચાહે છે કે ન ગુણહીન પ્રત્યે તેનો અનુરાગ પણ છે. ઉન્મત્ત ગાયની જેમ તે આંધળી લક્ષ્મી ક્યાંક જ રોકાય છે. વેદોનું ફળ છે અગ્નિહોત્ર, શાસ્ત્રાધ્યયનનું ફળ છે સુશીલતા અને સદાચાર, સ્ત્રીનું ફળ છે રતિ-સુખ તથા પુત્રની પ્રાપ્તિ તથા ધનનું ફળ છે દાન અને ઉપભોગ. જે અધર્મ દ્વારા કમાયેલા ધનથી પરલોક સુધારનારાં યજ્ઞાદિ કર્મો કરે છે, તેને મૃત્યુ પછી તે ફળ મળતું નથી; કેમકે તેનું ધન અયોગ્ય માર્ગેથી આવેલું હોય છે. ઘોર જંગલમાં, દુર્ગમ માર્ગમાં, અતિ સંકટના સમયે, ગભરામણમાં અને પ્રહાર કરવા માટે હથિયાર ઉગામેલું હોવાની સ્થિતિમાં પણ મનોબળ ધરાવતા પુરુષને ભય હોતો નથી. ઉદ્યોગ, સંયમ, દક્ષતા, સાવધાની, ધૈર્ય, સ્મૃતિ અને સમજી-વિચારીને કાર્યનો આરંભ કરવો – આ ઉન્નતિના માર્ગનો મૂળમંત્ર છે. તપસ્વીઓનું બળ તપ છે, વેદવેત્તાઓનું બળ વેદ છે, અસાધુઓનું બળ છે હિંસા અને ગુણવાનોનું બળ છે ક્ષમા. જળ, મૂળ, ફળ, દૂધ, ઘી, બ્રાહ્મણની ઇચ્છાપૂર્તિ, ગુરુનું વચન અને ઔષધ – આ આઠથી વ્રતભંગ થતો નથી. જે આપણને પ્રતિકૂળ લાગે તે બીજા પ્રત્યે પણ ન કરવું. ટૂંકમાં ધર્મનું આ સ્વરૂપ છે. આથી વિપરીત, જેમાં કામનાને કારણે પ્રવૃત્તિ થાય છે તે અધર્મ છે. અક્રોધથી ક્રોધને જીતવો, અસાધુને સદ્વ્યવહારથી વશ કરવો, કૃપણને દાનથી જીતવો અને અસત્ય પર સત્યથી વિજય મેળવવો. સ્ત્રી, ધૂતારો, આળસુ, બીકણ, ક્રોધી, અભિમાની, ચોર, કૃતઘ્ન અને નાસ્તિકનો વિશ્વાસ ન કરવો. જે નિત્ય ગુરુજનોને પ્રણામ કરે છે અને વૃદ્ધોની સેવા કરતો રહે છે, તેની કીર્તિ, આયુ, યશ અને બળ – આ ચારે વધે છે. જે ધન બહુ કષ્ટપૂર્વક, ધર્મનું ઉલ્લંઘન કરવાથી અથવા શત્રુની શરણાગતિથી પ્રાપ્ત થયું હોય, તેમાં આસક્તિ રાખવી નહિ. વિદ્યાહીન પુરુષ, સંતાનની ઉત્પત્તિ સિવાયનો સ્ત્રીસંગ, આહાર ન મેળવનાર પ્રજા અને રાજા વિનાના રાજ્ય માટે શોક કરવો જોઈએ. પગપાળા લાંબો રસ્તો કાપવો એ દેહધારીઓ માટે દુઃખરૂપ બુઢાપો છે, સતત પાણી વહેવું એ પર્વતોનો બુઢાપો છે. સંભોગથી વંચિત રહેવું એ સ્ત્રીઓનો બુઢાપો છે અને વાગ્બાણોનો પ્રહાર એ મનનો બુઢાપો છે. અભ્યાસ ન કરવો એ વેદોનો મળ છે, બ્રાહ્મણોચિત નિયમોનું પાલન ન કરવું એ બ્રાહ્મણનો મળ છે, બાહ્લીક દેશ (અફગાનિસ્તાન પાસે બલખ) પૃથ્વીનો મળ છે તથા અસત્ય બોલવું એ મનુષ્યનો મળ છે. ક્રીડા તથા હાસ-પરિહાસમાં ઉત્સુકતા સ્ત્રીનો મળ છે અને પતિ વિના પરદેશમાં રહેવું એ સ્ત્રીમાત્રનો મળ છે. સોનાનો મળ છે ચાંદી, ચાંદીનો મળ છે કલાઈ, કલઈનો મળ છે સીસુ અને સીસાનો મળ છે મળ. સૂઈને નિદ્રાને જીતવાનો પ્રયત્ન ન કરવો. કામોપભોગ દ્વારા સ્ત્રીને જીતવાની ઇચ્છા ન કરવી. લાકડાં નાખીને અગ્નિને જીતવાનો પ્રયત્ન ન કરવો અને વધારે પીને મદિરા

પીવાની આદતને જીતવાનો પ્રયાસ ન કરવો. જેનો મિત્ર ધન-દાન દ્વારા વશ થઈ ગયો છે, શત્રુને યુદ્ધમાં જીતી લીધા છે અને સ્ત્રીઓ ખાણી-પીણી દ્વારા વશમાં થઈ ગઈ છે તેનું જીવન સફળ છે. જેની પાસે હજાર છે તે પણ જીવે છે તથા જેની પાસે સો છે તે પણ જીવે છે, તેથી મહારાજ ધૃતરાષ્ટ્ર! તમે અધિકનો લોભ છોડી દો, તેનાથી પણ કોઈ પ્રકારે જીવન તો રહેવાનું જ છે. આ પૃથ્વી પર જેટલું અનાજ, સોનું, પશુ અને સ્ત્રીઓ છે તે બધું જ એક પુરુષની તૃષ્ણાને શાંત કરવા માટે પણ પર્યાપ્ત નથી – આવું વિચારનાર મનુષ્ય મોહમાં પડતો નથી. રાજન્! હું ફરી કહું છું, જો તમારો તમારા પુત્રો પર અને પાંડવો પર સમભાવ હોય તો તે બધા પુત્રો સાથે એક સરખો વ્યવહાર કરો. ॥ ૧૦-૮૫ ॥

—★—

(વિદુરનીતિ)
(આઠમો અધ્યાય)

વિદુરજી કહે છે – જે સજ્જન પુરુષોથી આદર પામીને આસક્તિરહિત થઈ પોતાની શક્તિ અનુસાર અર્થ-સાધન કરતો રહે છે તે શ્રેષ્ઠ પુરુષને તરત જ સુયશની પ્રાપ્તિ થાય છે; કેમકે સંતો જેના પર પ્રસન્ન થાય છે તે સદા સુખી રહે છે. જે અધર્મ દ્વારા મેળવેલા અઢળક ધનનો પણ તેના પ્રતિ આકર્ષાયા વિના ત્યાગ કરી દે છે, તે જેમ સાપ પોતાની જૂની કાંચળીનો ત્યાગ કરે છે તે જ પ્રકારે, દુઃખોથી મુક્ત થઈને સુખેથી સૂએ છે. ખોટું બોલીને ઉન્નતિ કરવી, રાજા ને સુધ્ધાં ચુગલી કરવી, ગુરુ સુધ્ધાંને પણ મિથ્યા આગ્રહ કરવો – આ ત્રણ કાર્યો બ્રહ્મહત્યા સમાન છે. ગુણોમાં દોષ જોવા મૃત્યુ સમાન છે, કઠોર બોલવું અને નિંદા કરવી તે લક્ષ્મીનો વધ છે. સાંભળવાની ઈચ્છાનો અભાવ અથવા સેવાનો અભાવ, ઉતાવળિયાપણું અને આત્મપ્રશંસા – આ ત્રણ વિદ્યાના શત્રુ છે. આળસ, મદ, મોહ, ચંચળતા, મંત્રણા, ઉદંડતા, અભિમાન અને લોભ – આ સાત વિદ્યાર્થીઓ માટે દોષ માનવામાં આવ્યા છે. સુખ ચાહનારને વિદ્યા ક્યાંથી મળે? વિદ્યાર્થીએ સુખની ઈચ્છા ન કરવી. સુખની ઈચ્છા હોય તો વિદ્યાભ્યાસ છોડવો અને વિદ્યાની ઈચ્છા હોય તો સુખ છોડવું. લાકડાથી અગ્નિ, નદીઓથી સમુદ્ર, સઘળાં પ્રાણીઓથી મૃત્યુ અને પુરુષોથી કુલટા સ્ત્રી ક્યારેય તૃપ્ત થતી નથી. આશા ધૈર્યનો, યમરાજ સમૃદ્ધિનો, ક્રોધ લક્ષ્મીનો, કૃપણતા યશનો અને સાર-સંભાળનો અભાવ પશુઓનો નાશ કરી નાખે છે. એક જ બ્રાહ્મણનો ક્રોધ સંપૂર્ણ રાષ્ટ્રનો નાશ કરી નાખે છે. બકરીઓ, કાંસાનું પાત્ર, ચાંદી, મધ, અર્ક ખેંચવાનું યંત્ર, પક્ષી, વેદવેત્તા બ્રાહ્મણ, વૃદ્ધ કુટુંબી અને વિપત્તિગ્રસ્ત કુલીન પુરુષ – આ બધા તમારા ઘરમાં હંમેશાં નિવાસ કરે. ભારત! મનુ મહારાજે કહ્યું છે કે દેવતાઓ, બ્રાહ્મણ તથા અતિથિઓની પૂજા માટે બકરી, બળદ, ચંદન, વીણા, તર્પણ, મધ, ઘી, લોઢું, તાંબાનાં વાસણ, શંખ, શાલિગ્રામ અને ગોરોચન – આ બધી વસ્તુઓ ઘરમાં રાખવી જોઈએ. તાત! હવે હું તમને અત્યંત મહત્ત્વપૂર્ણ અને સર્વોપરી પુણ્યકારી વાત જણાવું છું – કામનાથી, ભયથી, લોભથી તથા આ જીવન માટે પણ ક્યારેય ધર્મનો ત્યાગ

કરવો નહિ. ધર્મ નિત્ય છે, પરંતુ સુખ-દુઃખ અનિત્ય છે; જીવ નિત્ય છે, પરંતુ તેનું કારણ (અવિદ્યા) અનિત્ય છે. તમે અનિત્યને છોડીને નિત્યમાં સ્થિત થાઓ અને સંતોષને અપનાવો, કેમકે સંતોષ જ સર્વોપરી લાભ છે. ધન-ધાન્યાદિથી પરિપૂર્ણ પૃથ્વીનું શાસન કરીને અંતે સમસ્ત રાજ્ય અને વિપુલ ભોગોને અહીં જ મૂકીને યમરાજાના વશમાં ગયેલા મોટા-મોટા બળવાન અને મહાનુભાવ રાજાઓ તરફ નજર નાખો. રાજન્! જેને અત્યંત કષ્ટ સહીને ઉછેર્યો હોય તે પુત્ર જ્યારે મરી જાય છે ત્યારે લોકો તેને ઉઠાવીને તરત ઘરની બહાર લઈ જાય છે. પ્રથમ તો તેના માટે તેઓ વાળ વિખેરી નાખીને કરુણ સ્વરમાં રુદન કરે છે, પછી સાધારણ લાકડાની જેમ તેને બળતી ચિતામાં નાખી દે છે. મરી ગયેલા મનુષ્યનું ધન બીજા લોકો ભોગવે છે, તેના શરીરને પક્ષીઓ ખાય છે અથવા અગ્નિ બાળી નાખે છે. આ મનુષ્ય પુણ્ય-પાપથી બંધાઈને, તે બેયની (પાપ-પુણ્ય) સાથે પરલોકમાં જાય છે. તાત! ફળ-ફૂલ વિનાના વૃક્ષને જેમ પક્ષીઓ છોડી દે છે, તે જ પ્રમાણે મૃતકને તેના જ્ઞાતિજનો, સુહૃદો અને પુત્રો ચિતામાં મૂકીને ચાલ્યા આવે છે. અગ્નિમાં નાખી દીધેલા તે પુરુષ પાછળ તો માત્ર તેનાં પોતાનાં કરેલાં સારાં-ખોટાં કર્મો જ જાય છે. તેથી પુરુષે ધીરે ધીરે પ્રયત્નપૂર્વક ધર્મનો જ સંગ્રહ કરવો જોઈએ. આ લોક અને પરલોકથી ઉપર અને નીચે સુધી સર્વત્ર અજ્ઞાનરૂપી મહાન અંધકાર ફેલાયેલો છે, તે ઇન્દ્રિયોને મોહિત કરનારો છે. રાજન્! તમે એને જાણી લો, જેથી એ તમારો સ્પર્શ ન કરી શકે. મારી આ વાતને સાંભળીને જો તમે બરાબર સમજી લેશો તો આ મનુષ્યલોકમાં તમને મહાન યશ પ્રાપ્ત થશે તથા આ લોક અને પરલોકમાં આપના માટે ભય રહેશે નહિ. ભારત! આ જીવાત્મા એક નદી છે. તેમાં પુણ્ય જ તીર્થ છે, સત્યસ્વરૂપ પરમાત્માથી તેનો ઉદ્ગમ થયો છે, ધૈર્ય તેના કિનારા છે, તેમાં દયાની લહેરો ઊઠે છે. પુણ્યકર્મ કરનાર મનુષ્ય એમાં સ્નાન કરીને પવિત્ર થાય છે; કેમકે લોભરહિત આત્મા સદા પવિત્ર જ છે. કામ-ક્રોધાદિરૂપી ગ્રાહથી ભરેલી, પાંચ ઇન્દ્રિયોરૂપી જળથી પૂર્ણ આ સંસાર નદી જન્મ-મરણરૂપી દુર્ગમ પ્રવાહને ધૈર્યની નૌકા બનાવીને પાર કરો. જે બુદ્ધિ, ધર્મ, વિદ્યા અને અવસ્થામાં મોટા પોતાના બંધુને આદર-સત્કારથી પ્રસન્ન કરીને તેનાથી કર્તવ્ય-અકર્તવ્યના વિષયમાં પ્રશ્ન કરે છે, તે ક્યારેય મોહમાં પડતો નથી. શિશ્ન અને ઉદરની ધૈર્યપૂર્વક રક્ષા કરવી, અર્થાત્ કામના વેગને અને ભૂખની જ્વાળાને ધીરજથી સહી લેવી. આ જ પ્રમાણે હાથ-પગની નેત્રથી, નેત્ર અને કાનની મનથી તથા મન અને વાણીની સત્કર્મથી રક્ષા કરવી. જે પ્રતિદિન જળથી સ્નાન-સંધ્યા-તર્પણ વગેરે કરે છે, નિત્ય યજ્ઞોપવીત ધારણ કરી રાખે છે, નિત્ય સ્વાધ્યાય કરે છે, પતિતોના અન્નનો ત્યાગ કરે છે, સત્ય બોલે છે અને ગુરુની સેવા કરે છે તે બ્રાહ્મણ ક્યારેય બ્રહ્મલોકથી ભ્રષ્ટ થતો નથી. વેદોનો અભ્યાસ કરીને, અગ્નિહોત્ર માટે અગ્નિની ચારે બાજુ દર્ભ બિછાવીને નાના પ્રકારના યજ્ઞો દ્વારા યજન અને પ્રજાજનોનું પાલન કરીને ગાયો અને બ્રાહ્મણોના હિત માટે યુદ્ધમાં મૃત્યુને પ્રાપ્ત થયેલો ક્ષત્રિય શસ્ત્રથી અંતઃકરણ પવિત્ર થઈ જવાને કારણે ઊર્ધ્વલોકમાં જાય છે. વૈશ્ય જો વેદ-શાસ્ત્રોનું અધ્યયન કરીને બ્રાહ્મણ, ક્ષત્રિય તથા આશ્રિતોને સમય-સમય પર ધન આપીને તેમની સહાયતા કરે અને યજ્ઞો દ્વારા ત્રણે

અગ્નિઓના પવિત્ર ધુમાડાની સુગંધ લેતો રહે તો તે મૃત્યુ પછી સ્વર્ગલોકમાં દિવ્ય ભોગો ભોગવે છે. શૂદ્ર જો બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યની ક્રમથી ન્યાયપૂર્વક સેવા કરીને એમને સંતુષ્ટ કરે છે તો તે વ્યથારહિત થઈને, પાપોથી મુક્ત થઈને દેહત્યાગ પછી સ્વર્ગનાં સુખોને ભોગવે છે. મહારાજ! તમને મેં આ ચારે વર્ણોનો ધર્મ કહ્યો છે; તે કહેવાનું કારણ પણ સાંભળો. તમારા કારણે પાંડુનંદન યુધિષ્ઠિર ક્ષત્રિય ધર્મથી ચ્યુત થઈ રહ્યા છે, તેથી તમે તેમને પુનઃ રાજધર્મમાં નિયુક્ત કરો. ॥ ૧-૨૯ ॥

ધૃતરાષ્ટ્રે કહ્યું – તમે દરરોજ મને જે રીતે ઉપદેશ આપતા રહો છો, તે તદ્દન બરાબર છે. સૌમ્ય! તમે મને જે કાંઈ કહો છો, એવો જ મારો પણ વિચાર છે. જોકે હું પાંડવો માટે સદા આવી જ બુદ્ધિ રાખું છું, તેમ છતાં દુર્યોધનને મળ્યા પછી પુનઃ બુદ્ધિ પલટાઈ જાય છે. પ્રારબ્ધનું ઉલ્લંઘન કરવાની શક્તિ કોઈ પણ પ્રાણીમાં નથી. હું તો પ્રારબ્ધને જ અચળ માનું છું, તેની આગળ પુરુષાર્થ તો વ્યર્થ છે. ॥ ૩૦-૩૨ ॥

—★—

સનત્સુજાત ઋષિનું આગમન
(સનત્સુજાતીય – પહેલો અધ્યાય)

ધૃતરાષ્ટ્ર બોલ્યા – વિદુર! જો તમારી વાણીથી વધારે કશું કહેવાનું બાકી રહી ગયું હોય તો કહો; મને તે સાંભળવાની બહુ ઇચ્છા છે. કેમકે તમારા કહેવાની શૈલિ બહુ અદ્ભુત છે. ॥ ૧ ॥

વિદુરે કહ્યું – ભરતવંશી ધૃતરાષ્ટ્ર! 'સનત્સુજાત' નામે વિખ્યાત જે બ્રહ્માજીના પુત્ર પરમ પ્રાચીન સનાતન ઋષિ છે, તેમણે એક વાર કહ્યું હતું – 'મૃત્યુ છે જ નહિ. મહારાજ! તેઓ સઘળા બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ છે, તેઓ જ તમારા હૃદયમાં સ્થિત વ્યક્ત અને અવ્યક્ત – બધા પ્રકારના પ્રશ્નોના ઉત્તર આપશે. ॥ ૨-૩ ॥

ધૃતરાષ્ટ્રે કહ્યું – વિદુર! શું તમે તે તત્ત્વને જાણતા નથી, જેને હવે ફરીથી સનાતન ઋષિ મને કહેશે? જો તમારી બુદ્ધિ કામ કરતી હોય તો તમે જ મને ઉપદેશ કરો. ॥ ૪ ॥

વિદુર બોલ્યા – રાજન્! મારો જન્મ શૂદ્ર સ્ત્રીના ગર્ભથી થયો છે, તેથી આ સિવાય બીજો કોઈ ઉપદેશ આપવાનો મારો અધિકાર નથી. પરંતુ કુમાર સનત્સુજાતની બુદ્ધિ સનાતન બ્રહ્મ-વિષયક છે, હું તેને જાણું છું. બ્રાહ્મણ યોનિમાં જેનો જન્મ થયો છે તે જો ગોપનીય તત્ત્વનું પણ પ્રતિપાદન કરી દે તો પણ દેવતાઓની નિંદાનો પાત્ર બનતો નથી. આ જ કારણ છે કે હું સ્વયં ઉપદેશ ન કરતાં તમને સનત્સુજાતનું નામ જણાવું છું. ॥ ૫-૬ ॥

ધૃતરાષ્ટ્રે કહ્યું – વિદુર! તે પરમ પ્રાચીન સનાતન ઋષિનું સ્થાન મને જણાવો. ભલા, આ શરીરથી અહીં જ તેમનો સમાગમ કઈ રીતે થઈ શકે? ॥ ૭ ॥

વૈશમ્પાયનજી કહે છે – રાજન્! ત્યાર પછી વિદુરજીએ ઉત્તમ વ્રતવાળા સનાતન ઋષિનું સ્મરણ કર્યું. તેમણે પણ એવું જાણીને કે વિદુર મારું ચિંતન કરી રહ્યા છે તેથી તેમણે પ્રત્યક્ષ દર્શન આપ્યાં. ધૃતરાષ્ટ્રે પણ શાસ્ત્રોક્ત વિધિથી પાદ્ય, અર્ઘ્ય, મધુપર્ક વગેરે અર્પણ કરીને તેમનું સ્વાગત કર્યું. ત્યારપછી જ્યારે તેઓ

સુખપૂર્વક બેસીને વિશ્રામ કરવા લાગ્યા ત્યારે વિદુરે તેમને કહ્યું – 'ભગવન્! ધૃતરાષ્ટ્રના હૃદયમાં કાંઈક સંશય છે, જેનું સમાધાન મારા દ્વારા થાય એ ઉચિત નથી. તમે જ આ વિષયનું નિરૂપણ કરવાને યોગ્ય છો. જેને સાંભળીને આ રાજા ધૃતરાષ્ટ્ર બધાં દુઃખોથી પાર થઈ જાય અને લાભ-હાનિ, પ્રિય-અપ્રિય, જરા-મૃત્યુ, ભય-અમર્ષ, ભૂખ-તરસ, મદ–ઐશ્વર્ય, ચિંતા–આલસ્ય, કામ-ક્રોધ તથા ઉન્નતિ-અવનતિ – આ દ્વંદ્વો આમને કષ્ટ પહોંચાડી ન શકે. ॥ ૮-૧૨ ॥

—★—

સનત્સુજાતજી દ્વારા ધૃતરાષ્ટ્રના પ્રશ્નોના ઉત્તર
(સનત્સુજાતીય – બીજો અધ્યાય)

વૈશમ્પાયનજી કહે છે – ત્યારપછી બુદ્ધિમાન અને મહામના રાજા ધૃતરાષ્ટ્રે વિદુરજીના કહેલા તે વચનનું અનુમોદન કરીને પોતાની બુદ્ધિને પરમાત્માના વિષયમાં પરોવવા માટે એકાંતમાં સનત્સુજાત મુનિને પ્રશ્ન કર્યો. ॥ ૧ ॥

ધૃતરાષ્ટ્ર બોલ્યા – સનત્સુજાતજી! હું એવું સાંભળ્યા કરું છું કે 'મૃત્યુ છે જ નહિ' એવો તમારો સિદ્ધાંત છે. સાથે સાથે એ પણ સાંભળ્યું છે કે દેવતાઓ અને અસુરોએ મૃત્યુથી બચવા માટે બ્રહ્મચર્યનું પાલન કર્યું હતું. આ બંનેમાં કઈ વાત બરાબર છે? ॥ ૨ ॥

સનત્સુજાતે કહ્યું – રાજન્! તમે જે પ્રશ્ન કર્યો છે, તેમાં બે વાતો છે. મૃત્યુ છે અને તે કર્મથી દૂર થાય છે – આ એક વાત; અને 'મૃત્યુ છે જ નહિ' – આ બીજી વાત. પરંતુ વાસ્તવમાં આ વાત જેવી છે, તે હું તમને જણાવું છું; ધ્યાનથી સાંભળો અને મારા કથનમાં સંદેહ કરશો નહિ. ક્ષત્રિય! આ પ્રશ્નના ઉપર કહેલાં બંને પાસાંને સત્ય સમજો. કેટલાક વિદ્વાનોએ મોહવશ આ મૃત્યુની સત્તાનો સ્વીકાર કર્યો છે. પરંતુ મારું તો એ કહેવું છે કે પ્રમાદ જ મૃત્યુ છે અને અપ્રમાદ અમૃત છે. પ્રમાદના કારણે જ આસુરી સંપત્તિવાળા મનુષ્યો મૃત્યુથી પરાજિત થયા છે; અને અપ્રમાદથી જ દૈવી સંપત્તિવાળા મહાત્મા પુરુષો બ્રહ્મસ્વરૂપ થઈ જાય છે. એ નક્કી છે કે મૃત્યુ વાઘની જેમ પ્રાણીઓનું ભક્ષણ કરતું નથી, કેમકે તેનું કોઈ રૂપ જોવામાં આવતું નથી. કેટલાક લોકો મારા બતાવેલા પ્રમાદથી ભિન્ન 'યમ'ને મૃત્યુ કહે છે તથા હૃદયથી દૃઢતાપૂર્વક પાલન કરેલા બ્રહ્મચર્યને જ અમૃત કહે છે. યમદેવ પિતૃલોકમાં રાજ્યશાસન કરે છે. તેઓ પુણ્યાત્માઓ માટે સુખદ અને પાપાત્માઓ માટે ભયંકર છે. આ યમની આજ્ઞાથી જ ક્રોધ, પ્રમાદ અને લોભરૂપી મૃત્યુ મનુષ્યોનો વિનાશ કરવા પ્રવૃત્ત થાય છે. અહંકારને વશ થઈ વિપરીત માર્ગે ચાલતો રહીને કોઈ પણ મનુષ્ય આત્મસાક્ષાત્કાર કરી શકતો નથી. મનુષ્ય મોહવશ અહંકારને અધીન થઈને આ લોકમાંથી જઈને પુનઃ પુનઃ જન્મમરણના ચક્કરમાં પડે છે. મૃત્યુ પછી તેમનું મન, ઇન્દ્રિયો અને પ્રાણ પણ સાથે જાય છે. શરીરથી પ્રાણરૂપી ઇન્દ્રિયોનો વિયોગ થવાને કારણે મૃત્યુ 'મરણ' સંજ્ઞાને પ્રાપ્ત થાય છે. પ્રારબ્ધકર્મનો ઉદય થતાં કર્મફળમાં આસક્તિ રાખનારા લોકો સ્વર્ગાદિ લોકોમાં જાય છે; તેથી તેઓ મૃત્યુને પાર જઈ શકતા નથી. દેહાભિમાની જીવ પરમાત્મ સાક્ષાત્કારના ઉપાયને ન જાણવાને કારણે ભોગોની વાસનાથી બધી બાજુ નાના પ્રકારની યોનિઓમાં ભટકતો રહે

છે. આ પ્રમાણે જે વિષયો પ્રત્યેની આસક્તિ છે તે ઇન્દ્રિયોને અવશ્ય મહામોહમાં નાખે છે અને તે મિથ્યા વિષયોમાં આસક્ત મનુષ્યની એ તરફ પ્રવૃત્તિ થવી સ્વાભાવિક છે. મિથ્યા ભોગોમાં આસક્તિ થવાથી જેના અંતઃકરણની જ્ઞાનશક્તિ નષ્ટ થઈ ગઈ છે, તે બધી બાજુ વિષયોનું જ ચિંતન કરતો રહીને મનમાં જ તેનું આસ્વાદન કરે છે. પહેલાં તો વિષયોનું ચિંતન જ મનુષ્યને મારી નાખે છે, પછી તે કામ અને ક્રોધને સાથે લઈને ફરીથી તરત જ પ્રહાર કરે છે. આ પ્રમાણે આ વિષય-ચિંતન, કામ અને ક્રોધ જ વિવેકહીન મનુષ્યને મૃત્યુની નિકટ લઈ જાય છે. પરંતુ જેઓ સ્થિરબુદ્ધિવાળા મનુષ્યો છે, તેઓ ધૈર્યથી મૃત્યુને પાર થઈ જાય છે. તેથી જે મૃત્યુને જીતવાની ઇચ્છા રાખે છે, તેણે વિષયોના સ્વરૂપનો વિચાર કરીને તેમને તુચ્છ સમજીને કશું જ મહત્ત્વ ન આપીને તેમની કામનાઓને ઉત્પન્ન થતાં જ નષ્ટ કરી દેવી જોઈએ. આ પ્રમાણે જે વિદ્વાન પુરુષ વિષયોની ઇચ્છાને મિટાવી દે છે તેને (સાધારણ પ્રાણીઓના) મૃત્યુની જેમ મૃત્યુ મારતું નથી, અર્થાત્ તે જન્મ-મરણથી મુક્ત થઈ જાય છે. કામનાઓની પાછળ ચાલનાર મનુષ્ય કામનાઓની સાથે જ નષ્ટ થઈ જાય છે અને કામનાઓનો ત્યાગ કરી દેવાથી જે કાંઈ પણ દુઃખરૂપી રજોગુણ છે, તે બધાને તે નષ્ટ કરી નાખે છે. આ કામ જ બધાં પ્રાણીઓને મોહિત કરતો હોવાથી તમોગુણ અને અજ્ઞાનરૂપ છે તથા નરક જેવો દુઃખદાયી છે. જેમ નશામાં ચકચૂર માણસો ચાલતાં ચાલતાં ખાડા તરફ દોડી જાય છે, તે જ રીતે કામી માણસો ભોગોમાં સુખ માનીને તે તરફ દોડે છે. જેનાં ચિત્તની વૃત્તિઓ કામનાઓથી મોહિત થઈ નથી, તેવા જ્ઞાની પુરુષનું આ લોકમાં ઘાસથી બનાવેલા વાઘની જેમ મૃત્યુ શું બગાડી શકે છે? તેથી રાજન્! આ કામની સત્તાને નષ્ટ કરવાની ઇચ્છાથી બીજા કોઈ પણ વિષય-ભોગોને કશું જ મહત્ત્વ ન આપીને તેનું ચિંતન છોડી દેવું જોઈએ. રાજન્! આ જે તમારા શરીરની અંદર અંતરાત્મા છે, મોહના વશમાં થઈને એ જ ક્રોધ, લોભ અને મૃત્યુરૂપ થઈ જાય છે. આ પ્રમાણે મોહથી થનારા મૃત્યુને જાણીને જે જ્ઞાનનિષ્ઠ થઈ જાય છે, તે આ લોકમાં મૃત્યુથી ક્યારેય ડરતો નથી. તેની સામે આવીને મૃત્યુ એ રીતે નષ્ટ થઈ જાય છે, જેમ મૃત્યુના અધિકારમાં આવેલો મરણધર્મા મનુષ્ય. ॥ ૩-૧૬ ॥

ધૃતરાષ્ટ્ર બોલ્યા – દ્વિજાતિઓ માટે યજ્ઞો દ્વારા જે પવિત્રતમ, સનાતન અને શ્રેષ્ઠ લોકોની પ્રાપ્તિ બતાવાઈ છે, અહીં વેદ તેને જ પરમ પુરુષાર્થ કહે છે; આ વાતને જાણનારો વિદ્વાન ઉત્તમ કર્મનો જ આશ્રય કેમ ન લે? ॥ ૧૭ ॥

સનત્સુજાતે કહ્યું – રાજન્! અજ્ઞાની પુરુષ જ આ પ્રમાણે ભિન્ન ભિન્ન લોકોમાં જાય છે તથા વેદો કર્મનાં અનેક પ્રયોજનો પણ જણાવે છે. પરંતુ જે નિષ્કામ પુરુષ છે, એ જ્ઞાનમાર્ગ દ્વારા અન્ય બધા માર્ગોનો બોધ કરીને પરમાત્મસ્વરૂપ થઈને જ પરમાત્માને પ્રાપ્ત થાય છે. ॥ ૧૮ ॥

ધૃતરાષ્ટ્ર બોલ્યા – જો તે પરમાત્મા જ ક્રમશઃ આ સંપૂર્ણ જગતરૂપે પ્રગટ થાય છે, તો તે અજન્મા અને પુરાતન પુરુષ પર કોણ શાસન કરે છે? અથવા તેને આ રૂપમાં આવવાની શી જરૂર છે અને તેમાં તેને કયું સુખ મળે છે – આ બધું મને સ્પષ્ટરૂપે જણાવો. ॥ ૧૯ ॥

સનત્સુજાતે કહ્યું – તમારા પ્રશ્નમાં જે

અનેક વિકલ્પો જોવા મળે છે તેમના અનુસાર ભેદની પ્રાપ્તિ થાય છે અને તેનો સ્વીકાર કરી લેવાથી મહાન દોષ લાગે છે; કેમકે અનાદિ માયાના સંબંધથી જીવોનો નિત્ય પ્રવાહ ચાલતો રહે છે – એવું માનવાથી આ પરમાત્માની મહત્તા નષ્ટ નથી થતી અને તેની માયાના સંબંધથી જીવો પણ વારંવાર જન્મતા રહે છે. આ જે દૃશ્યમાન જગત છે તે પરમાત્માનું સ્વરૂપ છે અને પરમાત્મા નિત્ય છે. તે પરમાત્મા વિકાર અર્થાત્ માયાના યોગથી આ વિશ્વને ઉત્પન્ન કરે છે, તથા માયા તે પરમાત્માની શક્તિ છે – એવું માનવામાં આવે છે; અને આવા અર્થના પ્રતિપાદનમાં વેદો પ્રમાણ છે. ॥ ૨૦-૨૧ ॥

ધૃતરાષ્ટ્ર બોલ્યા – આ જગતમાં કેટલાક લોકો એવા છે જે ધર્મનું આચરણ કરતા નથી તથા કેટલાક લોકો તેનું આચરણ કરે છે. તેથી હું પૂછું છું કે ધર્મ પાપ દ્વારા નષ્ટ થાય છે કે ધર્મ જ પાપને નષ્ટ કરી નાખે છે? ॥ ૨૨ ॥

સનત્સુજાત બોલ્યા – રાજન્! ધર્મ અને પાપ બંનેનાં બે પ્રકારનાં ફળ હોય છે અને તે બંનેનોય ઉપભોગ કરવો પડે છે. પરમાત્મામાં સ્થિત થયેલા વિદ્વાન પુરુષો તે નિત્ય વસ્તુના જ્ઞાન દ્વારા પોતાનાં અગાઉ કરેલાં પાપ અને પુણ્ય બંનેનો સદાને માટે નાશ કરી નાખે છે. જો આવી સ્થિતિ ન થઈ તો દેહાભિમાની મનુષ્ય ક્યારેક પુણ્યફળને પ્રાપ્ત કરે છે અને ક્યારેક ક્રમશઃ પ્રાપ્ત થયેલાં પૂર્વોપાર્જિત પાપનાં ફળનો અનુભવ કરે છે. આ પ્રમાણે પુણ્ય અને પાપનાં જે સ્વર્ગ-નરકરૂપી બે અસ્થિર ફળ છે, તેમનો ભોગ કરીને તે આ સંસારમાં જન્મ લઈને ફરીથી તદ્નુસાર કર્મોમાં લાગી જાય છે. પરંતુ કર્મોના તત્ત્વને જાણવાવાળો નિષ્કામ પુરુષ ધર્મરૂપી કર્મ દ્વારા પોતાનાં પૂર્વ પાપોનો અહીં જ નાશ કરી દે છે. આ પ્રમાણે ધર્મ જ અત્યંત બળવાન છે; તેથી ધર્મનું આચરણ કરનારને સમયાનુસાર સિદ્ધિ અવશ્ય પ્રાપ્ત થાય છે. ॥ ૨૩-૨૫ ॥

ધૃતરાષ્ટ્ર બોલ્યા – વિદ્વાન્! પુણ્યકર્મ કરનારા દ્વિજાતિઓને પોતપોતાનાં ધર્મનાં ફળસ્વરૂપ જે સનાતન લોકોની પ્રાપ્તિ બતાવવામાં આવી છે, તેમનો ક્રમ જણાવો; તથા તેનાથી ભિન્ન જે અત્યંત ઉત્કૃષ્ટ મોક્ષસુખ છે, તેનું પણ નિરૂપણ કરો. હવે હું સકામ કર્મની વાત જાણવા ઈચ્છતો નથી. ॥ ૨૬ ॥

સનત્સુજાતે કહ્યું – જેમ બળવાન પહેલવાનોમાં પોતાનું બળ વધારવા માટે એક-બીજા સાથે હરીફાઈ કરે છે, તે જ પ્રમાણે જેઓ નિષ્કામભાવે યમ-નિયમાદિના પાલનમાં બીજાથી આગળ જવાનો પ્રયાસ કરે છે, તે બ્રાહ્મણો મૃત્યુ પછી અહીંથી બ્રહ્મલોકમાં જઈને પોતાનાં તેજનો પ્રકાશ ફેલાવે છે. જેમની વર્ણાશ્રમધર્મમાં સ્પર્ધા છે, તેમના માટે તે જ્ઞાનનું સાધન છે; પરંતુ તે બ્રાહ્મણો જો સકામભાવથી તેનું અનુષ્ઠાન કરે તો મૃત્યુ પછી અહીંથી દેવતાઓનું નિવાસસ્થાન એવા સ્વર્ગમાં જાય છે. બ્રાહ્મણના સમ્યક્ આચારની વેદવેત્તાઓ પ્રશંસા કરે છે. પરંતુ પોતાનામાં વર્ણાશ્રમનું અભિમાન રાખવાના કારણે જેઓ બહિર્મુખ છે, તેમને વધારે મહત્ત્વ આપવું ન જોઈએ. જે નિષ્કામભાવે શ્રૌતકર્મનું પાલન કરવાથી અંતર્મુખ થઈ ગયો છે, એવા પુરુષને શ્રેષ્ઠ સમજવો જોઈએ. જેમ વર્ષાઋતુમાં ઘાસ-પાનની વિપુલતા હોય છે, તે જ પ્રમાણે જ્યાં બ્રહ્મવેત્તા સંન્યાસીને યોગ્ય અન્ન-પાન વગેરેની અધિકતા જણાય તે દેશમાં રહીને જીવન-નિર્વાહ કરવો. તે ભૂખ-તરસથી પોતાને

કષ્ટ ન પહોંચાડે. પરંતુ જ્યાં પોતાનું માહાત્મ્ય પ્રગટ ન કરવાથી ભય અને અમંગળ થતું હોય, ત્યાં રહીને પણ જે પોતાની વિશેષતા પ્રગટ કરતો નથી તે જ શ્રેષ્ઠ પુરુષ છે, બીજો નહિ. જે કોઈને આત્મપ્રશંસા કરતાં જોઈને દાઝે બળતો નથી, બ્રાહ્મણના ધનનું અપહરણ કરીને ઉપભોગ કરતો નથી, તેના અન્નને ગ્રહણ કરવામાં સત્પુરુષોની સંમતિ છે. જેમ કૂતરું પોતે ઊલટી કરી હોય તેને પણ ખાઈ જાય છે, તે જ પ્રમાણે જે પોતાનાં પરાક્રમ અથવા પંડિતાઈનું પ્રદર્શન કરીને જીવિકા ચલાવે છે તે સંન્યાસી વમન (ઊલટી કરેલું) ભોજન કરનારા છે અને તેનાથી તેમની સદા અવનતિ થાય છે. જે કુટુંબીજનોની વચ્ચે રહીને પણ પોતાની સાધનાને તેમનાથી હંમેશાં ગુપ્ત રાખવાનો પ્રયત્ન કરે છે તેવા બ્રાહ્મણને જ વિદ્વાનો બ્રાહ્મણ માને છે. તેથી ઉપર જણાવ્યા પ્રમાણે જીવન વિતાવનાર ક્ષત્રિયને પણ બ્રહ્મનો પ્રકાશ પ્રાપ્ત થાય છે, તે પણ પોતાના બ્રહ્મભાવને જુએ છે. આ પ્રમાણે જે ભેદરહિત, ચિહ્નરહિત, અવિચળ, શુદ્ધ અને બધાં પ્રકારનાં દ્વૈતથી રહિત આત્મા છે, તેના સ્વરૂપને જાણનારો કયો બ્રહ્મવેત્તા પુરુષ તેનું હનન (અધઃપતન) કરવા ઇચ્છશે? જે ઉપર કહ્યા પ્રમાણે વર્તમાન આત્માને તેના વિપરીતરૂપમાં સમજે છે, આત્માનું અપહરણ કરનારા તે ચોરે કયું પાપ નથી કર્યું? જે કર્તવ્યપાલનમાં ક્યારેય થાકતો નથી, દાન લેતો નથી, સત્પુરુષોમાં સન્માનિત અને શાંત છે તથા શિષ્ટ હોવા છતાં શિષ્ટતાની જાહેરાત નથી કરતો, તે જ બ્રાહ્મણ વેદવેત્તા અને વિદ્વાન છે. જેઓ લૌકિક ધનની દૃષ્ટિએ નિર્ધન હોય તો પણ દૈવી સંપત્તિ તથા યજ્ઞ-ઉપાસનાથી સંપન્ન છે, તેઓ દુર્ધર્ષ અને નિર્ભય છે; તેમને બ્રહ્મની સાક્ષાત્ મૂર્તિ સમજવા જોઈએ. જો કોઈ આ લોકમાં અભીષ્ટ સિદ્ધિ આપનારા બધા દેવતાઓને જાણી લે, તેમ છતાં પણ તે બ્રહ્મવેત્તા તુલ્ય થઈ શકતો નથી. કારણ કે તે તો અભીષ્ટ ફળની પ્રાપ્તિ માટે જ પ્રયત્ન કરી રહ્યો છે. જે બીજાઓ દ્વારા સન્માનિત થઈને પણ અભિમાન કરતો નથી અને સન્માનનીય પુરુષને જોઈને ઈર્ષ્યા કરતો નથી તથા પ્રયત્ન ન કરવા છતાં વિદ્વાનો જેનો આદર કરે, તે જ વાસ્તવમાં સન્માનિત છે. જગતમાં જ્યારે વિદ્વાન પુરુષો આદર કરે ત્યારે સન્માનિત વ્યક્તિએ એવું માનવું જોઈએ કે આંખોના ઉઘાડવા-બંધ કરવા જેવી સારા લોકોની આ સ્વાભાવિક વૃત્તિ છે, તેથી બીજાને આદર આપે છે. પરંતુ આ સંસારમાં જેઓ અધર્મમાં રચ્યા-પચ્યા, છળ-કપટમાં ચતુર અને માનનીય પુરુષોનું અપમાન કરનારા મૂર્ખ લોકો છે, તેઓ આદરણીય વ્યક્તિનું ક્યારેય સન્માન નહિ કરે. માન અને મૌન એકસાથે હંમેશાં રહેતાં નથી એ નિશ્ચિત છે; કેમકે માનથી આ લોકમાં સુખ મળે છે અને મૌનથી પરલોકમાં. જ્ઞાનીજનો આ વાતને જાણે છે. રાજન્! લોકમાં ઐશ્વર્યરૂપી લક્ષ્મી સુખનું ઘર માનવામાં આવી છે, પરંતુ તે પણ કલ્યાણમાર્ગમાં લુટારાઓની જેમ વિઘ્ન નાખનારી છે. પ્રજ્ઞાહીન મનુષ્ય માટે તો બ્રહ્મજ્ઞાનરૂપી લક્ષ્મી બધી રીતે દુર્લભ છે. સંતો અહીં તે બ્રહ્મસુખનાં અનેક દ્વાર બતાવે છે, જે મોહને જગાડનારાં નથી તથા જેમને કઠણતાથી ધારણ કરી શકાય છે. તેમનાં નામ છે – સત્ય, સરળતા, લજ્જા, દમ, શૌચ અને વિદ્યા. ॥ ૨૭-૪૬ ॥

—★—

બ્રહ્મજ્ઞાનમાં ઉપયોગી મૌન, તપ વગેરેનાં લક્ષણો તથા ગુણ-દોષનું નિરૂપણ (સનત્સુજાતીય – ત્રીજો અધ્યાય)

ધૃતરાષ્ટ્ર બોલ્યા – વિદ્વન્! આ મૌન કોને કહે છે? (વાણીનો સંયમ અને પરમાત્માનું સ્વરૂપ–) આ બંનેમાંથી મૌન કયું છે? અહીં મૌનભાવનું વર્ણન કરો. શું વિદ્વાન પુરુષ મૌન દ્વારા મૌનસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત થાય છે? મુને! સંસારમાં લોકો મૌનનું આચરણ કઈ રીતે કરે છે? ॥ ૧ ॥

સનત્સુજાતે કહ્યું – રાજન્! જ્યાં મન સહિત વાણીરૂપી વેદ પહોંચી શકતા નથી, તે પરમાત્માનું નામ જ મૌન છે, તેથી તે જ મૌનસ્વરૂપ છે. વૈદિક તથા લૌકિક શબ્દોનો જ્યાંથી પ્રાદુર્ભાવ થયો છે, તે પરમેશ્વર તન્મયતાપૂર્વક ધ્યાન કરવાથી પ્રકાશમાં આવે છે. ॥ ૨ ॥

ધૃતરાષ્ટ્ર બોલ્યા – જે ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદનો જ્ઞાતા છે તથા પાપ કરે છે, તે પાપથી લિપ્ત થાય છે કે નહિ? ॥ ૩ ॥

સનત્સુજાતે કહ્યું – રાજન્! હું તમને અસત્ય કહેતો નથી. ઋક્, સામ તથા યજુર્વેદ – કોઈ પણ પાપ કરનાર અજ્ઞાનીની તેના પાપકર્મમાં રક્ષા કરતા નથી. જે કપટપૂર્ણ ધર્મનું આચરણ કરે છે તે મિથ્યાચારીની વેદ પાપોથી રક્ષા કરતા નથી. જેમ પાંખો ફૂટ્યા પછી પક્ષીઓ પોતાનો માળો છોડી દે છે, તે જ પ્રમાણે અંતકાળે વેદો પણ તેનો પરિત્યાગ કરી દે છે. ॥ ૪-૫ ॥

ધૃતરાષ્ટ્ર બોલ્યા – વિદ્વન્! જો ધર્મ વિના વેદ પણ રક્ષા કરવામાં સમર્થ નથી તો વેદવેત્તા બ્રાહ્મણોના પવિત્ર હોવાનો વિલાપ (પ્રલાપ)* ચિરકાળથી કેમ ચાલ્યો આવે છે? ॥ ૬ ॥

સનત્સુજાતે કહ્યું – મહાનુભાવ! પરમાત્માનાં જ નામ વગેરે વિશેષરૂપોથી આ જગતની પ્રતીતિ થાય છે. આ વાત વેદ ('દ્વે વાવ બ્રહ્મણો રૂપે' વગેરે મંત્રો દ્વારા) સારી રીતે નિર્દેશ કરીને કહે છે. પરંતુ વાસ્તવમાં તેનું સ્વરૂપ આ વિશ્વથી વિલક્ષણ બતાવાયું છે. તેની જ પ્રાપ્તિ માટે વેદમાં (કૃચ્છ્રચાન્દ્રાયણ વગેરે) તપ અને (જ્યોતિષ્ટોમાદિ) યજ્ઞનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આ તપ અને યજ્ઞો દ્વારા તે શ્રોત્રિય વિદ્વાન પુરુષને પુણ્યની પ્રાપ્તિ થાય છે. પછી તે પુણ્યથી પાપને નષ્ટ કરી દીધા પછી જ્ઞાનના પ્રકાશથી તે પોતાના સચ્ચિદાનંદ-સ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે. આ પ્રમાણે વિદ્વાન પુરુષ જ્ઞાનથી આત્માને પ્રાપ્ત થાય છે. અન્યથા ધર્મ, અર્થ અને કામરૂપી – ત્રણ પ્રકારનાં ફળની ઇચ્છા રાખવાને કારણે તે આ લોકમાં કરેલાં બધાં કર્મોને સાથે લઈને તેમને પરલોકમાં ભોગવે છે તથા ભોગ સમાપ્ત થતાં પાછો આ સંસારમાં આવે છે. આ લોકમાં તપસ્યા કરવામાં આવે છે અને પરલોકમાં તેનું ફળ ભોગવાય છે (–આ બધાને માટે સામાન્ય નિયમ છે). પરંતુ અવશ્ય પાલન કરવાયોગ્ય તપમાં સ્થિત રહેનારા બ્રહ્મવેત્તા પુરુષ માટે તો આ જ લોક છે – તેને અહીં જ (જીવનકાળમાં જ) જ્ઞાનરૂપી ફળ પ્રાપ્ત થઈ જાય છે. ॥ ૭-૧૦ ॥

ધૃતરાષ્ટ્ર બોલ્યા – સનત્સુજાતજી! એક જ

* ઋગ્યજુઃસામભિઃ પૂતો બ્રહ્મલોકે મહીયતે । (ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદથી પવિત્ર થઈને બ્રાહ્મણ બ્રહ્મલોકમાં પ્રતિષ્ઠિત થાય છે.) વગેરે વચન વેદવેત્તા બ્રાહ્મણોના પવિત્ર અને નિષ્પાપ થવાની વાત કરે છે.

તપની ક્યારેક વૃદ્ધિ અને ક્યારેક ક્ષય (હાનિ) કઈ રીતે થાય છે? આપ એને એ રીતે જણાવો કે જેથી અમે સારી રીતે સમજી શકીએ. ॥ ૧૧ ॥

સનત્સુજાતે કહ્યું – જે કોઈ કામના અથવા પાપરૂપી દોષથી મુક્ત છે, તેને વિશુદ્ધ તપ કહે છે, માત્ર તે જ તપથી સંપન્ન અને સમૃદ્ધ હોય છે. (પરંતુ જ્યારે તે તપમાં કામના અને પાપરૂપી દોષનો સ્પર્શ થાય છે ત્યારે તેનો ક્ષય થવા માંડે છે.) રાજન્! તમે જે કાંઈ મને પૂછી રહ્યા છો, એ બધું તપસ્યામૂલક તપ દ્વારા જ પ્રાપ્ત થનારું છે. વેદવેત્તા વિદ્વાનો આ તપ દ્વારા જ પરમ અમૃત (મોક્ષ)ને પ્રાપ્ત થાય છે. ॥ ૧૨-૧૩ ॥

ધૃતરાષ્ટ્ર બોલ્યા – સનત્સુજાતજી! મેં દોષરહિત તપનું મહત્ત્વ સાંભળ્યું; હવે તપસ્યાના જે દોષ છે, તે જણાવો, જેથી હું આ સનાતન ગોપનીય તત્ત્વને જાણી શકું. ॥ ૧૪ ॥

સનત્સુજાતે કહ્યું – રાજન્! તપસ્યાના ક્રોધ વગેરે બાર દોષ છે તથા તેર પ્રકારના ક્રૂર મનુષ્ય હોય છે. પિતરો અને બ્રાહ્મણોનો ધર્મ વગેરે બાર ગુણો શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. કામ, ક્રોધ, લોભ, મોહ, અસંતોષ, નિર્દયતા, અસૂયા, અભિમાન, શોક, સ્પૃહા, ઈર્ષ્યા અને નિંદા – મનુષ્યોમાં રહેનારા આ બાર દોષ સદા ત્યાગવા યોગ્ય છે. નરશ્રેષ્ઠ! જેમ શિકારી મૃગોને મારવાનો મોકો શોધતો તેમની તપાસમાં લાગેલો રહે છે, તે જ પ્રમાણે આમનામાંથી એક-એક દોષ મનુષ્યનું છિદ્ર જોઈને તેમના પર આક્રમણ કરે છે. પોતાની બહુ પ્રશંસા કરનારા, લોભી, અહંકારી, નિરંતર ક્રોધી, ચંચળ અને આશ્રિતોની રક્ષા ન કરનારા – આ છ પ્રકારના મનુષ્યો પાપી છે. અત્યંત સંકટમાં હોવા છતાં પણ નિર્ભયતાપૂર્વક તેઓ આ પાપ-કર્મોનું આચરણ કરે છે. સંભોગમાં જ મન લગાડનારા, વિષમતા રાખનારા, અત્યંત માની, દાન આપીને પસ્તાવો કરનારા, અત્યંત કૃપણ, અર્થ અને કામની પ્રશંસા કરનારા તથા સ્ત્રીઓના દ્વેષી – આ સાત અને પહેલાંના છ, કુલ તેર પ્રકારના માણસો નૃશંસ-વર્ગ (ક્રૂર સમુદાય) કહ્યા છે. ધર્મ, સત્ય, ઇન્દ્રિયનિગ્રહ, તપ, મત્સરતાનો અભાવ, લજ્જા, સહનશીલતા, કોઈના દોષ ન જોવા, યજ્ઞ કરવો, દાન આપવું, ધૈર્ય અને શાસ્ત્રજ્ઞાન – એ બ્રાહ્મણનાં બાર વ્રત છે. જે આ બાર ગુણો પર પોતાનું પ્રભુત્વ રાખે છે તે આ સમગ્ર પૃથ્વીના મનુષ્યોને પોતાને અધીન કરી શકે છે. આમનામાંથી ત્રણ, બે અથવા એક ગુણથી પણ જે યુક્ત છે, તેની પાસે સર્વ પ્રકારની સંપત્તિ છે – એવું સમજવું જોઈએ. દમ, ત્યાગ અને આત્મકલ્યાણમાં પ્રમાદ ન કરવો – આ ત્રણ ગુણોમાં અમૃતનો વાસ છે. જે મનીષી (બુદ્ધિમાન) બ્રાહ્મણો છે, તેઓ કહે છે કે આ ગુણોનું મુખ સત્યસ્વરૂપ પરમાત્મા તરફ છે અર્થાત્ આ (ગુણો) પરમાત્મપ્રાપ્તિ કરાવનારા છે. દમ અઢાર ગુણોવાળો છે (નીચે જણાવેલા અઢાર દોષોના ત્યાગને જ અઢાર ગુણ સમજવા જોઈએ–) કર્તવ્ય-અકર્તવ્યના વિષયમાં વિપરીત ધારણા, અસત્ય ભાષણ, ગુણોમાં દોષદૃષ્ટિ, સ્ત્રી -વિષયક કામના, સદા ધન-ઉપાર્જનમાં જ લાગ્યા રહેવું, ભોગોની ઇચ્છા, ક્રોધ, શોક, તૃષ્ણા, લોભ, ચુગલી કરવાની આદત, ઈર્ષ્યા, હિંસા, સંતાપ, ચિંતા, કર્તવ્યની વિસ્મૃતિ, અધિક બકવાદ અને પોતાને મોટા સમજવું – આ દોષોથી જે મુક્ત છે તેને જ સત્પુરુષ દાન્ત (જિતેન્દ્રિય) કહે છે. ॥ ૧૫-૨૫ ॥

મદમાં પણ દમના જેવા અઢાર દોષ બતાવવામાં આવ્યા છે, તે જ મદના દોષ છે.

(આગળ જતાં મદના સ્વતંત્ર દોષ પણ કહેવામાં આવશે.) ત્યાગ છ પ્રકારનો હોય છે, તે છએ પ્રકારનો ત્યાગ ઉત્તમ છે, પરંતુ તેમાં ત્રીજો અર્થાત્ કામત્યાગ બહુ જ અઘરો છે, તેના દ્વારા મનુષ્ય અનેક પ્રકારનાં દુઃખોને અવશ્ય પાર કરી જાય છે. કામનો ત્યાગ કરી દેવાથી બધું જ વશમાં આવી જાય છે. રાજેન્દ્ર! છ પ્રકારનો જે સર્વશ્રેષ્ઠ ત્યાગ છે, તે જણાવું છું. સંપત્તિ પ્રાપ્ત કરીને હર્ષિત ન થવું– આ પહેલો ત્યાગ છે; યજ્ઞ-હોમાદિમાં તથા કૂવો-તળાવ અને બગીચો બનાવવામાં ધન ખર્ચવું એ બીજો ત્યાગ છે અને સદા વૈરાગ્યયુક્ત રહીને કામનો ત્યાગ કરવો – આ ત્રીજો ત્યાગ છે. આવા ત્યાગીને સચ્ચિદાનંદ-સ્વરૂપ કહે છે. તેથી આ ત્રીજા ત્યાગને વિશેષ ગુણ માનવામાં આવ્યો છે. પદાર્થોના ત્યાગથી જે નિષ્કામતા આવે છે, તે સ્વેચ્છાપૂર્વક તેમનો ઉપભોગ કરવાથી આવતી નથી. વધારે ધન-સંપત્તિના સંગ્રહથી પણ નિષ્કામતા સિદ્ધ થતી નથી તથા તેનો કામનાપૂર્તિ માટે ઉપભોગ કરવાથી પણ કામનો ત્યાગ થતો નથી. કરેલાં કર્મો સિદ્ધ ન થાય તો તેના માટે દુઃખી ન થવું, તે દુઃખથી ગ્લાનિ ન કરવી. આ બધા ગુણોથી યુક્ત મનુષ્ય જો ધનવાન હોય તો પણ તે ત્યાગી જ છે. કોઈ અપ્રિય ઘટના બની જાય તો પણ વ્યથિત ન થાય (આ ચોથો ત્યાગ છે). પોતાના અભીષ્ટ પદાર્થો – સ્ત્રી-પુત્રાદિની ક્યારેય યાચના ન કરવી (આ પાંચમો ત્યાગ છે). સુપાત્ર યાચકને દાન આપવું (આ છઠ્ઠો ત્યાગ છે). આ બધાથી કલ્યાણ થાય છે. આ ત્યાગમય ગુણોથી મનુષ્ય અપ્રમાદી થાય છે. આ અપ્રમાદના પણ આઠ ગુણ માનવામાં આવ્યા છે - સત્ય, ધ્યાન, સમાધિ, તર્ક, વૈરાગ્ય, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. આ આઠ ગુણ ત્યાગ અને અપ્રમાદ બંનેના સમજવા જોઈએ. આ પ્રમાણે જે મદના અઢાર દોષ (અગાઉ) બતાવાયા છે, તેમનો બધી રીતે ત્યાગ કરવો જોઈએ. ભારત! પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠું મન – આમની પોતપોતાના વિષયમાં જે ભોગબુદ્ધિથી પ્રવૃત્તિ થાય છે – છ તો આ જ પ્રમાદ-વિષયક દોષ છે તથા ભૂતકાળની ચિંતા અને ભવિષ્યની આશા – બે આ દોષ છે. આ આઠ દોષોથી મુક્ત પુરુષ સુખી થાય છે. રાજેન્દ્ર! તમે સત્યસ્વરૂપ થઈ જાઓ. સત્યમાં જ સંપૂર્ણ લોક પ્રતિષ્ઠિત છે. તે દમ, ત્યાગ અને અપ્રમાદ વગેરે ગુણ પણ સત્યસ્વરૂપ પરમાત્માની જ પ્રાપ્તિ કરાવનારા છે. સત્યમાં જ અમૃતની પ્રતિષ્ઠા છે. દોષોને નિવૃત્ત કરીને જ તપ અને વ્રતનું આચરણ કરવું જોઈએ. આ વિધાતાનો બનાવેલો નિયમ છે. મનુષ્યે ઉપર્યુક્ત દોષોથી રહિત અને ગુણોથી યુક્ત થવું જોઈએ. આવા પુરુષનું જ વિશુદ્ધ તપ અત્યંત સમૃદ્ધ થાય છે. રાજન્! તમે જે મને પૂછ્યું છે તે મેં સંક્ષેપમાં કહી દીધું. આ તપ જન્મ-મૃત્યુ અને વૃદ્ધાવસ્થાનાં કષ્ટને દૂર કરનારું, પાપહારી તથા પરમ પવિત્ર છે. ॥ ૨૬-૪૦ ॥

ધૃતરાષ્ટ્રે કહ્યું – મુને! બધા વેદો દ્વારા કેટલાક લોકોનું વિશેષરૂપે – પંચવેદી તરીકે નામ લેવાય છે તે તથા... બીજા લોકો ચતુર્વેદી અને ત્રિવેદી કહેવાય છે. તે જ પ્રમાણે કેટલાક લોકો દ્વિવેદી, એકવેદી તથા અનૃચ* કહેવાય છે. એમનામાં કયા એવા છે, જેમને હું નિશ્ચિતરૂપે બ્રાહ્મણ સમજું. ॥ ૪૧-૪૨ ॥

* જેમણે ઋગાદિ વેદોનું અધ્યયન કયું નથી, તેઓ અનૃચ કહેવાય છે.

સનત્સુજાતે કહ્યું – રાજન્! એક જ વેદને ન જાણવાને કારણે ઘણા વેદો કરવામાં આવ્યા છે. તે સત્યસ્વરૂપ એક વેદના સારતત્ત્વ પરમાત્મામાં તો કોઈ વિરલો જ સ્થિત થાય છે. (તેને જ બ્રાહ્મણ માનવા યોગ્ય છે). આ પ્રમાણે વેદના તત્ત્વને ન જાણીને પણ કેટલાક લોકો 'હું વિદ્વાન છું' એવું માનવા લાગે છે; પછી તેમની દાન, અધ્યયન અને યજ્ઞાદિ કર્મોમાં લૌકિક અને પારલૌકિક ફળના લોભથી પ્રવૃત્તિ થાય છે. વાસ્તવમાં જે સત્યસ્વરૂપ પરમાત્માથી ચ્યુત થઈ ગયા છે, તેમનો જ તેવો સંકલ્પ હોય છે. પછી સત્યરૂપ વેદના પ્રમાણનો નિશ્ચય કરીને જ તેમના દ્વારા યજ્ઞોનું અનુષ્ઠાન કરવામાં આવે છે. કોઈનો યજ્ઞ મનથી, કોઈનો વાણીથી તથા કોઈનો ક્રિયા દ્વારા કરવામાં આવે છે. પુરુષ સંકલ્પમય છે અને તે પોતાના સંકલ્પ અનુસાર પ્રાપ્ત થયેલા લોકોનો અધિષ્ઠાતા થાય છે. પરંતુ જ્યાં સુધી સંકલ્પ શાંત ન થાય ત્યાં સુધી દીક્ષિત-વ્રતનું આચરણ અર્થાત્ યજ્ઞાદિ કર્મો કરતાં રહેવું જોઈએ. આ 'દીક્ષિત' નામ 'દીક્ષ વ્રતાદેશે' ધાતુથી બન્યું છે. સત્પુરુષો માટે સત્યસ્વરૂપ પરમાત્મા જ સર્વોપરી છે. કેમકે (પરમાત્માના) જ્ઞાનનું ફળ પ્રત્યક્ષ છે અને તપનું ફળ પરોક્ષ છે. (તેથી જ્ઞાનનો જ આશ્રય લેવો જોઈએ). બહુ ભણનારા બ્રાહ્મણને માત્ર બહુપાઠી (બહુજ્ઞ) સમજવો જોઈએ. તેથી ક્ષત્રિય! વાતોનાં વડાં કરવા માત્રથી જ કોઈને બ્રાહ્મણ માની ન લેવો. જે સત્યસ્વરૂપ પરમાત્માથી ક્યારેય અલગ થતો નથી, તેને જ તમે બ્રાહ્મણ સમજો. રાજન્! અથર્વામુનિ અને મહર્ષિસમુદાયે પૂર્વકાળમાં જેમનું ગાન કર્યું છે તે જ છંદ(વેદ) છે. પરંતુ બધા વેદ ભણી લીધા પછી જે વેદો દ્વારા જાણવા યોગ્ય પરમાત્માના તત્ત્વને નથી જાણતા, તેઓ વાસ્તવમાં વેદજ્ઞ નથી. નરશ્રેષ્ઠ! છંદ (વેદ) તે પરમાત્મામાં સ્વચ્છંદ સંબંધથી સ્થિત છે (અર્થાત્ સ્વતઃપ્રમાણ છે). તેથી તેમનું અધ્યયન કરીને જ વેદવેત્તા આર્યજન વેદ્યરૂપ (જાણવાલાયક) પરમાત્માના તત્ત્વને પ્રાપ્ત થયા છે. રાજન્! વાસ્તવમાં વેદોના તત્ત્વને જાણનાર કોઈ નથી, અથવા એમ સમજો કે કોઈ વિરલો જ એમના રહસ્યને જાણી શકે છે. જે માત્ર વેદનાં વાક્યોને જાણે છે, તે વેદો દ્વારા જાણવા યોગ્ય પરમાત્માને નથી જાણતો. પરંતુ જે સત્યમાં સ્થિત છે, તે વેદવેદ્ય પરમાત્માને જાણે છે. જે જ્ઞેય મન વગેરે અચેતન છે; તેમનામાંથી કોઈ જ્ઞાતા નથી. તેથી મનુષ્યો મન વગેરે દ્વારા ન તો આત્માને જાણે છે અને ન અનાત્માને. જે આત્માને જાણી લે છે તે જ અનાત્માને પણ જાણે છે. જે માત્ર અનાત્માને જાણે છે, તે સત્ય આત્માને નથી જાણતો. જે પુરુષ (જ્ઞાતા) વેદોને જાણે છે, તે જ વેદ્ય (જગત્ વગેરે)ને પણ જાણે છે; પરંતુ તે જ્ઞાતાને ન વેદપાઠી જાણે છે કે ન વેદ પણ. તેમ છતાં જે વેદવેત્તા બ્રાહ્મણો છે, તેઓ તે આત્મતત્ત્વને વેદો દ્વારા જ જાણે છે. બીજના ચંદ્રમાની સૂક્ષ્મ કળાને બતાવવા માટે જેમ વૃક્ષની શાખા (ડાળ) તરફ સંકેત કરવામાં આવે છે, તે જ પ્રમાણે તે સત્યસ્વરૂપ પરમાત્માનું જ્ઞાન કરાવવા માટે જ વેદોનો પણ ઉપયોગ કરવામાં આવે છે – એવું વિદ્વાન પુરુષો માને છે. હું તો તેને જ બ્રાહ્મણ સમજું છું, જે પરમાત્મતત્ત્વને જાણનારો તથા વેદોની યથાર્થ વ્યાખ્યા કરનારો હોય, જેના પોતાના સંશયો નષ્ટ થઈ ગયા હોય અને બીજાના પણ સંપૂર્ણ સંદેહોને નષ્ટ કરી શકે. આ આત્માની શોધ કરવા માટે પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અથવા ઉત્તર તરફ જવાની જરૂર નથી; પછી આગ્નેય વગેરે ખૂણાઓની તો વાત જ ક્યાં છે? એ જ

પ્રમાણે દિશાઓથી રહિત પ્રદેશમાં પણ તેને શોધવાનો નથી. આત્માનું અનુસંધાન અનાત્મ-પદાર્થોમાં તો કોઈ રીતે કરવું જ નહિ, વેદનાં વાક્યોમાં પણ ન શોધતાં માત્ર તપ દ્વારા તે પ્રભુનો સાક્ષાત્કાર કરવો. બધા પ્રકારની ક્રિયાઓનો ત્યાગ કરીને પરમાત્માની ઉપાસના કરો. મનથી પણ કોઈ ચેષ્ટા ન કરવી. રાજન્! તમે પણ પોતાના હૃદયાકાશમાં સ્થિત તે વિખ્યાત પરમેશ્વરની ઉપાસના કરો. મૌન રહેવા અથવા જંગલમાં નિવાસ કરવા માત્રથી કોઈ મુનિ થતો નથી. જે પોતાના આત્માના સ્વરૂપને જાણે છે, તે જ શ્રેષ્ઠ મુનિ છે. સંપૂર્ણ અર્થોને વ્યક્ત (વ્યાકૃત) કરવાના કારણે જ્ઞાની પુરુષ વૈયાકરણ (વ્યાકરણશાસ્ત્રી) કહેવાય છે. આ સમસ્ત અર્થોનું પ્રગટીકરણ મૂળભૂત બ્રહ્મમાંથી જ થાય છે, તેથી તે જ મુખ્ય વૈયાકરણ (વ્યાકરણશાસ્ત્રી) છે. વિદ્વાન પુરુષો પણ બ્રહ્મમય થઈ જવાને કારણે આ જ પ્રમાણે અર્થોને વ્યાકૃત (વ્યક્ત) કરે છે, તેથી તે પણ વૈયાકરણ છે. જે સંપૂર્ણ લોકોને પ્રત્યક્ષ જુએ છે તે મનુષ્ય તે બધા લોકોનો દ્રષ્ટામાત્ર કહેવાય છે. (તે સર્વજ્ઞ હોતો નથી). પરંતુ જે એકમાત્ર સત્યસ્વરૂપ બ્રહ્મમાં જ સ્થિત છે, તે બ્રહ્મવેત્તા બ્રાહ્મણ સર્વજ્ઞ થઈ જાય છે. રાજન્ પૂર્વોક્ત ધર્મ વગેરેમાં સ્થિત હોવાથી તથા વેદોનું વિધિવત્ અધ્યયન કરવાથી પણ મનુષ્ય આ જ પ્રમાણે પરમાત્માનો સાક્ષાત્કાર કરે છે. આ વાત પોતાની બુદ્ધિ દ્વારા નિશ્ચય કરીને હું તમને કહી રહ્યો છું. ॥ ૪૩-૬૩ ॥

—★—

બ્રહ્મચર્ય તથા બ્રહ્મનું નિરૂપણ
(સનત્સુજાતીય – ચોથો અધ્યાય)

ધૃતરાષ્ટ્રે કહ્યું – સનત્સુજાતજી! તમે જે સર્વોત્તમ અને સર્વરૂપા બ્રહ્મસંબંધિની વિદ્યાનો ઉપદેશ કરી રહ્યા છો, તેમાં વિષય-ભોગોની ચર્ચા બિલકુલ નથી. કુમાર! મારું તો એમ કહેવું છે કે તમે આ પરમ દુર્લભ વિષયનું ફરી પ્રતિપાદન કરો. ॥ ૧ ॥

સનત્સુજાતે કહ્યું – રાજન્! તમે મને પ્રશ્ન કરતી વખતે જે રીતે હર્ષથી ફુલાઈ જાઓ છો, તો આ પ્રમાણે ઉતાવળ કરવાથી બ્રહ્મની પ્રાપ્તિ થતી નથી. બુદ્ધિમાં મનનો લય થઈ જવાથી બધી વૃત્તિઓનો નિરોધ કરનારી જે સ્થિતિ છે, તેનું નામ છે બ્રહ્મવિદ્યા અને તે બ્રહ્મચર્યનું પાલન કરવાથી જ ઉપલબ્ધ થાય છે. ॥ ૨ ॥

ધૃતરાષ્ટ્રે કહ્યું – જે કર્મો દ્વારા આરંભ કરવા યોગ્ય નથી, તથા કાર્યની સાથે જે આ આત્મામાં જ રહે છે, તે અનંતબ્રહ્મ સાથે સંબંધ રાખનારી આ સનાતન વિદ્યાને જો તમે બ્રહ્મચર્યથી જ પ્રાપ્ત થવા યોગ્ય જણાવો છો તો મારા જેવા લોકો બ્રહ્મસંબંધી અમૃતત્વ (મોક્ષ)ને કઈ રીતે પામી શકે છે? ॥ ૩ ॥

સનત્સુજાતજી બોલ્યા – હવે હું અવ્યક્ત બ્રહ્મ સાથે સંબંધ રાખનારી તે પુરાતન વિદ્યાનું વર્ણન કરીશ, જે મનુષ્યને બુદ્ધિ અને બ્રહ્મચર્ય દ્વારા પ્રાપ્ત થાય છે, જેને પ્રાપ્ત કરીને વિદ્વાન પુરુષો આ મરણધર્મા શરીરને સદાને માટે ત્યાગી દે છે તથા જે બુદ્ધિ ગુરુજનોમાં નિત્ય વિદ્યમાન રહે છે. ॥ ૪ ॥

ધૃતરાષ્ટ્રે કહ્યું – બ્રહ્મન્! જો આ બ્રહ્મવિદ્યા બ્રહ્મચર્ય દ્વારા જ સુગમતાથી જાણી શકાય છે તો પ્રથમ મને એ જ કહો કે બ્રહ્મચર્યનું પાલન

કઈ રીતે થાય છે. ॥ ૫ ॥

સનત્સુજાતજી બોલ્યા – જે લોકો આચાર્યના આશ્રમમાં પ્રવેશ કરીને પોતાની સેવાથી તેમના અંતરંગ ભક્ત થઈને બ્રહ્મચર્યનું પાલન કરે છે, તેઓ અહીં જ શાસ્ત્રકાર થઈ જાય છે અને શરીર છોડ્યા પછી પરમ યોગરૂપ પરમાત્માને પ્રાપ્ત થાય છે. આ સંસારમાં રહીને જે તમામ પ્રકારની કામનાઓને જીતી લે છે અને બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે જ નાના પ્રકારનાં દ્વંદ્વોને સહન કરે છે, તેઓ સત્ત્વગુણમાં સ્થિત થઈને અહીં જ અનાયાસે આ શરીરથી આત્માને (વિવેક દ્વારા) અલગ કરી લે છે. ભારત! જોકે માતા અને પિતા – એ બંને જ આ શરીરને જન્મ આપે છે, તો પણ આચાર્યના ઉપદેશથી જે જન્મ પ્રાપ્ત થાય છે તે પરમ પવિત્ર અને અજર-અમર છે. જેઓ પરમાર્થતત્ત્વના ઉપદેશથી સત્યને પ્રગટ કરીને અમરત્વ પ્રદાન કરીને બ્રાહ્મણાદિ વર્ણોની રક્ષા કરે છે, તે આચાર્યોને પિતા-માતા જ સમજવા જોઈએ તથા તેમના કરેલા ઉપકારનું સ્મરણ કરીને ક્યારેય તેમનો દ્રોહ ન કરવો જોઈએ. બ્રહ્મચારી શિષ્યે નિત્ય ગુરુને પ્રણામ કરવા જોઈએ. બહાર-અંદરથી પવિત્ર થઈને પ્રમાદ છોડીને સ્વાધ્યાયમાં મન લગાવે, અભિમાન ન કરે, મનમાં ક્રોધને આવવા ન દે. આ બ્રહ્મચર્યનું પ્રથમ ચરણ છે. જે શિષ્યની વૃત્તિના ક્રમથી જ જીવન-નિર્વાહ કરીને પવિત્ર થઈ વિદ્યા પ્રાપ્ત કરે છે તેનો આ નિયમ પણ બ્રહ્મચર્ય વ્રતનો પહેલો પાદ કહેવાય છે. પોતાના પ્રાણ અને ધન દ્વારા પણ મન, વાણી તથા કર્મથી પોતાના આચાર્યનું પ્રિય કરે – આ બીજો પાદ કહેવાય છે. ગુરુ પ્રત્યે શિષ્યનો જેવો શ્રદ્ધા અને સન્માનપૂર્વક વર્તાવ હોય તેવો જ ગુરુપત્ની અને તેમના પુત્રની સાથે પણ હોવો જોઈએ. આ પણ બ્રહ્મચર્યનો બીજો પાદ જ કહેવાય છે. આચાર્યે જે પોતાનો ઉપકાર કર્યો તેને ધ્યાનમાં રાખીને તથા તેનાથી જે પ્રયોજન સિદ્ધ થયું, તેનો પણ વિચાર કરીને મનમાં અત્યંત પ્રસન્ન થઈને શિષ્ય આચાર્ય પ્રત્યે જે એવો ભાવ રાખે છે કે 'આમણે મને ઘણી ઉન્નત સ્થિતિમાં પહોંચાડી દીધો.' – આ બ્રહ્મચર્યનો ત્રીજો પાદ છે. આચાર્યના ઉપકારનો બદલો ચૂકવ્યા વિના અર્થાત્ ગુરુદક્ષિણા વગેરે દ્વારા તેમને સંતુષ્ટ કર્યા વિના વિદ્વાન શિષ્યે ત્યાંથી અન્યત્ર જવું નહિ. (દક્ષિણા આપીને અથવા સેવા કરીને) ક્યારેય મનમાં એવો ભાવ ન લાવે કે 'હું ગુરુનો ઉપકાર કરી રહ્યો છું' તથા મોઢેથી પણ કદી એવી વાત ન કહે. આ બ્રહ્મચર્યનો ચોથો પાદ છે. બ્રહ્મચારી શિષ્ય પ્રથમ ગુરુના સાન્નિધ્યમાં શિક્ષા અને સદાચારનો એક ચરણ પ્રાપ્ત કરે છે, પછી ઉત્સાહપૂર્વક તીક્ષ્ણ બુદ્ધિથી તેને બીજા ચરણનું જ્ઞાન થાય છે. ત્યારપછી વધારે સમય સુધી મનન કરવાથી તે ત્રીજા પાદનું જ્ઞાન પ્રાપ્ત કરે છે, પછી શાસ્ત્ર દ્વારા સહપાઠીઓ સાથે વિચાર કરવાથી તે ચોથા ચરણને જાણે છે. પૂર્વોક્ત બાર ધર્મ વગેરે જેનાં સ્વરૂપ છે, તથા બીજાં યમ-નિયમાદિ જેનાં અંગ તથા ઉત્સાહ-શક્તિ બળ છે, તે બ્રહ્મચર્ય આચાર્યના સંપર્કમાં રહીને વેદોના અર્થનું તત્ત્વ જાણવાથી જ સફળ થાય છે – એવું વિદ્વાનોનું કથન છે. આ પ્રમાણે બ્રહ્મચર્યના પાલનમાં પ્રવૃત્ત થઈને જે કાંઈ પણ ધન પ્રાપ્ત થઈ શકે, તે આચાર્યને અર્પણ કરવું જોઈએ. આવું કરવાથી તે શિષ્ય સત્પુરુષોની અનેક ગુણોવાળી વૃત્તિને પ્રાપ્ત થાય છે. ગુરુપુત્ર પ્રત્યે પણ તેની એવી જ વૃત્તિ હોય છે. આવી વૃત્તિથી રહેનાર

શિષ્યની આ સંસારમાં બધી રીતે ઉન્નતિ થાય છે. તે પુત્ર-પુત્રાદિ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે. દશે દિશાઓમાંથી તેના માટે સુખનો વરસાદ વરસે છે તથા તેની આસપાસ ઘણા લોકો બ્રહ્મચર્યનું પાલન કરતા રહીને નિવાસ કરે છે. આવા બ્રહ્મચર્યના પાલનથી દેવતાઓએ દેવત્વ પ્રાપ્ત કર્યું અને મહાન સૌભાગ્યશાળી મનીષી ઋષિઓને બ્રહ્મલોકની પ્રાપ્તિ થઈ. આના જ પ્રભાવથી ગંધર્વો અને અપ્સરાઓને દિવ્યરૂપ પ્રાપ્ત થયું છે. આ બ્રહ્મચર્યના પ્રતાપે જ સૂર્યદેવ સમસ્ત લોકોને પ્રકાશિત કરવાનું સામર્થ્ય ધરાવે છે. રસભેદરૂપી ચિંતામણિ પાસે યાચના કરનારાઓને જેમ તેમના અભીષ્ટ અર્થની પ્રાપ્તિ થાય છે, એ જ પ્રમાણે બ્રહ્મચર્ય પણ મનોવાંછિત વસ્તુ પ્રદાન કરનાર છે – એવું સમજીને આ ઋષિ-દેવતાઓ વગેરે બ્રહ્મચર્યના પાલનથી તેવા ભાવને પ્રાપ્ત થયા છે. રાજન્! જે આ બ્રહ્મચર્યનો આશ્રય લે છે તે બ્રહ્મચારી યમ-નિયમાદિ તપનું આચરણ કરીને પોતાના સંપૂર્ણ શરીરને પણ પવિત્ર બનાવી લે છે. તથા આનાથી વિદ્વાન પુરુષ નિશ્ચિતપણે આત્મબળને પ્રાપ્ત કરે છે અને અંત સમયમાં તે મૃત્યુને પણ જીતી લે છે. રાજન્! સકામ પુરુષ પોતાનાં પુણ્યકર્મો દ્વારા નાશવાન લોકોને જ પ્રાપ્ત કરે છે, પરંતુ જે બ્રહ્મને જાણનારો વિદ્વાન છે તે જ તે જ્ઞાન દ્વારા સર્વરૂપ પરમાત્માને પ્રાપ્ત થાય છે. મોક્ષ માટે જ્ઞાન સિવાય બીજો કોઈ માર્ગ નથી. ॥ ૬-૨૪ ॥

ધૃતરાષ્ટ્ર બોલ્યા – વિદ્વાન પુરુષો અહીં સત્યસ્વરૂપ પરમાત્માના જે અમૃત તથા અવિનાશી પરમપદનો સાક્ષાત્કાર કરે છે, તેનું રૂપ કેવું છે? શું તે સફેદ, લાલ અથવા કાજળ જેવું કાળું અથવા સુવર્ણ જેવું પીળા રંગનું પ્રતીત થાય છે? ॥ ૨૫ ॥

સનત્સુજાતે કહ્યું – જો કે શ્વેત, લાલ, કાળું, લોઢાના જેવું અથવા સૂર્ય સમાન પ્રકાશમાન – અનેક પ્રકારનાં રૂપો પ્રતીત થાય છે, તો પણ બ્રહ્મનું વાસ્તવિક રૂપ ન પૃથ્વી પર છે, ન આકાશમાં. સમુદ્રનું જળ પણ તે રૂપને ધારણ કરી શકતું નથી. બ્રહ્મનું તે રૂપ ન તારાઓમાં છે, ન વીજળીને આશ્રિત છે અને ન વાદળાઓમાં પણ જોવા મળે છે. એ જ પ્રમાણે વાયુ, દેવતાઓ, ચંદ્રમા અને સૂર્યમાં પણ તે દેખાતું નથી. રાજન્! ઋગ્વેદની ઋચાઓમાં, યજુર્વેદના મંત્રોમાં, અથર્વવેદના સૂક્તોમાં તથા વિશુદ્ધ સામવેદમાં પણ તે દૃષ્ટિગોચર થતું નથી. રથંતર અને બાર્હદ્રથ નામના સામ (ગાન)માં તથા મહાન વ્રતમાં પણ તેનું દર્શન થતું નથી; કેમકે તે બ્રહ્મ નિત્ય છે. બ્રહ્મના તે સ્વરૂપનો કોઈ પાર પામી શકતું નથી; તે અજ્ઞાનરૂપી અંધકારથી પર છે. મહાપ્રલયમાં બધાનો અંત કરનારો કાળ પણ તેનામાં લીન થઈ જાય છે. તે રૂપ અસ્તરાની ધાર જેવું અત્યંત સૂક્ષ્મ અને પર્વતોથી પણ મહાન છે (અર્થાત્ સૂક્ષ્મથી પણ સૂક્ષ્મતર અને મહાનથી પણ મહાન છે). તે જ બધાનો આધાર છે, તે જ અમૃત છે, તે જ લોક, તે જ યશ તથા તે જ બ્રહ્મ છે. બધા જ ભૂતો તેમાંથી પ્રગટ થયા છે અને તેનામાં જ લીન થાય છે. વિદ્વાનો કહે છે – કાર્યરૂપ જગત્ વાણીનો વિકારમાત્ર છે. પરંતુ જેમાં આ સંપૂર્ણ જગત્ પ્રતિષ્ઠિત છે, તે નિત્ય કારણસ્વરૂપ બ્રહ્મને જે જાણે છે, તેઓ અમર થઈ જાય છે. તે બ્રહ્મ રોગ, શોક અને પાપરહિત છે અને તેનો મહાન યશ સર્વત્ર ફેલાયેલો છે. ॥ ૨૬-૩૧ ॥

—★—

યોગપ્રધાન બ્રહ્મવિદ્યાનું પ્રતિપાદન
(સનત્સુજાતીય – પાંચમો અધ્યાય)

સનત્સુજાતજી કહે છે – રાજન્! શોક, ક્રોધ, લોભ, કામ, માન, વધારે નિદ્રા, ઈર્ષ્યા, મોહ, તૃષ્ણા, કાયરતા, ગુણોમાં દોષદૃષ્ટિ અને નિંદા કરવી – આ બાર મહાન દોષો મનુષ્યોને માટે પ્રાણનાશક છે. રાજેન્દ્ર! એક-એક કરીને આ બધા દોષો મનુષ્યને પ્રાપ્ત થાય છે, જેનાથી આવેશમાં આવીને મૂઢબુદ્ધિનો મનુષ્ય પાપકર્મ કરવા માંડે છે. લોભી, ક્રૂર, કઠોરભાષી, કૃપણ, મનમાં જ ક્રોધ કરનારો અને આત્મપ્રશંસક – આ છ પ્રકારના મનુષ્યો નિશ્ચિતપણે ક્રૂરકર્મી હોય છે. એઓ ધન પ્રાપ્ત કરીને પણ સારો વર્તાવ કરતા નથી. સંભોગમાં મન લગાડનારા, વિષમતા રાખનારા, અત્યંત અભિમાની, થોડું આપીને મોટી ડિંગ હાંકવાવાળા, કૃપણ, દુર્બળ હોવા છતાં પણ પોતાની બહુ બડાઈ કરનારા અને સ્ત્રીઓથી સદા દ્વેષ કરનારા – આ સાત પ્રકારના મનુષ્યોને પાપી અને ક્રૂર કહેવામાં આવ્યા છે. ધર્મ, સત્ય, તપ, ઇન્દ્રિયસંયમ, દ્વેષ ન કરવો, લજ્જા, સહનશીલતા, કોઈના દોષ ન જોવા, દાન, શાસ્ત્રજ્ઞાન, ધૈર્ય અને ક્ષમા – આ બ્રાહ્મણના બાર મહાન વ્રત છે. જે આ બાર વ્રતોથી ક્યારેય ચ્યુત થતો નથી, તે સંપૂર્ણ પૃથ્વી પર શાસન કરી શકે છે. આમનામાં ત્રણ, બે અથવા એક ગુણ પણ જેનામાં હોય તેનું પોતાનું કશું પણ નથી હોતું - એમ સમજવું. (અર્થાત્ તેની કોઈ પણ પદાર્થમાં મમતા હોતી નથી.) ઇન્દ્રિયનિગ્રહ, ત્યાગ અને અપ્રમાદમાં અમૃતસિદ્ધિ રહેલી છે. બ્રહ્મ જ જેમનું મુખ્ય લક્ષ્ય છે, તેવા બુદ્ધિમાન બ્રાહ્મણોનાં આ જ મુખ્ય સાધન છે. સાચી હોય કે ખોટી, બીજાની નિંદા કરવી બ્રાહ્મણ માટે શોભાસ્પદ નથી. જે લોકો બીજાની નિંદા કરે છે, તેઓ અવશ્ય નરકમાં પડે છે. મદના અઢાર દોષ છે જેનો ઉલ્લેખ પહેલાં કરવા છતાં પણ સ્પષ્ટરૂપે કહેવામાં આવ્યા ન હતા – લોકવિરોધી કાર્ય કરવું, શાસ્ત્રને પ્રતિકૂળ આચરણ કરવું, ગુણીજનો પર દોષારોપણ, અસત્ય બોલવું, કામ, ક્રોધ, પરાધીનતા, બીજાના દોષ ઉજાગર કરવા, ચુગલી કરવી, ધનનો દુરુપયોગ, ક્લેશ, દાહ, પ્રાણીઓને કષ્ટ આપવું, ઈર્ષ્યા, હર્ષ, વધારે બોલવું, વિવેક-શૂન્યતા તથા ગુણોમાં દોષ જોવાનો સ્વભાવ. તેથી વિદ્વાન પુરુષોએ મદને વશ થવું ન જોઈએ; કેમકે સત્પુરુષો આની હંમેશાં નિંદા કરે છે. મિત્રતાના છ ગુણ છે, જે અવશ્ય જાણવા જોઈએ. મિત્રનું પ્રિય થવાથી પ્રસન્ન થવું અને અપ્રિય થતાં મનમાં દુઃખ થવું – આ બે ગુણ છે. ત્રીજો ગુણ એ છે કે પોતાનું જે ચિરસંચિત ધન છે તેને મિત્ર માગે તો આપી દેવું. મિત્રને માટે ન માગેલી વસ્તુ પણ અવશ્ય આપવા યોગ્ય થઈ જાય છે; બીજું તો શું, મિત્રના માગવાથી તે શુદ્ધ ભાવથી પોતાનો પ્રિય પુત્ર, વૈભવ તથા પત્નીને પણ તેના હિત માટે ન્યોછાવર કરી દે છે. મિત્રને ધન આપીને પ્રતિઉપકારની કામનાથી તેને ઘેર જવું નહિ - આ ચોથો ગુણ છે. પોતાના પરિશ્રમથી કમાયેલા ધનનો ઉપભોગ કરવો (મિત્રના ધન પર આશા ન રાખવી) – આ પાંચમો ગુણ છે. તથા મિત્રની ભલાઈ માટે પોતાની ભલાઈની ચિંતા ન કરવી - આ છઠ્ઠો ગુણ છે. જે ધનવાન ગૃહસ્થ આ પ્રમાણે ગુણવાન, ત્યાગી અને સાત્ત્વિક હોય છે તે પોતાની પાંચે ઇન્દ્રિયોથી વિષયોને હઠાવી લે છે. જે વૈરાગ્યની ઊણપને કારણે સત્ત્વથી ભ્રષ્ટ થઈ ગયા છે તેવા મનુષ્યોના દિવ્ય લોકોની

પ્રાપ્તિના સંકલ્પથી સંચિત કરેલું આ ઇન્દ્રિયનિગ્રહરૂપી તપ સમૃદ્ધ હોવા છતાં પણ માત્ર ઊર્ધ્વલોકોની પ્રાપ્તિનું કારણ થાય છે (મુક્તિનું) નહિ. કેમકે સત્યસ્વરૂપ બ્રહ્મનો બોધ ન થવાથી જ આ સકામ યજ્ઞોની વૃદ્ધિ થાય છે. કોઈનો આ યજ્ઞ મનથી, કોઈનો વાણીથી અને કોઈનો ક્રિયા દ્વારા સંપન્ન થાય છે. સંકલ્પસિદ્ધ અર્થાત્ સકામ પુરુષથી સંકલ્પરહિત અર્થાત્ નિષ્કામ પુરુષની સ્થિતિ ઊંચી હોય છે, પરંતુ બ્રહ્મવેત્તાની સ્થિતિ તેના કરતાં પણ વિશિષ્ટ છે. આ સિવાય એક વાત બીજી કહું છું, સાંભળો. આ મહત્ત્વપૂર્ણ શાસ્ત્ર પરમયશરૂપ પરમાત્માની પ્રાપ્તિ કરાવનારું છે, શિષ્યોને આનો અભ્યાસ અવશ્ય કરાવવો જોઈએ. પરમાત્માથી ભિન્ન આ બધો દૃશ્યપ્રપંચ વાણીનો વિકારમાત્ર છે - એવું વિદ્વાનો કહે છે. આ યોગશાસ્ત્રમાં આ પરમાત્મવિષયક સંપૂર્ણ જ્ઞાન પ્રતિષ્ઠિત છે; આને જેઓ જાણી લે છે, તેઓ અમર થઈ જાય છે. રાજન્! માત્ર સકામ પુણ્યકર્મો દ્વારા સત્યસ્વરૂપ બ્રહ્મને જીતી શકાતું નથી અથવા જે હવન કે યજ્ઞ કરવામાં આવે છે, તેથી પણ અજ્ઞાની પુરુષ અમરત્વને પામી શકતો નથી. અંતકાળે તેને શાંતિ પણ મળતી નથી. બધી પ્રકારની ચેષ્ટાથી રહિત થઈને એકાંતમાં ઉપાસના કરવી. મનથી પણ કોઈ ચેષ્ટા ન કરવી તથા સ્તુતિથી પ્રેમ અને નિંદાથી ક્રોધ ન કરવો. રાજન્! ઉપર્યુક્ત સાધન કરવાથી મનુષ્ય અહીં જ બ્રહ્મનો સાક્ષાત્કાર કરીને તેમાં સ્થિત થઈ જાય છે. વિદ્વન્! વેદોમાં ક્રમશઃ વિચાર કરીને જે મેં જાણ્યું છે તે જ તમને કહી રહ્યો છું. ॥ ૧-૨૧ ॥

—★—

પરમાત્માનું સ્વરૂપ અને તેમનો યોગીજનો દ્વારા સાક્ષાત્કાર (સનત્સુજાતીય – છઠ્ઠો અધ્યાય)

સનત્સુજાતજી કહે છે – જે પ્રસિદ્ધ બ્રહ્મ છે તે શુદ્ધ, મહાન જ્યોતિર્મય, દેદીપ્યમાન અને વિશાળ યશરૂપ છે; બધા દેવતાઓ તેની જ ઉપાસના કરે છે. તેના જ પ્રકાશથી સૂર્ય પ્રકાશિત થાય છે, તે સનાતન ભગવાનનો યોગીજનો સાક્ષાત્કાર કરે છે. શુદ્ધ સચ્ચિદાનંદ પરબ્રહ્મથી હિરણ્યગર્ભની ઉત્પત્તિ થાય છે તથા તેનાથી જ તે વૃદ્ધિ પામે છે. તે શુદ્ધ જ્યોતિર્મય બ્રહ્મ જ સૂર્ય વગેરે સંપૂર્ણ જ્યોતિઓની ભીતર સ્થિત થઈને પ્રકાશ ફેલાવી રહ્યો છે; તે અન્યથી પ્રકાશિત ન થઈને સ્વયં સર્વનો પ્રકાશક છે, તે જ સનાતન ભગવાનનો યોગીઓ સાક્ષાત્કાર કરે છે. પરમાત્માથી આપ અર્થાત્ પ્રકૃતિ ઉત્પન્ન થઈ, પ્રકૃતિથી સલિલ અર્થાત્ મહત્તત્ત્વ પ્રગટ થયું, તેની અંદર આકાશમાં સૂર્ય અને ચંદ્રમા – આ બે દેવતાઓ આશ્રિત છે. જગતને ઉત્પન્ન કરનાર બ્રહ્મનું જે સ્વયંપ્રકાશ સ્વરૂપ છે, તે જ હંમેશાં સાવધાન રહીને આ બંને દેવતાઓ તથા પૃથ્વી અને આકાશને ધારણ કરે છે. તે સનાતન ભગવાનનો યોગીઓ સાક્ષાત્કાર કરે છે. ઉક્ત બંને દેવતાઓને, પૃથ્વી અને આકાશને, સંપૂર્ણ દિશાઓને તથા આ વિશ્વને તે શુદ્ધ બ્રહ્મ જ ધારણ કરે છે. તેનાથી જ દિશાઓ પ્રગટ થઈ છે, તેનાથી જ સરિતાઓ પ્રવાહિત થાય છે અને તેનાથી જ મોટા મોટા સમુદ્રો પ્રગટ થયા છે. તે સનાતન ભગવાનનો યોગીજનો સાક્ષાત્કાર કરે છે. સ્વયં વિનાશશીલ હોવા છતાં પણ જેનું કર્મ (ભોગવ્યા વિના) નષ્ટ થતું નથી, તે શરીરરૂપી

રથના મનરૂપી ચક્રમાં જોતરેલા ઇન્દ્રિયોરૂપી ઘોડા બુદ્ધિમાન, દિવ્ય અને અજર (નિત્યનવીન) જીવાત્માને જે પરમાત્મા તરફ લઈ જાય છે, તે સનાતન ભગવાનનો યોગીજનો સાક્ષાત્કાર કરે છે. તે પરમાત્માના સ્વરૂપ સાથે કોઈ બીજાની તુલના કરી શકાય નહિ. તેને કોઈ ચર્મચક્ષુથી જોઈ શકતું નથી. જેઓ નિશ્ચયાત્મિકા બુદ્ધિથી, મનથી અને હૃદયથી તેને જાણી લે છે, તેઓ અમર થઈ જાય છે; તે સનાતન ભગવાનનો યોગીઓ સાક્ષાત્કાર કરે છે. દસ ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ – આ બારનો સમૂહ જેની અંદર મોજૂદ છે તથા જે પરમાત્માથી સુરક્ષિત છે તે અવિદ્યા નામની નદીના વિષયોરૂપી મધુર જળને જોનારા અને પીનારા લોકો સંસારમાં ભયંકર દુર્ગતિને પ્રાપ્ત થાય છે; એનાથી મુક્ત કરવાવાળા તે સનાતન પરમાત્માનો યોગીજનો સાક્ષાત્કાર કરે છે. જેમ મધમાખી અડધા મહિના સુધી મધ એકઠું કરીને બાકીનો અડધો મહિનો તેને પીતી રહે છે, એ જ પ્રમાણે આ ભ્રમણશીલ સંસારી જીવ પૂર્વજન્મનાં સંચિત કર્મોને આ જન્મમાં ભોગવે છે. પરમાત્માએ સમસ્ત પ્રાણીઓ માટે તેમનાં કર્માનુસાર અન્નની વ્યવસ્થા કરી રાખી છે; તે સનાતન ભગવાનનો યોગીજનો સાક્ષાત્કાર કરે છે. જેનાં વિષયરૂપી પાંદડાં સોનાં જેવાં મનોહર દેખાય છે, તે સંસારરૂપી અશ્વત્થ (પીપળા) વૃક્ષ પર આરૂઢ થઈને પાંખો વિનાનો જીવ કર્મરૂપી પાંખો ધારણ કરીને પોતાની વાસના અનુસાર વિભિન્ન યોનિઓમાં જાય છે; પરંતુ જેના જ્ઞાનથી જીવોની મુક્તિ થાય છે, તે સનાતન પરમાત્માનો યોગીજનો સાક્ષાત્કાર કરે છે. પૂર્ણ પરમેશ્વરથી પૂર્ણ – ચરાચર પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, પૂર્ણથી જ તે પૂર્ણ પ્રાણીઓ ચેષ્ટા કરે છે, પછી પૂર્ણમાંથી પૂર્ણ બ્રહ્મમાં તેમનો ઉપસંહાર થાય છે, તથા અંતમાં એકમાત્ર પૂર્ણબ્રહ્મ જ શેષ રહે છે; તે સનાતન પરમાત્માનો યોગીજનો સાક્ષાત્કાર કરે છે. તે પૂર્ણ બ્રહ્મથી જ વાયુનો આવિર્ભાવ થયો છે અને તેમાં જ તેની સ્થિતિ છે. તેનાથી જ અગ્નિ અને સોમની (ચન્દ્રમાની) ઉત્પત્તિ થઈ છે તથા તેમાં જ આ પ્રાણનો વિસ્તાર થયો છે. ક્યાં સુધી કહું, અમે અલગ-અલગ વસ્તુઓનું નામ બતાવવામાં અસમર્થ છીએ, તમે એટલું જ સમજો કે જે કાંઈ છે તે બધું પરમાત્માથી જ પ્રગટ થયું છે તે સનાતન ભગવાનનો યોગીલોકો સાક્ષાત્કાર કરે છે. અપાનને પ્રાણ પોતાનામાં લીન કરી લે છે. પ્રાણને ચન્દ્રમા, ચન્દ્રમાને સૂર્ય અને સૂર્યને પરમાત્મા પોતાનામાં લીન કરી લે છે; તે સનાતન પરમેશ્વરનો યોગીજનો સાક્ષાત્કાર કરે છે. આ સંસાર-સાગરથી ઉપર ઊઠેલો હંસરૂપ પરમાત્મા પોતાના એક અંશને ઉપર ઉઠાવતો નથી; જો તેને પણ ઉપર ઉઠાવી લે તો બધાનાં બંધન અને મોક્ષ સદાને માટે મટી જાય. તે સનાતન પરમાત્માનો યોગીજનો સાક્ષાત્કાર કરે છે. હૃદયદેશમાં સ્થિત તે અંગુષ્ઠમાત્ર અંતર્યામી પરમાત્મા લિંગશરીરના સંબંધથી જીવાત્મારૂપે સદા જન્મ-મરણને પ્રાપ્ત થાય છે. તે બધાના શાસક, સ્તુતિ કરવા યોગ્ય, સર્વસમર્થ, સર્વના આદિકારણ અને સર્વત્ર વિરાજમાન પરમેશ્વરને મૂઢ લોકો જોઈ શકતા નથી; પરંતુ યોગીજનો તે સનાતન પરમેશ્વરનો સાક્ષાત્કાર કરે છે. કોઈ સાધનસંપન્ન હોય કે સાધનહીન, બધા મનુષ્યોમાં સમાનરૂપે આ બ્રહ્મ દૃષ્ટિગોચર થાય છે. એ બદ્ધ અને મુક્તમાં પણ સમભાવે સ્થિત છે; ફરક એટલો જ છે કે એ બંનેમાંથી જે મુક્ત પુરુષો છે તે આનંદના સ્રોત એવા પરમાત્માને પ્રાપ્ત થઈ જાય છે. તે જ સનાતન ભગવાનનો યોગી

લોકો સાક્ષાત્કાર કરે છે. વિદ્વાન પુરુષ બ્રહ્મવિદ્યા દ્વારા આ લોક અને પરલોક બંનેને વ્યાપ્ત કરીને બ્રહ્મભાવને પ્રાપ્ત થાય છે. તે સમયે તેના દ્વારા જો અગ્નિહોત્ર વગેરે કર્મો ન પણ થયાં હોય તો પણ તેમને પૂર્ણ માનવામાં આવે છે. રાજન્! આ બ્રહ્મવિદ્યા તમારામાં લઘુતા ન આવવા દે તથા આના દ્વારા તમને તે પ્રજ્ઞા પ્રાપ્ત થાય, જેને ધીર પુરુષો જ પ્રાપ્ત કરે છે. તે જ પ્રજ્ઞા દ્વારા યોગીલોકો તે સનાતન પરમાત્માનો સાક્ષાત્કાર કરે છે. આ પ્રમાણે પરમાત્માને પ્રાપ્ત થયેલો મહાત્મા પુરુષ અગ્નિને પોતાનામાં ધારણ કરી લે છે. તે પૂર્ણ પરમેશ્વરને જે જાણી લે છે, તે કૃતકૃત્ય થઈ જાય છે. તે સનાતન પરમાત્માનો યોગીઓ સાક્ષાત્કાર કરે છે. કોઈ મન જેવા વેગવાળો કેમ ન હોય, અને દસ લાખ પાંખો લગાડીને પણ કેમ ન ઊડતો હોય, છેવટે તો તેને હૃદયમાં સ્થિત પરમાત્મામાં જ આવવું પડશે. તે સનાતન પરમાત્માનો યોગીઓ સાક્ષાત્કાર કરે છે. આ પરમાત્માનું સ્વરૂપ જોવા નથી મળતું; જેમનું અંતઃકરણ અત્યંત વિશુદ્ધ છે, તેઓ જ તેને જોઈ શકે છે. જેઓ સર્વના હિતૈષી અને મનને વશમાં રાખનારા છે તથા જેમનાં મનમાં કદી દુઃખ થતું નથી એવા સંન્યાસીઓ મુક્ત થઈ જાય છે. તે સનાતન પરમાત્માનો યોગીઓ સાક્ષાત્કાર કરે છે. જેમ સાપ બોડનો આશ્રય લઈને પોતાને છુપાવી રાખે છે, તે જ પ્રમાણે કેટલાક દંભી મનુષ્યો પોતાના જ્ઞાન અને વ્યવહારની આડમાં પોતાનાં ગૂઢ પાપોને છુપાવી રાખે છે. મૂર્ખ માણસો તેમના પર વિશ્વાસ મૂકીને અત્યંત મોહિત થઈ જાય છે અને જે યથાર્થ માર્ગે એટલે કે પરમાત્માના માર્ગે ચાલનારા છે, તેમને પણ તેઓ ભયભીત કરવા માટે મોહિત કરવાની ચેષ્ટા કરે છે; પરંતુ યોગીઓ ભગવત્કૃપાથી તેમની ચુંગાલમાં ન આવતાં પરમાત્માનો જ સાક્ષાત્કાર કરે છે. રાજન્! હું કદી કોઈના અસત્કારને પાત્ર થતો નથી. ન મારું મૃત્યુ થાય છે કે ન જન્મ, પછી મોક્ષ તો થાય જ ક્યાંથી? (કેમકે હું નિત્યમુક્ત બ્રહ્મ છું.) એકમાત્ર હું જ સત્ અને અસત્‌ની ઉત્પત્તિનું સ્થાન છું. મારા સ્વરૂપભૂત તે સનાતન પરમાત્માનો યોગીજનો સાક્ષાત્કાર કરે છે. પરમાત્માનો ન તો શ્રેષ્ઠ કર્મોથી સંબંધ છે કે ન હીન કર્મોથી. આવી વિષમતા તો દેહાભિમાની મનુષ્યોમાં જ જોવા મળે છે. બ્રહ્મનું સ્વરૂપ સર્વત્ર સમાન જ સમજવું જોઈએ. આ પ્રમાણે જ્ઞાનયોગથી યુક્ત થઈને તે આનંદમય બ્રહ્મને પ્રાપ્ત કરવાની જ ઇચ્છા કરવી. તે સનાતન પરમાત્માનો યોગીજનો સાક્ષાત્કાર કરે છે. તે બ્રહ્મવેત્તા પુરુષના હૃદયને નિંદાનાં વાક્યો સંતપ્ત કરતાં નથી. 'મેં સ્વાધ્યાય નથી કર્યો, અગ્નિહોત્ર નથી કર્યું' વગેરે વાતો પણ તેના મનને ક્લેશ પહોંચાડી શકતી નથી. બ્રહ્મવિદ્યા તરત જ તેને એવી સ્થિર બુદ્ધિ પ્રદાન કરે છે, જેને ધીર પુરુષો જ પ્રાપ્ત કરતા હોય છે. તે બુદ્ધિ દ્વારા જે પ્રાપ્ત કરવા યોગ્ય છે, તે સનાતન પરમાત્માનો યોગીજનો સાક્ષાત્કાર કરે છે. ॥ ૧-૨૪ ॥

આ પ્રમાણે જે સમસ્ત ભૂતોમાં પરમાત્માને નિરંતર જુએ છે, તે આવી દૃષ્ટિ પ્રાપ્ત થઈ જતાં, અન્ય વિષય-ભોગોમાં આસક્ત એવા મનુષ્યોને માટે શો શોક કરે? જેમ ચારે બાજુથી જળથી પરિપૂર્ણ જળાશય પ્રાપ્ત થઈ જતાં જળ માટે અન્યત્ર જવાની આવશ્યકતા રહેતી નથી, તે જ પ્રમાણે આત્મજ્ઞાની માટે સંપૂર્ણ વેદોની જરૂર રહેતી નથી. આ અંગુષ્ઠમાત્ર અંતર્યામી પરમાત્મા બધાના હૃદયમાં સ્થિત છે, પરંતુ કોઈને દેખાતો નથી. તે અજન્મા, ચરાચરસ્વરૂપ

અને રાત-દિવસ સાવધાન રહેનારો છે. જે તેને જાણી લે છે, તે વિદ્વાન પરમાનંદમાં લીન થઈ જાય છે. ॥ ૨૫-૨૭ ॥

ધૃતરાષ્ટ્ર! હું જ બધાની માતા અને પિતા છું, હું જ પુત્ર છું અને બધાનો આત્મા પણ હું જ છું. જે છે, તે પણ અને જે નથી, તે પણ હું જ છું. ભારત! હું જ તમારો વૃદ્ધ પિતામહ, પિતા અને પુત્ર છું. તમે બધા લોકો મારા જ આત્મામાં સ્થિત છો; છતાં ન તમે મારા છો, કે ન હું તમારો છું. (કેમ કે આત્મા એક જ છે.) આત્મા જ મારું સ્થાન છે અને આત્મા જ મારો જન્મ (ઉદ્‌ગમ) છે. હું બધામાં ઓતપ્રોત અને પોતાના નજર નિત્ય-નૂતન મહિમામાં સ્થિત છું. હું અજન્મા, ચરાચરસ્વરૂપ તથા દિવસ-રાત સાવધાન રહેનારો છું. મને જાણીને વિદ્વાન પુરુષ પરમ પ્રસન્ન થઈ જાય છે. પરમાત્મા સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ તથા વિશુદ્ધ મનવાળો છે, તે જ બધા પ્રાણીઓમાં અંતર્યામીરૂપે વિરાજમાન છે. સઘળાં પ્રાણીઓના હૃદયકમળમાં સ્થિત તે પરમ પિતાને વિદ્વાન પુરુષો જ જાણે છે. ॥ ૨૮-૩૧ ॥

—★—

સંજયે કૌરવોની સભામાં આવીને દુર્યોધનને અર્જુનનો સંદેશો કહેવો

વૈશમ્પાયનજી કહે છે – રાજન્! આ પ્રમાણે ભગવાન સનત્સુજાત અને બુદ્ધિમાન વિદુરજી સાથે વાતચીત કરતાં રાજા ધૃતરાષ્ટ્રની સંપૂર્ણ રાત્રિ પસાર થઈ ગઈ. પ્રાતઃકાળ થતાં જ દેશ-દેશાંતરથી આવેલા બધા રાજાઓ તથા ભીષ્મ, દ્રોણ, કૃપ, શલ્ય, કૃતવર્મા, જયદ્રથ, અશ્વત્થામા, વિકર્ણ, સોમદત્ત, બાહ્‌લીક, વિદુર અને યુયુત્સુએ મહારાજ ધૃતરાષ્ટ્ર સાથે તથા દુઃશાસન, ચિત્રસેન, શકુનિ, દુર્મુખ, દુઃસહ, કર્ણ, ઉલૂક અને વિવિંશતિએ કુરુરાજ દુર્યોધન સાથે સભામાં પ્રવેશ કર્યો. તેઓ બધા સંજયના મુખે પાંડવોની ધર્મ-અર્થથી યુક્ત વાતો સાંભળવા માટે ઉત્સુક હતા. સભામાં પહોંચીને તેઓ બધા પોતપોતાની મર્યાદાનુસાર આસન પર બેસી ગયા. દરમિયાન દ્વારપાલે સૂચના આપી કે સંજય સભાના દ્વાર પર આવી ગયા છે. સંજય તરત જ રથમાંથી ઊતરીને સભામાં આવ્યા અને કહેવા લાગ્યા, 'કૌરવો! હું પાંડવો પાસેથી આવી રહ્યો છું. તેમણે ઉંમર પ્રમાણે બધા કૌરવોને યથાયોગ્ય કહ્યું છે.'

ધૃતરાષ્ટ્રે પૂછ્યું – 'સંજય! હું એ પૂછું છું કે ત્યાં બધા રાજાઓની વચ્ચે દુરાત્માઓને પ્રાણદંડ આપનારા અર્જુને શું કહ્યું હતું?

સંજયે કહ્યું – રાજન્! ત્યાં શ્રીકૃષ્ણની સામે મહારાજ યુધિષ્ઠિરની સંમતિથી મહાત્મા અર્જુને જે શબ્દો કહ્યા છે, તેમને કુરુરાજ દુર્યોધન સાંભળી લે. તેમણે કહ્યું છે કે, 'જે કાળના જડબામાં જનારો, મંદબુદ્ધિ મહામૂઢ સૂતપુત્ર હંમેશાં મારી સાથે યુદ્ધ કરવાની ડિંગ હાંકતો રહ્યો છે, તે કટુભાષી દુરાત્મા કર્ણને સંભળાવીને તથા જે રાજાઓને પાંડવો સાથે યુદ્ધ કરવા બોલાવવામાં આવ્યા છે, તેમને સંભળાવીને તમે મારો સંદેશો આ પ્રમાણે કહેજો, જેથી મંત્રીઓ સાથે રાજા દુર્યોધન તેને પૂરેપૂરો સાંભળી શકે.' ગાંડીવધારી અર્જુન યુદ્ધ માટે ઉત્સુક દેખાતો હતો. તેણે આંખો લાલ કરીને કહ્યું છે – 'જો દુર્યોધન મહારાજ યુધિષ્ઠિરનું રાજ્ય છોડવા માટે તૈયાર ન હોય તો તો અવશ્ય ધૃતરાષ્ટ્રના પુત્રોનું કોઈ એવું પાપકર્મ છે, જેનું ફળ તેમણે ભોગવવાનું બાકી

છે. જો દુર્યોધન ચાહતો હોય કે કૌરવોનું ભીમ, અર્જુન, નકુળ, સહદેવ, શ્રીકૃષ્ણ, સાત્યકિ, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, અને પોતાના સંકલ્પમાત્રથી પૃથ્વી અને આકાશને ભસ્મ કરી શકનારા મહારાજ યુધિષ્ઠિરની સાથે યુદ્ધ થાય તો ઠીક છે; એનાથી તો પાંડવોનો સંપૂર્ણ મનોરથ પૂરો થઈ જશે. પાંડવોના હિતની દૃષ્ટિથી તમારે સંધિ કરવાની કોઈ જરૂર નથી, પછી તો યુદ્ધ જ થવા દો. મહારાજ યુધિષ્ઠિર તો નમ્રતા, સરળતા, તપ, દમ, ધર્મરક્ષા તથા બળ – આ બધા ગુણોથી સંપન્ન છે. તેઓ ઘણા દિવસથી અનેક પ્રકારનાં કષ્ટ ઉઠાવી રહ્યા હોવા છતાં પણ સત્ય જ બોલે છે તથા તમારા લોકોના કપટ-વ્યવહારોને સહન કરતા રહે છે. પરંતુ જ્યારે તેઓ અનેક વર્ષોથી એકઠા થયેલા પોતાના ક્રોધને કૌરવો પર છોડશે, તે સમયે દુર્યોધનને પસ્તાવું પડશે. જે સમયે દુર્યોધન રથમાં બેઠેલા ગદાધારી ભીમસેનને અત્યંત વેગથી ક્રોધરૂપી વિષ ઓકતાં જોશે, તે સમયે તેને યુદ્ધ કરવા માટે અવશ્ય પશ્ચાત્તાપ થશે. જે રીતે ઘાસની ઝૂંપડીઓનું ગામ આગમાં બળીને ભસ્મ થઈ જાય છે, તેવી જ દશા કૌરવોની જોઈને તથા પોતાની વિશાળ સેનાને છિન્ન-ભિન્ન જોઈને તથા ભીમસેનના શસ્ત્રાગ્નિથી દાઝીને કેટલાય વીરોને ધરાશાયી અને કેટલાય વીરોને ભયથી ભાગતા જોઈને દુર્યોધનને યુદ્ધ શરૂ કરવા માટે અવશ્ય પસ્તાવું પડશે. જ્યારે અદ્‌ભુત યોદ્ધો નકુળ યુદ્ધભૂમિમાં શત્રુઓનાં માથાં કાપીને તેનો ઢેર ખડકી દેશે, જ્યારે લજ્જાશીલ વીર સહદેવ શત્રુઓનો સંહાર કરતો રહીને શકુનિ પર આક્રમણ કરશે અને જ્યારે દુર્યોધન દ્રૌપદીના પાંચ મહાન શૂરવીર અને રથયુદ્ધવિશારદ પુત્રોને કૌરવો પર હુમલો કરતાં જોશે ત્યારે તેને યુદ્ધનો તત્પરતાથી આરંભ કરવા માટે અવશ્ય દુઃખ થશે. અભિમન્યુ તો સાક્ષાત્ શ્રીકૃષ્ણના જેવો જ બળવાન છે; જ્યારે તે અસ્ત્ર-શસ્ત્રથી સજ્જ થઈને મેઘોની જેમ બાણવૃષ્ટિ કરીને શત્રુઓને સંતપ્ત કરશે, તે વખતે દુર્યોધનને યુદ્ધના નિર્ણય માટે અવશ્ય પસ્તાવો થશે. જે સમયે વૃદ્ધ મહારથી વિરાટ અને દ્રુપદ પોતપોતાની સેનાઓ સાથે સુસજ્જ થઈને સેનાસહિત ધૃતરાષ્ટ્રના પુત્રો પર દૃષ્ટિ નાખશે તે સમયે દુર્યોધનને પશ્ચાત્તાપ જ કરવો પડશે. જ્યારે કૌરવોમાં અગ્રગણ્ય સંતશિરોમણિ મહાત્મા ભીષ્મ શિખંડીના હાથે મરાઈ જશે ત્યારે હું સત્ય કહું છું, મારા શત્રુ બચી નહિ શકે. આમાં તમે લગીરે શંકા કરશો નહિ. જ્યારે અતુલિત તેજસ્વી સેનાપતિ ધૃષ્ટદ્યુમ્ન પોતાનાં બાણોથી ધૃતરાષ્ટ્રના પુત્રોને પીડિત કરીને દ્રોણાચાર્ય પર આક્રમણ કરશે ત્યારે યુદ્ધના નિર્ણય માટે દુર્યોધનને પસ્તાવું પડશે. સોમકવંશમાં શ્રેષ્ઠ મહાબલી સાત્યકિ જે સેનાના નાયક છે, તેના વેગને શત્રુઓ કદી સહી શકશે નહિ. તમે દુર્યોધનને કહેજો કે, 'હવે તમે રાજ્યની આશા છોડી દો.' કેમકે અમે શિનિના પૌત્ર, યુદ્ધમાં અજોડ રથી, મહાબળી સાત્યકિને અમારો સહાયક બનાવી લીધો છે. તે બધી રીતે નિર્ભય અને અસ્ત્ર-શસ્ત્ર-સંચાલનમાં પારંગત છે. જે સમયે દુર્યોધન રથમાં ગાંડીવ ધનુષ્ય, શ્રીકૃષ્ણ અને તેમના દિવ્ય પાંચજન્ય શંખ, ઘોડા, બે અક્ષય ભાથાં, દેવદત્ત શંખ અને મને જોશે તે સમયે તેને યુદ્ધ માટે પસ્તાવું જ પડશે. જે સમયે યુદ્ધ કરવા માટે એકઠા થયેલા તે લુટારાઓને નષ્ટ કરીને નવા યુગનાં મંડાણ કરવા માટે હું અગ્નિ જેવો પ્રજ્વલિત થઈને કૌરવોને ભસ્મ કરવા લાગીશ, તે સમયે પુત્રોસહિત મહારાજ ધૃતરાષ્ટ્રને

પણ ઘણું કષ્ટ થશે. દુર્યોધનનું બધું અભિમાન ઓગળી જશે અને પોતાના ભાઈ, સેના તથા સેવકો સાથે રાજ્યથી ભ્રષ્ટ થઈને તે મંદબુદ્ધિ વેરીઓના હાથે માર ખાઈને ધ્રૂજવા લાગશે તથા તેને ભારે પશ્ચાત્તાપ થશે. મેં વજ્રધારી ઈન્દ્ર પાસે એવું વરદાન માગ્યું હતું કે આ યુદ્ધમાં શ્રીકૃષ્ણ મારા સહાયક થાય.

"એક વાર દિવસના પહેલા પહોરે હું જપ કરવા બેઠો હતો ત્યારે એક બ્રાહ્મણે મને આવીને કહ્યું – 'અર્જુન! તમારે દુષ્કર કર્મ કરવાનું છે, પોતાના શત્રુઓ સાથે યુદ્ધ કરવાનું છે. તમે શું ઈચ્છો છો. ઉચ્ચૈઃશ્રવા ઘોડા પર બેસીને હાથમાં વજ્ર ધારણ કરીને ઈન્દ્ર તમારા શત્રુઓનો નાશ કરતા કરતા આગળ-આગળ ચાલે, અથવા સુગ્રીવ વગેરે ઘોડાઓથી યુક્ત દિવ્ય રથ પર બેઠેલા ભગવાન શ્રીકૃષ્ણ તમારી રક્ષા કરતા રહીને પાછળ-પાછળ ચાલે?' તે સમયે મેં વજ્રધારી ઈન્દ્રને છોડીને આ યુદ્ધમાં સહાયકરૂપે શ્રીકૃષ્ણનું જ વરણ કર્યું. આ પ્રમાણે આ ડાકુઓના વધ માટે મને શ્રીકૃષ્ણ મળી ગયા છે. એવું લાગે છે કે આ દેવતાઓનું જ કરેલું વિધાન છે. શ્રીકૃષ્ણ ભલે ને યુદ્ધ ન કરે, છતાં પણ જો તેઓ મનથી જ કોઈના જયનો સંકલ્પ કરે તો તે પોતાના શત્રુઓને અવશ્ય પરાસ્ત કરી દેશે; ભલે ને દેવતાઓ અને ઈન્દ્ર જ તેના શત્રુ કેમ ન હોય, પછી મનુષ્યોની તો વાત જ ક્યાં છે? આ શ્રીકૃષ્ણે આકાશમાં વિચરનારા સૌભયાનના સ્વામી, મહાભયંકર અને માયાવી રાજા શાલ્વ સાથે યુદ્ધ કર્યું હતું અને સૌભના દરવાજા પર જ શાલ્વે છોડેલી શતઘ્નીને હાથ વડે પકડી લીધી હતી. ભલા, એમના વેગને કયો મનુષ્ય સહન કરી શકે છે? હું રાજ્યપ્રાપ્તિની ઈચ્છાથી પિતામહ ભીષ્મ, પુત્રસહિત આચાર્ય દ્રોણ અને અનુપમ વીર કૃપાચાર્યને પ્રણામ કરીને યુદ્ધ કરીશ. મારા વિચાર પ્રમાણે તો જે કોઈ પાપાત્મા આ યુદ્ધમાં પાંડવો સાથે લડશે તેનું નિધન ધર્માનુસાર નિશ્ચિત જ છે. કૌરવો! હું તમને સ્પષ્ટ કહું છું કે ધૃતરાષ્ટ્રના પુત્રોનું જીવન જો બચાવવું હોય તો યુદ્ધથી દૂર રહેવાથી જ એ સંભવ છે; યુદ્ધ થશે તો તો કોઈ બચવાનું નથી. એ વાત નિશ્ચિત છે કે હું યુદ્ધભૂમિમાં કર્ણ અને ધૃતરાષ્ટ્રના પુત્રોને મારીને કૌરવોનું સમગ્ર રાજ્ય જીતી લઈશ. જે પ્રમાણે અજાતશત્રુ મહારાજ યુધિષ્ઠિર શત્રુઓના સંહારમાં અમારા મનોરથને સફળ થયેલો માની રહ્યા છે, તે જ પ્રમાણે અદૃષ્ટના જ્ઞાતા (ભાગ્ય વિધાતા) શ્રીકૃષ્ણને પણ એમાં કોઈ સંદેહ નથી. હું સ્વયં પણ સાવધાન થઈને મારી બુદ્ધિથી જોઉં છું તો મને આ યુદ્ધનું ભવિષ્ય એવું જ દેખાય છે. મારી યોગદૃષ્ટિ પણ ભવિષ્યનું દર્શન કરવામાં ભૂલ કરતી નથી. મને સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે યુદ્ધ કરવાથી ધૃતરાષ્ટ્રના પુત્રો જીવતા રહેશે નહિ. જે પ્રમાણે ગ્રીષ્મ ઋતુમાં અગ્નિ પ્રજ્વલિત થઈને ગીચ વનને બાળી નાખે છે, તે પ્રમાણે હું અસ્ત્રવિદ્યાના વિભિન્ન સંચાલનથી સ્થૂણાકર્ણ, પાશુપતાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર અને ઈન્દ્રાસ્ત્રાદિ મહાન અસ્ત્રોનો પ્રયોગ કરીને કોઈને જીવતા નહિ છોડું. સંજય! તમે તેમને સ્પષ્ટ કહી દેજો કે મારો આ દૃઢ અને ઉત્તમ નિશ્ચય છે અને મને આવું કરવાથી જ શાંતિ મળશે. તેથી તેમણે વૃદ્ધ ભીષ્મજી, કૃપાચાર્ય, દ્રોણાચાર્ય, અશ્વત્થામા અને બુદ્ધિમાન વિદુરજી કહે તે પ્રમાણે જ કરવું જોઈએ. તેવું કરવાથી જ કૌરવો જીવતા રહી શકશે."

—★—

કર્ણ, ભીષ્મ અને દ્રોણની સંમતિ તથા સંજય દ્વારા પાંડવપક્ષના વીરોનું વર્ણન

વૈશમ્પાયનજી કહે છે – ભરતનંદન! એ સમયે કૌરવોની સભામાં બધા રાજાઓ એકત્રિત થયેલા હતા. સંજયનું વક્તવ્ય સમાપ્ત થયા પછી શાંતનુનંદન ભીષ્મે દુર્યોધનને કહ્યું, "એક વાર બૃહસ્પતિ, શુક્રાચાર્ય તથા ઈન્દ્ર વગેરે દેવતાઓ બ્રહ્માજી પાસે ગયા અને તેમની ચારે બાજુ વીંટળાઈને બેસી ગયા. તે જ સમયે બે પ્રાચીન ઋષિઓ પોતાના તેજથી બધાનાં ચિત્ત અને તેજને ઝાંખું પાડીને બધાને ઓળંગીને ચાલ્યા ગયા. બૃહસ્પતિજીએ બ્રહ્માજીને પૂછ્યું કે, 'આ બંને કોણ હતા? જે તમારી ઉપાસના કર્યા વિના જ ચાલ્યા ગયા?' ત્યારે બ્રહ્માજીએ જણાવ્યું કે, આ પ્રબલ પરાક્રમી નર-નારાયણ ઋષિ છે, જે પોતાના તેજથી પૃથ્વી અને સ્વર્ગને પ્રકાશિત કરી રહ્યા છે. તેમણે પોતાનાં કર્મથી સંપૂર્ણ લોકોના આનંદને વધાર્યો છે. તેમણે પરસ્પર અભિન્ન હોવા છતાં અસુરોનો વિનાશ કરવા માટે બે શરીર ધારણ કર્યાં છે. એ અત્યંત બુદ્ધિમાન અને શત્રુઓને સંતપ્ત કરનારા છે. સઘળા દેવતાઓ અને ગંધર્વો તેમની પૂજા કરે છે.' 'સાંભળ્યું છે કે આ યુદ્ધમાં જે અર્જુન અને શ્રીકૃષ્ણ એકત્ર છે, એ બંને નર-નારાયણ નામના પ્રાચીન દેવતાઓ જ છે. એમને આ સંસારમાં ઈન્દ્રસહિત દેવતાઓ અને અસુરો પણ જીતી શકતા નથી. એમનામાં શ્રીકૃષ્ણ નારાયણ છે અને અર્જુન નર છે. વાસ્તવમાં નારાયણ અને નર – એ બે રૂપોમાં એક જ વસ્તુ છે. ભાઈ દુર્યોધન! જે સમયે તમે શંખ, ચક્ર અને ગદા ધારણ કરેલા શ્રીકૃષ્ણને અને અનેક શસ્ત્ર-અસ્ત્ર અને ભયંકર ગાંડીવ ધનુષ્ય લઈને અર્જુનને એક જ રથમાં બેઠેલા જોશો, તે સમયે તમને મારી વાત યાદ આવશે. જો તમે મારી વાત પર ધ્યાન નહિ આપો તો સમજી લેજો કે કૌરવોનો અંત આવી ગયો છે તથા તમારી બુદ્ધિ અર્થ અને ધર્મથી ભ્રષ્ટ થઈ ગઈ છે. તમને તો ત્રણ જણાની જ સલાહ યોગ્ય લાગે છે – એક તો અધમજાતિના સૂતપુત્ર કર્ણની, બીજા સુબલપુત્ર શકુનિની અને ત્રીજા પોતાના ક્ષુદ્રબુદ્ધિના પાપાત્મા ભાઈ દુઃશાસનની."

આ સાંભળીને **કર્ણ બોલી ઊઠ્યો** – પિતામહ! તમે જેવી વાત કહી રહ્યા છો, તે તમારા જેવા વયોવૃદ્ધના મુખેથી શોભતી નથી. હું ક્ષાત્રધર્મમાં સ્થિત રહું છું અને ક્યારેય મારા ધર્મનો પરિત્યાગ કરતો નથી. મારો એવો કયો દુરાચાર છે, જેના કારણે તમે મારી નિંદા કરી રહ્યા છો? મેં દુર્યોધનનું ક્યારેય કોઈ અનિષ્ટ કર્યું નથી અને હું એકલો જ યુદ્ધમાં મારી સામે આવેલા બધા પાંડવોને મારી નાખીશ.

કર્ણની વાત સાંભળીને પિતામહ ભીષ્મે રાજા ધૃતરાષ્ટ્રને સંબોધિત કરીને કહ્યું – કર્ણ જે હંમેશાં એવું કહેતો રહે છે કે 'હું પાંડવોને મારી નાખીશ.' તો આ પાંડવોના સોળમા ભાગની તોલે પણ નથી. તમારા દુષ્ટ પુત્રોને જે અનિષ્ટ ફળ મળવાનું છે, તે બધું આ દુષ્ટબુદ્ધિ સૂતપુત્રનું જ કરતૂત છે. તમારા મંદમતિ પુત્ર દુર્યોધને પણ એના જ બળથી તેમનો તિરસ્કાર કર્યો છે. પાંડવોએ મળીને અને અલગ-અલગ જે દુષ્કર કર્મો કર્યાં છે, તેવું આ સૂતપુત્રે કયું પરાક્રમ કર્યું છે? જ્યારે વિરાટનગરમાં અર્જુને આની સામે જ એના પ્રિય ભાઈને મારી નાખ્યો ત્યારે આણે તેનું શું કરી લીધું? જે સમયે અર્જુને એકલાએ જ સઘળા કૌરવો પર આક્રમણ કર્યું અને એમને પરાસ્ત કરીને તેમનાં વસ્ત્રો છીનવી

લીધાં, તે સમયે શું આ ક્યાંક બહાર ચાલ્યો ગયો હતો? ઘોષયાત્રા સમયે જ્યારે ગંધર્વો તમારા પુત્રને કેદ કરીને લઈ ગયા હતા, તે સમયે આ ક્યાં ગયો હતો? અત્યારે જાણે મોટા સાંઢની જેમ તાડૂકી રહ્યો છે! ત્યાં પણ ભીમસેન, અર્જુન, નકુળ, સહદેવે મળીને જ ગંધર્વોને હરાવ્યા હતા. ભરતશ્રેષ્ઠ! આ ભારે બકવાદી છે. આની બધી વાતો તેના જેવી જ ખોટી છે. આ તો ધર્મ અને અર્થ બંનેને બરબાદ કરી નાખનારો છે.'

ભીષ્મની વાત સાંભળીને મહામના આચાર્ય દ્રોણે તેમની પ્રશંસા કરી અને પછી રાજા ધૃતરાષ્ટ્રને કહ્યું – 'રાજન્! ભરતશ્રેષ્ઠ ભીષ્મ જેવું કહે છે, તે પ્રમાણે કરો; જે લોકો અર્થ અને કામના જ ગુલામ છે, તેમની વાત માનવી જોઈએ નહિ. હું તો યુદ્ધથી પહેલાં જ પાંડવો સાથે સંધિ કરવાનું જ શ્રેષ્ઠ સમજું છું. અર્જુને જે વાત કહી છે, અને સંજયે તેનો જે સંદેશો તમને સંભળાવ્યો છે, હું તે બધાને સમજું છું. અર્જુન ખરેખર એવું જ કરશે. તેના જેવો ત્રણે લોકમાં કોઈ ધનુર્ધર નથી.'

રાજા ધૃતરાષ્ટ્રે ભીષ્મ અને દ્રોણના કથન પર કશું ધ્યાન આપ્યું નહિ અને તેઓ સંજયને પાંડવોના સમાચાર પૂછવા લાગ્યા – 'સંજય! અમારી વિશાળ સેનાના સમાચાર સાંભળીને ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિરે શું કહ્યું હતું? યુદ્ધ માટે તેઓ શી શી તૈયારીઓ કરી રહ્યા છે તથા તેમના ભાઈ અને પુત્રોમાંથી કોણ-કોણ તેમની આજ્ઞા માટે તેમનું મુખ તાકીને ઊભા રહે છે?'

સંજયે કહ્યું – મહારાજ! રાજા યુધિષ્ઠિરના મુખ તરફ પાંડવ અને પાંચાલ બંનેય કુટુંબોના લોકો જોતા રહે છે અને તેઓ બધાને આજ્ઞા પણ આપે છે. ગોવાળો અને ભરવાડોથી માંડીને પંચાલ, કેકય અને મત્સ્ય દેશોના રાજવંશ સુધીના બધા યુધિષ્ઠિરનું સન્માન કરે છે.

ધૃતરાષ્ટ્રે પૂછ્યુ – સંજય! એ તો જણાવો, પાંડવો કોની સહાયતા પ્રાપ્ત કરીને આપણા ઉપર ચડાઈ કરી રહ્યા છે?

સંજયે કહ્યું – રાજન્! પાંડવોના પક્ષમાં જે યોદ્ધાઓ સામેલ થયા છે, તેમનાં નામ સાંભળો. તમારી સાથે યુદ્ધ કરવા માટે વીર ધૃષ્ટદ્યુમ્ન તેમનામાં ભળી ગયો છે. હિડિમ્બ રાક્ષસ પણ તેમના પક્ષમાં છે. ભીમસેન તો પોતાના પરાક્રમ માટે જાણીતા છે જ. વારણાવત નગરમાં તેમણે પાંડવોને ભસ્મ થતાં બચાવ્યા હતા. તેમણે ગંધમાદન પર્વત પર ક્રોધવશ નામના રાક્ષસોનો નાશ કર્યો હતો. તેમની ભુજાઓમાં દસ હજાર હાથીઓનું બળ છે. તે જ મહાબળી ભીમ સહિત પાંડવો તમારા ઉપર આક્રમણ કરી રહ્યા છે. અર્જુનના પરાક્રમની તો વાત જ શી કરવી? શ્રીકૃષ્ણની સાથે એકલા અર્જુને અગ્નિની તૃપ્તિ માટે યુદ્ધમાં ઇન્દ્રને પરાસ્ત કરી દીધા હતા. તેમણે યુદ્ધ કરીને સાક્ષાત્ દેવાધિદેવ ત્રિશૂળપાણિ ભગવાન શંકરને પ્રસન્ન કર્યા હતા. એટલું જ નહિ, ધનુર્ધર અર્જુને સમસ્ત લોકપાલોને જીતી લીધા હતા. તે જ અર્જુનને સાથે રાખીને પાંડવો તમારા પર આક્રમણ કરી રહ્યા છે. જેમણે મ્લેચ્છોથી ભરેલી પશ્ચિમ દિશાને પોતાને અધીન કરી લીધી હતી, તે અનેક પ્રકારની તરકીબોથી યુદ્ધ કરનારા વીર નકુળ પણ તેમની સાથે છે તથા જેમણે કાશી, અંગ, મગધ તથા કલિંગ દેશોને યુદ્ધમાં જીતી લીધા હતા, તે સહદેવ પણ તમારા પર આક્રમણ કરવામાં તેમની સાથે છે. પિતામહ ભીષ્મના વધ માટે જેને યક્ષે પુરુષ કરી દીધો છે તે શિખંડી પણ બહુ મોટું ધનુષ્ય ધારણ કરીને પાંડવોની સાથે છે. કેકયદેશના પાંચ

સહોદર રાજકુમારો મોટા ધનુર્ધર છે. તેઓ પણ કવચ ધારણ કરીને તમારા પર ચડાઈ કરી રહ્યા છે. સાત્યકિ અત્યંત સ્ફૂર્તિવાળો શસ્ત્રધારી છે. તેની સાથે પણ તમારે યુદ્ધ કરવું પડશે. જેઓ અજ્ઞાતવાસ દરમિયાન પાંડવોના આશ્રય બન્યા હતા, તે રાજા વિરાટ સાથે પણ યુદ્ધભૂમિમાં તમારાં લોકોની અથડામણ થશે. મહારથી કાશિરાજ પણ તેમની સેનાના યોદ્ધા છે; તમારા ઉપર ચડાઈ કરતી વખતે તે પણ તેમની સાથે રહેશે. જે વીરતામાં શ્રીકૃષ્ણ જેવો અને સંયમમાં મહારાજ યુધિષ્ઠિર જેવો છે, તે અભિમન્યુ સહિત પાંડવો તમારા ઉપર આક્રમણ કરશે. શિશુપાલનો પુત્ર એક અક્ષૌહિણી સેના સાથે પાંડવોના પક્ષમાં જોડાયો છે. જરાસંધના પુત્ર સહદેવ અને જયત્સેન – આ બંને રથયુદ્ધમાં ભારે પરાક્રમી છે, તેઓ પણ પાંડવોના પક્ષમાં યુદ્ધ કરવા તૈયાર છે. મહાતેજસ્વી દ્રુપદ વિશાળ સેના સાથે પાંડવો માટે પ્રાણાંત સુધી યુદ્ધ કરવા માટે તૈયાર છે. એ જ પ્રમાણે પૂર્વ અને ઉત્તર દિશાઓના બીજા પણ સેંકડો રાજાઓ પાંડવોના પક્ષમાં છે, જેમની સહાયતાથી ધર્મરાજ યુધિષ્ઠિર યુદ્ધની તૈયારી કરી રહ્યા છે.

—★—

ધૃતરાષ્ટ્રે પાંડવ વીરોની પ્રશંસા કરીને યુદ્ધ માટે અનિચ્છા પ્રગટ કરવી

રાજા ધૃતરાષ્ટ્રે કહ્યું – સંજય! આમ તો તમે જેનો જેનો ઉલ્લેખ કર્યો છે, તે બધા રાજા બહુ ઉત્સાહી છે. તેમ છતાં એક બાજુ તે બધા અને એક બાજુ ભીમ એકલો. જેમ અન્ય પ્રાણીઓ સિંહથી ડરતા રહે છે, તેમ હું પણ ભીમથી ડરીને આખી રાત ગરમ ગરમ શ્વાસ લેતો રહીને જાગતો રહું છું. કુંતીપુત્ર ભીમ ઘણો જ અસહનશીલ, કટ્ટર શત્રુતા રાખનારો ઉન્મત્ત, વક્રદૃષ્ટિએ જોનારો ભારે ગર્જના કરનારો, અતિ વેગવાન, બહુ ઉત્સાહી, વિશાળબાહુ અને અત્યંત બળવાન છે. તે અવશ્ય યુદ્ધ કરીને મારા અલ્પશક્તિ ધરાવતા પુત્રોને મારી નાખશે. તેનું સ્મરણ થતાં જ મારું હૃદય ધડકવા લાગે છે. નાનપણમાં પણ જ્યારે મારા પુત્રો તેની સાથે રમતમાં યુદ્ધ કરતા હતા ત્યારે તે તેમને હાથીની જેમ મસળી નાખતો હતો. જે સમયે તે રણભૂમિમાં ક્રોધિત થશે તે સમયે પોતાની ગદાથી રથ, હાથી, મનુષ્ય અને ઘોડા – બધાંને કચડી નાખશે. તે મારી સેનાની વચ્ચેથી રસ્તા કાઢી લેશે, તેને આમ–તેમ ભગાડી દેશે અને જ્યારે તે હાથમાં ગદા લઈને રણભૂમિમાં નૃત્ય કરશે તે સમયે પ્રલય કરી નાખશે. જુઓ, મગધદેશના રાજા મહાબલી જરાસંધે આ સંપૂર્ણ પૃથ્વી પોતાને અધીન કરીને સંતપ્ત કરી દીધી હતી; પરંતુ ભીમસેને શ્રીકૃષ્ણ સાથે તેના અંતઃપુરમાં જઈને તેને પણ મારી નાખ્યો. ભીમસેનના બળને હું જ નહિ, ભીષ્મ, દ્રોણ અને કૃપાચાર્ય પણ સારી રીતે જાણે છે. શોક તો મને તે લોકો માટે છે, જેઓ પાંડવો સાથે યુદ્ધ કરવા જ બેઠા છે. વિદુરે શરૂઆતમાં જે વાતનાં રોદણાં રડ્યાં હતાં, આજે તે જ બધું સામે આવી ગયું છે. અત્યારે કૌરવો પર જે મહાન વિપત્તિ આવવાની છે તેનું મુખ્ય કારણ જુગાર જ લાગે છે. હું અત્યંત મંદમતિ છું. અરે! ઐશ્વર્યના લોભથી જ મેં આ મહાપાપ કરી નાખ્યું હતું. સંજય! હું શું કરું? કઈ રીતે કરું? અને ક્યાં જાઉં? આ મંદમતિ કૌરવો તો કાળને અધીન થઈને વિનાશ તરફ જ જઈ રહ્યા છે. અરે!

સો પુત્રોના મરી જવાથી જ્યારે મારે નછૂટકે તેમની પત્નીઓનું કરુણ આક્રંદ સાંભળવું પડશે ત્યારે મૃત્યુ પણ મારો સ્પર્શ કઈ રીતે કરશે? જે રીતે વાયુથી પ્રજ્વલિત થયેલો અગ્નિ ઘાસ-તણખલાંના ઢગલાને ભસ્મ કરી નાખે છે, તે જ રીતે અર્જુનની સહાયતાથી ભીમ મારા બધા પુત્રોને મારી નાખશે.

જુઓ, આજ સુધી મેં યુધિષ્ઠિરે એક પણ ખોટી વાત કહી નથી; અને અર્જુન જેવો વીર તેના પક્ષમાં છે, તેથી તે તો ત્રિલોકનું રાજ્ય પણ પામી શકે છે. રાત-દિવસ વિચારવા છતાં મને એવો યોદ્ધો દેખાતો નથી, જે રથયુદ્ધમાં અર્જુનનો સામનો કરી શકે. જો કોઈ રીતે વીરવર દ્રોણાચાર્ય તથા કર્ણ તેનો મુકાબલો કરવા માટે આગળ વધે પણ ખરા, છતાં અર્જુનને જીતવાની બાબતમાં તો મને ભારે શંકા છે. તેથી મારો વિજય થવાનો તો કોઈ ઉપાય જ નથી. અર્જુન તો બધા દેવતાઓને પણ જીતી ચૂક્યો છે. તે ક્યાંય હાર્યો હોય એવું મેં આજ સુધી સાંભળ્યું નથી; કેમકે જેઓ સ્વભાવ અને આચરણમાં તેની બરાબર છે તેવા શ્રીકૃષ્ણ તો તેના સારથિ છે. જ્યારે તે રણભૂમિમાં રોષપૂર્વક તીક્ષ્ણ-તીક્ષ્ણ બાણો વરસાવશે ત્યારે વિધાતાના રચેલા સર્વસમર્થ કાળની જેમ તેને કાબૂમાં રાખવો અસંભવ થઈ જશે. તે સમયે મહેલોમાં બેઠેલો હું પણ નિરંતર કૌરવોનો સંહાર અને કુસંપ વગેરેની વાતો જ સાંભળીશ. ખરી રીતે આ યુદ્ધમાં બધી બાજુથી ભરતવંશ પર વિનાશનું જ આક્રમણ થશે.

સંજય! જેમ પાંડવો વિજય માટે ઉત્સુક છે. તેવા જ તેમના બધા સાથી રાજાઓ પણ વિજય માટે કૃતનિશ્ચયી અને પાંડવો માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરવા તૈયાર છે. તમે મારી સામે શત્રુપક્ષના પંચાલ, કેકય, મત્સ્ય અને મગધદેશના રાજાઓનાં નામ લીધાં છે. પરંતુ જગત્સ્રષ્ટા શ્રીકૃષ્ણ તો ઇચ્છામાત્રથી ઇન્દ્ર સહિત આ બધા લોકને પોતાને વશ કરી શકે છે. તેઓ પણ પાંડવોના વિજયનો નિશ્ચય કરીને બેઠા છે. સાત્યકિએ પણ અર્જુન પાસેથી તમામ શસ્ત્રવિદ્યા શીખી લીધી છે. તે અપાર બાણવૃષ્ટિ કરતો રહીને યુદ્ધભૂમિમાં લડતો રહેશે. મહારથી ધૃષ્ટદ્યુમ્ન પણ મોટા શસ્ત્રજ્ઞ છે, તે પણ મારા પક્ષના વીરો સાથે યુદ્ધ કરશે જ. ભાઈ! મને તો નિરંતર યુધિષ્ઠિરના કોપનો અને અર્જુનના પરાક્રમનો તથા નકુળ, સહદેવ અને ભીમનો ભય સતાવી રહ્યો છે. યુધિષ્ઠિર સર્વગુણસંપન્ન છે અને પ્રજ્વલિત અગ્નિ જેવો તેજસ્વી છે. એવો કોણ મૂર્ખ છે જે પતંગિયાની જેમ તેમાં પડવા ઇચ્છશે. તેથી કૌરવો! મારી વાત સાંભળો. હું તો તેમની સાથે યુદ્ધ ન કરવામાં જ ભલું છે એવું માનું છું. યુદ્ધ કરવાથી તો અવશ્ય આખા કુળનો નાશ થઈ જશે. મારો તો ચોક્કસ એવો જ વિચાર છે કે યુદ્ધ ન કરવાથી જ મારા મનને શાંતિ મળશે. જો તમને બધાને પણ યુદ્ધ ન કરવું જ યોગ્ય લાગતું હોય તો આપણે સંધિ માટે પ્રયત્ન કરીએ.

સંજયે કહ્યું – મહારાજ! તમે જેવું કહી રહ્યા છો તેવી જ વાત છે. મને પણ ગાંડીવ ધનુષ્યથી સમસ્ત ક્ષત્રિયોનો નાશ દેખાઈ રહ્યો છે. જુઓ, આ કુરુજાંગલદેશ તો પૈતૃક રાજ્ય છે અને બાકી બધી ભૂમિ તો તમને પાંડવો દ્વારા જીતેલી મળી છે. પાંડવોએ પોતાના બાહુબળથી જીતીને આ ભૂમિ તમને ભેટ ધરી દીધી છે; પરંતુ તમે તેને પોતાની જ જીતેલી માનો છો. જ્યારે ગંધર્વરાજ ચિત્રસેને તમારા પુત્રોને કેદ કરી લીધા હતા, તે સમયે તેમને પણ અર્જુન જ છોડાવી લાવ્યો હતો. બાણાવળીઓમાં અર્જુન

શ્રેષ્ઠ છે, ધનુષ્યોમાં ગાંડીવ શ્રેષ્ઠ છે, સમસ્ત પ્રાણીઓમાં શ્રીકૃષ્ણ શ્રેષ્ઠ છે અને ધજાઓમાં વાનરના ચિહ્નવાળી ધજા સર્વશ્રેષ્ઠ છે. આ બધી વસ્તુઓ અર્જુન પાસે જ છે. તેથી અર્જુન કાળચક્રની જેમ આપણા બધાનો નાશ કરી નાખશે. ભરતશ્રેષ્ઠ! નક્કી માનજો, જેના સહાયક ભીમ અને અર્જુન છે, આ સમગ્ર પૃથ્વી આજે તેની જ છે.

—★—

દુર્યોધનનું વક્તવ્ય અને સંજય દ્વારા અર્જુનના રથનું વર્ણન

આ બધું સાંભળીને **દુર્યોધને કહ્યું** – મહારાજ! તમે ડરશો નહિ. અમારા માટે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. અમે બહુ શક્તિશાળી છીએ અને શત્રુઓને સંગ્રામમાં હરાવી શકીએ છીએ. જે સમયે ઇન્દ્રપ્રસ્થથી થોડેક જ દૂર વનવાસી પાંડવોની પાસે બહુ મોટી સેના લઈને શ્રીકૃષ્ણ આવ્યા હતા તથા કેકયરાજ, ધૃષ્ટકેતુ, ધૃષ્ટદ્યુમ્ન અને પાંડવોના બીજા મહારથી સાથીઓ એકત્ર થયા હતા, ત્યારે તે બધાએ તમારી અને કૌરવોની ભારે નિંદા કરી હતી. તે લોકો કુટુંબ સહિત તમારો નાશ કરવાનો નિશ્ચય કરીને બેઠા હતા તથા પાંડવોને પોતાનું રાજ્ય પાછું આપી દેવું જોઈએ એવો સૂર કાઢતા હતા. જ્યારે આ વાત મારા કાને પડી ત્યારે ભાઈઓના નાશની આશંકાથી મેં ભીષ્મ, દ્રોણ અને કૃપને પણ આ વાત જણાવી. તે સમયે મને એવું જ દેખાતું હતું કે હવે પાંડવો જ રાજ્યસિંહાસન પર બેસશે. મેં તેમને કહ્યું કે, 'શ્રીકૃષ્ણ તો આપણાં બધાનું સર્વ રીતે મૂળ ઉખેડી નાખીને યુધિષ્ઠિરને કૌરવોના એકછત્ર રાજા બનાવવા ચાહે છે. આવી સ્થિતિમાં તમે જ કહો, આપણે શું કરવું – તેમની આગળ માથું ટેકવી દઈએ? ડરીને ભાગી જઈએ? અથવા પ્રાણોનો મોહ છોડીને યુદ્ધમાં ટક્કર લઈએ? યુધિષ્ઠિર સાથે યુદ્ધ કરવામાં તો નિશ્ચિતરૂપે આપણો જ પરાજય થશે, કેમકે બધા રાજાઓ તેમના પક્ષમાં છે. આપણાથી તો પ્રજા પણ ખુશ નથી, મિત્રો પણ નારાજ છે તથા બધા રાજાઓ અને ઘરના લોકો પણ ખરું-ખોટું સંભળાવે છે.'

મારી આ વાત સાંભળીને દ્રોણાચાર્ય, ભીષ્મ, કૃપાચાર્ય અને અશ્વત્થામાએ કહ્યું હતું – 'રાજન્! તમે ડરશો નહિ. જે સમયે અમે યુદ્ધમાં ઊભા રહીશું, શત્રુ અમને જીતી નહિ શકે. અમારામાંથી કોઈ એક વ્યક્તિ પણ બધા રાજાઓને જીતી શકે છે. આવે તો ખરા, અમે અમારા તીક્ષ્ણ બાણોથી તેમનો બધો ગર્વ ઉતારી નાખીશું.' તે સમયે મહાતેજસ્વી દ્રોણાચાર્યજીનો આવો જ અભિગમ હતો. પહેલાં તો સંપૂર્ણ પૃથ્વી અમારા શત્રુઓને જ અધીન હતી, પરંતુ અત્યારે તે પૂરેપૂરી આપણા હાથમાં છે. એ સિવાય અહીં જે રાજાઓ એકત્ર થયા છે, તેઓ પણ આપણા સુખ-દુઃખને પોતાનું જ સમજે છે. સમય આવ્યે આ લોકો મારા માટે અગ્નિમાં પણ પ્રવેશી શકે છે અને સમુદ્રમાં પણ કૂદી શકે છે – એ તમે નિશ્ચિત માનો. તમે શત્રુઓની શક્તિની વિશેષ પ્રશંસા સાંભળીને વિલાપ કરવા લાગ્યા અને દુઃખી થઈને પાગલ જેવા થઈ ગયા. એ જોઈને આ બધા રાજાઓ તમારી મશ્કરી કરી રહ્યા છે. આમનામાંથી દરેક રાજા પોતાને પાંડવોનો સામનો કરવામાં સમર્થ સમજે છે. તેથી તમને જે ભયે દબાવી દીધા છે, તેને દૂર કરો.

મહારાજ! યુધિષ્ઠિર પણ મારા પ્રભાવથી એવા ડરી ગયા છે કે નગર ન માગતાં માત્ર પાંચ ગામ માગી રહ્યા છે. તમે તો કુંતીપુત્ર ભીમને મોટા બળવાન સમજો છો, એ પણ તમારો ભ્રમ જ છે. તમને હજી મારા પ્રભાવની વાસ્તવિક જાણ નથી. આ પૃથ્વી પર ગદાયુદ્ધમાં મારા જેવું ન કોઈ છે, ન કોઈ પહેલાં હતું કે ન ભવિષ્યમાં થશે. જે સમયે રણભૂમિમાં ભીમ ઉપર મારી ગદા પડશે, તે સમયે તેનાં બધાં અંગોના ચૂરેચૂરા થઈ જશે, અને તે મૃત્યુ પામીને જમીન પર પડી જશે. તેથી આ મહાન યુદ્ધમાં તમે ભીમનો ભય રાખશો નહિ. તમે હતાશ ન થાઓ, તેને તો હું અવશ્ય મારી નાખીશ. એ સિવાય ભીષ્મ, દ્રોણ, કૃપ, અશ્વત્થામા, કર્ણ, ભૂરિશ્રવા, પ્રાગ્જ્યોતિષનગરના રાજા, શલ્ય અને જયદ્રથ – આમનામાંથી દરેક વીર પાંડવોને મારવા સમર્થ છે. પછી જે સમયે આ બધા મળીને તેમના પર આક્રમણ કરશે ત્યારે તો ક્ષણમાત્રમાં તેમને યમસદન મોકલી આપશે. ગંગાપુત્ર બ્રહ્મર્ષિકલ્પ પિતામહ ભીષ્મના પરાક્રમને તો દેવતાઓ પણ સહી શકતા નથી. આ ઉપરાંત તેમને મારનારો પણ સંસારમાં કોઈ નથી; કેમકે તેમના પિતા શાંતનુએ તેમને પ્રસન્ન થઈને એવું વરદાન આપ્યું હતું કે 'પોતાની ઇચ્છા વિના તમે મરશો નહિ.' બીજા વીર ભરદ્વાજપુત્ર દ્રોણ છે. તેમના પુત્ર અશ્વત્થામા પણ શસ્ત્રાસ્ત્રમાં પારંગત છે. આચાર્ય કૃપને પણ કોઈ મારી શકતું નથી. આ બધા મહારથીઓ દેવતાઓ જેવા બળવાન છે. અર્જુન તો આમાંથી કોઈની સામે આંખ પણ ઊંચી કરી શકવાનો નથી. હું તો કર્ણને પણ ભીષ્મ, દ્રોણ અને કૃપાચાર્ય તુલ્ય સમજું છું. સંશપ્તક ક્ષત્રિયોનું દળ પણ આવું જ પરાક્રમી છે. તેઓ તો અર્જુનનો વધ કરવા માટે પોતાને જ પર્યાપ્ત સમજે છે. તેથી તેના વધ માટે મેં જ તેમને નિયુક્ત કરી દીધા છે. રાજન્! તમે પાંડવોથી આટલું શા માટે ડરો છો? કહો તો ખરા, ભીમસેનના મરાઈ ગયા પછી અમારી સાથે યુદ્ધ કરનાર તેમનામાં કોણ છે? જો તમને કોઈ દેખાતો હોય તો મને જણાવો. શત્રુઓની સેનામાં તો પાંચ પાંડવ, ધૃષ્ટદ્યુમ્ન અને સાત્યકિ – આ સાત જ વીરો મુખ્ય છે. પરંતુ આપણા પક્ષમાં ભીષ્મ, દ્રોણ, કૃપ, અશ્વત્થામા, કર્ણ, સોમદત્ત, બાહ્લીક, પ્રાગ્જ્યોતિષપ્રદેશના રાજા, શલ્ય, અવન્તિરાજ વિન્દ અને અનુવિન્દ, જયદ્રથ, દુ:શાસન, દુર્મુખ, દુ:સહ, શ્રુતાયુ, ચિત્રસેન, પુરુમિત્ર, વિવિંશતિ, શલ, ભૂરિશ્રવા અને વિકર્ણ – આ બધા મહાન વીર છે તથા અગિયાર અક્ષૌહિણી સેના છે. પછી આપણી હાર કઈ રીતે થશે? તેથી આ બધી વાતોથી તમે મારી સેનાની સબળતા અને પાંડવોની સેનાની નિર્બળતા સમજીને ગભરાશો નહિ.

આમ કહીને **રાજા દુર્યોધને વર્તમાન યુદ્ધ-કાર્યને** સમજવાની ઇચ્છાથી **સંજયને ફરીથી પૂછ્યું** – સંજય! તમે પાંડવોની ખૂબ પ્રશંસા કરી રહ્યા છો. ભલા, એ તો જણાવો કે અર્જુનના રથમાં કેવા ઘોડા અને કેવી ધજાઓ છે?

સંજયે કહ્યું – રાજન્! તે રથની ધજામાં દેવતાઓએ માયાથી અનેક પ્રકારની નાની-મોટી દિવ્ય અને બહુમૂલ્ય મૂર્તિઓ બનાવી છે. પવનપુત્ર હનુમાનજીએ એમાં પોતાની મૂર્તિ સ્થાપિત કરી છે, અને તે ધજા બધી બાજુ એક યોજન સુધી ફેલાયેલી છે. વિધાતાની એવી માયા છે કે વૃક્ષો આદિને કારણે તેની ગતિમાં કોઈ અવરોધ આવતો નથી. અર્જુનના રથમાં ચિત્રરથ ગંધર્વના આપેલા વાયુ સમાન વેગવાળા સફેદ રંગના ઉત્તમ નસલના ઘોડા જોતરેલા છે. તેમની ગતિ પૃથ્વી, આકાશ અને સ્વર્ગ – સર્વત્ર છે, કોઈ પણ

સ્થાનમાં રોકાતી નથી તથા એમાંથી જો કોઈ ઘોડો મરી જાય તો વરદાનના પ્રભાવથી તેની જગાએ નવો ઘોડો ઉત્પન્ન થઈને તેમની સો સંખ્યામાં ક્યારેય કમી પડતી નથી.

—★—

સંજય પાસેથી પાંડવ પક્ષના વીરોનું વર્ણન સાંભળીને ધૃતરાષ્ટ્રે યુદ્ધ ન કરવાની સંમતિ આપવી, દુર્યોધનનું તેનાથી અસહમત થવું તથા સંજયે રાજા ધૃતરાષ્ટ્રને શ્રીકૃષ્ણનો સંદેશો કહેવો

ધૃતરાષ્ટ્રે પૂછ્યું – સંજય! જેઓ પાંડવો માટે મારા પુત્રની સેના સાથે યુદ્ધ કરશે તેવા કયા કયા વીરોને તમે યુધિષ્ઠિરની પ્રસન્નતા માટે ત્યાં આવેલા જોયા હતા?

સંજયે કહ્યું – મેં અંધક અને વૃષ્ણિવંશી યાદવોમાં મુખ્ય શ્રીકૃષ્ણને તથા ચેકિતાન અને સાત્યકિને ત્યાં હાજર રહેલા જોયા હતા. આ બંને સુપ્રસિદ્ધ મહારથી અલગ-અલગ એક અક્ષૌહિણી સેના લઈને અને પંચાલનરેશ દ્રુપદ પોતાના દસ પુત્રો સત્યજીત અને ધૃષ્ટદ્યુમ્ન વગેરે સાથે એક અક્ષૌહિણી સેના લઈને આવ્યા છે. મહારાજ વિરાટ પણ શંખ અને ઉત્તર નામના પોતાના પુત્ર તથા સૂર્યદત્ત અને મદિરાક્ષ વગેરે વીરો સાથે એક અક્ષૌહિણી સેના લઈને યુધિષ્ઠિરને આવીને મળ્યા છે. આ સિવાય કેકયદેશના પાંચ સહોદર રાજા પણ એક અક્ષૌહિણી સેના સાથે પાંડવો પાસે આવ્યા છે. મેં ત્યાં આવેલા માત્ર આટલા જ રાજા જોયા છે, જે પાંડવોના પક્ષમાં દુર્યોધનની સેનાનો સામનો કરશે.

રાજન્! સંગ્રામમાં ભીષ્મની સામે શિખંડીને મૂકવામાં આવ્યા છે. તેમની પૂંઠે સહાયતામાં મત્સ્યદેશના વીરોની સાથે રાજા વિરાટ રહેશે. મદ્રરાજ શલ્ય મોટાભાઈ યુધિષ્ઠિરની જવાબદારીમાં છે. સો ભાઈ અને પુત્રો સહિત દુર્યોધન તથા પૂર્વ અને દક્ષિણ દિશાઓના રાજા ભીમસેનના ભાગમાં છે. કર્ણ, અશ્વત્થામા વિકર્ણ અને સિંધુરાજ જયદ્રથ સાથે લડવાનું કામ અર્જુનને સોંપવામાં આવ્યું છે. આ સિવાય બીજા પણ જે રાજાઓની સાથે યુદ્ધ કરવા કોઈ નહિ હોય, તેમને પણ અર્જુને પોતાના ભાગે લઈ લીધા છે. કેકયદેશના જે મહાન ધનુર્ધર પાંચ સહોદર રાજપુત્ર છે, તે આપણા પક્ષના કેકયવીરો સાથે જ યુદ્ધ કરશે. દુર્યોધન અને દુઃશાસનના બધા પુત્રો અને રાજા બૃહદ્બલ સુભદ્રાનંદન અભિમન્યુના ભાગમાં રાખવામાં આવ્યા છે. ધૃષ્ટદ્યુમ્નના નેતૃત્વમાં દ્રૌપદીના પાંચ પુત્રો આચાર્ય દ્રોણનો સામનો કરશે. સોમદત્ત સાથે ચેકિતાનનું રથયુદ્ધ થશે અને ભોજવંશના કૃતવર્મા સાથે સાત્યકિ લડવા ઇચ્છે છે. માદ્રીનંદન મહાવીર સહદેવે સ્વયં તમારા સાળા શકુનિને પોતાના હિસ્સામાં રાખ્યો છે તથા માદ્રીનંદન નકુળે ઉલૂક, કૈતવ્ય અને સારસ્વતો સાથે યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો છે. એ સિવાય આ મહાયુદ્ધમાં બીજા પણ જે જે રાજા તમારા પક્ષે યુદ્ધ કરશે, તેમનાં નામ લઈ-લઈને યુદ્ધ કરવા માટે પાંડવોએ યોદ્ધાઓને નિયુક્ત કરી દીધા છે.

રાજન્! હું નિશ્ચિંત બેઠો હતો. તે સમયે ધૃષ્ટદ્યુમ્ને મને કહ્યું કે, 'તમે તરત અહીંથી જાઓ અને સહેજ પણ વિલંબ કર્યા વિના ત્યાં જે દુર્યોધનના પક્ષના વીર છે તેમને, બાહ્લીક, કુરુ અને પ્રતીપ વગેરે વંશના વીરોને તથા કૃપાચાર્ય,

કર્ણ, દ્રોણ, અશ્વત્થામા, જયદ્રથ, દુઃશાસન, વિકર્ણ, રાજા દુર્યોધન અને ભીષ્મને જઈને કહો કે તમારે મહારાજ યુધિષ્ઠિર સાથે સજ્જનતાનો વ્યવહાર કરવો જોઈએ. એવું ન થાય કે દેવતાઓથી સુરક્ષિત અર્જુન તમને મારી નાખે. તમે જલદી ધર્મરાજને તેમનું રાજ્ય સોંપી દો; તેઓ સંસારમાં પ્રસિદ્ધ વીર છે, તમે તેમની પાસે ક્ષમા-પ્રાર્થના કરો. સવ્યસાચી અર્જુન જેવો પરાક્રમી છે તેવો યોદ્ધો આ ભૂમિ પર બીજો કોઈ નથી. ગાંડીવધારી અર્જુનના રથની રક્ષા દેવતાઓ કરે છે, કોઈ પણ મનુષ્ય તેને જીતી શકતો નથી; તેથી તમે યુદ્ધ માટેનો વિચાર છોડી દો.'

આ સાંભળીને **રાજા ધૃતરાષ્ટ્રે કહ્યું** – દુર્યોધન! તમે યુદ્ધનો વિચાર છોડી દો. મહાપુરુષો યુદ્ધને તો કોઈ પણ સ્થિતિમાં ઉચિત માનતા નથી. તેથી બેટા! તમે પાંડવોને તેમનો યથોચિત ભાગ આપી દો. તમારા અને તમારા મંત્રીઓના નિર્વાહ માટે તો અડધું રાજ્ય પણ ઘણું છે. જુઓ, ન તો હું યુદ્ધ કરવા ઇચ્છું છું, ન બાહ્લીક યુદ્ધના પક્ષમાં છે અને ન ભીષ્મ કે દ્રોણ. અશ્વત્થામા, સંજય, સોમદત્ત, શલ અથવા કૃપાચાર્ય પણ યુદ્ધ કરવા ઇચ્છતા નથી. એ સિવાય સત્યવ્રત, પુરુમિત્ર, જય અને ભૂરિશ્રવા પણ યુદ્ધના પક્ષમાં નથી. હું સમજું છું કે તમે પણ પોતાની ઇચ્છાથી આ યુદ્ધ કરતા નથી; બલકે પાપાત્મા દુઃશાસન, કર્ણ અને શકુનિ જ તમારી પાસે આ કામ કરાવી રહ્યા છે.

આ સાંભળીને **દુર્યોધને કહ્યું** – પિતાજી! મેં આપ, દ્રોણ, અશ્વત્થામા, સંજય, ભીષ્મ, કામ્બોજ-નરેશ, કૃપ, સત્યવ્રત, પુરુમિત્ર, ભૂરિશ્રવા અથવા તમારા અન્ય યોદ્ધાઓને ભરોસે પાંડવોને યુદ્ધ માટે આમંત્રિત કર્યા નથી. આ યુદ્ધમાં પાંડવોનો સંહાર તો હું, કર્ણ અને ભાઈ દુઃશાસન – અમે ત્રણ જ કરી નાખશું. કાં તો હું જ પાંડવોને મારીને આ પૃથ્વીનું શાસન કરીશ અથવા પાંડવો મને મારીને આનો ઉપભોગ કરશે. હું જીવન, રાજ્ય અને ધન – એ બધું તો છોડી શકું છું, પરંતુ પાંડવોની સાથે રહેવું એ મારા વશની વાત નથી. સોયની અણીથી જેટલી જમીનમાં છેદ થઈ શકે, એટલી જમીન પણ હું પાંડવોને આપી શકું એમ નથી.

ધૃતરાષ્ટ્રે કહ્યું – ભાઈઓ! મને તમે બધા કૌરવો માટે ભારે શોક છે. દુર્યોધનને તો મેં ત્યાગી દીધો, પરંતુ જે લોકો આ મૂરખનું અનુસરણ કરશે, તેઓ પણ અવશ્ય યમલોકમાં જશે. જ્યારે પાંડવોના મારથી કૌરવસેના વ્યાકુળ થઈ જશે, ત્યારે તમને મારી વાતનું સ્મરણ થશે. પછી સંજયને કહ્યું, 'સંજય! મહાત્મા શ્રીકૃષ્ણ અને અર્જુને તમને જે જે વાતો કહી છે તે બધી મને સંભળાવો; તે સાંભળવાની મારી બહુ ઇચ્છા છે.'

સંજયે કહ્યું – રાજન્! શ્રીકૃષ્ણ અને અર્જુનને મેં જે સ્થિતિમાં જોયા હતા, તે સાંભળો તથા તે વીરોએ જે કાંઈ કહ્યું છે, તે પણ હું તમને કહું છું. મહારાજ! તમારો સંદેશો સંભળાવવા માટે હું મારા પગની આંગળીઓ તરફ દૃષ્ટિ રાખીને ઘણી સાવધાનીથી હાથ જોડીને તેમના અંતઃપુરમાં ગયો. તે સ્થાનમાં અભિમન્યુ અને નકુળ, સહદેવ પણ જઈ શકતા ન હતા. ત્યાં પહોંચ્યા પછી મેં જોયું કે શ્રીકૃષ્ણ પોતાના બંને ચરણ અર્જુનના ખોળામાં રાખીને બેઠા છે તથા અર્જુનના ચરણ દ્રૌપદી અને સત્યભામાના ખોળામાં છે. અર્જુને બેસવા માટે મને એક સોનાનો બાજઠ આપ્યો. હું તેને હાથનો સ્પર્શ કરીને પૃથ્વી પર બેસી ગયો. તે બંને મહાપુરુષોને એક આસન પર બેઠેલા જોઈને મને

બહુ ભય લાગવા માંડ્યો અને હું વિચારવા લાગ્યો કે મંદબુદ્ધિ દુર્યોધન કર્ણના બકવાદમાં આવીને આ વિષ્ણુ અને ઇન્દ્ર જેવા વીરોના સ્વરૂપને કશું મહત્ત્વ આપતો નથી. તે વખતે મને તો એવું દઢપણે લાગ્યું કે આ બંને જેમની આજ્ઞામાં રહે છે તે ધર્મરાજ યુધિષ્ઠિરનો સંકલ્પ જ પૂરો થશે. ત્યાં અન્ન-પાનથી મારું સ્વાગત કરવામાં આવ્યું. પછી આરામથી બેસી ગયા પછી મેં હાથ જોડીને તેમને તમારો સંદેશો કહ્યો. તે સાંભળીને અર્જુને શ્રીકૃષ્ણના ચરણોમાં પ્રણામ કરીને તેનો ઉત્તર આપવાની પ્રાર્થના કરી. ત્યારે ભગવાન બેસી ગયા અને શરૂઆતમાં મધુર પરંતુ પરિણામમાં કઠોર શબ્દોમાં મને કહેવા લાગ્યા – "સંજય! બુદ્ધિમાન ધૃતરાષ્ટ્ર, કુરુવૃદ્ધ ભીષ્મ અને આચાર્ય દ્રોણને તમે મારા તરફથી આ સંદેશો કહેજો. તમે વડીલોને મારા પ્રણામ કહેજો અને નાના હોય તેમની કુશળતા પૂછીને તેમને એ કહેજો કે, 'તમારા માથા પર મોટું સંકટ આવી ગયું છે; તે માટે તમે અનેક પ્રકારના યજ્ઞોનું અનુષ્ઠાન કરો, બ્રાહ્મણોને દાન આપો અને સ્ત્રી-પુત્રો સાથે થોડા દિવસ આનંદ કરી લો.' જુઓ, પોતાનાં વસ્ત્રો ખેંચાતાં હતાં ત્યારે દ્રૌપદીએ જે 'હે ગોવિંદ' એવું કહીને મુજ દ્વારકાવાસીને પોકાર્યો હતો, તેનું ઋણ મારા ઉપર બહુ વધી ગયું છે; તે ક્ષણ માટે પણ મારા મનમાંથી ભુલાતું નથી. ભલા, જેની સાથે હું છું તે અર્જુન સાથે યુદ્ધ કરવાની પ્રાર્થના એવો કયો મનુષ્ય કરી શકે છે, જેના માથા પર કાળ ન નાચતો હોય? મને તો દેવતાઓ, અસુરો, મનુષ્યો, યક્ષો, ગંધર્વો અને નાગોમાં એવો કોઈ પણ દેખાતો નથી જે રણભૂમિમાં અર્જુનનો મુકાબલો કરી શકે. વિરાટનગરમાં તો તેણે એકલાએ જ બધા કૌરવોમાં નાસ-ભાગ કરાવી દીધી હતી અને તેઓ આમતેમ છૂ થઈ ગયા હતા, એ જ એનું પૂરતું પ્રમાણ છે. બળ, વીર્ય, તેજ, સ્ફૂર્તિ, કામની સફાઈ, અવિષાદ અને ધૈર્ય – આ તમામ ગુણ અર્જુન સિવાય બીજી કોઈ એક વ્યક્તિમાં હોતા નથી." આ પ્રમાણે અર્જુનને ઉત્સાહિત કરતા રહીને શ્રીકૃષ્ણ મેઘની જેમ ગર્જના કરીને આ શબ્દો કહી રહ્યા હતા.

—★—

કર્ણનું વક્તવ્ય, ભીષ્મ દ્વારા તેની અવજ્ઞા, કર્ણની પ્રતિજ્ઞા, વિદુરજીનું વક્તવ્ય તથા ધૃતરાષ્ટ્રે દુર્યોધનને સમજાવવો

વૈશમ્પાયનજી કહે છે – જનમેજય! ત્યારે દુર્યોધનનો હર્ષ વધારતાં કર્ણે કહ્યું – 'ગુરુવર પરશુરામજી પાસેથી મેં જે બ્રહ્માસ્ત્ર પ્રાપ્ત કર્યું હતું, તે હજી સુધી મારી પાસે સુરક્ષિત છે. તેથી અર્જુનને જીતવામાં તો હું પૂરી રીતે સમર્થ છું, તેને હરાવવાનો ભાર મારા ઉપર છે. એટલું જ નહિ, હું પાંચાલ, કરૂષ, મત્સ્ય અને પુત્ર-પૌત્રો સહિત બીજા બધા પાંડવોને પણ એક ક્ષણમાં મારીને શસ્ત્રાસ્ત્રો દ્વારા પ્રાપ્ત થનારા લોકોને પ્રાપ્ત કરીશ. પિતામહ ભીષ્મ, દ્રોણાચાર્ય તથા બીજા બધા રાજાઓ પણ તમારી પાસે જ રહે; પાંડવોને તો હું મારી મુખ્ય સેના સાથે જઈને મારી નાખીશ. આ કામ મારા માથે છે.'

જ્યારે કર્ણ આ પ્રમાણે કહી રહ્યો હતો ત્યારે ભીષ્મ કહેવા લાગ્યા – કર્ણ! તમારી બુદ્ધિ કાળવશ નષ્ટ થઈ ગઈ છે. તમે શું મોટી મોટી વાતો કરી રહ્યા છો! યાદ રાખો, આ કૌરવોનું મોત તો પહેલાં તમારા જેવા મુખ્ય વીરના

મરવાથી જ થશે. તેથી તમે પહેલાં તમારી રક્ષાનો પ્રબંધ કરો. અરે, ખાંડવવનને બાળતી વખતે શ્રીકૃષ્ણ સહિત અર્જુને જે કામ કર્યું હતું, તે સાંભળીને જ તમને તમારા બંધુ-બાંધવો સાથે હોશમાં આવી જવું જોઈએ. જુઓ, બાણાસુર અને ભૌમાસુરનો વધ કરનારા શ્રીકૃષ્ણ અર્જુનના રક્ષક છે! આ ઘોર યુદ્ધમાં તેઓ તમારા જેવા પસંદ કરેલા વીરોનો વીણી-વીણીને જ નાશ કરશે.'

આ સાંભળીને **કર્ણ બોલ્યો** – પિતામહ જેવું કહે છે, શ્રીકૃષ્ણ ખરેખર તેવા જ છે – બલકે તેનાથી પણ ચઢિયાતા છે. પરંતુ આમણે મારા માટે જે કાંઈ કઠોર વાતો કહી છે, એનું પરિણામ પણ તેઓ કાન ખોલીને સાંભળી લે. હવે હું મારાં શસ્ત્રો મૂકી દઉં છું. આજથી મને પિતામહ રણભૂમિ કે રાજસભામાં જોશે નહિ. બસ, જ્યારે તમારો અંત થઈ જશે ત્યારે પૃથ્વીના બધા રાજાઓ મારો પ્રભાવ જોશે. આવું કહીને મહાન ધનુર્ધર કર્ણ સભામાંથી ઊઠીને પોતાને ઘેર ચાલ્યો ગયો.

હવે ભીષ્મજી બધા રાજાઓની સામે હસીને રાજા દુર્યોધનને કહેવા લાગ્યા – 'રાજન્! કર્ણ તો સત્યપ્રતિજ્ઞ છે. વળી તેણે જે રાજાઓની સામે એવી પ્રતિજ્ઞા કરી હતી, 'હું દરરોજ હજારો વીરોનો સંહાર કરીશ.' તેને તે કઈ રીતે પૂરી કરશે? એનો ધર્મ અને તપ તો ત્યારે જ નષ્ટ થઈ ગયાં હતાં, જ્યારે એણે ભગવાન પરશુરામજી પાસે જઈને પોતાને બ્રાહ્મણ જણાવીને તેમની પાસે શસ્ત્રવિદ્યા શીખી હતી.'

જ્યારે ભીષ્મે આ પ્રમાણે કહ્યું અને કર્ણ શસ્ત્રો છોડીને સભામાંથી ચાલ્યો ગયો ત્યારે **મંદમતિ દુર્યોધન કહેવા લાગ્યો** – પિતામહ! પાંડવો અને અમે અસ્ત્રવિદ્યા, યોદ્ધાઓનો સંગ્રહ તથા શસ્ત્ર-સંચાલનની સ્ફૂર્તિ અને સફાઈમાં સમાન જ છીએ અને બંનેય મનુષ્યો જ છીએ; પછી તમે એવું કઈ રીતે માનો છો કે પાંડવોનો જ વિજય થશે? હું તમારા, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, બાહ્લીક અથવા અન્ય રાજાઓના બળ પર આ યુદ્ધ કરતો નથી. પાંચે પાંડવોને તો હું, કર્ણ અને ભાઈ દુઃશાસન – અમે ત્રણ જ પોતાનાં તીક્ષ્ણ બાણોથી મારી નાખીશું.'

આ સાંભળીને **વિદુરજીએ કહ્યું** – વૃદ્ધ પુરુષો આ સંસારમાં દમને જ કલ્યાણનું સાધન જણાવે છે. જે પુરુષ દમ, દાન, તપ, જ્ઞાન અને સ્વાધ્યાયનું અનુસરણ કરે છે, તેને જ દાન, ક્ષમા અને મોક્ષ યથાવત્રૂપે પ્રાપ્ત થાય છે. દમ તેજની વૃદ્ધિ કરે છે, દમ પવિત્ર અને સર્વશ્રેષ્ઠ છે. આ પ્રમાણે જેનું પાપ નષ્ટ થઈને તેજ વધી ગયું છે, તે પુરુષ પરમપદ પ્રાપ્ત કરી લે છે. રાજન્! જે પુરુષમાં ક્ષમા, ધૃતિ, અહિંસા, સમતા, સત્ય, સરળતા, ઈન્દ્રિયનિગ્રહ, ધૈર્ય, મૃદુલતા, લજ્જા, અચંચળતા, અદીનતા, અક્રોધ, સંતોષ અને શ્રદ્ધા – આટલા ગુણો હોય તે દાન્ત (દમયુક્ત) કહેવાય છે. દમનશીલ પુરુષ કામ, લોભ, દર્પ, ક્રોધ, નિદ્રા, મોટી-મોટી વાતો કરવી, માન, ઈર્ષ્યા અને શોક – એમને તો પોતાની નજીક ફરકવા દેતો નથી. કુટિલતા અને શઠતારહિત થવું તથા શુદ્ધતાથી રહેવું – આ દમનશીલ પુરુષનું લક્ષણ છે. જે પુરુષ લોભરહિત, ભોગોના ચિંતનથી વિમુખ અને સમુદ્ર જેવો ગંભીર હોય છે, તે દમશીલ કહેવાય છે. સુંદર આચરણવાળો, શીલવાન, પ્રસન્નચિત્ત, આત્મવેત્તા અને બુદ્ધિમાન પુરુષ આ લોકમાં સન્માન પામીને મૃત્યુ પછી સદ્ગતિને પ્રાપ્ત થાય છે.

તાત! અમે પૂર્વપુરુષોના મુખેથી સાંભળ્યું હતું કે કોઈ સમયે એક શિકારીએ પક્ષીઓને ફસાવવા માટે જમીન પર જાળ બિછાવી હતી.

તે જાળમાં સાથે રહેનારાં બે પક્ષીઓ ફસાઈ ગયાં. ત્યારે તે બંને તે જાળને લઈને ઊડી ગયાં. શિકારી તેમને ઊડી ગયેલાં જોઈને ઉદાસ થઈ ગયો અને જ્યાં જ્યાં તે પક્ષીઓ જતાં, ત્યાં-ત્યાં તે તેમની પાછળ-પાછળ દોડી રહ્યો હતો. એટલામાં એક મુનિની તેના પર દૃષ્ટિ પડી. તે શિકારીને તે મુનિવરે પૂછ્યું, 'અરે વ્યાધ! મને આ વાત ઘણી વિચિત્ર લાગે છે કે તું ઊડી રહેલાં પક્ષીઓની પાછળ પૃથ્વી પર ભટકી રહ્યો છે.' વ્યાધે કહ્યું, 'આ બંને પક્ષી આપસમાં મળી ગયાં છે, તેથી મારી જાળને લઈને જઈ રહ્યાં છે. હવે જ્યાં તેમનામાં ઝઘડો થવા લાગશે, ત્યાં જ તેઓ મારા વશમાં આવી જશે.' થોડી જ વારમાં કાળને વશ થયેલાં તે પક્ષીઓમાં ઝઘડો થવા લાગ્યો અને તે બંને લડતાં-લડતાં પૃથ્વી પર પડી ગયાં. બસ, શિકારીએ ચૂપચાપ તેમની પાસે જઈને તે બંનેને પકડી લીધાં. આ પ્રમાણે જ્યારે બે કુટુંબીઓમાં સંપત્તિ માટે પરસ્પર ઝઘડો થવા લાગે છે ત્યારે તેઓ શત્રુઓની ચુંગાલમાં ફસાઈ જાય છે. જ્યારે ભાઈચારામાં તો પ્રેમથી વાતચીત કરવી, સાથે બેસીને ભોજન કરવું એક-બીજાનાં સુખ-દુઃખને પૂછવું અને આપસમાં હળી-મળીને રહેવાનું હોય છે, વિરોધ હોતો નથી. જે શુદ્ધ હૃદયનો મનુષ્ય સમય આવ્યે ગુરુજનોનો આશ્રય લે છે, તે સિંહથી સુરક્ષિત વનની જેમ કોઈના પણ દબાણમાં આવતો નથી.

એકવાર કેટલાક ભીલ અને બ્રાહ્મણો સાથે અમે ગંધમાદન પર્વત પર ગયા હતા. ત્યાં અમે એક મધથી ભરેલો મધપૂડો જોયો. અનેક વિષધર સર્પ તેની રક્ષા કરી રહ્યા હતા. તે એવો અમૃતતુલ્ય હતો કે જે માણસ તેને પ્રાપ્ત કરી લે તે અમર થઈ જાય, આંધળો તેનું સેવન કરે તો દેખતો થઈ જાય અને વૃદ્ધ યુવાન થઈ જાય. આ વાત અમે રસાયણ-નિષ્ણાત બ્રાહ્મણો પાસેથી સાંભળી હતી. ભીલ લોકો તેને પ્રાપ્ત કરવાની લાલચ ન રોકી શક્યા, અને તે સર્પોવાળી ગુફામાં જઈને નષ્ટ થઈ ગયા. આ જ પ્રમાણે તમારો પુત્ર દુર્યોધન એકલો જ સંપૂર્ણ પૃથ્વીને ભોગવવા ચાહે છે. એને મોહવશ મધ તો દેખાઈ રહ્યું છે, પરંતુ પોતાના નાશનો સામાન તેને દેખાતો નથી. યાદ રાખો, જેમ અગ્નિ બધી વસ્તુઓને બાળી નાખે છે તે જ પ્રમાણે દ્રુપદ, વિરાટ અને ક્રોધિત થયેલો અર્જુન – આ યુદ્ધમાં કોઈને પણ જીવતા છોડશે નહિ. તેથી રાજન્! તમે મહારાજ યુધિષ્ઠિરને પણ પોતાના ખોળામાં સ્થાન આપો, અન્યથા આ બંનેનું યુદ્ધ થતાં કોની જીત થશે એ નિશ્ચિતરૂપે કહી શકાય નહિ.

વિદુરજીનું વક્તવ્ય સમાપ્ત થતાં રાજા **ધૃતરાષ્ટ્રે કહ્યું** – બેટા દુર્યોધન! હું તમને જે કાંઈ કહું છું, તેના પર ધ્યાન આપો. તમે અજાણ્યા મુસાફરની જેમ અત્યારે કુમાર્ગને જ સુમાર્ગ સમજી રહ્યા છો. તેથી તમે પાંચે પાંડવોના તેજને દબાવવાનો વિચાર કરી રહ્યા છો. પરંતુ યાદ રાખો, તેમને જીતવાનો વિચાર કરવો, પોતાના પ્રાણોને સંકટમાં નાખવા જેવું છે. શ્રીકૃષ્ણ એકબાજુ પોતાના દેહ, ઘર, સ્ત્રી, કુટુંબ, રાજ્યને તથા બીજી બાજુ અર્જુનને સમજે છે. તેના માટે તેઓ આ બધાંનો ત્યાગ કરી શકે છે. જ્યાં અર્જુન રહે છે, ત્યાં શ્રીકૃષ્ણ રહે છે; અને જે સેનામાં સ્વયં શ્રીકૃષ્ણ રહે છે તેનો વેગ તો પૃથ્વી માટે પણ અસહ્ય બની જાય છે. જુઓ, તમે સત્પુરુષો અને તમારા સુહૃદોના કહેવા પ્રમાણે આચરણ કરો અને આ વયોવૃદ્ધ પિતામહ ભીષ્મની વાત પર ધ્યાન આપો. હું પણ કૌરવોના હિતની વાત વિચારું છું. તમારે મારી વાત પણ સાંભળવી જોઈએ અને દ્રોણ,

કૃપ, વિકર્ણ તથા મહારાજ બાહ્‌લીકના કથન પર પણ ધ્યાન આપવું જોઈએ. ભરતશ્રેષ્ઠ! આ બધા ધર્મના મર્મજ્ઞ તથા કૌરવો અને પાંડવો પર સમાન સ્નેહ રાખનારા છે. તેથી તમે પાંડવોને પોતાના સગા ભાઈ સમજીને તેમને અડધું રાજ્ય આપી દો.'

—★—

શ્રીવ્યાસજી અને ગાંધારીની સામે સંજયે ધૃતરાષ્ટ્રને શ્રીકૃષ્ણનું માહાત્મ્ય કહેવું

વૈશમ્પાયનજી કહે છે – રાજન્! દુર્યોધનને આ પ્રમાણે કહીને રાજા ધૃતરાષ્ટ્રે સંજયને ફરી કહ્યું – 'સંજય! હવે જે વાત કહેવાની રહી ગઈ હોય, તે પણ કહી દો. શ્રીકૃષ્ણ પછી અર્જુને તમને શું કહ્યું હતું? તે સાંભળવા માટે મને ભારે કુતૂહલ થઈ રહ્યું છે.'

સંજયે કહ્યું – શ્રીકૃષ્ણની વાત સાંભળીને કુંતીપુત્ર અર્જુને તેમની સામે જ કહ્યું – 'સંજય! તમે પિતામહ ભીષ્મ, મહારાજ ધૃતરાષ્ટ્ર, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, કર્ણ, રાજા બાહ્‌લીક, અશ્વત્થામા, સોમદત્ત, શકુનિ, દુઃશાસન, વિકર્ણ અને ત્યાં એકત્ર થયેલા સઘળા રાજાઓને મારા યથાયોગ્ય અભિવાદન કહેજો અને મારા તરફથી તેમની કુશળતા પૂછજો તથા પાપાત્મા દુર્યોધન, એના મંત્રીઓ અને ત્યાં આવેલા બધા રાજાઓને શ્રીકૃષ્ણનો સમાધાનકારી સંદેશો સંભળાવીને મારા તરફથી પણ એટલું કહેજો કે, શત્રુદમન મહારાજ યુધિષ્ઠિર જે પોતાનો ભાગ લેવા ચાહે છે, તે જો તમે નહિ આપો તો હું મારાં તીક્ષ્ણ બાણોથી તમારા ઘોડા, હાથી અને પાયદળ સહિત તમને યમપુરી મોકલી આપીશ.' મહારાજ! એ પછી હું અર્જુનની વિદાય લઈને, શ્રીકૃષ્ણને પ્રણામ કરીને તેમનો ગૌરવપૂર્ણ સંદેશો તમને સંભળાવવા માટે અહીં ચાલ્યો આવ્યો.

વૈશમ્પાયનજી કહે છે – રાજન્! શ્રીકૃષ્ણ અને અર્જુનની આ વાતોનો દુર્યોધને કશો આદર ન કર્યો. બધા લોકો મૌન રહ્યા. પછી ત્યાં જે દેશ-દેશાંતરના રાજાઓ બેઠા હતા, તે બધા ઊઠીને પોતપોતાના મુકામે ચાલ્યા ગયા. ત્યારે એકાંતમાં ધૃતરાષ્ટ્રે સંજયને પૂછ્યું, 'સંજય! તમને તો બંને પક્ષોનાં બળાબળનું જ્ઞાન છે, આમેય તમે ધર્મ અને અર્થનું રહસ્ય સારી રીતે જાણો છો અને કોઈ પણ વાતનું પરિણામ તમારાથી છૂપું નથી. તેથી તમે સાચેસાચું કહો કે આ બંને પક્ષોમાં કોણ બળવાન છે અને કોણ નિર્બળ.'

સંજયે કહ્યું – રાજન્! એકાંતમાં તો હું તમારી સાથે કોઈ પણ વાત કરવા ઇચ્છતો નથી, કેમકે એનાથી તમારા હૃદયમાં દાહ (ઈર્ષ્યા) થશે. તેથી તમે મહાન તપસ્વી ભગવાન વ્યાસ અને મહારાણી ગાંધારીને પણ બોલાવી લો. તે બંનેની સામે હું તમને શ્રીકૃષ્ણ અને અર્જુનનો પૂરેપૂરો અભિપ્રાય જણાવીશ.

સંજયના આ પ્રમાણે કહેવાથી ગાંધારી અને શ્રીવ્યાસને બોલાવવામાં આવ્યાં અને વિદુરજી તરત જ તેમને સભામાં લઈ આવ્યા. ત્યારે મહામુનિ વ્યાસજી રાજા ધૃતરાષ્ટ્ર અને સંજયનો વિચાર જાણીને તેમના મત પર દૃષ્ટિ રાખીને કહેવા લાગ્યા, 'સંજય! ધૃતરાષ્ટ્ર તમને પૂછી રહ્યા છે, તેથી તેમની આજ્ઞાનુસાર તમે શ્રીકૃષ્ણ અને અર્જુનના વિષયમાં જે કાંઈ જાણો છો, તે બધું જેમનું તેમ કહી દો.'

સંજયે કહ્યું – અર્જુન અને શ્રીકૃષ્ણ બંને મહાન આદરણીય ધનુર્ધરો છે. શ્રીકૃષ્ણના ચક્રના અંદરનો ભાગ પાંચ હાથ પહોળો છે અને તેઓ

તેનો ઇચ્છાનુસાર પ્રયોગ કરી શકે છે. નરકાસુર, શંબર, કંસ અને શિશુપાલ – એ મહાન વીર હતા. પરંતુ ભગવાન શ્રીકૃષ્ણે એમને રમત-રમતમાં જ પરાસ્ત કરી દીધા હતા. જો એક બાજુ સંપૂર્ણ સંસારને અને બીજી બાજુ શ્રીકૃષ્ણને મૂકવામાં આવે તો શ્રીકૃષ્ણ જ બળમાં અધિક ઊતરશે. તેઓ સંકલ્પમાત્રથી સંપૂર્ણ સંસારને ભસ્મ કરી શકે છે. શ્રીકૃષ્ણ તો ત્યાં જ રહે છે, જ્યાં સત્ય, ધર્મ, લજ્જા અને સરળતાનો વાસ હોય છે અને જ્યાં શ્રીકૃષ્ણ રહે છે ત્યાં જ વિજય રહે છે. તેઓ સર્વાન્તર્યામી પુરુષોત્તમ, જનાર્દન ક્રીડામાત્રથી જ પૃથ્વી, આકાશ અને સ્વર્ગલોકને પ્રેરિત કરી રહ્યા છે. અત્યારે બધાને પોતાની માયાથી મોહિત કરીને તેઓ પાંડવોને જ નિમિત્ત બનાવીને તમારા અધર્મનિષ્ઠ મૂર્ખ પુત્રોને ભસ્મ કરવા ચાહે છે. આ શ્રીકેશવ જ પોતાની જ્ઞાનશક્તિથી નિરંતર કાળચક્ર, જગચ્ચક્ર અને યુગચક્રને ફેરવતા રહે છે. હું સાચું કહું છું – એકમાત્ર તેઓ જ કાળ, મૃત્યુ અને સંપૂર્ણ સ્થાવર-જંગમ જગતના સ્વામી છે તથા પોતાની માયા દ્વારા લોકોને મોહિત કરતા રહે છે. તે એકલા જ મોહિત થતા નથી.

ધૃતરાષ્ટ્રે પૂછ્યું – સંજય! શ્રીકૃષ્ણ સમસ્ત લોકના અધીશ્વર છે – એ વાતને તમે કઈ રીતે જાણો છો અને હું કેમ ન જાણી શક્યો? એનું રહસ્ય મને જણાવો.

સંજયે કહ્યું – રાજન્! તમને જ્ઞાન નથી અને મારી જ્ઞાનદૃષ્ટિ ક્યારેય મંદ પડતી નથી. જે પુરુષ જ્ઞાનહીન છે, તે શ્રીકૃષ્ણના વાસ્તવિક સ્વરૂપને જાણી શકતો નથી. હું જ્ઞાનદૃષ્ટિથી પ્રાણીઓની ઉત્પત્તિ અને વિનાશ કરનારા અનાદિ મધુસૂદન ભગવાનને જાણું છું.

ધૃતરાષ્ટ્રે પૂછ્યું – સંજય! ભગવાન શ્રીકૃષ્ણમાં હંમેશાં તમારી જે ભક્તિ રહે છે, તેનું સ્વરૂપ શું છે?

સંજયે કહ્યું – મહારાજ! તમારું કલ્યાણ થાઓ, સાંભળો. હું ક્યારેય કપટનો આશ્રય લેતો નથી, કોઈ વ્યર્થ ધર્મનું આચરણ કરતો નથી. ધ્યાનયોગ દ્વારા મારો ભાવ શુદ્ધ થઈ ગયો છે. તેથી શાસ્ત્રનાં વાક્યો દ્વારા મને શ્રીકૃષ્ણના સ્વરૂપનું જ્ઞાન થઈ ગયું છે.

આ સાંભળીને **રાજા ધૃતરાષ્ટ્રે દુર્યોધનને કહ્યું** – ભાઈ દુર્યોધન! સંજય આપણા હિતૈષી અને વિશ્વાસુ છે; તેથી તમે પણ હૃષીકેશ, જનાર્દન ભગવાન શ્રીકૃષ્ણનું શરણ લો.

દુર્યોધને કહ્યું – દેવકીનંદન ભગવાન શ્રીકૃષ્ણ ભલે ને ત્રણે લોકનો સંહાર કરી નાખે, જ્યારે તેઓ પોતાને અર્જુનના સખા કહી ચૂક્યા છે ત્યારે હું તેમનાં શરણમાં જઈ શકતો નથી.

ત્યારે **ધૃતરાષ્ટ્રે ગાંધારીને કહ્યું** – ગાંધારી! તમારો આ દુર્બુદ્ધિનો અને અભિમાની પુત્ર ઈર્ષ્યાવશ સત્પુરુષોની વાત ન માનીને અધોગતિ તરફ થઈ રહ્યો છે.

ગાંધારીએ કહ્યું – દુર્યોધન! તું અત્યંત દુષ્ટબુદ્ધિનો અને મૂરખ છે. અરે! તું ઐશ્વર્યના લોભમાં ફસાઈને પોતાના વડીલ-વૃદ્ધોની આજ્ઞાનું ઉલ્લંઘન કરી રહ્યો છે! એવું લાગે છે કે, હવે તેં પોતાનાં ઐશ્વર્ય, જીવન, પિતા અને માતા બધાંથી હાથ ધોઈ નાખ્યા છે. જો, જ્યારે ભીમસેન તને મારવા તૈયાર થશે, તે વખતે તને તારા પિતાજીની વાતો યાદ આવશે.

પછી વ્યાસજીએ કહ્યું – ધૃતરાષ્ટ્ર! તમે મારી વાત સાંભળો. તમે શ્રીકૃષ્ણના પ્રિય છો. અહો! સંજય જેવો તમારી પાસે દૂત છે, જે તમને કલ્યાણના માર્ગે જ લઈ જશે. તેને પુરાણપુરુષ શ્રીહૃષીકેશના સ્વરૂપનું સંપૂર્ણ જ્ઞાન

છે; તેથી જો તમે તેની વાત સાંભળશો તો એ તમને જન્મ-મરણના મહાન ભયથી મુક્ત કરી દેશે. જે લોકો કામનાઓને કારણે અંધ બની રહ્યા છે તેઓ આંધળાની પાછળ જતા આંધળાની જેમ પોતાનાં કર્મો અનુસાર વારંવાર મૃત્યુના મુખમાં જાય છે. મુક્તિનો માર્ગ તો બધાથી ઉત્તમ છે, તેને બુદ્ધિમાન લોકો જ પકડે છે. તેને પકડીને તે મહાપુરુષો મૃત્યુથી પાર થઈ જાય છે અને તેમની ક્યાંય વાસના રહેતી નથી.

ત્યારે **ધૃતરાષ્ટ્રે સંજયને પૂછ્યું** – ભાઈ સંજય! તમે મને કોઈ એવો નિર્ભય માર્ગ બતાવો, જેના પર ચાલીને હું શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરી શકું અને મને પરમપદ પ્રાપ્ત થઈ જાય.

સંજયે કહ્યું – કોઈ અજિતેન્દ્રિય પુરુષ હૃષીકેશ ભગવાનને પ્રાપ્ત કરી શકતો નથી. એ સિવાય તેમને પ્રાપ્ત કરવાનો બીજો કોઈ રસ્તો નથી. ઇન્દ્રિયો અતિ બળવાન છે, એમને જીતવી હોય તો સાવધાનીપૂર્વક ભોગોનો ત્યાગ કરી દેવો. પ્રમાદ અને હિંસાથી દૂર રહેવું – નિઃસંદેહ જ્ઞાનનાં આ જ મુખ્ય કારણ છે. ઇન્દ્રિયોને નિશ્ચલરૂપે પોતાના કાબૂમાં રાખવી – એને જ વિદ્વાનો જ્ઞાન કહે છે. વાસ્તવમાં આ જ જ્ઞાન છે અને આ જ માર્ગ છે, જેનાથી બુદ્ધિમાન લોકો આ પરમપદ તરફ ગતિ કરે છે.

ધૃતરાષ્ટ્રે કહ્યું – સંજય! તમે એકવાર ફરી શ્રીકૃષ્ણચંદ્રના સ્વરૂપનું વર્ણન કરો, જેથી તેમનાં નામ અને કર્મોના રહસ્યને જાણીને હું તેમને પ્રાપ્ત કરી શકું.

સંજયે કહ્યું – મેં શ્રીકૃષ્ણનાં નામોની વ્યુત્પત્તિ (તાત્પર્ય) સાંભળી છે. તેમાંથી જેટલું મને યાદ છે તે કહું છું. શ્રીકૃષ્ણ તો વાસ્તવમાં કોઈ પ્રમાણના વિષય નથી. સમસ્ત પ્રાણીઓને પોતાની માયાથી આવૃત કરીને રહેલા તથા દેવતાઓનાં જન્મસ્થાન હોવાના કારણે તેઓ 'વાસુદેવ' છે; વ્યાપક તથા મહાન હોવાથી 'વિષ્ણુ' છે; મૌન, ધ્યાન અને યોગ દ્વારા પ્રાપ્ત થવાને લીધે 'માધવ' છે તથા મધુ દૈત્યનો વધ કરવાને કારણે અને સર્વતત્ત્વમય હોવાથી 'મધુસૂદન' છે. 'કૃષ્' ધાતુનો અર્થ સત્તા છે અને 'ણ' આનંદવાચક છે; આ બંને ભાવોથી યુક્ત હોવાના કારણે યદુકુળમાં અવતરેલા ભગવાન વિષ્ણુ 'કૃષ્ણ' કહેવાય છે. હૃદયરૂપ પુંડરીક (શ્વેતકમળ) જ તેમનું નિત્ય અને અવિનાશી પરમસ્થાન છે, તેથી 'પુંડરીકાક્ષ' કહેવાય છે તથા દુષ્ટોનું દમન કરવાને કારણે 'જનાર્દન' છે; કેમકે તેઓ સત્ત્વગુણથી ક્યારેય ચ્યુત થતા નથી અને ન ક્યારેય સત્ત્વની તેમનામાં ઊણપ હોય છે, તેથી તેઓ સાત્વત છે. આર્ષ અર્થાત્ ઉપનિષદોથી પ્રકાશિત હોવાને કારણે તેઓ 'આર્ષભ' પણ છે તથા વેદો જ તેમનાં નેત્ર છે તેથી તેઓ 'વૃષભેક્ષણ' છે. તેઓ કોઈ પણ ઉત્પન્ન થનારા પ્રાણીથી ઉત્પન્ન થતા નથી તેથી 'અજ' છે. 'ઉદર' – ઇન્દ્રિયોના સ્વયં પ્રકાશક અને 'દામ' – તેમનું દમન કરનારા હોવાથી તેઓ 'દામોદર' છે. 'હૃષીક' વૃત્તિસુખ અને સ્વરૂપસુખને કહે છે, તેના ઈશ હોવાથી તેઓ 'હૃષીકેશ' છે. પોતાની ભુજાઓથી પૃથ્વી અને આકાશને ધારણ કરનારા હોવાથી તેઓ 'મહાબાહુ' છે. તેઓ ક્યારેય અધઃ (નીચે તરફ) ક્ષીણ થતા નથી તેથી 'અધોક્ષજ' છે તથા જીવના અયન (આશ્રય) હોવાથી 'નારાયણ' છે. જે બધામાં પૂર્ણ અને બધાનો આશ્રય હોય એને 'પુરુષ' કહે છે, પુરુષોમાં ઉત્તમ હોવાથી તેઓ 'પુરુષોત્તમ' છે. તેઓ સત્ અને અસત્ –બધાંની ઉત્પત્તિ અને લય સ્થાન છે તથા સર્વદા તેઓ બધાંને જાણે છે તેથી 'સર્વ' છે. શ્રીકૃષ્ણ સત્યમાં પ્રતિષ્ઠિત

છે તથા તેઓ સત્યથી પણ સત્ય છે, તેથી 'સત્ય' પણ તેમનું નામ છે. તેઓ વિક્રમણ (વામન અવતારમાં પોતાનાં ત્રણ ડગલાંથી વિશ્વમાં વ્યાપી ગયા હોવાથી) કરવાથી 'વિષ્ણુ' છે, જય કરવાને કારણે 'જિષ્ણુ' છે, નિત્ય હોવાથી 'અનંત' છે અને ગો અર્થાત્ ઇન્દ્રિયોના જ્ઞાતા હોવાથી 'ગોવિંદ' છે. તેઓ પોતાની સત્તા-સ્ફૂર્તિથી અસત્યને સત્ય જેવું દેખાડીને સઘળી પ્રજાને મોહિત કરે છે. નિરંતર ધર્મમાં સ્થિત રહેનારા ભગવાન મધુસૂદનનું સ્વરૂપ આવું છે. આવા શ્રીઅચ્યુત ભગવાન કૌરવોને નાશમાંથી બચાવવા માટે અહીં પધારવાના છે.

ધૃતરાષ્ટ્ર બોલ્યા – સંજય! જે લોકો પોતાનાં નેત્રોથી ભગવાનના તેજોમય દિવ્ય વિગ્રહનાં દર્શન કરે છે તે નેત્રવાન્ પુરુષના ભાગ્યની મને પણ લાલસા થાય છે. હું આદિ, મધ્ય અને અંતરહિત, અનંતકીર્તિ તથા બ્રહ્માદિથી પણ શ્રેષ્ઠ પુરાણપુરુષ શ્રીકૃષ્ણનું શરણ ગ્રહું છું. જેમણે ત્રણે લોકની રચના કરી છે, જેઓ દેવતા, અસુર, નાગ અને રાક્ષસો બધાની ઉત્પત્તિ કરનારા છે તથા રાજાઓ અને વિદ્વાનોમાં શ્રેષ્ઠ છે, તે ઇન્દ્રના અનુજ ભગવાન શ્રીકૃષ્ણને શરણે છું.

—★—

કૌરવોની સભામાં દૂત બનીને જવા માટે શ્રીકૃષ્ણ અને યુધિષ્ઠિરનો સંવાદ

વૈશમ્પાયનજી કહે છે – અહીં સંજયના ચાલ્યા ગયા પછી રાજા યુધિષ્ઠિરે યદુશ્રેષ્ઠ ભગવાન શ્રીકૃષ્ણને કહ્યું, 'મિત્રવત્સલ શ્રીકૃષ્ણ! મને તમારા સિવાય એવું કોઈ દેખાતું નથી, જે અમને આપત્તિમાંથી પાર કરી શકે. તમારે ભરોસે જ અમે બિલકુલ નિર્ભય છીએ અને દુર્યોધન પાસેથી અમારો ભાગ માગવા ઇચ્છીએ છીએ.'

શ્રીકૃષ્ણે કહ્યું – રાજન્! હું તમારી સેવામાં ઉપસ્થિત છું જ; તમારે જે કાંઈ કહેવું હોય, તે કહો. તમે જે જે આજ્ઞા કરશો, તે બધી હું પૂરી કરીશ.

યુધિષ્ઠિરે કહ્યું – રાજા ધૃતરાષ્ટ્ર અને તેમના પુત્રો જે કાંઈ કરવા ચાહે છે, તે તો તમે સાંભળી જ લીધું. સંજયે આપણને જે કાંઈ કહ્યું છે, તે બધો તેમનો જ મત છે. કેમ કે દૂત તો સ્વામીના કહ્યા મુજબ કહે છે; જો તે કોઈ બીજી વાત કહે તો પ્રાણદંડનો અધિકારી માનવામાં આવે છે. રાજા ધૃતરાષ્ટ્રને રાજ્યનો બહુ લોભ છે. તેથી તેઓ અમારા અને કૌરવો પ્રત્યે સમભાવ ન રાખીને અમને રાજ્ય આપ્યા વિના જ સંધિ કરવા ચાહે છે. અમે તો એવું સમજીને કે રાજા ધૃતરાષ્ટ્ર પોતાના વચનનું પાલન કરશે, એમની આજ્ઞાથી બાર વર્ષ વનમાં રહ્યા અને એક વર્ષ અજ્ઞાતવાસ કર્યો. પરંતુ તેમને તો બહુ લોભ હોય એવું લાગે છે. તેઓ ધર્મનો કોઈ વિચાર કરતા નથી તથા પોતાના મૂર્ખ પુત્રના મોહપાશમાં બંધાયેલા હોવાથી તેની આજ્ઞા પાળવા ચાહે છે. અમારી સાથે તો તેમનો તદ્દન બનાવટી વ્યવહાર છે. જનાર્દન! જરા વિચાર તો કરો, આનાથી વધીને દુઃખની કઈ વાત હોઈ શકે છે કે હું ન તો માતાની સેવા કરી શકું છું અને ન મારા સંબંધીઓનું ભરણપોષણ પણ. જોકે કાશિરાજ, ચેદિરાજ, પંચાલનરેશ, મત્સ્યરાજ અને તમે મારા સહાયક છો તો પણ હું માત્ર પાંચ ગામ જ માગી રહ્યો છું. મેં તો એ જ કહ્યું છે કે અવિસ્થલ, વૃકસ્થલ, માકન્દી, વારણાવત અને પાંચમું તેઓ જે ઇચ્છે

તે – એવાં પાંચ ગામ અથવા નગર અમને આપી દે, જેથી અમે પાંચે ભાઈ મળીને રહી શકીએ અને અમારા કારણે ભરતવંશનો નાશ ન થાય. પરંતુ દુષ્ટ દુર્યોધન આટલું પણ કરવા તૈયાર નથી. તે બધા ઉપર પોતાનો જ અધિકાર જમાવવા માગે છે. લોભથી બુદ્ધિ મારી જાય છે, બુદ્ધિ નષ્ટ થવાથી લજ્જા રહેતી નથી, લજ્જા સાથે જ ધર્મ ચાલ્યો જાય છે અને ધર્મ ગયો કે તરત શ્રી પણ વિદાય થઈ જાય છે. શ્રીહીન પુરુષથી સ્વજન, સુહૃદ અને બ્રાહ્મણો દૂર રહેવા લાગે છે, જેમ ફૂલ-ફળ રહિત વૃક્ષને છોડીને પક્ષીઓ ઊડી જાય છે. નિર્ધન અવસ્થા અત્યંત દુઃખદ છે. કોઈ કોઈ તો આ અવસ્થામાં પહોંચીને મૃત્યુ જ માગે છે. કોઈ અન્ય સ્થાન કે વનમાં જઈને વસે છે અને કોઈ મૃત્યુના મુખમાં જ ચાલ્યા જાય છે. જે લોકો જન્મથી જ નિર્ધન છે, તેમને આનું એટલું દુઃખ થતું નથી, જેટલું સંપત્તિ પ્રાપ્ત કરીને સુખમાં ઊછરેલા લોકોને સંપત્તિનો નાશ થવાથી થાય છે.

માધવ! આ સંબંધમાં અમારો પહેલો વિચાર તો એ જ છે કે અમે અને કૌરવો આપસમાં સંધિ કરીને શાંતિપૂર્વક સમાનરૂપે રાજ્યલક્ષ્મીને ભોગવીએ; અને જો એવું ન થયું તો અંતે અમારે એ જ કરવું પડશે કે કૌરવોને મારીને આ પૂરેપૂરું રાજ્ય અમારે અધીન કરી લઈએ. યુદ્ધમાં તો હંમેશાં ક્લેશ જ રહે છે અને પ્રાણ પણ સંકટગ્રસ્ત રહે છે. હું તો નીતિનો આશ્રય લઈને જ યુદ્ધ કરીશ; કેમ કે હું ન તો રાજ્ય છોડી દેવા ઇચ્છું છું અને ન કુળનો નાશ થાય એવું પણ; આવી જ મારી ઇચ્છા છે. આમ તો અમે સામ, દાન, દંડ, ભેદ – બધા ઉપાયોથી પોતાનું કાર્ય સાધવા ચાહીએ છીએ; પરંતુ જો થોડી નમ્રતા દેખાડવાથી સંધિ થઈ જાય તો તે જ સૌથી ઉત્તમ છે અને જો સંધિ ન થઈ તો યુદ્ધ થશે જ, પછી પરાક્રમ ન કરવું એ પણ અનુચિત થશે. જ્યારે શાંતિથી કામ થતું નથી તો આપમેળે કટુતા આવી જાય છે. પંડિતોએ આની ઉપમા કૂતરાંની લડાઈ સાથે કરી છે. કૂતરાં પહેલાં પૂંછડી હલાવે છે, ત્યાર પછી એકબીજાનો દોષ જોવા લાગે છે, પછી ઘૂરકવા લાગે છે, ત્યારપછી દાંતિયાં કરવાં અને ભસવાનું શરૂ થાય છે અને પછી યુદ્ધ થવા લાગે છે. તેમનામાં જે બળવાન હોય છે, તે જ બીજાનું માંસ ખાય છે. મનુષ્યોમાં પણ આનાથી બીજી કોઈ વિશેષતા નથી.

શ્રીકૃષ્ણ! હવે હું એ જાણવા માગું છું કે આવી પરિસ્થિતિ આવે તો તમારી દૃષ્ટિએ શું કરવું યોગ્ય છે? એવો કયો ઉપાય છે જેથી અમે અર્થ અને ધર્મથી વંચિત ન થઈએ. પુરુષોત્તમ! આ સંકટમાં અમે આપના સિવાય કોની સલાહ લઈએ? ભલા, તમારા જેવા અમારા પ્રિય અને હિતૈષી તથા બધાં કાર્યોમાં પરિણામને જાણનારા સંબંધી કોણ છે?

વૈશમ્પાયનજી કહે છે – રાજન્! મહારાજ યુધિષ્ઠિરના આ પ્રમાણે કહેવાથી શ્રીકૃષ્ણે કહ્યું – 'હું બંને પક્ષની હિતકામનાથી કૌરવોની સભામાં જઈશ અને જો ત્યાં તમારા લાભમાં કોઈ પ્રકારની અડચણ ન આવે એ રીતે જો સંધિ કરાવી શકું તો માનીશ કે મારાથી બહુ ભારે પુણ્યકાર્ય થઈ ગયું.'

યુધિષ્ઠિરે કહ્યું – શ્રીકૃષ્ણ! તમે કૌરવો પાસે જાઓ, એમાં મારી સંમતિ તો નથી; કેમકે તમારા દ્વારા ઘણી યુક્તિપૂર્વક વાત કહેવા છતાં પણ દુર્યોધન તેને માનશે નહિ. અત્યારે ત્યાં દુર્યોધનના વશમાં છે એવા બધા રાજાઓ પણ એકઠા થઈ રહ્યા છે, તેથી તે લોકોની વચ્ચે

તમારું જવું મને ઉચિત લાગતું નથી. માધવ! તમને કષ્ટ થશે ત્યારે તો અમને ધન, સુખ, દેવત્વ અને સમસ્ત દેવતાઓ પરનું આધિપત્ય પણ પ્રસન્ન નહિ કરી શકે.

શ્રીકૃષ્ણે કહ્યું – મહારાજ! દુર્યોધન કેવો પાપી છે એ હું જાણું છું. પરંતુ જો આપણે આપણા તરફથી બધી વાતો સ્પષ્ટ કહી દઈશું તો સંસારમાં કોઈ પણ રાજા આપણને દોષી નહિ કહી શકે. હવે રહી મારા માટે ભયની વાત; તો જેમ સિંહની સામે બીજાં જંગલી જાનવરો ઊભાં રહી શકતાં નથી, તે જ પ્રમાણે હું ક્રોધ કરું તો સંસારના સઘળા રાજા મળીને પણ મારો મુકાબલો કરી શકે એમ નથી. તેથી મારું ત્યાં જવું નિરર્થક તો કોઈ રીતે નહિ થાય. સંભવ છે, કામ થઈ પણ જાય અને જો કામ ન પણ થયું, તો નિંદામાંથી તો બચી જ જઈશું.

યુધિષ્ઠિરે કહ્યું – શ્રીકૃષ્ણ! જો તમને આ પ્રમાણે જ યોગ્ય લાગતું હોય તો તમે પ્રસન્નતાથી કૌરવો પાસે જાઓ. આશા છે કે હું તમને પોતાના કાર્યમાં સફળ થઈને અહીં સકુશળ પાછા આવેલા જોઈશ. તમે ત્યાં પધારીને કૌરવોને શાંત કરજો, જેથી અમે આપસમાં મળીને શાંતિપૂર્વક રહી શકીએ. તમે અમને જાણો છો અને કૌરવોને પણ ઓળખો છો તથા અમારા બંનેનું હિત પણ તમારાથી અજાણ્યું નથી; ઉપરાંત વાતચીત કરવામાં પણ તમે અત્યંત કુશળ છો. તેથી જેમાં-જેમાં અમારું હિત હોય, તે બધી વાતો તમે દુર્યોધનને કહી દેજો.

શ્રીકૃષ્ણ બોલ્યા – રાજન્! મેં સંજય અને તમારી – બંનેયની વાતો સાંભળી છે તથા મને તમારા અને કૌરવોના અભિપ્રાયની પણ ખબર છે. તમારી બુદ્ધિ ધર્માશ્રિત છે અને તેમની બુદ્ધિ શત્રુતામાં ડૂબેલી છે. તમે તો તેને જ સારું માનશો જે યુદ્ધ વિના મળી જાય. પરંતુ મહારાજ! આ ક્ષત્રિયનું નૈષ્ઠિક (સ્વાભાવિક) કર્મ નથી. બધા આશ્રમવાળાઓનું કહેવું છે કે ક્ષત્રિયે ભીખ ન માગવી જોઈએ. તેના માટે તો વિધાતાએ એ જ સનાતન ધર્મ જણાવ્યો છે કે યા તો યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરે અથવા મરી જાય. આ જ ક્ષત્રિયોનો સ્વધર્મ છે, દીનતા તેના માટે વખાણવા જેવી વસ્તુ નથી. રાજન્! દીનતાનો આશ્રય લઈને ક્ષત્રિયનો નિર્વાહ ચાલી શકતો નથી. તેથી તમે પણ પરાક્રમપૂર્વક શત્રુઓનું દમન કરો. ધૃતરાષ્ટ્રના પુત્રો ઘણા લોભી છે. બીજું, ઘણા દિવસથી સાથે રહીને તેમણે સ્નેહપૂર્ણ વર્તાવ કરીને અનેક રાજાઓને પોતાના મિત્ર બનાવી લીધા છે. એનાથી તેમની શક્તિ પણ બહુ વધી ગઈ છે. તેથી તેઓ તમારી સાથે સંધિ કરે એવાં તો કોઈ ચિહ્નો દેખાતાં નથી. આ ઉપરાંત ભીષ્મ અને કૃપાચાર્ય વગેરેને કારણે પણ તેઓ પોતાને બળવાન સમજે છે. તેથી જ્યાં સુધી તમે તેમની સાથે ઢીલો વર્તાવ કરશો, ત્યાં સુધી તેઓ તમારા રાજ્યને હડપવાનો જ પ્રયત્ન કરશે. રાજન્! આવા કુટિલ સ્વભાવ અને આચરણવાળાઓની સાથે તમે મેળમેળાપ કરવાનો પ્રયત્ન કરશો નહિ; તમારા માટે જ નહિ, તેઓ તો બધા લોકો માટે વધ્ય (મારી નાખવા યોગ્ય) છે.

જે સમયે જુગારનો ખેલ થયો અને પાપી દુઃશાસન અસહાયની જેમ રડતી દ્રૌપદીને તેના કેશ પકડીને રાજસભામાં ઘસડી લાવ્યો હતો, તે વખતે દુર્યોધને ભીષ્મ અને દ્રોણની સામે પણ તેને (દ્રૌપદીને) વારંવાર ગૌ (ગાય) કહીને બોલાવી હતી. તે સમયે પોતાના મહાપરાક્રમી ભાઈઓને તમે રોકી લીધા હતા. આથી ધર્મપાશમાં બંધાઈ જવાને કારણે એમણે તેનો કોઈ પણ

પ્રતિકાર ન કર્યો. પરંતુ દુષ્ટ અને અધમ પુરુષને તો મારી જ નાખવો જોઈએ. તેથી તમે કોઈ પ્રકારનો વિચાર ન કરતાં આને મારી નાખો. હા, તમે જે પિતાતુલ્ય ધૃતરાષ્ટ્ર અને પિતામહ ભીષ્મ પ્રત્યે નમ્રતાનો ભાવ દેખાડી રહ્યા છો, તે તો તમારા માટે યોગ્ય જ છે. હવે હું કૌરવોની સભામાં જઈને બધા રાજાઓની સામે તમારા સર્વાંગીણ ગુણોને પ્રગટ કરીશ અને દુર્યોધનના દોષો ઉજાગર કરીશ. હું તે જ વાતો કહીશ, જે ધર્મ અને અર્થને અનુકૂળ હશે. શાંતિ માટે પ્રાર્થના કરવા છતાં પણ તમારી નિંદા થશે નહિ. બધા રાજાઓ ધૃતરાષ્ટ્ર અને કૌરવોની જ નિંદા કરશે. હું કૌરવો પાસે જઈને એ રીતે સંધિ માટે પ્રયત્ન કરીશ, જેથી તમારા સ્વાર્થ સાધનમાં પણ કોઈ ત્રુટિ ન આવે તથા તેમની ગતિવિધિને પણ જાણી લઈશ. મને તો એમ જ લાગે છે કે કૌરવો સાથે આપણું યુદ્ધ જ થશે; કેમકે મને એવા જ સંકેત મળી રહ્યા છે. તેથી તમે બધા વીરો એકનિશ્ચય કરીને શસ્ત્ર, યંત્ર, કવચ, રથ, હાથી અને ઘોડા તૈયાર કરો. આ ઉપરાંત જે બીજી પણ યુદ્ધ માટે ઉપયોગી સામગ્રીઓ હોય, તે બધી ભેગી કરી લો. એ નક્કી માનજો કે જ્યાં સુધી દુર્યોધન જીવતો છે, ત્યાં સુધી તો તે કોઈ રીતે તમને કાંઈ નહિ આપે.

—★—

શ્રીકૃષ્ણની સાથે ભીમસેન, અર્જુન, નકુળ, સહદેવ અને સાત્યકિની વાતચીત

ભીમસેને કહ્યું – મધુસૂદન! તમે કૌરવોને એવી જ વાતો કહેજો, જેથી તેઓ સંધિ કરવા તૈયાર થઈ જાય; તેમને યુદ્ધની વાત કહીને ભયભીત ન કરશો. દુર્યોધન અત્યંત અસહનશીલ, ક્રોધી, અદૂરદર્શી (ટૂંકી દૃષ્ટિવાળો), નિષ્ઠુર, બીજાની નિંદા કરનારો અને હિંસાપ્રિય છે. તે મરી જશે પણ પોતાની જિદ નહિ છોડે. જેમ શરદઋતુ પછી ગ્રીષ્મઋતુ આવવાથી જંગલો દાવાગ્નિથી બળી જાય છે, તે જ પ્રમાણે દુર્યોધનના ક્રોધથી એક દિવસ બધા ભરતવંશીઓ ભસ્મ થઈ જશે. કેશવ! કલિ, મુદાવર્ત, જનમેજય, બહુલ, વસુ, અજબિંદુ, રુષર્દ્ધિક, અર્કજ, ધૌતમૂલક, હયગ્રીવ, વરયુ, બાહુ, પુરૂરવા, સહજ, વૃષધ્વજ, ધારણ, વિગાહન અને શમ – આ અઢાર રાજા એવા થયા છે જેમણે પોતાના જ સજાતીય, સુહૃદ અને બંધુ–બાંધવોનો સંહાર કરી નાખ્યો હતો. અત્યારે અમારા કુરુવંશીઓના સંહારનો સમય આવ્યો છે, આના કારણે જ કાળગતિથી આ કુલાંગાર પાપાત્મા દુર્યોધન ઉત્પન્ન થયો છે. તેથી તમે જે કાંઈ પણ કહો તે મધુર અને કોમળ વાણીમાં ધર્મ અને અર્થયુક્ત તેમના હિતની જ વાત કહેજો. સાથે-સાથે એ પણ ધ્યાન રાખજો કે તે વાત પ્રાયઃ તેના મનને અનુકૂળ જ હોય. અમે બધા તો દુર્યોધનની ઇચ્છા પ્રમાણે રહીને બહુ જ નમ્રતાપૂર્વક તેનું અનુસરણ કરવા પણ તૈયાર છીએ, અમારા કારણે ભરતવંશનો નાશ ન થાય. તમે કૌરવોની સભામાં જઈને અમારા વૃદ્ધ પિતામહ અને અન્ય સભાસદોને પણ આ પ્રમાણે કરવાનું કહેજો, જેથી ભાઈ-ભાઈઓમાં સંપ જળવાઈ રહે અને દુર્યોધન પણ શાંત થઈ જાય.

વૈશમ્પાયનજી કહે છે – રાજન્! ભીમસેનના મોઢેથી ક્યારેય કોઈએ નમ્રતાની વાતો સાંભળી નહતી. તેથી તેમની આ વાતો સાંભળીને શ્રીકૃષ્ણ હસી પડ્યા અને પછી ભીમસેનને ઉત્તેજિત કરતાં રહીને આ પ્રમાણે કહેવા લાગ્યા – 'ભીમસેન!

તમે સામાન્ય રીતે તો આ ક્રૂર ધૃતરાષ્ટ્રના પુત્રોને કચડી નાખવાની ઈચ્છાથી યુદ્ધની જ પ્રશંસા કર્યા કરતા હતા. તથા તમે તમારા ભાઈઓની વચ્ચે ગદા ઉપાડીને એવી પ્રતિજ્ઞા કરી હતી કે 'હું આ સાચેસાચું કહી રહ્યો છું, એમાં લગીરે ફેરફાર થઈ શકતો નથી કે યુદ્ધભૂમિમાં સામે આવે ત્યારે આ ગદાથી જ હું દ્વેષથી દૂષિત દુર્યોધનનો વધ કરી નાખીશ.' પરંતુ અત્યારે જોઉં છું કે જે રીતે યુદ્ધકાળ ઉપસ્થિત થવાથી યુદ્ધ માટે ઉતાવળા અનેક વીરોનો ઉત્સાહ ઢીલો પડી જાય છે, તે જ પ્રમાણે તમે પણ યુદ્ધથી ભય માનવા લાગ્યા છો. આ તો અત્યંત દુઃખની વાત છે. અત્યારે તો નપુંસકોની જેમ તમને પણ પોતાનામાં કોઈ પુરુષાર્થ દેખાતો નથી. તો હે ભરતનંદન! તમે પોતાના કુળ, જન્મ અને કર્મો પર દૃષ્ટિ નાખીને ઊભા થઈ જાઓ. વ્યર્થ જ કોઈ પ્રકારનો વિષાદ ન કરો અને પોતાના ક્ષત્રિયોચિત કર્મ પર અડગ રહો. તમારા મનમાં જે અત્યારે બંધુવધને લીધે યુદ્ધ પર નફરતનો ભાવ ઉત્પન્ન થયો છે, તે તમારા માટે શોભાસ્પદ નથી; કેમકે ક્ષત્રિયો જેને પુરુષાર્થ દ્વારા પ્રાપ્ત નથી કરતા, તે ચીજને તે પોતાના કામમાં પણ નથી લેતા.

ભીમસેને કહ્યું – વાસુદેવ! હું તો કંઈક બીજું જ કહેવા ઈચ્છતો હતો, પરંતુ તમે બીજું જ સમજ્યા. મારું બળ અને પુરુષાર્થ અન્ય પુરુષોના પરાક્રમ સાથે જરા પણ સામ્ય ધરાવતું નથી. પોતાને મોઢે પોતાની બડાઈ કરવી એ સત્પુરુષોની દૃષ્ટિએ સારી વાત નથી. પરંતુ તમે મારા પુરુષાર્થની નિંદા કરી છે, તેથી મારે મારા બળનું વર્ણન કરવું જ પડશે. લોઢાના જાડા ડંડા જેવી મારી આ ભુજાઓને તો તમે જુઓ. આની વચ્ચે આવ્યા પછી જીવતો નીકળી જાય એવો મને કોઈ દેખાતો નથી. જેના ઉપર હું આક્રમણ કરું, તેને તો ઈન્દ્ર પણ બચાવી શકતા નથી. પાંડવો પર અત્યાચાર કરવા તૈયાર થયા છે એ તમામ યુદ્ધ માટે ઉત્સુક ક્ષત્રિયોને હું પૃથ્વી પર પટકીને તેમના ઉપર પગનો પ્રહાર કરીને તેમને કચડી નાખીશ. મેં જે રીતે રાજાઓને જીતી-જીતીને પોતાને અધીન કર્યા હતા, તે શું તમે ભૂલી ગયા છો? જો સંપૂર્ણ સંસાર મારા પર કોપાયમાન થઈને તૂટી પડે તો પણ મને ભય લાગશે નહિ. મેં જે શાંતિની વાતો કહી છે તે તો માત્ર મારી ખેલદિલી (સૌહાર્દ) જ છે. હું દયાવશ થઈને બધાં કષ્ટો સહી લઉં છું અને એટલે જ ભરતવંશનો નાશ ન થાય એવું ચાહું છું.

શ્રીકૃષ્ણે કહ્યું – ભીમસેન! મેં પણ તમારો ભાવ જાણવા માટે પ્રેમથી જ આ વાતો કહી છે; મારી બુદ્ધિમાની દેખાડવા કે ક્રોધવશ આવું કહ્યું નથી. હું તમારા પ્રભાવ અને પરાક્રમને સારી રીતે જાણું છું, તેથી તમારો તિરસ્કાર કરી શકું નહિ. હવે હું આવતીકાલે ધૃતરાષ્ટ્ર પાસે જઈને તમારા સ્વાર્થની રક્ષા થાય એ રીતે સંધિ માટે પ્રયત્ન કરીશ. જો તેમણે સંધિ કરી લીધી તો મને તો શાશ્વત સુયશ મળશે, તમારા લોકોનું કામ થઈ જશે અને તેમનો બહુ મોટો ઉપકાર થશે, અને જો તેમણે અભિમાનવશ મારી વાત ન માની તો પછી યુદ્ધ જેવું ભયંકર કર્મ કરવું જ પડશે. ભીમસેન! આ યુદ્ધનો બધો ભાર તમારા ઉપર જ રહેશે અથવા અર્જુને તેની ધુરા ધારણ કરવી પડશે તથા બીજા બધા લોકો તમારી આજ્ઞામાં રહેશે. યુદ્ધ થશે તો હું અર્જુનનો સારથિ બનીશ. અર્જુનની પણ એવી જ ઈચ્છા છે. આનાથી તમે એવું ન માનતા કે હું યુદ્ધ કરવા ચાહતો જ નથી. એટલા જ માટે જ્યારે તમે કાયરો જેવી વાત કરી ત્યારે મને તમારી યુદ્ધનિષ્ઠા પર સંદેહ થઈ ગયો અને મેં એવી વાતો કરીને (તમારા તેજને)

તમને ઉત્સાહિત કર્યા.

અર્જુને કહ્યું – શ્રીકૃષ્ણ! જે કાંઈ કહેવું હતું તે તો મહારાજ યુધિષ્ઠિરે કહી જ દીધું છે. પરંતુ તમારી વાતો સાંભળીને મને એવું લાગે છે કે ધૃતરાષ્ટ્રના લોભ અને મોહને લીધે સંધિ થઈ જશે એવું તમને લાગતું નથી. પરંતુ જો કોઈ પણ કામ વ્યવસ્થિત કરવામાં આવે તો તે સફળ પણ થઈ જાય છે. તેથી તમે એવું કરો, જેથી શત્રુઓની સાથે સંધિ થઈ જ જાય. અથવા તમારી જેવી ઇચ્છા હોય, તેમ કરો; તમે જે કાંઈ વિચારી રાખ્યું છે તેવું જ કરો. અમને તો એ જ માન્ય છે. પરંતુ જે ધર્મરાજ પાસે રાજ્યલક્ષ્મી જોઈને તેને સહી ન શક્યો અને કપટદ્યૂત જેવા કુટિલ (અવળા) ઉપાયથી તેમની રાજ્યલક્ષ્મી પડાવી લીધી, તેવો દુષ્ટાત્મા દુર્યોધન શું તેના પુત્ર-પૌત્ર અને બાંધવો સહિત મૃત્યુના મુખમાં ધકેલી દેવા યોગ્ય નથી? તે પાપીએ જે રીતે સભાની વચ્ચે દ્રૌપદીને અપમાનિત કરીને દુઃખી કરી હતી, તે તો તમે જાણો જ છો. અમે તો તે પણ સહન કરી લીધું. પરંતુ એ વાત મને બિલકુલ સમજાતી નથી કે તે જ દુર્યોધન હવે પાંડવો સાથે સજ્જન જેવો વર્તાવ કરી શકશે. શું ઊખર ભૂમિમાં વાવેલાં બીજ ઊગે ખરાં? તેથી તમને જે યોગ્ય લાગે અને જેમાં પાંડવોનું હિત હોય, તે જ કામનો જલદી આરંભ કરી દો તથા અમારે હવે શું કરવાનું છે તે પણ અમને જણાવી દો.

શ્રીકૃષ્ણે કહ્યું – મહાબાહુ! તમે જે કાંઈ કહો છો તે બરાબર છે. હું પણ તે જ કામ કરીશ, જેમાં કૌરવો અને પાંડવોનું હિત થાય. પરંતુ પ્રારબ્ધને બદલવું તો મારા વશમાં નથી. દુરાત્મા દુર્યોધન તો ધર્મ અને લોક-વ્યવહાર બધાને તિલાંજલિ આપીને સ્વેચ્છાચારી બની ગયો છે. એવાં કર્મોમાં તેને પશ્ચાત્તાપ પણ થતો નથી. બલકે તેના સલાહકારો શકુનિ, કર્ણ અને દુઃશાસન પણ તેની તે પાપાચારી કુબુદ્ધિને જ પ્રોત્સાહન આપી રહ્યા છે. તેથી અડધું રાજ્ય આપીને તેને ચેન (શાંતિ) નહિ થાય. તેનો તો પરિવાર સહિત નાશ થશે ત્યારે જ શાંતિ થશે, અને અર્જુન! તમને તો દુર્યોધનનું મન અને મારા વિચારોની પણ ખબર છે જ. પછી અજાણ્યાની જેમ મારી આગળ શંકા કેમ કરો છો? પૃથ્વીનો ભાર ઉતારવા માટે દેવતાઓ પૃથ્વી પર અવતર્યા છે – એ દિવ્ય વિધાનને પણ તમે જાણો જ છો. પછી કહો, તેમની સાથે સંધિ કેવી રીતે થઈ શકે? છતાં મારે બધી રીતે ધર્મરાજની આજ્ઞાનું પાલન તો કરવાનું જ છે.

હવે નકુળે કહ્યું – માધવ! ધર્મરાજે તમને અનેક પ્રકારની વાતો કરી છે, તે બધી તમે સાંભળી લીધી છે. ભીમસેને પણ સંધિ માટે જ વાત કહીને પછી તમને પોતાના બાહુબળની પણ વાત કહી. એ જ પ્રમાણે અર્જુને જે કાંઈ કહ્યું છે, તે પણ તમે સાંભળી જ ચૂક્યા છો તથા તમારો પોતાનો વિચાર પણ ઘણી વાર કહી ચૂક્યા છો. તો હે પુરુષોત્તમ! આ બધી વાતોને છોડીને તમે શત્રુનો વિચાર જાણીને જે ઉચિત સમજો તે જ કરો. શ્રીકૃષ્ણ! અમે જોઈએ છીએ કે વનવાસ અને અજ્ઞાતવાસના સમયે અમારો વિચાર બીજો હતો અને અત્યારે બીજો છે. વનમાં રહેતા હતા ત્યારે અમારો રાજ્ય પ્રાપ્ત કરવામાં એટલો અનુરાગ ન હતો, જેટલો આજે છે. તમે કૌરવોની સભામાં જઈને પ્રથમ તો સંધિની જ વાત કરજો, પછી યુદ્ધની ધમકી આપજો અને એ રીતે વાત કરજો, જેથી મંદબુદ્ધિના દુર્યોધનને વ્યથા ન થાય. ભલા, વિચાર તો કરો કે એવો કયો પુરુષ છે, જે રણભૂમિમાં મહારાજ યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, સહદેવ, તમારી, બળરામજી, સાત્યકિ,

વિરાટ, ઉત્તર, દ્રુપદ, ધૃષ્ટદ્યુમ્ન, કાશિરાજ, ચેદિરાજ, ધૃષ્ટકેતુ અને મારી સામે ટકી શકે. તમારા કહેવાથી વિદુર, ભીષ્મ, દ્રોણ અને બાહ્‌લીક એ વાત સમજી શકશે કે કૌરવોનું હિત શેમાં છે, અને પછી તેઓ રાજા ધૃતરાષ્ટ્ર અને સલાહકારો સહિત પાપી દુર્યોધનને સમજાવશે.

ત્યારપછી **સહદેવે કહ્યું** – મહારાજે જે વાત કહી છે, તે તો સનાતન ધર્મ જ છે, પરંતુ તમે તો એવો પ્રયત્ન કરો, જેથી યુદ્ધ જ થાય. જો કૌરવો સંધિ કરવા ચાહે તો પણ તમે તેમની સાથે યુદ્ધ થાય એવો જ રસ્તો કાઢજો. શ્રીકૃષ્ણ! સભામાં દ્રૌપદીની દુર્ગતિ જોઈને મને દુર્યોધન પર જે ક્રોધ આવ્યો હતો, તે તેના પ્રાણ લીધા વિના કઈ રીતે શાંત થશે?

સાત્યકિએ કહ્યું – મહાબાહો! મહામતિ સહદેવે બિલકુલ બરાબર કહ્યું છે. તેમનો તથા મારો કોપ તો દુર્યોધનનો વધ થવાથી જ શાંત થશે. વીરવર સહદેવે જે વાત કહી છે, વાસ્તવમાં બધા યોદ્ધાઓનો એ જ મત છે.

સાત્યકિએ આમ કહેતાં જ ત્યાં બેઠેલા બધા યોદ્ધાઓ ભયંકર સિંહનાદ કરવા લાગ્યા. તે યુદ્ધોત્સુક વીરોએ 'બરાબર છે, બરાબર છે' એવું કહીને સાત્યકિને હર્ષિત કરીને તેમના જ મતનું સમર્થન કર્યું.

—★—

ભગવાન શ્રીકૃષ્ણ સાથે દ્રૌપદીની વાતચીત તથા તેમનું હસ્તિનાપુર માટે પ્રયાણ

વૈશમ્પાયનજી કહે છે – રાજન્! મહારાજ યુધિષ્ઠિરનાં ધર્મ અને અર્થયુક્ત વચન સાંભળીને તથા ભીમસેનને શાંત જોઈને દ્રુપદનંદિની કૃષ્ણા સહદેવ અને સાત્યકિની પ્રશંસા કરીને રડતાં-રડતાં આ પ્રમાણે કહેવા લાગી, 'ધર્મજ્ઞ મધુસૂદન! દુર્યોધને જે રીતે ક્રૂરતાનો આશ્રય લઈને પાંડવોને રાજ્યસુખથી વંચિત કર્યા હતા, તે તો તમે જાણો જ છો તથા સંજયને રાજા ધૃતરાષ્ટ્રે એકાંતમાં પોતાનો જે વિચાર કહ્યો છે, તે પણ તમારાથી છૂપો નથી. તેથી દુર્યોધન અમારો રાજ્યભાગ આપ્યા વિના જ સંધિ કરવા ચાહે તો તમે કોઈ રીતે તેનો સ્વીકાર કરશો નહિ. આ સૃંજયવીરો સાથે પાંડવો દુર્યોધનની રણઘેલી સેના સાથે સારી રીતે મુકાબલો કરી શકે છે. સામ અથવા દાન દ્વારા કૌરવો પાસેથી પોતાનું પ્રયોજન સિદ્ધ થવાની કોઈ આશા નથી, તેથી તમે પણ તેમના પ્રતિ કોઈ કૂણી નીતિ અપનાવશો નહિ, કેમકે જેને પોતાની જીવિકા બચાવવાની ઇચ્છા હોય, તેણે સામ અથવા દાનથી વશમાં ન આવનારા શત્રુ સામે દંડનો પ્રયોગ કરવો જોઈએ. તેથી હે અચ્યુત! તમારે પણ પાંડવો અને સૃંજયવીરોને સાથે લઈને તેમને ત્વરિત જ ભારે દંડ આપવો જોઈએ.

જનાર્દન! શાસ્ત્રનો મત છે કે જે દોષ અવધ્યનો વધ કરવામાં છે, તે જ વધ્યનો વધ ન કરવામાં પણ છે. તેથી તમે પણ પાંડવો, યાદવો અને સૃંજયવીરોસહિત એવું કામ કરો, જેથી આ દોષ તમારો સ્પર્શ ન કરી શકે. ભલા, જણાવો તો, મારા જેવી પૃથ્વી પર કઈ સ્ત્રી છે. હું મહારાજ દ્રુપદની યજ્ઞવેદીમાંથી પ્રગટ થયેલી અયોનિજા પુત્રી છું, ધૃષ્ટદ્યુમ્નની બહેન છું, તમારી પ્રિય સખી છું, મહાત્મા પાંડુની પુત્રવધૂ છું અને ઇન્દ્ર જેવા તેજસ્વી પાંચ પાંડવોની પટરાણી છું. આટલી સન્માનિત હોવા છતાં પણ મારા કેશ પકડીને મને સભામાં લાવવામાં આવી અને પછી ત્યાં જ પાંડવોની સામે અને તમારી હયાતિમાં મને અપમાનિત કરવામાં આવી. અરે!

પાંડવો, યાદવો અને પાંચાલ વીરોનાં શરીરમાં પ્રાણ હોવા છતાં હું પાપીઓની સભામાં દાસીની દશામાં મુકાઈ ગઈ. પરંતુ મને આવી સ્થિતિમાં જોઈને પણ પાંડવોને ન તો ક્રોધ આવ્યો અને ન એમણે કોઈ ચેષ્ટા પણ કરી. તેથી હું તો એ જ કહું છું કે જો દુર્યોધન એક મુહૂર્ત પણ જીવતો રહે છે તો અર્જુનની ધનુર્ધરતા અને ભીમસેનની બળવત્તાને ધિક્કાર છે. તેથી જો તમે મને પોતાની કૃપાપાત્ર સમજો છો અને ખરેખર મારા પ્રત્યે તમારી દયાદૃષ્ટિ છે તો તમે ધૃતરાષ્ટ્રના પુત્રો પર અત્યંત કોપાયમાન થઈ જાઓ.'

એ પછી દ્રૌપદી પોતાના કાળા-કાળા લાંબા કેશ ડાબા હાથમાં લઈને શ્રીકૃષ્ણની પાસે આવી અને નેત્રોમાં આંસુ ભરીને કહેવા લાગી – 'કમળનયન શ્રીકૃષ્ણ! શત્રુઓ સાથે સંધિ કરવાની તો તમારી ઇચ્છા છે, પરંતુ પોતાના આ તમામ પ્રયત્નમાં તમે દુઃશાસનના હાથથી ખેંચાયેલા આ કેશપાશ (ચોટલા)ને યાદ રાખજો. જો ભીમ અને અર્જુન કાયર બનીને આજે સંધિ માટે જ ઉત્સુક છે તો મારા મહારથી પુત્રો સહિત મારા વૃદ્ધ પિતા કૌરવો સાથે યુદ્ધ કરશે અને અભિમન્યુ સહિત મારા પાંચ મહાબળી પુત્રો તેમની સાથે લડશે. જો મેં દુઃશાસનની કાળી ભુજાઓને કપાઈને ધૂળમાં રગદોળાતી ન જોઈ તો મારી છાતી કઈ રીતે ઠંડી થશે? આ પ્રજ્વલિત અગ્નિ જેવા ક્રોધને હૃદયમાં રાખીને પ્રતીક્ષા કરતાં મને તેર વર્ષો વીતી ગયાં. આજે ભીમસેનનાં વાગ્બાણોથી વીંધાઈને મારું કાળજું ફાટી રહ્યું છે. અરે! હજી પણ આ લોકો ધર્મને જ જોઈ રહ્યા છે? આટલું કહીને મોટી આંખોવાળી દ્રૌપદીનું ગળું ભરાઈ આવ્યું, આંખોમાંથી આંસુઓની ઝડી વરસી રહી હતી, હોઠ ધ્રૂજતા હતા અને તે ડૂસકાં ભરી-ભરીને રડવા લાગી.

ત્યારે વિશાળબાહુ 'શ્રીકૃષ્ણે તેને ધીરજ આપતાં કહ્યું – 'કૃષ્ણે! તમે શીઘ્ર જ કૌરવોની સ્ત્રીઓને રુદન કરતી જોશો. આજે જેમના પર તમારો કોપ છે તે શત્રુઓના સ્વજન, સુહૃદ અને સૈનિકો વગેરે નષ્ટ થઈ જતાં તેમની સ્ત્રીઓ પણ આ જ પ્રમાણે રડશે. મહારાજ યુધિષ્ઠિરની આજ્ઞાથી ભીમ, અર્જુન, નકુળ, સહદેવ સહિત હું પણ એવું જ કામ કરીશ. જો કાળને અધીન થયેલા ધૃતરાષ્ટ્રના પુત્રો મારી વાત નહિ સાંભળે તો યુદ્ધમાં મરાઈને કૂતરાં અને શિયાળવાનું ભોજન બનશે. તમે વિશ્વાસ રાખો, હિમાલય ભલે ને પોતાના સ્થાનેથી ખસી જાય, પૃથ્વીના સેંકડો ટુકડા થઈ જાય, તારાઓ સહિત આકાશ તૂટી પડે, પરંતુ મારી વાત અન્યથા થઈ શકતી નથી. કૃષ્ણે! પોતાનાં આંસુને રોકો, હું સત્ય પ્રતિજ્ઞા કરીને કહું છું કે તમે શીઘ્ર જ શત્રુઓના મરાઈ જવાથી પોતાના પતિઓને શ્રીસંપન્ન જોશો.'

અર્જુને કહ્યું – શ્રીકૃષ્ણ! અત્યારે બધા જ કુરુવંશીઓના આપ જ સહુથી મહાન સુહૃદ છો. તમે બંને પક્ષના સંબંધી અને પ્રિય છો. તેથી પાંડવોની સાથે કૌરવોનો મેળ કરાવીને આપસમાં બંનેની સંધિ પણ કરાવી શકો છો.

શ્રીકૃષ્ણ બોલ્યા – ત્યાં જઈને હું એવી જ વાતો કહીશ, જે ધર્મને અનુકૂળ હશે તથા જેનાથી આપણું અને કૌરવોનું હિત થશે. સારું, હવે હું રાજા ધૃતરાષ્ટ્રને મળવા માટે જાઉં છું.

વૈશમ્પાયનજી કહે છે – રાજન્! શ્રીકૃષ્ણ-ચન્દ્રે શરદૃઋતુ સમાપ્ત થયા પછી હેમંતના આગમન ટાણે કાર્તિક મહિનામાં રેવતી નક્ષત્ર અને મૈત્ર મુહૂર્તમાં યાત્રાનો પ્રારંભ કર્યો. તે સમયે તેમણે પોતાની પાસે બેઠેલા સાત્યકિને કહ્યું, 'તમે મારી સાથે રથમાં શંખ, ચક્ર, ગદા, તરકસ, શક્તિ

વગેરે બધાં અસ્ત્રો મૂકી દો.' આ પ્રમાણે તેમનો વિચાર જાણીને સેવકો રથ તૈયાર કરવા માટે દોડ્યા. તેમણે નવડાવી – ધોવડાવીને શૈબ્ય, સુગ્રીવ, મેઘપુષ્પ અને બલાહક નામના ઘોડાઓને રથમાં જોતર્યા તથા તેની ધજા પર પક્ષીરાજ ગરુડ વિરાજમાન થયા. એ પછી શ્રીકૃષ્ણ તે રથ પર ચડી ગયા તથા સાત્યકિને પણ પોતાની સાથે બેસાડી દીધા. પછી જ્યારે રથ ચાલવા લાગ્યો ત્યારે તેના ઘડઘડાટથી પૃથ્વી અને આકાશ ગુંજી ઊઠ્યાં. આ પ્રમાણે તેમણે હસ્તિનાપુર માટે પ્રસ્થાન કર્યું.

ભગવાન જવા નીકળ્યા ત્યારે કુંતીપુત્ર યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, નકુળ, સહદેવ, ચેકિતાન, ચેદિરાજ, ધૃષ્ટકેતુ, દ્રુપદ, કાશિરાજ, શિખંડી, ધૃષ્ટદ્યુમ્ન, પુત્રો સાથે રાજા વિરાટ અને કેકયરાજ પણ તેમને પહોંચાડવા ચાલ્યા. એ સમયે મહારાજ યુધિષ્ઠિરે સર્વગુણસંપન્ન શ્રીશ્યામસુંદરને હૃદયે લગાડીને કહ્યું, 'ગોવિંદ! અમારી જે અબળા માતાએ અમને નાનપણથી જ પાળી-પોષીને મોટા કર્યા છે, જે નિરંતર ઉપવાસ અને તપ કરતી રહીને અમારા કુશળ-ક્ષેમનો જ પ્રયત્ન કરતી રહે છે તથા જેનો દેવતાઓ અને અતિથિ-સત્કાર અને ગુરુજનોની સેવામાં અત્યંત અનુરાગ છે, તેની તમે કુશળતા પૂછજો. તેને નિરંતર અમારો શોક સાલતો રહે છે. તમે અમારાં નામ લઈને અમારા વતી તેને પ્રણામ કરજો. શત્રુદમન શ્રીકૃષ્ણ! શું ક્યારેય તે સમય આવશે જ્યારે આ દુઃખથી છૂટીને અમારી દુખિયારી માતાને કાંઈક સુખ આપી શકીએ. એ સિવાય રાજા ધૃતરાષ્ટ્ર અને અમારા વયોવૃદ્ધ રાજાઓને તથા ભીષ્મ, દ્રોણ, કૃપ, બાહ્‌લીક, દ્રોણપુત્ર અશ્વત્થામા, સોમદત્ત તથા બીજા બધા ભરતવંશીઓને અમારા યથાયોગ્ય અભિવાદન કહેજો. કૌરવોના પ્રધાનમંત્રી અગાધબુદ્ધિ ધર્મજ્ઞ વિદુરજીને અમારા તરફથી આલિંગન કરજો.' આટલું કહીને મહારાજ યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણની પરિક્રમા કરી અને તેમની આજ્ઞા લઈને પાછા ફર્યા.

પછી રસ્તામાં ચાલતાં-ચાલતાં અર્જુને કહ્યું – 'ગોવિંદ! પહેલાં મંત્રણા થઈ ત્યારે અમને અડધું રાજ્ય આપવાની વાત થઈ હતી – તેને બધા રાજાઓ જાણે છે. હવે દુર્યોધન એ પ્રમાણે કરવા માટે તૈયાર હોય, ત્યારે તો બહુ સારી વાત છે; તેને પણ બહુ મોટી આફતમાંથી છુટકારો મળી જશે, અને જો આ પ્રમાણે ન કર્યું તો હું અવશ્ય જ તેના પક્ષના સમસ્ત ક્ષત્રિયવીરોનો નાશ કરી નાખીશ.' અર્જુનની આ વાત સાંભળીને ભીમસેન પણ બહુ ખુશ થયા અને તેમણે બહુ મોટેથી સિંહનાદ કર્યો. તેનાથી ભયભીત થઈને મોટા-મોટા ધનુર્ધરો પણ ધ્રૂજવા લાગ્યા. આ પ્રમાણે શ્રીકૃષ્ણને પોતાનો ઇરાદો સ્પષ્ટપણે સંભળાવીને તેમનું આલિંગન કરીને અર્જુન પણ પાછા આવ્યા. આ પ્રમાણે બધા રાજાઓના પાછા વળ્યા પછી શ્રીકૃષ્ણ અત્યંત ઝડપથી હસ્તિનાપુર તરફ ચાલી નીકળ્યા.

માર્ગમાં શ્રીકૃષ્ણે રસ્તાની બંને બાજુ ઊભા રહેલા ઘણા મહર્ષિઓને જોયા. તેઓ બધા બ્રહ્મતેજથી દેદીપ્યમાન હતા. તેમને જોતાં જ તેઓ તરત રથમાંથી ઊતરી પડ્યા અને તેમને પ્રણામ કરીને બહુ જ આદરભાવથી કહેવા લાગ્યા, 'કહો, બધા લોકો કુશળ છો ને? ધર્મનું બરાબર પાલન થઈ રહ્યું છે? તમે લોકો અત્યારે ક્યાં જઈ રહ્યા છો? કયા કાર્ય માટે જઈ રહ્યા છો? હું તમારી શી સેવા કરું? તમે બધા પૃથ્વી પર કયા હેતુથી પધાર્યા છો?'

ત્યારે શ્રીપરશુરામજીએ શ્રીકૃષ્ણને ગળે લગાડીને કહ્યું – 'યદુપતે! આ બધા દેવર્ષિ,

બ્રહ્મર્ષિ અને રાજર્ષિઓ પ્રાચીન સમયના અનેક દેવતાઓ અને અસુરોને જોઈ ચૂક્યા છે. અત્યારે તેઓ હસ્તિનાપુરમાં એકત્રિત થયેલા ક્ષત્રિય રાજાઓને, સભાસદોને જોવા તથા આપનાં દર્શન કરવા માટે જઈ રહ્યા છે. આ સમારોહ અત્યંત દર્શનીય હશે. ત્યાં કૌરવોની રાજસભામાં આપ જે ધર્મ અને અર્થને અનુકૂળ ભાષણ આપશો, તે સાંભળવાની અમારી ઈચ્છા છે. તે સભામાં ભીષ્મ, દ્રોણ અને મહામતિ વિદુર જેવા મહાપુરુષો તથા આપ પણ હાજર હશો. તે સમયે અમે આપનાં અને તેમનાં દિવ્ય પ્રવચનો સાંભળવા ઈચ્છીએ છીએ. તે પ્રવચન અત્યંત હિતકર અને યથાર્થ હશે. વીરવર! આપ પધારો, અમે સભામાં જ આપનાં દર્શન કરીશું.'

રાજન્! દેવકીનંદન શ્રીકૃષ્ણચંદ્ર હસ્તિનાપુર જતા હતા ત્યારે સાથે દસ મહારથી, એક હજાર પાયદળ, એક હજાર ઘોડેસવારો, વિપુલમાત્રામાં ભોજનસામગ્રી અને સેંકડો સેવકો પણ તેમની સાથે હતા. તેમના પ્રસ્થાન સમયે જે શુકન અને અપશુકન થયાં, તે હું કહું છું. તે સમય વાદળો વિના જ અત્યંત ભીષણ ગર્જના અને વીજળીના કડાકા થયા તથા વરસાદ પડવા લાગ્યો. પૂર્વ દિશા તરફ વહેનારી છ નદીઓ અને સમુદ્ર ઊલટા વહેવા લાગ્યાં. બધી દિશાઓ એવી અનિશ્ચિત થઈ ગઈ કે કશું દેખાતું જ ન હતું. પરંતુ રસ્તામાં જ્યાં-જ્યાં શ્રીકૃષ્ણ જતાં હતાં ત્યાં બહુ જ સુખદ વાયુ વાતો હતો અને શુકન પણ સરસ થતાં હતાં. જ્યાં-ત્યાં હજારો બ્રાહ્મણો તેમની સ્તુતિ કરીને મધુપર્ક અને માંગલિક દ્રવ્યોથી તેમનો સત્કાર કરતા હતા. આ પ્રમાણે માર્ગમાં અનેક નગર-ગામોને જોતાં, રાજ્યોને ઓળંગતા તેઓ પરમ રમણીય શાલિયવન સ્થાન પર પહોંચ્યા. ત્યાં નગરજનોએ શ્રીકૃષ્ણચન્દ્રનો બહુ આદર-સત્કાર કર્યો. ત્યાર બાદ સાયંકાળે જ્યારે અસ્ત થતાં સૂર્યનાં કિરણો બધી બાજુ વિસ્તરી રહ્યાં હતાં, ત્યારે તેઓ વૃકસ્થળ નામના ગામમાં પહોંચ્યા. ત્યાં તેમણે રથમાંથી ઊતરીને નિયમાનુસાર શૌચાદિ નિત્યકર્મ કર્યું અને રથ છોડવાની આજ્ઞા આપીને સંધ્યાવંદન કર્યું. દારુકે ઘોડા છોડી દીધા. પછી ભગવાને ત્યાંના નિવાસીઓને કહ્યું કે, 'અમે રાજા યુધિષ્ઠિરના કામે જઈ રહ્યા છીએ અને આજે રાત્રે અહીં રોકાઈશું.' તેમનો આવો વિચાર જાણીને ગ્રામવાસીઓએ તેમના ઉતારાની વ્યવસ્થા કરી અને ક્ષણવારમાં જ ખાવા-પીવાની ઉત્તમ સામગ્રી એકત્ર કરી દીધી. પછી તે ગામમાં જે મુખ્ય મુખ્ય બ્રાહ્મણ હતા તેમણે આવીને આશીર્વાદ અને માંગલિક વચનો કહીને તેમનો વિધિવત્ સત્કાર કર્યો. ત્યારપછી ભગવાને બ્રાહ્મણોને સ્વાદિષ્ટ ભોજન કરાવીને પછી પોતે ભોજન કર્યું અને બધા લોકો સાથે બહુ જ આનંદપૂર્વક રાત્રે ત્યાં રહ્યા.

—★—

હસ્તિનાપુરમાં શ્રીકૃષ્ણના સ્વાગતની તૈયારીઓ અને કૌરવોની સભામાં પરામર્શ

વૈશમ્પાયનજી કહે છે – આ બાજુ જ્યારે દૂતો દ્વારા રાજા ધૃતરાષ્ટ્રને ખબર મળી કે શ્રીકૃષ્ણ આવી રહ્યા છે ત્યારે તેમને હર્ષથી રોમાંચ થઈ ગયો અને તેમણે બહુ જ આદરથી ભીષ્મ, દ્રોણ, સંજય, વિદુર, દુર્યોધન અને તેના મંત્રીઓને કહ્યું, 'સાંભળ્યું છે, પાંડવોના કામથી આપણને મળવા માટે શ્રીકૃષ્ણ આવી રહ્યા છે. તેઓ બધી રીતે આપણા માનનીય અને પૂજ્ય છે. સંપૂર્ણ

લોકવ્યવહાર તેમનામાં વસેલા છે; કેમકે તેઓ સમસ્ત પ્રાણીઓના ઈશ્વર છે; તેમનામાં ધૈર્ય, વીર્ય, પ્રજ્ઞા અને ઓજ (તેજ) બધા ગુણો છે. તેઓ સનાતન ધર્મરૂપ છે, તેથી બધી રીતે સન્માનને યોગ્ય છે. તેમનો સત્કાર કરવામાં જ સુખ છે, સત્કાર ન કરવાથી તેઓ દુઃખનું નિમિત્ત બની જાય છે. જો આપણા સત્કારથી તેઓ સંતુષ્ટ થઈ ગયા તો સઘળા રાજાઓની જેમ આપણાં પણ બધાં જ અભીષ્ટ સિદ્ધ થઈ જશે. દુર્યોધન! તમે તેમના સ્વાગત-સત્કારની આજથી જ તૈયારી કરો અને રસ્તામાં બધા પ્રકારની સામગ્રીઓથી સંપન્ન વિશ્રામગૃહ બનાવરાવો. તમે એવો ઉપાય કરો, જેથી શ્રીકૃષ્ણ તમારા ઉપર પ્રસન્ન થઈ જાય. ભીષ્મજી! આ સંબંધમાં તમારી શી રાય છે?'

ત્યારે ભીષ્મ વગેરે બધા સભાસદોએ ધૃતરાષ્ટ્રના કથનની પ્રશંસા કરી અને કહ્યું કે, 'તમારો વિચાર બહુ સરસ છે.' એ બધાની અનુમતિ જાણીને દુર્યોધને જ્યાં-ત્યાં સુંદર વિશ્રામસ્થાન બનાવડાવવાનો પ્રારંભ કરી દીધો. જ્યારે તેણે દેવતાઓના સ્વાગત જેવી તૈયારી કરાવી દીધી અને રાજા ધૃતરાષ્ટ્રને તેની સૂચના આપી દીધી. પરંતુ શ્રીકૃષ્ણે તે વિશ્રામસ્થાન અને જાત-જાતનાં રત્નો તરફ જોયું સુધ્ધાં નહિ.

દુર્યોધન પાસેથી બધી તૈયારીની સૂચના મળ્યા પછી **રાજા ધૃતરાષ્ટ્રે વિદુરજીને કહ્યું** – વિદુર! શ્રીકૃષ્ણ ઉપપ્લવ્યથી આ બાજુ આવી રહ્યા છે. આજે તેમણે વૃકસ્થલમાં વિશ્રામ કર્યો છે. કાલે પ્રાતઃકાળે તેઓ અહીં આવી જશે. તેઓ બહુ જ ઉદારચિત્ત, પરાક્રમી અને મહાબળી છે. યાદવોનું જે વિસ્તૃત રાજ્ય છે, તેનું પાલન અને રક્ષણ કરનારા તેઓ જ છે. વધારે શું, તેઓ તો ત્રણે લોકના પિતામહ બ્રહ્માજીના પણ પિતા છે. તેથી આપણી સ્ત્રી, પુરુષ, બાળક, વૃદ્ધ-જેટલી પ્રજા છે, તેણે સાક્ષાત્ સૂર્ય જેવા શ્રીકૃષ્ણનાં દર્શન કરવાં જોઈએ. બધી બાજુ મોટી-મોટી ધજા-પતાકાઓ ફરકાવી દો તથા તેમના આવવાના માર્ગને સાફ કરાવીને જળ છંટાવી દો. જુઓ, દુઃશાસનનો મહેલ દુર્યોધન કરતાં પણ સુંદર છે. તે તરત જ સાફ કરાવીને સારી રીતે સજાવી દો. તે ભવનમાં બહુ મોટા-મોટા સુંદર ઓરડા અને ઝરૂખા છે, તેમાં બધી રીતે આરામ છે. તેમાં બધી ઋતુઓનો આનંદ પણ મળી શકે છે. મારા અને દુર્યોધનના મહેલમાં પણ જે જે સુંદર-સુંદર વસ્તુઓ છે તે બધી તેમાં સજાવી દો તથા તેમનામાંથી જે-જે પદાર્થો શ્રીકૃષ્ણને યોગ્ય હોય તે અવશ્ય તેમને ભેટ આપો.

વિદુરજીએ કહ્યું – રાજન્! તમે ત્રણે લોકમાં ઘણા સન્માનને પાત્ર છો અને આ લોકમાં બહુ પ્રતિષ્ઠિત તથા માનનીય છો. અત્યારે તમે જે વાતો કહી રહ્યા છો, તે બધી શાસ્ત્ર અથવા ઉત્તમ યુક્તિના આધારે જ કહી શકાય એવી છે. આથી લાગે છે કે તમારી બુદ્ધિ સ્થિર છે. વયોવૃદ્ધ તો તમે છો જ. પરંતુ હું તમને વાસ્તવિક વાત જણાવી દઉં છું. તમે ધન આપીને અથવા કોઈ બીજા પ્રયત્ન દ્વારા શ્રીકૃષ્ણને અર્જુનથી અલગ કરી શકશો નહિ. હું શ્રીકૃષ્ણનો મહિમા જાણું છું અને પાંડવો પર તેમનો જેવો સુદૃઢ અનુરાગ છે તે પણ મારાથી અજાણ્યો નથી. અર્જુન તો તેમને પ્રાણ સમાન પ્રિય છે, તેને તો તેઓ છોડી શકતા જ નથી. તેઓ પૂર્ણકુંભ (જળથી ભરેલો કળશ), પગ ધોવા માટે જળ અને કુશળ-પ્રશ્ન સિવાય તમારી બીજી કોઈ વસ્તુ તરફ તો આંખ ઉઠાવીને જોશે પણ નહિ. હા, તેમને અતિથિ-સત્કાર અવશ્ય પ્રિય છે અને

તેઓ સન્માનને યોગ્ય પણ છે જ. તેથી તેમનો સત્કાર તો જરૂર કરજો. અત્યારે શ્રીકૃષ્ણ બંને પક્ષોના હિતની કામનાથી આવી રહ્યા છે, તેને તમે પૂરું કરો. તેઓ તો પાંડવો સાથે તમારી અને દુર્યોધનની સંધિ કરાવવા ચાહે છે. તેમની આ વાતને તમે સ્વીકારી લેજો. મહારાજ! તમે પાંડવોના પિતા છો, તેઓ તમારા પુત્ર છે; તમે વૃદ્ધ છો, તેઓ તમારી આગળ બાળક છે. તેઓ તમારી સાથે પુત્રો જેવો જ વર્તાવ કરી રહ્યા છે, તમે પણ તેમની સાથે પિતા જેવો વ્યવહાર કરો.

દુર્યોધન બોલ્યો – પિતાજી! વિદુરજીએ જે કંઈ કહ્યું છે, તે બરાબર જ છે. શ્રીકૃષ્ણનો પાંડવો પ્રત્યે ઘણો પ્રેમ છે. તેમને ત્યાંથી કોઈ અલગ કરી શકે એમ નથી. તેથી તમે તેમના સત્કારને માટે જે વિવિધ વસ્તુઓ આપવા ઇચ્છો છો, તે તેમને કદી ન આપવી જોઈએ.

દુર્યોધનની વાત સાંભળીને **પિતામહ ભીષ્મે કહ્યું** – શ્રીકૃષ્ણે પોતાના મનમાં જે કાંઈ કરવાનો નિશ્ચય કરી લીધો હશે તેને કોઈ પ્રકારે કોઈ બદલી શકશે નહિ. તેથી તેઓ જે કાંઈ કહે તે જ પ્રમાણે સંશય છોડીને કરવું જોઈએ. તમે આ શ્રીકૃષ્ણરૂપી સચિવ દ્વારા પાંડવો સાથે તરત જ સંધિ કરી લો. ધર્મના પ્રાણ એવા શ્રીકૃષ્ણ અવશ્ય એવી જ વાત કહેશે, જે ધર્મ અને અર્થને અનુકૂળ હશે. તેથી તમારે અને તમારા સંબંધીઓએ તેમની સાથે પ્રિયભાષણ કરવું જોઈએ.

દુર્યોધને કહ્યું – પિતામહ! જ્યાં સુધી મારા શરીરમાં પ્રાણ છે, ત્યાં સુધી હું આ રાજ્યલક્ષ્મીને પાંડવો સાથે વહેંચીને ભોગવું એ વાત મને મંજૂર નથી. જે મહાન કાર્ય કરવાનો મેં વિચાર કર્યો છે, તે તો એ છે કે હું પાંડવોના પક્ષપાતી કૃષ્ણને કેદ કરી લઉં. તેમને કેદ કરતાં જ સમસ્ત યાદવો, સંપૂર્ણ પૃથ્વી અને પાંડવો મારે અધીન થઈ જશે અને તે કાલે સવારે અહીં આવી જ રહ્યા છે. હવે તમે લોકો મને એવી સલાહ આપો કે જેથી આ વાતની કૃષ્ણને ખબર પડે નહિ અને બીજા કોઈ પ્રકારનું નુકસાન ન થાય.

શ્રીકૃષ્ણના વિષયમાં દુર્યોધનની આ ભયંકર વાત સાંભળીને રાજા ધૃતરાષ્ટ્ર અને મંત્રીઓને ભારે આઘાત લાગ્યો અને તેઓ વ્યાકુળ થઈ ગયા. પછી તેમણે દુર્યોધનને કહ્યું – 'બેટા! તું તારા મોઢેથી આવી વાત ન કર. આ સનાતન ધર્મની વિરુદ્ધ છે. શ્રીકૃષ્ણ તો દૂત બનીને આવી રહ્યા છે. આમ પણ તેઓ આપણા સંબંધી અને સુહૃદ છે. તેમણે કૌરવોનું કશું બગાડ્યું પણ નથી. પછી તેઓ કેદ કરી લેવા યોગ્ય કઈ રીતે હોઈ શકે?

ભીષ્મે કહ્યું – ધૃતરાષ્ટ્ર! એવું લાગે છે કે તમારા આ મંદમતિ પુત્રને મૃત્યુએ ઘેરી લીધો છે. તેના સુહૃદ અને સંબંધીઓ તેના હિતની વાત કહે છે, છતાં પણ આ અનર્થને જ ગળે લગાડવા ચાહે છે. આ પાપી તો કુમાર્ગે ચાલે જ છે, એની સાથે તમે પણ પોતાના હિતૈષીઓની વાત પર ધ્યાન ન આપીને તેના જ ચીલે ચાલવા ઇચ્છો છો. તમને ખબર નથી, આ દુર્બુદ્ધિ જો કૃષ્ણનો મુકાબલો કરવા ઊભો થઈ ગયો તો તે ક્ષણમાત્રમાં જ એના બધા સલાહકારો સાથે નષ્ટ થઈ જશે. આ પાપીએ ધર્મને તો તિલાંજલિ આપી દીધી છે, આનું હૃદય અત્યંત કઠોર છે. હું આની આવી અનર્થપૂર્ણ વાતો બિલકુલ સાંભળી શકતો નથી.

એમ કહીને પિતામહ ભીષ્મ અત્યંત ક્રોધિત થઈને તે જ સમયે સભા છોડીને ચાલ્યા ગયા.

—★—

શ્રીકૃષ્ણનો હસ્તિનાપુરમાં પ્રવેશ તથા રાજા ધૃતરાષ્ટ્ર, વિદુર અને કુંતીને ત્યાં જવું

વૈશમ્પાયનજી કહે છે – આ બાજુ વૃકસ્થલમાં શ્રીકૃષ્ણચન્દ્ર પ્રાતઃકાળે ઊઠીને નિત્યકર્મથી નિવૃત્ત થયા અને પછી બ્રાહ્મણોની આજ્ઞા લઈને હસ્તિનાપુર તરફ ચાલવા લાગ્યા. તેમને પહોંચાડવા માટે જે ગ્રામવાસીઓ ગયા હતા, તેઓ તેમની આજ્ઞા લઈને પાછા આવ્યા. નગરની સમીપ પહોંચ્યા ત્યારે દુર્યોધન સિવાય ધૃતરાષ્ટ્રના બધા પુત્રો તથા ભીષ્મ, દ્રોણ અને કૃપ વગેરે સુંદર પોશાકો પહેરીને તેમનો સત્કાર કરવા માટે સામે આવ્યા. તેમના સિવાય અનેક નગરજનો પણ કૃષ્ણદર્શનની લાલસાથી પગે ચાલીને અને વિવિધ વાહનોમાં બેસીને આવવા લાગ્યા. રસ્તામાં જ ભીષ્મ, દ્રોણ અને બધા ધૃતરાષ્ટ્રપુત્રો સાથે ભગવાનનો સમાગમ થઈ ગયો અને તેમનાથી ઘેરાઈને તેમણે હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો. શ્રીકૃષ્ણના સન્માન માટે સંપૂર્ણ નગર શણગારવામાં આવ્યું હતું. રાજમાર્ગમાં તો અનેક બહુમૂલ્ય અને દર્શનીય વસ્તુઓ આકર્ષક રીતે સજાવવામાં આવી હતી. શ્રીકૃષ્ણને જોવાની ઉત્કંઠાને કારણે તે દિવસે કોઈ પણ સ્ત્રીવૃદ્ધ અથવા બાળક ઘરમાં ન રહ્યું. બધા લોકો રાજમાર્ગ પર આવીને પૃથ્વી પર ઝૂકી-ઝૂકીને શ્રીકૃષ્ણની સ્તુતિ કરી રહ્યા હતા.

શ્રીકૃષ્ણચન્દ્રે આ બધી ભીડને પાર કરીને મહારાજ ધૃતરાષ્ટ્રના રાજભવનમાં પ્રવેશ કર્યો. આ મહેલ આજુબાજુના ભવનોની મધ્યમાં શોભતો હતો. તેમાં ત્રણ દરવાજા હતા. તેમને ઓળંગીને શ્રીકૃષ્ણ રાજા ધૃતરાષ્ટ્રની પાસે પહોંચી ગયા. શ્રીયદુનાથના પહોંચતાં જ કુરુરાજ ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રોણ વગેરે બધા સભાસદો સહિત ઊભા થઈ ગયા. તે સમયે કૃપાચાર્ય, સોમદત્ત અને બાહ્લીકે પણ પોતાનાં આસનો પરથી ઊભા થઈને શ્રીકૃષ્ણનો સત્કાર કર્યો. શ્રીકૃષ્ણે રાજા ધૃતરાષ્ટ્ર અને પિતામહ ભીષ્મ પાસે જઈને વાણી દ્વારા તેમનો સત્કાર કર્યો. આ પ્રમાણે તેમની ધર્માનુસાર પૂજા કરીને તેઓ ક્રમશઃ બધા રાજાઓને મળ્યા અને ઉંમર પ્રમાણે તેમનું યથાયોગ્ય સન્માન કર્યું. શ્રીકૃષ્ણ માટે ત્યાં એક સોનાનું સુંદર સિંહાસન મૂકેલું હતું. રાજા ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી તેઓ તેના પર વિરાજી ગયા. મહારાજ ધૃતરાષ્ટ્રે પણ તેમનું વિધિવત્ પૂજન કરીને સત્કાર કર્યો.

ત્યારપછી કુરુરાજની આજ્ઞા લઈને તેઓ વિદુરજીના ભવ્ય ભવનમાં આવ્યા. વિદુરજી બધી પ્રકારની માંગલિક વસ્તુઓ લઈને સામે ગયા અને પોતાને ઘેર લાવીને તેમનું પૂજન કર્યું. પછી તેઓ કહેવા લાગ્યા – 'કમળનયન! આજે આપનાં દર્શન કરીને મને જેવો આનંદ થઈ રહ્યો છે, તે હું આપને કઈ રીતે કહું, આપ તો સમસ્ત દેહધારીઓના અંતરાત્મા જ છો.' અતિથિ-સત્કાર થઈ ગયા પછી ધર્મજ્ઞ વિદુરજીએ ભગવાનને પાંડવોના કુશળ-સમાચાર પૂછ્યા. વિદુરજી પાંડવોના પ્રેમી તથા ધર્મ અને અર્થમાં તત્પર રહેનારા હતા, ક્રોધ તો તેમનો સ્પર્શ સુધ્ધાં કરતો ન હતો. તેથી શ્રીકૃષ્ણે, પાંડવો જે કાંઈ કરવા ઇચ્છતા હતા, તે બધી વાતો તેમને વિસ્તારથી કહી દીધી.

ત્યારપછી બપોરનો સમય વીતી જતાં ભગવાન શ્રીકૃષ્ણ પોતાનાં ફોઈ કુંતીની પાસે ગયા. શ્રીકૃષ્ણને આવેલા જોઈને તે તેમનાં ગળે વળગી ગઈ અને પોતાના પુત્રોને યાદ કરીને રડવા લાગી. આજે પાંડવોના મિત્ર શ્રીકૃષ્ણને

પણ તેણે ઘણા દિવસે જોયા હતા. તેથી તેમને જોઈને તેની આંખોમાંથી આંસુઓની ઝડી વરસવા લાગી. અતિથિસત્કાર થઈ ગયા પછી શ્રીશ્યામસુંદર બેસી ગયા ત્યારે કુંતીએ ગદ્ગદ કંઠે કહ્યું – 'માધવ! મારા પુત્રો નાનપણથી જ ગુરુજનોની સેવા કરનારા હતા. તેમનો આપસમાં બહુ સ્નેહ હતો, બીજા લોકો તેમનો આદર કરતા હતા અને તેઓ પણ બધાના પ્રતિ સમભાવ રાખતા હતા. પરંતુ આ કૌરવોએ કપટપૂર્વક તેમને રાજ્ય-શાસનથી ભ્રષ્ટ કરી દીધા અને અનેક મનુષ્યોની વચ્ચે રહેવા યોગ્ય હોવા છતાં પણ તેઓ નિર્જન વનમાં ભટકતા રહ્યા. તેઓ હર્ષ-શોકને વશમાં કરી ચૂક્યા હતા, બ્રાહ્મણોની સેવા કરતા હતા અને હંમેશાં સત્ય-ભાષણ કરતા હતા. તેથી તેમણે તે જ સમયે રાજ્ય અને ભોગોથી મોઢું ફેરવી લીધું અને મને રડતી મૂકીને વનમાં ચાલ્યા ગયા. મારા હૃદયને તો તેઓ તે જ સમયે પોતાની સાથે લઈ ગયા હતા. હું તો હવે તદ્દન હૃદયહીન છું. જે મહાન લજ્જાશીલ, સત્ય પર ભરોસો રાખનારો, જિતેન્દ્રિય, પ્રાણીઓ પર દયા કરનારો, શીલ અને સદાચારસંપન્ન, ધર્મજ્ઞ, સર્વગુણસંપન્ન અને ત્રણે લોકનો રાજા થવાને યોગ્ય છે, સમસ્ત કુરુવંશીઓમાં શ્રેષ્ઠ તે અજાતશત્રુ યુધિષ્ઠિર અત્યારે કેમ છે? જેનામાં દસ હજાર હાથીઓનું બળ છે, જે વાયુ જેવો વેગવાન છે, પોતાના ભાઈઓનું હંમેશાં પ્રિય કરવાને લીધે જે બધાને પ્રિય છે, જેણે ભાઈઓ સહિત કીચકને તથા ક્રોધવશ, હિડિંબ અને બક વગેરે અસુરોને અનાયાસે જ મારી નાખ્યા હતા, તેથી જે પરાક્રમમાં ઇન્દ્ર અને ક્રોધમાં સાક્ષાત્ શંકર જેવો છે, તે મહાબળી ભીમના અત્યારે શા સમાચાર છે? જે તેજમાં સૂર્ય, મનના સંયમમાં મહર્ષિ, ક્ષમામાં પૃથ્વી અને પરાક્રમમાં ઇન્દ્ર જેવો છે તથા સમસ્ત પ્રાણીઓને જીતનારો તથા સ્વયં કોઈના કાબૂમાં ન આવનારો, તે તમારો ભાઈ અને સખા અર્જુન અત્યારે કેવો છે? સહદેવ પણ અત્યંત દયાળુ, લજ્જાશીલ, અસ્ત્ર-શસ્ત્રોનો જ્ઞાતા, મૃદુલસ્વભાવનો, ધર્મજ્ઞ અને મને બહુ જ વહાલો છે. તે ધર્મ અને અર્થમાં કુશળ તથા પોતાના ભાઈઓની સેવામાં તત્પર રહે છે. તેનાં શુભ આચરણની બધા ભાઈઓ ખૂબ પ્રશંસા કરે છે, અત્યારે તેની શી હાલત છે? નકુળ પણ ઘણો જ કોમળ, શૂરવીર અને દર્શનીય યુવાન છે. પોતાના ભાઈઓનો તો તે બાહ્ય (બહારનો) પ્રાણ જ છે. તે અનેક પ્રકારનાં યુદ્ધ કરવામાં કુશળ છે તથા મહાન ધનુર્ધર અને પરાક્રમી છે. કૃષ્ણ! અત્યારે તે કુશળ તો છે ને? પુત્રવધૂ દ્રૌપદી તો બધા ગુણોથી સંપન્ન, પરમ રૂપવતી અને ઉત્તમકુળની પુત્રી છે. તે મને બધા પુત્રોથી પણ વધારે પ્રિય છે. તે સત્યવાદિની પોતાના પ્રિય પુત્રોને પણ છોડીને વનવાસી પતિઓની સેવા કરી રહી છે. અત્યારે તેના શા સમાચાર છે?

કૃષ્ણ! મારી દૃષ્ટિમાં કૌરવો અને પાંડવોમાં કદી કશોય ભેદભાવ રહ્યો નથી. તે જ સત્યના પ્રભાવથી હવે હું શત્રુઓનો નાશ થતાં પાંડવો સહિત તમને રાજ્ય-સુખ ભોગવતા જોઈશ. પરંતપ! જે સમયે અર્જુનનો જન્મ થયો ત્યારે હું પ્રસૂતિગૃહમાં હતી, તે રાત્રે મેં આકાશવાણી સાંભળી હતી કે 'તારો આ પુત્ર સંપૂર્ણ પૃથ્વીને જીતી લેશે, આનો યશ સ્વર્ગ સુધી વિસ્તાર પામશે, આ મહાયુદ્ધમાં કૌરવોને મારીને તેમનું રાજ્ય પ્રાપ્ત કરશે અને પછી પોતાના ભાઈઓ સાથે ત્રણ અશ્વમેધ યજ્ઞ કરશે.' તેને (આકાશવાણીને) હું દોષ નથી દેતી; હું તો સર્વથી મહાન નારાયણ-સ્વરૂપ ધર્મને જ નમસ્કાર

કરું છું. તે જ સંપૂર્ણ જગતનો વિધાતા છે અને તે જ સંપૂર્ણ પ્રજાને ધારણ કરવાવાળો છે. જો ધર્મ સત્ય છે તો તમે પણ તે બધાં કામ પૂરાં કરી લેશો, જે તે સમયે દેવવાણીએ કહ્યું હતું.

"માધવ! તમે ધર્મપ્રાણ યુધિષ્ઠિરને કહેજો કે 'તમારા ધર્મની ઘણી ક્ષતિ થઈ રહી છે; બેટા! તમે તેને આ રીતે વ્યર્થ બરબાદ ન થવા દો.' કૃષ્ણ! જે સ્ત્રી બીજાની આશ્રિતા થઈને જીવનનિર્વાહ કરે, તેને તો ધિક્કાર છે. દીનતાથી પ્રાપ્ત થયેલી જીવિકાની અપેક્ષા તો મરી જવું જ શ્રેષ્ઠ છે. તમે અર્જુન અને નિત્ય ઉદ્યોગશીલ ભીમને કહેજો કે 'ક્ષત્રિયાણીઓ જે કાર્ય માટે પુત્ર ઉત્પન્ન કરે છે, તેને કરવાનો સમય આવી ગયો છે. આવો અવસર આવવા છતાં પણ જો તમે યુદ્ધ નહિ કરો તો આવા અવસરને વ્યર્થ જ ખોઈ નાખશો. તમે બધા લોકોમાં સન્માનિત છો, આવા થઈને પણ જો તમે કોઈ નિંદનીય કર્મ કરી નાખ્યું તો પછી ફરીથી હું તમારું મોઢું જોઈશ નહિ. અરે! સમય આવી પડે તો પોતાના પ્રાણોનો પણ લોભ કરશો નહિ.' માદ્રીના પુત્ર નકુળ-સહદેવ હંમેશાં ક્ષત્રિય ધર્મ પર અડગ રહેનારા છે. તેમને કહેજો કે પ્રાણોની બાજી લગાવીને પણ પોતાના પરાક્રમથી પ્રાપ્ત થયેલા ભોગોની જ ઇચ્છા કરજો; કેમ કે જે મનુષ્ય ક્ષાત્રધર્માનુસાર પોતાનું જીવન વ્યતીત કરે છે, તેના મનને પરાક્રમથી પ્રાપ્ત કરેલા ભોગ જ સુખ આપી શકે છે."

"શત્રુઓએ રાજ્ય છીનવી લીધું – એ કોઈ દુઃખની વાત નથી; જુગારમાં હારવું પણ દુઃખનું કારણ નથી. મારા પુત્રોને વનમાં રહેવું પડ્યું એનું પણ મને દુઃખ નથી. પરંતુ એનાથી વધીને દુઃખની બીજી કઈ વાત હોઈ શકે કે મારી યુવાન પુત્રવધૂ કે જેણે એક જ વસ્ત્ર પહેર્યું હતું તેને ઘસડીને સભામાં લાવવામાં આવી અને તેણે તે પાપીઓનાં કઠોર વચન સાંભળવાં પડ્યાં. હાય! એ સમયે તે માસિક-ધર્મમાં હતી. પરંતુ પોતાના વીર પતિઓની ઉપસ્થિતિમાં પણ તે ક્ષત્રાણી અનાથ જેવી બની ગઈ. પુરુષોત્તમ! હું પુત્રવતી છું, એ સિવાય મને તમારો, બળરામનો અને પ્રદ્યુમ્નનો પણ પૂરેપૂરો આશરો છે. છતાં હું આવાં દુઃખ ભોગવી રહી છું. હાય! દુર્ધર્ષ ભીમ અને યુદ્ધમાંથી પીઠ ન ફેરવનારા અર્જુનના રહેતાં મારી આ દશા?"

કુંતી પુત્રોના દુઃખથી અત્યંત વ્યાકુળ હતી. તેની આવી વાતો સાંભળીને શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા – 'ફોઈબા! તમારા જેવી સૌભાગ્યવતી બીજી કઈ સ્ત્રી હશે. તમે રાજા શૂરસેનની પુત્રી છો, અને મહારાજ અજમીઢના વંશમાં પરણીને આવ્યાં છો! તમે બધી રીતે શુભ ગુણોથી સંપન્ન છો. તમે તમારા પતિદેવથી પણ ઘણું સન્માન મેળવ્યું છે. તમે વીરમાતા અને વીરપત્ની છો. તમારા જેવી મહિલાઓ જ બધા પ્રકારનાં સુખ-દુઃખોને સહી શકે છે. પાંડવો નિદ્રા-તંદ્રા, ક્રોધ-હર્ષ, ભૂખ-તરસ, ઠંડી-ગરમી – આ બધાંને જીતીને વીરોચિત આનંદનો ભોગ કરે છે. તેમણે અને દ્રૌપદીએ તમને પ્રણામ કહ્યા છે અને પોતાની કુશળતા કહીને તમારા કુશળ-સમાચાર પૂછ્યા છે. તમે હવે થોડા જ દિવસમાં પાંડવોને તંદુરસ્ત અને સફળ મનોરથ જોશો. તેમના બધા જ શત્રુઓ મરાઈ જશે અને તેઓ સંપૂર્ણ લોકોનું આધિપત્ય પ્રાપ્ત કરીને રાજ્યલક્ષ્મીથી સુશોભિત થશે.'

શ્રીકૃષ્ણે આ પ્રમાણે સાંત્વના આપી ત્યારે કુંતીએ પોતાના (અજ્ઞાનજનિત) મોહને દૂર કરીને કહ્યું – કૃષ્ણ! પાંડવોને માટે જે-જે હિતની વાત હોય અને તેને જે-જે પ્રકારે તમે કરવા

ચાહો, તે-તે પ્રમાણે કરજો, જેથી ધર્મનો લોપ ન થાય અને કપટનો આશ્રય ન લેવો પડે. હું તમારા સત્ય અને કુળના પ્રભાવને સારી રીતે જાણું છું. પોતાના મિત્રોનું કામ કરવામાં તમે જે બુદ્ધિ અને પરાક્રમ દેખાડો છો તે પણ મારાથી છૂપું નથી. તમારા કુળમાં તમે ધર્મ, સત્ય અને તપની સાક્ષાત્ મૂર્તિ જ છો. તમે બધાની રક્ષા કરનારા છો, તમે જ પરબ્રહ્મ છો અને તમારામાં જ આ સમગ્ર પ્રપંચ રહેલું છે. તમે જેવું કરી રહ્યા છો, તમારા દ્વારા તે વાત તે જ પ્રમાણે સત્ય થઈને રહેશે.

એ પછી મહાબાહુ શ્રીકૃષ્ણ કુંતીની આજ્ઞા લઈને, તેની પ્રદક્ષિણા કરીને દુર્યોધનના મહેલ તરફ ગયા.

—★—

રાજા દુર્યોધનના નિમંત્રણનો અસ્વીકાર કરીને ભગવાનનું વિદુરજીને ત્યાં ભોજન તથા તેમની સાથે વાતચીત કરવી

વૈશમ્પાયનજી કહે છે – 'રાજન્! શ્રીકૃષ્ણના પહોંચતાં જ દુર્યોધન પોતાના મંત્રીઓ સાથે આસન પરથી ઊભો થઈ ગયો. ભગવાન દુર્યોધન અને એના મંત્રીઓને મળીને પછી ત્યાં એકત્રિત થયેલા બધા રાજાઓને તેમની ઉંમર પ્રમાણે મળ્યા. ત્યારપછી તેઓ એક અત્યંત સ્વચ્છ સોનાના પલંગ પર બેસી ગયા. સ્વાગત-સત્કાર પછી રાજા દુર્યોધને ભોજન માટે પ્રાર્થના કરી, પરંતુ શ્રીકૃષ્ણે તેનો સ્વીકાર ન કર્યો. ત્યારે દુર્યોધને શ્રીકૃષ્ણને આરંભમાં મધુર પરંતુ પરિણામે શઠતાપૂર્ણ શબ્દોમાં કહ્યું – 'જનાર્દન! અમે તમને જે સુંદર-સુંદર ખાદ્ય, અને પેય પદાર્થો તથા વસ્ત્ર અને શય્યાઓ ભેટ આપી રહ્યા છીએ, તેનો તમે સ્વીકાર કેમ નથી કરતા? તમે તો બંનેય પક્ષોને સહાયતા આપી છે અને તમે હિત પણ બંનેનું કરવા ચાહો છો. આ ઉપરાંત તમે મહારાજ ધૃતરાષ્ટ્રના સંબંધી અને પ્રિય પણ છો! ધર્મ અને અધર્મનું રહસ્ય પણ તમે સારી રીતે જાણો છો. તેથી આનું શું કારણ છે તે હું જાણવા ઇચ્છું છું.'

દુર્યોધનના આ પ્રમાણે પૂછવાથી મહામના મધુસૂદને પોતાની વિશાળ ભુજા ઊંચી કરીને મેઘ જેવી ગંભીર વાણીમાં કહ્યું – 'રાજન્! એવો નિયમ છે કે દૂત પોતાનો ઉદ્દેશ પૂરો થયા પછી જ ભોજન કરે છે. તેથી જ્યારે મારું કામ પૂરું થઈ જાય ત્યારે તમે પણ મારો અને મારા મંત્રીઓનો સત્કાર કરજો. હું કામ, ક્રોધ, દ્વેષ, સ્વાર્થ, કપટ અથવા લોભને વશ થઈને ધર્મને કોઈ રીતે છોડી શકતો નથી. ભોજન કાં તો પ્રેમવશ કરવામાં આવે છે, અથવા આપત્તિમાં પડીને કરવામાં આવે છે. તમારો મારા પ્રત્યે પ્રેમ તો છે નહિ અને હું કોઈ આપત્તિમાં પડ્યો નથી. જુઓ, પાંડવો તો તમારા ભાઈ જ છે; તેઓ હંમેશાં પોતાના સ્નેહીઓને અનુકૂળ રહે છે અને તેમનામાં બધા સદ્ગુણો વિદ્યમાન છે. તેમ છતાં તમે તેમની સાથે કારણ વિના દ્વેષ કરો છો. તેમની સાથે દ્વેષ કરવો ઠીક નથી. તેઓ તો હંમેશાં પોતાના ધર્મમાં સ્થિત રહે છે. તેમની સાથે જે દ્વેષ કરે છે, તે તો મારો પણ દ્વેષ કરે છે અને જે તેમને અનુકૂળ છે, તે મારે પણ અનુકૂળ છે. ધર્માત્મા પાંડવોની સાથે તો તમે મને એક થયેલો જ સમજો. જે પુરુષ કામ અને ક્રોધનો ગુલામ છે તથા મૂર્ખતાવશ ગુણવાનોનો વિરોધ અને દ્વેષ કરે છે, તેને જ

અધમ કહે છે. તમારા આ બધા અન્નનો સંબંધ દુષ્ટ પુરુષો સાથે છે, તેથી એ ખાવા યોગ્ય નથી. મારો તો એ જ વિચાર છે કે મારે માત્ર વિદુરજીનું અન્ન ખાવું જોઈએ.'

દુર્યોધનને આમ કહીને શ્રીકૃષ્ણ તેના મહેલમાંથી બહાર નીકળીને વિદુરજીને ઘેર આવી ગયા. વિદુરજીને ઘેર જ તેમને મળવા માટે ભીષ્મ, દ્રોણ, કૃપ, બાહ્લીક તથા થોડા બીજા કુરુવંશીઓ પણ આવ્યા. તેમણે કહ્યું, 'વાર્ષ્ણેય! અમે આપને ઉત્તમ-ઉત્તમ પદાર્થોથી પૂર્ણ અનેક ભવનો સમર્પિત કરીએ છીએ, ત્યાં આવીને આપ વિશ્રામ કરો.' તેમને શ્રીમધુસૂદને કહ્યું, – 'તમે બધા લોકો પધારો, તમે મારો બધી રીતે સત્કાર કરી ચૂક્યા.' કૌરવોના ચાલ્યા ગયા પછી વિદુરજીએ બહુ જ ઉત્સાહથી શ્રીકૃષ્ણનું પૂજન કર્યું. પછી તેમણે તેમને અનેક પ્રકારના ઉત્તમ અને ગુણયુક્ત ભોજ્ય અને પેય પદાર્થો આપ્યાં. તે પદાર્થોથી શ્રીકૃષ્ણે પ્રથમ બ્રાહ્મણોને તૃપ્ત કર્યા અને પછી પોતાના અનુયાયીઓ સહિત બેસીને સ્વયં ભોજન કર્યું.

જ્યારે ભોજન પછી વિશ્રામ કરવા લાગ્યા ત્યારે રાતના સમયે વિદુરજીએ તેમને કહ્યું – "કેશવ! તમે અહીં આવ્યા, એ બરાબર ન કર્યું. મંદમતિ દુર્યોધન ધર્મ અને અર્થ બંનેને છોડી બેઠો છે. તે ક્રોધી અને ગુરુજનોની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારો છે; ધર્મશાસ્ત્રોની તો તે ઉપેક્ષા જ કરે છે, પોતાનો જ કક્કો ખરો કરનારો છે. તેને કોઈ સન્માર્ગે લઈ જવો સંભવ નથી. તે વિષયોનો કીડો, પોતાને બહુ મોટો બુદ્ધિમાન માનનારો, મિત્રોનો દ્રોહી, અત્યંત શંકાશીલ, કૃતઘ્ન અને મૂરખ છે. આ સિવાય તેનામાં બીજા પણ અનેક દોષ છે. તમે તેને હિતની વાત કરશો તો પણ તે ક્રોધવશ કશું સાંભળશે નહિ. ભીષ્મ, દ્રોણ, કૃપ, કર્ણ, અશ્વત્થામા અને જયદ્રથને કારણે તેને આ રાજ્યને હડપ કરી જવાનો પૂરો ભરોસો છે. તેથી તેને સંધિની વાતમાં રસ નથી. તેને તો શત-પ્રતિશત ભરોસો છે કે કર્ણ એકલો જ મારા શત્રુઓને જીતી લેશે. તેથી તે સંધિ કરશે નહિ. તમે તો સંધિ માટે પ્રયત્ન કરી રહ્યા છો, પરંતુ ધૃતરાષ્ટ્રના પુત્રોએ તો એવો નિશ્ચય કરી લીધો છે કે 'પાંડવોને તેમનો ભાગ ક્યારેય નહિ આપીએ.' જ્યારે તેમનો આવો જ વિચાર છે, ત્યારે તેમને કાંઈ પણ કહેવું વ્યર્થ છે. મધુસૂદન! જ્યાં સારી અને ખોટી બંને પ્રકારની વાતને એક જ ત્રાજવે તોલવામાં આવે, ત્યાં બુદ્ધિમાન પુરુષે કશું કહેવું ન જોઈએ. ત્યાં કોઈ વાત કહેવી એ બહેરાની આગળ રાગ-રાગિણી ગાવા જેવું જ છે.

"શ્રીકૃષ્ણ! પહેલાં જે રાજાઓએ તમારી સાથે વેર કરવાનું નક્કી કર્યું હતું, તે બધાએ તમારા ભયથી હવે દુર્યોધનનો આશરો લીધો છે. તે બધા યોદ્ધાઓ દુર્યોધન સાથે મળીને પોતાના પ્રાણ સુધ્ધાં ન્યોછાવર કરીને પાંડવો સાથે લડવા તૈયાર થયા છે. તેથી તમે તે બધાની વચ્ચે જાઓ, એ વાત મને સારી નથી લાગતી. જોકે દેવતાઓ પણ તમારી સામે ટકી શકે એમ નથી અને હું આપના પ્રભાવ, બળ અને બુદ્ધિને સારી રીતે જાણું છું, તેમ છતાં આપના પ્રત્યે પ્રેમ અને સૌહાર્દનો ભાવ હોવાથી હું આ પ્રમાણે કહી રહ્યો છે. કમલનયન! આપનાં દર્શન કરીને આજે મને જે પ્રસન્નતા થઈ રહી છે, તે હું આપને શું કહું? આપ તો સઘળાં દેહધારીઓના અંતરાત્મા છો, તમારાથી શું અજાણ્યું છે?"

શ્રીકૃષ્ણે કહ્યું – વિદુરજી! એક મહાન બુદ્ધિમાને જેવી વાત કહેવી જોઈએ અને મારા જેવા પ્રેમપાત્રને તમારે જે કહેવું જોઈએ તથા તમારા મુખેથી જેવાં ધર્મ અને અર્થયુક્ત વચનો

નીકળવાં જોઈએ તેવી જ વાત તમે માતા-પિતાની જેમ સ્નેહવશ કહી છે. હું દુર્યોધનની દુષ્ટતા અને ક્ષત્રિય વીરોના વેરભાવ વગેરે વાતોને જાણીને જ આજે કૌરવો પાસે આવ્યો છું. મનુષ્યનું કર્તવ્ય છે કે તે ધર્મ અનુસાર પ્રાપ્ત કાર્યને કરે. યથાશક્તિ પ્રયત્ન કરવા છતાં પણ જો તે તેને પૂરું ન કરી શકે તો પણ તેને તેનું પુણ્ય તો અવશ્ય મળી જશે – એમાં મને શંકા નથી. દુર્યોધન અને તેના મંત્રીઓએ પણ મારી શુભ, હિતકારી તથા ધર્મ અને અર્થને અનુકૂળ વાત માનવી જ જોઈએ. હું તો નિષ્કપટભાવે કૌરવ, પાંડવ અને પૃથ્વી પરના સમસ્ત ક્ષત્રિયોના હિતનો જ પ્રયત્ન કરીશ. આ પ્રમાણે હિતકર પ્રયત્ન કરવા છતાં પણ જો દુર્યોધન મારી વાતમાં શંકા કરશે તો પણ મારું ચિત્ત તો પ્રસન્ન જ રહેશે અને હું મારા કર્તવ્યથી ઉઋણ પણ થઈ જઈશ. 'શ્રીકૃષ્ણ સંધિ કરાવી શકતા હતા, છતાં પણ તેમણે ક્રોધાવેશમાં આવેલા કૌરવ-પાંડવોને રોક્યા નહિ.' – આવી વાત મૂર્ખ અધર્મીઓ ન કહે, તે માટે હું અહીં સંધિ કરાવવા આવ્યો છું. દુર્યોધને જો મારી ધર્મ અને અર્થને અનુકૂળ હિતની વાત સાંભળીને પણ તેના પર ધ્યાન ન આપ્યું તો તે પોતાનાં કર્યાંનું ફળ ભોગવશે.

એ પછી યદુકુળભૂષણ શ્રીકૃષ્ણ પલંગ પર સૂઈ ગયા. તે સંપૂર્ણ રાત્રિ મહાત્મા વિદુર અને શ્રીકૃષ્ણ વચ્ચે આ પ્રમાણે વાતચીતમાં જ પસાર થઈ ગઈ.

—★—

શ્રીકૃષ્ણનું કૌરવોની સભામાં આવવું તથા બધાને પાંડવોનો સંદેશો સંભળાવવો

વૈશમ્પાયનજી કહે છે – પ્રાતઃકાળે ઊઠીને શ્રીકૃષ્ણે સ્નાન, જપ અને અગ્નિહોત્રથી નિવૃત્ત થઈને ઉદય થતા સૂર્યનારાયણનું ઉપસ્થાન કર્યું અને પછી વસ્ત્ર તથા આભૂષણો વગેરે ધારણ કર્યાં. એ જ સમયે રાજા દુર્યોધન અને સુબલના પુત્ર શકુનિએ તેમની પાસે આવીને કહ્યું – 'મહારાજ ધૃતરાષ્ટ્ર તથા ભીષ્મ વગેરે બધા કૌરવ મહાનુભાવો સભામાં આવી ગયા છે અને આપની પ્રતીક્ષા કરી રહ્યા છે.' ત્યારે શ્રીકૃષ્ણચંદ્રે બહુ જ મધુર શબ્દોમાં તે બંનેનું અભિવાદન કર્યું. ત્યારપછી સારથિએ આવીને શ્રીકૃષ્ણના ચરણોમાં પ્રણામ કર્યાં અને તેમનો ઉત્તમ ઘોડાઓથી જોતરેલો શુભ્ર (શ્વેત) રથ લાવીને ઊભો કરી દીધો. શ્રીયદુનાથ તે રથમાં બેસી ગયા. તે સમયે કૌરવ વીરો તેમને ચારે બાજુ ઘેરીને ચાલવા લાગ્યા. ભગવાનની પાછળ તેમના જ રથમાં સમસ્ત ધર્મોના જ્ઞાતા વિદુરજી પણ બેસી ગયા તથા દુર્યોધન અને શકુનિ એક બીજા રથમાં બેસીને તેમની પાછળ-પાછળ ચાલ્યા. ધીરે ધીરે ભગવાનનો રથ રાજસભાના દ્વાર પર આવી ગયો અને તેઓ રથમાંથી ઊતરીને અંદર સભામાં ગયા. જે સમયે શ્રીકૃષ્ણ વિદુર અને સાત્યકિનો હાથ પકડીને સભાભવનમાં પધાર્યા, તે સમયે તેમની કાંતિએ સમસ્ત કૌરવોને નિસ્તેજ જેવા કરી દીધા. તેમની આગળ-આગળ દુર્યોધન અને કર્ણ તથા પાછળ કૃતવર્મા અને વૃષ્ણિવંશી વીરો ચાલી રહ્યા હતા. સભામાં પહોંચ્યા પછી તેમને માન આપવા માટે રાજા ધૃતરાષ્ટ્ર તથા ભીષ્મ, દ્રોણ વગેરે બધા લોકો પોતપોતાનાં આસનો પરથી ઊભા થઈ ગયા. શ્રીકૃષ્ણ માટે રાજસભામાં ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી સર્વતોભદ્ર નામનું સોનાનું સિંહાસન મૂકવામાં

આવ્યું હતું. તેના પર બેસીને શ્રીશ્યામસુંદર મુસ્કાઇને ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રોણ તથા અન્ય રાજાઓ સાથે વાતચીત કરવા લાગ્યા તથા સમસ્ત કૌરવો અને રાજાઓએ સભામાં પધારેલા શ્રીકૃષ્ણનું પૂજન કર્યું.

એ સમયે શ્રીકૃષ્ણે સભાની અંદર જ અંતરિક્ષમાં નારદાદિ ઋષિઓને ઊભેલા જોયા. ત્યારે તેમણે ધીરેથી શાન્તનુનંદન ભીષ્મને કહ્યું, 'આ રાજસભાને જોવા માટે કેટલાક ઋષિઓ આવ્યા છે. તેમનું આસન વગેરે આપીને બહુ જ સત્કારપૂર્વક આવાહન કરો. તેમના બેઠા વિના અહીં કોઈ પણ બેસી શકશે નહિ. આ શુદ્ધચિત્ત મુનિઓની તરત જ પૂજા કરો.' એટલામાં જ મુનિઓને સભાના દ્વાર પર આવેલા જોઈને ભીષ્મજીએ બહુ જ ત્વરાથી સેવકોને આસનો લાવવાની આજ્ઞા કરી. તેઓ તરત જ ઘણાં બધાં આસનો લઈ આવ્યા. જ્યારે ઋષિઓએ આસનો પર બેસીને અર્ઘ્ય વગેરે ગ્રહણ કર્યાં ત્યારે શ્રીકૃષ્ણ અને અન્ય બધા રાજાઓ પણ પોતપોતાનાં આસનો પર બેસી ગયા. મહામતિ વિદુરજી શ્રીકૃષ્ણના સિંહાસનને અડીને રાખેલા એક મણિમય અને જેના ઉપર શ્વેત મૃગચર્મ બિછાવેલું હતું તે આસન પર બેસી ગયા. રાજાઓને શ્રીકૃષ્ણનાં ઘણા દિવસે દર્શન થયાં હતાં; તેથી જેમ અમૃતપાન કરતાં તૃપ્તિ થતી નથી, તે જ પ્રમાણે તેઓ તેમને જોતાં-જોતાં તૃપ્ત થતા ન હતા. તે સભામાં બધાનું મન શ્રીકૃષ્ણમાં પરોવાયેલું હતું, તેથી કોઈના મુખમાંથી કોઈ વાત નીકળતી ન હતી.

જ્યારે સભામાં બધા રાજાઓ મૌન થઈને બેસી ગયા ત્યારે શ્રીકૃષ્ણે મહારાજ ધૃતરાષ્ટ્ર તરફ જોઈને અત્યંત ગંભીર શબ્દોમાં કહ્યું – 'રાજન્! મારો અહીં આવવાનો ઉદ્દેશ એ છે કે, ક્ષત્રિય વીરોનો સંહાર થયા વિના જ કૌરવો અને પાંડવોમાં સંધિ થઈ જાય. અત્યારે રાજાઓમાં કુરુવંશ જ સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. આ વંશમાં શાસ્ત્ર અને સદાચારનો સારી રીતે આદર થાય છે તથા બીજા પણ અનેક શુભ ગુણો છે. બીજા રાજવંશોની અપેક્ષા કુરુવંશીઓમાં કૃપા, દયા, કરુણા, મૃદુતા, સરળતા, ક્ષમા અને સત્ય – એ વિશેષરૂપમાં જોવા મળે છે. આ પ્રકારના ગુણોથી ગૌરવવંતા આ વંશમાં તમારા કારણે કોઈ અનુચિત વાત થાય તો તે ઉચિત નથી. જો કૌરવોમાં ગુપ્ત અથવા પ્રગટરૂપે કોઈ અસદ્વ્યવહાર થતો હોય તો તેને અટકાવવાનું કામ તો આપનું જ છે. દુર્યોધન વગેરે તમારા પુત્રો ધર્મ અને અર્થ તરફથી મોઢું ફેરવીને ક્રૂર પુરુષો જેવું આચરણ કરે છે. પોતાના ખાસ ભાઈઓ સાથે એમનું અશિષ્ટ પુરુષો જેવું આચરણ છે. તથા ચિત્ત પર લોભનું ભૂત સવાર થઈ જવાથી આમણે ધર્મની મર્યાદાને તિલાંજલિ આપી દીધી છે. આ બધી વાતો તમે જાણો જ છો. આ ભયંકર આપત્તિ અત્યારે કૌરવો પર જ આવી છે અને જો આની ઉપેક્ષા કરવામાં આવશે તો તે આ સમસ્ત પૃથ્વીને નષ્ટ કરી દેશે. જો તમે તમારા કુળને વિનાશથી બચાવવા ચાહતા હો તો હજી પણ આનું નિવારણ કરી શકાય એમ છે. મારા માનવા મુજબ બંને પક્ષોમાં સંધિ થવી બહુ મુશ્કેલ નથી. અત્યારે શાંતિ કરાવવી તમારા અને મારા જ હાથમાં છે. તમે તમારા પુત્રોને મર્યાદામાં રાખો અને હું પાંડવોને નિયમમાં રાખીશ. તમારા પુત્રોએ પોતાનાં પુત્ર-પૌત્રાદિ સહિત તમારી આજ્ઞામાં રહેવું જ જોઈએ. જો એ તમારી આજ્ઞામાં રહેશે તો એમનું બહુ મોટું હિત થઈ શકે છે. મહારાજ! તમે પાંડવોની રક્ષા હેઠળ રહીને ધર્મ

અને અર્થનું અનુષ્ઠાન કરો. તમને આવા રક્ષકો પ્રયત્ન કરવા છતાં પણ મળી શકશે નહિ. ભરતશ્રેષ્ઠ! જેમની પાસે ભીષ્મ, દ્રોણ, કૃપ, કર્ણ, વિવિંશતિ, અશ્વત્થામા, વિકર્ણ, સોમદત્ત, બાહ્‌લીક, યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, નકુળ, સહદેવ, સાત્યકિ અને યુયુત્સુ જેવા વીર હોય, તેમની સાથે યુદ્ધ કરવાની કયા બુદ્ધિહીનની હિંમત થઈ શકે છે. કૌરવ અને પાંડવોના મળી જવાથી તમે સમસ્ત લોકોનું આધિપત્ય પ્રાપ્ત કરશો તથા શત્રુઓ તમારું કશું બગાડી શકશે નહિ, તથા જે રાજાઓ તમારી સમકક્ષ અથવા તમારાથી મોટા છે, તેઓ પણ તમારી સાથે સંધિ કરી લેશે. આમ થવાથી તમે તમારા પુત્ર, પૌત્ર, પિતા, ભાઈ અને સુહૃદો સાથે બધી રીતે સુરક્ષિત રહીને સુખેથી જીવન વ્યતીત કરી શકશો. જો તમે પાંડવોને જ આગળ કરીને તેમનો અગાઉની જેમ આદર કરશો તો આ સમસ્ત પૃથ્વીને આનંદપૂર્વક ભોગવી શકશો. મહારાજ! યુદ્ધ કરવાથી તો મને બહુ મોટો સંહાર દેખાઈ રહ્યો છે. આ પ્રમાણે બંને પક્ષોનો નાશ કરાવવામાં તમને કયો ધર્મ દેખાય છે. તેથી તમે આ લોકની રક્ષા કરો અને એવું કરો, જેથી તમારી પ્રજાનો નાશ ન થાય. જો તમે સત્ત્વગુણને ધારણ કરી લેશો તો બધાની સારી રીતે રક્ષા થઈ જશે.

મહારાજ! પાંડવોએ તમને પ્રણામ કહ્યાં છે અને તમારી પ્રસન્નતા ઇચ્છીને એવી પ્રાર્થના કરી છે કે, 'અમે અમારા સાથીઓ સાથે તમારી આજ્ઞાથી જ આટલા દિવસ સુધી દુ:ખ ભોગવ્યું છે. અમે બાર વર્ષ સુધી વનમાં રહ્યા અને પછી તેરમું વર્ષ જનસમૂહમાં અજ્ઞાતરૂપે રહીને વિતાવ્યું છે. વનવાસની શરત થઈ ત્યારે અમારો એ જ નિશ્ચય હતો કે જ્યારે અમે પાછા આવીશું ત્યારે તમારો અમારા ઉપર પિતાતુલ્ય વર્તાવ રહેશે. અમે તે શરતનું પૂરી રીતે પાલન કર્યું છે; તેથી હવે તમે પણ જેવું નક્કી થયું હતું, તેવો જ વર્તાવ કરો. અમને હવે અમારા રાજ્યનો ભાગ મળી જવો જોઈએ. તમે ધર્મ અને અર્થનું સ્વરૂપ જાણો છો, તેથી તમારે અમારી રક્ષા કરવી જોઈએ. ગુરુ પ્રત્યે શિષ્યનો જેવો ગૌરવભર્યો વ્યવહાર હોવો જોઈએ, તમારી સાથે અમારો તેવો જ વર્તાવ છે. તમે પણ અમારા પ્રતિ ગુરુ જેવું આચરણ કરો. અમે લોકો જો માર્ગભ્રષ્ટ થઈ રહ્યા હોઈએ તો તમે અમને યોગ્ય માર્ગે લાવો અને સ્વયં પણ સન્માર્ગ પર સ્થિત થાઓ.' આ સિવાય તમારા તે પુત્રોએ આ સભાસદોને પણ કહેવડાવ્યું છે કે જ્યાં ધર્મજ્ઞ સભાસદ હોય, ત્યાં કોઈ અનુચિત વાત ન થવી જોઈએ. જો સભાસદોની સામે જ અધર્મથી ધર્મનો અને અસત્યથી સત્યનો નાશ થાય તો તેમનો પણ નાશ થઈ જાય છે! અત્યારે પાંડવો ધર્મ તરફ દૃષ્ટિ નાખીને ચૂપચાપ બેઠા છે. તેમણે ધર્માનુસાર સત્ય અને ન્યાયયુક્ત વાત કહી છે. રાજન્! તમે પાંડવોને રાજ્ય આપી દો – આ સિવાય તમને વધારે શું કહી શકાય? આ સભામાં જે રાજાઓ બેઠા છે, તેમને કોઈ બીજી વાત કહેવી હોય તો કહે. જો ધર્મ અને અર્થનો વિચાર કરીને હું સાચી વાત કહું તો એ જ કહેવું પડશે કે આ ક્ષત્રિયોને તમે મોતના ફંદામાંથી છોડાવી દો. ભરતશ્રેષ્ઠ! શાંતિ ધારણ કરો, ક્રોધને વશ થશો નહિ અને પાંડવોને તેમનું યથોચિત પૈતૃક રાજ્ય આપી દો. આમ કરીને તમે તમારા પુત્રોસહિત આનંદપૂર્વક ભોગ ભોગવો. રાજન્! અત્યારે તમે અર્થને અનર્થ અને અનર્થને અર્થ માની લીધો છે. તમારા પુત્રો પર લોભે અધિકાર જમાવી દીધો

છે, તમે તેમને સહેજ કાબૂમાં રાખો. પાંડવો તો તમારી સેવા કરવા પણ તૈયાર છે અને યુદ્ધ માટે પણ તૈયાર છે. આ બંનેમાં તમને જે વાત વધારે હિતકર લાગે તેને અપનાવી લો.

—★—

પરશુરામજી અને મહર્ષિ કણ્વનો સંધિ માટે અનુરોધ તથા દુર્યોધનની ઉપેક્ષા

વૈશમ્પાયનજી કહે છે – જ્યારે ભગવાન શ્રીકૃષ્ણે આ બધી વાતો કહી ત્યારે બધા સભાસદોને રોમાંચ થઈ ગયો અને તેઓ વિસ્મિત થઈ ગયા. તેઓ મનમાં જાત-જાતના વિચાર કરવા લાગ્યા. તેમના મુખમાંથી કોઈ ઉત્તર ન નીકળ્યો. બધા રાજાઓને આ પ્રમાણે મૌન થયેલા જોઈને તે સભામાં બેઠેલા મહર્ષિ પરશુરામજી કહેવા લાગ્યા, 'રાજન્! તમે બધા પ્રકારનો સંદેહ છોડીને મારી એક સત્ય વાત સાંભળો. તે તમને સારી લાગે તો તે પ્રમાણે આચરણ કરો. પૂર્વકાળમાં દંભોદ્‌ભવ નામનો એક સાર્વભૌમ રાજા થઈ ગયો. તે મહારથી સમ્રાટ દરરોજ પ્રાતઃકાળે ઊઠીને બ્રાહ્મણ અને ક્ષત્રિયોને પૂછ્યા કરતો હતો કે, 'શું બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોમાં કોઈ એવો શસ્ત્રધારી છે, જે યુદ્ધમાં મારા જેવો અથવા મારાથી ચઢિયાતો હોય?' આ પ્રમાણે કહીને તે રાજા અત્યંત ગર્વથી ઉન્મત્ત થઈને આ સંપૂર્ણ પૃથ્વી પર વિચરતો હતો. રાજાનો આવો ઘમંડ જોઈને કેટલાક તપસ્વી બ્રાહ્મણોએ તેને કહ્યું, 'આ પૃથ્વી પર આવા બે સત્પુરુષો છે, જેમણે યુદ્ધમાં અનેકને પરાસ્ત કર્યા છે. તેમની બરાબરી તમે ક્યારેય કરી શકો એમ નથી.' તે રાજાએ પૂછ્યું, 'તે વીર પુરુષો ક્યાં છે? તેમણે ક્યાં જન્મ લીધો છે, તેઓ શું કામ કરે છે? અને તેઓ કોણ છે?' બ્રાહ્મણોએ કહ્યું, 'તેઓ નર-નારાયણ નામના બે તપસ્વી છે, અત્યારે તેઓ મનુષ્યલોકમાં આવેલા છે; તમે તેમની સાથે યુદ્ધ કરો. તેઓ ગંધમાદન પર્વત પર મહાન અને અવર્ણનીય તપ કરી રહ્યા છે.'

રાજાથી આ વાત સહન ન થઈ. તે તરત જ બહુ મોટી સેના લઈને તેમની પાસે જવા નીકળી ગયો અને ગંધમાદન પર્વત પર જઈને તેમની તપાસ કરવા લાગ્યો. થોડીવારમાં જ તેને તે બંને ઋષિ દેખાયા. તેમના શરીરની નસો સુધ્ધાં દેખાવા લાગી હતી. ઠંડી, ગરમી અને વાયુને સહન કરવાના કારણે તેઓ અત્યંત કૃશકાય થઈ ગયા હતા. રાજા તેમની પાસે ગયો અને ચરણસ્પર્શ કરીને તેમના કુશળ સમાચાર પૂછ્યા. મુનિઓએ પણ ફળ, મૂળ, જળ અને આસન વગેરેથી રાજાનો સત્કાર કરીને પૂછ્યું, 'કહો, અમે તમારું શું કામ કરીએ?' રાજાએ તેમને શરૂઆતથી જ બધી વાત જણાવીને કહ્યું, 'અત્યારે હું તમારી સાથે યુદ્ધ કરવા માટે આવ્યો છું. આ મારી ઘણા દિવસની અભિલાષા છે, તેથી આનો સ્વીકાર કરીને જ તમે મારું આતિથ્ય કરો.' નર-નારાયણે કહ્યું, 'રાજન્! આ આશ્રમમાં કામ, ક્રોધ, લોભ વગેરે રહી શકતા નથી; અહીં યુદ્ધની તો કોઈ વાત જ નથી, પછી અસ્ત્ર-શસ્ત્ર અને કુટિલ પ્રકૃતિના લોકો કઈ રીતે રહી શકે? પૃથ્વી પર અનેક ક્ષત્રિયો છે, તમે ક્યાંક બીજા સ્થાને જઈને યુદ્ધ માટે પ્રાર્થના કરો.' નર-નારાયણ દ્વારા આ પ્રમાણે વારંવાર સમજાવ્યા છતાં પણ દંભોદ્‌ભવની યુદ્ધ-લાલસા શાંત ન થઈ અને તેના માટે તેમને તે આગ્રહ કરતો જ રહ્યો.

''ત્યારે ભગવાન નરે એક મુઠ્ઠી ઘાસની પાતળી સળીઓ લઈને કહ્યું, 'અચ્છા, તમને

યુદ્ધની બહુ લાલસા છે તો પોતાનાં હથિયાર ઉપાડો અને તમારી સેનાને તૈયાર કરો.' આ સાંભળીને દંભોદ્ભવ અને તેના સૈનિકોએ તેમના ઉપર તીક્ષ્ણ બાણોની વૃષ્ટિ કરવા માંડી. ભગવાન નરે એક તણખલા (સળીને)ને અમોઘ અસ્ત્રના રૂપમાં રૂપાંતર કરીને છોડ્યું. આનાથી એવી આશ્ચર્યની વાત થઈ કે મુનિવર નરે તે બધા સૈનિકોની આંખો, નાક અને કાનોને સળીઓથી ભરી દીધાં. આ જ પ્રમાણે સંપૂર્ણ આકાશને સફેદ સળીઓથી વ્યાપ્ત જોઈને રાજા દંભોદ્ભવ તેમના ચરણોમાં પડી ગયો અને 'મને ક્ષમા કરો, મારી રક્ષા કરો.' આ પ્રમાણે આજીજી કરવા લાગ્યો. ત્યારે શરણાગતવત્સલ નરે શરણમાં આવેલા રાજાને કહ્યું, 'રાજન્! તમે બ્રાહ્મણોની સેવા કરો અને ધર્મનું આચરણ કરો; આવું કામ ફરી કદી કરશો નહિ. તમે બુદ્ધિનો આશ્રય લો અને લોભને છોડી દો તથા અહંકારશૂન્ય, જિતેન્દ્રિય, ક્ષમાશીલ, મૃદુ અને શાંત થઈને પ્રજાનું પાલન કરો. હવે ભવિષ્યમાં તમે કોઈનું અપમાન કરશો નહિ.''

''ત્યારપછી રાજા દંભોદ્ભવ તે મુનીશ્વરોના ચરણોમાં પ્રણામ કરીને પોતાના નગરમાં પાછો આવ્યો અને સારી રીતે ધર્માનુકૂળ વ્યવહાર કરવા લાગ્યો. આ પ્રમાણે તે સમયે મહાત્મા નરે બહુ મોટું પરાક્રમ કર્યું હતું. અત્યારે 'નર' જ અર્જુન છે. તેથી જ્યાં સુધી તેઓ પોતાના શ્રેષ્ઠ ધનુષ્ય ગાંડીવ પર બાણ ન ચડાવે ત્યાં સુધી તમે માન છોડીને અર્જુનનું શરણ ગ્રહી લો. જેઓ સંપૂર્ણ જગતના નિર્માતા, સર્વના સ્વામી અને સમસ્ત કર્મોના સાક્ષી છે, તે નારાયણ અર્જુનના સખા છે. તેથી યુદ્ધમાં તેમના પરાક્રમને સહેવું તમારા માટે મુશ્કેલ થશે. અર્જુનમાં અગણિત ગુણ છે અને શ્રીકૃષ્ણ તો તેમનાથી પણ વધીને છે. કુંતીપુત્ર અર્જુનના ગુણોનો તો તમને ઘણીવાર પરિચય થઈ ચૂક્યો છે. જે પૂર્વકાળમાં નર અને નારાયણ હતા, તે જ અત્યારે અર્જુન અને શ્રીકૃષ્ણ છે. તે બંનેને તમે સમસ્ત પુરુષોમાં શ્રેષ્ઠ અને મહાન વીર જાણો. જો તમને મારી વાત ઉચિત લાગતી હોય અને મારા માટે તમને કોઈ સંદેહ ન હોય તો તમે સદ્બુદ્ધિનો આશ્રય લઈને પાંડવો સાથે સંધિ કરી લો.''

પરશુરામજીનું ભાષણ સાંભળીને મહર્ષિ કણ્વ પણ દુર્યોધનને કહેવા લાગ્યા – લોકપિતામહ બ્રહ્મા અને નર-નારાયણ – આ બંને અક્ષય અને અવિનાશી છે. અદિતિના પુત્રોમાં માત્ર વિષ્ણુ જ સનાતન, અજેય, અવિનાશી, નિત્ય અને બધાના ઈશ્વર છે. એમના સિવાય ચંદ્રમા, સૂર્ય, પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ, આકાશ, ગ્રહ અને તારા – આ બધાં વિનાશનું કારણ ઉપસ્થિત થતાં નષ્ટ થઈ જાય છે. જ્યારે સંસારનો પ્રલય થાય છે ત્યારે એ બધા પદાર્થો ત્રણે લોકનો ત્યાગ કરીને નષ્ટ થઈ જાય છે અને સૃષ્ટિનો આરંભ થતાં વારંવાર ઉત્પન્ન થાય છે. આ બધી વાતોનો વિચાર કરીને તમારે ધર્મરાજ યુધિષ્ઠિર સાથે સંધિ કરી લેવી જોઈએ; જેથી કૌરવ અને પાંડવો મળીને પૃથ્વીનું પાલન કરે. દુર્યોધન! તમે એવું ન સમજો કે 'હું બહુ બળવાન છું.' સંસારમાં બળવાનોથી વધીને બીજા બળવાન પુરુષ જોવા મળે છે. સાચા શૂરવીરોની આગળ સૈન્યશક્તિ કામ આવતી નથી. પાંડવો તો બધા દેવતાઓ જેવા શૂરવીર અને પરાક્રમી છે. તેઓ સ્વયં વાયુ, ઈન્દ્ર, ધર્મ અને બંને અશ્વિનીકુમારો જ છે. આ દેવતાઓની સામે તો તમે જોઈ પણ શકતા નથી. તેથી એમની સાથે વિરોધ છોડીને સંધિ કરી લો. તમારે આ તીર્થસ્વરૂપ શ્રીકૃષ્ણ દ્વારા પોતાના કુળની રક્ષાનો પ્રબંધ કરવો જોઈએ. અહીં મહાતપસ્વી દેવર્ષિ નારદજી વિરાજમાન છે.

તેઓ ભગવાન વિષ્ણુના માહાત્મ્યને પ્રત્યક્ષ જાણે છે, અને તે ચક્રગદાધર શ્રીવિષ્ણુ જ અહીં શ્રીકૃષ્ણરૂપે વિદ્યમાન છે.

મહર્ષિ કણ્વની વાત સાંભળીને દુર્યોધન દીર્ઘશ્વાસ લેવા લાગ્યો, તેની આંખની ભમરો ચઢી ગઈ અને તે કર્ણ તરફ જોઈને જોરજોરથી હસવા લાગ્યો. તે દુષ્ટે કણ્વના કથન પર કશું ધ્યાન ન આપ્યું અને જાંઘ પર હાથ ઠોકીને આ પ્રમાણે કહેવા લાગ્યો, 'મહર્ષે! જે કંઈ થવાનું છે અને જેવી મારી ગતિ થવાની છે, તે જ પ્રમાણે ઈશ્વરે મને બનાવ્યો છે અને તેવું જ મારું આચરણ છે. તેમાં તમારા કહેવાથી શું થવાનું છે?'

—★—

શ્રીકૃષ્ણે દુર્યોધનને સમજાવવો તથા ભીષ્મ, વિદુર અને ધૃતરાષ્ટ્ર દ્વારા તેમનું સમર્થન

વૈશમ્પાયનજી કહે છે – રાજન્! ભગવાન વેદવ્યાસ, ભીષ્મ અને નારદજીએ પણ દુર્યોધનને અનેક પ્રકારે સમજાવ્યો. તે સમયે નારદજીએ જે વાતો કહી હતી, તે સાંભળો. તેમણે કહ્યું, 'સંસારમાં સહૃદય શ્રોતા મળવા દુર્લભ છે અને હિતની વાત કહેનાર સુહૃદ પણ દુર્લભ છે; કેમકે જે સંકટમાં પોતાનાં સગાં-સંબંધીઓ પણ સાથ છોડી દે છે, ત્યાં પણ સાચો મિત્ર સાથે ઊભો રહે છે. તેથી કુરુનંદન! તમારે તમારા હિતૈષીઓની વાત પર અવશ્ય ધ્યાન આપવું જોઈએ; આ પ્રમાણે હઠ કરવી બરાબર નથી. કેમકે હઠનું પરિણામ બહુ દુઃખદ હોય છે.'

ધૃતરાષ્ટ્રે કહ્યું – ભગવન્! તમે જેવું કહી રહ્યા છો, તે બરાબર જ છે. હું પણ એ જ ઈચ્છું છું, પરંતુ તેવું કરી શકતો નથી.

ત્યાર પછી તેઓ **શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા** – 'કેશવ! તમે જે કાંઈ કહ્યું છે તે બધું બધી રીતે સુખપ્રદ, સદ્ગતિ આપનાર, ધર્મને અનુકૂળ અને ન્યાયસંગત છે; પરંતુ હું સ્વતંત્ર નથી. મંદમતિ દુર્યોધન મારા મનને અનુકૂળ આચરણ કરતો નથી. તમે કોઈ રીતે તેને સમજાવવાનો પ્રયત્ન કરો. ગાંધારી, બુદ્ધિમાન વિદુરજી તથા ભીષ્મ વગેરે જે અમારા અન્ય હિતૈષી છે, તેમની શુભ શિખામણ પર પણ તે ધ્યાન આપતો નથી. હવે સ્વયં તમે જ આ પાપબુદ્ધિ, ક્રૂર અને દુરાત્મા દુર્યોધનને સમજાવો. જો તેણે તમારી વાત માની લીધી તો તમારા હાથે તમારા સુહૃદોનું આ મોટું કામ થઈ જશે.'

ત્યારે બધા પ્રકારના ધર્મ અને અર્થના રહસ્યને જાણનારા **શ્રીકૃષ્ણ મધુર વાણીમાં દુર્યોધનને કહેવા લાગ્યા** – 'કુરુનંદન! મારી વાત સાંભળો. આનાથી તમને અને તમારા પરિવારને બહુ સુખ મળશે. તમે બહુ બુદ્ધિમાન લોકોના કુળમાં જન્મ લીધો છે, તેથી તમારે આ શુભ કામ કરી લેવું જોઈએ. તમે જે કાંઈ કરવા ચાહો છો, તેવું કામ તો તેવા લોકો કરે છે જે નીચ કુળમાં ઉત્પન્ન થયા છે તથા દુષ્ટચિત્ત, ક્રૂર અને નિર્લજ્જ છે. આ સંબંધમાં તમારી જે હઠ છે તે અત્યંત ભયંકર, અધર્મરૂપ અને પ્રાણોની તરસી છે. તેનાથી અનિષ્ટ જ થશે. તેનું કોઈ પ્રયોજન પણ નથી અને ન તે સફળ પણ થઈ શકે છે. આ અનર્થને છોડી દેવાથી જ તમે પોતાના ભાઈ, સેવકો અને મિત્રોનું હિત કરી શકશો તથા તમે જે અધર્મ અને અપયશની પ્રાપ્તિ કરાવનારું કામ કરવા ચાહો છો, તેનાથી બચી જશો. જુઓ, પાંડવો બહુ જ બુદ્ધિમાન, શૂરવીર, ઉત્સાહી, આત્મજ્ઞ અને બહુશ્રુત છે; તમે તેમની સાથે સંધિ કરી લો. એમાં જ તમારું હિત છે

અને એ જ મહારાજ ધૃતરાષ્ટ્ર, પિતામહ ભીષ્મ, દ્રોણાચાર્ય, વિદુર, કૃપાચાર્ય, સોમદત્ત, બાહ્‌લીક, અશ્વત્થામા, વિકર્ણ, સંજય, વિવિંશતિ તથા તમારા મોટાભાગના ભાઈ-બંધુઓ અને મિત્રોને પણ પ્રિય છે. ભાઈ! સંધિ કરવામાં જ સંપૂર્ણ સંસારની શાંતિ છે. તમારામાં લજ્જા, શાસ્ત્રજ્ઞાન અને અક્રૂરતા વગેરે ગુણો પણ છે. તેથી તમારે તમારા માતા-પિતાની આજ્ઞામાં જ રહેવું જોઈએ. પિતા જે કાંઈ શિખામણ આપે છે, તેને બધા લોકો હિતકારી માને છે. જ્યારે મનુષ્ય બહુ ભારે સંકટમાં પડી જાય છે ત્યારે તેને પોતાના પિતાની શિખામણ જ યાદ આવે છે. તમારા પિતાજીને તો પાંડવો સાથે સંધિ કરવાનું ગમે છે. તેથી તમને અને તમારા મંત્રીઓને પણ આ પ્રસ્તાવ સારો લાગવો જોઈએ. જે પુરુષ મોહવશ હિતની વાત માનતો નથી, તે દીર્ઘસૂત્રીનું કોઈ કામ પૂરું થતું નથી અને ફક્ત પશ્ચાત્તાપ કરવાનું જ તેના માટે રહે છે. પરંતુ પોતાના આગ્રહને પડતો મૂકીને જે હિતની વાત સાંભળીને પ્રથમ તેનું આચરણ કરે છે તે સંસારમાં સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત કરે છે. જે પુરુષ પોતાના મુખ્ય સલાહકારોને છોડીને નીચ પ્રકૃતિના લોકોનો સંગ કરે છે, તે બહુ મોટી વિપત્તિમાં પડી જાય છે અને પછી તેને તેમાંથી બહાર નીકળવાનો રસ્તો મળતો નથી.

'તાત! તમે જન્મથી જ પોતાના ભાઈઓ સાથે કપટનો વ્યવહાર કર્યો છે; તેમ છતાં યશસ્વી પાંડવોએ તમારા પ્રત્યે સદ્‌ભાવ જ રાખ્યો છે. તમારે પણ તેમના પ્રત્યે તેવો જ વ્યવહાર કરવો જોઈએ. શ્રેષ્ઠ પુરુષો એવું કામ કરે છે જે અર્થ, ધર્મ અને કામની પ્રાપ્તિ કરાવનારું હોય; અને જો તેનાથી આ ત્રણેની સિદ્ધિ થવાની સંભાવના રહેતી નથી તો તે ધર્મ અને અર્થની સિદ્ધિ માટે જ પ્રયત્ન કરે છે. અર્થ, ધર્મ અને કામ – એ ત્રણે અલગ-અલગ છે. બુદ્ધિમાન પુરુષો આ ત્રણમાંથી ધર્મને અનુકૂળ રહે છે, મધ્યમ પુરુષ અર્થને મુખ્ય માને છે અને મૂર્ખ લોકો ક્લેશના હેતુ એવા કામના ગુલામ બનીને રહે છે. પરંતુ જે પુરુષ ઇન્દ્રિયોને વશીભૂત થઈને લોભવશ ધર્મનો ત્યાગ કરે છે, તે દૂષિત ઉપાયોથી અર્થ અને કામપ્રાપ્તિની વાસનામાં ફસાઈને નષ્ટ થઈ જાય છે. તેથી જે મનુષ્ય અર્થ અને કામ માટે ઉત્સુક હોય, તેણે પ્રથમ ધર્મનું જ આચરણ કરવું જોઈએ. વિદ્વાનો ધર્મને જ ત્રિવર્ગ (ધર્મ, અર્થ અને કામ)ની પ્રાપ્તિનું એકમાત્ર કારણ ગણાવે છે. જે પુરુષ પોતાની સાથે સદ્‌વ્યવહાર કરનાર સાથે દુર્વ્યવહાર કરે છે, તે કુહાડીથી વન (જંગલ)ની જેમ પોતે જ પોતાની જડ કાપે છે. મનુષ્યે જેને નીચું જોવડાવવાની ઇચ્છા ન હોય તેની બુદ્ધિને લોભથી ભ્રષ્ટ ન કરવી જોઈએ. આ પ્રમાણે જેની બુદ્ધિ લોભથી દૂષિત નથી, તેનું જ મન કલ્યાણ-સાધનમાં લાગી શકે છે. આવો શુદ્ધબુદ્ધિવાળો પુરુષ, પાંડવોનું તો શું, સંસારમાં કોઈ સાધારણ મનુષ્યોનો પણ અનાદર કરતો નથી. પરંતુ ક્રોધની ચુંગાલમાં ફસાયેલો મનુષ્ય પોતાનું હિત-અહિત, કશું જ સમજતો નથી. લોક અને વેદમાં જે મોટાં-મોટાં પ્રમાણો જોવા મળે છે તેમાંથી પણ તે ભ્રષ્ટ થઈ જાય છે. તેથી દુર્જનોની અપેક્ષા જો તમે પાંડવોનો સંગ કરશો તો તમારું કલ્યાણ જ થશે. તમે જે પાંડવો તરફથી મોં ફેરવીને કોઈ અન્યના ભરોસે પોતાની રક્ષા કરવા ચાહો છો તથા દુ:શાસન, કર્ણ અને શકુનિના હાથમાં પોતાનું ઐશ્વર્ય સોંપીને પૃથ્વીને જીતવાની આશા રાખો છો; તો યાદ રાખજો – એ તમને જ્ઞાન, ધર્મ અને અર્થની પ્રાપ્તિ કરાવી શકશે નહિ. પાંડવોની સામે એમનું કોઈ

પરાક્રમ ચાલી શકે એમ નથી. તમને સાથે રાખીને પણ આ રાજાઓ પાંડવોની ટક્કર ઝીલી શકે એમ નથી. તમારી પાસે જેટલી સેના એકત્ર થઈ છે તે ક્રોધિત થયેલા ભીમસેનના મુખ તરફ તો આંખ પણ ઊંચી કરી શકતી નથી. આ ભીષ્મ, દ્રોણ, કર્ણ, કૃપ, ભૂરિશ્રવા, અશ્વત્થામા અને જયદ્રથ મળીને પણ અર્જુનનો મુકાબલો કરી શકે એમ નથી. અર્જુનને યુદ્ધમાં પરાસ્ત કરવો એ તો સમસ્ત દેવતાઓ, અસુરો, ગંધર્વો અને મનુષ્યોના પણ વશની વાત નથી. તેથી તમે યુદ્ધમાંથી પોતાના મનને પાછું વાળી લો. અચ્છા! ભલા, તમે જ આ બધા રાજાઓમાં એવો વીર દેખાડો જે રણભૂમિમાં અર્જુનનો સામનો કરીને પછી સકુશળ ઘેર પાછો જાય. આના માટે વિરાટનગરમાં એકલા અર્જુનની અનેક મહારથીઓ સાથે યુદ્ધ થયાની જે અદ્‌ભુત વાત સાંભળી છે, તે જ પૂરતું પ્રમાણ છે. અરે, જેણે સંગ્રામમાં સાક્ષાત્ શંકર ભગવાનને સંતુષ્ટ કરી દીધા, તે અજેય અને વિજયી વીર અર્જુનને તમે જીતવાની આશા રાખો છો? વળી જ્યારે હું પણ તેની સાથે છું, ત્યારે તો, સાક્ષાત્ ઈન્દ્ર કેમ ન હોય, એવું કોણ છે જે પોતાની સામે લડવા માટે આવેલા અર્જુનને લલકારી શકે. જે પુરુષ યુદ્ધમાં અર્જુનને જીતવાની શક્તિ રાખે છે, તે તો સમગ્ર પૃથ્વીને પોતાના હાથો વડે ઊંચકી શકે છે, ક્રોધથી સંપૂર્ણ પ્રજાને ભસ્મ કરી શકે છે અને દેવતાઓને પણ સ્વર્ગમાંથી ચ્યુત કરી શકે છે. તમે સહેજ તમારા પુત્ર, ભાઈ, બંધુ-બાંધવો અને સંબંધીઓ તરફ તો જુઓ. આ બધા તમારા કારણે નષ્ટ ન થઈ જાય. જુઓ, કૌરવોનું બીજ સુરક્ષિત રહેવા દો, આ વંશનો તિરસ્કાર ન કરો; પોતાને 'કુળઘાતી' ન કહેવડાવો અને પોતાની કીર્તિને કલંકિત ન કરો. મહારથી પાંડવો તમને જ યુવરાજ બનાવશે અને આ સામ્રાજ્ય પર તમારા પિતા ધૃતરાષ્ટ્રને જ બેસાડશે. જુઓ, બહુ ઉત્સાહથી પાસે આવી રહેલી રાજ્યલક્ષ્મીનો તિરસ્કાર ન કરો અને પાંડવોને અડધું રાજ્ય આપીને આ મહાન ઐશ્વર્યને પ્રાપ્ત કરી લો. જો તમે પાંડવો સાથે સંધિ કરી લેશો અને પોતાના હિતૈષીઓની વાત માનશો તો ચિરકાળ સુધી પોતાના મિત્રો સાથે આનંદપૂર્વક સુખ ભોગવશો.'

ભરતશ્રેષ્ઠ જનમેજય! શ્રીકૃષ્ણનું આ ભાષણ સાંભળીને **શાંતનુનંદન ભીષ્મે દુર્યોધનને કહ્યું** – 'તાત! પોતાના સુહૃદોનું હિત ચાહનારા શ્રીકૃષ્ણે જે તમને સમજાવ્યા છે, એનો એ જ આશય છે કે તમે હજી પણ માની જાઓ અને વ્યર્થ અસહિષ્ણુતા છોડી દો. જો તમે મહામના શ્રીકૃષ્ણની વાત માનશો નહિ તો તમારું કદી હિત થઈ શકશે નહિ અને તમે સુખ પણ પામી શકશો નહિ. શ્રીકેશવે જે કહ્યું છે તે ધર્મ અને અર્થને અનુકૂળ છે. તમે એનો સ્વીકાર કરી લો, વ્યર્થ પ્રજાનો સંહાર ન કરાવો. જો તમે આ પ્રમાણે નહિ કરો તો તમારે તથા તમારા મંત્રીઓ, પુત્રો અને ભાઈ-બંધુઓએ પ્રાણોથી હાથ ધોવા પડશે. ભરતનંદન! શ્રીકૃષ્ણ, ધૃતરાષ્ટ્ર અને વિદુરનાં નીતિયુક્ત વચનોનું ઉલ્લંઘન કરીને તમે પોતાને કુલઘ્ન, કુપુરુષ, કુમતિ અને કુમાર્ગગામી ન કહેવડાવો તથા પોતાના માતાપિતાને શોકના સમુદ્રમાં ન ડુબાડો.'

ત્યારપછી **દ્રોણાચાર્યે કહ્યું** – 'રાજન્! શ્રીકૃષ્ણ અને ભીષ્મજી બહુ બુદ્ધિમાન, મેધાવી, જિતેન્દ્રિય, અર્થનિષ્ઠ અને બહુશ્રુત છે. તેમણે તમારા હિતની જ વાત કહી છે, તમે તેને માની લો અને મોહવશ શ્રીકૃષ્ણનો તિરસ્કાર ન કરો. જે લોકો તમને યુદ્ધ માટે ઉત્સાહિત કરી રહ્યા છે, તેમનાથી તમારું કોઈ પણ કામ સિદ્ધ નહિ

થાય; એ લોકો તો યુદ્ધમાં શત્રુઓ પ્રત્યે વેર-વિરોધનો ઘંટ બીજાના ગળામાં જ બાંધશે. તમે પોતાની પ્રજા, પુત્રો અને ભાઈ-બંધુઓના પ્રાણોને સંકટમાં ન નાખો. એ વાત નક્કી સમજો કે જે પક્ષમાં શ્રીકૃષ્ણ અને અર્જુન હશે, તેને કોઈ પણ નહિ જીતી શકે. જો તમે તમારા હિતૈષીઓની વાત નહિ માનો તો પાછળથી તમારા હાથમાં માત્ર પસ્તાવાનું જ રહેશે. પરશુરામજીએ અર્જુન વિશે જે કાંઈ કહ્યું છે, ખરેખર તે તેનાથી પણ વધીને છે, તથા દેવકીનંદન શ્રીકૃષ્ણ તો દેવતાઓ માટે પણ અસહ્ય છે. પરંતુ રાજન્! તમારા સુખ અને હિતની વાત કહેવાથી શો લાભ? ભલે, તમને બધી વાતો સમજાવીને કહેવામાં આવી છે, હવે જે તમારી ઇચ્છા હોય તે કરો. હું તમને વધારે કાંઈ કહેવા ઇચ્છતો નથી.'

ત્યાર બાદ **વિદુરજી પણ વચ્ચે બોલી ઊઠ્યા** – 'દુર્યોધન! તમારા માટે તો મને કોઈ ચિંતા નથી; મને તો તમારા આ વૃદ્ધ મા-બાપને જોઈને દુઃખ થાય છે, જે તમારા જેવા દુષ્ટ હૃદયના પુરુષના સંરક્ષણમાં હોવાથી એક દિવસ પોતાના બધા સલાહકારો અને સુહૃદોના મૃત્યુથી કપાઈ ગયેલી પાંખવાળા પક્ષીઓની જેમ અસહાય બનીને ભટકશે.'

અંતમાં **રાજા ધૃતરાષ્ટ્ર કહેવા લાગ્યા** – 'દુર્યોધન! મહાત્મા કૃષ્ણે જે વાત કહી છે, તે બધી રીતે કલ્યાણ કરનારી છે. તમે તેના પર ધ્યાન આપો અને તે જ પ્રમાણે આચરણ કરો.' જુઓ, પુણ્યકર્મા શ્રીકૃષ્ણની સહાયતાથી આપણે બધા રાજાઓ પાસેથી પોતાના અભીષ્ટ (ઇચ્છિત) પદાર્થો પ્રાપ્ત કરી શકીએ છીએ. તમે એમની સાથે રાજા યુધિષ્ઠિર પાસે જાઓ અને જેનાથી બધા ભરતવંશીઓનું મંગળ થાય તે કામ કરો. મારા માનવા પ્રમાણે તો આ સંધિ કરવાનો યોગ્ય સમય છે, તમે તેને હાથમાંથી ન જવા દો. જુઓ, શ્રીકૃષ્ણ સંધિ માટે પ્રાર્થના કરી રહ્યા છે અને તમારા હિતની વાત કહી રહ્યા છે. અત્યારે તમે જો તેમની વાત નહિ માનો તો તમારું પતન કોઈ રીતે અટકશે નહિ.'

—★—

દુર્યોધન અને શ્રીકૃષ્ણનો વિવાદ, દુર્યોધનનો સભા-ત્યાગ, ધૃતરાષ્ટ્રે ગાંધારીને બોલાવવી અને તેણે દુર્યોધનને સમજાવવો

વૈશમ્પાયનજી કહે છે – રાજન્! આ બધી અપ્રિય વાતો સાંભળીને દુર્યોધને શ્રીકૃષ્ણને કહ્યું, 'કેશવ! તમારે સારી રીતે સમજી-વિચારીને બોલવું જોઈએ. તમે તો પાંડવોના પ્રેમનો ઢંઢેરો પીટીને ઊલટી-સીધી વાત કરતા રહીને ખાસ કરીને મને જે દોષી ઠરાવી રહ્યા છો. તો શું તમે બળાબળનો વિચાર કરીને જ હંમેશાં મારી નિંદા કરો છો? હું જોઉં છું કે તમે, વિદુરજી, પિતાજી, આચાર્યજી અને દાદાજી એકલા મારા ઉપર જ બધા દોષો ઢોળી રહ્યા છો. મેં તો ઘણો વિચાર કરીને જોઈ લીધું, મને મારો પોતાનો કોઈ પણ મોટો કે નાનો દોષ દેખાતો નથી. પાંડવો પોતાના જ શોખથી જુગાર રમવામાં પ્રવૃત્ત થયા હતા; તેમાં મામા શકુનિએ તેમનું રાજ્ય જીતી લીધું, તેના કારણે તેમને વનમાં જવું પડ્યું. તમે જ કહો, એમાં મારો શો અપરાધ હતો, જેથી અમારી સાથે વેર રાખીને તેઓ વિરોધ કરી રહ્યા છે? અમે જાણીએ છીએ કે પાંડવોમાં અમારો સામનો કરવાની શક્તિ નથી, છતાં બહુ ઉત્સાહ સાથે

તેઓ અમારી સાથે શત્રુ જેવો વર્તાવ કેમ કરી રહ્યા છે? અમે તેમનાં ભયંકર કર્મોને જોઈને અથવા તમારા લોકોની ભીષણ વાતો સાંભળીને ડરવાના નથી. આ રીતે તો અમે ઇન્દ્રની આગળ પણ ઝૂકીએ એવા નથી. કૃષ્ણ! અમને તો એવો કોઈ પણ ક્ષત્રિય દેખાતો નથી, જે યુદ્ધમાં અમને જીતવાની હિંમત રાખતો હોય. ભીષ્મ, દ્રોણ, કૃપ અને કર્ણને તો દેવતાઓ પણ યુદ્ધમાં જીતી શકતા નથી; પાંડવોની તો વાત જ શી છે? વળી, સ્વધર્મનું પાલન કરતા રહીને અમે કદાચ યુદ્ધમાં વીરગતિને પ્રાપ્ત થઈ ગયા તો સ્વર્ગ પ્રાપ્ત કરીશું. આ તો ક્ષત્રિયોનો મુખ્ય ધર્મ છે. આ પ્રમાણે જો અમને યુદ્ધમાં વીરગતિ પ્રાપ્ત થઈ ગઈ તો કોઈ પસ્તાવો થશે નહિ, કેમકે પ્રયત્ન કરવો એ જ પુરુષનો ધર્મ છે. એમ કરતાં મનુષ્ય ભલે ને નષ્ટ થઈ જાય, પરંતુ તેણે ઝૂકવું ન જોઈએ. મારા જેવો વીરપુરુષ તો ધર્મરક્ષા માટે માત્ર બ્રાહ્મણોને નમસ્કાર કરે છે, બીજા કોઈને તો કાંઈ સમજતો નથી. આ જ ક્ષત્રિયનો ધર્મ છે અને આ જ મારો મત છે. પિતાજી પહેલાં જે મને રાજ્યનો ભાગ આપી ચૂક્યા છે, તેને મારી હયાતીમાં કોઈ લઈ શકતું નથી. મારી બાલ્યાવસ્થામાં અજ્ઞાન અથવા ભયને લીધે જ પાંડવોને રાજ્ય મળી ગયું હતું. હવે તે તેમને ફરી મળી શકે એમ નથી. કેશવ! જ્યાં સુધી હું જીવતો છું ત્યાં સુધી તો પાંડવોને એટલી ભૂમિ પણ નથી આપી શકતો, જેટલી એક બારીક સોયની અણીથી છેદાઈ શકે છે.'

દુર્યોધનની આ વાતો સાંભળીને શ્રીકૃષ્ણનાં ભવાં ચડી ગયાં. પછી તેમણે થોડો વિચાર કરીને કહ્યું – 'દુર્યોધન! જો તમને વીરશય્યાની ઇચ્છા છે તો થોડા દિવસ પોતાના મંત્રીઓ સહિત ધીરજ ધારણ કરો. તમને અવશ્ય તે મળશે અને તમારી એ કામના પૂરી થશે. એટલું યાદ રાખજો કે બહુ મોટો જન-સંહાર થશે અને તમે જે એવું માનો છો કે 'પાંડવો સાથે મારો કોઈ દુર્વ્યવહાર નથી થયો,' તો એ વિષયમાં અહીં જે રાજાઓ ઉપસ્થિત છે તેઓ જ વિચાર કરે. જુઓ, પાંડવોના વૈભવથી દાઝે બળીને તમે અને શકુનિએ જ તો જુગાર રમવાની ખોટી સલાહ આપી હતી. જુગાર તો સારા માણસોની બુદ્ધિને ભ્રષ્ટ કરનારો જ છે. જે દુષ્ટ પુરુષ તેમાં પ્રવૃત્ત થાય છે, તેના કલહ (ઝઘડો) અને કલેશ(દુ:ખ)ની જ વૃદ્ધિ થાય છે. તમે દ્રૌપદીને સભામાં બોલાવીને ખુલ્લંખુલ્લા જેવી જેવી અનુચિત વાતો કહી હતી, પોતાની ભાભી સાથે શું આવો દુરાચાર કોઈ કરી શકે છે? પોતાના સદાચારી, અલોલુપ (અલોભી) અને હંમેશાં ધર્મનું આચરણ કરનારા ભાઈઓ સાથે કયો સજ્જન માણસ આવો દુર્વ્યવહાર કરી શકે? તે વખતે કર્ણ, દુ:શાસન અને તમે ક્રૂર અને નીચ પુરુષો જેવાં અનેક કટુ-વચનો કહ્યાં હતાં. તમે વારણાવતમાં બાળક એવા પાંડવોને તેમની માતાસહિત ફૂંકી મારવાનો હીન પ્રયત્ન કર્યો હતો. તે વખતે પાંડવોને ઘણો સમય પોતાની માતા સાથે છૂપી રીતે એકચક્રા નગરીમાં રહીને વિતાવવો પડ્યો હતો. આ ઉપરાંત ઝેર આપવા જેવા અનેક ઉપાયોથી તમે પાંડવોને મારી નાખવાનો પ્રયત્ન કરતા રહ્યા છો; પરંતુ તમારો કોઈ પ્રયત્ન સફળ ન થયો. આ પ્રમાણે પાંડવો પ્રત્યે તમારી હંમેશાં બૂરી દાનત અને કપટપૂર્ણ આચરણ રહ્યું છે. પછી એવું કઈ રીતે કહી શકાય કે મહાત્મા પાંડવો પ્રત્યે તમારો કોઈ અપરાધ નથી. જો તમે પાંડવોને તેમનો પૈતૃક ભાગ નહિ આપો તો પાપાત્મન્! યાદ રાખો, તમારે ઐશ્વર્યથી ભ્રષ્ટ થઈને અને તેમના હાથે મરીને તે આપવો પડશે.

તમે કુટિલ પુરુષોની જેમ પાંડવો સાથે ન કરવા જેવાં અનેક કામ કર્યાં છે, અને આજે પણ તમારી ગતિ અવળી જ દેખાય છે. તમારા માતાપિતા, પિતામહ, આચાર્ય અને વિદુરજી વારંવાર કહી રહ્યા છે કે તમે સંધિ કરી લો, છતાં તમે સંધિ કરવા તૈયાર નથી. પોતાના આ હિતૈષીઓની વાતને ન માનીને તમે કદી સુખ પામી શકશો નહિ. તમે જે કામ કરવા ચાહો છો, તે તો અધર્મ અને અપયશનું જ કારણ છે.'

જે સમયે ભગવાન કૃષ્ણ આ બધી વાતો કહી રહ્યા હતા, તે સમયે વચ્ચે જ દુ:શાસન દુર્યોધનને આ પ્રમાણે કહેવા લાગ્યો. 'રાજન્! તમે જો પોતાની ઇચ્છાથી પાંડવો સાથે સંધિ નહિ કરો તો એવું લાગે છે કે ભીષ્મ, દ્રોણ અને આપણા પિતાશ્રી તમને, મને અને કર્ણને બાંધીને પાંડવોના હાથમાં સોંપી દેશે.' ભાઈની આ વાત સાંભળીને દુર્યોધનનો ક્રોધ બહુ વધી ગયો અને તે સાપની જેમ ફૂંફાડા મારતો રહીને વિદુર, ધૃતરાષ્ટ્ર, બાહ્‌લીક, કૃપ, સોમદત્ત, ભીષ્મ, દ્રોણ અને શ્રીકૃષ્ણ – એ બધાનો તિરસ્કાર કરીને ત્યાંથી ચાલ્યા જવા માટે તૈયાર થઈ ગયો. તેને જતો જોઈને તેના ભાઈઓ, મંત્રીઓ અને બધા રાજાઓ પણ સભા છોડીને ચાલવા લાગ્યા. ત્યારે પિતામહ ભીષ્મે કહ્યું, 'રાજકુમાર દુર્યોધન બહુ દુષ્ટચિત્તનો છે. એ દૂષિત ઉપાયોનો જ આશ્રય લે છે. તેને રાજ્યનું મિથ્યા અભિમાન છે તથા ક્રોધ અને લોભે તેને દબાવી દીધો છે. શ્રીકૃષ્ણ! હું તો એવું સમજું છું કે બધા ક્ષત્રિયોનો કાળ આવી ગયો છે. તેથી પોતાના મંત્રીઓ સાથે એ બધા દુર્યોધનનું અનુસરણ કરી રહ્યા છે.'

ભીષ્મની આ વાત સાંભળીને શ્રીકૃષ્ણે કહ્યું – 'કૌરવોમાં જે વયોવૃદ્ધ છે, તે બધાની એ બહુ મોટી ભૂલ છે કે તેઓ ઐશ્વર્યના મદથી ઉન્મત્ત (પાગલ) દુર્યોધનને જબરજસ્તી કેદ નથી કરી લેતા. આ સંબંધમાં જે વાત મને સ્પષ્ટરૂપે હિતની જણાય છે તે તમને સાફ-સાફ કહી દઉં છું. તમને જો તે અનુકૂળ અને મનગમતી લાગે તો કરો. જુઓ, ભોજરાજ ઉગ્રસેનનો પુત્ર કંસ બહુ દુરાચારી અને દુર્બુદ્ધિનો હતો. તેણે પિતાના જીવતાં જ તેમનું રાજ્ય છીનવી લીધું હતું. છેવટે તેણે પ્રાણોથી હાથ ધોવા પડ્યા. તેથી તમે લોકો પણ દુર્યોધન, કર્ણ, શકુનિ અને દુ:શાસન – આ ચારેયને બાંધીને પાંડવોને સોંપી દો. કુળની રક્ષા માટે એક પુરુષનો, ગામની રક્ષા માટે કુળનો, દેશની રક્ષા માટે ગામનો અને પોતાની રક્ષા માટે સંપૂર્ણ પૃથ્વીનો ત્યાગ કરી દેવો જોઈએ. તેથી તમે લોકો પણ દુર્યોધનને કેદ કરીને પાંડવો સાથે સંધિ કરી લો. આથી તમારા કારણે આ બધા ક્ષત્રિયોનો નાશ તો નહિ થાય.

શ્રીકૃષ્ણની આ વાત સાંભળીને રાજા ધૃતરાષ્ટ્રે વિદુરને કહ્યું – 'ભાઈ! તમે પરમ બુદ્ધિમતી ગાંધારી પાસે જાઓ અને તેને અહીં લઈ આવો. હું તેની સાથે દુરાત્મા દુર્યોધનને સમજાવીશ.' ત્યારે વિદુરજી દીર્ઘદર્શિની ગાંધારીને સભામાં લઈ આવ્યા. ધૃતરાષ્ટ્રે તેને કહ્યું, 'ગાંધારી! તમારો આ દુષ્ટ પુત્ર મારી વાત માનતો નથી. તેણે અશિષ્ટ મનુષ્યની જેમ બધી મર્યાદા છોડી દીધી છે. જુઓ, તે હિતૈષીઓની વાત ન માનીને અત્યારે પોતાના પાપી અને દુષ્ટ મિત્રોની સાથે સભામાંથી ચાલ્યો ગયો છે.'

પતિની આ વાત સાંભળીને **યશસ્વિની ગાંધારીએ કહ્યું** – રાજન્! તમે પુત્રના મોહમાં ફસાયેલા છો, તેથી આ વિષયમાં તો તમે જ વધારે દોષી છો. તમે એ જાણો છો કે દુર્યોધન બહુ પાપી છે, છતાં તેની બુદ્ધિ પ્રમાણે ચાલો

છો. દુર્યોધનને તો કામ, ક્રોધ અને લોભે પોતાની ચુંગાલમાં જકડી લીધો છે. હવે તમે કોઈ રીતે તેને આ માર્ગેથી પાછો વાળી શકશો નહિ. તમે આ મૂર્ખ, દુરાત્મા, કુસંગી અને લોભી પુત્રનો કશો જ વિચાર કર્યા વિના રાજ્ય-શાસનની લગામ તેના હાથમાં પકડાવી દીધી, તેનું જ આ ફળ તમે ભોગવી રહ્યા છો. તમે પોતાના ઘરમાં જે કુસંપ થઈ રહ્યો છે તેની ઉપેક્ષા કેમ કરો છો? આ પ્રમાણે સ્વજનો સાથે અણબનાવ થતાં તો શત્રુઓ આપણી હાંસી ઉડાવશે. જુઓ, જો સામ અથવા ભેદથી જ વિપત્તિ ટળી શકે એમ હોય, તો કોઈ પણ બુદ્ધિમાન સ્વજનોના દંડનો પ્રયોગ શા માટે કરે?

એ પછી રાજા ધૃતરાષ્ટ્ર અને ગાંધારીના કહેવાથી વિદુરજી દુર્યોધનને પાછો સભામાં લઈ આવ્યા. દુર્યોધનની આંખો ક્રોધથી લાલ થઈ રહી હતી અને તે સાપની જેમ ફૂંફાડા મારી રહ્યો હતો. અત્યારે માતા શું કહે છે – એ સાંભળવા તે ફરી રાજસભામાં આવી ગયો. ત્યારે ગાંધારીએ દુર્યોધનને ઝાટકતાં સંધિ કરવા માટે આ પ્રમાણે કહ્યું – 'બેટા દુર્યોધન! મારી આ વાત સાંભળો. તેથી તમારું અને તમારાં સંતાનોનું હિત થશે તથા ભવિષ્યમાં પણ તમને સુખ મળશે. તમને તમારા પિતા, ભીષ્મજી, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય અને વિદુરજીએ જે વાત કહી છે, તેનો તમે સ્વીકાર કરી લો. જો તમે પાંડવો સાથે સંધિ કરી લેશો તો સાચું માનો, એનાથી પિતામહ ભીષ્મની, પિતાજીની, મારી અને દ્રોણાચાર્ય વગેરે આપણા હિતૈષીઓની તમારા દ્વારા મોટી સેવા થશે. ભાઈ! રાજ્ય પ્રાપ્ત કરવું, તેને બચાવવું અને ભોગવવું એ આપણા વશની વાત નથી. જે પુરુષ જિતેન્દ્રિય હોય છે, તે જ રાજ્યની રક્ષા કરી શકે છે. કામ અને ક્રોધ તો મનુષ્યને અર્થથી ચ્યુત કરી દે છે. હા, એ બંને શત્રુઓને જીતીને તો રાજા સમગ્ર પૃથ્વીને જીતી શકે છે. જુઓ, જેમ ઉદંડ ઘોડા રસ્તામાં જ સારથિને મારી નાખે છે, તે જ પ્રમાણે જો ઈન્દ્રિયોને કાબૂમાં ન રાખવામાં આવે તો તે મનુષ્યનો નાશ કરવા માટે પણ પર્યાપ્ત છે. જે પુરુષ પ્રથમ પોતાના મનને જીતી લે છે, તેની પોતાના મંત્રીઓ અને શત્રુઓને જીતવાની ઈચ્છા પણ વ્યર્થ જતી નથી. આ પ્રમાણે ઈન્દ્રિયો જેના વશમાં છે, મંત્રીઓ પર જેનો અધિકાર છે, અપરાધીઓને જે દંડ આપી શકે છે અને જે બધાં કામ સમજી-વિચારીને કરે છે, તેની પાસે ચિરકાળ સુધી લક્ષ્મી રહે છે. તાત! ભીષ્મજી, અને દ્રોણાચાર્યજીએ જે કાંઈ કહ્યું છે, તે બરાબર છે. વાસ્તવમાં શ્રીકૃષ્ણ અને અર્જુનને કોઈ જીતી શકે એમ નથી. તેથી તમે શ્રીકૃષ્ણનું શરણું લો. જો તેઓ પ્રસન્ન રહેશે તો બંને પક્ષોનું હિત થશે. ભાઈ! યુદ્ધ કરવામાં કલ્યાણ નથી. તેમાં ધર્મ અને અર્થ બંને નથી, પછી સુખ ક્યાંથી હોય? યુદ્ધમાં વિજય મળી જ જશે એવું પણ કહી શકાય નહિ, તેથી તમે યુદ્ધમાં મન લગાવશો નહિ. જો તમે પોતાના મંત્રીઓ સહિત રાજ્ય ભોગવવા ચાહો છો તો પાંડવોનો જે ન્યાયોચિત ભાગ છે, તે તેમને આપી દો. પાંડવોને જે તેર વર્ષ સુધી બહાર રાખવામાં આવ્યા, તે પણ મોટો અપરાધ થયો છે. હવે સંધિ કરીને તમે તે અપરાધને ધોઈ નાખો. તમે જે પાંડવોનો ભાગ પણ હડપવા ચાહો છો, તેવું કરવાની તમારી શક્તિ નથી અને આ કર્ણ તથા દુઃશાસન પણ એવું કરી શકશે નહિ. તમારો જ એવો વિચાર છે કે ભીષ્મ, દ્રોણ, કૃપ વગેરે મહારથીઓ પોતાની પૂરી શક્તિથી મારા પક્ષમાં યુદ્ધ કરશે – એ પણ સંભવ નથી; કેમકે એ

આત્મજ્ઞાનીઓની દષ્ટિમાં તો તમારું અને પાંડવોનું સમાન સ્થાન છે. તેથી એમને માટે તમારા બંનેનું હિત અને પ્રેમ પણ સમાન જ છે તથા ધર્મને તેઓ એનાથી વિશેષ માને છે. આ રાજ્યનું અન્ન ખાવાને લીધે તેઓ પોતાના પ્રાણ ભલે આપી દે, પરંતુ રાજા યુધિષ્ઠિર તરફ ક્યારેય ટેઢી દષ્ટિથી જોશે નહિ. તાત! સંસારમાં લોભ કરવાથી કોઈને સંપત્તિ મળતી નથી. તેથી તમે લોભ છોડી દો અને પાંડવો સાથે સંધિ કરી લો.

—★—

દુર્યોધનની કુમંત્રણા, ભગવાનનું વિશ્વરૂપદર્શન અને કૌરવસભાથી પ્રસ્થાન

વૈશમ્પાયનજી કહે છે – માતાએ કહેલાં આ નીતિયુક્ત વાક્યો પર દુર્યોધને કશું ધ્યાન ન આપ્યું અને તે અત્યંત ક્રોધપૂર્વક સભા છોડીને પોતાના દુષ્ટબુદ્ધિ મંત્રીઓ પાસે ચાલ્યો ગયો. પછી દુર્યોધન, કર્ણ, શકુનિ અને દુઃશાસન – આ ચાર જણાએ મળીને એવો નિર્ણય કર્યો કે 'જુઓ, આ કૃષ્ણ રાજા ધૃતરાષ્ટ્ર અને ભીષ્મ સાથે મળીને આપણને કેદ કરવા ચાહે છે; તો પહેલાં આપણે જ આને કેદ કરી લઈએ. કૃષ્ણને કેદ થયા સાંભળીને પાંડવોનો બધો ઉત્સાહ ઓગળી જશે અને તેઓ કિંકર્તવ્યમૂઢ થઈ જશે.

સાત્યકિ ઈશારાથી જ બીજાના મનની વાત જાણી લેતા હતા. તેઓ તરત જ તેમનો ભાવ સમજી ગયા અને સભામાંથી બહાર આવીને કૃતવર્માને કહ્યું, 'તરત જ સેના તૈયાર કરો અને જ્યાં સુધી હું આ લોકોના કુવિચારની શ્રીકૃષ્ણને સૂચના આપું, ત્યાં સુધીમાં તમે સ્વયં કવચ ધારણ કરીને સેનાને વ્યૂહ-રચનામાં ઊભી કરીને સભા-ભવનના દરવાજા પર આવી જાઓ.' પછી સિંહ જેમ ગુફામાં જાય, તે જ પ્રમાણે સભામાં જઈને તેમણે શ્રીકૃષ્ણને તેમનો આ કુવિચાર કહી દીધો. પછી તેઓ હસીને રાજા ધૃતરાષ્ટ્ર અને વિદુરને કહેવા લાગ્યા, 'સત્પુરુષોની દષ્ટિમાં દૂતને કેદ કરવો એ તો ધર્મ, અર્થ અને કામની સર્વ રીતે વિરુદ્ધ છે; પરંતુ આ મૂર્ખાઓ તે જ કરવાનું વિચારી રહ્યા છે. એમનો આ મનોરથ કોઈ પ્રકારે પૂરો થશે નહિ. તેઓ અત્યંત તુચ્છ હૃદયના છે; એમને સૂઝતું નથી કે શ્રીકૃષ્ણને કેદ કરવા એ તો કોઈ બાળક બળતા અગ્નિને કપડામાં બાંધવા ચાહે એવું છે.'

સાત્યકિની વાત સાંભળીને દીર્ઘદષ્ટિવાળા વિદુરજીએ ધૃતરાષ્ટ્રને કહ્યું – 'રાજન્! એવું લાગે છે કે તમારા બધા પુત્રો મોતથી ઘેરાઈ ગયા છે; એથી જ તેઓ ન કરવા યોગ્ય અને અપયશ અપાવનારું કામ કરવા માટે કટિબદ્ધ થઈ રહ્યા છે. જુઓને, તે લોકો આપસમાં મળીને જબરજસ્તી આ કમળનયન શ્રીકૃષ્ણનો તિરસ્કાર કરીને એમને કેદ કરવાનો વિચાર કરી રહ્યા છે. પરંતુ તેઓ જાણતા નથી કે અગ્નિની પાસે જતાં જ જેમ પતંગિયાં નષ્ટ થઈ જાય છે, તે જ પ્રમાણે શ્રીકૃષ્ણની પાસે પહોંચતાં જ તેમનું નામનિશાન મટી જશે.'

ત્યારપછી **શ્રીકૃષ્ણે ધૃતરાષ્ટ્રને કહ્યું** – 'રાજન્! જો આ લોકો ક્રોધાવેશમાં આવીને મને કેદ કરવાનું સાહસ કરી રહ્યા છે તો તમે સહેજ આજ્ઞા આપી દો; પછી જોઉં છું કે એ લોકો મને કેદ કરે છે કે હું તેમને બાંધી દઉં છું. અચ્છા, જો હું અત્યારે એમને અને એમના અનુયાયીઓને બાંધીને પાંડવોને સોંપી દઉં તો મારું આ કામ અનુચિત તો નહિ થાય ને?

રાજન્! હું તમારા બધા પુત્રોને આજ્ઞા આપું છું કે દુર્યોધનની જેવી ઇચ્છા છે, તેવું તેઓ કરી જુએ.'

આ સાંભળીને મહારાજ ધૃતરાષ્ટ્રે વિદુરને કહ્યું – 'તમે તરત જ પાપી દુર્યોધનને લઈ આવો; સંભવ છે, આ વખતે હું એના અનુયાયીઓ સહિત તેને યોગ્ય રસ્તા પર લાવી શકું.' વિદુરજી દુર્યોધનની ઇચ્છા ન હોવા છતાં પણ તેને ફરીથી સભામાં લઈ આવ્યા. તે સમયે તેના ભાઈઓ અને રાજાઓ પણ તેની સાથે જ હતા. ત્યારે રાજા ધૃતરાષ્ટ્રે તેને કહ્યું, 'અરે કુટિલ દુર્યોધન! તું તારા પાપી સાથીઓ સાથે મળીને એકદમ પાપકર્મ કરવા ઉપર ઊતરી આવ્યો છે? યાદ રાખ, તારા જેવો મૂઢ અને કુળકલંક પુરુષ જે કાંઈ કરવાનો વિચાર કરશે, તે ક્યારેય પૂરો નહિ થાય; તેનાથી સત્પુરુષો તારી નિંદા કરશે. કહે છે કે તું તારા પાપી સાથીઓ સાથે મળીને આ શ્રીકૃષ્ણને કેદ કરવા ઇચ્છે છે? તો આમને તો ઇન્દ્રસહિત બધા દેવતાઓ પણ પોતાને વશ કરી શકતા નથી. તારું આ દુઃસાહસ તો એવું છે, જેમ કોઈ બાળક ચન્દ્રમાને પકડવા ઇચ્છે. તું શ્રીકેશવના પ્રભાવને જરા પણ જાણતો નથી. અરે, જેમ વાયુને હાથમાં પકડી શકાતો નથી અને પૃથ્વીને માથા પર ઉઠાવી શકાતી નથી, તે જ રીતે શ્રીકૃષ્ણને કોઈ બળપૂર્વક બાંધી શકે એમ નથી.'

ત્યારપછી **વિદુરજી બોલ્યા** – દુર્યોધન! તમે મારી વાત સાંભળો. જુઓ, શ્રીકૃષ્ણને કેદ કરવાનો વિચાર નરકાસુરે પણ કર્યો હતો, પરંતુ બધા દાનવો સાથે મળીને પણ તે એવું કરી ન શક્યો. તો પછી તમે એમને પોતાની બળ-શક્તિથી પકડવાનું સાહસ કઈ રીતે કરી શકો છો? એમણે બાલ્યાવસ્થામાં જ પૂતના અને બકાસુરને મારી નાખ્યા હતા, ગોવર્ધન પર્વતને હાથ પર ઉઠાવી લીધો હતો તથા અરિષ્ટાસુર, ધેનુકાસુર, ચાણૂર, કેશી અને કંસને પણ ધૂળ ભેગા કરી દીધા હતા. આ સિવાય શ્રીકૃષ્ણ જરાસંધ, દંતવક્ત્ર, શિશુપાલ, બાણાસુર તથા બીજા પણ અનેક રાજાઓનું પાણી ઉતારી ચૂક્યા છે. સાક્ષાત્ વરુણ, અગ્નિ અને ઇન્દ્ર પણ એમનાથી હારી ગયા છે. પોતાના બીજા અવતારોમાં એમણે મધુ-કૈટભ અને હયગ્રીવ વગેરે અનેક દૈત્યોને પછાડ્યા છે. એ સંપૂર્ણ પ્રવૃત્તિઓના પ્રેરક છે, પરંતુ સ્વયં કોઈની પણ પ્રેરણાથી કામ નથી કરતા. એ જ બધા પુરુષાર્થોનાં કારણ છે. તેઓ જે કામ કરવા ઇચ્છે તે અનાયાસે કરી શકે છે. તમે એમના પ્રભાવને જાણતા નથી. જુઓ, જો તમે એમનો તિરસ્કાર કરવાનું સાહસ કરશો તો એ રીતે તમારું નામ-નિશાન ભૂંસાઈ જશે, જેમ અગ્નિમાં પડીને પતંગિયું નષ્ટ થઈ જાય છે.

વિદુરજીની વાત સમાપ્ત થતાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું – 'દુર્યોધન! તમે જે અજ્ઞાનવશ એવું સમજો છો કે હું એકલો છું અને મને દબાવીને કેદ કરવા ચાહો છો, તો યાદ રાખજો, સમસ્ત પાંડવો અને વૃષ્ણિ તથા અંધકવંશીય યાદવો પણ અહીં જ છે. તેઓ જ નહિ, રુદ્ર, વસુ અને સમસ્ત મહર્ષિઓ પણ અહીં મોજૂદ છે.' આમ કહીને શત્રુદમન શ્રીકૃષ્ણ ખડખડાટ હસ્યા. બસ, તરત જ તેમનાં બધાં અંગોમાં વીજળી જેવી કાંતિવાળા અંગુષ્ઠાકાર બધા દેવતાઓ દેખાવા લાગ્યા. તેમના લલાટમાં બ્રહ્મા, વક્ષઃસ્થળમાં રુદ્ર, ભુજાઓમાં લોકપાલ અને મુખમાં અગ્નિદેવ હતા. આદિત્ય, સાધ્ય, વસુ, અશ્વિનીકુમાર, ઇન્દ્ર સહિત મરુદ્ગણ, વિશ્વેદેવ તથા યક્ષ, ગંધર્વ અને રાક્ષસ – આ

બધા તેમના શરીરથી અભિન્ન જણાતા હતા. તેમની બંને ભુજાઓમાંથી બળભદ્ર અને અર્જુન પ્રગટ થયા. એમાં ધનુર્ધર અર્જુન જમણી બાજુ અને હળધર બળરામ ડાબી બાજુ હતા. ભીમ, યુધિષ્ઠિર અને નકુળ-સહદેવ તેમની પાછળના ભાગમાં હતા તથા પ્રદ્યુમ્ન વગેરે અંધક અને વૃષ્ણિવંશી યાદવો અસ્ત્ર-શસ્ત્ર લઈને તેમની આગળ દેખાતા હતા તે સમયે શ્રીકૃષ્ણની અનેક ભુજાઓ દેખાતી હતી. તેમાં તેમણે શંખ, ચક્ર, ગદા, શક્તિ, શાર્ઙ્ગધનુષ્ય, હળ અને નન્દક લીધેલાં હતાં. તેમનાં નેત્રો, નાસિકા અને કર્ણરન્ધ્રોમાંથી ભીષણ અગ્નિની જ્વાળાઓ અને રોમકૂપોમાંથી સૂર્ય જેવાં કિરણો નીકળી રહ્યાં હતાં.

શ્રીકૃષ્ણના આ ભયંકર રૂપને જોઈને બધા રાજાઓએ ભયભીત થઈને નેત્રો બંધ કરી દીધાં. માત્ર દ્રોણાચાર્ય, ભીષ્મ, વિદુર, સંજય અને ઋષિઓ જ તેમનાં દર્શન કરી શક્યા; કેમકે ભગવાને તેમને દિવ્ય દૃષ્ટિ આપી દીધી હતી. સભાભવનમાં ભગવાનનું આ અદ્‌ભુત કૃત્ય જોઈને દેવતાઓની દુંદુભિઓનો અવાજ થવા લાગ્યો તથા આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિ થવા લાગી. ત્યારે રાજા ધૃતરાષ્ટ્રે કહ્યું, ‘કમળનયન! સંપૂર્ણ સંસારના હિતકર્તા આપ જ છો. તેથી આપ અમારા પર કૃપા કરો. મારી પ્રાર્થના છે કે અત્યારે મને દિવ્ય નેત્ર પ્રાપ્ત થાય; હું માત્ર આપનાં જ દર્શન કરવા ઇચ્છું છું, કોઈ બીજાને જોવાની મારી ઇચ્છા નથી.’ આથી ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું, ‘કુરુનંદન! તમારાં અદશ્યરૂપે બે નેત્રો થઈ જાઓ.’ જ્યારે સભામાં બેઠેલા રાજાઓ અને ઋષિઓએ જોયું કે મહારાજ ધૃતરાષ્ટ્રને નેત્ર પ્રાપ્ત થઈ ગયાં છે, ત્યારે તેમને ભારે આશ્ચર્ય થયું અને તેઓ શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા. તે સમયે પૃથ્વી ડોલવા લાગી, સમુદ્રમાં ખળભળાટ થઈ ગયો અને બધા રાજાઓ વિસ્મિત થઈ ગયા. પછી ભગવાને તે સ્વરૂપને તથા પોતાની દિવ્ય અદ્‌ભુત અને ચિત્ર-વિચિત્ર માયાને સંકેલી લીધી. ત્યાર બાદ તેઓ ઋષિઓની આજ્ઞા લઈને સાત્યકિ અને કૃતવર્માના હાથ પકડીને સભાભવનમાંથી ચાલી નીકળ્યા. તેમના ગયા પછી નારદાદિ ઋષિઓ પણ અંતર્ધાન થઈ ગયા.

શ્રીકૃષ્ણને જતા જોઈને રાજાઓ સહિત બધા કૌરવો પણ તેમની પાછળ-પાછળ ચાલવા લાગ્યા. પરંતુ શ્રીકૃષ્ણે તે રાજાઓ તરફ કોઈ ધ્યાન આપ્યું નહિ. એટલામાં દારુક તેમનો દિવ્ય રથ સજાવીને લઈ આવ્યો. ભગવાન રથ પર સવાર થયા. તેમની સાથે મહારથી કૃતવર્મા પણ રથ પર ચડતો જોવા મળ્યો. આ પ્રમાણે જ્યારે તેઓ જવા લાગ્યા ત્યારે મહારાજ ધૃતરાષ્ટ્રે કહ્યું, ‘જનાર્દન! પુત્રો પર મારું બળ કેટલું ચાલે છે – તે આપે પ્રત્યક્ષ જોઈ લીધું છે. હું તો ઇચ્છું છું કે કોઈ પણ પ્રકારે કૌરવ-પાંડવોમાં મેળ થઈ જાય અને એના માટે પ્રયત્ન પણ કરું છું, પરંતુ હવે મારી દશા જોઈને આપ મારા પર સંદેહ કરશો નહિ.’

આ સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણે રાજા ધૃતરાષ્ટ્ર, દ્રોણાચાર્ય, ભીષ્મ, વિદુર, કૃપાચાર્ય અને બાહ્‌લીકને કહ્યું, ‘અત્યારે કૌરવોની સભામાં જે કાંઈ થયું છે, તે તમે પ્રત્યક્ષ જોઈ લીધું તથા તે વાત પણ તમારા બધાની સામે જ છે કે મંદબુદ્ધિ દુર્યોધન કઈ રીતે છંછેડાઈને સભામાંથી ચાલ્યો ગયો હતો. મહારાજ ધૃતરાષ્ટ્ર પણ આ વિષયમાં પોતાને અસમર્થ જણાવી રહ્યા છે. તેથી હવે હું તમારા બધાની આજ્ઞા ચાહું છું અને રાજા યુધિષ્ઠિર પાસે જાઉં છું.’ આ પ્રમાણે આજ્ઞા

લઈને જ્યારે ભગવાન રથમાં બેસીને ચાલવા લાગ્યા, ત્યારે ભીષ્મ, દ્રોણ, કૃપ, વિદુર, ધૃતરાષ્ટ્ર, બાહ્લીક, અશ્વત્થામા, વિકર્ણ અને યુયુત્સુ વગેરે કૌરવ વીરો થોડે દૂર સુધી તેમની પાછળ-પાછળ ગયા. ત્યારપછી તે બધાની સામે જ ભગવાન પોતાના ફોઈ કુંતીને મળવા ગયા.

—★—

કુંતીએ વિદુલાની કથા સંભળાવીને પાંડવો માટે સંદેશો આપવો તથા શ્રીકૃષ્ણનું તેમની વિદાય લઈને પાંડવો પાસે જવું

વૈશમ્પાયનજી કહે છે – રાજન્! ભગવાને કુંતીને ઘેર જઈને તેનો ચરણસ્પર્શ કર્યો તથા કૌરવોની સભામાં જે કાંઈ બન્યું હતું તે સંક્ષેપમાં કહી દીધું. તેમણે કહ્યું, 'ફોઈબા! મેં અને ઋષિઓએ અનેક યુક્તિઓથી અનેક ગ્રાહ્ય કરવા યોગ્ય વાતો કહી; પરંતુ દુર્યોધને કોઈ વાત પર ધ્યાન આપ્યું નહિ. દુર્યોધનના અનુયાયી આ બધા વીરો ઉપર કાળ ઘેરાઈ રહ્યો છે. હવે હું તમારી આજ્ઞા ચાહું છું, કેમકે મારે તરત જ પાંડવો પાસે જવું છે. જણાવો, તમારા વતી હું પાંડવોને શું કહું?'

કુંતીએ કહ્યું – કેશવ! મારા તરફથી તમે રાજા યુધિષ્ઠિરને કહેજો કે પૃથ્વીનું પાલન કરવાનો તમારો ધર્મ છે. અત્યારે આ ધર્મની મોટી હાનિ થઈ રહી છે. તો હવે તમે આને (સમયને) વૃથા ગુમાવશો નહિ. બેટા! ક્ષત્રિયોને પ્રજાપતિ બ્રહ્માએ પોતાની ભુજાઓમાંથી ઉત્પન્ન કર્યા છે, તેથી તેમણે પોતાના બાહુબળથી જ આજીવિકાનો પ્રબંધ કરવો જોઈએ. પૂર્વકાળમાં કુબેરે રાજા મુચુકુન્દને સમગ્ર પૃથ્વી આપી દીધી હતી, પરંતુ મુચુકુન્દે તેનો સ્વીકાર ન કર્યો. જ્યારે તેણે પોતાના બાહુબળથી એને પ્રાપ્ત કરી, ત્યારે જ ક્ષત્રિય ધર્મનો આશ્રય લઈને તેણે પૃથ્વીનું યથાવત્ શાસન પણ કર્યું. રાજાથી સુરક્ષિત રહીને પ્રજા જે કાંઈ ધર્મ કરે છે, તેનો ચતુર્થાંશ રાજાને મળે છે. જો રાજા ધર્મનું આચરણ કરતો હોય તો દેવલોકને પ્રાપ્ત કરે છે અને અધર્મ કરતો હોય તો નરકમાં પડે છે. જો તે દંડનીતિનો પણ યથાર્થ ઉપયોગ કરે તો તેનાથી ચારે વર્ણના લોકો અધર્મથી અટકીને ધર્મમાર્ગમાં પ્રવૃત્ત થાય છે. વાસ્તવમાં સત્યયુગ, ત્રેતા, દ્વાપર અને કળિયુગ – આ ચારે યુગોનું કારણ રાજા જ છે. અત્યારે તમે તમારી બુદ્ધિથી જે સંતોષને લઈને બેઠા છો, તેને તો તમારા પિતા પાંડુએ, મેં અથવા તમારા પિતામહે પણ ક્યારેય અપનાવ્યો નથી. હું હંમેશાં તમારાં યજ્ઞ, દાન, તપ, શૌર્ય, પ્રજ્ઞા, સંતાનોત્પત્તિ, મહત્તા, બળ અને ઓજ (પ્રભાવ)ની જ કામના કરું છું. ધર્માત્મા પુરુષ રાજ્ય પ્રાપ્ત કરીને કોઈને દાનથી, કોઈને બળથી અને કોઈને મધુરવાણીથી પોતાને અધીન કરે. બ્રાહ્મણે ભિક્ષાવૃત્તિ, ક્ષત્રિયે પ્રજાપાલન, વૈશ્યે ધનસંગ્રહ અને શૂદ્રે આ બધાની સેવા કરવી. તમારા માટે ભિક્ષાવૃત્તિ નિષિદ્ધ છે અને કૃષિકાર્ય પણ ઉચિત નથી. તમે ક્ષત્રિય છો, પ્રજાને ભયથી મુક્ત કરનારા છો; બાહુબળ જ તમારી આજીવિકાનું સાધન છે. મહાબાહુ! તમારા જે પૈતૃક ભાગને શત્રુઓએ પડાવી લીધો છે, તમારે સામ, દાન, દંડ, ભેદ અથવા નીતિ વગેરે કોઈ પણ ઉપાયથી તેનો ઉદ્ધાર કરવો જોઈએ. એનાથી વધીને દુઃખની બીજી કઈ વાત હશે કે તમારા જેવો પુત્ર હોવા છતાં પણ હું બીજાના ટુકડાઓ પર નજર નાખી રહી છું. તેથી ક્ષાત્રધર્મ અનુસાર

તમે યુદ્ધ કરો.

કૃષ્ણ! આ સંદર્ભમાં હું તમને એક પ્રાચીન ઈતિહાસ સંભળાવું છું. તેમાં વિદુલા અને તેના પુત્રનો સંવાદ છે. વિદુલા ક્ષત્રાણી હતી. તે મહાન યશસ્વિની, ગરમ સ્વભાવની, કુલીન, સંયમશીલ અને દીર્ઘદષ્ટિવાળી હતી. રાજસભાઓમાં તેની બહુ ખ્યાતિ હતી અને શાસ્ત્રનું જ્ઞાન પણ તેને બહુ હતું. એકવાર તેનો ઔરસપુત્ર સિંધુરાજથી પરાસ્ત થઈને બહુ જ દીનદશામાં પડ્યો હતો. તે સમયે વિદુલાએ તેને ફટકારતાં કહ્યું, 'અરે અપ્રિયદર્શી! તું મારો પુત્ર નથી અને ન તેં તારા પિતાના વીર્યથી જન્મ પણ લીધો છે. તું તો શત્રુઓનો આનંદ વધારનારો છે. તારામાં લેશમાત્ર પણ આત્માભિમાન નથી, તેથી તું ક્ષત્રિયોમાં તો ગણાતો જ નથી. તારાં અવયવો અને બુદ્ધિ વગેરે પણ નપુંસક જેવાં જ છે. અરે, પ્રાણ હોવા છતાં તું નિરાશ થઈ ગયો. જો તું કલ્યાણ ઈચ્છે છે તો યુદ્ધનો ભાર ઉઠાવ. તું તારા આત્માનો અનાદર ન કર અને પોતાના મનને સ્વસ્થ કરીને ભયનો ત્યાગ કરી દે. કાયર! ઊભો થઈ જા. હારીને પડી ન રહે. આ પ્રમાણે તો તું પોતાનું માન ગુમાવીને શત્રુઓને આનંદિત કરી રહ્યો છે. એનાથી તારા સુહૃદોનો શોક વધી રહ્યો છે. જો, પ્રાણ જવાની નોબત આવી જાય તો પણ પરાક્રમ છોડવું ન જોઈએ. જેમ બાજ નિઃશંક થઈને આકાશમાં ઊડતું રહે છે, તેમ તું પણ રણભૂમિમાં નિર્ભયપણે વિચર. અત્યારે તો તું એ રીતે પડ્યો છે, જાણે કોઈ વીજળી પડવાથી નિષ્પ્રાણ થઈ ગયો હોય. બસ, તું ઊભો થઈ જા, શત્રુઓથી હારીને પડ્યો ન રહે. તું સામ, દાન અને ભેદરૂપ મધ્યમ, અધમ અને નીચ ઉપાયોનો આશ્રય ન લે. દંડ જ સર્વશ્રેષ્ઠ છે. તેનો આશ્રય લઈને ગર્જના કરતો રહીને શત્રુ સાથે ટક્કર લે. વીર પુરુષો રણભૂમિમાં જઈને ઉચ્ચકોટિનું માનવોચિત પરાક્રમ દેખાડીને પોતાના ધર્મથી ઉઋણ થાય છે. તે પોતાની નિંદા નથી કરતો. વિદ્વાન પુરુષ ફળ મળે અથવા ન મળે, તેની ચિંતા કરતાં નથી. તે તો નિરંતર પુરુષાર્થની સિદ્ધિ માટે કર્મ કરે છે. તેને પોતાના માટે ધનની પણ ઈચ્છા થતી નથી. તું કાં તો પોતાનો પુરુષાર્થ વધારીને વિજય પ્રાપ્ત કર, નહિ તો વીરગતિને પ્રાપ્ત થઈ જા. આ પ્રમાણે ધર્મને પીઠ દેખાડીને શા માટે જીવી રહ્યો છે? અરે નપુંસક! આ રીતે તો તારાં ઈષ્ટ પૂર્ત (યજ્ઞ, કૂવા, તળાવ બનાવવાં) વગેરે કર્મો અને સુયશ – બધું જ બરબાદ થઈ ગયું છે તથા તારા ભોગનું સાધન જે રાજ્ય હતું, તે પણ નષ્ટ થઈ ગયું છે; પછી તું શેને માટે જીવી રહ્યો છે?

"દાન, સત્ય, તપ, વિદ્યા અને ધનસંગ્રહના પ્રસંગમાં જે પુરુષનો સુયશ ગવાતો નથી, તે તો તેની માતાની વિષ્ઠા જ છે. સાચો મર્દ તો તે જ છે જે પોતાની વિદ્યા, તપ, ઐશ્વર્ય અને પરાક્રમથી બીજા લોકોને ચકિત કરી દે છે. તારે ભિક્ષાવૃત્તિ તરફ તાકવું જોઈએ નહિ. તે તો અકીર્તિકર, દુઃખદાયી અને કાયરોના કામની છે. અરે સંજય! લાગે છે કે મેં પુત્રરૂપે કળિયુગને જ જન્મ આપ્યો છે! તારામાં લગીરે સ્વાભિમાન, ઉત્સાહ અથવા પુરુષાર્થ નથી. તને જોઈને શત્રુઓને જ સુખ થાય છે. કોઈ પણ સ્ત્રી આવા પુત્રને ઉત્પન્ન ન કરે. જે પોતાના હૃદયને લોઢા જેવું કરીને રાજ્ય અને ધન વગેરેની ખોજ કરે છે અને શત્રુઓની સામે ટક્કર લે છે, તે જ પુરુષ છે. જે સ્ત્રીઓની જેમ કોઈ રીતે પોતાનું પેટ ભરી લે છે, તેને 'પુરુષ' કહેવો વ્યર્થ જ

છે. જો શૂરવીર, તેજસ્વી બળવાન અને સિંહ જેવો પરાક્રમી રાજા વીરગતિને પામે, તો પણ તેના રાજ્યમાં પ્રસન્નતા જ થાય છે. જેમ બધાં પ્રાણીઓનો નિર્વાહ મેઘને અધીન છે, એ જ પ્રમાણે બ્રાહ્મણો તથા તારા સુહૃદોનો નિર્વાહ તારા પર જ નિર્ભર હોવો જોઈએ.

"જા, કોઈ પર્વતના કિલ્લામાં જઈને રહે અને શત્રુ ઉપર આપત્તિકાળ આવવાની પ્રતીક્ષા કર. તે અજર-અમર તો છે જ નહિ. બેટા! તારું નામ તો સંજય છે, પરંતુ તારામાં મને એવો કોઈ ગુણ દેખાતો નથી. તું સંગ્રામમાં જય પ્રાપ્ત કરીને પોતાના નામને સાર્થક કર. જ્યારે તું બાળક હતો ત્યારે એક ભૂત-ભવિષ્ય જાણનારા બ્રાહ્મણે તને જોઈને કહ્યું હતું કે 'આ એક વાર બહુ મોટા સંકટમાં પડીને પછી ઉન્નતિ કરશે.' એ વાતને યાદ કરીને મને તારા વિજયની પૂરી આશા છે. એટલા માટે જ હું તને કહી રહી છું અને વારંવાર કહેતી રહીશ. શંબર મુનિનું વચન છે કે જ્યાં 'આજે ભોજન નથી, ન આવતી કાલ માટે પણ કોઈ પ્રબંધ છે' – એવી ચિંતા રહે છે તેનાથી વધીને બીજી કોઈ માઠી દશા હોઈ શકતી નથી. જ્યારે તું જોઈશ કે આજીવિકા ન રહેવાથી તારું કામકાજ કરનારા દાસ, સેવક, આચાર્ય, ઋત્વિજ અને પુરોહિત તને છોડીને ચાલ્યા ગયા છે તો તારું આ જીવન શા કામનું? પહેલાં મેં અથવા મારા પતિએ કોઈ બ્રાહ્મણને 'ના' કહી નથી. હવે જો મારે 'ના' કહેવી પડે તો મારું હૃદય ફાટી જશે. આપણે હંમેશાં બીજાને આશ્રય આપતા રહ્યા છીએ. બીજાની આજ્ઞા સાંભળવાની આપણને આદત નથી. જો મારે કોઈ બીજાના આશ્રયે જીવન ગુજારવું પડ્યું તો હું પ્રાણ ત્યાગી દઈશ. જો, તેં જીવનનો લોભ ન કર્યો તો તારા બધા શત્રુઓને પરાસ્ત કરી શકાય એમ છે. તું યુવાન છે તથા વિદ્યા, કુળ અને રૂપથી સંપન્ન છે. જો તારા જેવો યશસ્વી અને જગત્પ્રસિદ્ધ પુરુષ આવું વિપરીત આચરણ કરે અને પોતાના કર્તવ્યનું પાલન ન કરે તો હું એને મૃત્યુ જ સમજું છું. જો હું તને શત્રુની સાથે મીઠી-મીઠી (બનાવટી) વાતો કરતા અથવા તેની પાછળ-પાછળ ચાલતો જોઈશ તો મારા હૃદયને કઈ રીતે શાંતિ થશે? આ કુળમાં એવો કોઈ પુરુષ નથી જન્મ્યો, જે તેના શત્રુનો અનુયાયી થઈને રહ્યો હોય. ભાઈ! શત્રુના સેવક થઈને જીવવું તારા માટે કોઈ રીતે યોગ્ય નથી. જે પુરુષે ક્ષત્રિય-કુળમાં જન્મ લીધો છે અને જેને ક્ષાત્રધર્મનું જ્ઞાન છે, તે ભયથી અથવા આજીવિકા માટે કદી કોઈની સામે ઝૂકશે નહિ. તે મહામતિ વીર તો મદમસ્ત હાથીની જેમ રણભૂમિમાં વિચરે છે અને માત્ર ધર્મરક્ષા માટે હંમેશાં બ્રાહ્મણની સામે જ ઝૂકે છે."

પુત્રે કહ્યું – મા! તું વીરો જેવી બુદ્ધિવાળી, પરંતુ અત્યંત નિષ્ઠુર અને ક્રોધ કરનારી છે. તારું હૃદય તો જાણે લોઢામાંથી જ ઘડીને બનાવવામાં આવ્યું છે. અહો! ક્ષત્રિયોનો ધર્મ બહુ કઠણ છે, જેના કારણે તું સ્વયં જાણે બીજાની મા હોય એ રીતે અથવા કોઈ બીજાના પુત્રને કહેતી હોય એ રીતે મને યુદ્ધ માટે ઉત્સાહિત કરી રહી છે. પરંતુ હું તો તારો એકનો એક પુત્ર છું. છતાં તું મારી સાથે આવી વાત કરે છે! જ્યારે તું મને જ ગુમાવી દઈશ, પછી આ પૃથ્વી, આભૂષણો, ભોગ અને જીવનથી પણ તને કયું સુખ મળશે? પછી તારો અત્યંત પ્રિય પુત્ર (હું) તો સંગ્રામમાં વીરગતિને પ્રાપ્ત થઈ જઈશ.

માતાએ કહ્યું – સંજય! સમજદાર લોકોની બધી અવસ્થાઓ ધર્મ અથવા અર્થ માટે જ હોય છે. તેના પર દૃષ્ટિ કરીને હું તને યુદ્ધ માટે

ઉત્સાહિત કરી રહી છું. આ તારા માટે કોઈ દર્શનીય કર્મ કરી દેખાડવાનો સમય છે. આ સમયે જો તેં કોઈ પરાક્રમ ન દેખાડ્યું અથવા પોતાના શરીર અથવા શત્રુ પ્રત્યે સખતાઈથી કામ ન લીધું તો તારો ભારે તિરસ્કાર થશે. આ રીતે જ્યારે તારા અપયશનો અવસર માથા ઉપર તોળાઈ રહ્યો છે, તે સમયે જો હું તને કાંઈ ન કહું તો લોકો મારા પ્રેમને ધિક્કારશે તથા તેને સામર્થ્યહીન અને નિષ્કારણ કહેશે. તેથી તું સત્પુરુષો દ્વારા નિંદિત અને મૂર્ખાઓ દ્વારા સેવિત માર્ગને છોડી દે. પ્રજા જેનો આશ્રય લઈ રહી છે તે તો બહુ મોટી અવિદ્યા જ છે. મને તો તું ત્યારે જ પ્રિય લાગીશ, જ્યારે તારું આચરણ સત્પુરુષોને યોગ્ય હશે. જે પુરુષ વિનયહીન, શત્રુ પર ચડાઈ ન કરનારા, દુષ્ટ અને દુર્બુદ્ધિ પુત્ર અથવા પૌત્રને પ્રાપ્ત કરીને પણ સુખ માને છે, તેનું સંતાન પ્રાપ્ત કરવું વ્યર્થ છે. જે પોતાનું કર્તવ્ય-કર્મ કરતા નથી, બલકે નિંદનીય કર્મનું આચરણ કરે છે, તેવા અધમ પુરુષોને તો ન આ લોકમાં સુખ મળે છે કે ન પરલોકમાં. પ્રજાપતિએ ક્ષત્રિયોને તો યુદ્ધ કરવા અને વિજય પ્રાપ્ત કરવા માટે જ રચ્યા છે. યુદ્ધમાં જય અથવા મૃત્યુ પ્રાપ્ત કરવાથી ક્ષત્રિય ઇન્દ્રલોક પ્રાપ્ત કરે છે. શત્રુઓને વશમાં કરીને ક્ષત્રિય જે સુખનો અનુભવ કરે છે, તે તો ઇન્દ્રભવન અથવા સ્વર્ગમાં પણ નથી.

પુત્ર બોલ્યો – માતાજી! એ બરાબર છે, પરંતુ'તમારે પોતાના પુત્ર માટે તો આવી વાતો ન કરવી જોઈએ. તેના પર જડ અને મૂકવત્ બનીને તમારે દયાદૃષ્ટિ જ રાખવી જોઈએ.

માતાએ કહ્યું – બેટા! જે રીતે તું મને મારું કર્તવ્ય બતાવી રહ્યો છે, તે રીતે હું તને તારું કર્તવ્ય સુઝાડી રહી છું. જ્યારે તું સિંધુ દેશના બધા યોદ્ધાઓનો સંહાર કરી નાખીશ, ત્યારે જ હું તારી પ્રશંસા કરીશ.

પુત્રે કહ્યું – મારી પાસે ન તો ધનનો ખજાનો છે કે ન કોઈ સહાયક પણ છે; પછી મારો જય કઈ રીતે થશે? આ વિકટ પરિસ્થિતિનો વિચાર કરીને હું તો સ્વયં રાજ્યની આશા છોડીને બેઠો છું, બરાબર એ રીતે કે જેમ પાપી પુરુષ સ્વર્ગપ્રાપ્તિની આશા રાખતો નથી. જો આ સ્થિતિમાં પણ તમને કોઈ ઉપાય દેખાતો હોય તો મને બતાવો; હું તમે જેમ કહેશો, એ પ્રમાણે કરીશ.

માતાએ કહ્યું – જો આરંભથી જ પોતાની પાસે વૈભવ ન હોય તો એના માટે પોતાનો તિરસ્કાર ન કરવો. આ ધન-સંપત્તિ પહેલાં ન હોય તો પણ પાછળથી આવી જાય છે, અથવા હોય તો પણ નષ્ટ થઈ જાય છે. તેથી ઈર્ષ્યાવશ કોઈ પણ પ્રકારે અર્થસંગ્રહની નાદાની કરવી ન જોઈએ. એના માટે તો બુદ્ધિમાન પુરુષે ધર્માનુસાર જ પ્રયત્ન કરવો જોઈએ. કર્મફળની સાથે તો હંમેશાં અનિત્યતા જોડાયેલી જ છે. ક્યારેક તેનું ફળ મળે છે અને ક્યારેક નથી મળતું, છતાં પણ બુદ્ધિમાન પુરુષો કર્મ કર્યા જ કરે છે. જેઓ કર્મ કરતા નથી તેમને તો ક્યારેય ફળ મળતું જ નથી. તેથી પ્રત્યેક મનુષ્યે 'મારું અભીષ્ટ કર્મ સફળ થશે જ.' એવો નિશ્ચય કરીને તે કરવા માટે કટિબદ્ધ થવું જોઈએ; સાવધાન રહેવું જોઈએ અને ઐશ્વર્ય–પ્રાપ્તિનાં કામોમાં લાગ્યા રહેવું જોઈએ. કર્મના આરંભ વખતે મનુષ્યે માંગલિક કર્મ કરવાં જોઈએ તથા દેવતાઓ અને બ્રાહ્મણોનું પૂજન કરવું જોઈએ. આમ કરવાથી રાજાની ઉન્નતિ થાય છે. જે લોકો લોભી, શત્રુ દ્વારા કચડાયેલાં અને અપમાનિત તથા તેની ઈર્ષ્યા કરનારા છે, તેમને તું પોતાના પક્ષમાં

કરી લે. આમ કરવાથી તું તારા ઘણા શત્રુઓનો નાશ કરી શકીશ. તેમને શરૂઆતથી જ વેતન આપ. રોજ વહેલી સવારે ઊઠીને બધાની સાથે પ્રિય વાતો કર. આમ કરવાથી તેઓ અવશ્ય તારું પ્રિય કરશે. જ્યારે શત્રુને ખબર પડી જાય છે કે મારો પ્રતિપક્ષી પ્રાણાન્ત સુધી યુદ્ધ કરશે તો તેનો ઉત્સાહ ઢીલો પડી જાય છે.

ગમે તેવી આપત્તિ આવે તો પણ રાજાએ ગભરાવું જોઈએ નહિ. જો ગભરામણ થાય તો પણ ગભરાઈ ગયા જેવું વર્તન ન કરવું જોઈએ. રાજાને ભયભીત જોઈને પ્રજા, સેના અને મંત્રી બધાના વિચાર બદલાઈ જાય છે. એમનામાંથી કેટલાક તો શત્રુ સાથે મળી જાય છે, કોઈ છોડીને ચાલ્યા જાય છે અને જેમનું પહેલાં અપમાન કર્યું હોય છે તેવા કોઈક રાજ્ય પડાવી લેવા તૈયાર થઈ જાય છે. આવા સમયે માત્ર તે લોકો જ સાથ આપે છે જે તેના ખાસ મિત્ર હોય છે; પરંતુ હિતૈષી હોવા છતાં શક્તિહીન હોય તો તે કશું કરી શકતા નથી.

હું તારા પુરુષાર્થ અને બુદ્ધિબળને જાણવા ઇચ્છતી હતી, તેથી જ તારો ઉત્સાહ વધારવા માટે તને આશ્વાસનની વાતો કહી છે. જો તને એવું લાગતું હોય કે હું તને બરાબર કહી રહી છું તો વિજય પ્રાપ્ત કરવા માટે કમર કસીને ઊભો થઈ જા. આપણી પાસે હજી બહુ મોટો ખજાનો છે. તે હું જ જાણું છું, બીજા કોઈને તેની જાણ નથી. તે હું તને સોંપું છું. સંજય! હજી તો તારા સેંકડો સુહૃદો છે. તે બધા સુખ-દુઃખને સહન કરનારા અને યુદ્ધમાં પીઠ ન બતાડનારા છે.

રાજા સંજય ટૂંકા મનનો માણસ હતો. પરંતુ માતાનાં આવાં વચન સાંભળીને તેનો મોહ નષ્ટ થઈ ગયો. તેણે કહ્યું – 'મારું આ રાજ્ય શત્રુરૂપી જળમાં ડૂબી ગયું છે; હવે મારે તેનો ઉદ્ધાર કરવો છે, અન્યથા હું રણભૂમિમાં પ્રાણ આપી દઈશ. અહા, મને ભાવિ વૈભવનાં દર્શન કરાવનારી તમારા જેવી પથદર્શિકા મા મળી છે! પછી મને શી ચિંતા છે? હું નિરંતર તમારી વાતો સાંભળવા ઇચ્છતો હતો, તેથી વચ્ચે-વચ્ચે કાંઈક કહીને પછી મૌન થઈ જતો હતો. તમારાં અમૃત જેવાં વચનો બહુ મુશ્કેલીથી સાંભળવા મળ્યાં હતાં. તેનાથી મને તૃપ્તિ થતી ન હતી. હવે હું શત્રુઓનું દમન કરવા અને જય પ્રાપ્ત કરવા માટે પોતાના બંધુઓ સાથે ચડાઈ કરું છું.'

કુંતી કહે છે – શ્રીકૃષ્ણ! માતાનાં વાગ્બાણોથી વીંધાઈને ચાબુક ખાધેલા ઘોડાની જેમ તેણે માતાની આજ્ઞાનુસાર બધાં કામ કર્યાં. આ આખ્યાન ઘણું જ ઉત્સાહવર્ધક અને તેજની વૃદ્ધિ કરનારું છે. જ્યારે કોઈ રાજા શત્રુથી પીડિત થઈને કષ્ટ ભોગવી રહ્યો હોય, તે સમયે મંત્રી તેને આ પ્રસંગ સંભળાવે. આ ઇતિહાસ સાંભળવાથી ગર્ભવતી સ્ત્રીને અવશ્ય વીર પુત્ર ઉત્પન્ન થાય છે. જો ક્ષત્રાણી સાંભળે તો તેની કૂખેથી વિદ્યાવાન, તપસ્વી, દાનવીર, તેજસ્વી, બળવાન, ધૈર્યવાન, અજેય, વિજયી, દુષ્ટોનું દમન કરનારો, સાધુઓનો રક્ષક, ધર્માત્મા અને સાચો શૂરવીર પુત્ર ઉત્પન્ન થાય છે.

કેશવ! તમે અર્જુનને કહેજો કે 'તારો જન્મ થયો તે વખતે મેં આકાશવાણી સાંભળી હતી કે 'કુંતી! તારો આ પુત્ર ઇન્દ્ર જેવો થશે. આ ભીમસેનની સાથે રહીને યુદ્ધભૂમિમાં આવેલા બધા કૌરવોને જીતી લેશે અને પોતાના શત્રુઓને વ્યાકુળ કરી દેશે. આ સંપૂર્ણ પૃથ્વીને પોતાને અધીન કરી લેશે અને આનો યશ સ્વર્ગલોક સુધી ફેલાઈ જશે. શ્રીકૃષ્ણની સહાયતાથી આ

બધા કૌરવોને યુદ્ધમાં મારીને પોતાના ગુમાવેલા પૈતૃક રાજ્યને પ્રાપ્ત કરશે અને પછી પોતાના ભાઈઓ સાથે ત્રણ અશ્વમેધ યજ્ઞ કરશે.' કૃષ્ણ! મારી પણ એવી જ ઇચ્છા છે કે આકાશવાણીએ જે પ્રમાણે કહ્યું હતું, તેવું જ થાઓ; અને જો ધર્મ સત્ય છે તો આવું થશે જ. તમે અર્જુન અને ભીમસેનને એ જ કહેજો કે 'ક્ષત્રાણીઓ જે કામ માટે પુત્રને જન્મ આપે છે, તે કરવાનો સમય આવી ગયો છે.' દ્રૌપદીને કહેજો કે 'પુત્રી! તું શ્રેષ્ઠ કુળમાં ઉત્પન્ન થઈ છે. તેં મારા બધા પુત્રો સાથે ધર્માનુસાર વર્તાવ કર્યો છે. એ તારે યોગ્ય જ છે.' તથા નકુળ અને સહદેવને કહેજો કે, 'તમે તમારા પ્રાણોને પણ હોડમાં મૂકીને પરાક્રમથી પ્રાપ્ત થયેલા ભોગોને ભોગવવાની ઇચ્છા કરો.'

કૃષ્ણ! મને રાજ્ય ચાલ્યું ગયું તેનું, જુગારમાં હારવાનું કે પુત્રોને વનવાસ થયો તેનું દુઃખ નથી, પરંતુ મારી યુવાન પુત્રવધૂએ સભામાં રુદન કરતાં કરતાં જે દુર્યોધનના કટુ શબ્દો સાંભળ્યા હતા તે જ મને ભારે દુઃખ આપી રહ્યા છે. તે ભીમ અને અર્જુન માટે તો અત્યંત અપમાનજનક હતા. તમે તેમને તેની યાદ અપાવી દેજો. પછી દ્રૌપદી, પાંડવો તથા તેમના પુત્રોને મારા તરફથી કુશળ પૂછજો અને તેમને વારંવાર મારી કુશળ કહેજો. હવે તમે જાઓ, મારા પુત્રોની રક્ષા કરતા રહેજો. તમારો માર્ગ નિર્વિઘ્ન થાઓ.

વૈશમ્પાયનજી કહે છે – પછી ભગવાન શ્રીકૃષ્ણે કુંતીને પ્રણામ કર્યા અને તેમની પ્રદક્ષિણા કરીને બહાર આવ્યા. ત્યાં આવીને તેમણે ભીષ્મ વગેરે મુખ્ય-મુખ્ય કૌરવોને વિદાય કર્યા તથા કર્ણને રથમાં બેસાડીને સાત્યકિની સાથે ચાલી નીકળ્યા. ભગવાનના ગયા પછી કૌરવો તેમના વિષયમાં અનેક અદ્‌ભુત અને આશ્ચર્યજનક વાતો કરવા લાગ્યા. નગરની બહાર આવીને શ્રીકૃષ્ણે કર્ણ સાથે કેટલીક ગુપ્ત વાતો કરી અને પછી તેને વિદાય કરીને ઘોડા હાંકી દીધા. તેઓ એટલા ઝડપથી ચાલ્યા કે જાણે ઘડીક વારમાં લાંબા માર્ગને પસાર કરીને ઉપલવ્યમાં પહોંચી ગયા.

—★—

દુર્યોધનની સાથે ભીષ્મ અને દ્રોણાચાર્યની વાતચીત તથા શ્રીકૃષ્ણ અને કર્ણનો ગુપ્ત પરામર્શ

વૈશમ્પાયનજી કહે છે – કુંતીએ શ્રીકૃષ્ણને જે સંદેશો આપ્યો હતો, તે સાંભળીને મહારથી ભીષ્મ અને દ્રોણે રાજા દુર્યોધનને કહ્યું – 'રાજન્! કુંતીએ શ્રીકૃષ્ણને ધર્મ અને અર્થને અનુકૂળ ઘણાં જ ઉગ્ર અને માર્મિક વચન કહ્યાં છે, તે તમે સાંભળ્યાં? હવે પાંડવો શ્રીકૃષ્ણની સંમતિથી તેવું જ કરશે. તેઓ અડધું રાજ્ય લીધા વિના શાંતિથી બેસશે નહિ. તેથી તમે તમારાં માતા-પિતા અને હિતૈષીઓની વાત માની લો. હવે સંધિ અથવા યુદ્ધ કરવું તમારા જ હાથમાં છે. જો અત્યારે તમને અમારી વાત ન રુચતી હોય તો રણમેદાનમાં ભીમસેનનો ભીષણ સિંહનાદ અને ગાંડીવનો ટંકાર સાંભળીને અવશ્ય યાદ આવશે.'

આ સાંભળીને રાજા દુર્યોધન ઉદાસ થઈ ગયો. તેણે મોઢું નીચું કરી લીધું અને ભમરો સંકોચીને ત્રાંસી નજરે જોવા લાગ્યો. તેને ઉદાસ જોઈને ભીષ્મ અને દ્રોણ આપસમાં એકબીજા

તરફ જોઈને વાત કરવા લાગ્યા. ભીષ્મે કહ્યું – 'યુધિષ્ઠિર હંમેશાં અમારી સેવા કરવા તત્પર રહે છે. તે ક્યારેય કોઈની ઈર્ષ્યા નથી કરતો તથા બ્રાહ્મણોનો ભક્ત અને સત્યવાદી છે. તેની સાથે આપણે યુદ્ધ કરવું પડશે – આનાથી વધીને દુઃખની બીજી કઈ વાત હશે.' દ્રોણાચાર્ય બોલ્યા – 'પુત્ર અશ્વત્થામા કરતાં પણ અર્જુન મને વધારે પ્રિય છે. તે પણ બહુ વિનયી છે અને મારો બહુ આદર કરે છે. હવે ક્ષાત્રધર્મનો આશ્રય લઈને પુત્રથી પણ વધારે પ્રિય તે ધનંજય સાથે જ મારે યુદ્ધ કરવું પડશે. આ ક્ષાત્રવૃત્તિને ધિક્કાર છે. દુર્યોધન! તમને કુરુવૃદ્ધ ભીષ્મ, હું, વિદુર અને શ્રીકૃષ્ણ બધા સમજાવીને હારી ગયા. પરંતુ તમને પોતાના હિતની વાત ગમતી જ નથી. જુઓ અમે તો દાન, હવન અને સ્વાધ્યાય કરી ચૂક્યા છીએ, અમે ધન વગેરે આપીને બ્રાહ્મણોને પણ ખૂબ તૃપ્ત કર્યા છે અને અમારું આયુષ્ય પણ હવે વીતી ગયું છે. તેથી અમારે તો જે કરવું હતું, તે કરી લીધું. પરંતુ પાંડવો સાથે વેર કરીને તમારે ઘણી વિપત્તિ ભોગવવી પડશે. તમારાં સુખ, રાજ્ય, મિત્ર અને ધન – બધું સફાચટ થઈ જશે. તેથી તે વીરો સાથે યુદ્ધ કરવાનો વિચાર છોડીને તમે સંધિ કરી લો. એમાં જ કુરુકુળની ભલાઈ છે. પોતાના પુત્રો, મંત્રીઓ અને સેનાનો નાશ ન કરાવો.'

આ બાજુ જ્યારે શ્રીકૃષ્ણ કર્ણને રથમાં બેસાડીને હસ્તિનાપુરથી બહાર આવ્યા ત્યારે તેમણે તેને તીક્ષ્ણ, મૃદુ અને ધર્મયુક્ત શબ્દોમાં કહ્યું – કર્ણ! તમે વેદવેત્તા બ્રાહ્મણોની બહુ સેવા કરી છે અને તેમની સાથે પરમાર્થતત્ત્વ સંબંધી પ્રશ્નો કર્યા છે; પરંતુ હું તમને એક ગુપ્ત વાત કહું છું. તમે કુંતીની કન્યાવસ્થામાં તેના જ ગર્ભથી જન્મ લીધો છે. તેથી ધર્માનુસાર તમે પાંડુના જ પુત્ર છો. આથી શાસ્ત્રદષ્ટિએ તમે જ રાજ્યના અધિકારી છો. તમારા પિતૃપક્ષમાં પાંડવો છે અને માતૃપક્ષમાં યાદવ. તમે મારી સાથે ચાલો; પાંડવોને પણ ખબર પડી જાય કે તમે યુધિષ્ઠિરથી પણ પહેલાં ઉત્પન્ન થયેલા કુંતીપુત્ર છો. પછી તો પાંચે પાંડવો, પાંચે દ્રૌપદીના પુત્રો અને અભિમન્યુ તમારા ચરણ-સ્પર્શ કરશે. તથા પાંડવોના પક્ષમાં એકત્રિત થયેલા રાજા, રાજપુત્રો અને વૃષ્ણિ તથા અંધકવંશના બધા યાદવો પણ તમારા ચરણ-વંદન કરશે. મારી ઇચ્છા છે કે ધૌમ્યમુનિ આજે જ તમારા માટે હોમ કરે. અને ચારે વેદોના જ્ઞાતા બ્રાહ્મણો તમારો અભિષેક કરે. અમે બધા મળીને પણ તમારો જ રાજ્યાભિષેક કરીશું. ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિર તમારા યુવરાજ થશે અને હાથમાં શ્વેત ચામર લઈને તમારી પાછળ રથ પર બેસશે. તમારા મસ્તક પર ભીમસેન બહુ મોટું શ્વેત છત્ર ધરશે. અર્જુન તમારો રથ હાંકશે. અભિમન્યુ હંમેશાં તમારી પાસે રહેશે તથા નકુળ, સહદેવ, દ્રૌપદીના પાંચ પુત્રો, પંચાલકુમાર અને મહારથી શિખંડી તમારી પાછળ ચાલશે. હું પણ તમારી પાછળ જ ચાલીશ. આ પ્રમાણે તમારા ભાઈ પાંડવોની સાથે તમે રાજ્ય ભોગવો તથા જપ, હોમ તથા વિવિધ પ્રકારનાં મંગળકાર્યોનું અનુષ્ઠાન કરો.

કર્ણે કહ્યું – કેશવ! તમે સુહૃદતા, સ્નેહ તથા મિત્રતાને નાતે મારા હિતની ઇચ્છાથી જે કાંઈ કહ્યું છે, તે બરાબર છે. આ બધી વાતોની મને પણ જાણ છે; અને, જેવું તમે સમજો છો, ધર્માનુસાર હું પાંડુનો જ પુત્ર છું. કુંતીએ કન્યાવસ્થામાં સૂર્યદેવ દ્વારા મને ગર્ભમાં ધારણ કર્યો હતો અને પછી તેમના જ કહેવાથી ત્યાગી દીધો હતો. ત્યાર પછી અધિરથ સૂત મને જોઈને

ઘેર લઈ ગયા અને તેમણે અત્યંત સ્નેહથી મને પોતાની સ્ત્રી રાધાના ખોળામાં આપી દીધો. તે સમયે મારા પરના સ્નેહને કારણે રાધાના સ્તનમાં દૂધ ઉત્પન્ન થયું અને તેણે જ તે અવસ્થામાં મારાં મળ-મૂત્ર ઉઠાવ્યાં. તેથી ધર્મશાસ્ત્રને જાણનારો મારા જેવો પુરુષ રાધાના વાત્સલ્યને કઈ રીતે ભૂલી શકે? એ જ પ્રમાણે અધિરથ સૂત પણ મને પોતાનો પુત્ર જ સમજે છે અને હું પણ સ્નેહવશ તેમને જ મારા પિતા જ સમજું છું. તેમણે મારા જાતકર્માદિ સંસ્કાર પણ કરાવ્યા હતા તથા બ્રાહ્મણો દ્વારા વસુષેણ નામ રખાવ્યું હતું. યુવાવસ્થા થતાં તેમણે સૂત જાતિની કેટલીક સ્ત્રીઓ સાથે મારાં લગ્ન કરાવ્યાં હતાં. હવે તેમનાથી મારા પુત્ર-પૌત્રો પણ થઈ ચૂક્યા છે. તે સ્ત્રીઓમાં પ્રેમવશ મારું મન બહુ આકર્ષિત થયેલું છે. હવે હું સંપૂર્ણ પૃથ્વી અથવા સોનાના ઢગલા મળી જાય અથવા કોઈ પ્રકારના હર્ષ કે ભયથી પણ આ સંબંધીઓને છોડી શકું એમ નથી. દુર્યોધને પણ મારા જ ભરોસે શસ્ત્ર ઉપાડવાનું સાહસ કર્યું છે અને એ જ કારણે આ યુદ્ધમાં મને અર્જુનની સાથે દ્વિરથયુદ્ધ માટે નિયુક્ત કરવામાં આવ્યો છે. હું મૃત્યુ, બંધન, ભય અને લોભને કારણે દુર્યોધનને ધોખો આપી શકું એમ નથી. હવે જો મેં અર્જુન સાથે દ્વિરથયુદ્ધ ન કર્યું તો તેનાથી અર્જુન અને મારી બંનેની અપકીર્તિ થશે.

પરંતુ મધુસૂદન! તમે એક નિયમ અત્યારે કરી લો. તે એ છે કે આપણી જે ગુપ્ત વાત થઈ છે તે અહીં સુધી જ રહે! જો ધર્માત્મા અને જિતેન્દ્રિય યુધિષ્ઠિરને આ વાતની જાણ થઈ ગઈ કે કુંતિનો પ્રથમ પુત્ર હું છું તો તેઓ રાજ્ય ગ્રહણ કરશે નહિ અને મને તે વિશાળ સામ્રાજ્ય મળ્યું તો હું તે દુર્યોધનને આપી દઈશ. પરંતુ મારી તો એ જ ઇચ્છા છે કે જેમના નેતા શ્રીકૃષ્ણ અને યોદ્ધા અર્જુન છે, તે ધર્માત્મા યુધિષ્ઠિર જ હંમેશાં રાજ્ય-શાસન કરે. મેં દુર્યોધનની પ્રસન્નતા માટે પાંડવો માટે જે કટુશબ્દો કહ્યા છે, મારા તે કુકર્મ માટે મને ભારે પશ્ચાત્તાપ થઈ રહ્યો છે. શ્રીકૃષ્ણ! જે સમયે તમે મને અર્જુનના હાથે મરેલો જોશો, જ્યારે ભીષણ ગર્જના કરતા ભીમ દુઃશાસનનું લોહી પીશે, જ્યારે પાંચાલ-કુમાર ધૃષ્ટદ્યુમ્ન અને શિખંડી દ્રોણાચાર્ય અને ભીષ્મનો વધ કરશે તથા મહાબળી ભીમસેન દુર્યોધનને મારી નાખશે, તે જ સમયે રાજા દુર્યોધનનો આ રણયજ્ઞ સમાપ્ત થશે. કેશવ! કુરુક્ષેત્ર ત્રણે લોકમાં અત્યંત પવિત્ર છે. ત્યાં આ બધો વૈભવશાળી ક્ષત્રિયસમાજ શસ્ત્રાગ્નિમાં સ્વાહા થઈ જશે. તમે આ સંબંધમાં એટલું કરો કે જેથી બધા ક્ષત્રિયોને સ્વર્ગની પ્રાપ્તિ થાય. ક્ષત્રિયનું ધન તો સંગ્રામમાં વિજય પ્રાપ્ત કરવો અથવા પરાક્રમ દેખાડતાં મરી જવું જ છે. તેથી તમે આપણી આ મુલાકાતને ગુપ્ત રાખીને જ અર્જુનને મારી સામે યુદ્ધ કરવા લઈ આવજો.

કર્ણની આ વાત સાંભળીને શ્રી કૃષ્ણ હસ્યા અને પછી મુસકાતાં આ પ્રમાણે કહેવા લાગ્યા – કર્ણ! તો શું તમને આ રાજ્યપ્રાપ્તિનો ઉપાય પણ મંજૂર નથી? તમે મારી આપેલી પૃથ્વીનું પણ શાસન કરવા ઇચ્છતા નથી? એમાં તો લેશમાત્ર સંદેહ નથી કે જય પાંડવોનો જ થશે. સારું, હવે તમે અહીંથી જઈને દ્રોણાચાર્ય, ભીષ્મ અને કૃપાચાર્યને કહેજો કે આ મહિનો સારો છે. આ સમયે ફળો વિપુલ માત્રામાં થાય છે, માખીઓ ઓછી છે, કીચડ સુકાઈ ગયો છે, જળમાં સ્વાદ આવી ગયો છે તથા વિશેષ ગરમી કે ઠંડી પણ નથી. સારો સુખદ સમય છે. આજથી

સાતમા દિવસે અમાવાસ્યા છે. તે જ દિવસે યુદ્ધનો આરંભ કરો. ત્યાં બીજા પણ જે જે રાજાઓ આવે તે બધાને આ સમાચાર કહી દેજો. તમારી ઇચ્છા યુદ્ધ કરવાની છે તો હું તેનો પ્રબંધ કરી દઉં છું. દુર્યોધનને અધીન જે રાજાઓ અને રાજપુત્રો છે, તેઓ શસ્ત્રોથી મરીને ઉત્તમગતિ પ્રાપ્ત કરશે.

ત્યારે **કર્ણે શ્રીકૃષ્ણનો સત્કાર કરતાં કહ્યું** – મહાબાહુ! તમે બધું જાણી-સમજીને મને શા માટે મોહમાં નાખવા ચાહો છો. આ તો પૃથ્વીનો સર્વ રીતે સંહારનો સમય જ આવી ગયો છે. આમાં શકુનિ, હું, દુઃશાસન અને ધૃતરાષ્ટ્રપુત્ર દુર્યોધન તો નિમિત્તમાત્ર છીએ. દુર્યોધનને અધીન જે રાજા અને રાજપુત્રો છે, તે બધા શસ્ત્રાગ્નિમાં ભસ્મ થઈને યમરાજને ઘેર જશે. અત્યારે ઘણાં ભયંકર સ્વપ્ન અને ભયંકર શુકન તથા ઉત્પાત પણ દેખાઈ રહ્યાં છે. એમને જોઈને શરીરનાં રૂવાં ઊભાં થઈ જાય છે. આ સ્પષ્ટપણે દુર્યોધનનો પરાજય અને યુધિષ્ઠિરનો વિજય સૂચવે છે. પાંડવોનાં હાથી, ઘોડા વગેરે વાહનો પ્રસન્ન દેખાય છે તથા મૃગ તેમની જમણી બાજુએ થઈને નીકળે છે, આ તેમના વિજયનો સંકેત છે. કૌરવોની ડાબી બાજુ થઈને મૃગ નીકળે છે – એ તેમનો પરાજય સૂચવે છે.

શ્રીકૃષ્ણે કહ્યું – કર્ણ! નિઃસંદેહ હવે આ પૃથ્વી વિનાશની નજીક પહોંચી ચૂકી છે, તેથી જ તો મારી વાત તમારા હૃદયનો સ્પર્શ નથી કરતી. જ્યારે વિનાશકાળ નજીક આવી જાય છે ત્યારે અન્યાય પણ ન્યાય જેવો દેખાવા લાગે છે.

કર્ણે કહ્યું – શ્રીકૃષ્ણ! હવે તો જો આ મહાયુદ્ધમાંથી બચી ગયા તો તમારાં દર્શન થશે. અન્યથા સ્વર્ગમાં તો મારો તમારી સાથે સમાગમ થશે જ. સારું, હવે તો પછી યુદ્ધમાં જ મળવાનું થશે.

એમ કહીને કર્ણે શ્રીકૃષ્ણનું ગાઢ આલિંગન કર્યું. પછી શ્રીકૃષ્ણ પાસેથી વિદાય થઈને તે તેમના રથમાંથી ઊતરીને પોતાના સોનેથી મઢેલા રથ પર સવાર થયો અને હસ્તિનાપુર ચાલ્યો ગયો. શ્રીકૃષ્ણ અને સાત્યકિ પણ સારથિને વારંવાર 'ચાલો, ચાલો' કહેતા રહીને બહુ જ ઝડપથી પાંડવોની પાસે જવા માટે ચાલી નીકળ્યા.

—★—

કુંતીનું કર્ણની પાસે જવું અને કર્ણનું તેના ચાર પુત્રોને ન મારવાનું વચન આપવું

વૈશમ્પાયનજી કહે છે – જ્યારે શ્રીકૃષ્ણ પાંડવોની પાસે ચાલ્યા ગયા ત્યારે વિદુરજીએ કુંતી પાસે જઈને સહેજ દુઃખી થઈને કહ્યું, 'દેવી! તમે જાણો છો, મારું મન તો હંમેશાં યુદ્ધની વિરુદ્ધમાં જ રહે છે. હું બૂમો પાડી-પાડીને થાકી ગયો, પરંતુ દુર્યોધન મારી વાત સાંભળતો જ નથી. હવે શ્રીકૃષ્ણ સંધિના પ્રયત્નમાં અસફળ થઈને ગયા છે. તેઓ પાંડવોને યુદ્ધ માટે તૈયાર કરશે. આ કૌરવોની અનીતિ બધા વીરોનો નાશ કરી નાખશે. આ વાતનો વિચાર કરતાં મને ન રાત્રે નિદ્રા આવે છે કે ન દિવસે.'

વિદુરજીની આ વાત સાંભળીને કુંતી દુઃખથી વ્યાકુળ થઈ ગઈ અને લાંબા-લાંબા શ્વાસ લઈને મનમાં વિચાર કરવા લાગી – 'આ ધનને ધિક્કાર છે. હાય! આના જ માટે આ ભાઈ-ભાઈઓ વચ્ચે ભીષણ યુદ્ધ થશે. આ યુદ્ધમાં

આપણા સુહૃદોની પણ હાર થવાની છે. આ બધું વિચારીને મારા મનમાં ઘણું દુઃખ થઈ રહ્યું છે. પિતામહ ભીષ્મ, દ્રોણાચાર્ય અને કર્ણ દુર્યોધનના પક્ષમાં રહેશે. તેથી મારો ભય ઘણો વધી જાય છે. આચાર્ય દ્રોણ તો પોતાના શિષ્યો સાથે કદાચ મન લગાવીને યુદ્ધ ન પણ કરે. પિતામહ પણ પાંડવો સાથે સ્નેહ નહિ કરે – એવું શક્ય નથી. પરંતુ આ કર્ણ બહુ ખોટી બુદ્ધિનો છે. તે મોહવશ દુર્બુદ્ધિ દુર્યોધનનું જ અનુસરણ કરીને નિરંતર પાંડવો સાથે દ્વેષ કર્યા કરે છે. તેણે બહુ ભારે અનર્થ કરવાની હઠ પકડી લીધી છે. અચ્છા, આજે હું કર્ણના મનને પાંડવો પ્રત્યે અનુકૂળ કરવાનો પ્રયત્ન કરું અને તેને તેના જન્મની વાત કહી દઉં.'

એવું વિચારીને કુંતી ગંગાતટ પર કર્ણની પાસે ગઈ. ત્યાં જઈને કુંતીએ પોતાના તે સત્યનિષ્ઠ પુત્રના વેદપાઠનો ધ્વનિ સાંભળ્યો. તે પૂર્વાભિમુખ બેસીને ભુજાઓ ઉપર ઉઠાવીને મંત્રપાઠ કરી રહ્યો હતો. તપસ્વિની કુંતી જપ સમાપ્ત થવાની પ્રતીક્ષામાં તેની પાછળ ઊભી રહી. જ્યારે સૂર્યનો તાપ પીઠ પર આવવા લાગ્યો, ત્યાં સુધી જપ કરીને કર્ણ જ્યાં પાછળની બાજુ ફર્યો ત્યારે તેને કુંતી દેખાઈ. તેને જોતાં જ તેણે હાથ જોડીને પ્રણામ કર્યા અને વિનયપૂર્વક કહ્યું, 'હું અધિરથનો પુત્ર કર્ણ તમને પ્રણામ કરું છું. મારી માતાનું નામ રાધા છે. કહો, તમે કેમ પધાર્યાં? હું તમારી શી સેવા કરું?

કુંતીએ કહ્યું – કર્ણ! તમે રાધાના પુત્ર નથી, કુંતીના લાલ છો. અધિરથ પણ તમારા પિતા નથી. તમે સૂતકુળમાં જન્મ નથી લીધો. આ વિષયમાં હું જે કાંઈ કહું છું, તે સાંભળો. બેટા! જે સમયે હું રાજા કુન્તિભોજના જ ભવનમાં હતી, તે સમયે મેં તને ગર્ભમાં ધારણ કર્યો હતો. તું મારી કન્યાવસ્થામાં ઉત્પન્ન થયેલો મારો સૌથી મોટો પુત્ર છે. સ્વયં સૂર્યનારાયણે જ તને મારા ઉદરથી ઉત્પન્ન કર્યો છે. જન્મસમયે તેં કવચ અને કુંડળો ધારણ કરેલાં હતાં તથા તારું શરીર અત્યંત દિવ્ય અને તેજસ્વી હતું. બેટા! પોતાના ભાઈઓને ન ઓળખવાના કારણે તું જે મોહવશ ધૃતરાષ્ટ્રના પુત્રો સાથે રહે છે, એ તારે યોગ્ય નથી. મનુષ્યોના ધર્મનો વિચાર કરીને એ જ નિશ્ચય કરવામાં આવ્યો છે કે જેનાથી પિતા અને માતા પ્રસન્ન રહે, તે જ ધર્મનું ફળ છે. પહેલાં અર્જુને જે રાજ્યલક્ષ્મી સંચિત કરી હતી, તેને પાપી કૌરવોએ લોભવશ છીનવી લીધી. હવે તું તેમની પાસેથી છીનવીને ભોગવ. તને પાંડવો સાથે ભ્રાતૃભાવથી મળેલો જોઈને આ પાપીઓ તને મસ્તક નમાવશે. જેવી શ્રીકૃષ્ણ અને બળરામની જોડી છે, તેવી જ કર્ણ અને અર્જુનની જોડી બની જશે. આ પ્રમાણે જ્યારે તમે બંને મળી જશો ત્યારે તમારા માટે સંસારમાં કઈ વાત અસાધ્ય રહેશે! તું સર્વ ગુણોથી સંપન્ન છે અને પોતાના ભાઈઓમાં બધાથી મોટો છે; તું પોતાને સૂતપુત્ર કહીશ નહિ, તું તો કુંતીનો પરાક્રમી પુત્ર છે.

આ જ સમયે કર્ણને સૂર્યમંડળથી આવી રહેલો એક અવાજ સંભળાયો. તે પિતાની વાણી જેવો સ્નેહપૂર્ણ હતો. તેણે સાંભળ્યું – કર્ણ! કુંતીએ સાચું કહ્યું છે, તું માતાની વાત માની લે. જો તું એ પ્રમાણે કરીશ તો તારું બધી રીતે હિત થશે.

પરંતુ કર્ણનું ધૈર્ય સાચું હતું. માતા કુંતી અને પિતા સૂર્ય સ્વયં આ પ્રમાણે કહેવા છતાં પણ તેની બુદ્ધિ વિચલિત ન થઈ. તેણે કહ્યું,

'માતા! તમારી આ આજ્ઞાને માનવી એ તો પોતાના ધર્મનાશના દ્વારને ખોલી નાખવા જેવું છે. મા! મારો ત્યાગ કરીને તો તમે મારી સાથે બહુ જ અનુચિત વ્યવહાર કર્યો છે. તમારા આ કાર્યે તો મારી તમામ કીર્તિ અને યશનો નાશ કરી નાખ્યો છે. મેં ક્ષત્રિય જાતિમાં જન્મ તો લીધો, પરંતુ તમારા કારણે જ મારા ક્ષત્રિયો જેવા સંસ્કાર તો ન થવા પામ્યા. એનાથી વધીને મારું અહિત મારો શત્રુ પણ શું કરશે. તમે પહેલાં તો માતા જેવો મારા હિતનો કોઈ પ્રયત્ન કર્યો નહિ, હવે માત્ર પોતાનું હિત સાધવાની ઈચ્છાથી મને સમજાવી રહી છો. પહેલેથી તો હું પાંડવોના ભાઈ તરીકે પ્રસિદ્ધ છું નહિ, યુદ્ધ વખતે આ વાત ખૂલી છે. હવે જો હું પાંડવોના પક્ષમાં થઈ જાઉં તો ક્ષત્રિયો મને શું કહેશે? ધૃતરાષ્ટ્રના પુત્રોએ જ મને બધા પ્રકારનું ઐશ્વર્ય આપ્યું છે. હવે હું તેમના ઉપકારોને વ્યર્થ કેમ કરી નાખું? હવે આ દુર્યોધનના આશ્રિતોના મરવાનો સમય આવ્યો છે. તેથી અત્યારે મારે પણ પોતાના પ્રાણોનો લોભ છોડી દઈને પોતાનું ઋણ ચૂકવી દેવું જોઈએ. જે લોકોનું પાલન-પોષણ કરવામાં આવે છે, તેઓ સમય આવે ત્યારે પોતાનું કામ કરવાથી જ કૃતાર્થ થાય છે; માત્ર અસ્થિર મનના પાપી લોકો જ ઉપકારને ભૂલીને કર્તવ્યને છોડી દે છે. તેવા લોકો રાજાના અપરાધી અને પાપી છે. તેમનો ન આ લોક સુધરે છે, ન પરલોક. હું ધૃતરાષ્ટ્રના પુત્રો માટે મારું પૂરું બળ અને પરાક્રમ યોજીને યુદ્ધ કરીશ. તમારી સામે હું ખોટી વાત નહિ કહું. મારે સત્પુરુષોના જેવી દયા અને સદાચારની રક્ષા કરવી જોઈએ. તેથી મારા લાભની વાત હોવા છતાં પણ હું તમારી વાતનો સ્વીકાર કરતો નથી. પરંતુ મા! તમારો આ પ્રયત્ન નિષ્ફળ નહિ જાય. જોકે તમારા બધા પુત્રોને હું મારી શકું છું તો પણ એક અર્જુન સિવાય હું યુધિષ્ઠિર, ભીમ, નકુળ અને સહદેવ – આમનામાંથી કોઈને પણ નહિ મારું. યુધિષ્ઠિરની સેનામાં માત્ર અર્જુન સાથે જ મારે યુદ્ધ કરવાનું છે. તેને મારવાથી જ મને યુદ્ધ કરવાનું ફળ અને સુયશ મળશે. આ પ્રમાણે કોઈપણ સંયોગે તમારા પાંચ પુત્રો જીવતા રહેશે. અર્જુન ન રહ્યો તો આ કર્ણ સાથે પાંચ રહેશે અને હું મરાઈ ગયો તો અર્જુન સાથે પાંચ રહેશે.'

પછી કુંતીએ પોતાના અવિચળ ધૈર્યવાન પુત્રને ગળે લગાડીને કહ્યું, 'કર્ણ! વિધાતા ઘણો બળવાન છે. મને લાગે છે કે તું જે પ્રમાણે કહે છે, તેવું જ થવાનું છે. હવે કૌરવો નષ્ટ થઈ જશે. પરંતુ બેટા! તેં જે તારા ચાર ભાઈઓને અભયદાન આપ્યું છે, એ પ્રતિજ્ઞાને યાદ રાખજે.' ત્યાર બાદ કુંતીએ તેને સકુશળતાના આશીર્વાદ આપ્યા અને કર્ણે 'તથાસ્તુ' કહ્યું. પછી તે બંને પોતપોતાનાં સ્થાન પર ચાલ્યાં ગયાં.

—★—

શ્રીકૃષ્ણે રાજા યુધિષ્ઠિરને કૌરવસભાના સમાચાર કહેવા

વૈશમ્પાયનજી કહે છે – રાજન્! હસ્તિનાપુરથી ઉપપ્લવ્ય છાવણીમાં જઈને ભગવાન શ્રીકૃષ્ણે કૌરવોની સાથે જે જે વાત થઈ હતી, તે બધી પાંડવોને કહી સંભળાવી. તેમણે કહ્યું, 'હસ્તિનાપુરમાં જઈને મેં કૌરવોની સભામાં દુર્યોધનને બિલકુલ સાચી, હિતકારી અને બંને પક્ષોનું કલ્યાણ થાય તેવી વાતો કરી. પરંતુ તે દુષ્ટે કશું માન્યું નહિ.

રાજા યુધિષ્ઠિરે કહ્યું – શ્રીકૃષ્ણ! જ્યારે દુર્યોધને પોતાનો કુમાર્ગ ન છોડ્યો ત્યારે કુરુવૃદ્ધ પિતામહ ભીષ્મે તેને શું કહ્યું? તથા આચાર્ય દ્રોણ, મહારાજ ધૃતરાષ્ટ્ર, માતા ગાંધારી, ધર્મજ્ઞ વિદુર તથા સભામાં બેઠેલા બધા રાજાઓએ તેને શી સલાહ આપી? એ બધું મને કહો.

શ્રીકૃષ્ણે કહ્યું – રાજન્! કૌરવોની સભામાં રાજા દુર્યોધનને જે વાતો કહેવામાં આવી હતી, તે સાંભળો. જ્યારે હું મારું વક્તવ્ય સમાપ્ત કરી ચૂક્યો ત્યારે દુર્યોધન હસ્યો. તે જોઈને ભીષ્મજીએ ક્રોધિત થઈને કહ્યું, 'દુર્યોધન! આ કુળના કલ્યાણ માટે હું જે વાત કહું છું, તેના પર ધ્યાન આપ. તેને સાંભળીને તું પોતાના કુટુંબનું ભલું કર. ભાઈ! તું ઝઘડો ન કર, અડધું રાજ્ય પાંડવોને આપી દે. ભલા, હું જીવતો છું ત્યાં સુધી અહીં કોણ રાજ્ય કરી શકે છે? તું મારી વાતને ટાળીશ નહિ. હું તો હંમેશાં તમારા બધાનું હિત વાંછું છું. બેટા! મારી દૃષ્ટિમાં તારામાં અને પાંડવોમાં કોઈ ભેદભાવ નથી અને આ જ સલાહ તારા પિતા, માતા અને વિદુરની પણ છે. તારે વડીલ-વૃદ્ધોની વાત પર ધ્યાન આપવું જોઈએ. મારા કથનમાં સંદેહ ન કરવો જોઈએ. આમ કરવાથી તું પોતાને અને પૂરી પૃથ્વીને નષ્ટ થવામાંથી બચાવી શકીશ.'

ભીષ્મજીના આ પ્રમાણે કહ્યા પછી દ્રોણે તેને કહ્યું – 'દુર્યોધન! જે પ્રમાણે મહારાજ શાંતનુ અને ભીષ્મ આ કુળની રક્ષા કરતા રહ્યા છે, તે જ પ્રમાણે મહાત્મા પાંડુ પણ પોતાના કુળની રક્ષામાં તત્પર રહેતા હતા. જોકે ધૃતરાષ્ટ્ર અને વિદુર રાજ્યના અધિકારી ન હતા, તો પણ તેમણે આમને રાજ્ય સોંપી રાખ્યું હતું. તેઓ ધૃતરાષ્ટ્રને સિંહાસન પર બેસાડીને બંને પત્નીઓ સાથે વનમાં જઈને રહેવા લાગ્યા. વિદુરજી પણ દાસની જેમ નીચે બેસીને પોતાના મોટાભાઈની સેવા કરી રહ્યા છે અને તેમના પર ચામર ઢોળે છે. વિદુરજીને ખજાનાની સંભાળ રાખવા, દાન આપવા, સેવકોની કાળજી રાખવા અને બધાનું પાલન-પોષણ કરવાના કામ પર નિયુક્ત કરવામાં આવ્યા હતા તથા મહાપ્રતાપી ભીષ્મ રાજાઓ સાથે સંધિ-વિગ્રહ કરવાનું અને તેમની સાથે લેવડ-દેવડનું કામ કરતા હતા. તેમના જ કુળમાં ઉત્પન્ન થઈને તમે કુળમાં ભેદ ઊભો કરવાનું કામ કેમ કરી રહ્યા છો? પોતાના ભાઈઓની સાથે મેળ કરીને તમે આ ભોગોને ભોગવો. હું તો ભીષ્મજીની આપેલી વસ્તુ જ લેવા ઇચ્છું છું, તમારી પાસેથી મારે કશું લેવું નથી. એ તમે ચોક્કસ માનો કે જ્યાં ભીષ્મજી છે, ત્યાં દ્રોણ પણ છે. તેથી તમે પાંડવોને અડધું રાજ્ય આપી દો. હું તો જેવો તમારો ગુરુ છું, તેવો પાંડવોનો પણ છું. મારા માટે તમારા બંનેમાં કોઈ ભેદ નથી. પરંતુ જય તો તે જ પક્ષનો થાય છે, જ્યાં ધર્મ રહે છે.

ત્યાર પછી વિદુરજીએ પિતામહ ભીષ્મ તરફ જોતાં કહ્યું – ભીષ્મજી! હું જે નિવેદન કરું છું, તે સાંભળો. આ કુરુવંશ તો એક પ્રકારથી નષ્ટ જ થઈ ચૂક્યો હતો, તમે જ આનો પુનરુદ્ધાર કર્યો છે. હવે તમે આ દુર્યોધનની બુદ્ધિનું અનુસરણ કરવા લાગ્યા છો. પરંતુ એના પર તો લોભ સવાર થઈ ગયો છે! એ ઘણો અનાર્ય અને કૃતઘ્ન છે. જુઓ, એ પોતાના ધર્મ અને અર્થના વિચારક પિતાજીની આજ્ઞાનું પણ ઉલ્લંઘન કરી રહ્યો છે. આ દુર્યોધનને કારણે જ આ બધા કૌરવોનો નાશ થશે. મહારાજ! તમે કૃપા કરીને એવું કરો કે, જેથી આમનો નાશ ન થાય. કુળનો નાશ થતો જોઈને તમે ઉપેક્ષા ન કરો. એવું લાગે છે કે કુરુવંશનો નાશ નજીક આવી જવાથી

જ આજે તમારી બુદ્ધિ આવી થઈ ગઈ છે. તમે કાં તો મને અથવા રાજા ધૃતરાષ્ટ્રને સાથે લઈને વનમાં ચાલો, નહિ તો આ દુષ્ટબુદ્ધિ દુર્યોધનને કેદ કરીને પાંડવોથી સુરક્ષિત આ રાજ્યની વ્યવસ્થા કરો.' આમ કહીને વારંવાર શ્વાસ લેતા રહીને વિદુરજી મૌન થઈ ગયા.

એ પછી કુટુંબનાશથી ભયભીત ગાંધારીએ ક્રોધિત થઈને આ પ્રમાણે ધર્મ અને અર્થયુક્ત વાતો કહી, 'દુર્યોધન! તું અત્યંત પાપબુદ્ધિ અને ક્રૂરકર્મી છે. અરે! આ રાજ્યને તો કુરુવંશી મહાનુભાવો ક્રમશઃ ભોગવતા આવ્યા છે. આ જ આપણો કુળધર્મ છે. પરંતુ હવે તું અન્યાયથી કૌરવોના આ રાજ્યને નષ્ટ કરી દઈશ. અત્યારે આ રાજ્ય પર મહારાજ ધૃતરાષ્ટ્ર અને તેમના નાના ભાઈ વિદુરજી વિરાજમાન છે, પછી મોહવશ તું એને કઈ રીતે લેવા ચાહે છે? ભીષ્મજી આગળ તો આ બંને પણ પરાધીન જ છે. મહાત્મા ભીષ્મ ધર્મજ્ઞ છે, તેથી પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવા માટે રાજ્યનો સ્વીકાર કરતા નથી. વાસ્તવમાં તો આ રાજ્ય મહારાજ પાંડુનું જ છે; તેથી એને લેવાનો અધિકાર તેમના પુત્રોનો જ છે, બીજા કોઈનો નથી. તેથી કુરુશ્રેષ્ઠ મહાત્મા ભીષ્મજી જે કાંઈ કહે છે, તે તારે કશી જ આનાકાની કર્યા વિના માની લેવું જોઈએ. હવે મહારાજ ધૃતરાષ્ટ્ર અને પિતામહ ભીષ્મની આજ્ઞાથી ધર્મપુત્ર યુધિષ્ઠિર જ આ કુરુવંશના પૈતૃક રાજ્યનું પાલન કરે.'

ગાંધારીના આ પ્રમાણે કહ્યા પછી મહારાજ ધૃતરાષ્ટ્રે કહ્યું, 'બેટા! જો તારી દૃષ્ટિમાં પિતાનું જરા પણ ગૌરવ છે તો હું તને જે વાત કહું છું, તેના પર ધ્યાન આપ અને તે પ્રમાણે આચરણ કર. પહેલાં કુરુવંશની વૃદ્ધિ કરનાર નહુષના પુત્ર યયાતિ નામના રાજા હતા તેમના પાંચ પુત્રો હતા. તેમાં બધાથી મોટા યદુ હતા. અને સૌથી નાન પૂરુ. પૂરુ રાજા યયાતિની આજ્ઞા માનનારા હતા અને તેમણે તેમનું એક વિશેષ કાર્ય પણ કર્યું હતું. તેથી નાના હોવા છતાં પણ યયાતિએ તેમને જ રાજ્યસિંહાસન પર બેસાડ્યા. આ પ્રમાણે જો મોટો પુત્ર અભિમાની હોય તો તેને રાજ્ય મળતું નથી અને નાનો પુત્ર ગુરુજનોની સેવા કરવાથી રાજ્ય પ્રાપ્ત કરી લે છે. મારા પ્રપિતામહ મહારાજ પ્રતીપ પણ આ પ્રમાણે બધા ધર્મોના જ્ઞાતા અને ત્રણે લોકમાં વિખ્યાત હતા. તેમને દેવતાઓ જેવા યશસ્વી ત્રણ પુત્ર થયા. તેમનામાં મોટા દેવાપિ હતા, તેમનાથી નાના બાહ્‌લીક અને તેમનાથી નાના આપણા પિતામહ શાન્તનુ હતા. દેવાપિ જોકે ઉદાર, ધર્મજ્ઞ, સત્યનિષ્ઠ અને પ્રજાના પ્રેમપાત્ર હતા, છતાં પણ ચર્મરોગને કારણે તેમને રાજ્યસિંહાસન માટે યોગ્ય માનવામાં ન આવ્યા. બાહ્‌લીક પૈતૃક રાજ્યને છોડીને પોતાના મામાને ત્યાં રહેવા લાગ્યા હતા. તેથી પિતાનું મૃત્યુ થતાં બાહ્‌લીકની આજ્ઞાથી જગ-વિખ્યાત શાન્તનુનો જ રાજ્યસિંહાસન પર અભિષેક થયો. એ જ પ્રમાણે પાંડુએ પણ મને આ રાજ્ય સોંપી દીધું હતું. હું તેમનાથી મોટો હતો તો પણ નેત્રહીન હોવાથી રાજ્યના અધિકારથી વંચિત રહ્યો અને નાના હોવા છતાં પાંડુને રાજ્ય મળ્યું. હવે પાંડુના મૃત્યુ પછી તો આ રાજ્ય તેમના પુત્રોનું જ છે. હું તો રાજ્યનો ભાગીદાર છું નહિ, તમે પણ રાજપુત્ર નથી અને ન રાજ્યનાં સ્વામી છો, પછી બીજાનો અધિકાર કઈ રીતે છીનવી લેવા ચાહો છો? મહાત્મા યુધિષ્ઠિર રાજપુત્ર છે, તેથી ન્યાયની દૃષ્ટિએ આ રાજ્ય તેમનું જ છે. યુધિષ્ઠિરમાં રાજાઓ જેવી ક્ષમા, તિતિક્ષા, દમ, સરળતા, સત્યનિષ્ઠા,

શાસ્ત્રજ્ઞાન, અપ્રમાદ, જીવદયા અને સદુપદેશ આપવાની ક્ષમતા – આ બધા ગુણ છે. તેથી તમે મોહ છોડીને અડધું રાજ્ય યુધિષ્ઠિરને આપી દો અને અડધું પોતાના ભાઈઓ સહિત પોતાની જીવિકા માટે રાખી લો.'

આ પ્રમાણે ભીષ્મ, દ્રોણ, વિદુર, ગાંધારી અને રાજા ધૃતરાષ્ટ્રના સમજાવ્યા છતાં પણ મંદમતિ દુર્યોધને કશું ધ્યાન ન આપ્યું. બલકે એમના કથનનો તિરસ્કાર કરીને ક્રોધથી આંખો લાલ કરીને ત્યાંથી ચાલ્યો ગયો. તેની પાછળ જ જેમને મૃત્યુએ ઘેરી લીધા છે તે રાજાઓ પણ ચાલ્યા ગયા. તે રાજાઓને દુર્યોધને એવી આજ્ઞા આપી કે 'આજે પુષ્ય નક્ષત્ર છે, તેથી આજે જ બધા લોકો કુરુક્ષેત્ર તરફ કૂચ કરી જાય.' ત્યારે તેઓ ભીષ્મને સેનાપતિ બનાવીને ખૂબ ઉત્સાહ સાથે કુરુક્ષેત્ર તરફ ચાલવા લાગ્યા. હવે તમે પણ જે કાંઈ યોગ્ય લાગે તે કરો. મેં તમારા ભાઈઓમાં પ્રેમ જળવાઈ રહે – એ દૃષ્ટિએ પહેલાં તો 'સામ'નો જ પ્રયોગ કર્યો હતો. પરંતુ જ્યારે તેઓ સામનીતિથી ન માન્યા ત્યારે 'ભેદ'નો પણ પ્રયોગ કર્યો. મેં બધા રાજાઓને લલકાર્યા, દુર્યોધનનું મોઢું બંધ કરી દીધું તથા શકુનિ અને કર્ણને ભયભીત કર્યા. પછી કુરુવંશમાં કુસંપ ન થાય એ વિચારથી સામની સાથે દાનની વાત પણ કહી. મેં દુર્યોધનને કહ્યું કે 'સમગ્ર રાજ્ય તમારું જ રહ્યું, તમે માત્ર પાંચ ગામ આપી દો; કેમકે તમારા પિતાએ પાંડવોનું પાલન પણ અવશ્ય કરવું જોઈએ.' આમ કહેવા છતાં તે દુષ્ટે ભાગ આપવાનો સ્વીકાર ન કર્યો. હવે તે પાપીઓ માટે તો દંડનીતિનો આશ્રય લેવાનું જ મને યોગ્ય લાગે છે; બીજી કોઈ રીતે તે સમજવાના નથી. તે બધા વિનાશનાં કારણ બની ચૂક્યા છે અને મૃત્યુ તેમના માથા પર નાચી રહ્યું છે.

—★—

પાંડવસેનાના સેનાપતિની વરણી તથા તેણે કુરુક્ષેત્રમાં જઈને પડાવ નાખવો

વૈશમ્પાયનજી કહે છે – શ્રીકૃષ્ણની વાત સાંભળીને યુધિષ્ઠિરે તેમની સામે જ પોતાના ભાઈઓને કહ્યું, 'કૌરવોની સભામાં જે કાંઈ થયું તે બધું તમે સાંભળી લીધું અને શ્રીકૃષ્ણે જે વાત કહી છે તે પણ સમજી જ લીધી હશે. તેથી મારી આ સેનાના વિભાગ કરો. આપણા વિજય માટે આ સાત અક્ષૌહિણી સેના એકત્ર થઈ છે. એના આ સાત સેનાપતિઓ છે – દ્રુપદ, વિરાટ, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, સાત્યકિ, ચેકિતાન અને ભીમસેન. આ બધા વીરો પ્રાણાંત યુદ્ધ કરનારા છે તથા લજ્જાશીલ, નીતિમાન અને યુદ્ધકુશળ છે. પરંતુ સહદેવ! એ તો જણાવો – આ સાતેય સેનાપતિઓનો નાયક કોણ થાય, કે જે રણભૂમિમાં ભીષ્મરૂપી અગ્નિનો સામનો કરી શકે?'

સહદેવે કહ્યું – 'મારા વિચાર પ્રમાણે તો મહારાજ વિરાટ આ પદને યોગ્ય છે.' પછી નકુળે કહ્યું, 'હું તો ઉંમર, શાસ્ત્રજ્ઞાન, કુલીનતા અને ધર્મની દૃષ્ટિએ મહારાજ દ્રુપદને આ પદને યોગ્ય સમજું છું.' આ પ્રમાણે માદ્રીકુમારોના અભિપ્રાય પછી અર્જુને કહ્યું, 'હું ધૃષ્ટદ્યુમ્નને પ્રધાન સેનાપતિ થવા યોગ્ય માનું છું. તેઓ ધનુષ્ય, કવચ અને તલવાર ધારણ કરીને જ અગ્નિકુંડમાંથી પ્રગટ થયા છે. એમના સિવાય મને બીજો કોઈ વીર દેખાતો નથી, જે મહાવ્રતી ભીષ્મની સામે લડી શકે.' ભીમસેન બોલ્યા, 'દ્રુપદપુત્ર શિખંડીનો જન્મ ભીષ્મના વધ માટે

જ થયો છે. તેથી મારા વિચાર પ્રમાણે તેઓ જ પ્રધાન સેનાપતિ થવા જોઈએ.'

આ સાંભળીને **રાજા યુધિષ્ઠિરે કહ્યું** – ભાઈઓ! ધર્મમૂર્તિ શ્રીકૃષ્ણ સમસ્ત સંસારના સાર-અસાર અને બળાબળને જાણે છે. તેથી જેના માટે તેઓ સંમતિ આપે, તેને જ સેનાપતિ બનાવવામાં આવે. ભલે ને તે શસ્ત્રસંચાલનમાં કુશળ હોય અથવા ન હોય તથા વૃદ્ધ હોય કે યુવાન. આપણા જય કે પરાજયના એકમાત્ર કારણ તેઓ જ છે. આપણા પ્રાણ, રાજ્ય, ભાવ-અભાવ અને સુખદુઃખ તેમના પર અવલંબિત છે. તેઓ જ બધાના કર્તા-ધર્તા છે અને તેમને અધીન બધાં કર્મોની સિદ્ધિ છે.

ધર્મરાજ યુધિષ્ઠિરની આ વાત સાંભળીને કમળનયન ભગવાન શ્રીકૃષ્ણે અર્જુન તરફ જોઈને કહ્યું – મહારાજ! તમારી સેનાના નેતૃત્વ માટે જે જે વીરોનાં નામ લેવામાં આવ્યા છે, તે બધાને હું આ પદને યોગ્ય માનું છું. આ બધા મહાન પરાક્રમી યોદ્ધા છે અને તમારા શત્રુઓને પરાસ્ત કરી શકે છે. તેમ છતાં મારા વિચારથી ધૃષ્ટદ્યુમ્નને જ પ્રધાન સેનાપતિ બનાવવા યોગ્ય રહેશે.

શ્રીકૃષ્ણના આ પ્રમાણે કહ્યા બાદ બધા પાંડવો બહુ પ્રસન્ન થયા. તેમણે હર્ષધ્વનિ કર્યો. બધા સૈનિકો ચાલવા માટે દોડાદોડ કરવા લાગ્યા. બધી બાજુ 'યુદ્ધ માટે તૈયાર થઈ જાઓ.' અવાજ ગુંજવા લાગ્યો. તથા બધી બાજુ શંખ અને દુંદુભિનો ભીષણ ધ્વનિ પ્રસરી ગયો. સેનાની આગળ-આગળ ભીમસેન, નકુળ, સહદેવ, અભિમન્યુ, દ્રૌપદીના પુત્રો, ધૃષ્ટદ્યુમ્ન તથા અન્ય પાંચાલ-વીરો ચાલ્યા. રાજા યુધિષ્ઠિર માલગાડીઓ, બજારનો સામાન, ડેરા-તંબુ અને પાલખી વગેરે સવારીઓ, કોશ, શસ્ત્ર-સામગ્રી, વૈદ્યો અને અસ્ત્રચિકિત્સકોને લઈને ચાલ્યા. ધર્મરાજને વિદાય કરીને પાંચાલકુમારી દ્રૌપદી અન્ય રાજમહિલાઓ અને દાસ-દાસીઓ સાથે ઉપપ્લવ્ય છાવણીમાં જ પાછી આવી. આ પ્રમાણે પાંડવો કિલ્લા અને ચોકીદારોથી પોતાના ધન અને સ્ત્રીઓ વગેરેની રક્ષાનો પ્રબંધ કરીને ગાયો અને સુવર્ણનું દાન આપીને બહુ મોટી સેના સાથે મણિજડિત રથોમાં બેસીને કુરુક્ષેત્ર તરફ ચાલ્યા. તે સમયે બ્રાહ્મણો સ્તુતિ કરતાં તેમને વીંટળાઈને ચાલી રહ્યા હતા. કેકય દેશના પાંચ રાજકુમારો, ધૃષ્ટકેતુ, કાશિરાજનો પુત્ર અભિભૂ, શ્રેણિમાન, વસુદાન અને શિખંડી – આ બધા વીરો પણ બહુ ઉત્સાહપૂર્વક અસ્ત્ર-શસ્ત્ર, કવચ અને આભૂષણો વગેરેથી સુસજ્જ થઈને તેમની સાથે ચાલ્યા. સેનાની પાછળના ભાગમાં રાજા વિરાટ, ધૃષ્ટદ્યુમ્ન, સુધર્મા, કુંતિભોજ અને ધૃષ્ટદ્યુમ્નના પુત્રો હતા. અનાધૃષ્ટિ, ચેકિતાન, ધૃષ્ટકેતુ અને સાત્યકિ – આ બધા શ્રીકૃષ્ણ અને અર્જુનની આસપાસ ચાલતા હતા. આ પ્રમાણે વ્યૂહરચનાની પદ્ધતિએ ચાલીને આ પાંડવદળ કુરુક્ષેત્રમાં પહોંચ્યું. ત્યાં પહોંચ્યા પછી એક બાજુ બધા પાંડવો અને બીજી બાજુ શ્રીકૃષ્ણ અને અર્જુન શંખધ્વનિ કરવા લાગ્યા. શ્રીકૃષ્ણના પાંચજન્ય શંખનો વજ્રાઘાત જેવો ભીષણ ધ્વનિ સાંભળીને બધી સેનાનાં રૂવાં ઊભાં થઈ ગયાં. આ શંખ અને દુંદુભિઓના અવાજની સાથે સ્ફૂર્તિલા વીરોના સિંહનાદે પૃથ્વી, આકાશ અને સમુદ્રને ગુંજવી નાખ્યાં.

ત્યારપછી રાજા યુધિષ્ઠિરે એક ચોરસ મેદાનમાં, જ્યાં ઘાસ અને બળતણ વધારે હતાં ત્યાં પોતાની સેનાનો પડાવ નાખ્યો. સ્મશાન, મહર્ષિઓના આશ્રમ, તીર્થ અને દેવમંદિરોથી દૂર તેમણે પવિત્ર અને રમ્ય ભૂમિમાં પોતાની સેનાને પડાવ નાખ્યો. ત્યાં પાંડવો માટે જે

પ્રકારની છાવણીઓ બનાવડાવી હતી, તે જ પ્રમાણે શ્રીકૃષ્ણે બીજા રાજાઓ માટે પણ બનાવડાવી. આ બધી છાવણીઓમાં સેંકડો પ્રકારની ભક્ષ્ય, ભોજ્ય અને પેય સામગ્રીઓ હતી તથા ઇંધન વગેરેની પણ વિપુલતા હતી. તે રાજાઓના બહુમૂલ્ય તંબુ પૃથ્વી પર રાખેલાં વિમાન જેવાં લાગતા હતાં. તેમાં સેંકડો શિલ્પીઓ અને વૈદ્યો વેતન આપીને રાખવામાં આવ્યા હતા. મહારાજ યુધિષ્ઠિરે દરેક શિબિરમાં (તંબુમાં) પ્રત્યંચા, ધનુષ્ય, કવચ, શસ્ત્ર, મધ, ઘી, લાખનું ચૂર્ણ, જળ, ઘાસ, અગ્નિ, મોટાં-મોટાં યંત્રો, બાણ, તોમર, ફરસીઓ, ઋષ્ટિ અને તરકસ – આ બધી વસ્તુઓ પ્રચુર માત્રામાં મુકાવી દીધી હતી. તેમનામાં કાંટાવાળા કવચ ધારણ કરેલા હજારો યોદ્ધાઓ સાથે યુદ્ધ કરનારા અનેક હાથીઓ પર્વતોની જેમ ઊભેલા દેખાતા હતા. પાંડવોને કુરુક્ષેત્રમાં આવેલા સાંભળીને તેમની સાથે મિત્રતાનો ભાવ રાખનારા રાજાઓ સેના અને વાહનો સાથે તેમની પાસે આવવા લાગ્યા.

—★—

કૌરવપક્ષનું સૈન્ય-સંગઠન તથા દુર્યોધને પિતામહ ભીષ્મને પ્રધાન સેનાપતિ બનાવવા

જનમેજયે કહ્યું – મુનિવર! જ્યારે દુર્યોધનને ખબર પડી કે મહારાજ યુધિષ્ઠિર યુદ્ધ કરવા માટે સેના સાથે કુરુક્ષેત્રમાં આવી ગયા છે ત્યારે તેણે શું કર્યું? કુરુક્ષેત્રમાં કૌરવો અને પાંડવોએ જે-જે કર્મ કર્યાં હતાં તેમને હું વિસ્તારથી સાંભળવા ઇચ્છું છું.

વૈશમ્પાયનજી બોલ્યા – જનમેજય! શ્રીકૃષ્ણના ગયા પછી રાજા દુર્યોધને કર્ણ, દુઃશાસન અને શકુનિને કહ્યું, 'કૃષ્ણ પોતાના ઉદ્દેશમાં અસફળ થઈને જ પાંડવો પાસે ગયા છે. તેથી તેઓ કોપિત થઈને તેમને યુદ્ધ માટે ઉત્તેજિત કરશે. વાસ્તવમાં પાંડવો સાથે મારું યુદ્ધ થાય એવી જ શ્રીકૃષ્ણની ઇચ્છા છે. તથા ભીમ અને અર્જુન તો તેમના મત પ્રમાણે જ ચાલનારા છે. યુધિષ્ઠિર પણ ઘણું કરીને ભીમસેનને વશ રહે છે. એ સિવાય મેં પહેલાં તેમનો અને તેમના ભાઈઓનો તિરસ્કાર પણ કર્યો જ છે. વિરાટ અને દ્રુપદ સાથે પણ મારી શત્રુતા છે જ. તે બંને સેનાના સંચાલક અને શ્રીકૃષ્ણના ઇશારે ચાલનારા છે. આ પ્રમાણે આ યુદ્ધ અતિશય ભયંકર અને રોમાંચકારી થશે. તેથી હવે સાવધાનીપૂર્વક યુદ્ધની બધી સામગ્રી તૈયાર કરાવવી જોઈએ. કુરુક્ષેત્રમાં અનેક ડેરા-તંબુ તૈયાર કરાવો, જેમાં ખૂબ જગા હોય અને શત્રુ અધિકાર ન કરી શકે. તેમની પાસે જળ અને ઇંધનની પણ સુવિધા હોવી જોઈએ. તેમાં એવા રસ્તા હોવા જોઈએ જેમાંથી જનારી વસ્તુઓને શત્રુઓ રોકી ન શકે તથા તેની ફરતે ઊંચી વાડ બનાવી દેવી જોઈએ. તેમાં વિવિધ પ્રકારનાં હથિયારો રખાવી દો તથા ઘણી-બધી ધજા-પતાકાઓ ફરકાવી દો. અને હવે વિલંબ ન કરતાં આજે જ ઘોષણા કરાવી દો કે કાલે સેના કૂચ કરશે.' ત્યારે તે ત્રણેએ 'જેવી આજ્ઞા' એમ કહીને બહુ ઉત્સાહથી બીજા જ દિવસે બધા રાજાઓના ઉતારા માટે તંબુ તૈયાર કરાવી દીધા.

તે રાત વીતી ગયા પછી પ્રાતઃકાળ થયો ત્યારે રાજા દુર્યોધને પોતાની અગિયાર અક્ષૌહિણી સેનાના વિભાગ કર્યા. તેણે પાયદળ, હાથી, રથ અને ઘોડેસવાર સેનામાંથી ઉત્તમ, મધ્યમ અને નિકૃષ્ટ શ્રેણીઓને અલગ-અલગ કરીને તેમને

યથાસ્થાને નિયુક્ત કરી દીધી. તે બધા વીરોએ અનુકર્ષ (રથની મરામત માટે તેની નીચે બાંધેલું લાકડું), તરકસ, વરૂથ (રથને ઢાંકવા માટે વાઘ વગેરેનું ચામડું), ઉપાસંગ (જેને હાથી અથવા ઘોડા ઉપાડી શકે તેવા તરકસ), ઋષ્ટિ (એક પ્રકારની લોઢાની લાકડી), શક્તિ, નિષંગ (પાયદળ દ્વારા લઈ જવાના તરકસ), ધજા, પતાકા, ધનુષ્ય-બાણ, જાતજાતનાં દોરડાં, પાશ, બિસ્તરા, કચગ્રહ-વિક્ષેપ (વાળ પકડીને પાડી દેવાનું યંત્ર), તેલ, ગોળ, રેતી, વિષધર સાપના ઘડા, રાળનું ચૂર્ણ, ઘંટફલક (ઘુંઘરુઓવાળી ઢાલ), ખડ્ગ વગેરે લોઢાનાં શસ્ત્રો, ઉકાળેલું ગોળનું પાણી, ઢેફાં, સાલ, ભિન્દિપાલ (ગોફણો), મીણ ચોપડેલા મગદળ, કાંટાવાળી લાકડીઓ, હળ, વિષ લગાડેલાં બાણ, સૂપડાં તથા ટોપલીઓ, દાતરડાં, અંકુશ, તોમર, કાંટાદાર કવચ, વૃક્ષાદન (લોઢાના કાંટા અથવા ખીલા વગેરે), વાઘ અને ગેંડાના ચામડાથી મઢેલા રથ, શિંગડાં, પ્રાસ, કુહાડી, કોદાળી, તેલમાં પલાળેલાં રેશમી વસ્ત્રો, ઘી અને યુદ્ધની અન્ય સામગ્રીઓ વગેરે લીધેલાં હતાં. બધા રથોમાં ચાર-ચાર ઘોડા જોતરેલા હતા અને સો-સો બાણ રાખેલાં હતાં. તે રથોના એક-એક સારથિ અને બે-બે ચક્રરક્ષક હતા. તે બંનેય ઉત્તમ રથી અને અશ્વવિદ્યામાં કુશળ હતા. જે રીતે રથોને સજાવવામાં આવ્યા હતા, તે જ પ્રમાણે હાથીઓને પણ સારી રીતે સજાવ્યા હતા. તેમના પર સાત-સાત પુરુષો બેસતા હતા. તેથી તેઓ રત્નજડિત પર્વતો જેવા દેખાતા હતા. તેમાંથી બે પુરુષો અંકુશ લઈને મહાવતનું કામ કરતા હતા. બે ધનુર્ધર યોદ્ધા હતા, બે ખડ્ગધારી હતા તથા એક શક્તિ તથા ત્રિશૂળધારી હતો. આ પ્રમાણે સારી રીતે સજાવેલા લાખો ઘોડા અને હજારોનું પાયદળ તે સેનામાં ચાલી રહ્યું હતું.

પછી રાજા દુર્યોધને સારી રીતે તપાસીને વિશેષ બુદ્ધિમાન અને શૂરવીર પુરુષોને સેનાપતિપદે નિયુક્ત કર્યા. તેણે કૃપાચાર્ય, દ્રોણાચાર્ય, શલ્ય, જયદ્રથ, સુદક્ષિણ, કૃતવર્મા, અશ્વત્થામા, કર્ણ, ભૂરિશ્રવા, શકુનિ અને બાહ્લીક – આ અગિયાર વીરોને એક એક અક્ષૌહિણી સેનાના નાયક બનાવ્યા. તે દરરોજ તેમનો વારંવાર સત્કાર કરતો રહેતો હતો. પછી બધા રાજાઓને સાથે લઈને તેણે હાથ જોડીને પિતામહ ભીષ્મને કહ્યું, 'દાદાજી! ગમે તેટલી વિશાળ સેના હોય, જો તેનો કોઈ નાયક નથી હોતો તો તે યુદ્ધભૂમિમાં આવીને કીડીઓની જેમ તિતર-બિતર થઈ જાય છે. સાંભળવામાં આવ્યું છે કે એકવાર હૈહયવીરો પર બ્રાહ્મણોએ ચડાઈ કરી હતી. તે સમયે વૈશ્ય અને શૂદ્રોએ પણ બ્રાહ્મણોનો સાથ આપ્યો હતો. આ પ્રમાણે એકબાજુ ત્રણે વર્ણના પુરુષ હતા અને બીજી બાજુ હૈહય ક્ષત્રિય હતા. જ્યારે યુદ્ધ શરૂ થયું ત્યારે ત્રણે વર્ણોમાં કુસંપ થઈ ગયો અને તેમની સેના બહુ વિશાળ હોવા છતાં ક્ષત્રિયોએ તેને જીતી લીધી. ત્યારે બ્રાહ્મણોએ ક્ષત્રિયોને જ પોતાની હારનું કારણ પૂછ્યું. ધર્મજ્ઞ ક્ષત્રિયોએ તેનું કારણ જણાવતાં કહ્યું, 'અમે યુદ્ધ કરતી વખતે એક જ બુદ્ધિમાન પુરુષની આજ્ઞા માનીને લડતા હતા અને તમે બધા અલગ-અલગ પોતપોતાની બુદ્ધિ પ્રમાણે કામ કરતા હતા.' ત્યારે બ્રાહ્મણોએ પોતાનામાંથી એક યુદ્ધનીતિમાં કુશળ શૂરવીરને પોતાનો સેનાપતિ બનાવ્યો અને ક્ષત્રિયોને પરાસ્ત કરી દીધા. એ જ પ્રમાણે જે યુદ્ધ-સંચાલનમાં કુશળ, હિતકારી, નિષ્કપટ શૂરવીરને પોતાનો સેનાપતિ બનાવે છે તેઓ જ સંગ્રામમાં શત્રુઓને જીતે છે. તમે શુક્રાચાર્ય જેવા નીતિકુશળ અને મારા હિતૈષી છો, કાળ પણ તમારું કાંઈ બગાડી શકતો

નથી તથા ધર્મમાં તમારી અવિચળ સ્થિતિ છે. તેથી તમે જ અમારા સેનાધ્યક્ષ બનો. જે પ્રમાણે સ્વામી કાર્તિકેય દેવતાઓની આગળ રહે છે, તે જ પ્રમાણે તમે અમારી આગળ ચાલો.'

ભીષ્મે કહ્યું – મહાબાહુ! તમે જે કહો છો, તે બરાબર છે. મારા માટે જેવા તમે છો તેવા જ પાંડવો છે. તેથી મારે પાંડવોને તેમના હિતની વાત કહેવી જોઈએ અને તમારા માટે પણ, જેવી હું પ્રથમ પ્રતિજ્ઞા કરી ચૂક્યો છું તે પ્રમાણે મારે યુદ્ધ તો કરવાનું જ છે. હું મારી શસ્ત્રશક્તિથી એક ક્ષણમાં જ દેવતા અને અસુરોથી યુક્ત આ સમગ્ર સંસારને મનુષ્યહીન કરી શકું છું. પરંતુ પાંડુના પુત્રોને હું મારી શકતો નથી. છતાં હું નિયમિતપણે એમના પક્ષના દસ હજાર યોદ્ધાઓનો સંહાર કરતો રહીશ. તમારું સેનાપતિપણું હું એક શરતે સ્વીકારી શકું એમ છું. આ યુદ્ધમાં પ્રથમ કાં તો કર્ણ લડી લે અથવા હું લડું; કેમકે યુદ્ધમાં આ સૂતપુત્ર હંમેશાં મારી સાથે બહુ શત્રુતા રાખે છે.

કર્ણે કહ્યું – રાજન્! ગંગાપુત્ર ભીષ્મ જીવતા છે ત્યાં સુધી હું યુદ્ધ નહિ કરું. તેમના મૃત્યુ પછી જ મારું અર્જુન સાથે યુદ્ધ થશે.

આ પ્રમાણે નિશ્ચય થઈ ગયા પછી દુર્યોધને વિધિપૂર્વક ભીષ્મજીને સેનાપતિપદે અભિષિક્ત કર્યા. તે સમયે રાજાની આજ્ઞાથી વાજિંત્રો વગાડનારા શાંતભાવે સેંકડોહજારો ભેરીઓ અને શંખ વગાડવા લાગ્યા. અભિષેકના સમયે અનેક ભયંકર અપશુકનો પણ થયાં. ભીષ્મને સેનાપતિ બનાવીને દુર્યોધને ઘણી ગાયો અને સોનામહોરો દક્ષિણામાં આપીને બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવ્યું. પછી તેમના વિજયના આશીર્વાદોથી ઉત્સાહિત થઈને તે ભીષ્મજીને આગળ કરીને અન્ય બધા સેનાપતિઓ અને ભાઈઓની સાથે કુરુક્ષેત્ર જવા નીકળ્યો. ત્યાં પહોંચીને તેણે કર્ણ સાથે બધી બાજુ ઘૂમી-ફરીને એક સમતળ ભૂમિમાં, જ્યાં ઘાસ અને ઇંધનની અધિકતા હતી, ત્યાં સેનાની છાવણી નાખી. તે છાવણી બીજા હસ્તિનાપુર જેવી જ લાગતી હતી.

—★—

શ્રીબલરામજીએ પાંડવોને મળીને તીર્થયાત્રા માટે જવું

રાજા જનમેજયે પૂછ્યું – વૈશમ્પાયનજી! ગંગાપુત્ર ભીષ્મને સેનાપતિ-પદ પર અભિષિક્ત થયા સાંભળીને મહાબાહુ યુધિષ્ઠિરે શુ કહ્યું? તથા ભીમ, અર્જુન અને શ્રીકૃષ્ણે તેનો શો ઉત્તર આપ્યો?

વૈશમ્પાયનજી કહેવા લાગ્યા – આપદ્ધર્મમાં કુશળ મહારાજ યુધિષ્ઠિરે બધા ભાઈઓને તથા શ્રીકૃષ્ણને બોલાવીને કહ્યું, 'તમે લોકો બહુ સાવધાન રહો. સર્વપ્રથમ તમારું યુદ્ધ પિતામહ ભીષ્મ સાથે થશે. હવે તમે મારી સેનાના સાત સેનાપતિ નિયુક્ત કરો.'

શ્રીકૃષ્ણે કહ્યું - રાજન્! આવો સમય આવ્યે જેવી વાત તમારે કરવી જોઈએ, તેવી જ તમે કરી રહ્યા છો. મને તમારું કથન બહુ પ્રિય લાગે છે. અવશ્ય હવે તમે પ્રથમ તમારી સેનાના નાયકોની નિયુક્તિ કરો.

ત્યારે મહારાજ યુધિષ્ઠિરે દ્રુપદ, વિરાટ, સાત્યકિ, ધૃષ્ટદ્યુમ્ન, ધૃષ્ટકેતુ, શિખંડી અને મગધરાજ સહદેવને બોલાવીને વિધિપૂર્વક સેનાપતિના પદ પર અભિષિક્ત કરી દીધા અને તેમનો અધ્યક્ષ ધૃષ્ટદ્યુમ્નને બનાવ્યો. સેનાધ્યક્ષના પણ અધ્યક્ષ અર્જુનને બનાવાયા અને અર્જુનના પણ નેતા

ભગવાન શ્રીકૃષ્ણ હતા. આ પ્રમાણે આ ઘોર સંહારકારી યુદ્ધ સમીપ આવેલું જાણીને ભગવાન બળરામજી અક્રૂર, ગદ, સામ્બ, ઉદ્ધવ, પ્રદ્યુમ્ન અને ચારુદેષ્ણ વગેરે મુખ્ય મુખ્ય યાદવોને સાથે લઈને પાંડવોની છાવણીમાં આવ્યા. તેમને જોઈને ધર્મરાજ યુધિષ્ઠિર, શ્રીકૃષ્ણ, અર્જુન, ભીમસેન અને તે સ્થાને જે બીજા રાજાઓ હતા, તે બધા ઊભા થઈ ગયા. તે બધાએ પધારેલા બળભદ્રજીનો સત્કાર કર્યો. રાજા યુધિષ્ઠિરે તેમની સાથે પ્રેમપૂર્વક હાથ મિલાવ્યા. શ્રીકૃષ્ણ વગેરેએ તેમને પ્રણામ કર્યા અને વડીલ રાજા વિરાટ તથા દ્રુપદને તેમણે પ્રણામ કર્યા. પછી તેઓ રાજા યુધિષ્ઠિર સાથે સિંહાસન પર બિરાજમાન થયા. તેમના બેઠા પછી જ્યારે બધા લોકો પણ બેસી ગયા ત્યારે તેમણે શ્રીકૃષ્ણ તરફ જોઈને કહ્યું, 'હવે આ મહાભયંકર નરસંહાર થશે જ. આ દૈવી લીલાને હું અનિવાર્ય જ સમજું છું, હવે આને રોકી શકાય એમ નથી. મારી ઇચ્છા છે કે મારા સુહૃદો એવા તમે બધાને આ યુદ્ધની સમાપ્તિ બાદ પણ હું નીરોગી જોઈ શકું. એમાં શંકા નથી, અહીં જે રાજાઓ એકત્ર થયા છે, તેમનો તો કાળ જ આવી ગયો છે. શ્રીકૃષ્ણને તો મેં વારંવાર કહ્યું હતું કે 'ભાઈ! આપણા સંબંધીઓ સાથે સમાન વર્તાવ કરો; કેમકે આપણા માટે જેવા પાંડવો છે; તેવો જ રાજા દુર્યોધન પણ છે.' પરંતુ આ તો અર્જુનને જોઈને બધી રીતે તેના પર મુગ્ધ છે. રાજન્! મારો ચોક્કસ મત છે કે જય પાંડવોનો થશે અને એવો જ સંકલ્પ શ્રીકૃષ્ણનો પણ છે. હું તો શ્રીકૃષ્ણ વિના આ લોક પર દૃષ્ટિ પણ નાખી શકતો નથી, તેથી એ જે કાંઈ કરવા ચાહે છે, તેનું જ અનુવર્તન કર્યા કરું છું. ભીમ અને દુર્યોધન આ બંને વીર મારા શિષ્ય છે અને ગદાયુદ્ધમાં કુશળ છે તેથી એમના પર મારો સમાન સ્નેહ છે. તેથી હું તો હવે સરસ્વતી-તટે આવેલાં તીર્થોનું સેવન કરવા માટે જઈશ, કેમકે નષ્ટ થઈ રહેલા કુરુવંશીઓને હું ઉદાસીન દૃષ્ટિએ જોઈ નહિ શકું.' આમ કહીને મહાબાહુ બળરામ પાંડવોની વિદાય લઈને તીર્થયાત્રા માટે ચાલ્યા ગયા.

—★—

રુક્મીનું સહાયતા માટે આવવું, પરંતુ પાંડવો અને કૌરવો બંનેએ તેમની સહાયતાનો અસ્વીકાર કરવો

વૈશમ્પાયનજી કહે છે – જનમેજય! આ જ સમયે રાજા ભીષ્મકનો પુત્ર રુક્મી એક અક્ષૌહિણી સેના લઈને પાંડવો પાસે આવ્યો. તેણે શ્રીકૃષ્ણની પ્રસન્નતા માટે સૂર્ય જેવી તેજસ્વી ધજા લઈને પાંડવોની છાવણીમાં પ્રવેશ કર્યો. પાંડવો તેનાથી પરિચિત તો હતા જ. રાજા યુધિષ્ઠિરે સામે જઈને તેનું સ્વાગત કર્યું. રુક્મીએ પણ તે બધાનો યથાયોગ્ય આદર કર્યો અને પછી થોડીવાર રોકાઈને બધા વીરોની સામે અર્જુનને કહ્યું, 'અર્જુન! જો તમને કોઈ પ્રકારનો ભય હોય તો હું તમારા લોકોની સહાયતા માટે આવી ગયો છું. હું યુદ્ધમાં તમારી એવી સહાયતા કરીશ કે શત્રુ એને સહી નહિ શકે. સંસારમાં મારા જેવો પરાક્રમી કોઈ બીજો મનુષ્ય નથી. તમે યુદ્ધમાં મને જે સેના સાથે લડવાનો ભાર સોંપશો, તેને હું ખેદાનમેદાન કરી નાખીશ. દ્રોણ, કૃપ, ભીષ્મ, કર્ણ–કોઈ પણ વીર કેમ ન હોય, અથવા એ બધા રાજાઓ એકઠા થઈને મારી સામે આવે, હું એ શત્રુઓને મારીને તમને જ પૃથ્વીનું રાજ્ય સોંપી દઈશ.'

ત્યારે અર્જુન શ્રીકૃષ્ણ અને ધર્મરાજ તરફ જોઈને હસ્યા અને શાંતભાવે કહેવા લાગ્યા, 'મેં કુરુવંશમાં જન્મ લીધો છે, તે ઉપરાંત હું મહારાજ પાંડુનો પુત્ર અને દ્રોણાચાર્યનો શિષ્ય છું. શ્રીકૃષ્ણ મારા સહાયક છે અને ગાંડીવ ધનુષ્ય મારી પાસે છે. પછી હું એવું કઈ રીતે કહી શકું કે હું ડરી ગયો છું. વીરવર! જે સમયે કૌરવોની ઘોષયાત્રા વખતે મેં ગંધર્વો સાથે યુદ્ધ કર્યું હતું તે સમયે મારી સહાયતા કરવા કોણ આવ્યું હતું? તથા વિરાટનગરમાં ઘણાબધા કૌરવ મહારથીઓ સાથે એકલાએ જ યુદ્ધ કર્યું ત્યારે મને કોણે સહાયતા કરી હતી? મેં યુદ્ધ માટે જ ભગવાન શંકર, ઇન્દ્ર, કુબેર, યમ, વરુણ, અગ્નિ, કૃપાચાર્ય, દ્રોણાચાર્ય અને શ્રીકૃષ્ણની ઉપાસના કરી છે. તેથી હું યુદ્ધથી ડરું છું એવી યશનો નાશ કરનારી વાત તો મારા જેવો પુરુષ સાક્ષાત્ ઇન્દ્રની સામે પણ કહી શકતો નથી. તેથી મહાબાહુ! મને કોઈ પ્રકારનો ભય નથી અને ન કોઈની સહાયતાની જરૂર છે. તમે ઇચ્છા પ્રમાણે જ્યાં જવા ઇચ્છો, ત્યાં જઈ શકો છો અને રહેવા ચાહો તો આનંદથી રહો.

ત્યારપછી રુક્મી પોતાની સમુદ્ર જેવી વિશાળ સેનાને પાછી વાળીને દુર્યોધન પાસે આવ્યો અને ત્યાં પણ એવી જ વાતો કરી. દુર્યોધનને પણ પોતાની વીરતાનું અભિમાન હતું. તેથી તેણે પણ તેની સહાયતા લેવાનું સ્વીકાર્યું નહિ. આ પ્રમાણે બળરામજી અને રુક્મી – એ બંને વીરો તે યુદ્ધમાંથી નીકળીને ચાલ્યા ગયા.

જ્યારે બંને સેનાઓનું સંગઠન થઈ ગયું અને તેમની વ્યૂહરચનાનો પણ નિશ્ચય થઈ ગયો ત્યારે રાજા ધૃતરાષ્ટ્રે સંજયને પૂછ્યું, 'સંજય! હવે તમે મને એ જણાવો કે કૌરવ અને પાંડવોની સેનાનો પડાવ નાખ્યા પછી ત્યાં શું થયું? હું તો માનું છું કે ભાવિ જ બળવાન છે, પુરુષાર્થથી કાંઈ થતું નથી. મારી બુદ્ધિ દોષોને સારી રીતે સમજી લે છે, પરંતુ દુર્યોધનને મળું છું ત્યારે બદલાઈ જાય છે. તેથી હવે તો જે થવાનું છે, તે થઈને જ રહેશે.'

—★—

દુર્યોધને પાંડવોને કહેવા માટે ઉલૂકને પોતાનો કટુ-સંદેશ સંભળાવવો

સંજયે કહ્યું – મહારાજ! મહાત્મા પાંડવોએ તો હિરણ્યવતી નદીના તટ પર પડાવ નાખ્યો અને કૌરવોએ એક બીજા સ્થાન પર શાસ્ત્રોક્ત વિધિથી પોતાની છાવણી નાખી. ત્યાં રાજા દુર્યોધને ભારે ઉત્સાહથી પોતાની સેનાને ઉતારો આપ્યો અને જુદી જુદી ટુકડીઓ માટે અલગ-અલગ સ્થાન નક્કી કરીને બધા રાજાઓનું સન્માન કર્યું. પછી તેમણે કર્ણ, શકુનિ અને દુઃશાસન સાથે કાંઈક ગુપ્ત પરામર્શ કરીને ઉલૂકને બોલાવીને કહ્યું, "ઉલૂક! તમે પાંડવોની પાસે જાઓ અને શ્રીકૃષ્ણની સામે જ પાંડવોને આ સંદેશ કહો. જેના માટે વર્ષોથી વિચાર થઈ રહ્યો હતો તે કૌરવ અને પાંડવોનું ભયંકર યુદ્ધ હવે થવાનું છે. અર્જુન! તમે શ્રીકૃષ્ણ અને પોતાના ભાઈઓ સહિત સંજયને ગર્જી-ગર્જીને જે શેખીની વાતો કરી હતી, તે તેણે કૌરવોની સભામાં સંભળાવી હતી. હવે તેને કરી દેખાડવાનો સમય આવી ગયો છે. રાજન્! તમે તો મોટા ધાર્મિક કહેવાઓ છો. હવે તમે અધર્મમાં મન કેમ લગાડ્યું છે? આને જ બિડાલવ્રત કહે છે. એક વાર

નારદજીએ મારા પિતાજીને એક પ્રસંગે એક આખ્યાન કહ્યું હતું તે હું તમને સંભળાવું છું. એક વાર એક બિલાડો શક્તિહીન થઈ જવાને કારણે ગંગાજીના કિનારે ઊર્ધ્વબાહુ થઈને ઊભો રહી ગયો અને બધાં પ્રાણીઓને પોતાનો વિશ્વાસ અપાવવા માટે 'હું ધર્માચરણ કરી રહ્યો છું' એવી ઘોષણા કરવા લાગ્યો. આ પ્રમાણે ઘણો સમય વીતી જતાં પક્ષીઓને તેના પર વિશ્વાસ થઈ ગયો અને તેઓ તેનું સન્માન કરવા લાગ્યાં. તેને પણ લાગ્યું કે મારી તપસ્યા સફળ તો થઈ ગઈ. પછી થોડા દિવસો બાદ ત્યાં ઉંદરો પણ આવ્યા અને તે તપસ્વીને જોઈને વિચારવા લાગ્યા કે 'આપણા શત્રુઓ ઘણા છે; તેથી આપણો મામો બનીને આ બિલાડો આપણામાંથી જે બાળક અને વૃદ્ધ છે, તેમનું રક્ષણ કર્યા કરે.' ત્યારે તે બધાંએ તે બિલાડા પાસે જઈને કહ્યું, 'તમે અમારા ઉત્તમ આશ્રય અને પરમ સુહૃદ છો. તેથી અમે બધા તમારા શરણે આવ્યા છીએ. તમે હંમેશાં ધર્મમાં તત્પર રહો છો. તેથી વજ્રધારી ઇન્દ્ર જેમ દેવતાઓની રક્ષા કરે છે તે જ પ્રમાણે તમે અમારી રક્ષા કરો.'

ઉંદરોના આ પ્રમાણે કહેવાથી તેમને ભક્ષણ કરનારા બિલાડાએ કહ્યું, 'હું તપ પણ કરું અને તમારા બધાંની રક્ષા પણ કરું, આ બે કામ થવાનો તો મને કોઈ ઢંગ દેખાતો નથી. છતાં પણ તમારું હિત કરવા માટે મારે તમારી વાત પણ અવશ્ય માનવી જોઈએ. તમારે પણ દરરોજ મારું એક કામ કરવું પડશે. હું કઠોર નિયમોનું પાલન કરતાં કરતાં બહુ થાકી ગયો છું. મારામાં હાલવા-ચાલવાની પણ લગીરે શક્તિ નથી. તેથી આજથી તમે મને દરરોજ નદીના કિનારા પર પહોંચાડી દેજો.' ઉંદરોએ 'બહુ સરસ' કહીને તેની વાત સ્વીકારી લીધી અને બધા બાળક-વૃદ્ધ તેને સોંપી દીધા.

પછી તો તે પાપી બિલાડો તે ઉંદરોને ખાઈ-ખાઈને તગડો થઈ ગયો. આ બાજુ ઉંદરોની સંખ્યા રોજે-રોજ ઘટવા લાગી. ત્યારે તે બધાએ આપસમાં મળીને કહ્યું, 'કેમ રે! મામો તો રોજેરોજ ફૂલી રહ્યો છે અને આપણે એકદમ ઓછા થઈ રહ્યા છીએ, આનું શું કારણ છે? ત્યારે તેમાં કોકિલ નામનો બધાથી વૃદ્ધ ઉંદર હતો, તેણે કહ્યું – 'મામાને ધર્મની પરવા ક્યાં છે. તેણે તો ઢોંગ રચીને જ આપણી સાથે એકતા કરી લીધી છે. જે પ્રાણી માત્ર ફળ-મૂળ વગેરે જ ખાય છે, તેની વિષ્ઠામાં વાળ નથી હોતા. આનાં અંગો નિરંતર પુષ્ટ થતાં જાય છે અને આપણે ઘટી રહ્યા છીએ. સાત-આઠ દિવસથી ડિંડિક ઉંદર પણ દેખાતો નથી. કોકિલની વાત સાંભળીને બધા ઉંદરો ભાગી ગયા અને તે દુષ્ટ બિલાડો પણ શરમિંદો થઈને ત્યાંથી ચાલ્યો ગયો.

દુષ્ટાત્મન્! તમે પણ આ પ્રમાણે બિડાલવ્રત લઈ રાખ્યું છે. જેમ ઉંદરોમાં બિલાડાએ ધર્માચરણનો ઢોંગ રચ્યો હતો, તે જ પ્રમાણે તમે પોતાનાં સગાં-સંબંધીઓમાં ધર્માચારી બની બેઠા છો. તમારી વાતો તો જુદા પ્રકારની છે અને કર્મ જુદા પ્રકારનું છે. તમે દુનિયાને ઠગવા માટે જ વેદાભ્યાસ અને શાંતિનો સ્વાંગ બનાવી રાખ્યો છે. તમે આ પાખંડ છોડીને ક્ષાત્રધર્મનો આશ્રય લો. તમારી મા વર્ષોથી દુઃખ ભોગવી રહી છે. તેનાં આંસુ લૂછો અને શત્રુઓને સંગ્રામમાં પરાસ્ત કરીને સન્માન પ્રાપ્ત કરો. તમે અમારી પાસે પાંચ ગામ માગ્યાં હતાં. પરંતુ અમે એવું વિચારીને કે કોઈ પ્રકારે પાંડવોને ક્રોધિત કરીને તેમની સાથે યુદ્ધભૂમિમાં લડવું, તેથી તમારી માગણીનો અમે અસ્વીકાર કર્યો. તમારા કારણે જ મેં દુષ્ટચિત્તવાળા વિદુરનો ત્યાગ કર્યો હતો. મેં તમને

લાક્ષાભવનમાં બાળી નાખવાનો પ્રયત્ન કર્યો હતો. એ વાતને યાદ કરીને તો એક વાર મરદ બનો. તમે જાતિ અને બળમાં મારા જેવા જ છો. છતાં પણ કૃષ્ણનો આશ્રય લઈને કેમ બેઠા છો?

"ઉલૂક! પછી પાંડવોની પાસે જ કૃષ્ણને કહેજો કે, તમે પોતાની અને પાંડવોની રક્ષા કરવા માટે હવે તૈયાર થઈને અમારી સાથે યુદ્ધ કરો. તમે માયાથી સભામાં જે ભયંકર રૂપ ધારણ કર્યું હતું, તેવું જ ફરી ધારણ કરીને અર્જુન સાથે અમારા પર ચડાઈ કરો. ઇન્દ્રજાળ, માયા અથવા કપટ ભયજનક તો હોય છે; પરંતુ રણાંગણમાં જેમણે શસ્ત્ર ધારણ કર્યાં છે તેમનું તે કાંઈ બગાડી શકતાં નથી. તે શસ્ત્રધારીઓ તો એવા કપટને કારણે રોષે ભરાઈને ગરજવા માંડે છે. અમે પણ જો ઇચ્છીએ તો આકાશમાં વિચરી શકીએ છીએ, રસાતળમાં ઘૂસી શકીએ છીએ અને ઇન્દ્રલોકમાં જઈ શકીએ છીએ. પરંતુ એનાથી ન તો પોતાનો કોઈ હેતુ સરે છે અને ન પોતાના શત્રુઓને બીવડાવી શકાય છે. અને તમે જે કહ્યું હતું કે 'રણભૂમિમાં ધૃતરાષ્ટ્રના પુત્રોને મરાવીને પાંડવોને તેમનું રાજ્ય અપાવીશ', તો તમારો આ સંદેશો પણ સંજયે મને કહ્યો હતો. હવે તમે સત્યપ્રતિજ્ઞ થઈને પાંડવોના માટે પરાક્રમપૂર્વક કમર કસીને યુદ્ધ કરો. અમે પણ તમારું પરાક્રમ જોઈએ. સંસારમાં અકસ્માતે જ તમારો મોટો યશ ફેલાઈ ગયો છે. પરંતુ આજે મને ખબર પડી કે જે લોકોએ તમને માથા પર ચડાવી રાખ્યા છે તે વાસ્તવમાં પુરુષોનાં ચિહ્ન ધારણ કરનારા હીજડા જ છે. તમે કંસના એક સેવક જ તો છો. મારા જેવા રાજા-મહારાજાએ તો તમારી સાથે યુદ્ધ કરવા માટે યુદ્ધભૂમિમાં આવવું એ પણ યોગ્ય નથી.

તે મૂછ વિનાના મર્દ, ખાઉધરા, અજ્ઞાનમૂર્તિ, મૂર્ખ ભીમસેનને તમે વારંવાર કહેજો કે તમે કૌરવોની સભામાં પહેલાં જે પ્રતિજ્ઞા કરી ચૂક્યા છો, તેને મિથ્યા કરશો નહિ. જો શક્તિ હોય તો દુઃશાસનનું લોહી પીજો અને તમે જે કહ્યું હતું કે, 'હું રણભૂમિમાં એકસાથે બધા ધૃતરાષ્ટ્રપુત્રોને મારી નાખીશ,' તો એનો સમય પણ હવે આવી ગયો છે. પછી તમે મારા તરફથી નકુળને કહેજો કે હવે યુદ્ધમાં જામી પડો, અમે તમારો પુરુષાર્થ જોઈએ. હવે તમે યુધિષ્ઠિરનો અનુરાગ, મારા પ્રત્યેનો દ્વેષ અને દ્રૌપદીના ક્લેશને બરાબર યાદ કરી લો. એ જ પ્રમાણે બધા રાજાઓની વચ્ચે સહદેવને પણ કહેજો કે તમારે જે દુઃખો સહેવા પડ્યાં છે, તેમને યાદ કરીને હવે સાવધાનીપૂર્વક યુદ્ધ કરો.

વિરાટ અને દ્રુપદને મારા તરફથી કહેજો કે તમે બધા એકઠા થઈને મને મારવા માટે આવો અને તમારા માટે તથા પાંડવો માટે મારી સાથે સંગ્રામ કરો. ધૃષ્ટદ્યુમ્નને કહેજો કે જ્યારે તમે દ્રોણાચાર્યની સામે આવશો, ત્યારે તમને ખબર પડશે કે, તમારું હિત કઈ વાતમાં છે. હવે તમે તમારા સુહૃદો સાથે મેદાનમાં આવી જાઓ. પછી શિખંડીને કહેજો કે મહાબાહુ ભીષ્મ તમને સ્ત્રી સમજીને મારશે નહિ. તેથી તમે નિર્ભય થઈને યુદ્ધ કરજો."

ત્યારપછી રાજા દુર્યોધન બહુ હસ્યા અને ઉલૂકને કહેવા લાગ્યો – 'તમે કૃષ્ણની સામે જ એકવાર ફરી અર્જુનને કહેજો કે તમે યા તો અમને પરાસ્ત કરીને આ પૃથ્વીનું શાસન કરો, નહિ તો અમારા હાથે હારીને તમારે પૃથ્વી પર પોઢી જવું પડશે. જે કામને માટે ક્ષત્રાણી પુત્રને જન્મ આપે છે એ સમય આવી ગયો છે. હવે તમે સંગ્રામભૂમિમાં બળ, વીર્ય, શૌર્ય, અસ્ત્રલાઘવ અને પુરુષાર્થ દેખાડીને પોતાના

ક્રોધને ઠંડો કરો. અમે તમને જુગારમાં હરાવ્યા હતા, તમારી સામે જ અમે દ્રૌપદીને સભામાં ઘસડીને લાવ્યા હતા અને પછી અમે જ બાર વર્ષ સુધી ઘરમાંથી કાઢીને તમને વનમાં રાખ્યા અને એક વર્ષ સુધી વિરાટના ઘરમાં રહીને તેમની ગુલામી કરવા માટે મજબૂર કર્યા. આ દેશનિકાલ, વનવાસ અને દ્રૌપદીના ક્લેશોને યાદ કરીને થોડા મરદ બનો અને કૃષ્ણને સાથે લઈને યુદ્ધભૂમિમાં આવી જાઓ. તમે બહુ મોટી-મોટી વાતો કર્યા કરો છો, તો આ વ્યર્થ બકવાદ છોડીને થોડો પુરુષાર્થ દેખાડો. ભલા, તમે પિતામહ ભીષ્મ, દુર્ધર્ષ કર્ણ, મહાબળી શલ્ય અને આચાર્ય દ્રોણને યુદ્ધમાં પરાસ્ત કર્યા વિના કઈ રીતે રાજ્ય પ્રાપ્ત કરવા ચાહો છો? અરે, પૃથ્વી પર પગ મૂકનાર એવો કયો જીવ છે, જેને મારવાનો ભીષ્મ અને દ્રોણ સંકલ્પ કરે તથા જેને તેમનાં દારુણ શસ્ત્રોનો સ્પર્શ પણ થઈ જાય અને છતાં પણ તે જીવતો રહે. એ હું જાણું છું કે શ્રીકૃષ્ણ તમારા સહાયક છે અને તમારી પાસે ગાંડીવ ધનુષ્ય પણ છે. તથા તમારા જેવો બીજો કોઈ યોદ્ધો નથી. આ વાત પણ મારાથી અજાણી નથી. પરંતુ લો, આ બધું જાણવા છતાં પણ હું તમારું રાજ્ય છીનવી રહ્યો છું. પાછલાં તેર વર્ષ સુધી તો તમે વિલાપ કર્યો છે અને મેં રાજ્ય ભોગવ્યું છે. હવે આગળ પણ ભાઈ-બાંધવો સહિત તમને મારીને હું જ રાજ્ય-શાસન કરીશ. અર્જુન! જે સમયે દાસત્વના દાવમાં મેં તમને જુગારમાં જીતી લીધા હતા તે સમયે તમારું ગાંડીવ ક્યાં ગયું હતું અને ભીમસેનનું બળ ક્યાં ચાલ્યું ગયું હતું? તે સમયે તો અનિંદિતા દ્રૌપદીની કૃપા વિના ગદાધારી ભીમસેન અને ગાંડીવધારી અર્જુન પણ તે દાસત્વથી મુક્ત થઈ શક્યા ન હતા. જુઓ, એ પણ મારો જ પુરુષાર્થ હતો કે વિરાટનગરમાં ભીમસેનને તો રસોઈ બનાવતાં બનાવતાં શાંતિ ન હતી અને તમારે માથામાં વેણી લટકાવીને હીજડાનું રૂપ બનાવીને રાજકન્યાને નચાવવી પડતી હતી. હું તમારા અથવા કૃષ્ણના ભયથી રાજ્ય આપવાનો નથી. હવે તમે અને કૃષ્ણ મળીને યુદ્ધ કરો. જે સમયે મારાં અમોઘ બાણ છૂટશે તે સમયે હજારો કૃષ્ણ અને સેંકડો અર્જુન દશે દિશાઓમાં ભાગતા ફરશે. પછી તમારા બધાં સગાં-સંબંધીઓ યુદ્ધમાં મરાઈ જશે. તે વખતે તમને ભારે સંતાપ થશે અને જે પ્રમાણે પુણ્યહીન પુરુષ સ્વર્ગપ્રાપ્તિની આશા છોડી દે છે, તે જ પ્રમાણે તમારી રાજ્ય પ્રાપ્ત કરવાની આશા પણ તૂટી જશે. તેથી તમે શાંત થઈ જાઓ.'

—★—

ઉલૂકે પાંડવોને દુર્યોધનનો સંદેશ કહેવો અને પછી પાંડવોનો સંદેશો લઈને દુર્યોધન પાસે આવવું

સંજય કહે છે – મહારાજ! આ પ્રમાણે દુર્યોધનનો સંદેશો લઈને ઉલૂક પાંડવોની છાવણીમાં આવ્યો અને પાંડવોને મળીને રાજા યુધિષ્ઠિરને કહેવા લાગ્યો, 'તમે દૂતનાં વચનોથી પરિચિત છો જ. તેથી જે પ્રમાણે મને કહેવામાં આવ્યું છે, તે જ પ્રમાણે દુર્યોધનનો સંદેશો સંભળાવું તો ક્રોધ કરશો નહિ.'

યુધિષ્ઠિરે કહ્યું – ઉલૂક! તમારા માટે કોઈ ભયની વાત નથી. તમે બેધડક અદૂરદર્શી દુર્યોધનનો સંદેશો કહો.

ઉલૂકે કહ્યું – રાજન્! મહામના રાજા દુર્યોધને બધા કૌરવોની સામે તમારા માટે જે

સંદેશો કહ્યો છે, તે સાંભળો. તેમણે કહ્યું છે – ''પાંડવો! તમે રાજ્યહરણ, વનવાસ અને દ્રૌપદીની પીડાની વાતને યાદ કરીને જરા મરદ બની જાઓ. ભીમસેને સામર્થ્ય વિના જ જે એવી પ્રતિજ્ઞા કરી હતી કે 'હું દુઃશાસનનું લોહી પીશ,' તો જો તેનામાં શક્તિ હોય તો પી જુએ. અસ્ત્ર-શસ્ત્રોમાં મંત્રો દ્વારા દેવતાઓનું આવાહન થઈ ચૂક્યું છે, કુરુક્ષેત્રનો કીચડ સુકાઈ ગયો છે અને રસ્તા ચોરસ થઈ ગયા છે; તેથી હવે કૃષ્ણની સાથે સંગ્રામભૂમિમાં આવી જાઓ. તમે પિતામહ ભીષ્મ, દુર્ધર્ષ કર્ણ, મહાબળી શલ્ય અને આચાર્ય દ્રોણને યુદ્ધમાં પરાસ્ત કર્યા વિના કઈ રીતે રાજ્ય લેવા ચાહો છો? ભલા, પૃથ્વી પર પગ મૂકનાર એવો કોઈ પ્રાણી છે જેને મારવાનો ભીષ્મ અને દ્રોણ સંકલ્પ કરી લે તથા જેને તેમનાં દારુણ શસ્ત્રોનો સ્પર્શ પણ થઈ જાય અને છતાં તે જીવિત પણ રહે.'

મહારાજ યુધિષ્ઠિરને આ પ્રમાણે કહીને ઉલૂકે અર્જુન તરફ મોં કરીને કહ્યું – 'અર્જુન! તમને મહારાજ દુર્યોધન કહે છે કે તમે બહુ બકવાદ કેમ કરો છો? આ વ્યર્થ વાતો કરવાની છોડીને યુદ્ધમાં સામા આવી જાઓ. હવે તો યુદ્ધ કરવાથી જ કશુંક કામ બની શકે છે, વાતો કરવાથી કશું નહિ થાય. હું જાણું છું કે કૃષ્ણ તમારા સહાયક છે અને તમારા પાસે ગાંડીવ ધનુષ્ય પણ છે. તથા તમારા જેવો કોઈ યોદ્ધા નથી – આ વાત પણ મારાથી અજાણી નથી. પરંતુ લો, આવું જાણવા છતાં પણ હું તમારું રાજ્ય છીનવી રહ્યો છું. પાછલાં તેર વર્ષ સુધી તમે તો વિલાપ કર્યો અને મેં રાજ્ય ભોગવ્યું છે. હવે આગળ પણ તમને અને તમારા બંધુ-બાંધવોને મારીને હું જ રાજ્ય-શાસન કરીશ. દ્યૂતક્રીડા વખતે જ્યારે તમે દાસત્વમાં બંધાઈ ગયા હતા ત્યારે તે સમયે તો અનિંદિતા દ્રૌપદીની કૃપા વિના ગદાધારી ભીમ અને ગાંડીવધારી અર્જુન તો તે દાસત્વથી પોતાનો છુટકારો પણ કરાવી શક્યા ન હતા. વિરાટનગરમાં મારા જ કારણે તમારે માથા પર વેણી લટકાવીને હીજડાનો વેશ બનાવીને રાજકન્યાને નચાવવી પડી હતી. હું તમારા અથવા કૃષ્ણના ભયથી રાજ્ય નહિ આપું. હવે તમે અને કૃષ્ણ બંને મળીને અમારી સાથે યુદ્ધ કરો. જે સમયે મારાં અમોઘ બાણ છૂટશે તે સમયે હજારો કૃષ્ણ અને સેંકડો અર્જુન દશે દિશાઓમાં ભાગતા ફરશે. આ પ્રમાણે જ્યારે તમારા બધાં સગાં-સંબંધીઓ યુદ્ધમાં મરાઈ જશે ત્યારે તમને ઘણો સંતાપ થશે અને જે રીતે પુણ્યહીન પુરુષ સ્વર્ગની આશા છોડી દે છે, તેમ તમારે આ પૃથ્વીના રાજા બનવાની આશા છોડી દેવી પડશે. તેથી તમે શાંત થઈ જાઓ.'

પાંડવો તો પહેલેથી જ ક્રોધે ભરાયેલા જ હતા. ઉલૂકની આ વાતો સાંભળીને તેઓ વધારે ગરમ થઈ ગયા અને ઝેરીલા સર્પોની જેમ એકબીજાની સામે જોવા લાગ્યા. ત્યારે શ્રીકૃષ્ણે સહેજ મુસ્કાઈને ઉલૂકને કહ્યું, 'ઉલૂક! તમે તરત જ દુર્યોધન પાસે જાઓ અને તેને કહો કે અમે તમારી વાતો સાંભળી લીધી છે. તમારી જેવી ઈચ્છા છે તેવું જ થશે.'

ભીમસેન કૌરવોનો સંકેત અને ભાવને સમજીને ક્રોધમાં રાતાપીળા થઈ ગયો અને દાંત પીસીને ઉલૂકને કહેવા લાગ્યા, ''મૂર્ખ! દુર્યોધને તને જે જે વાતો કહી છે તે બધી અમે સાંભળી લીધી. હવે હું જે કાંઈ કહું છું તે સાંભળ. તે બધા ક્ષત્રિયોની સામે સૂતપુત્ર કર્ણ અને પોતાના પિતા દુરાત્મા શકુનિના સાંભળતાં દુર્યોધનને એમ કહેજે કે 'અરે દુરાત્મા! અમે

જે અમારા મોટાભાઈ યુધિષ્ઠિરની પ્રસન્નતાને માટે હંમેશાં તારા અપરાધોને સહેતા આવ્યા છીએ, એવું લાગે છે કે અમારા તે ઉપકારોનો તારા મનમાં કોઈ આદર નથી. ધર્મરાજ પોતાના કુળના કલ્યાણ માટે જ આપસમાં સંધિ કરાવવા ચાહતા હતા. તેથી તેમણે શ્રીકૃષ્ણને કૌરવો પાસે મોકલ્યા હતા. પરંતુ ખરેખર તારા માથા પર કાળ નાચી રહ્યો છે, એટલા માટે જ તું યમરાજને ઘેર જવા ચાહે છે. મેં પણ તને અને તારા ભાઈઓને મારવાની પ્રતિજ્ઞા કરી છે અને તે પ્રમાણે જ થશે. સમુદ્ર ભલેને પોતાની મર્યાદા છોડી દે અને પર્વતોના ભલેને ટુકડા ટુકડા થઈ જાય, પરંતુ મારું કથન અન્યથા થશે નહિ. અરે દુર્બુદ્ધે! સાક્ષાત્ યમ, કુબેર અને રુદ્ર પણ તારી સહાયતા કરે તો પણ પાંડવો પોતાની પ્રતિજ્ઞા પૂરી કરશે. હું ખૂબ પેટ ભરીને દુઃશાસનનું લોહી પીશ. આ યુદ્ધમાં સ્વયં ભીષ્મજીને આગળ કરીને પણ કોઈ ક્ષત્રિય મારી સામે આવશે તો તેને તરત જ યમસદન પહોંચાડી દઈશ.' ક્ષત્રિયોની સભામાં મેં જેટલી વાતો કરી છે તે બધી સત્ય થશે – આ હું મારા આત્માના સોગંદ લઈને કહું છું."

ભીમસેનની વાત સાંભળીને સહદેવ પણ ક્રોધિત થઈ ગયા અને આ પ્રમાણે કહેવા લાગ્યા, 'પાપી ઉલૂક! મારી વાત સાંભળ! તું તારા પિતાને જઈને કહેજે કે 'જો રાજા ધૃતરાષ્ટ્ર સાથે તારો સંબંધ ન હોત તો અમારી વચ્ચે આ કુસંપ જ ન થાત.' તેં તો ધૃતરાષ્ટ્રના વંશ અને સઘળા લોકોનો નાશ કરાવવા માટે જ જન્મ લીધો છે. તું સાક્ષાત્ શત્રુતાની મૂર્તિ, પોતાના કુળનો નાશ કરનાર અને મોટો પાપી છે. ઉલૂક! યાદ રાખજે, આ યુદ્ધમાં હું પહેલાં તને મારીશ અને પછી તારા પિતાના પ્રાણ લઈશ.'

ભીમ અને સહદેવની વાત સાંભળીને અર્જુને મુસ્કાઈને ભીમસેનને કહ્યું, 'મોટાભાઈ! તમારી સાથે જે લોકોને વેર છે, તેમના વિશે તો તમે એ જ સમજો કે તેઓ સંગ્રામમાં છે જ નહિ. પરંતુ ઉલૂકને તમારે કોઈ કઠોર વાત ન કહેવી જોઈએ. દૂત બિચારાનો શો અપરાધ? તેને તો જેવું કહેવામાં આવે છે, તેવું જ તે કહી દે છે.' ભીમસેનને આ પ્રમાણે કહીને પછી તેમણે ધૃષ્ટદ્યુમ્ન વગેરે પોતાના સંબંધીઓને કહ્યું, 'તમે બધાએ પાપી દુર્યોધનની વાત સાંભળી ને? એમાં વિશેષરૂપે મારી અને શ્રીકૃષ્ણની જ નિંદા કરવામાં આવી છે. આ વાતોને સાંભળીને તમે અમારા જ હિતની દૃષ્ટિએ ગુસ્સામાં ભરાઈ ગયા છો. પરંતુ તમારા લોકોની સહાયતા અને શ્રીકૃષ્ણના પ્રતાપે હું બધા જ ક્ષત્રિય રાજાઓને આ વાતોનો જવાબ આપી દઈશ અથવા કાલે આપણી સેનાની કૂચ વખતે ગાંડીવ ધનુષ્યથી જ આ બકવાદનો જવાબ આપીશ. વાતોમાં તો નપુંસકો જ જવાબ આપતા હોય છે.' અર્જુનની આ વાત સાંભળીને રાજાઓ તેમની પ્રશંસા કરવા લાગ્યા.

પછી રાજા યુધિષ્ઠિરે તે બધાનો તેમની ઉંમર પ્રમાણે સત્કાર કર્યો અને દુર્યોધનને સંદેશારૂપે કહેવા માટે ઉલૂકને કહ્યું – 'ઉલૂક! તમે જાઓ અને શત્રુતાની મૂર્તિ કુળકલંક દુર્યોધનને કહો કે ભાઈ! તારી બુદ્ધિ બહુ પાપી છે. હવે તેં અમને યુદ્ધ માટે આમંત્રિત તો કરી દીધા છે, પરંતુ તું ક્ષત્રિય છે તેથી અમારા માનનીય ભીષ્મ વગેરેને અને સ્નેહાસ્પદ લક્ષ્મણ વગેરેને આગળ રાખીને અમારી સાથે યુદ્ધ ન કરતો. બલકે પોતાના અને સેવકોના પરાક્રમને ભરોસે જ પાંડવોને યુદ્ધમાં બોલાવજે. તું પૂરેપૂરું

ક્ષત્રિયપણું નિભાવજે. જે પુરુષ બીજાના પરાક્રમનો આશ્રય લઈને શત્રુઓને સંગ્રામ માટે બોલાવે છે અને સ્વયં તેની સાથે લડવાની શક્તિ રાખતો નથી, તેને નપુંસક કહે છે.

શ્રીકૃષ્ણે કહ્યું – ઉલૂક! એ પછી તું દુર્યોધનને મારો સંદેશો કહેજે કે 'હવે કાલે જ તું રણભૂમિમાં આવી જા અને પોતાની મર્દાનગી દેખાડ. તું જે એવું સમજી બેઠો છે કે કૃષ્ણ યુદ્ધ નહિ કરે, કેમકે પાંડવોએ એને અર્જુનનો સારથિ બનાવ્યો છે – શું આ કારણે તને મારો ભય નથી? તો યાદ રાખજે, યુદ્ધના અંતે કોઈ બચવાનું નથી, અગ્નિ જેમ ઘાસ-પાનને બાળી નાખે છે, એ જ પ્રમાણે મારા ક્રોધથી હું બધાને ભસ્મ કરી નાખીશ. અત્યારે તો મહારાજ યુધિષ્ઠિરની આજ્ઞાથી હું યુદ્ધ કરી રહેલા અર્જુનનું સારથિપણું જ કરીશ. હવે કાલે તો જો તું ત્રણે લોકમાં ઊડીને જવા ચાહે અથવા જમીનમાં ઘૂસી જવાનો પ્રયત્ન કરીશ તો પણ ત્યાં તને અર્જુનનો રથ દેખાશે. અને તું જે ભીમસેનની પ્રતિજ્ઞાને મિથ્યા સમજે છે, તો તું સમજી લેજે કે દુઃશાસનનું લોહી તો તેમણે આજે જ પી લીધું. તું વ્યર્થ આવી આડી-અવળી વાતો ઉપજાવી કાઢે છે; મહારાજ યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન અને નકુલ, સહદેવ તો તને તણખલા જેવો સમજે છે.'

આ પછી મહાયશસ્વી અર્જુન શ્રીકૃષ્ણ તરફ જોઈને ઉલૂકને કહેવા લાગ્યા – 'જે પુરુષ પોતાના પરાક્રમને ભરોસે શત્રુઓને યુદ્ધ માટે લલકારે છે અને પછી હિંમતથી તેનો મુકાબલો કરે છે તે જ મરદ છે. જાઓ, દુર્યોધનને કહો કે સવ્યસાચી અર્જુને તારો પડકાર સ્વીકારી લીધો છે, હવે આજની રાત્રિ વીતતાં જ યુદ્ધ શરૂ થઈ જશે. હું તારી સામે જ સર્વપ્રથમ કુરુવૃદ્ધ પિતામહ ભીષ્મનો સંહાર કરીશ. તમારા અધર્મી ભાઈ દુઃશાસનને ભીમસેને ક્રોધપૂર્વક જે વાત કહી હતી, તેને પણ તું થોડા જ દિવસમાં સત્ય થયેલી જોઈશ. દુર્યોધન! અભિમાન, દર્પ, ક્રોધ, કટુતા, નિષ્ઠુરતા, અહંકાર, ક્રૂરતા, તીક્ષ્ણતા, ધર્મવિદ્વેષ, ગુરુજનોની વાત ન માનવી અને અધર્મ પર લાગ્યા રહેવાનું દુષ્પરિણામ ઘણું જ જલદી તારી સામે આવી જશે. ભીષ્મ, દ્રોણ અને કર્ણનું યુદ્ધસ્થળમાં મૃત્યુ થતાં જ તું તારાં જીવન, રાજ્ય અને પુત્રોની આશા ગુમાવી દઈશ. જ્યારે તું પોતાના ભાઈઓ અને પુત્રોના મૃત્યુના સમાચાર સાંભળીશ અને ભીમસેન તને મારવા માટે પ્રવૃત્ત થશે, ત્યારે તને તારાં કુકર્મો યાદ આવશે. હું તને સાચેસાચું કહું છું, આ બધી વાત સત્ય થઈને જ રહેશે.'

ત્યાર પછી **યુધિષ્ઠિરે કહ્યું** – 'ભાઈ ઉલૂક! તું દુર્યોધનને જઈને મારી આ વાત કહેજે કે હું તો કીડા-મકોડાને પણ કષ્ટ આપવા ઈચ્છતો નથી, પછી મારા સગાં-સંબંધીઓના નાશની ઈચ્છા કઈ રીતે કરી શકું? એ કારણે જ મેં પહેલાં પાંચ ગામ માગ્યાં હતાં. પરંતુ તારું મન તૃષ્ણાગ્રસ્ત હતું અને તું મૂર્ખતાવશ વ્યર્થ બકવાદ કર્યા કરે છે. જુઓ, તમે લોકોએ શ્રીકૃષ્ણની હિતકર વાત પણ માન્ય ન રાખી. હવે વિશેષ કહેવા–સાંભળવામાં શું રાખ્યું છે? તું તારા બંધુ-બાંધવો સાથે મેદાનમાં આવી જા.'

ત્યાર પછી ભીમસેને કહ્યું – 'ઉલૂક! દુર્યોધન મહાન્ મૂર્ખ, પાપી, શઠ, ક્રૂર, કુટિલ અને દુરાચારી છે. તું મારા તરફથી તેને કહેજે કે મેં સભા વચ્ચે જે પ્રતિજ્ઞા કરી હતી તેને હું સત્યના સોગંદ લઈને કહું છું કે તેને હું જરૂર સત્ય કરીશ. હું રણભૂમિમાં દુઃશાસનને પછાડીને તેનું લોહી પીશ તથા તારી જાંઘને

તોડી નાખીશ અને તારા ભાઈઓને નષ્ટ કરી દઈશ. સાચું માનજે, હું ધૃતરાષ્ટ્રના બધા પુત્રોનો કાળ છું. એક વાત બીજી પણ સાંભળ – હું ભાઈઓ સહિત તને મારીને ધર્મરાજની સામે જ તારા માથા પર પગ મૂકીશ.'

પછી નકુળે કહ્યું – 'ઉલૂક! તું ધૃતરાષ્ટ્રપુત્ર દુર્યોધનને કહેજે કે, મેં તારી બધી વાતો સારી રીતે સાંભળી લીધી છે. તું મને જેવું કરવા માટે કહી રહ્યો છે, હું તેવું જ કરીશ.' સહદેવ બોલ્યો, 'દુર્યોધન! તારો જે વિચાર છે તે બધો વ્યર્થ જશે અને મહારાજ ધૃતરાષ્ટ્રને તમારા બધા માટે શોક કરવો પડશે.' ત્યારપછી શિખંડીએ કહ્યું, 'નિઃસંદેહ વિધાતાએ મને પિતામહ ભીષ્મના વધ માટે જ ઉત્પન્ન કર્યો છે. તેથી હું બધા ધનુર્ધરોની સામે જ તેમને ધરાશાયી કરી દઈશ.' પછી ધૃષ્ટદ્યુમ્ને પણ કહ્યું, 'મારા તરફથી તું દુર્યોધનને કહેજે કે હું દ્રોણાચાર્યને તેમના સાથી અને સંબંધીઓ સહિત મારી નાખીશ.' અંતમાં મહારાજ યુધિષ્ઠિરે કરુણાવશ થઈને ફરી કહ્યું, 'હું તો કોઈ પણ પ્રકારે પોતાના કુટુંબીઓનો વધ કરવા ચાહતો નથી. આ બધી પરિસ્થિતિ તો તારા જ દોષને કારણે ઊભી થઈ છે. ઉલૂક! હવે તું જા અથવા રહેવાની ઇચ્છા હોય, તો અહીં જ રહે. અમે પણ તારા સંબંધીઓ જ છીએ.'

ત્યારે ઉલૂક મહારાજ યુધિષ્ઠિરની આજ્ઞા લઈને દુર્યોધનની પાસે આવ્યો અને તેને અર્જુનનો સંદેશો યથાવત્ કહી સંભળાવ્યો. તથા કૃષ્ણ, ભીમસેન તથા ધર્મરાજ યુધિષ્ઠિરના પુરુષાર્થનું વર્ણન કરીને, નકુલ, વિરાટ, દ્રુપદ, સહદેવ, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી તથા શ્રીકૃષ્ણ અને અર્જુને જે જે વાતો કહી હતી, તે બધી તે જ પ્રમાણે કહી સંભળાવી. ઉલૂકની વાતો સાંભળીને રાજા દુર્યોધને દુઃશાસન, કર્ણ અને શકુનિને કહ્યું કે 'બધા રાજાઓને તથા પોતાની તથા પોતાના મિત્રોની સેનાઓને આજ્ઞા આપી દો કે કાલે સૂર્યોદય થતાં પહેલાં જ બધા સેનાપતિઓ તૈયાર થઈ જાય.' ત્યારે કર્ણની આજ્ઞાથી દૂતોએ સંપૂર્ણ સેના અને રાજાઓને દુર્યોધનનો આ આદેશ સંભળાવી દીધો.

આ બાજુ ઉલૂકની વાતો સાંભળીને કુંતીનંદન યુધિષ્ઠિરે પણ ધૃષ્ટદ્યુમ્નના નેતૃત્વમાં પોતાની ચતુરંગિણી સેનાને કૂચ કરાવી દીધી. મહારથી ભીમ અને અર્જુન વગેરે બધી બાજુથી તેની દેખરેખ કરતા રહીને ચાલતા હતા. તેની આગળ મહાન ધનુર્ધર ધૃષ્ટદ્યુમ્ન હતા. જે વીરનું જેવું બળ અને જેવો ઉત્સાહ હતો, તેને તે જ કોટિના પ્રતિપક્ષી સાથે યુદ્ધ કરવાની તેમણે આજ્ઞા આપી. અર્જુનને કર્ણ સાથે, ભીમસેનને દુર્યોધન સાથે, ધૃષ્ટકેતુને શલ્ય સાથે, ઉત્તમૌજાને કૃપાચાર્ય સાથે, નકુળને અશ્વત્થામા સાથે, શૈબ્યને કૃતવર્મા સાથે, સાત્યકિને જયદ્રથ સાથે અને શિખંડીને ભીષ્મ સાથે યુદ્ધ કરવા માટે નિયુક્ત કરી દીધા. એ જ પ્રમાણે સહદેવને શકુનિ સાથે, ચેકિતાનને શલ સાથે, દ્રૌપદીના પાંચ પુત્રોને ત્રિગર્ત્તવીરો સાથે અને અભિમન્યુને વૃષસેન તથા અન્ય રાજાઓ સાથે લડવાનો આદેશ આપ્યો; કેમકે તેઓ અભિમન્યુને સંગ્રામમાં અર્જુન કરતાં પણ વિશેષ શક્તિશાળી સમજતા હતા. આ પ્રમાણે બધા યોદ્ધાઓના વિભાગ કરીને તેમણે પોતાના ભાગમાં દ્રોણાચાર્યને રાખ્યા અને પછી પાંડવોના વિજય માટે રણાંગણમાં સુસજ્જ થઈને ઊભા થઈ ગયા.

—★—

દુર્યોધનને ભીષ્મજીના મુખે પોતાની સેનાના રથી અને અતિરથીઓનું વિવરણ કહી સંભળાવવું

રાજા ધૃતરાષ્ટ્રે પૂછ્યું – સંજય! જ્યારે અર્જુને ભીષ્મનો વધ કરવા માટે પ્રતિજ્ઞા કરી ત્યારે મારા મૂર્ખ પુત્ર દુર્યોધન વગેરેએ શું કર્યું? મને તો હવે એવું લાગે છે કે જાણે શ્રીકૃષ્ણના સાથી અર્જુને યુદ્ધમાં મારા કાકા ભીષ્મજીને મારી જ નાખ્યા હોય. આ સિવાય એ પણ કહો કે મહાપરાક્રમી ભીષ્મે પ્રધાન સેનાપતિપદેથી શું કર્યું?

સંજય કહેવા લાગ્યા – મહારાજ! સેનાધ્યક્ષનું પદ પ્રાપ્ત કરીને શાંતનુનંદન ભીષ્મે દુર્યોધનની પ્રસન્નતા વધારતા રહીને કહ્યું, 'હું શક્તિપાણિ ભગવાન સ્વામિકાર્તિકેયને નમસ્કાર કરીને આજે તમારો સેનાપતિ બનું છું. હવે તમે આમાં કોઈ પ્રકારનો સંદેહ ન રાખશો. હું સેના-સંબંધી કાર્યો અને જાત-જાતની વ્યૂહ-રચનાઓમાં પ્રવીણ છું. મને દેવતા, ગંધર્વ અને મનુષ્ય – ત્રણેયની વ્યૂહ-રચનાનું જ્ઞાન છે. હવે તમે બધી પ્રકારની માનસિક ચિંતા છોડી દો. હું શાસ્ત્રાનુસાર તમારી સેનાની યથોચિત રક્ષા કરતો રહીને નિષ્કપટભાવે પાંડવો સાથે યુદ્ધ કરીશ.'

દુર્યોધને કહ્યું – પિતામહ! ભય તો મને દેવતાઓ અને અસુરો સાથે યુદ્ધ કરવામાં પણ લાગતો નથી. પછી જ્યારે તમે સેનાપતિ છો અને નરશ્રેષ્ઠ આચાર્ય દ્રોણ આપણી રક્ષા કાજે ઊભા હોય ત્યારે તો કહેવાનું જ શું? તમે પોતાના અને વિપક્ષીઓના બધા રથી અને અતિરથીઓને સારી રીતે જાણો છો. તેથી હું અને આ બધા રાજાઓ તમારા મુખેથી તેમની સંખ્યા સાંભળવા ઇચ્છીએ છીએ.

ભીષ્મજીએ કહ્યું – રાજન્! તમારી સેનામાં જેટલા રથી અને મહારથી છે, તેમનું વિવરણ સાંભળો. તમારા પક્ષમાં કરોડો અને અબજો રથી છે. તેમાં જે મુખ્ય-મુખ્ય છે, તેમનાં નામ સાંભળો. સર્વપ્રથમ તો દુઃશાસન વગેરે પોતાના સો ભાઈઓ સહિત તમે જ બહુ મોટા રથી છો. તમે બધાં છેદન-ભેદનમાં કુશળ અને ગદા, પ્રાસ તથા ઢાલ-તલવારના યુદ્ધમાં પારંગત છો. હું તમારો મુખ્ય સેનાપતિ છું. મારી કોઈ વાત તમારાથી અજાણી નથી; મારા મુખે હું મારા ગુણોનું વર્ણન કરું, એ ઉચિત લાગતું નથી. શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ કૃતવર્મા પણ તમારી સેનામાં એક અતિરથી છે. મહાન ધનુર્ધર મદ્રરાજ શલ્યને પણ હું અતિરથી માનું છું. તેઓ પોતાના ભાણેજ નકુળ અને સહદેવને છોડીને બાકીના બધા પાંડવો સાથે યુદ્ધ કરશે. રથયૂથપતિઓના અધિપતિ ભૂરિશ્રવા પણ શત્રુઓની સેનાનો ભયંકર સંહાર કરશે. સિંધુરાજ જયદ્રથને હું બે રથીઓ તુલ્ય સમજું છું. તેઓ પોતાના દુસ્ત્યજ પ્રાણોને હોડમાં મૂકીને પણ પાંડવો સાથે સંગ્રામ કરશે. કામ્બોજનરેશ સુદક્ષિણ એક રથીને બરાબર છે. માહિષ્મતીપુરના રાજા નીલને પણ રથી કહી શકાય એમ છે. તેની પહેલેથી જ સહદેવ સાથે શત્રુતા છે. તેથી તે તમારા માટે પાંડવો સાથે બરાબર યુદ્ધ કરતો રહેશે. અવન્તિનરેશ વિન્દ અને અનુવિન્દ બહુ સારા રથી છે. એ બંને બહુ યુદ્ધપ્રેમી છે, તેઓ શત્રુઓની સેનામાં સહજતાથી ઘૂસીને કાળની જેમ ત્રાટકશે. મારા માનવા પ્રમાણે ત્રિગર્તદેશના પાંચ ભાઈઓ પણ બહુ સારા રથી છે. એમાં પણ સત્યરથ મુખ્ય છે. તમારો પુત્ર લક્ષ્મણ અને દુઃશાસનનો પુત્ર – એ બંને જોકે તરુણ

અવસ્થાના અને સુકુમાર છે, છતાં પણ હું તેમને સારા રથી માનું છું. રાજા દંડધાર પણ એક રથી છે, પોતાની સેના સાથે તેઓ પણ યુદ્ધમાં સારું ખમીર બતાવશે. મારા માનવા પ્રમાણે બૃહદ્બલ અને કૌસલ્ય પણ સારા રથી છે. કૃપાચાર્ય તો રથયૂથપતિઓના અધ્યક્ષ છે. તેઓ પોતાના પ્રિય પ્રાણની પણ બાજી લગાવીને તમારા શત્રુઓનો સંહાર કરશે. તેઓ સાક્ષાત્ સ્વામી કાર્તિકેય જેવા અજેય છે.

તમારા મામા શકુનિ પણ એક રથી છે. તેમની પાંડવો સાથે પાકી દુશ્મની છે, તેથી તેઓ નિઃસંદેહ તેમની સાથે ઘોર યુદ્ધ કરશે. દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામા તો બહુ મોટા મહારથી છે. પરંતુ તેમને પોતાના પ્રાણ બહુ વહાલા છે. જો તેમનામાં આ એક દોષ ન હોત તો તેમના જેવો યોદ્ધો બંને પક્ષમાં કોઈ ન હોત. તેમના પિતા દ્રોણાચાર્ય પણ વૃદ્ધ હોવા છતાં યુવાનોને શરમાવે તેવા છે. તેઓ યુદ્ધમાં બહુ મોટું કાર્ય કરશે – એમાં મને શંકા નથી. પરંતુ અર્જુન પર તેમનો ભારે સ્નેહ છે. તેથી પોતાના આચાર્યપણા તરફ જોઈને તેઓ તેને ક્યારેય મારશે નહિ; કારણ કે અર્જુનને તો તેઓ પોતાના પુત્રથી પણ અધિક સમજે છે. આમ તો સંપૂર્ણ દેવો, ગંધર્વો અને મનુષ્યો મળીને પણ તેમની સામે આવે તો તેઓ એકલા જ રથ પર સવાર થઈને પોતાનાં દિવ્યાસ્ત્રોથી તેમને ખેદાનમેદાન કરી શકે છે. આ ઉપરાંત મહારાજ પૌરવને પણ હું મહારથી સમજું છું. તેઓ પાંચાલ વીરોનો સંહાર કરશે. રાજપુત્ર બૃહદ્બલ પણ એક સાચો રથી છે. તે કાળની જેમ તમારા શત્રુઓની સેનામાં ફરશે. મારા માનવા પ્રમાણે મધુવંશી રાજા જલસંધ પણ રથી છે. પોતાની સેના સાથે તે પણ પ્રાણોનો મોહ છોડીને યુદ્ધ કરશે. મહારાજ બાહ્લીક તો અતિરથી છે, તેમને હું યુદ્ધમાં સાક્ષાત્ યમરાજ તુલ્ય ગણું છું. તેઓ એકવાર યુદ્ધમાં આવ્યા પછી પાછી પાની કરતા નથી. સેનાપતિ સત્યવાન પણ એક મહારથી છે. તેના હાથે બહુ અદ્ભુત કાર્ય થશે. રાક્ષસરાજ અલમ્બુષ તો મહારથી છે જ. આ બધી રાક્ષસસેનામાં સર્વોત્તમ રથી અને માયાવી છે તથા પાંડવો સાથે તેની કટ્ટર શત્રુતા છે. પ્રાગ્જ્યોતિષપુરના રાજા ભગદત્ત મહાન વીર અને પ્રતાપી છે. તેઓ હાથી પર બેસીને યુદ્ધ કરનારાઓમાં સર્વશ્રેષ્ઠ છે અને રથયુદ્ધમાં પણ કુશળ છે. એમના સિવાય ગાંધારોમાં શ્રેષ્ઠ અચલ અને વૃષક – આ બંને ભાઈ પણ સારા રથી છે. એ બંને મળીને શત્રુઓનો સંહાર કરશે.

આ કર્ણ તો તમારો પ્રિય મિત્ર, સલાહકાર અને નેતા છે તથા તમને હંમેશાં પાંડવો સાથે ઝઘડો કરવા માટે ચડાવ્યા કરે છે. તે બહુ અભિમાની, બકવાદી અને નીચ પ્રકૃતિનો છે. એ ન તો રથી છે અને ન અતિરથી પણ છે. હું એને અર્ધરથી માનું છું. એ જો એકવાર અર્જુનની સામે ચાલ્યો ગયો તો તેના હાથમાંથી જીવતો જશે નહિ.

આ જ સમયે દ્રોણાચાર્ય પણ કહેવા લાગ્યા – 'ભીષ્મજી! બરાબર છે; તમે જે કહી રહ્યા છો, તેવી જ વાત છે. તમારું કથન કદી મિથ્યા થઈ શકતું નથી. મેં પણ દરેક યુદ્ધમાં તેને શેખી મારતો અને પછી ત્યાંથી ભાગતો જોયો છે. એ પ્રમાદી છે, તેથી હું પણ તેને અર્ધરથી જ માનું છું.'

ભીષ્મ અને દ્રોણની આ વાતો સાંભળીને કર્ણની ભમરો ચડી ગઈ અને તે ગુસ્સે થઈને કહેવા લાગ્યો, 'પિતામહ! મારો કોઈ અપરાધ

ન હોવા છતાં પણ તમે દ્વેષપૂર્વક આ પ્રમાણે વાતવાતમાં મને વાગ્બાણોથી વીંધ્યા કરો છો. હું માત્ર રાજા દુર્યોધનના લીધે જ તમારી આ બધી વાતો સહી લઉં છું. તમે મને અર્ધરથી માનશો તો બધો સંસાર એવું સમજીને કે ભીષ્મ મિથ્યા બોલતા નથી, તેઓ મને અર્ધરથી જ માનશે. પરંતુ કુરુનંદન! ઉંમર વધારે હોવાથી, વાળ પાકી જવાથી અથવા ધન કે મોટું કુટુંબ હોવાથી કોઈ ક્ષત્રિયને મહારથી કહેવામાં આવતો નથી. ક્ષત્રિય તો બળને કારણે જ શ્રેષ્ઠ માનવામાં આવે છે. એ જ પ્રમાણે બ્રાહ્મણ વેદમંત્રોના જ્ઞાનથી, વૈશ્ય અધિક સંપત્તિથી અને શૂદ્ર વધારે આયુ હોવાથી શ્રેષ્ઠ મનાય છે. તમે રાગ-દ્વેષથી ભરેલા છો; તેથી મોહવશ મનમાની રીતે રથી–અતિરથીઓના વિભાગ કર્યા કરો છો. મહારાજ દુર્યોધન! તમે જરા સારી રીતે યથાર્થપણે વિચારી લો. ભીષ્મજીનો ભાવ અત્યંત દૂષિત છે અને આ તમારું અહિત કરનારા છે, એટલે તમે આમનો ત્યાગ કરી દો. ક્યાં રથી અને અતિરથીઓનો વિચાર અને ક્યાં આ અલ્પબુદ્ધિના ભીષ્મ! આમને ભલા, એનો શો વિવેક હોઈ શકે? હું તો એકલો જ સંપૂર્ણ પાંડવ-સેનાનું મોં ફેરવી નાખીશ. ભીષ્મનું આયુષ્ય સમાપ્ત થઈ ચૂક્યું છે. તેથી કાળની પ્રેરણાથી એમની બુદ્ધિ પણ જાડી (સ્થૂળ) થઈ ગઈ છે. એ ભલા, યુદ્ધ, માર-કાપ અને સત્પરામર્શની વાતો શું સમજે? શાસ્ત્રોએ માત્ર વૃદ્ધોની વાત પર ધ્યાન આપવાનું કહ્યું છે, અતિવૃદ્ધોની વાત પર નહિ, કેમ કે તેઓ તો પછી બાળક જેવા જ હોય છે. જોકે હું એકલો જ પાંડવોની આ સેનાને નષ્ટ કરી દઈશ, પરંતુ સેનાપતિ હોવાથી તેનો યશ તો ભીષ્મને જ મળશે. તેથી જ્યાં સુધી એ જીવતા છે, ત્યાં સુધી જ હું કોઈ રીતે યુદ્ધ કરીશ નહિ. તેમના મર્યા પછી તો હું બધા મહારથીઓ સાથે લડીને દેખાડી દઈશ.'

ભીષ્મે કહ્યું – સૂતપુત્ર! હું આપસમાં કુસંપ કરાવવા ચાહતો નથી, એટલે જ તું અત્યાર સુધી જીવતો છે. હું વૃદ્ધ છું તેથી શું થયું? તું તો હજી બાળક જ છે, છતાં હું તારી યુદ્ધની લાલસા અને જીવનની આશાને કાપતો નથી. જમદગ્નિનંદન પરશુરામજી પણ મોટા-મોટા અસ્ત્ર-શસ્ત્રો વરસાવીને મારું કાંઈ બગાડી શક્યા નહિ, ત્યારે તું શું કરી લઈશ? અરે, કુલકલંક! જોકે સારા માણસો પોતાના બળની પોતાના મોઢે બડાઈ કરતા નથી, છતાં તારી કરતૂતોથી કંટાળીને મારે આ વાત કહેવી જ પડે છે. જો, જ્યારે કાશિરાજને ત્યાં સ્વયંવર થયો હતો ત્યારે મેં ત્યાં ઉપસ્થિત બધા રાજાઓને જીતીને કાશિરાજની કન્યાઓનું હરણ કર્યું હતું. તે સમયે એવા-એવા હજારો રાજાઓને મેં એકલાએ જ યુદ્ધભૂમિમાં પરાસ્ત કરી દીધા હતા.

આ વિવાદ થતો જોઈને રાજા દુર્યોધને ભીષ્મજીને કહ્યું, 'પિતામહ! તમે મારા સામે જુઓ. તમારા માથે બહુ મોટું કામ આવી પડ્યું છે. હવે તમે એકમાત્ર મારા હિત પર જ દૃષ્ટિ રાખો. મારા હિસાબે તો તમારા બંનેનો મારા પર બહુ મોટો ઉપકાર થશે. હવે હું શત્રુઓની સેનામાં પણ જે રથી અને અતિરથી છે તેમનું વિવરણ સાંભળવા ઇચ્છું છું. મારી ઇચ્છા છે કે હું શત્રુઓના બળાબળના વિષયમાં જાણકારી મેળવી લઉં; કેમકે આજની રાત પસાર થતાં જ આપણું યુદ્ધ શરૂ થઈ જશે.'

—★—

પાંડવોના રથી અને અતિરથીઓની ગણના

ભીષ્મજીએ કહ્યું – રાજન્! મેં તમારા પક્ષના રથી, અતિરથી અને અર્ધરથીનું વિવરણ તો આપી દીધું, હવે જો તમારી પાંડવપક્ષના રથી વગેરે સાંભળવાની ઉત્સુકતા છે, તો તે પણ સાંભળો. પ્રથમ તો રાજા યુધિષ્ઠિર સ્વયં એક અચ્છા રથી છે. ભીમસેન તો આઠ રથીઓ બરાબર છે. બાણ અને ગદાયુદ્ધમાં તેના જેવો કોઈ યોદ્ધો નથી. તેમાં દસહજાર હાથીઓનું બળ છે. તથા તે અત્યંત સન્માનિત અને તેજસ્વી છે. માદ્રીના પુત્ર નકુળ-સહદેવ પણ સારા રથી છે. આ બધા પાંડવો બાલ્યાવસ્થામાં જ તમારા લોકો કરતાં ઝડપી દોડવું, લક્ષ્ય વીંધવું, મર્મસ્થાનોને પીડા પહોંચાડવી અને પૃથ્વી પર નાખીને ઘસડવામાં ચઢિયાતા હતા. આ લોકો રણભૂમિમાં આપણી સેનાને નષ્ટ કરી નાખશે, તમે તેમની સાથે યુદ્ધ ન કરો. અર્જુનને તો સાક્ષાત્ શ્રીનારાયણની સહાયતા મળેલી છે. બંને પક્ષની સેનાઓમાં અર્જુન જેવો રથી કોઈ નથી. અત્યારે જ નહિ, મેં તો ભૂતકાળમાં પણ તેના જેવો કોઈ રથી સાંભળ્યો નથી. તે જો ક્રોધ કરશે તો તમારી સંપૂર્ણ સેનાને નષ્ટ કરી નાખશે. અર્જુનનો સામનો કાં તો હું કરી શકું છું અથવા આચાર્ય દ્રોણ. અમારા સિવાય બંને સેનાઓમાં ત્રીજો કોઈ પણ વીર તેની સામે ટકી શકે એમ નથી. પરંતુ અમે બંને પણ હવે વૃદ્ધ થઈ ગયા છીએ. અર્જુન તો યુવાન અને બધી રીતે કાર્યકુશળ છે.

આ ઉપરાંત દ્રૌપદીના પાંચે પુત્રો મહારથી છે. વિરાટના પુત્ર ઉત્તરને પણ હું સારો રથી માનું છું. મહાબાહુ અભિમન્યુ તો રથસમૂહોના જૂથોનો પણ અધ્યક્ષ છે. તે યુદ્ધ કરવામાં સ્વયં અર્જુન અને કૃષ્ણ જેવો છે. વૃષ્ણિવંશી વીરોમાં પરમ શૂરવીર સાત્યકિ પણ રથસમૂહોનો જૂથપતિ છે. તે અત્યંત અસહનશીલ અને નિર્ભય છે. ઉત્તમૌજાને પણ હું સારો રથી માનું છું તથા મારા માનવા પ્રમાણે યુધામન્યુ પણ ઉત્તમ રથી છે. વિરાટ અને દ્રુપદ વૃદ્ધ હોવા છતાં યુદ્ધમાં અજેય છે; હું એમને મહાન પરાક્રમી અને મહારથી સમજું છું. દ્રુપદનો પુત્ર શિખંડી પણ તે સેનામાં એક મુખ્ય રથી છે. દ્રોણાચાર્યનો શિષ્ય ધૃષ્ટદ્યુમ્ન તો તે સંપૂર્ણ સેનાનો સેનાપતિ છે. તેને પણ હું મહારથી અને અતિરથી માનું છું. ધૃષ્ટદ્યુમ્નનો પુત્ર ક્ષત્રધર્મા અર્ધરથી છે; કેમકે બાળક હોવાને કારણે તેણે હજી વિશેષ પ્રયત્ન નથી કર્યો. શિશુપાલનો પુત્ર ચેદિરાજ ધૃષ્ટકેતુ મોટો વીર અને ધનુર્ધર છે. તે પાંડવોનો સંબંધી અને મહારથી છે. આ સિવાય ક્ષત્રદેવ, જયંત, અમિતૌજા, સત્યજિત, અજ અને ભોજ પણ પાંડવોના પક્ષમાં મહાપરાક્રમી અને મહારથી છે.

કેકયદેશના પાંચ સહોદર રાજકુમારો બહુ જ દૃઢપરાક્રમી, જાતજાતનાં શસ્ત્રોથી યુદ્ધ કરનારા તથા ઉચ્ચકોટિના રથી છે. કૌશિક, સુકુમાર, નીલ, સૂર્યદત્ત, શંખ અને મદિરાશ્વ – આ બધા જ સારા રથી અને યુદ્ધકળામાં નિષ્ણાત છે. મહારાજ વાર્દ્ધક્ષેમિને પણ હું મહારથી માનું છું. રાજા ચિત્રાયુધ પણ શ્રેષ્ઠ રથી અને અર્જુનનો ભક્ત છે. ચેકિતાન, સત્યધૃતિ, વ્યાઘ્રદત્ત અને ચન્દ્રસેન – આ પાંડવસેનામાં બહુ સારા રથી છે. સેનાબિંદુ અથવા ક્રોધહન્તા નામનો જે વીર છે, તે તો શ્રીકૃષ્ણ અને અર્જુન જેવો જ બળવાન છે. તેને પણ એક ઉત્તમ રથી માનવો જોઈએ. કાશિરાજ શસ્ત્ર ચલાવવામાં બહુ જ સ્ફૂર્તિવાળો

અને શત્રુઓનો સંહાર કરનારો છે. તે પણ એક રથી તુલ્ય છે. દ્રુપદનો યુવા પુત્ર સત્યજિત તો આઠ રથીઓ બરાબર છે. તેને ધૃષ્ટદ્યુમ્નની જેમ અતિરથી કહી શકાય એમ છે. રાજા પાંડ્ય પણ પાંડવ-સેનામાં એક મહારથી છે. તે મોટો પરાક્રમી અને મહાન ધનુર્ધર છે. એ સિવાય શ્રેણિમાન્ અને રાજા વસુદાનને પણ હું અતિરથી માનું છું.

પાંડવોના પક્ષે રોચમાન પણ એક મહારથી છે. પુરુજિત્ કુંતિભોજ સારો ધનુર્ધર અને મહાબળી છે. તે ભીમસેનનો મામો છે. મારા માનવા પ્રમાણે તે અતિરથી છે. ભીમસેનનો પુત્ર રાક્ષસરાજ ઘટોત્કચ અત્યંત માયાવી છે. તેને હું રથસમૂહોનો પણ અધિપતિ સમજું છું. રાજન્! મેં તમને આ પાંડવ-સેનાના મુખ્ય-મુખ્ય રથી, અતિરથી અને અર્ધરથી કહી સંભળાવ્યા. મને શ્રીકૃષ્ણ, અર્જુન તથા બીજા રાજાઓમાંથી જે કોઈ જ્યાં પણ મળશે તેને હું ત્યાં રોકવાનો પ્રયત્ન કરીશ. પરંતુ જો દ્રુપદપુત્ર શિખંડી મારી સામે આવીને યુદ્ધ કરશે તો તેને હું મારીશ નહિ; કેમકે મેં બધા રાજાઓની સામે આજન્મ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરી છે. તેથી કોઈ સ્ત્રીને અથવા જે પહેલાં સ્ત્રી હોય, તેવા પુરુષને હું ક્યારેય મારીશ નહિ. કદાચ તમે સાંભળ્યું હશે કે આ શિખંડી પહેલાં સ્ત્રી હતો. એ કન્યારૂપે જન્મીને પાછળથી પુરુષ થઈ ગયો છે. તેથી એને હું મારીશ નહિ. એ સિવાય યુદ્ધભૂમિમાં બીજા જે જે રાજાઓ મારી સામે આવશે તે બધાને મારીશ; પરંતુ કુંતીપુત્રોના પ્રાણ લઈશ નહિ.

—★—

ભીષ્મજી દ્વારા શિખંડીના પૂર્વજન્મની કથા કહેવી, અમ્બાનું ભીષ્મ દ્વારા હરણ અને શાલ્વ દ્વારા તિરસ્કાર

દુર્યોધને પૂછ્યું – દાદાજી! આતતાયી શિખંડી જો યુદ્ધભૂમિમાં બાણ ચડાવીને તમારી સામે આવશે, તો પણ તમે તેનો વધ કેમ નહિ કરો?

ભીષ્મજી બોલ્યા – દુર્યોધન! શિખંડીને રણભૂમિમાં મારી સામે જોઈને પણ હું મારીશ નહિ, તેનું કારણ સાંભળો. જ્યારે મારા જગપ્રસિદ્ધ પિતાજી શાન્તનુ સ્વર્ગવાસી થયા ત્યારે મેં મારી પ્રતિજ્ઞાનું પાલન કરીને ચિત્રાંગદને રાજ્યસિંહાસન પર અભિષિક્ત કર્યો. જ્યારે તેનું પણ મૃત્યુ થયું ત્યારે માતા સત્યવતીની સલાહથી મેં વિચિત્રવીર્યને રાજા બનાવ્યો. વિચિત્રવીર્યની ઉંમર બહુ નાની હતી, તેથી રાજકાર્યમાં તેને મારી સલાહની અપેક્ષા રહેતી હતી. પછી મને કોઈ અનુકૂળ કુળની કન્યા સાથે તેનાં લગ્ન કરાવવાની ચિંતા થઈ. તે જ સમયે મેં સાંભળ્યું કે કાશિરાજની અંબા, અંબિકા અને અંબાલિકા નામની ત્રણ અનુપમ રૂપવતી કન્યાઓનો સ્વયંવર થવાનો છે. તેમાં પૃથ્વીના બધા રાજાઓને બોલાવવામાં આવ્યા હતા. હું પણ એકલો જ રથમાં બેસીને કાશિરાજની રાજધાનીમાં પહોંચ્યો. ત્યાં એવો નિયમ કરવામાં આવ્યો હતો કે જે સહુથી પરાક્રમી હશે, તેની સાથે આ કન્યાઓનાં લગ્ન કરાવવામાં આવશે. મને જ્યારે આની ખબર પડી ત્યારે મેં ત્રણે કન્યાઓને મારા રથમાં બેસાડી દીધી અને ત્યાં એકત્ર થયેલા રાજાઓને વારંવાર સંભળાવીને કહી દીધું કે 'મહારાજ

શાન્તનુનો પુત્ર ભીષ્મ આ કન્યાઓને લઈ જઈ રહ્યો છે, તમે લોકો પૂરેપૂરા બળથી આમને છોડાવવાનો પ્રયત્ન કરો.'

ત્યારે તે રાજાઓ અસ્ત્ર-શસ્ત્ર લઈને મારા ઉપર તૂટી પડ્યા અને પોતાના સારથીઓને રથ તૈયાર કરવાનો આદેશ આપવા લાગ્યા. તેમણે રથો પર ચડીને મને ચારે બાજુથી ઘેરી લીધો અને મેં પણ બાણો વરસાવીને તેમને ઢાંકી દીધા. મેં એક એક બાણ મારીને તેમના હાથી, ઘોડા અને સારથીઓને ધરાશાયી કરી દીધા. મારી બાણ ચલાવવાની સ્ફૂર્તિ જોઈને તેમનાં મોઢાં પાછળની બાજુ ફરી ગયાં અને તેઓ મેદાન છોડીને ભાગી ગયા. આ પ્રમાણે તે બધા રાજાઓને જીતીને હું હસ્તિનાપુર ચાલ્યો આવ્યો અને ભાઈ વિચિત્રવીર્ય માટે એ ત્રણે કન્યાઓ માતા સત્યવતીને સોંપી દીધી. મારી વાત સાંભળીને સત્યવતીને બહુ આનંદ થયો અને તેણે કહ્યું, 'બેટા! બહુ આનંદની વાત છે કે તેં બધા રાજાઓ પર વિજય પ્રાપ્ત કર્યો.' પછી જ્યારે સત્યવતીની સલાહથી લગ્નની તૈયારી થવા લાગી ત્યારે કાશિરાજની સહુથી મોટી પુત્રી અંબાએ બહુ સંકોચ સાથે કહ્યું કે, 'ભીષ્મજી! તમે બધાં શાસ્ત્રોના પારંગત અને ધર્મના રહસ્યને જાણનાર છો. તેથી મારી ધર્મને અનુકૂળ વાત સાંભળીને પછી તમે જે ઉચિત સમજો તે પ્રમાણે કરો. પહેલાં હું મનથી રાજા શાલ્વને વરી ચૂકી છું અને તેમણે પણ પિતાજી આગળ પ્રગટ ન કરતાં એકાંતમાં મને પત્નીરૂપે સ્વીકારી લીધી છે. આ પ્રમાણે મારું મન તો અન્ય જગાએ આસક્ત ચૂક્યું છે, પછી કુરુવંશી થઈને પણ તમે રાજધર્મને તિલાંજલિ આપીને મને પોતાના ઘરમાં કેમ રાખવા ચાહો છો? આ વાત જાણી લીધા પછી તમે મનમાં વિચાર કરો અને પછી યોગ્ય લાગે તેમ કરો.'

ત્યારે મેં સત્યવતી, મંત્રીઓ, ઋત્વિજો, અને પુરોહિતોની અનુમતિ લઈને અંબાને જવાની આજ્ઞા આપી દીધી. અંબા વૃદ્ધ બ્રાહ્મણો અને દાઈઓને સાથે લઈને રાજા શાલ્વના નગરમાં ગઈ. તેણે શાલ્વ પાસે જઈને કહ્યું, 'મહાબાહુ! હું તમારી સેવામાં ઉપસ્થિત છું.' આ સાંભળીને શાલ્વે થોડું મુસ્કાઈને કહ્યું – 'સુંદરી! પહેલાં તમારો સંબંધ બીજા પુરુષથી થઈ ચૂક્યો છે, તેથી હવે હું તમારો પત્નીરૂપે સ્વીકાર કરી શકું એમ નથી. હવે તમે ભીષ્મની પાસે જ ચાલી જાઓ. ભીષ્મ તમને જબરજસ્તી હરીને લઈ ગયો હતો, તેથી હું તમને ગ્રહણ કરવા ચાહતો નથી. હું તો બીજાઓને ધર્મનો ઉપદેશ કરું છું અને મને બધી વાતની ખબર પણ છે. પછી પહેલાં બીજા સાથે સંબંધ થઈ ગયો હોવા છતાં પણ હું તમને કઈ રીતે રાખી શકું? તેથી હવે જ્યાં તમારી ઇચ્છા હોય ત્યાં ચાલી જાઓ.'

અંબાએ કહ્યું – 'શત્રુદમન! ભીષ્મજી મારી સંમતિથી મને નહોતા લઈ ગયા. હું તો તે સમયે વિલાપ કરી રહી હતી. તેઓ બધા રાજાઓને હરાવીને જબરજસ્તી મને લઈ ગયા. શાલ્વરાજ! હું તો નિરપરાધ અને તમારી દાસી છું. તમે મારો સ્વીકાર કરો. પોતાની સેવિકાનો ત્યાગ કરવો એ ધર્મશાસ્ત્ર પ્રમાણે અનુચિત છે. હું ભીષ્મજીની આજ્ઞા લઈને તરત જ અહીં આવી ગઈ છું. ભીષ્મજીને પણ મારી અભિલાષા ન હતી. તેમણે તો પોતાના ભાઈ માટે જ આ કામ કર્યું હતું. મારી નાની બહેન અંબિકા અને અંબાલિકાનો વિવાહ તેમણે પોતાના નાનાભાઈ વિચિત્રવીર્ય સાથે જ કર્યો છે. હું તો તમારા સિવાય કોઈ પણ વરનું મારા મનમાં ચિંતન કરી શકતી નથી. હું કોઈની પણ પત્ની

થયા પહેલાં જ તમારી પાસે ઉપસ્થિત થઈ છું અને તમારી કૃપા ચાહું છું.'

આ પ્રમાણે અંબાએ જાતજાતની પ્રાર્થના કરી પરંતુ શાલ્વને તેની વાત પર વિશ્વાસ ન થયો. ત્યારે તેનાં નેત્રોથી આંસુઓની ધારા વહેવા લાગી અને તેણે ગદ્‌ગદ કંઠે કહ્યું, 'રાજન્! તમે મારો ત્યાગ કરી રહ્યા છો એ સારી વાત નથી! પરંતુ જો સત્ય અટળ છે તો હું જ્યાં-જ્યાં પણ જઈશ ત્યાં સંતજનો મારી રક્ષા કરશે.' આ પ્રમાણે તેણે કરુણાપૂર્વક બહુ વિલાપ કર્યો, છતાં પણ શાલ્વે તેને ત્યાગી જ દીધી. જ્યારે તે નગરમાંથી બહાર આવી ત્યારે તેણે વિચાર કર્યો કે 'આ પૃથ્વી પર મારા જેવી દુખિયારી કોઈ પણ સ્ત્રી નહિ હોય. મારા પરિવાર સાથે મારો સંબંધ તૂટી જ ગયો, શાલ્વ પણ મારો તિરસ્કાર કરી દીધો અને હવે હસ્તિનાપુર પણ જઈ શકું એમ નથી. આમાં દોષ તો મારો જ છે. જ્યારે ભીષ્મ સાથે યુદ્ધ થઈ રહ્યું હતું ત્યારે મારે શાલ્વને માટે રથમાંથી ઊતરી જવું જોઈતું હતું. આજે મને તેનું જ આ ફળ મળી રહ્યું છે. પરંતુ આ બધી આપત્તિ ભીષ્મને કારણે જ ઊભી થઈ છે. તેથી હવે તપસ્યા અથવા યુદ્ધ દ્વારા મારે તેમની સાથે આનો બદલો લેવો જોઈએ.'

—★—

અંબાનું તપસ્વીઓના આશ્રમમાં આવવું, પરશુરામજીનું ભીષ્મને સમજાવવું, અને તેમના અસ્વીકારથી બંનેનું યુદ્ધ માટે કુરુક્ષેત્રમાં આવવું

ભીષ્મજીએ કહ્યું – આવો નિશ્ચય કરીને તે નગરમાંથી નીકળીને તપસ્વીઓના આશ્રમ પર આવી. તે રાત તેણે ત્યાં જ વ્યતીત કરી અને તેણે ઋષિઓને પોતાની બધી વાત કહી દીધી. ઋષિઓ આપસમાં એ વિચારવા લાગ્યા કે હવે આ કન્યા માટે શું કરવું જોઈએ. તેમનામાંથી કોઈએ તો કહ્યું કે આને તેના પિતાને ત્યાં પહોંચાડી દો, કોઈ મારી પાસે આવીને સમજાવવાનો વિચાર કરવા લાગ્યા અને કોઈ બોલ્યા કે રાજા શાલ્વ પાસે જઈને તેમની સાથે જ આનાં લગ્ન કરવાની આજ્ઞા આપવામાં આવે. પરંતુ કેટલાકે આનાથી વિપરીત પોતાની રાય જણાવી. પછી તે તપસ્વીઓએ કહ્યું, 'તારા માટે તો પિતાને ઘેર રહેવું જ યોગ્ય થશે. આનાથી સારી બીજી કોઈ વાત હોઈ શકે નહિ. સ્ત્રીના તો પતિ અથવા પિતા – બે જ આશ્રય છે.'

અંબાએ કહ્યું – મુનિગણ! હવે હું કાશિપુરમાં મારા પિતાને ઘેર પાછી જઈ શકું એમ નથી. એમ કરવાથી તો મારે મારા ભાઈ-બંધુઓનો તિરસ્કાર અવશ્ય સહેવો પડશે. હવે તો હું તપસ્યા જ કરીશ, જેથી બીજા જન્મમાં મને આવું દુર્ભાગ્ય પ્રાપ્ત ન થાય.

ભીષ્મજી કહે છે – આ બ્રાહ્મણો તે કન્યાના વિષયમાં આ પ્રમાણે વાતચીત કરી જ રહ્યા હતા કે એટલામાં જ ત્યાં પરમ તપસ્વી રાજર્ષિ હોત્રવાહન આવ્યા. તપસ્વીઓએ સ્વાગત, આસન અને જળ વગેરેથી તેમનો સત્કાર કર્યો. જ્યારે તેઓ આરામથી બેસી ગયા ત્યારે તેમની સામે જ મુનિઓ આ કન્યાની જ વાત કરવા લાગ્યા. અંબા અને કાશિરાજના વિષયમાં આ બધી વાતો સાંભળીને રાજર્ષિ હોત્રવાહનને ઘણું દુઃખ થયું. હોત્રવાહન અંબાના નાના (માતામહ) હતા. તેમણે તેને ખોળામાં બેસાડીને ધીરજ આપી અને આરંભથી જ આ આપત્તિનું પૂરેપૂરું

કારણ પૂછ્યું. અંબાએ જે જે પ્રમાણે બન્યું હતું, બધું વિસ્તારથી કહી સંભળાવ્યું. આથી રાજર્ષિને ભારે દુઃખ થયું અને તેમણે મનમાં જ તે વિષયમાં જે કર્તવ્ય હતું, તેનો વિચાર કરીને તેને કહ્યું – 'બેટી! હું તારો નાનો છું. તું તારા પિતાને ઘેર જઈશ નહિ. મારા કહેવાથી તું જમદગ્નિનંદન પરશુરામજી પાસે જા. તેઓ તારા આ મહાન શોક અને સંતાપને અવશ્ય દૂર કરી દેશે. તેઓ હંમેશાં મહેન્દ્ર પર્વત પર રહે છે. ત્યાં જઈને તેમને પ્રણામ કરીને તું મારા વતી બધી વાતો કહી દેજે. મારું નામ લેવાથી તેઓ જે પણ તારું અભીષ્ટ હશે તેની પૂર્તિ કરી દેશે. વત્સે! તેઓ મારા અત્યંત પ્રીતિપાત્ર અને સ્નેહી સખા છે.'

જે સમયે રાજર્ષિ હોત્રવાહન આ પ્રમાણે કહી રહ્યા હતા, તે જ સમયે ત્યાં પરશુરામજીના પ્રિય સેવક અકૃતવ્રણ આવી ગયા. બધા મુનિઓએ તેમનો સત્કાર કર્યો અને અકૃતવ્રણજીએ પણ મુનિઓનું યથાયોગ્ય અભિવાદન કર્યું. જ્યારે બધા ઋષિઓ તેમને ચારે બાજુ ઘેરીને બેસી ગયા ત્યારે મહાત્મા હોત્રવાહને તેમને મુનિવર પરશુરામજીના સમાચાર પૂછ્યા. અકૃતવ્રણજીએ કહ્યું કે 'પરશુરામજી તમને મળવા માટે કાલે પ્રાતઃકાળે જ અહીં આવી રહ્યા છે.' તે મુનિઓનો તે દિવસ આપસમાં જાતજાતની વાતો કરવામાં પસાર થઈ ગયો. બીજા દિવસે સવારે જ શિષ્યોથી ઘેરાયેલા ભગવાન પરશુરામજી પધાર્યા. તેઓ બ્રહ્મતેજથી ચમકી રહ્યા હતા. તેમના મસ્તક પર જટા અને શરીર પર ચીરવસ્ત્ર શોભી રહ્યાં હતાં. હાથોમાં ધનુષ્ય, ખડ્ગ અને પરશુ (ફરસી) હતાં. તેમને જોતાં જ બધા તપસ્વીઓ, રાજા હોત્રવાહન અને અંબા હાથ જોડીને ઊભા થઈ ગયા. તેમણે પરશુરામજીની યથાયોગ્ય પૂજા કરી અને પછી તેઓ તેમની જ સાથે બેસી ગયા. રાજા હોત્રવાહન અને પરશુરામજી વચ્ચે અનેક વીતી ગયેલી વાતોની ચર્ચા થવા લાગી. વાતવાતમાં રાજાએ કહ્યું, 'પરશુરામજી! આ કાશિરાજની કન્યા મારી દોહિત્રી છે. એનું એક વિશેષ કાર્ય છે તે તમે સાંભળી લો.'

ત્યારે **પરશુરામજીએ તેને કહ્યું** – 'બેટી! તારું શું કામ છે, મને જણાવ.' ત્યારપછી અંબાએ જે રીતે બધું બન્યું હતું તે બધું કહી દીધું. ત્યારે તેમણે કહ્યું, 'હું તને ફરી ભીષ્મ પાસે મોકલી આપીશ. તે હું કહીશ તે પ્રમાણે કરશે. જો તેણે મારી વાત ન માની તો હું તેને તેના મંત્રીઓ સહિત ભસ્મ કરી દઈશ.' અંબાએ કહ્યું, 'તમને જે યોગ્ય લાગે તે પ્રમાણે કરો. મારા આ સંકટના મૂળ કારણ તો બ્રહ્મચારી ભીષ્મ જ છે. તેમણે મને જબરજસ્તી પોતાને અધીન કરી લીધી હતી. તેથી તમે તેમને નષ્ટ કરી નાખો.'

અંબાના આ પ્રમાણે કહેવાથી પરશુરામજી અંબા અને તે બ્રહ્મજ્ઞાની ઋષિઓની સાથે કુરુક્ષેત્રમાં આવ્યા. ત્યાં તેઓ સરસ્વતી નદીના કિનારે રોકાયા. ત્રીજા દિવસે તેમણે મારી પાસે એવો સંદેશો મોકલ્યો કે, 'હું તમારી પાસે એક વિશેષ કામ માટે આવ્યો છું, તમે મારું તે પ્રિય કાર્ય કરી દો.' પોતાના દેશમાં શ્રીપરશુરામજીના પધારવાના સમાચાર સાંભળીને હું તરત જ તેમને બહુ જ પ્રેમથી મળવા ગયો. મારી સાથે અનેક બ્રાહ્મણો, ઋત્વિજો અને પુરોહિતો પણ હતા તથા તેમના સત્કાર માટે હું એક ગાય પણ લઈ ગયો હતો. પ્રતાપી પરશુરામજીએ મારી પૂજાનો સ્વીકાર કર્યો અને મને કહ્યું, 'ભીષ્મ! જ્યારે તમારે પોતાને લગ્ન કરવાની

ઇચ્છા ન હતી તો તમે આ કાશિરાજની પુત્રીને કેમ હરીને લઈ ગયા હતા અને પછી તેનો ત્યાગ કેમ કર્યો? જુઓ, તમારો સ્પર્શ થવાથી હવે આ સ્ત્રી-ધર્મથી ભ્રષ્ટ થઈ ગઈ છે. એ જ કારણે રાજા શાલ્વે આનો સ્વીકાર ન કર્યો. તેથી હવે અગ્નિને સાક્ષી બનાવીને તમે જ આને ગ્રહણ કરો.'

ત્યારે મેં તેમને કહ્યું, "ભગવન્! હવે હું મારા ભાઈ સાથે આનાં લગ્ન કોઈ પણ રીતે કરી શકું એમ નથી; કેમકે એણે સ્વયં મને પહેલાં કહ્યું હતું કે 'હું તો શાલ્વની થઈ ચૂકી છું.' ત્યારે મારી આજ્ઞા લઈને જ તે શાલ્વને ત્યાં ગઈ હતી. હું ભય, નિંદા, અર્થલોભ અથવા કોઈ કામનાથી મારા ક્ષાત્રધર્મથી વિચલિત થઈ શકતો નથી." મારી વાત સાંભળીને પરશુરામજીની આંખો ક્રોધથી ચંચળ થઈ ગઈ અને તેઓ વારંવાર કહેવા લાગ્યા, 'જો તમે મારી આ આજ્ઞાનું પાલન નહિ કરો તો હું તમને તમારા મંત્રીઓ સહિત નષ્ટ કરી દઈશ.' મેં પણ વારંવાર મીઠા શબ્દોમાં તેમને પ્રાર્થના કરી, પરંતુ તેઓ શાંત ન થયા. ત્યારે મેં તેમના ચરણો પર માથું મૂકીને પૂછ્યું, 'ભગવન્! તમે જે મારી સાથે યુદ્ધ કરવા ચાહો છો એનું કારણ શું છે? બાલ્યાવસ્થામાં તમે જ મને ચાર પ્રકારની ધનુર્વિદ્યા શીખવી હતી. તેથી હું તો તમારો શિષ્ય છું.' પરશુરામજીએ ક્રોધથી આંખો લાલ કરીને કહ્યું, 'ભીષ્મ! તમે મને ગુરુ સમજો છો, છતાં પણ મારી પ્રસન્નતા માટે આ કાશિરાજની કન્યાનો સ્વીકાર કરતા નથી! જુઓ, આમ કર્યા વિના તમને શાંતિ મળી શકશે નહિ.'

ત્યારે મેં કહ્યું, "બ્રહ્મર્ષે! તમે વ્યર્થ શ્રમ કેમ કરો છો? આવું તો હવે થઈ જ શકે એમ નથી. હું પ્રથમ આનો ત્યાગ કરી ચૂક્યો છું. ભલા, જેનો બીજા પુરુષમાં પ્રેમ છે, તે સ્ત્રીને કોઈ કઈ રીતે પોતાના ઘરમાં રાખી શકે? હું ઇન્દ્રના ભયથી પણ ધર્મનો ત્યાગ કરીશ નહિ. તમે પ્રસન્ન થાઓ અથવા ન થાઓ; અને તમારે જે કરવું હોય તે કરો. તમે મારા ગુરુ છો, તેથી મેં પ્રેમપૂર્વક તમારો સત્કાર કર્યો છે. પણ એવું લાગે છે કે તમને ગુરુઓ જેવો વર્તાવ કરવાનું આવડતું નથી. તેથી હું તમારી સાથે યુદ્ધ કરવા પણ તૈયાર છું. હું યુદ્ધમાં ગુરુનો, ખાસ કરીને બ્રાહ્મણનો અને તેમાં પણ તપોવૃદ્ધનો વધ કરતો નથી. તેથી હું તમારી વાતો સહી રહ્યો છું. પરંતુ ધર્મશાસ્ત્રોએ એવો નિશ્ચય કર્યો છે કે જે ક્ષત્રિય ક્ષત્રિયના જેવા જ હથિયાર ઉઠાવીને સામે આવેલા બ્રાહ્મણને – જ્યારે કે તે મનમૂકીને યુદ્ધ કરી રહ્યો હોય, મેદાન છોડીને ભાગી જતો ન હોય. તેને મારી નાખે તો બ્રહ્મહત્યા લાગતી નથી. હું તો ક્ષત્રિય છું અને ક્ષાત્રધર્મમાં સ્થિત છું. તેથી તમે પ્રસન્નતાથી મારી સાથે દ્વંદ્વયુદ્ધ કરવા માટે તૈયાર થઈ જાઓ. તમે જે ઘણા દિવસથી ડિંગ હાંક્યા કરો છો કે 'મેં એકલાએ જ પૃથ્વીના તમામ ક્ષત્રિયોને જીતી લીધા છે.' તો સાંભળો, તે સમયે ભીષ્મ અથવા ભીષ્મ જેવો કોઈ ક્ષત્રિય ઉત્પન્ન નહિ થયો હોય. તેજસ્વી વીરો તો પાછળથી ઉત્પન્ન થયા છે. તમે તો ઘાસ-પાંદડાંમાં જ પ્રજ્વલિત થતા રહ્યા છો. જે તમારા યુદ્ધના અભિમાનને અને યુદ્ધની ઇચ્છાને સારી રીતે નષ્ટ કરી શકે છે, તે ભીષ્મનો જન્મ તો હમણાં થયો છે."

ત્યારે **પરશુરામજીએ હસીને મને કહ્યું** – 'ભીષ્મ! તમે રણભૂમિમાં મારી સાથે યુદ્ધ કરવા ચાહો છો એ બહુ પ્રસન્નતાની વાત છે. અચ્છા ચાલો, હું કુરુક્ષેત્ર જાઉં છું, તમે પણ ત્યાં આવી જજો. ત્યાં સેંકડો બાણોથી વીંધીને હું તમને

ધરાશાયી કરી દઈશ. તે દીન દશામાં તમને તમારી માતા ગંગાદેવી પણ જોશે. ચાલો, રથ વગેરે યુદ્ધની બધી સામગ્રી લઈ લો.' ત્યારે મેં પરશુરામજીને પ્રણામ કરીને કહ્યું, 'જેવી આજ્ઞા.'

ત્યારપછી પરશુરામજી તો કુરુક્ષેત્ર ચાલ્યા ગયા અને મેં હસ્તિનાપુર આવીને બધી વાત માતા સત્યવતીને કહી. માતાએ મને આશીર્વાદ આપ્યા અને હું બ્રાહ્મણો પાસે પુણ્યાહવાચન અને સ્વસ્તિવાચન કરાવીને હસ્તિનાપુરથી નીકળીને કુરુક્ષેત્ર તરફ નીકળી પડ્યો. તે સમયે બ્રાહ્મણો 'જય હો, જય હો' આ પ્રમાણે આશીર્વાદ આપીને મારી સ્તુતિ કરી રહ્યા હતા. કુરુક્ષેત્રમાં પહોંચીને અમે બંને યુદ્ધ માટે પરાક્રમ કરવા લાગ્યા. મેં પરશુરામજીની સામે ઊભા રહીને મારો શ્રેષ્ઠ શંખ વગાડ્યો. તે સમયે બ્રાહ્મણો, તપસ્વીઓ, વનવાસીઓ અને ઇન્દ્ર સહિત બધા દેવતાઓ ત્યાં આવીને તે દિવ્ય યુદ્ધ જોવા લાગ્યા. વચ્ચે-વચ્ચે દિવ્ય પુષ્પોની વર્ષા થવા લાગી, જ્યાં-ત્યાં દિવ્ય વાજિંત્રો વાગવા લાગ્યાં, અને મેઘગર્જના થવા લાગી. પરશુરામજીની સાથે જે તપસ્વીઓ આવ્યા હતા, તેઓ પણ યુદ્ધભૂમિને ઘેરીને તેના દર્શક બની ગયા. તે સમયે સમસ્ત ભૂતોનું હિત ચાહનારી માતા ગંગા મૂર્તિમાન થઈને મારી પાસે આવી અને કહેવા લાગી, "બેટા! આ તમે શું કરવા વિચાર્યું છે? હું હમણાં પરશુરામજી પાસે જઈને પ્રાર્થના કરું છું કે 'ભીષ્મ તમારો શિષ્ય છે, તેની સાથે તમે યુદ્ધ ન કરો.' તમે પરશુરામજી સાથે યુદ્ધ કરવાની હઠ છોડી દો. શું તને ખબર નથી કે તેઓ ક્ષત્રિયોનો નાશ કરનારા અને સાક્ષાત્ શ્રીમહાદેવજી જેવા શક્તિશાળી છે, જે આ પ્રમાણે તેમની સાથે લડવા માટે તૈયાર થઈ ગયો છે?" ત્યારે મેં બે હાથ જોડીને માતાને પ્રણામ કર્યા અને પરશુરામને મેં જે કાંઈ કહ્યું હતું તે બધું કહી દીધું. સાથે-સાથે અંબાનું જે કરતૂત હતું તે પણ કહી દીધું.

ત્યારે માતા ગંગાજી પરશુરામજી પાસે ગયાં અને તેમની ક્ષમા માગીને કહેવા લાગ્યાં, 'મુને! તમે તમારા શિષ્ય ભીષ્મની સાથે યુદ્ધ ન કરો.' પરશુરામજીએ કહ્યું, 'તમે ભીષ્મને જ રોકો. તે મારી એક વાત માનતો નથી, એટલે જ હું યુદ્ધ કરવા માટે આવ્યો છું.' ત્યારે ગંગાજી પુત્રસ્નેહને કારણે ફરી મારી પાસે આવી, પરંતુ મે તેમની વાત સ્વીકારી નહિ. એટલામાં જ મહાતપસ્વી પરશુરામજી રણભૂમિમાં દેખાયા અને તેમણે યુદ્ધ માટે મને લલકાર્યો.

—★—

ભીષ્મ તથા પરશુરામનું યુદ્ધ અને તેની સમાપ્તિ

ભીષ્મજી કહે છે – રાજન્! ત્યારે મેં રણભૂમિમાં ઊભા રહેલા પરશુરામને કહ્યું – 'મુને! તમે પૃથ્વી પર ઊભા છો, તેથી હું રથમાં બેસીને તમારી સાથે યુદ્ધ કરીશ નહિ. જો તમે મારી સાથે યુદ્ધ કરવા ચાહતા હો તો રથ પર ચઢી જાઓ અને કવચ ધારણ કરી લો.' પરશુરામજીએ મુસ્કાઈને કહ્યું, 'ભીષ્મ! પૃથ્વી જ મારો રથ છે, વેદ ઘોડા છે. વાયુ સારથિ છે અને વેદમાતા ગાયત્રી, સાવિત્રી અને સરસ્વતી કવચ છે. તેમના દ્વારા મારા શરીરને સુરક્ષિત કરીને જ હું યુદ્ધ કરીશ.' એમ કહીને પરશુરામજીએ ભીષણ બાણવર્ષા કરીને મને બધી બાજુથી ઢાંકી દીધો. તે સમયે મે જોયું કે તેઓ રથ પર બેઠા છે. તે રથને તેમણે મનથી જ

પ્રગટ કર્યો હતો. તે અત્યંત વિચિત્ર અને નગર જેવો વિશાળ હતો. તેમાં બધા પ્રકારનાં ઉત્તમ ઉત્તમ અસ્ત્ર-શસ્ત્ર રાખેલાં હતાં અને દિવ્ય ઘોડા જોતરેલા હતા. તેમના શરીર પર સૂર્ય અને ચન્દ્રમાનાં ચિહ્નોથી સુશોભિત કવચ હતું, હાથમાં ધનુષ્ય શોભી રહ્યું હતું અને પાછળ તરકસ બાંધેલું હતું. તેમના સારથિનું કામ તેમનો પ્રિય સખા અકૃતવ્રણ કરી રહ્યો હતો. તેઓ મને હર્ષિત કરતા રહીને યુદ્ધ માટે પોકારી રહ્યા હતા. એટલામાં તેમણે મારા પર ત્રણ બાણ છોડ્યાં. મેં તે સમયે ઘોડાઓને રોકાવી દીધા અને ધનુષ્યને નીચે મૂકીને રથમાંથી ઊતરીને પગે ચાલીને તેમની પાસે ગયો. અને તેમનો સત્કાર કરવા માટે વિધિવત્ પ્રણામ કરીને કહ્યું – 'મુનિવર! તમે મારા ગુરુ છો, હવે મારે તમારી સાથે યુદ્ધ કરવું પડશે, તેથી તમે એવા આશીર્વાદ આપો કે મારો વિજય થાય.' ત્યારે પરશુરામજીએ કહ્યું, 'કુરુશ્રેષ્ઠ! સફળતા ચાહનાર પુરુષે આ પ્રમાણે જ કરવું જોઈએ. પોતાનાથી વડીલ સાથે યુદ્ધ કરનારનો આ જ ધર્મ છે. જો તમે આ પ્રમાણે ન આવ્યા હોત તો હું તમને શાપ આપી દેત. હવે તમે સાવધાનીથી યુદ્ધ કરો. હું તમને જયનો આશીર્વાદ તો નહિ આપું, કેમકે અહીં તમને જીતવા માટે જ આવ્યો છું. જાઓ, હવે યુદ્ધ કરો; હું તમારા વર્તાવથી બહુ પ્રસન્ન છું.'

ત્યારે મેં તેમને ફરીથી પ્રણામ કર્યા અને તરત જ રથ પર ચડીને શંખ વગાડ્યો. ત્યારપછી અમારા બંનેમાં એકબીજાને પરાસ્ત કરવાની ઇચ્છાથી ઘણા દિવસો સુધી યુદ્ધ ચાલતું રહ્યું. આ યુદ્ધમાં પરશુરામજીએ મારા ઉપર એકસો ઓગણોતેર બાણ છોડ્યાં. ત્યારે મેં ભાલા જેવું એક તીક્ષ્ણ બાણ છોડીને તેમના ધનુષ્યને કાપીને પાડી દીધું અને સો બાણથી તેમના શરીરને વીંધી નાખ્યું. તેનાથી પીડિત થઈને તેઓ અચેત જેવા થઈ ગયા. એથી મને બહુ દયા આવી અને ધૈર્ય ધારણ કરીને મેં કહ્યું, 'યુદ્ધ અને ક્ષાત્રધર્મને ધિક્કાર છે.' ત્યાર પછી મેં તેમના પર બીજાં બાણ ન છોડ્યાં. એટલામાં દિવસ ઢળવાથી સૂર્યદેવ પૃથ્વીને સંતપ્ત કરીને અસ્તાચળ તરફ ચાલ્યા અને અમારું યુદ્ધ બંધ થઈ ગયું.

બીજા દિવસે સૂર્યોદય થતાં ફરીથી યુદ્ધ આરંભ થયું. પ્રતાપી પરશુરામજી મારા ઉપર દિવ્ય અસ્ત્રો છોડવા લાગ્યા. પરંતુ મેં મારા સાધારણ અસ્ત્રોથી જ તેમને રોકી લીધાં. પછી મેં પરશુરામજી પર વાયવ્યાસ્ત્ર છોડ્યું. પરંતુ તેમણે તેને ગુહ્યકાસ્ત્રથી કાપી નાખ્યું. ત્યાર પછી મેં અભિમંત્રિત કરીને આગ્નેયાસ્ત્રનો પ્રયોગ કર્યો, તેને ભગવાન પરશુરામજીએ વારુણાસ્ત્રથી રોકી લીધું. આ પ્રમાણે હું ભગવાન પરશુરામજીનાં દિવ્યાસ્ત્રોને રોકતો રહ્યો અને શત્રુદમન પરશુરામજી મારાં દિવ્યાસ્ત્રોને વિફળ કરતા રહ્યા. પછી તેમણે ક્રોધાવેશમાં આવીને મારી છાતીમાં બાણ માર્યાં. જેથી હું રથ પર પડી ગયો. તે સમયે મને અચેત જોઈને તરત જ સારથિ રણભૂમિની બહાર લઈ ગયો. હોશ આવ્યા પછી મને બધી વાતની ખબર પડી ત્યારે મેં સારથિને કહ્યું, 'સારથે! હવે હું તૈયાર છું, તું મને પરશુરામજી પાસે લઈ જા.' બસ, સારથિ તરત મને લઈ ગયો અને થોડી જ વારમાં પરશુરામજીની સામે મારો રથ ઊભો કરી દીધો. ત્યાં પહોંચતાં જ મેં તેમનો અંત આણવાના વિચારથી એક તેજસ્વી કાળ જેવું બાણ છોડ્યું. તેના પ્રહારથી પરશુરામજી અચેત થઈને પૃથ્વી પર પડી ગયા. એથી બધા લોકો ગભરાઈને હાહાકાર કરવા લાગ્યા.

મૂર્છા તૂટ્યા પછી તેઓ ઊભા થયા અને

પોતાના ધનુષ્ય પર બાણ ચડાવીને બહુ વિહ્વળતાથી કહેવા લાગ્યા, 'ભીષ્મ! ઊભો તો રહે, હવે હું તને નષ્ટ કરી દઉં છું.' ધનુષ્યમાંથી છૂટીને તે બાણ મારા ડાબા ખભા પર વાગ્યું. તે વાગતાં જ હું વૃક્ષની જેમ આથડિયાં ખાતો અત્યંત વિકળ થઈ ગયો. પછી સ્વસ્થ થઈને હું બહુ જ સ્ફૂર્તિથી બાણ વરસાવવા લાગ્યો. પરંતુ મારાં તે બાણ અંતરિક્ષમાં જ રહી ગયાં. મારા અને પરશુરામજીનાં બાણોથી આકાશ એ રીતે ઢંકાઈ ગયું કે સૂર્યનો પ્રકાશ રોકાઈ ગયો અને વાયુની ગતિ પણ રોકાઈ ગઈ. આ પ્રમાણે અસંખ્ય બાણ પૃથ્વી પર પડવા લાગ્યાં. પરશુરામજીએ ક્રોધપૂર્વક અસંખ્ય બાણ છોડ્યાં અને મેં મારા સર્પ જેવાં બાણોથી તેમને કાપી કાપીને પૃથ્વી પર પાડી દીધાં. આ પ્રમાણે બીજા દિવસે પણ અમારું ભયંકર યુદ્ધ ચાલુ રહ્યું. પરશુરામજી મહાન શૂરવીર અને દિવ્યાસ્ત્રોના પારદર્શી હતા. તેઓ દરરોજ મારા ઉપર દિવ્યાસ્ત્રોનો જ પ્રયોગ કરતા હતા, પરંતુ હું તેમને મારા પ્રાણોના જોખમે નષ્ટ કરી દેતો હતો. આ પ્રમાણે જ્યારે મેં અસ્ત્રોથી જ તેમનાં દિવ્યાસ્ત્રોને નષ્ટ કરી નાખ્યાં, ત્યારે તેઓ અત્યંત કોપાયમાન થયા અને પ્રાણને જોખમમાં મૂકીને મારી સાથે યુદ્ધ કરવા લાગ્યા. આખો દિવસ ભીષણ યુદ્ધ ચાલ્યું. આકાશમાં ધૂળ છવાયેલી હતી, તેની જ ઓટમાં ભગવાન ભાસ્કર અસ્ત થઈ ગયા. પૃથ્વી પર નિશાદેવીનું રાજ્ય થઈ ગયું. સુખપ્રદ શીતળ પવન ચાલવા લાગ્યો. બસ, અમારું યુદ્ધ પણ વિરામ પામ્યું. આ જ પ્રમાણે તેવીસ દિવસ આ યુદ્ધ ચાલતું રહ્યું. દરરોજ સવારે યુદ્ધ શરૂ થતું અને સાયંકાળે રોકાઈ જતું.

તે રાત્રે હું બ્રાહ્મણ, પિતૃઓ અને દેવતાઓને નમસ્કાર કરીને એકાંતમાં શય્યા પર પડ્યો પડ્યો વિચારવા લાગ્યો કે 'પરશુરામજી સાથેના મારા આ ભીષણ યુદ્ધને ઘણા દિવસ વીતી ગયા. તેઓ અત્યંત પરાક્રમી છે, સંભવ છે કે તેમને હું યુદ્ધમાં જીતી નહિ શકું. જો તેમને જીતવા સંભવ હોય તો દેવતાઓ પ્રસન્ન થઈને આજે રાત્રે મને દર્શન આપે.' આ પ્રમાણે પ્રાર્થના કરીને હું જમણા પડખે સૂઈ ગયો. સ્વપ્નમાં મને આઠ બ્રાહ્મણોએ દર્શન આપ્યાં અને ચારે બાજુથી ઘેરીને કહ્યું – 'ભીષ્મ! તમે ઊભા થઈ જાઓ, ડરશો નહિ, તમને કોઈ પ્રકારનો ભય નથી. અમે તમારી રક્ષા કરીશું, કેમકે તમે અમારા પોતાના જ શરીર છો. પરશુરામ તમને યુદ્ધમાં કોઈ રીતે જીતી નહિ શકે. જુઓ, આ પ્રસ્વાપ નામનું અસ્ત્ર છે; તેના દેવતા પ્રજાપતિ છે. તેનો પ્રયોગ તમે સ્વયં જાણી લેશો, કેમકે તમારા પૂર્વદેહમાં તમને આનું જ્ઞાન હતું. આને પરશુરામજી અથવા પૃથ્વી પર બીજો કોઈ મનુષ્ય જાણતો નથી. તમે આનું સ્મરણ કરો અને આનો જ પ્રયોગ કરો. આ અસ્ત્રનું સ્મરણ કરતાં જ તમારી પાસે આવી જશે. આનાથી પરશુરામજીનું મૃત્યુ પણ નહિ થાય. તેથી તમને કોઈ દોષ પણ નહિ લાગે. આ અસ્ત્રની પીડાથી તેઓ અચેત થઈને સૂઈ જશે. આ પ્રમાણે તેમને પરાસ્ત કરીને તમે સંબોધનાસ્ત્રથી તેમને ફરી જગાડી દેજો. બસ, હવે સવારે ઊઠીને તમે આનો જ પ્રયોગ કરો. મરેલા કે સૂતેલા પુરુષને આપણે સરખા જ ગણીએ છીએ. પરશુરામજીનું મૃત્યુ તો થઈ શકતું જ નથી. તેથી તેમનું સૂઈ જવું જ મૃત્યુ સમાન છે.' આમ કહીને તે આઠે બ્રાહ્મણો અંતર્ધાન થઈ ગયા. તે આઠેયનાં એકસરખાં રૂપ હતાં અને તે બધા તેજસ્વી હતા.

રાત્રિ વીત્યા પછી હું જાગ્યો. તે સમયે

આ સ્વપ્નની યાદ આવવાથી મને ભારે પ્રસન્નતા થઈ. થોડી જ વારમાં અમારું ભીષણ યુદ્ધ શરૂ થયું. તે યુદ્ધ જોનારના રૂવાં બેઠાં થઈ જતાં હતાં. પરશુરામજી મારા પર બાણવૃષ્ટિ કરવા લાગ્યા અને હું તેમને મારા બાણ-સમૂહથી રોકતો રહ્યો. એટલામાં તેમણે કોપિત થઈને મારા પર એક કાળના જેવું વિકરાળ બાણ છોડ્યું. તે સર્પની જેમ સણસણતું આવીને મારી છાતીમાં વાગ્યું. તેનાથી હું લોહીલુહાણ થઈને જમીન પર પડી ગયો. ચેતના આવ્યા પછી મેં વજ્ર જેવી એક પ્રજ્વલિત શક્તિ છોડી. તે શક્તિ વિપ્રવરની છાતીમાં જઈને વાગી. તેનાથી તેમની આંખો અંજાઈ ગઈ અને કષ્ટથી ધ્રૂજવા લાગ્યા. સાવધાન થઈને તેમણે મારા પર બ્રહ્માસ્ત્ર છોડ્યું. તેને નષ્ટ કરવા માટે મેં પણ બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો. તેણે પ્રજ્વલિત થઈને પ્રલયકાળના જેવું દશ્ય ઊભું કરી દીધું. તે બંને બ્રહ્માસ્ત્રો વચ્ચે જ ટકરાયાં. એનાથી આકાશમાં બહુ ભારે તેજ પ્રગટ થયું. તેની જ્વાળાથી બધાં પ્રાણીઓ વિકલ થઈ ગયાં તથા તેમના તેજથી સંતપ્ત થઈને ઋષિ, મુનિ, દેવતાઓને પણ બહુ પીડા થવા લાગી, પૃથ્વી ડગમગવા લાગી અને બધાં પ્રાણીઓને ભારે કષ્ટ થયું. આકાશમાં આગ લાગી ગઈ, દશે દિશાઓમાં ધુમાડા છવાઈ ગયો. આથી દેવતાઓ, અસુરો અને રાક્ષસોમાં હાહાકાર થઈ ગયો. એ જ સમયે મને પ્રસ્વાપાસ્ત્ર છોડવાનો વિચાર આવ્યો અને સંકલ્પ કરતાં જ તે મારા મનમાં પ્રગટ થઈ ગયું.

એને છોડવા માટે ઉપાડતાં જ આકાશમાં ભારે શોરબકોર થવા લાગ્યો અને નારદજીએ મને કહ્યું, 'કુરુનંદન! જુઓ, આકાશમાં ઊભેલા દેવતાઓ તમને આ અસ્ત્રનો પ્રયોગ ન કરવા કહી રહ્યા છે. પરશુરામજી તપસ્વી, બ્રાહ્મણ, બ્રહ્મજ્ઞ અને તમારા ગુરુ છે; તમારે કોઈ રીતે તેમનું અપમાન ન કરવું જોઈએ.' એ જ સમયે મને આકાશમાં આઠેય બ્રહ્મવાદી બ્રાહ્મણો દેખાયા. તેમણે મને ધીરેથી મુસ્કાતાં રહીને કહ્યું, 'ભરતશ્રેષ્ઠ! જેવું નારદજી કહે છે, તેવું જ કરો. તેમનું કથન લોકો માટે બહુ કલ્યાણકારી છે.' ત્યારે મેં તે મહાન અસ્ત્રને ધનુષ્ય પરથી ઉતારી લીધું અને વિધિવત્ બ્રહ્માસ્ત્રને જ પ્રગટ કર્યું.

મેં પ્રસ્વાપાસ્ત્રને ઉતારી લીધું છે, એ જોઈને પરશુરામજી બહુ પ્રસન્ન થયા અને એકદમ બોલી ઊઠ્યા કે, 'મારી બુદ્ધિ કુંઠિત થઈ ગઈ છે, ભીષ્મે મને પરાસ્ત કરી દીધો છે.' એટલામાં જ તેમને પોતાના પિતા જમદગ્નિ અને માનનીય પિતામહ દેખાવા લાગ્યા. તેઓ કહેવા લાગ્યા, 'ભાઈ! હવે આવું સાહસ ક્યારેય કરીશ નહિ. યુદ્ધ કરવું ક્ષત્રિયનો તો કુળધર્મ છે. બ્રાહ્મણોનું પરમ ધન તો સ્વાધ્યાય અને વ્રતચર્યા જ છે. ભીષ્મ સાથે આટલું યુદ્ધ કરવું જ ઘણું છે. વધારે હઠ કરવામાં તમારે નીચું જોવું પડશે. તેથી હવે તમે રણભૂમિથી હટી જાઓ. આ ધનુષ્યને છોડીને ઘોર તપસ્યા કરો. જુઓ, અત્યારે ભીષ્મને પણ દેવતાઓએ જ રોકી લીધા છે.' પછી તેમણે વારંવાર મને પણ કહ્યું, 'પરશુરામ તમારા ગુરુ છે, તમે તેમની સાથે યુદ્ધ ન કરો. યુદ્ધમાં પરશુરામજીને પરાસ્ત કરવા તમારા માટે ઉચિત નથી.'

પિતરોની વાત સાંભળીને પરશુરામજીએ કહ્યું, 'મારો એવો નિયમ છે કે, હું યુદ્ધમાં પાછી પાની કરી શકતો નથી. પહેલાં પણ મેં ક્યારેય સંગ્રામમાં પીઠ દેખાડી નથી, હા, જો ભીષ્મની ઇચ્છા હોય તો તે ભલે યુદ્ધનું મેદાન છોડી દે.' દુર્યોધન! ત્યારે તેઓ કહેવા લાગ્યા, 'તાત! તમે બ્રાહ્મણ પરશુરામનું માન રાખો અને યુદ્ધ બંધ

કરી દો.' ત્યારે મેં ક્ષાત્રધર્મનો વિચાર કરીને તેમને કહ્યું, 'મુનિવર! મારો એ નિયમ છે કે, પીઠ પર બાણોની વર્ષા સહીને પણ હું યુદ્ધથી મોઢું ફેરવતો નથી. મારો એવો દૃઢ નિર્ધાર છે કે લોભથી, કૃપણતાથી, ભયથી અથવા ધનના લોભથી પોતાના સનાતન ધર્મનો ત્યાગ કરીશ નહિ.'

એ વખતે નારદાદિ મુનિઓ અને મારી માતા ભાગીરથી પણ રણભૂમિમાં વિદ્યમાન હતાં. હું તે જ પ્રમાણે ધનુષ્ય ચડાવીને યુદ્ધના દૃઢ નિશ્ચય સાથે ઊભો રહ્યો. ત્યારે તે બધાંએ પરશુરામજીને કહ્યું, 'ભૃગુનંદન! બ્રાહ્મણોનું હૃદય આવું વિનયશૂન્ય ન હોવું જોઈએ. તેથી તમે હવે શાંત થઈ જાઓ. યુદ્ધ બંધ કરો. ન તો ભીષ્મનું તમારા હાથે મરાવું ઉચિત છે અને ન ભીષ્મે પણ તમારો વધ કરવો જોઈએ.' એમ કહીને તેમણે પરશુરામજીનાં શસ્ત્રો મુકાવી દીધાં. એટલામાં મને તે આઠ બ્રહ્મવાદીઓ ફરી દેખાયા. તેમણે મને પ્રેમથી કહ્યું, 'મહાબાહુ! તમે પરશુરામજી પાસે જાઓ અને આ લોકનું મંગળ કરો.' મેં જોયું કે પરશુરામજી યુદ્ધથી હટી ગયા છે. મેં લોકકલ્યાણ માટે પિતૃઓની વાત માની લીધી. પરશુરામજી બહુ ઘાયલ થઈ ગયા હતા. મેં તેમની પાસે જઈને પ્રણામ કર્યા અને તેમણે મુસ્કાઈને બહુ પ્રેમથી મને કહ્યું, 'ભીષ્મ! આ લોકમાં તમારી તોલે બીજો કોઈ ક્ષત્રિય નથી. આ યુદ્ધમાં તમે મને બહુ પ્રસન્ન કર્યો છે, હવે તમે જાઓ.'

—★—

ભીષ્મજીનો વધ કરવા માટે અંબાની તપસ્યા

ભીષ્મજી કહે છે – દુર્યોધન! એ પછી મારી સામે જ પરશુરામજીએ તે કન્યાને બોલાવીને તે બધા મહાત્માઓની વચ્ચે બહુ દીન વચનો કહ્યાં, 'ભદ્રે! આ બધા લોકોની સામે મેં મારી પૂરી શક્તિથી યુદ્ધ કર્યું છે. મારી અધિકથી અધિક શક્તિ આટલી જ છે, એ પણ તેં જોઈ જ લીધી છે. હવે તારી ઇચ્છા હોય ત્યાં ચાલી જા. આ સિવાય જણાવ, કે હું તારું બીજું શું કાર્ય કરું? મારા વિચાર પ્રમાણે તો તું હવે ભીષ્મનું શરણું લે. આના સિવાય તારા માટે કોઈ બીજો ઉપાય દેખાતો નથી. મને તો ભીષ્મે યુદ્ધમાં પરાસ્ત કરી દીધો છે.'

ત્યારે તે કન્યાએ કહ્યું – 'ભગવન્! તમે જે કહ્યું છે, તે બરાબર છે. તમે તમારા બળ અને ઉત્સાહ પ્રમાણે મારું કાર્ય કરવામાં કોઈ કસર છોડી નથી. પરંતુ છેવટે તમે યુદ્ધમાં ભીષ્મથી વધી ન શક્યા. તેમ છતાં હું કોઈ રીતે ભીષ્મની પાસે જઈશ નહિ. હવે હું એવા સ્થાન પર જઈશ જ્યાં રહેવાથી હું સ્વયં યુદ્ધમાં ભીષ્મનો સંહાર કરી શકું.'

આમ કહીને તે કન્યા મારો નાશ કરવા માટે તપ કરવાનો વિચાર કરીને ત્યાંથી ચાલી ગઈ. પરશુરામજી પણ મને કહીને બધા મુનિઓ સાથે મહેન્દ્ર પર્વત પર ચાલ્યા ગયા અને હું રથ પર ચડીને હસ્તિનાપુર ચાલ્યો આવ્યો. ત્યાં મેં બધી વાત માતા સત્યવતીને કહી સંભળાવી. માતાએ મને અભિનંદન આપ્યાં. મેં તે કન્યાના સમાચાર પ્રાપ્ત કરવા માટે કેટલાક બુદ્ધિમાન માણસોને નિયુક્ત કરી દીધા. તેઓ મારા હિત માટે દરરોજ બહુ જ સાવધાનીપૂર્વક તેના આચરણ, ભાષણ અને વ્યવહાર વગેરેના સમાચાર જણાવતા રહેતા હતા.

કુરુક્ષેત્રથી તે કન્યા યમુના તટ પરના એક આશ્રમમાં ગઈ અને ત્યાં ઘણું અલૌકિક તપ કરવા લાગી. તે છ મહિના સુધી માત્ર વાયુનો આહાર કરીને કાષ્ઠની મૂર્તિની જેમ ઊભી રહી. ત્યારપછી તે એક વર્ષ સુધી ખરી પડેલાં પાંદડાં ખાઈને પગના અંગૂઠા પર ઊભી રહી. આ પ્રમાણે બાર વર્ષ તપ કરીને તેણે આકાશ અને પૃથ્વીને સંતપ્ત કરી દીધાં. ત્યારપછી તે આઠમા અથવા દસમા મહિને માત્ર જળ પીને નિર્વાહ કરવા લાગી. પછી તીર્થ-સેવનની લાલસાથી આમ-તેમ ફરતી ફરતી તે વત્સદેશમાં ગઈ. ત્યાં પોતાના તપના પ્રભાવથી તે અડધા શરીરથી તો અંબા નામની નદી થઈ ગઈ અને અડધા શરીરથી વત્સદેશના રાજાને ત્યાં કન્યારૂપે ઉત્પન્ન થઈ.

આ જન્મમાં પણ તેને તપનો આગ્રહ કરતાં જોઈને સઘળા તપસ્વીઓએ તેને રોકીને પૂછ્યું કે, 'તારે શું કરવું છે?' ત્યારે તે કન્યાએ તે તપોવૃદ્ધ ઋષિઓને કહ્યું, 'ભીષ્મે મારો અનાદર કર્યો છે અને મને પતિધર્મથી ભ્રષ્ટ કરી દીધી છે. તેથી મેં કોઈ દિવ્ય લોકની પ્રાપ્તિ માટે નહિ, પરંતુ ભીષ્મનો વધ કરવા માટે તપનો સંકલ્પ કર્યો છે. મારો એવો નિશ્ચય છે કે, ભીષ્મના મરાઈ ગયા પછી મને શાંતિ મળી જશે. હું તો ભીષ્મ સાથે બદલો લેવા માટે જ તપ કરી રહી છું. તેથી તમે લોકો મને તપ કરતાં રોકશો નહિ.' ત્યારે તે બધા મહર્ષિઓની વચ્ચે ઉમાપતિ ભગવાન શંકરે તે તપસ્વિનીને દર્શન આપ્યાં અને વરદાન માગવા કહ્યું. તે કન્યાએ મારો પરાજય થાય એવું વરદાન માગ્યું. આ સાંભળીને મહાદેવજીએ કહ્યું, 'તું ભીષ્મનો નાશ કરી શકીશ.' ત્યારે તેણે ફરી કહ્યું, 'ભગવન્! હું તો સ્ત્રી છું, તેથી મારું હૃદય પણ બહુ જ શૌર્યહીન છે, પછી હું ભીષ્મને યુદ્ધમાં કઈ રીતે જીતી શકીશ? તમે એવી કૃપા કરો, જેથી હું સંગ્રામમાં શાન્તનુનંદન ભીષ્મને મારી શકું.' ભગવાન શંકરે કહ્યું, 'મારી વાત અસત્ય થશે નહિ; તેથી તું ભીષ્મનો વધ અવશ્ય કરીશ. અને બીજો દેહ ધારણ કરવા છતાં આ બધી વાતની તને સ્મૃતિ રહેશે. તું દ્રુપદને ત્યાં જન્મ લઈને એક ચિત્રયોધી, વીરસંમત મહારથી બનીશ. મેં જે કહ્યું છે તે બધું તે પ્રમાણે જ થશે. તું કન્યારૂપે જન્મ્યા પછી થોડા સમયમાં પુરુષ થઈ જઈશ.' આમ કહીને ભગવાન શંકર અંતર્ધાન થઈ ગયા. તે કન્યાએ એક મોટી ચિતા બનાવીને અગ્નિ પ્રજ્વલિત કર્યો અને 'હું ભીષ્મના વધ કરવા માટે અગ્નિમાં પ્રવેશ કરું છું.' એમ કહીને તે ચિતામાં પ્રવેશ કરી ગઈ.

—★—

શિખંડીની પુરુષત્વપ્રાપ્તિની કથા

દુર્યોધને પૂછ્યું – પિતામહ! કૃપા કરીને એ જણાવો કે શિખંડી કન્યા હોવા છતાં પણ ફરી પુરુષ કઈ રીતે થઈ ગયો?

ભીષ્મજી બોલ્યા – રાજન્! મહારાજ દ્રુપદની રાણીને કોઈ સંતાન ન હતું. ત્યારે દ્રુપદે સંતાનપ્રાપ્તિ માટે તપ કરીને ભગવાન શિવને પ્રસન્ન કર્યા. મહાદેવજીએ કહ્યું, 'તમારે ત્યાં એક એવો પુત્ર થશે જે પહેલાં કન્યા હોવા છતાં પાછળથી પુરુષ થઈ જશે. હવે તમે તપ કરવાનું બંધ કરો. મેં જે કહ્યું છે તે કદી અસત્ય નહિ થાય.' ત્યારે રાજાએ નગરમાં જઈને રાણીને પોતાની તપસ્યા તથા શ્રીમહાદેવજીના વરદાનની

વાત કહી. ઋતુકાળ આવતાં રાણીએ ગર્ભ ધારણ કર્યો અને યથાસમય એક સ્વરૂપવાન કન્યાને જન્મ આપ્યો. પરંતુ લોકોને એવું જણાવ્યું કે રાણીએ પુત્રને જન્મ આપ્યો છે. રાજાએ પુત્રીના જન્મની વાત છુપાવી રાખી અને તે પુત્રીના પુત્ર જેવા બધા સંસ્કાર કર્યા. આ વાતને દ્રુપદ સિવાય કોઈ જાણતું નહોતું. તેમને મહાદેવની વાત પર પૂરો વિશ્વાસ હતો, તેથી તે કન્યાને છુપાવી રાખીને તેઓ તેને પુત્ર જ કહેતા રહ્યા. લોકોમાં તે શિખંડી નામે વિખ્યાત થઈ. એકલા મને જ નારદજીના કહેવાથી, દેવતાઓની વાણી અને અંબાની તપસ્યાને કારણે આ રહસ્યની જાણ થઈ ગઈ હતી.

રાજન્! પછી રાજા દ્રુપદ પોતાની કન્યાને વિદ્યાભ્યાસ, શિલ્પકલા વગેરે વિદ્યાઓ શિખડાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા. બાણવિદ્યા માટે તે દ્રોણાચાર્યને ત્યાં પણ શિષ્ય તરીકે રહી. એક વાર રાણીએ કહ્યું, 'મહારાજ! મહાદેવજીની વાત કોઈ રીતે મિથ્યા તો થઈ શકતી નથી. તેથી હું જે વાત કહું છું, તમને પણ જો તે યોગ્ય લાગે તો કરો. તમે વિધિપૂર્વક આનાં કોઈ કન્યા સાથે લગ્ન કરાવી દો. મહાદેવજીની વાત સત્ય થઈને જ રહેશે, એમાં મને કોઈ શંકા નથી.' તે બંનેએ એવો જ નિર્ણય કરીને દશાર્ણ દેશના રાજાની કન્યાનું વરણ કર્યું. ત્યારે દશાર્ણરાજ હિરણ્યવર્માએ શિખંડી સાથે પોતાની કન્યાનાં લગ્ન કરી દીધાં. લગ્ન પછી શિખંડી કામ્પિલ્યનગરમાં આવીને રહ્યો. ત્યાં હિરણ્યવર્માની કન્યાને ખબર પડી કે આ તો સ્ત્રી છે. ત્યારે તેણે પોતાની દાયણો અને સાહેલીઓની આગળ બહુ સંકોચ સાથે આ વાત ખોલી દીધી. આ જાણીને તેમને બહુ દુઃખ થયું અને તેમણે રાજાને આ સમાચાર કહેવા માટે પોતાની દૂતિકાઓને મોકલી. તેમણે આ બધી વાત દશાર્ણરાજને કહી. તે સાંભળીને રાજાને બહુ ક્રોધ થયો અને તેણે દ્રુપદ પાસે પોતાનો દૂત મોકલ્યો.

દૂતે રાજા દ્રુપદ પાસે આવીને એકાંતમાં લઈ જઈને કહ્યું – 'રાજન્! તમે દશાર્ણરાજ સાથે દગો કર્યો છે, તેથી તેમણે ઘણા ક્રોધપૂર્વક કહ્યું છે કે તમે મોહવશ તમારી કન્યાનાં મારી કન્યા સાથે લગ્ન કરાવીને મારું બહુ અપમાન કર્યું છે. તમારો આ નિર્ણય અત્યંત હીન છે. તેથી તમે હવે આ દગાનું ફળ ભોગવવા તૈયાર રહો. હું તમને તમારા પરિવાર અને મંત્રીઓ સહિત નષ્ટ કરી દઈશ.'

રાજન્! દૂતની આ વાત સાંભળીને પકડાઈ ગયેલા ચોરની જેમ દ્રુપદનું મોં બંધ થઈ ગયું. તેમણે 'એવી વાત નથી' એમ કહીને દૂત દ્વારા પોતાના વેવાઈને મનાવવાનો બહુ પ્રયત્ન કર્યો. પરંતુ હિરણ્યવર્માએ ફરીથી પાકા સમાચાર જાણી લીધા કે આ તો પંચાલરાજની પુત્રી જ છે. તેથી તે તરત જ પંચાલદેશ પર ચડાઈ કરવા માટે નગરમાંથી બહાર નીકળી પડ્યો. તે સમયે તેના સાથી રાજાઓએ એ જ નિશ્ચય કર્યો કે, જો શિખંડી કન્યા હશે તો અમે પંચાલરાજને કેદ કરીને અમારા નગરમાં લઈ આવીશું તથા પંચાલ દેશમાં બીજા રાજાને ગાદી પર બેસાડી દઈશું. પછી દ્રુપદ અને શિખંડીને મારી નાખીશું.

દશાર્ણરાજની પાસે દૂત મોકલીને શોકાકુલ દ્રુપદે એકાંતમાં લઈ જઈને પોતાની સ્ત્રીને કહ્યું – "આ કન્યાની બાબતમાં તો આપણાથી મોટી મૂર્ખતા થઈ ગઈ. હવે આપણે શું કરીશું? શિખંડીના વિશે હવે બધાને શંકા થઈ રહી છે કે આ કન્યા છે. આવું વિચારીને દશાર્ણરાજ પણ એવું જ સમજ્યા છે કે 'મને દગો કરવામાં આવ્યો છે.' તેથી હવે તે તેના મિત્રો અને સેના

સાથે મારો નાશ કરવા માટે આવી રહ્યો છે. હવે તમને જેમાં હિત દેખાતું હોય, તે વાત જણાવો; હું તે પ્રમાણે જ કરીશ."

ત્યારે રાણીએ કહ્યું – 'સત્પુરુષોએ દેવતાઓનું પૂજન કરવું સંપત્તિવાનો માટે પણ કલ્યાણપ્રદ માન્યું છે. પછી જે દુઃખના સમુદ્રમાં ગોથાં ખાઈ રહ્યો છે, તેની તો વાત જ શી છે? તેથી તમે દેવતાઓનું આરાધન કરવા માટે બ્રાહ્મણોનું પૂજન કરો અને મનમાં એવો સંકલ્પ કરો કે દશાર્ણરાજ યુદ્ધ કર્યા વિના જ પાછા ફરી જાય. પછી દેવતાઓના અનુગ્રહથી આ બધું કાર્ય બરાબર થઈ જશે. દેવતાઓની કૃપા અને મનુષ્યનો પ્રયત્ન – એ બંને જ્યારે મળી જાય છે તો કાર્ય પૂરી રીતે સિદ્ધ થઈ જાય છે અને એમાં જો પરસ્પર વિરોધ હોય તો સફળતા મળતી નથી. તેથી તમે મંત્રીઓ દ્વારા નગરના શાસનનો સારી રીતે પ્રબંધ કરીને દેવતાઓનું યથેષ્ઠ પૂજન કરો.'

પોતાનાં માતાપિતાને આ પ્રમાણે વાત કરતાં અને શોકાકુળ થયેલાં જોઈને શિખંડિની પણ લજ્જિત જેવી થઈને વિચારવા લાગી કે 'આ બંને મારા જ કારણે દુઃખી છે.' તેથી તેણે પોતાનો પ્રાણ ત્યાગવાનો નિશ્ચય કર્યો. એવું વિચારીને તે ઘરમાંથી નીકળીને એક નિર્જન વનમાં ચાલી ગઈ. આ વનની રક્ષા સ્થૂણાકર્ણ નામનો એક સમૃદ્ધિશાળી યક્ષ કરતો હતો. ત્યાં તેનું એક ભવન પણ હતું. શિખંડિની તે વનમાં ચાલી ગઈ. તેણે બહુ દિવસ સુધી નિરાહાર રહીને પોતાના શરીરને સૂકવી નાખ્યું. એક દિવસ સ્થૂણાકર્ણે તેને દર્શન આપીને પૂછ્યું, 'કન્યે! તારું આ અનુષ્ઠાન શા ઉદ્દેશથી છે? તું મને હમણાં જ જણાવ, હું તારું કામ કરી દઈશ.' શિખંડિનીએ વારંવાર કહ્યું કે, 'તમારાથી મારું કામ નહિ થાય.' પરંતુ યક્ષે એ જ કહ્યું કે 'હું તેને બહુ જલદી કરી દઈશ. હું કુબેરનો અનુચર છું અને વરદાન આપવા માટે જ આવ્યો છું. તારે જે કહેવું હોય તે કહી દે; હું તને ન આપવા જેવી વસ્તુ પણ આપી દઈશ.' ત્યારે શિખંડિનીએ તેને બધી વાત કહી દીધી અને કહ્યું કે, 'તમે મારું દુઃખ દૂર કરવાની પ્રતિજ્ઞા કરી છે, તેથી એમ કરો કે હું તમારી કૃપાથી એક સુંદર પુરુષ બની જાઉં. જ્યાં સુધી દશાર્ણરાજ મારા નગરમાં પહોંચે, તે પહેલાં જ તમે મારા પર કૃપા કરી દો.'

યક્ષે કહ્યું – 'તમારું આ કામ તો થઈ જશે. પરંતુ તેમાં એક શરત છે. હું થોડા સમય માટે તમને મારું પુરુષત્વ આપી દઈશ, પરંતુ એવી સત્ય પ્રતિજ્ઞા કરી જાઓ કે તેને પાછું આપવા તમે અહીં પાછા આવી જશો. એટલા દિવસ સુધી હું તમારા સ્ત્રીત્વને ધારણ કરીશ.'

શિખંડીએ કહ્યું – 'ઠીક છે, હું તમારું પુરુષત્વ પાછું આપી દઈશ; થોડા દિવસ માટે જ તમે મારું સ્ત્રીત્વ ધારણ કરી લો. જ્યારે રાજા હિરણ્યવર્મા દશાર્ણદેશ પાછો જશે, ત્યારે હું પાછી કન્યા થઈ જઈશ અને તમે પુરુષ થઈ જજો.'

આ પ્રમાણે જ્યારે તે બંનેએ પ્રતિજ્ઞા કરી લીધી ત્યારે તેમણે આપસમાં શરીર બદલી લીધું. સ્થૂણાકર્ણ સ્ત્રી બની ગયો અને શિખંડીને યક્ષનું તેજસ્વી શરીર પ્રાપ્ત થઈ ગયું. આ પ્રમાણે પુરુષત્વ પ્રાપ્ત કરીને શિખંડી બહુ રાજી થયો અને પંચાલનગરમાં પોતાના પિતા પાસે ચાલ્યો આવ્યો. આ ઘટના જેમ-જેમ બની હતી, તે બધી વાત તેણે રાજા દ્રુપદને કહી સંભળાવી. આથી દ્રુપદને બહુ પ્રસન્નતા થઈ. તેમને અને તેમની પત્નીને ભગવાન શંકરની વાત યાદ

આવી ગઈ. ત્યારે તેમણે દશાર્ણરાજ પાસે દૂત મોકલીને કહેવડાવ્યું, 'તમે સ્વયં મારે ત્યાં પધારો અને જોઈ લો કે મારો પુત્ર પુરુષ જ છે. કોઈ વ્યક્તિએ તમને જે જૂઠી વાત કહી હતી તે માનવી યોગ્ય નથી.' રાજા દ્રુપદનો સંદેશો મળતાં દશાર્ણરાજે શિખંડીની પરીક્ષા માટે થોડી યુવતીઓને મોકલી. તેમણે તેના વાસ્તવિક સ્વરૂપને જાણીને બહુ જ પ્રસન્નતાથી બધી વાત હિરણ્યવર્માને કહી દીધી અને કહી દીધું કે રાજકુમાર શિખંડી પુરુષ જ છે. ત્યારે રાજા હિરણ્યવર્મા બહુ પ્રસન્નતા સાથે દ્રુપદના નગરમાં આવ્યો અને વેવાઈને મળીને બહુ હર્ષપૂર્વક થોડા દિવસ ત્યાં રોકાયાં. તેણે શિખંડીને હાથી, ઘોડા, ગાયો અને અનેક દાસીઓ ભેટ આપી. દ્રુપદે પણ તેમનો સારો સત્કાર કર્યો. આ પ્રમાણે સંદેહ દૂર થઈ જવાથી તે ઘણો પ્રસન્ન થયો અને પોતાની પુત્રી ઉપર ખિજાઈને પોતાને નગર જવા માટે નીકળી ગયો.

આ દરમિયાન યક્ષરાજ કુબેર ફરતા ફરતા સ્થૂણાકર્ણના સ્થાન પર પહોંચી ગયા. સ્થૂણાકર્ણનું મકાન રંગ-બેરંગી સુગંધિત પુષ્પોથી સજાવેલું હતું. એ જોઈને યક્ષરાજે પોતાના અનુચરોને કહ્યું – 'આ સજાવેલું ભવન સ્થૂણાકર્ણનું જ છે; પરંતુ એ મંદમતિ મારી પાસે હજી કેમ આવ્યો નહિ?' યક્ષોએ કહ્યું, 'મહારાજ! રાજા દ્રુપદની શિખંડી નામની એક કન્યા છે, એને કોઈ કારણવશ સ્થૂણાકર્ણે પોતાનું પુરુષત્વ આપી દીધું છે અને તેનું સ્ત્રીત્વ પોતે ગ્રહણ કરી લીધું છે. હવે તે સ્ત્રીરૂપે જ ઘરમાં રહે છે. તેથી સંકોચવશ તે તમારી સેવામાં ઉપસ્થિત થયો નથી. હવે તમને યોગ્ય લાગે તે કરો.' ત્યારે કુબેરે કહ્યું, 'અચ્છા, તમે સ્થૂણને મારી સામે હાજર કરો, હું તેને શિક્ષા કરીશ.' આ પ્રમાણે બોલાવવાથી સ્થૂણાકર્ણ બહુ સંકોચ સાથે સ્ત્રીરૂપમાં જ કુબેર પાસે આવીને ઊભો થઈ ગયો. તેના કારણે કોપિત થઈને કુબેરે શાપ આપ્યો કે, 'હવે આ પાપી યક્ષ આ પ્રમાણે સ્ત્રીરૂપે જ રહેશે.' ત્યારે બીજા યક્ષોએ સ્થૂણાકર્ણ વતી પ્રાર્થના કરી કે 'મહારાજ! તમે આ શાપનો કોઈ અવધિ નક્કી કરો.' આથી કુબેરે કહ્યું – 'અચ્છા, જ્યારે શિખંડી યુદ્ધમાં મરાઈ જશે ત્યારે આને ફરી પોતાનું સ્વરૂપ પ્રાપ્ત થઈ જશે.' એવું કહીને ભગવાન કુબેર બધા યક્ષો સાથે અલકાપુરી માટે રવાના થઈ ગયા.

અહીં પ્રતિજ્ઞાનો સમય પૂરો થતાં શિખંડી સ્થૂણાકર્ણ પાસે ગયો અને કહ્યું કે 'ભગવન્! હું આવી ગયો છું.' સ્થૂણાકર્ણે શિખંડીને પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે આવેલો જોઈને વારંવાર પોતાની પ્રસન્નતા પ્રગટ કરી અને તેને બધી વાત કહી દીધી. તેની વાત સાંભળીને શિખંડીને ભારે પ્રસન્નતા થઈ અને તે પોતાના નગરમાં પાછો આવી ગયો. શિખંડીનું આ પ્રમાણે કામ સિદ્ધ થયેલું જોઈને રાજા દ્રુપદ અને બધા ભાઈ-બંધુઓને ભારે પ્રસન્નતા થઈ. ત્યારપછી દ્રુપદે તેને ધનુર્વિદ્યા શીખવા માટે દ્રોણાચાર્યજીને સોંપી દીધો. પછી શિખંડી અને ધૃષ્ટદ્યુમ્ને તમારી સાથે જ ગ્રહણ, ધારણ, પ્રયોગ અને પ્રતિકાર – આ ચાર અંગો સહિત ધનુર્વિદ્યા પ્રાપ્ત કરી. મેં મૂર્ખ, બહેરા અને આંધળા જેવા દેખાતા જે ગુપ્તચરો દ્રુપદ પાસે નિયુક્ત કરી રાખ્યા હતા, તેમણે જ મને આ બધી વાતો કહી છે.

રાજન્! આ પ્રમાણે આ દ્રુપદનો પુત્ર મહારથી શિખંડી પહેલાં સ્ત્રી હતો અને પાછળથી પુરુષ થઈ ગયો છે. એ જો હાથમાં ધનુષ્ય લઈને મારી સામે યુદ્ધ કરવા માટે આવશે તો ન તો હું તેની સામે એક ક્ષણ માટે પણ

જોઈશ અને ન તેના પર શસ્ત્ર છોડીશ. જો ભીષ્મ સ્ત્રીની હત્યા કરશે તો સાધુજનો તેની નિંદા કરશે. તેથી એને રણમાં ઉપસ્થિત જોઈને પણ હું તેના પર શસ્ત્ર છોડીશ નહિ.

વૈશમ્પાયનજી કહે છે – ભીષ્મની આ વાત સાંભળીને કુરુરાજ દુર્યોધન થોડી વાર સુધી વિચાર કરતો રહ્યો. પછી તેને ભીષ્મની વાત યોગ્ય જ લાગી.

—★—

દુર્યોધન પ્રત્યે ભીષ્મ વગેરે દ્વારા અને યુધિષ્ઠિર પ્રત્યે અર્જુન દ્વારા બળ-વર્ણન

સંજયે કહ્યું – મહારાજ! તે રાત વીતી ગયા પછી જ્યારે પ્રાતઃકાળ થયો ત્યારે તમારા પુત્ર દુર્યોધને પિતામહ ભીષ્મને પૂછ્યું – 'દાદાજી! પાંડુનંદન યુધિષ્ઠિરની જે આ અસંખ્ય પાયદળ, હાથી, ઘોડા અને મહારથીઓથી પૂર્ણ પ્રબળ સેના આપણી સામે યુદ્ધ કરવા માટે તૈયાર થઈ રહી છે, તેને તમે કેટલા દિવસોમાં નષ્ટ કરી શકો છો? તથા આચાર્ય દ્રોણ, કૃપ, કર્ણ તથા અશ્વત્થામાને આનો નાશ કરવામાં કેટલો સમય લાગશે? મારી ઘણા દિવસથી આ વાત જાણવાની મારી ઈચ્છા છે. કૃપા કરીને જણાવો.'

ભીષ્મે કહ્યું – રાજન્! તમે જે શત્રુઓના બળાબળ વિશે પૂછી રહ્યા છો, તે બરાબર જ છે. યુદ્ધમાં મારું જે વધુમાં વધુ પરાક્રમ, શસ્ત્રબળ અને ભુજાઓનું સામર્થ્ય છે તે સાંભળો. ધર્મયુદ્ધ માટે એવો નિયમ છે કે સરળ યોદ્ધા સાથે સરળતાપૂર્વક અને માયાયુદ્ધ કરનારની સામે માયાયુદ્ધ કરવું જોઈએ. આ પ્રમાણે યુદ્ધ કરીને હું દરરોજ પાંડવસેનાના દસ હજાર યોદ્ધાઓ અને એક હજાર રથીઓનો સંહાર કરી શકું છું. તેથી જો હું પોતાનાં મહાન અસ્ત્રોનો પ્રયોગ કરું તો એક મહિનામાં સમસ્ત પાંડવ-સેનાનો સંહાર થઈ શકે છે.

દ્રોણાચાર્યે કહ્યું – 'રાજન્! હું હવે વૃદ્ધ થઈ ગયો છું. તો પણ ભીષ્મજીની માફક એક મહિનામાં જ પોતાના શસ્ત્રાગ્નિથી પાંડવસેનાને ભસ્મ કરી શકું છું. મારી વધુમાં વધુ શક્તિ આટલી છે.

કૃપાચાર્યે બે મહિનામાં અને અશ્વત્થામાએ દસ દિવસમાં સંપૂર્ણ પાંડવદળનો સંહાર કરવાની પોતાની શક્તિ બતાવી. પરંતુ કર્ણે કહ્યું, 'હું પાંચ દિવસમાં જ સંપૂર્ણ સેનાને સાફ કરી નાખીશ.' કર્ણની આ વાત સાંભળીને ભીષ્મજી ખડખડાટ હસી પડ્યા અને કહ્યું, 'રાધાપુત્ર! જ્યાં સુધી રણભૂમિમાં શ્રીકૃષ્ણની સાથે અર્જુન રથ લઈને આવ્યો નથી, ત્યાં સુધી તું આ પ્રમાણે અભિમાનથી બોલ્યા કર. તેનો મુકાબલો થયા પછી શું તું આ પ્રમાણે મન ફાવે તેવો બકવાદ કરી શકીશ?'

જ્યારે કુંતીનંદન મહારાજ યુધિષ્ઠિરે આ સમાચાર સાંભળ્યા ત્યારે તેમણે પણ પોતાના ભાઈઓને બોલાવીને કહ્યું – 'ભાઈઓ! આજે કૌરવોની સેનામાં મારા જે ગુપ્તચરો છે, તેમણે ત્યાંના આજે સવારના જ આ સમાચાર મોકલ્યા છે. દુર્યોધને ભીષ્મજીને પૂછ્યું હતું કે, 'તમે પાંડવોની સેનાનો સંહાર કેટલા દિવસમાં કરી શકો છો?' ભીષ્મજીએ કહ્યું, 'એક મહિનામાં.' દ્રોણાચાર્યે પણ તેટલા જ દિવસમાં નાશ કરવાની શક્તિ બતાવી. કૃપાચાર્યે પોતાને બમણો સમય લાગશે એમ કહ્યું, અશ્વત્થામાએ કહ્યું, 'હું દસ દિવસમાં આ કામ કરી શકું છું.' તથા જ્યારે કર્ણને પૂછવામાં આવ્યું ત્યારે તેણે પાંચ દિવસમાં

સંપૂર્ણ સેનાનો નાશ કરી શકવાની વાત કહી. તેથી અર્જુન! હવે હું પણ આ વિષયમાં તમારી વાત સાંભળવા ઇચ્છું છું. તમે કેટલા સમયમાં બધા શત્રુઓનો સંહાર કરી શકો છો?

યુધિષ્ઠિરના આ પ્રમાણે પૂછવાથી અર્જુને શ્રીકૃષ્ણ તરફ જોઈને કહ્યું – 'મારો તો એવો વિચાર છે કે શ્રીકૃષ્ણની સહાયતાથી હું એકલો જ માત્ર રથમાં બેસીને ક્ષણભરમાં દેવતાઓ સહિત ત્રણે લોક અને ભૂત, ભવિષ્ય, વર્તમાન કે બધા જીવોનો પ્રલય કરી શકું છું. પહેલાં કિરાતવેશધારી ભગવાન શંકર સાથે યુદ્ધ થયું, ત્યારે તેમણે મને જે અત્યંત પ્રચંડ પાશુપતાસ્ત્ર આપ્યું હતું, તે મારી પાસે જ છે. ભગવાન શંકર પ્રલયકાળમાં સંપૂર્ણ જીવોનો સંહાર કરવા માટે આ જ અસ્ત્રનો પ્રયોગ કરે છે. આને મારા સિવાય ન તો ભીષ્મ જાણે છે અને ન દ્રોણ, કૃપ અથવા અશ્વત્થામાને પણ આનું જ્ઞાન નથી; પછી કર્ણની તો વાત જ ક્યાં છે? તો પણ આ દિવ્યાસ્ત્રોથી સંગ્રામભૂમિમાં મનુષ્યોને મારવા ઉચિત નથી. આપણે તો સીધેસીધા યુદ્ધ દ્વારા જ શત્રુને જીતી લઈશું. એ જ પ્રમાણે તમારા સહાયક આ અન્ય વીરો પણ પુરુષોમાં સિંહ જેવા છે. આ બધા દિવ્ય અસ્ત્રોના જ્ઞાતા અને યુદ્ધ માટે ઉત્સુક છે. એમને કોઈ જીતી શકે એમ નથી. આ બધા વીરો રણભૂમિમાં દેવતાઓનો પણ સંહાર કરી શકે છે. શિખંડી, યુયુધાન, ધૃષ્ટદ્યુમ્ન, ભીમસેન, નકુળ, સહદેવ, યુધામન્યુ, ઉત્તમૌજા, વિરાટ, દ્રુપદ, શંખ, ઘટોત્કચ, તેનો પુત્ર અંચનપર્વા, અભિમન્યુ અને દ્રૌપદીના પાંચ પુત્રો તથા સ્વયં તમે પણ ત્રણે લોકને નષ્ટ કરવામાં સમર્થ છો. એમાં શંકા નથી કે જો તમે ક્રોધપૂર્વક કોઈની ઉપર નજર નાખશો તો પણ તે તત્કાળ નષ્ટ થઈ જશે.'

—★—

કૌરવ અને પાંડવ-સેનાઓનું યુદ્ધભૂમિ માટે પ્રસ્થાન

વૈશમ્પાયનજી કહે છે – રાજન્! થોડી જ વારમાં સ્વચ્છ પ્રભાત થયું. ત્યારે દુર્યોધનની આજ્ઞાથી તેના પક્ષના રાજાઓ પાંડવો પર ચડાઈ કરવાની તૈયારી કરવા લાગ્યા. તેમણે સ્નાન કરીને શ્વેતવસ્ત્ર અને હાર ધારણ કર્યાં, હવન કર્યો અને પછી અસ્ત્ર-શસ્ત્ર ધારણ કરીને સ્વસ્તિવાચન કરાવીને યુદ્ધ કરવા માટે ચાલ્યા. આરંભમાં અવન્તિ દેશના રાજા વિન્દ અને અનુવિન્દ, કેકય દેશના રાજા અને બાહ્‌લીક – બધા દ્રોણાચાર્યના નેતૃત્વમાં ચાલ્યા. એ પછી અશ્વત્થામા, ભીષ્મ, જયદ્રથ, ગાંધારરાજ શકુનિ, દક્ષિણ, પશ્ચિમ, પૂર્વ અને ઉત્તર તરફના રાજાઓ, પર્વતીય પ્રદેશના રાજાઓ તથા શક, કિરાત, યવન, શિબિ અને વસાતિ જાતિના રાજાઓ પોતપોતાની સેના સહિત બીજું દળ બનાવીને ચાલવા લાગ્યા. તેમની પાછળ સેના સાથે કૃતવર્મા, ત્રિગર્ત્તરાજ, ભાઈઓથી ઘેરાયેલો દુર્યોધન, શલ, ભૂરિશ્રવા, શલ્ય અને કોસલરાજ બૃહદ્રથ આ બધાએ કૂચ કરી. મહાબળી ધૃતરાષ્ટ્રપુત્રો કવચ ધારણ કરીને કુરુક્ષેત્રના પાછળના અડધા ભાગમાં ઠીક-ઠીક વ્યવસ્થાપૂર્વક ઊભા થઈ ગયા. દુર્યોધને પોતાની છાવણીને એ પ્રકારે સુસજ્જિત કરાવી હતી કે તે બીજા હસ્તિનાપુર જેવી લાગતી હતી. તેથી બહુ ચતુર નાગરિકોને પણ તેમાં અને નગરમાં કોઈ ફરક લાગતો ન હતો. બીજા બધા રાજાઓ માટે પણ તેણે તેવા જ સેંકડો, હજારો ડેરા બંધાવ્યા હતા. તે પાંચ યોજનના ઘેરાવાના રણાંગણમાં તેણે

સેંકડો છાવણીઓ નાખી હતી. તે છાવણીઓમાં રાજાઓએ પોતપોતાના બળ અને ઉત્સાહ પ્રમાણે મુકામ કર્યો હતો. રાજા દુર્યોધને ત્યાં આવેલા રાજાઓને તેમની સેના સાથે બધા પ્રકારની ઉત્તમ-ઉત્તમ ભક્ષ્ય અને ભોજ્યસામગ્રી આપવાનો પ્રબંધ કર્યો હતો. ત્યાં જે વેપારીઓ અને દર્શકો આવ્યા હતા, તે બધાની પણ તે બરાબર દેખરેખ રાખતો હતો.

એ જ પ્રમાણે મહારાજ યુધિષ્ઠિરે પણ ધૃષ્ટદ્યુમ્ન વગેરે વીરોને રણભૂમિમાં કૂચ કરવાની આજ્ઞા આપી. તેમણે રાજાઓના હાથી, ઘોડા, પાયદળ અને વાહનોના સેવકો તથા શિલ્પીઓ માટે સારામાં સારી ભોજનસામગ્રી આપવાનો આદેશ આપ્યો. પછી ધૃષ્ટદ્યુમ્નના નેતૃત્વમાં અભિમન્યુ, બૃહત્ તથા દ્રૌપદીના પાંચ પુત્રોને રણાંગણમાં મોકલ્યા. ત્યાર પછી ભીમસેન, સાત્યકિ અને અર્જુનને બીજા સૈન્ય-સમૂહની સાથે ચાલવા કહ્યું. આ ઉત્સાહી વીરોનો હર્ષનાદ આકાશમાં ગુંજવા લાગ્યો. આ બધાની પાછળ વિરાટ, દ્રુપદ તથા બીજા રાજાઓની સાથે તે પોતે ચાલ્યા. તે સમયે ધૃષ્ટદ્યુમ્નની અધ્યક્ષતામાં ચાલી રહેલી તે પાંડવોની સેના જળથી ભરપૂર ગંગાજી જેવી મંદગતિથી ચાલી રહેલી દેખાતી હતી.

થોડે દૂર જઈને રાજા યુધિષ્ઠિરે ધૃતરાષ્ટ્રના પુત્રોને ભ્રમમાં નાખવા માટે પોતાની સેનાનું સંગઠન બીજીવાર કર્યું. તેમણે દ્રૌપદીના પુત્રો, અભિમન્યુ, નકુલ, સહદેવ અને સમસ્ત પ્રભદ્રક વીરોને દસહજાર ઘોડેસવાર, બેહજાર ગજ-આરોહી, દસહજાર પાયદળ, અને પાંચસો રથીઓની સાથે ભીમસેનના નેતૃત્વમાં પ્રથમ દળ બનાવીને ચાલવાની આજ્ઞા આપી. વચ્ચેના દળમાં વિરાટ, જયત્સેન તથા પાંચાલ રાજકુમાર યુધામન્યુ અને ઉત્તમૌજાને રાખ્યા. તેની પાછળ મધ્યભાગમાં શ્રીકૃષ્ણ અને અર્જુન ચાલ્યા. એમની આગળ-પાછળ બધી બાજુ વીસ હજાર ઘોડેસવારો, પાંચ હજાર ગજ-આરોહી તથા અનેક-અનેક રથી અને પાયદળ ધનુષ, ખડ્ગ, ગદા અને વિવિધ પ્રકારનાં અસ્ત્રો લઈને ચાલી રહ્યા હતા. જે સેનારૂપી સમુદ્રની વચ્ચે સ્વયં રાજા યુધિષ્ઠિર હતા, તેમાં અનેક રાજાઓ તેમને ચારે બાજુ ઘેરીને ચાલતા હતા. મહાબળી સાત્યકિ પણ લાખો રથીઓની સાથે સેનાને આગળ વધારતો લઈ જઈ રહ્યો હતો. પુરુષશ્રેષ્ઠ ક્ષત્રદેવ અને બ્રહ્મદેવ સેનાના જઘનસ્થાનની (જાંઘના ભાગની) રક્ષા કરતા રહીને પાછળના ભાગમાં ચાલી રહ્યા હતા. એ સિવાય બીજાં પણ અનેક છકડા, દુકાનો, વાહનો તથા હાથી-ઘોડા વગેરે સેનાની સાથે હતાં. તે સમયે તે રણક્ષેત્રમાં લાખો વીરો ભારે ઉત્સાહથી ભેરી અને શંખોનો ધ્વનિ કરી રહ્યા હતા.

ઉદ્યોગપર્વ સમાપ્ત

॥ શ્રીગણેશાય નમઃ ॥

સંક્ષિપ્ત મહાભારત

ભીષ્મપર્વ

છાવણીઓની ગોઠવણ તથા યુદ્ધના નિયમોનો નિર્ણય

નારાયણં નમસ્કૃત્ય નરં ચૈવ નરોત્તમમ્ ।
દેવીં સરસ્વતીં વ્યાસં તતો જયમુદીરયેત્ ॥

અંતર્યામી નારાયણસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ, તેમના નિત્ય સખા નરરત્ન અર્જુન, તેમની લીલાને પ્રગટ કરનારી ભગવતી સરસ્વતી અને તેના વક્તા મહર્ષિ વેદવ્યાસને નમસ્કાર કરીને આસુરી સંપત્તિઓ પર વિજય-પ્રાપ્તિપૂર્વક અંતઃકરણને શુદ્ધ કરનારા મહાભારતગ્રંથનો પાઠ કરવો જોઈએ.

જનમેજયે કહ્યું – મુને! હવે હું એ સાંભળવા ચાહું છું કે કૌરવો, પાંડવો, સોમક તથા અનેક દેશોમાંથી આવેલા અન્ય રાજાઓએ કઈ રીતે યુદ્ધ કર્યું.

વૈશમ્પાયનજી બોલ્યા – રાજન્! કૌરવો, પાંડવો અને સોમવંશી વીરોએ કુરુક્ષેત્રમાં જે પ્રમાણે યુદ્ધ કર્યું, તે સાંભળો. કુંતીનંદન રાજા યુધિષ્ઠિરે ત્યાં સમન્તકપંચક તીર્થની બહારના મેદાનમાં હજારો તંબુઓ ઊભા કરાવ્યા. ત્યાં એટલી સેના એકઠી થઈ ગઈ કે કુરુક્ષેત્ર સિવાય આખી પૃથ્વી સૂની લાગતી હતી. માત્ર બાળકો અને વૃદ્ધો જ બચી ગયા હતા, પૃથ્વી પર ક્યાંય તરુણ પુરુષો અને ઘોડા જોવા મળતા ન હતા. રથ અને હાથી પણ ક્યાંય જોવા મળતા ન હતા. પૃથ્વીના બધા દેશોમાંથી કુરુક્ષેત્રમાં સેના આવી હતી. બધા વર્ણના લોકો ત્યાં એકત્રિત થયા હતા. બધાએ અનેક યોજનના વિસ્તારમાં પડાવ નાખ્યા હતા. તેના ઘેરાવામાં દેશ, નદી, પર્વત અને વન પણ આવી જતાં હતાં. રાજા યુધિષ્ઠિરે સૌના ભોજન-પાણીનો ઉત્તમ પ્રબંધ કર્યો હતો. જ્યારે યુદ્ધનો સમય ઉપસ્થિત થયો ત્યારે તેમણે એવી ઓળખ માટે કે તે પાંડવ-પક્ષનો યોદ્ધો છે, બધાનાં નામ, આભૂષણ અને ચિહ્ન નક્કી કરી લીધાં હતાં.

દુર્યોધને પણ સઘળા રાજાઓને સાથે રાખીને પાંડવોના જેવી વ્યૂહ-રચના કરી. યુદ્ધની પ્રશંસા કરનારા પંચાલ દેશના વીરો દુર્યોધનને જોઈને હર્ષિત થઈ ગયા અને મોટા-મોટા શંખ તથા રણભેરીઓ વગાડવા લાગ્યા. ત્યારપછી એક જ રથ પર બેઠેલા ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુને પણ પોતાના દિવ્યશંખ વગાડ્યા. તે પાંચજન્ય અને દેવદત્ત નામના શંખોનો ભયંકર અવાજ સાંભળીને કૌરવ યોદ્ધાઓનાં મળ-મૂત્ર નીકળી પડ્યાં.

ત્યાર પછી કૌરવ-પાંડવ અને સોમવંશી વીરોએ મળીને યુદ્ધના કેટલાક નિયમ બનાવ્યા અને તે યુદ્ધસંબંધી ધાર્મિક નિયમોનું પાલન બધાને માટે અનિવાર્ય બનાવી દીધું. તે નિયમો આ

પ્રમાણે હતા 'દરરોજ યુદ્ધ સમાપ્ત થયા પછી આપણે બધા અગાઉની જેમ પરસ્પર પ્રેમપૂર્ણ વ્યવહાર કરીએ, કોઈ કોઈની સાથે છળકપટ ન કરે. જે વાગ્યુદ્ધ કરી રહ્યા હોય, તેમનો મુકાબલો વાગ્યુદ્ધથી જ થાય. જે સેનામાંથી બહાર નીકળી ગયા હોય, તેમના ઉપર પ્રહાર કરવામાં ન આવે. રથી રથી સાથે, હાથી સવાર હાથી સવાર સાથે, ઘોડેસવાર ઘોડેસવાર સાથે અને પાયદળ પાયદળની સાથે યુદ્ધ કરે. જે જેને યોગ્ય હોય, જેની સાથે યુદ્ધ કરવાની તેની ઇચ્છા હોય તે તેની જ સાથે યુદ્ધ કરે. જેનો જેવો ઉત્સાહ અને બળ હોય, તે પ્રમાણે જ તે લડે. વિપક્ષીને પોકારીને સાવધાન કરીને પ્રહાર કરવામાં આવે. જે પ્રહાર નહીં થાય એવો વિશ્વાસ કરીને અજાણ હોય અથવા ભયભીત હોય, તેના પર પ્રહાર ન કરવો. જે કોઈ એકની સાથે યુદ્ધ કરી રહ્યો હોય તેના પર બીજો કોઈ શસ્ત્ર ન છોડે. જે શરણમાં આવ્યો હોય અથવા યુદ્ધ મૂકીને ભાગી રહ્યો હોય અથવા જેનાં અસ્ત્ર-શસ્ત્ર અને કવચ નષ્ટ થઈ ગયાં હોય – એવા અસહાયોનો વધ ન કરવો, સૂત, ભાર ઉપાડનારા, શસ્ત્ર પહોંચાડનારા તથા ભેરી અને શંખ વગાડનારા પર પણ કોઈ પ્રકારનો પ્રહાર ન કરવો.' આ પ્રકારના નિયમો બનાવીને તે બધા રાજાઓ પોતાના સૈનિકો સાથે ઘણા પ્રસન્ન થયા.

—★—

વ્યાસજી દ્વારા સંજયની નિયુક્તિ તથા અનિષ્ટસૂચક ઉત્પાતોનું વર્ણન

વૈશમ્પાયનજી કહે છે – રાજન્! ત્યાર પછી પૂર્વ અને પશ્ચિમ દિશામાં સામસામે ઊભેલી બંને બાજુની સેનાઓને જોઈને ભૂત, ભવિષ્ય અને વર્તમાન – ત્રણેય કાળના જ્ઞાતા ભગવાન વ્યાસે એકાંતમાં બેઠેલા રાજા ધૃતરાષ્ટ્રની પાસે આવીને કહ્યું, 'રાજન્! તમારા પુત્રો તથા અન્ય રાજાઓનો કાળ આવી પહોંચ્યો છે; તેઓ યુદ્ધમાં એકબીજાનો સંહાર કરવા તૈયાર છે. બેટા! જો તમે એમને સંગ્રામમાં જોવા ઇચ્છતા હો તો હું તમને દિવ્યદૃષ્ટિ આપું. તેથી તમે ત્યાંનું યુદ્ધ સારી રીતે જોઈ શકશો.'

ધૃતરાષ્ટ્રે કહ્યું – બ્રહ્મર્ષિવર! યુદ્ધમાં હું પોતાના જ કુટુંબનો વધ જોવા ઇચ્છતો નથી; પરંતુ તમારા પ્રભાવથી યુદ્ધના પૂરા સમાચાર સાંભળી શકું, તેવી કૃપા અવશ્ય કરો.

ધૃતરાષ્ટ્ર યુદ્ધના સમાચાર સાંભળવા ઇચ્છે છે – એવું જાણીને વ્યાસજીએ સંજયને દિવ્યદૃષ્ટિનું વરદાન આપ્યું. તેમણે ધૃતરાષ્ટ્રને કહ્યું – 'રાજન્! આ સંજય તમને યુદ્ધના સમાચાર સંભળાવશે. સંપૂર્ણ યુદ્ધક્ષેત્રમાં કોઈ પણ વાત એવી નહિ હોય જે આનાથી છૂપી રહે. આ દિવ્યદૃષ્ટિથી સંપન્ન અને સર્વજ્ઞ થઈ જશે. સામે હોય અથવા પરોક્ષમાં, દિવસે થાય કે રાતે, અથવા મનમાં વિચારેલી વાત પણ કેમ ન હોય, તે બધી વાતની સંજયને ખબર પડી જશે. આને શસ્ત્રો કાપી નહિ શકે, પરિશ્રમ કષ્ટ નહિ આપી શકે તથા યુદ્ધમાંથી આ જીવતો-જાગતો નીકળી આવશે. હું આ કૌરવો અને પાંડવોની કીર્તિનો વિસ્તાર કરીશ, તમે તેમને માટે શોક કરશો નહિ. આ દૈવનું વિધાન છે, આને ટાળી શકાય એમ નથી. યુદ્ધમાં ધર્મ જે બાજુ હશે, તે પક્ષનો જય થશે. મહારાજ! આ યુદ્ધમાં બહુ મોટો સંહાર થશે; કેમકે એવાં જ ભય-સૂચક અપશુકન દેખાય છે. બંને સન્ધ્યા સમયે વીજળી ચમકે છે અને સૂર્યને ત્રિરંગી વાદળો ઢાંકી દે છે, એ ઉપર-નીચે

સફેદ અને લાલ તથા વચ્ચે કાળા હોય છે. સૂર્ય, ચન્દ્રમા અને તારા સળગતા હોય એવું લાગે છે. દિવસ-રાતમાં કાંઈ ફરક લાગતો નથી; આ લક્ષણો ભય ઉત્પન્ન કરનારાં છે. કાર્તિકની પૂર્ણિમાએ નીલકમળ જેવા રંગવાળા આકાશમાં ચંદ્રમા પ્રભાવહીન હોવાને કારણે ઝાંખો દેખાતો હતો, તેનો રંગ અગ્નિ જેવો હતો. આનાથી એવો સંકેત મળે છે કે અનેક શૂરવીર રાજાઓ અને રાજકુમારો યુદ્ધમાં પ્રાણત્યાગ કરીને ધરાશાયી થઈ જશે. દરરોજ સુવર અને બિલાડાં લડે છે અને તેમનો ભયંકર અવાજ સંભળાય છે. દેવમૂર્તિઓ કાંપતી, હસતી અને લોહી ઓકતી દેખાય છે તથા એકાએક પસીનાથી લદબદ થઈ જાય છે અને પડી જાય છે. જે ત્રણે લોકમાં પ્રસિદ્ધ છે તે પરમ સાધ્વી અરુન્ધતીએ આ સમયે વસિષ્ઠને આગળથી પાછળ કરી દીધા છે. શનિ રોહિણીને સંતાપી રહ્યો છે, ચંદ્રમાનું મૃગચિહ્ન ભૂંસાઈ ગયા જેવું થઈ ગયું છે; આનાથી બહુ ભારે ભય આવી રહ્યાનો સંકેત મળે છે. આજકાલ ગાયોના ગર્ભમાંથી ગધેડાં જન્મે છે. ઘોડીથી ગાયનું વાછડું જન્મે છે અને કૂતરાં શિયાળને જન્મ આપે છે. ચારે બાજુ બહુ જોરની આંધી ચાલે છે, સતત ધૂળ ઊડતી રહે છે. વારંવાર ભૂકંપ થાય છે. રાહુ સૂર્ય પર આક્રમણ કરે છે, કેતુ ચિત્રાનક્ષત્ર પર સ્થિત છે, ધૂમકેતુ પુષ્યનક્ષત્રમાં સ્થિત છે. આ મહાન ગ્રહો બંને સેનાઓનું ભયંકર અમંગળ કરશે. મંગળ વક્રી થઈને મઘાનક્ષત્ર પર સ્થિત છે. બૃહસ્પતિ શ્રવણ-નક્ષત્ર પર છે અને શુક્ર પૂર્વાભાદ્રપદા પર સ્થિત છે. પહેલાં ચૌદ, પંદર અને સોળ દિવસે અમાવાસ્યા થઈ ચૂકી છે; પરંતુ ક્યારેય પક્ષના તેર જ દિવસમાં અમાવાસ્યા થઈ હોય, એવું મને યાદ નથી. આ વખતે તો એક જ મહિનાના બંને પક્ષોમાં ત્રયોદશીના દિવસે જ સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ થઈ ગયાં. આ પ્રમાણે પર્વ વિના ગ્રહણ થવાથી આ બંને ગ્રહો અવશ્યપણે પ્રજાનો સંહાર કરશે. પૃથ્વી હજારો રાજાઓનું રક્તપાન કરશે. કૈલાસ, મંદરાચલ અને હિમાચલ જેવા પર્વતોમાંથી અનેકવાર ઘોર શબ્દો થાય છે, તેમનાં શિખરો તૂટી-તૂટીને પડી રહ્યાં છે અને ચારે મહાસાગર અલગ-અલગ ઊછળતા રહીને પૃથ્વી પર ઉપદ્રવ પેદા કરીને જાણે પોતાની સીમાનું ઉલ્લંઘન કરી રહ્યા છે.

—★—

વ્યાસ-ધૃતરાષ્ટ્ર-સંવાદ અને સંજય દ્વારા ભૂમિના ગુણોનું વર્ણન

વૈશમ્પાયનજી કહે છે – ધૃતરાષ્ટ્રને આ પ્રમાણે કહીને મુનિવર વ્યાસજી ક્ષણભર માટે ધ્યાનમગ્ન થઈ ગયા; ત્યારપછી તેઓ કહેવા લાગ્યા, 'રાજન્! એમાં લેશમાત્ર શંકા નથી કે કાળ સંપૂર્ણ જગતનો સંહાર કરે છે. અહીં કશું જ શાશ્વત નથી. તેથી તમે પોતાના કુટુંબી કૌરવો, સંબંધીઓ અને હિતૈષી મિત્રોને આ ક્રૂર કર્મથી રોકો, તેમને ધર્મયુક્ત માર્ગનો ઉપદેશ કરો, પોતાના બંધુ-બાંધવોનો વધ કરવો એ બહુ હીન કાર્ય છે, તેને થવા ન દો. ચૂપ રહીને મારું અપ્રિય ન કરો. કોઈના પણ વધને વેદમાં સારો કહ્યો નથી, એનાથી પોતાનું ભલું પણ થતું નથી. કુળધર્મ આપણાં શરીર જેવો છે; જે એનો નાશ કરે છે, તે કુળધર્મ પણ તે મનુષ્યનો નાશ કરી દે છે. આ કુળધર્મની રક્ષા તમે કરી શકો છો, તો પણ કાળથી પ્રેરાઈને આપત્તિકાળની જેમ

અધર્મ માર્ગે પ્રવૃત્ત થઈ રહ્યા છો! તમને રાજ્યના રૂપમાં બહુ મોટો અનર્થ પ્રાપ્ત થયો છે; કેમકે આ રાજ્ય સમસ્ત કુળનું અને રાજાઓના વિનાશનું કારણ બની ગયું છે. જો કે તમે ધર્મનો બહુ લોપ કરી ચૂક્યા છો, છતાં મારા કહેવાથી તમારા પુત્રોને ધર્મનો માર્ગ ચીંધો. આવા રાજ્યથી તમારે શું લેવું છે, જેનાથી પાપના ભાગીદાર બનવું પડ્યું. ધર્મની રક્ષા કરવાથી તમને યશ, કીર્તિ અને સ્વર્ગ મળશે. હવે એવું કરો, જેથી પાંડવો પોતાનું રાજ્ય મેળવી શકે અને કૌરવો પણ સુખ-શાંતિનો અનુભવ કરે.

ધૃતરાષ્ટ્રે કહ્યું – તાત! સંપૂર્ણ સંસાર સ્વાર્થમાં મોહિત થઈ રહ્યો છે. મને પણ સામાન્ય માણસ જેવો જ સમજો. મારી બુદ્ધિ પણ અધર્મ કરવા ચાહતી નથી. પરંતુ શું કરું? મારા પુત્રો મારા વશમાં નથી.

વ્યાસજીએ કહ્યું – અચ્છા, તમારા મનમાં જો મને પૂછવાની કંઈ વાત હોય તો કહી દો, હું તમારા બધા સંદેહોને દૂર કરી દઈશ.

ધૃતરાષ્ટ્રે કહ્યું – ભગવન્! સંગ્રામમાં વિજય પ્રાપ્ત કરનારાઓને જે શુભ શુકન દેખાય છે, તે બધાંને હું સાંભળવા ચાહું છું.'

વ્યાસજીએ કહ્યું – હવનના અગ્નિની પ્રભા નિર્મળ હોય, તેની જ્વાળાઓ ઉપર ઊઠતી હોય અને પ્રદક્ષિણાના ક્રમે ઘૂમતી હોય, તેમાંથી ધુમાડો ન નીકળતો હોય, આહુતિ આપતાં તેમાંથી પવિત્ર ગંધ પ્રસરવા લાગે, તો તેને ભાવિ વિજયનું ચિહ્ન જણાવાયું છે. ભારત! જે પક્ષમાં યોદ્ધાઓના મુખમાંથી હર્ષભર્યાં વચન નીકળતાં હોય, તેમનું ધૈર્ય જળવાઈ રહ્યું હોય, પહેરેલી માળાઓ કરમાઈ જતી ન હોય, તેઓ યુદ્ધરૂપી મહાસાગરને પાર કરી શકે છે. સેના થોડી હોય કે વધારે, યોદ્ધાઓનો ઉત્સાહપૂર્ણ હર્ષ જ વિજયનું મુખ્ય લક્ષણ માનવામાં આવ્યું છે. એકબીજાને સારી રીતે જાણનારા, ઉત્સાહી, સ્ત્રી વગેરેમાં અનાસક્ત તથા દૃઢનિશ્ચયી પચાસ વીર પણ બહુ મોટી સેનાને કચડી નાખે છે. જો યુદ્ધમાંથી પાછી પાની ન કરનારા પાંચ-સાત યોદ્ધા હોય, તો પણ તેઓ વિજય પ્રાપ્ત કરી શકે છે. તેથી હંમેશાં મોટી સેના હોય તો જ વિજય થાય છે એવી વાત નથી.

આ પ્રમાણે કહીને ભગવાન વેદવ્યાસ ચાલ્યા ગયા અને આ બધું સાંભળીને રાજા ધૃતરાષ્ટ્ર વિચારમાં પડી ગયા. થોડીવાર સુધી વિચારીને તેમણે સંજયને પૂછ્યું, 'સંજય! આ યુદ્ધપ્રેમી રાજાઓ પૃથ્વીના લોભથી જીવનનો મોહ છોડીને નાના પ્રકારનાં અસ્ત્ર-શસ્ત્રો દ્વારા જે એકબીજાની હત્યા કરે છે, પૃથ્વીના ઐશ્વર્યની ઇચ્છાથી પરસ્પર પ્રહાર કરીને યમલોકની જનસંખ્યા વધારે છે અને શાંત થતા નથી. આનાથી હું માનું છું કે પૃથ્વીમાં અપાર ગુણ છે. ત્યારે તો તેના માટે આ નર-સંહાર થાય છે. તેથી તમે મને આ પૃથ્વીનું જ વર્ણન કરી સંભળાવો.'

સંજય બોલ્યો – ભરતશ્રેષ્ઠ! તમને નમસ્કાર છે. હું તમારી આજ્ઞાનુસાર પૃથ્વીના ગુણોનું વર્ણન કરું છું, ધ્યાન આપીને સાંભળો. આ પૃથ્વી પર બે પ્રકારનાં પ્રાણી છે – ચર અને અચર. ચરના ત્રણ પ્રકાર છે – અણ્ડજ, સ્વેદજ અને જરાયુજ. આ ત્રણેમાં જરાયુજ શ્રેષ્ઠ છે તથા જરાયુજોમાં મનુષ્ય અને પશુ મુખ્ય છે. આમનામાં કેટલાંક ગ્રામવાસી અને કેટલાંક વનવાસી હોય છે. ગ્રામવાસીઓમાં મનુષ્ય શ્રેષ્ઠ છે અને વનવાસીઓમાં સિંહ. અચર અથવા સ્થાવરને ઉદ્ભિજ્જ પણ કહે છે. એમની પાંચ જાતો છે – વૃક્ષ, ગુલ્મ (ઝાડી), લતા, વલ્લી (વેલ) અને ત્વક્સાર (વાંસ વગેરે).

આ તૃણ જાતિમાં ગણાય છે.

આ સંપૂર્ણ જગત આ પૃથ્વી પર જ ઉત્પન્ન થાય છે અને એમાં જ નાશ પામે છે. ભૂમિ જ સંપૂર્ણ ભૂતોનું સ્થાન છે, ભૂમિ જ અધિક સમય સુધી સ્થિર રહેનારી છે. જેનો ભૂમિ પર અધિકાર છે, તેના જ વશમાં સંપૂર્ણ ચરાચર જગત છે. તેથી આ ભૂમિમાં અત્યંત લોભ રાખીને બધા રાજાઓ એકબીજાના પ્રાણ લે છે.

—★—

યુદ્ધમાં ભીષ્મજીનું પતન સાંભળીને ધૃતરાષ્ટ્રનો વિષાદ તથા સંજય દ્વારા કૌરવસેનાના સંગઠનનું વર્ણન

વૈશમ્પાયનજી કહે છે – રાજન્! એક દિવસની વાત છે, રાજા ધૃતરાષ્ટ્ર ચિંતામગ્ન થઈને બેઠા હતા. એ જ સમયે એકદમ સંગ્રામભૂમિથી આવીને સંજય તેમની પાસે ગયો અને અત્યંત દુઃખી થઈને બોલ્યો, 'મહારાજ! હું સંજય છું, તમને પ્રણામ કરું છું. શાંતનુનંદન ભીષ્મજી યુદ્ધમાં મરાઈ ગયા! જે સઘળા યોદ્ધાઓના શિરોમણિ અને ધનુર્ધારીઓના આધાર હતા, તે કૌરવોના પિતામહ આજે બાણશય્યા પર સૂતા છે. જે મહારથીએ કાશીપુરીમાં એકલાએ જ એકમાત્ર રથની સહાયતાથી ત્યાં એકત્રિત થયેલા સઘળા રાજાઓને યુદ્ધમાં પરાસ્ત કરી દીધા હતા, જેઓ નીડર થઈને યુદ્ધ માટે પરશુરામજી સાથે પણ લડ્યા હતા અને સાક્ષાત્ પરશુરામજી પણ જેમને મારી શક્યા ન હતા, તેઓ જ આજે શિખંડીના હાથે મરાઈ ગયા. જેઓ શૂરતામાં ઇન્દ્રતુલ્ય, સ્થિરતામાં હિમાલય જેવા, ગંભીરતામાં સમુદ્ર સમાન અને સહનશીલતામાં પૃથ્વીતુલ્ય હતા, જેમણે હજારો બાણોની વર્ષા કરીને દસ દિવસમાં એક અબજ સેનાનો સંહાર કર્યો હતો, તેઓ સ્વયં આજે આંધી દ્વારા ઊખડી ગયેલા વૃક્ષની જેમ પૃથ્વી પર પડ્યા છે. રાજન્! આ બધું તમારી કુમંત્રણાનું ફળ છે, ભીષ્મજી કદાપિ આવી દશાને યોગ્ય ન હતા.'

ધૃતરાષ્ટ્ર બોલ્યા – સંજય! કૌરવોમાં શ્રેષ્ઠ અને ઇન્દ્ર જેવા પરાક્રમી પિતૃશ્રેષ્ઠ ભીષ્મજી શિખંડીના હાથે કઈ રીતે મરાયા? તેમના મૃત્યુના સમાચાર સાંભળીને મારા હૃદયમાં ભારે પીડા થઈ રહી છે. જે સમયે તેઓ યુદ્ધ માટે અગ્રેસર થયા હતા, ત્યારે તેમની પાછળ કોણ ગયા હતા તથા આગળ કોણ હતા? તેમનાં ધનુષ્ય અને બાણ તો અત્યંત ભયંકર હતાં, રથ પણ બહુ ઉત્તમ હતો. તેઓ પોતાનાં બાણોથી દરરોજ પોતાના શત્રુઓનાં માથાં કાપતા હતા તથા કાળાગ્નિ જેવા દુર્ધર્ષ હતા. તેમને યુદ્ધ માટે તૈયાર જોઈને પાંડવોની વિશાળ સેના ધ્રૂજી ઊઠતી હતી. તેઓ દસ દિવસથી સતત પાંડવસેનાનો સંહાર કરી રહ્યા હતા. અરે! આવું દુષ્કર કાર્ય કરીને તેઓ આજે સૂર્યની જેમ અસ્ત થઈ ગયા! કૃપાચાર્ય અને દ્રોણાચાર્ય પણ તેમની પાસે જ હતા, તેમ છતાં તેમનું મૃત્યુ કઈ રીતે થઈ ગયું? જેમને દેવતાઓ પણ દબાવી શકતા ન હતા અને જેઓ અતિરથી વીર હતા તેમને પંચાલદેશનો શિખંડી કઈ રીતે મારી શક્યો? મારા પક્ષના કયા કયા વીરોએ અંત સુધી તેમનો સાથ ન છોડ્યો? દુર્યોધનની આજ્ઞાથી તેમને કયા-કયા વીરો ચારે બાજુ ઘેરીને ઊભા હતા?

સંજય! અરેખર મારું હૃદય પથ્થરનું બનેલું છે, બહુ કઠોર છે; તેથી જ તો ભીષ્મજીના મૃત્યુના સમાચાર સાંભળીને પણ તે ફાટી જતું નથી.

ભીષ્મજીના સત્ય, બુદ્ધિ તથા નીતિ વગેરે ગુણોનો પાર ન હતો, તેઓ યુદ્ધમાં કઈ રીતે મરાયા? સંજય! તે વખતે પાંડવો સાથે ભીષ્મજીનું યુદ્ધ કેવું થયું એ મને જણાવો. અરે! તેમના મૃત્યુથી મારા પુત્રોની સેના પતિ અને પુત્ર વિનાની સ્ત્રી જેવી અસહાય થઈ ગઈ. અમારા પિતા ભીષ્મ સંસારમાં પ્રસિદ્ધ ધર્માત્મા અને મહાપરાક્રમી હતા. તેમને મરાવીને હવે અમારે જીવવાનો કયો આધાર રહી ગયો છે? મારું માનવું છે કે નદીપાર જવાની ઇચ્છા ધરાવતા મનુષ્યો નાવને પાણીમાં ડૂબેલી જોઈને જેવા દુઃખી થઈ જાય છે, તે જ પ્રમાણે ભીષ્મજીના મૃત્યુથી મારા પુત્રો શોકમાં ડૂબી ગયા હશે. એવું લાગે છે કે ધૈર્ય અને ત્યાગના બળે કોઈનો મૃત્યુથી છુટકારો થઈ શકતો નથી. ખરેખર કાળ અતિ બળવાન છે, સંપૂર્ણ જગતમાં કોઈ પણ પ્રાણી તેનું ઉલ્લંઘન કરી શકતું નથી. મને તો ભીષ્મજી દ્વારા પોતાની રક્ષાની મોટી આશા હતી. તેમને રણભૂમિમાં પડેલા જોઈને દુર્યોધને શો વિચાર કર્યો? ભીષ્મજી સિવાય બીજા કયા-કયા રાજાઓની હાર-જીત થઈ? તથા કોને-કોને બાણોનાં નિશાન બનાવીને મારી નાખ્યા? સંજય! હું દુર્યોધન દ્વારા કરાયેલાં દુઃખદાયી કર્મોને સાંભળવા ચાહું છું. તે ઘોર યુદ્ધમાં જે જે ઘટનાઓ થઈ હોય, બે બધી મને કહો. મંદબુદ્ધિ દુર્યોધનની મૂર્ખતાને કારણે જે અન્યાય અથવા ન્યાયપૂર્ણ ઘટનાઓ થઈ હોય તથા વિજયની ઇચ્છાથી ભીષ્મજીએ જે-જે તેજસ્વી કાર્ય કર્યાં હોય, તે બધાં મને કહી સંભળાવો. સાથે-સાથે એ પણ જણાવો કે કૌરવો અને પાંડવોની સેનાઓમાં કઈ રીતે યુદ્ધ થયું? તથા કયા ક્રમે કયા સમયે કયું-કયું કાર્ય કઈ રીતે થયું?

સંજયે કહ્યું – મહારાજ! તમારો આ પ્રશ્ન તમારા યોગ્ય જ છે; પરંતુ આનો સંપૂર્ણ દોષ તમે દુર્યોધનના જ માથા પર નાખી શકો નહીં. જે મનુષ્ય પોતાનાં અશુભ કર્મોના કારણે અશુભ ફળ ભોગવી રહ્યો છે, તેણે તે પાપનો ભાર બીજા પર નાખવો ન જોઈએ. બુદ્ધિમાન પાંડવો પોતાના સાથે કરવામાં આવેલા કપટ અને અપમાનને સારી રીતે સમજતા હતા, છતાં તેમણે તમારા તરફ જોઈને પોતાના મંત્રીઓ સાથે ચિરકાળ સુધી વનમાં રહીને બધું જ સહન કર્યું. હવે જેમની કૃપાથી મને ભૂત-ભવિષ્ય અને વર્તમાનનું જ્ઞાન તથા આકાશમાં વિચરવું તથા દિવ્યદૃષ્ટિ વગેરે પ્રાપ્ત થયાં છે, તે પરાશરનંદન ભગવાન વ્યાસને પ્રણામ કરીને ભરતવંશીઓના રોમાંચકારી અદ્‌ભુત યુદ્ધનું વિસ્તારથી વર્ણન કરું છું, તે સાંભળો.

જ્યારે બંને બાજુથી સેનાઓ તૈયાર થઈને વ્યૂહાકારમાં ઊભી થઈ ગઈ, ત્યારે દુર્યોધને દુઃશાસનને કહ્યું – 'દુઃશાસન! ભીષ્મજીની રક્ષા માટે જે રથ નિયત છે, તેમને તૈયાર કરાવો. આ યુદ્ધમાં ભીષ્મજીની રક્ષાથી વધીને આપણે માટે બીજું કોઈ કામ નથી. શુદ્ધહૃદયી પિતામહે પહેલેથી જ કહી દીધું છે કે 'શિખંડીને મારીશ નહિ; કેમકે તે પહેલાં સ્ત્રીરૂપે જન્મ્યો હતો.' તેથી મારો વિચાર છે કે શિખંડીના હાથમાંથી ભીષ્મજીને બચાવવાનો વિશેષ પ્રયત્ન થવો જોઈએ. મારા બધા સૈનિકો શિખંડીનો વધ કરવા માટે તૈયાર રહે. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણના જે વીરો બધા પ્રકારનાં અસ્ત્રસંચાલનમાં કુશળ હોય, તેઓ પિતામહની રક્ષામાં રહે. જુઓ, અર્જુનના રથના ડાબા ચક્રની રક્ષા યુધામન્યુ કરી રહ્યો છે અને જમણા ચક્રની ઉત્તમૌજા. અર્જુનને આ બંને રક્ષકો મળી ગયા છે અને અર્જુન સ્વયં શિખંડીની રક્ષા કરે છે. તેથી તમે એવો પ્રયત્ન કરો, જેથી અર્જુન દ્વારા સુરક્ષિત અને ભીષ્મ

દ્વારા ઉપેક્ષિત શિખંડી પિતામહનો વધ ન કરી શકે.'

ત્યાર પછી, જ્યારે રાત્રિ પસાર થઈ ગઈ અને સૂર્યોદય થયો ત્યારે તમારા પુત્રો અને પાંડવોની સેનાઓ અસ્ત્ર-શસ્ત્રોથી સજ્જ થયેલી જોવામાં આવી. ઊભા રહેલા યોદ્ધાઓના હાથમાં ધનુષ્ય, ઋષ્ટિ, તલવાર, ગદા, શક્તિ, તોમર તથા બીજાં પણ અનેક તેજસ્વી શસ્ત્રો શોભી રહ્યાં હતાં. સેંકડો અને હજારોની સંખ્યામાં હાથી, પાયદળ, રથી અને ઘોડા શત્રુઓને સકંજામાં લેવા માટે વ્યૂહબદ્ધ થઈને ઊભા હતા. શકુનિ, શલ્ય, જયદ્રથ, અવન્તિરાજ વિન્દ અને અનુવિન્દ, કેકયનરેશ, કમ્બોજરાજ સુદક્ષિણ, કલિંગનરેશ શ્રુતાયુધ, રાજા જયત્સેન, બૃહદ્બલ અને કૃતવર્મા – આ દસ વીરો એકએક અક્ષૌહિણી સેનાના નાયક હતા. એ સિવાય બીજા પણ અનેક મહારથી રાજા અને રાજકુમારો દુર્યોધનને અધીન થઈને યુદ્ધમાં પોતપોતાની સેનાઓ સાથે ઊભેલા દેખાતા હતા. આમના સિવાય અગિયારમી મહાસેના દુર્યોધનની હતી. આ સેના બધી સેનાઓની આગળ હતી, તેના સેનાપતિ શાંતનુનંદન ભીષ્મ હતા. મહારાજ! તેમના માથા પર સફેદ પાઘડી હતી, શરીર પર સફેદ કવચ હતું અને રથના ઘોડા પણ સફેદ હતા. તે સમયે તેઓ પોતાની શ્વેત કાન્તિથી ચંદ્રમા જેવા શોભી રહ્યા હતા. તેમને જોઈને મોટા-મોટા ધનુર્ધારીઓ સૃંજયવંશના વીરો તથા ધૃષ્ટદ્યુમ્ન વગેરે પાંચાલ વીરો પણ ભયભીત થઈ ગયા. આ પ્રમાણે આ બધી અગિયાર અક્ષૌહિણી સેનાઓ તમારા પક્ષે ઊભી હતી. રાજન્! કૌરવોની આટલી મોટી સેનાનું આવું સંગઠન મેં ન તો ક્યારેય જોયું હતું, ન સાંભળ્યું હતું.

ભીષ્મજી અને દ્રોણાચાર્ય દરરોજ સવારે ઊઠીને 'પાંડવોનો જય થાઓ' એવી અંતરમાં અભિલાષા કરતા હતા, તો પણ પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે તેઓ યુદ્ધ તમારા માટે જ કરતા હતા. તે દિવસે ભીષ્મજીએ બધા રાજાઓને પોતાની પાસે બોલાવીને આ પ્રમાણે કહ્યું – 'ક્ષત્રિયો! તમારા માટે સ્વર્ગમાં જવાનો આ યુદ્ધરૂપી મહાન દરવાજો ખૂલી ગયો છે, આના દ્વારા તમે ઇન્દ્રલોક અને બ્રહ્મલોકમાં જઈ શકો છો. આ જ તમારો સનાતન માર્ગ છે, આનું જ તમારા પૂર્વજોએ અનુસરણ કર્યું છે. રોગથી ઘરમાં પડ્યા-પડ્યા પ્રાણ છોડવા ક્ષત્રિય માટે અધર્મ માનવામાં આવ્યો છે. યુદ્ધમાં જો એનું મૃત્યુ થાય છે – તે જ એનો સનાતન ધર્મ છે.'

ભીષ્મની આ વાત સાંભળીને બધા રાજાઓ સુંદર સુંદર રથોમાં પોતાની સેનાની શોભા વધારીને યુદ્ધ માટે આગળ વધ્યા. માત્ર કર્ણ પોતાના મંત્રીઓ અને ભાઈ-બંધુઓ સહિત રહી ગયો; ભીષ્મજીએ તેનાં અસ્ત્ર-શસ્ત્ર મુકાવી દીધાં હતાં. સમસ્ત કૌરવસેનાના સેનાપતિ ભીષ્મજી રથ પર બેઠેલા સૂર્ય જેવા શોભાયમાન થઈ રહ્યા હતા, તેમના રથની ધજા પર તાડ અને પાંચ તારાઓનાં ચિહ્ન બનેલાં હતાં. તમારા પક્ષમાં જેટલા મહાન ધનુર્ધર રાજાઓ હતા, તે બધા શાંતનુનંદન ભીષ્મજીની આજ્ઞાનુસાર યુદ્ધ માટે તૈયાર થઈ ગયા. આચાર્ય દ્રોણની જે ધજા ફરકી રહી હતી, તેમાં સોનાની વેદી, કમંડળ અને ધનુષ્યનાં ચિહ્ન હતાં. કૃપાચાર્ય પોતાના બહુ કીમતી રથ પર બેસીને વૃષભના ચિહ્નવાળી ધજા ફરકાવતા ચાલી રહ્યા હતા. રાજન્! આ પ્રમાણે તમારા પુત્રોની અગિયાર અક્ષૌહિણી સેના યમુનામાં મળેલી ગંગા જેવી દેખાતી હતી.

—★—

બંને સેનાઓની વ્યૂહરચના

ધૃતરાષ્ટ્રે પૂછ્યું – સંજય! ભીષ્મજી તો મનુષ્ય, દેવતા અને ગંધર્વ અને અસુરો દ્વારા કરવામાં આવતી વ્યૂહ-રચનાને પણ જાણતા હતા. જ્યારે તેમણે મારી અગિયાર અક્ષૌહિણી સેનાની વ્યૂહરચના કરી, ત્યારે પાંડુનંદન યુધિષ્ઠિરે પોતાની લઘુ સેના દ્વારા કઈ રીતે વ્યૂહ-રચના કરી?

સંજયે કહ્યું – મહારાજ! તમારી સેનાને વ્યૂહરચનામાં સજ્જ થયેલી જોઈને ધર્મરાજ યુધિષ્ઠિરે અર્જુનને કહ્યું – 'તાત! મહર્ષિ બૃહસ્પતિના વચનથી એ વાત સમજાય છે કે જો શત્રુ કરતાં પોતાની સેના થોડી હોય તો તેને સમેટીને થોડેક જ દૂર રાખીને યુદ્ધ કરવું જોઈએ અને જો પોતાની સેના વધારે હોય તો તેને ઇચ્છા પ્રમાણે ફેલાવીને યુદ્ધ કરવું જોઈએ. જ્યારે નાની સેનાએ મોટી સેના સાથે યુદ્ધ કરવું પડે તો તેણે સૂચીમુખ નામના વ્યૂહની રચના કરવી જોઈએ. આપણી આ સેના શત્રુઓના મુકાબલે બહુ ઓછી છે, તેથી તમે વ્યૂહરચના કરો.'

આ સાંભળીને અર્જુને યુધિષ્ઠિરને કહ્યું – 'મહારાજ! હું તમારા માટે વજ્ર નામક દુર્ભેદ્ય વ્યૂહની રચના કરું છું; આ ઇન્દ્રનો જણાવેલો દુર્જય વ્યૂહ છે. જેમનો વેગ વાયુ જેવો પ્રબળ અને શત્રુઓ માટે દુઃસહ છે, આ વ્યૂહમાં અગ્રગણ્ય યોદ્ધા એવા ભીમસેન આગળ રહીને યુદ્ધ કરશે. તેમને જોતાં જ દુર્યોધન વગેરે કૌરવો ભયભીત થઈને એ રીતે ભાગશે, જેમ સિંહને જોઈને ક્ષુદ્ર (તુચ્છ) મૃગો ભાગી જાય છે.'

એમ કહીને ધનંજયે વજ્રવ્યૂહની રચના કરી. સેનાને વ્યૂહાકારમાં ઊભી કરીને અર્જુન તરત જ શત્રુઓ તરફ આગળ વધ્યો. કૌરવોને પોતાની તરફ આવતા જોઈને પાંડવસેના પણ જળથી ભરેલી ગંગાની જેમ ધીરે-ધીરે આગળ વધી રહેલી દેખાતી હતી. ભીમસેન, ધૃષ્ટદ્યુમ્ન, નકુળ, સહદેવ અને ધૃષ્ટકેતુ – આ બધા તે સેનાને મોખરે ચાલતા હતા. તેમની પાછળ રહીને રાજા વિરાટ પોતાના ભાઈ, પુત્ર અને એક અક્ષૌહિણી સેના સાથે રક્ષા કરી રહ્યા હતા. નકુળ અને સહદેવ ભીમસેનની ડાબા-જમણી તેમના રથનાં પૈડાંની રક્ષા કરી રહ્યા હતા. દ્રૌપદીના પાંચે પુત્રો અને અભિમન્યુ તેમના પૃષ્ઠભાગના રક્ષક હતા. આ બધાની પાછળ શિખંડી ચાલી રહ્યો હતો, જે અર્જુનની રક્ષા હેઠળ રહીને ભીષ્મજીનો વિનાશ કરવા તૈયાર હતો. અર્જુનની પાછળ મહાબળી સાત્યકિ હતો તથા અભિમન્યુ અને ઉત્તમૌજા તેમનાં ચક્રોની રક્ષા કરતા હતા. કેકય ધૃષ્ટકેતુ અને બળવાન ચેકિતાન પણ અર્જુનની જ રક્ષામાં હતા.

અર્જુને જેની રચના કરી હતી, તે વજ્રવ્યૂહ ભયની આશંકા રહિત હતો. તેનાં બધી બાજુ મુખ હતાં, તે જોવામાં અત્યંત ભયંકર હતો. વીરોનાં ધનુષ્ય તેમાં વીજળીની જેમ ચમકી રહ્યાં હતાં અને સ્વયં અર્જુન હાથમાં ગાંડીવ ધનુષ્ય લઈને તેની રક્ષા કરી રહ્યા હતા. તેનો જ આશ્રય લઈને પાંડવો તમારી સેનાના મુકાબલા માટે દૃઢ- નિશ્ચયી હતા. પાંડવોથી સુરક્ષિત તે વ્યૂહ માનવ-જગત માટે બધી રીતે અજેય હતો.

એટલામાં સૂર્યોદય થતો જોઈને બધા સૈનિકો સન્ધ્યા-વંદન કરવા લાગ્યા. તે સમયે જો કે આકાશમાં વાદળ ન હતાં, તો પણ મેઘ જેવી ગર્જના થઈ અને હવાની સાથે ફોરાં પડવા

લાગ્યાં. પછી ચારે બાજુથી પ્રચંડ આંધી ફૂંકાવા લાગી અને કાંકરા વરસાવવા લાગી. એટલી ધૂળ ઊડી કે સર્વત્ર અંધકાર છવાઈ ગયો. પૂર્વદિશા તરફ બહુ ભારે ઉલ્કાપાત (તારો ખરવો) થયો. તે ઉલ્કા ઊગતા સૂર્ય સાથે ટકરાઈને નીચે પડી અને પ્રચંડ અવાજ કરીને પૃથ્વીમાં વિલીન થઈ ગઈ.

સન્ધ્યા-વંદન પછી જ્યારે બધા સૈનિકો તૈયાર થવા લાગ્યા ત્યારે સૂર્યની પ્રભા ઝાંખી પડી ગઈ તથા પૃથ્વી ભયંકર અવાજ કરીને ધ્રૂજવા અને ફાટવા લાગી. બધી દિશાઓમાં વારંવાર વજ્રપાત થવા લાગ્યા. આ પ્રમાણે યુદ્ધની પ્રશંસા કરનારા પાંડવો તમારા પુત્રની સેનાનો સામનો કરવા માટે વ્યૂહ-રચના કરીને ભીમસેનને આગળ રાખીને ઊભા હતા. તે સમયે ગદાધારી ભીમને સામે જોઈને આપણા યોદ્ધાઓ પાણી પાણી થઈ રહ્યા હતા.

ધૃતરાષ્ટ્રે પૂછ્યું – સંજય! સૂર્યોદય થતાં ભીષ્મજીના નેતૃત્વમાં ઊભેલા મારા પક્ષના સૈનિકો અને ભીમના પાંડવ-પક્ષના નેતૃત્વમાં ઊભેલા સૈનિકોમાંથી પ્રથમ કોણે યુદ્ધની ઈચ્છાથી હર્ષ પ્રગટ કર્યો હતો.

સંજયે કહ્યું – નરેન્દ્ર! બંને સેનાઓની સ્થિતિ સમાન હતી. જ્યારે બંને સેનાઓ એકબીજાની નજીક આવી ગઈ ત્યારે બંને પ્રસન્ન હતી. હાથી, ઘોડા અને રથો વગેરેથી ખીચોખીચ ભરાયેલી બંને સેનાઓની શોભા અદ્ભુત હતી. કૌરવસેનાનું મુખ પશ્ચિમ તરફ હતું અને પાંડવો પૂર્વાભિમુખે ઊભા હતા. કૌરવોની સેના દૈત્યરાજની સેના જેવી લાગતી હતી અને પાંડવોની સેના દેવરાજ ઇન્દ્રની સેના જેવી શોભી રહી હતી. પાંડવોની પાછળ હવા ચાલવા લાગી અને કૌરવોના પૃષ્ઠભાગમાં માંસાહારી જાનવરો શોરબકોર કરવા લાગ્યાં.

ભારત! તમારી સેનાના વ્યૂહમાં એક લાખથી વધારે હાથી હતા, પ્રત્યેક હાથીની સાથે સો-સો રથ ઊભા હતા, એક-એક રથની સાથે સો-સો ઘોડા હતા, પ્રત્યેક ઘોડાની સાથે દસ-દસ ધનુર્ધર સૈનિક હતા અને એક-એક ધનુર્ધરની સાથે દસ-દસ ઢાલવાળા સૈનિકો હતા. આ પ્રમાણે ભીષ્મજીએ તમારી સેનાનો વ્યૂહ બનાવ્યો હતો. તેઓ દરરોજ વ્યૂહ બદલતા રહેતા હતા. કોઈ દિવસ માનવ-વ્યૂહ રચતા હતા તો કોઈ દિવસ દૈવ-વ્યૂહ તથા કોઈ દિવસ ગાંધર્વ-વ્યૂહ બનાવતા હતા તો કોઈ દિવસ આસુર-વ્યૂહ. તમારી સેનાના વ્યૂહમાં મહારથી સૈનિકો વિપુલ માત્રામાં હતા. તે વ્યૂહ સમુદ્રની જેમ ગર્જના કરતો હતો. રાજન્! જોકે કૌરવસેના અસંખ્ય અને ભયંકર છે અને પાંડવોની સેના એવી નથી, તો પણ મારો એવો વિશ્વાસ છે કે વાસ્તવમાં તે જ સેના દુર્ધર્ષ અને મોટી છે જેના નેતા ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુન છે.

—★—

યુધિષ્ઠિર અને અર્જુનની વાતચીત તથા અર્જુન દ્વારા દુર્ગાનું સ્તવન અને વર-પ્રાપ્તિ

સંજય કહે છે – કુંતીનંદન યુધિષ્ઠિરે જ્યારે ભીષ્મજીના રચેલા અભેદ્ય વ્યૂહને જોયો ત્યારે ઉદાસ થઈને અર્જુનને કહેવા લાગ્યા, 'ધનંજય! જેમના સેનાપતિ પિતામહ ભીષ્મ છે, તે કૌરવોની સાથે આપણે કઈ રીતે યુદ્ધ કરીશું? મહાતેજસ્વી ભીષ્મે શાસ્ત્રોક્ત વિધિથી જે વ્યૂહનું નિર્માણ કર્યું છે તેને તોડવો અસંભવ છે. આ વ્યૂહ તો આપણને અને આપણી સેનાને સંશયમાં

નાખી દીધા છે. આ મહાવ્યૂહથી આપણી રક્ષા કઈ રીતે થશે?"

ત્યારે શત્રુદમન અર્જુને યુધિષ્ઠિરને કહ્યું – "રાજન્! જે યુક્તિથી થોડા મનુષ્યો પણ બુદ્ધિ, ગુણ અને સંખ્યામાં આપણાથી અધિક વીરોને જીતી લે છે, તે હું તમને કહું છું, સાંભળો. પૂર્વકાળમાં દેવાસુર-સંગ્રામ થયો ત્યારે બ્રહ્માજીએ ઈન્દ્રાદિ દેવતાઓને કહ્યું હતું – દેવતાઓ! વિજયની ઈચ્છા રાખનારા વીરો બળ અને પરાક્રમથી પણ તેવો વિજય પ્રાપ્ત કરી શકતા નથી જેવો સત્ય, દયા, ધર્મ અને પ્રયત્ન દ્વારા પ્રાપ્ત કરે છે. તેથી ધર્મ, અધર્મ અને લોભને સારી રીતે જાણીને અભિમાનરહિત થઈને ઉત્સાહ સાથે યુદ્ધ કરો. જ્યાં ધર્મ હોય છે, તે જ પક્ષનો જય થાય છે. 'રાજન્! આ જ પ્રમાણે તમે પણ જાણી લો કે આ યુદ્ધમાં આપણો વિજય નક્કી છે. નારદજીનું કહેવું છે – જ્યાં કૃષ્ણ છે, ત્યાં વિજય છે.' વિજય શ્રીકૃષ્ણનો એક ગુણ છે, તે હંમેશાં તેમની પાછળ-પાછળ ચાલે છે. ગોવિંદનું તેજ અનંત છે, એ સાક્ષાત્ સનાતન પુરુષ છે; તેથી જ્યાં શ્રીકૃષ્ણ છે, તે જ પક્ષનો વિજય છે. રાજન્! મને તો તમારા વિષાદનું કોઈ કારણ દેખાતું નથી, કેમકે આ વિશ્વંભર શ્રીકૃષ્ણ પણ તમારા વિજયની શુભ કામના કરે છે."

ત્યાર પછી, રાજા યુધિષ્ઠિરે ભીષ્મનો મુકાબલો કરવા માટે વ્યૂહાકારમાં ઊભેલી પોતાની સેનાને આગળ વધવાની આજ્ઞા આપી. તેમનો રથ ઈન્દ્રના જેવો સુંદર હતો તથા તેના પર યુદ્ધની સામગ્રી રાખેલી હતી. જ્યારે તેઓ તેના પર સવાર થયા ત્યારે તેમના પુરોહિત 'શત્રુઓનો નાશ થાઓ' – એમ કહીને આશીર્વાદ આપવા લાગ્યા તથા બ્રહ્મર્ષિઓ અને શ્રોત્રિય વિદ્વાનો જપ, મંત્રો તથા ઔષધિઓ દ્વારા બધી બાજુથી સ્વસ્તિવાચન કરવા લાગ્યા. રાજા યુધિષ્ઠિરે પણ વસ્ત્ર, ગાય, ફળ, ફૂલ અને સુવર્ણ મુદ્રાઓનું બ્રાહ્મણોને દાન કરીને પછી યુદ્ધ માટે પ્રસ્થાન કર્યું. ભીમસેને તમારા પુત્રોનો સંહાર કરવા માટે બહુ ભયંકર રૂપ ધારણ કર્યું હતું. તેમને જોઈને તમારા યોદ્ધાઓ ગભરાઈ ગયા અને ભયભીત થઈને તેઓ નિરુત્સાહી બની ગયા.

અહીં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું – નરશ્રેષ્ઠ! આ જે પોતાની સેનાના મધ્યભાગમાં ઊભા રહીને સિંહની જેમ આપણા સૈનિકોને જોઈ રહ્યા છે, તે જ કુરુકુળની ધજા ફરકાવનારા ભીષ્મજી છે. જેમ મેઘ સૂર્યને ઢાંકી દે છે, તે જ પ્રમાણે આ સેનાઓ આ મહાનુભાવને ઘેરીને ઊભી છે. તમે પ્રથમ આ સેનાઓને મારીને પછી ભીષ્મજીની સાથે યુદ્ધનો વિચાર કરજો.

ત્યાર પછી ભગવાન શ્રીકૃષ્ણે કૌરવસેના તરફ દૃષ્ટિ નાખી અને યુદ્ધનો સમય ઉપસ્થિત થયેલો જોઈને અર્જુનના હિત માટે આ પ્રમાણે કહ્યું – 'મહાબાહુ! યુદ્ધના આરંભમાં શત્રુઓને પરાજિત કરવા માટે પવિત્ર થઈને તમે દુર્ગાદેવીની સ્તુતિ કરો.' ભગવાન વાસુદેવની આવી આજ્ઞા થતાં અર્જુન રથમાંથી નીચે ઊતરી પડ્યા અને હાથ જોડીને મા દુર્ગાનું સ્તવન કરવા લાગ્યા – 'મંદરાચળ પર નિવાસ કરનારી સિદ્ધોની સેનાનું નેતૃત્વ કરનારી આર્યે! તમને વારંવાર નમસ્કાર છે. તમે જ કુમારી, કાલી, કાપાલી, કપિલા, કૃષ્ણપિંગલા, ભદ્રકાળી અને મહાકાળી વગેરે નામોથી પ્રસિદ્ધ છો; તમને વારંવાર પ્રણામ છે. દુષ્ટો પર પ્રચંડ કોપ કરવાને કારણે તમે ચંડી કહેવાઓ છો, ભક્તોને સંકટથી તારવાને કારણે તારિણી છો, તમારા

શરીરનો દિવ્ય વર્ણ બહુ જ સુંદર છે; હું તમને પ્રણામ કરું છું. મહાભાગે! તમે જ સૌમ્ય અને સુંદર રૂપવાળી કાત્યાયની છો અને તમે જ વિકરાળ રૂપધારિણી કાલી છો. તમે જ વિજયા અને જયા નામે વિખ્યાત છો. મોરપંખની તમારી ધજા છે, નાના પ્રકારનાં આભૂષણો તમારાં અંગોની શોભા વધારે છે. ત્રિશૂળ, ખડ્ગ અને ખેટક વગેરે આયુધોને તમે ધારણ કરો છો. નંદગોપના વંશમાં તમે અવતાર લીધો હતો, તેથી ગોપેશ્વર શ્રીકૃષ્ણની તમે નાની બહેન છો; ગુણ અને પ્રભાઓમાં સર્વશ્રેષ્ઠ છો. મહિષાસુરનું રક્ત વહેવડાવીને તમને બહુ પ્રસન્નતા થઈ હતી. તમે કુશિક-ગોત્રમાં અવતાર લેવાને કારણે કૌશિકી નામથી પણ પ્રસિદ્ધ છો. તમે પીતાંબર ધારણ કરો છો. જ્યારે તમે શત્રુઓને જોઈને અટ્ટહાસ કરો છો, ત્યારે તમારું મુખ ચક્ર જેવું ઉદ્દીપ્ત (પ્રજ્વલિત) થઈ જાય છે. યુદ્ધ તમને બહુ પ્રિય છે; હું તમને વારંવાર પ્રણામ કરું છું. ઉમા, શાકમ્ભરી, શ્વેતા, કૃષ્ણા, કૈટભનાશિની, હિરણ્યાક્ષી, વિરૂપાક્ષી અને સુધૂમ્રાક્ષી વગેરે નામો ધારણ કરનારી દેવિ! તમને અનેકવાર નમસ્કાર છે. તમે વેદોની શ્રુતિ છો, તમારું સ્વરૂપ અત્યંત પવિત્ર છે; વેદ અને બ્રાહ્મણ તમને બહુ પ્રિય છે. તમે જ જાતવેદા અગ્નિની શક્તિ છો; જમ્બૂ, કટક અને મંદિરોમાં તમારો નિત્ય નિવાસ છે. તમે સમસ્ત વિદ્યાઓમાં બ્રહ્મવિદ્યા અને દેહધારીઓમાં મહાનિદ્રા છો. ભગવતિ! તમે કાર્તિકેયની માતા છો, દુર્ગમસ્થાનોમાં વાસ કરનારી દુર્ગા છો. સ્વાહા, સ્વધા, કલા, કાષ્ઠા, સરસ્વતી, વેદમાતા સાવિત્રી તથા વેદાંત – આ બધાં તમારાં નામ છે. મહાદેવી! મેં વિશુદ્ધ હૃદયથી તમારું સ્તવન કર્યું છે, તમારી કૃપાથી આ રણાંગણમાં મારો સદા જય થાઓ. મા! તમે ઘોર જંગલમાં, ભયપૂર્ણ દુર્ગમ સ્થાનોમાં, ભક્તોના ઘરમાં તથા પાતાલમાં પણ નિત્ય નિવાસ કરો છો. યુદ્ધમાં દાનવોને હરાવો છો. તમે જ જમ્ભની, મોહિની, માયા, હ્રી, શ્રી, સંધ્યા, પ્રભાવતી, સાવિત્રી અને જનની છો. તુષ્ટિ, પુષ્ટિ, ધૃતિ તથા સૂર્ય-ચંદ્રમાને વધાવનાર દીપ્તિ પણ તમે જ છો. તમે જ ઐશ્વર્યવાનોની વિભૂતિ છો. યુદ્ધભૂમિમાં સિદ્ધ અને ચારણ તમારાં દર્શન કરે છે.'

સંજય કહે છે – રાજન્! અર્જુનની ભક્તિ જોઈને મનુષ્યો પર દયા કરનારી દેવી ભગવાન શ્રીકૃષ્ણની સામે આકાશમાં પ્રગટ થઈ અને બોલી, 'પાંડુનંદન! તમે થોડા જ દિવસોમાં શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરશો. તમે સાક્ષાત્ નર છો, નારાયણ તમારા સહાયક છે; તમને કોઈ દબાવી શકે એમ નથી. શત્રુઓની તો વાત જ શી છે, તમે યુદ્ધમાં વજ્રધારી ઇન્દ્ર માટે પણ અજેય છો.'

વરદાયિની દેવી આ પ્રમાણે કહીને ક્ષણભરમાં અંતર્ધાન થઈ ગઈ. વરદાન પામીને અર્જુનને પોતાના વિજયનો વિશ્વાસ થઈ ગયો. પછી તેઓ પોતાના રથ પર આવીને બેસી ગયા. શ્રીકૃષ્ણ અને અર્જુન એક જ રથમાં બેસીને પોતાના શંખ વગાડવા લાગ્યા. રાજન્! જ્યાં ધર્મ છે, ત્યાં જ દ્યુતિ અને કાંતિ છે; જ્યાં લજ્જા છે, ત્યાં જ લક્ષ્મી અને સદ્‌બુદ્ધિ છે. એ જ પ્રમાણે જ્યાં ધર્મ છે, ત્યાં જ શ્રીકૃષ્ણ છે અને જ્યાં શ્રીકૃષ્ણ છે, ત્યાં જ જય છે.

—★—

શ્રીમદ્ભગવદ્ગીતા

અર્જુનવિષાદયોગ

ધૃતરાષ્ટ્ર બોલ્યા – હે સંજય! ધર્મભૂમિ કુરુક્ષેત્રમાં એકઠા થયેલા, યુદ્ધના ઇચ્છુક, મારા તથા પાંડુના પુત્રોએ શું કર્યું? ॥ ૧ ॥

સંજય બોલ્યા – તે વખતે રાજા દુર્યોધને વ્યૂહમાં ગોઠવાયેલી પાંડવોની સેનાને જોયા પછી દ્રોણાચાર્ય પાસે જઈને આ વચન કહ્યાં, હે ગુરુદેવ! આપના બુદ્ધિમાન શિષ્ય દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ન વડે વ્યૂહાકારે ઊભી કરાવેલી પાંડુપુત્રોની આ અત્યંત વિશાળ સેનાને જુઓ. આ સેનામાં મોટાં ધનુષ્યો ધારણ કરનારા તથા યુદ્ધમાં ભીમ અને અર્જુન જેવા શૂરવીર – સાત્યકિ, વિરાટ, મહારથી રાજા દ્રુપદ, ધૃષ્ટકેતુ, ચેકિતાન, બળવાન કાશિરાજ, પુરુજિત, કુન્તિભોજ અને પુરુષશ્રેષ્ઠ શૈબ્ય, પરાક્રમી યુધામન્યુ તથા બળવાન ઉત્તમૌજા, સુભદ્રાપુત્ર અભિમન્યુ તેમજ દ્રૌપદીના પાંચેય પુત્રો – આ બધા જ મહારથીઓ છે. હે દ્વિજશ્રેષ્ઠ! હવે આપણા સૈન્યમાં પણ જે મુખ્ય શૂરવીરો છે તેમને પણ આપ જાણી લો; આપની જાણ ખાતર મારી સેનાના જે જે સેનાપતિઓ છે, તેમને હું કહું છું. આપ સ્વયં, પિતામહ ભીષ્મ તથા કર્ણ, સંગ્રામવિજયી કૃપાચાર્ય તેમજ અશ્વત્થામા, વિકર્ણ અને સોમદત્તનો પુત્ર ભૂરિશ્રવા – આ સિવાય બીજા પણ મારા માટે જીવનને ત્યજનારા ઘણા શૂરવીરો અનેક પ્રકારનાં શસ્ત્રાસ્ત્રથી સજ્જ છે તેમજ સર્વ યુદ્ધમાં નિપુણ છે. ભીષ્મપિતામહ વડે રક્ષાયેલી આપણી તે સેના (અપરિમિત હોવાને લીધે) બધી જ રીતે અજેય છે, જ્યારે ભીમ વડે રક્ષાયેલી આ લોકોની આ સેનાને (તો પરિમિત હોવાને કારણે) જીતવી સાવ સહેલી છે. આથી બધા વ્યૂહદ્વારો પર પોતપોતાની જગ્યાએ રહેલા તમે બધાય સજાગ રહીને ભીષ્મપિતામહનું જ બધી બાજુથી રક્ષણ કરો. ॥ ૨-૧૧ ॥

કૌરવોમાં વૃદ્ધ મહાન પ્રતાપી પિતામહ ભીષ્મે તે દુર્યોધનના હૃદયમાં હર્ષ જન્માવતાં જોરથી સિંહની જેમ ગરજીને શંખ વગાડ્યો. પછી શંખ, નગારાં, ઢોલ, મૃદંગ તેમજ રણશિંગાં વગેરે વાદ્યો એક સાથે જ વાગી ઊઠ્યાં; તેમનો એ અવાજ ઘણો ભયંકર થયો. ત્યાર પછી શ્વેત અશ્વો જોડેલા ઉત્તમ રથમાં બેઠેલા શ્રીકૃષ્ણ મહારાજે અને અર્જુને પણ અલૌકિક શંખ વગાડ્યા. શ્રીકૃષ્ણ મહારાજે પાંચજન્ય નામનો, અર્જુને દેવદત્ત નામનો અને ભયાનક કર્મ કરનાર ભીમસેને પૌણ્ડ્ર નામનો મહાશંખ વગાડ્યો. કુંતીપુત્ર રાજા યુધિષ્ઠિરે અનન્તવિજય નામનો અને નકુળ તથા સહદેવે સુઘોષ અને મણિપુષ્પક નામના શંખ વગાડ્યા. શ્રેષ્ઠ ધનુર્ધારી કાશિરાજ, મહારથી શિખંડી, ધૃષ્ટદ્યુમ્ન, રાજા વિરાટ, અજેય સાત્યકિ, રાજા દ્રુપદ, દ્રૌપદીના પાંચેય પુત્રો અને મહાબાહુ સુભદ્રાપુત્ર અભિમન્યુ – આ સૌએ, હે રાજન્! બધી બાજુએથી જુદા જુદા શંખો વગાડ્યા. તે ભયાનક નાદે આકાશ અને પૃથ્વીને પણ ગજાવતા ધાર્તરાષ્ટ્રોના એટલે કે આપના પુત્રોનાં હૃદય ચીરી નાખ્યાં. હે રાજન્! તે પછી કપિધ્વજ અર્જુને યુદ્ધ માટે સજ્જ થયેલા ધૃતરાષ્ટ્ર-પુત્રોને જોઈને, શસ્ત્રપ્રહારની તૈયારી વેળાએ ધનુષ ઉપાડીને હૃષીકેશ શ્રીકૃષ્ણ મહારાજને આ વચન કહ્યું, "હે અચ્યુત! મારા રથને બન્ને સેનાઓની વચ્ચે ત્યાં સુધી ઊભો રાખો કે જ્યાં સુધી હું રણભૂમિમાં ભેગા થયેલા યુદ્ધની અભિલાષા રાખનારા આ વિપક્ષી યોદ્ધાઓને સારી પેઠે જોઈ ન લઉં કે આ યુદ્ધમાં મારે કોની કોની સાથે લડવાનું છે. યુદ્ધમાં દુર્બુદ્ધિ દુર્યોધનનું હિત ઇચ્છનારા જે જે રાજાઓ આ

સૈન્યમાં આવ્યા છે. તે સૌ યુદ્ધ કરનારાઓને હું સારી રીતે જોઉં તો ખરો!" ॥ ૧૨-૨૩॥

સંજય બોલ્યા – હે ધૃતરાષ્ટ્ર! ગુડાકેશ અર્જુન દ્વારા આ પ્રકારે કહેવાયેલા હૃષીકેશ શ્રીકૃષ્ણચંદ્રે બન્ને સેનાઓની મધ્યમાં ભીષ્મ અને દ્રોણાચાર્યની તેમજ સમસ્ત રાજાઓની સામે ઉત્તમ રથને ઊભો રાખીને આ પ્રમાણે કહ્યું, 'હે પાર્થ! યુદ્ધ માટે એકઠા થયેલા આ કૌરવોને જો.' ત્યાર પછી પૃથાપુત્ર અર્જુને એ બન્ને સેનાઓમાં રહેલા વડીલો, કાકાઓ, પિતામહો, ગુરુઓ, મામાઓ, ભાઈઓ, પુત્રો, પૌત્રો, મિત્રો, સસરાઓ તેમજ સુહૃદોને પણ જોયા. તે ઉપસ્થિત સઘળા બાંધવોને જોઈને તે કુંતીપુત્ર અર્જુન અત્યંત કરુણાથી ઘેરાઈને વિષાદ કરતાં આ વચનો બોલ્યા ॥ ૨૪-૨૭ ॥

અર્જુન બોલ્યા – હે કૃષ્ણ! યુદ્ધક્ષેત્રમાં ઊભેલા યુદ્ધ કરવા ઇચ્છતા આ સ્વજન-સમુદાયને જોઈને મારાં અંગો શિથિલ થઈ રહ્યાં છે, મોં સુકાઈ રહ્યું છે તથા મારા શરીરમાં કંપ અને રોમાંચ થઈ રહ્યો છે. હાથમાંથી ગાંડીવ ધનુષ સરી રહ્યું છે, ચામડી પણ ઘણી બળી રહી છે તથા મારું મન જાણે ભમે છે, માટે હું ઊભો રહેવાને પણ સમર્થ નથી. હે કેશવ! હું તો લક્ષણો પણ અવળાં જ જોઉં છું અને યુદ્ધમાં સ્વજનોને મારીને કલ્યાણ પણ નથી જોતો. હે કૃષ્ણ! હું ન તો વિજય ઇચ્છું છું કે ન તો રાજ્ય કે ન સુખ પણ. હે ગોવિંદ! અમારે આવા રાજ્યથી શું પ્રયોજન! અથવા આવા ભોગો અને જીવનથી પણ અમને શો લાભ? અમે જેમના માટે રાજ્ય, ભોગ અને સુખો ઇચ્છીએ છીએ, તે જ આ બધા લોકો તો ધન અને જીવવાની આશા જતી કરીને યુદ્ધમાં ઊભા છે. અહીં ગુરુજનો, વડીલો, પુત્રો તેમજ દાદા, મામા, સસરા, પૌત્રો, સાળા તથા બીજા પણ સંબંધીઓ છે. હે મધુસૂદન! મને મારી નાખે તો પણ અથવા ત્રણે લોકનું રાજ્ય મેળવવા માટે પણ હું આ બધાને હણવા નથી ઇચ્છતો; તો પછી પૃથ્વી માટે તો કહેવું જ શું? હે જનાર્દન! ધૃતરાષ્ટ્રના પુત્રોને હણીને અમને કયો આનંદ મળશે? આ આતતાયીઓને હણીને તો અમને પાપ જ લાગશે. માટે હે માધવ! પોતાના જ બાંધવ ધૃતરાષ્ટ્રપુત્રોને હણવા માટે અમે યોગ્ય નથી; પોતાના જ સ્વજનોને હણીને અમે કેમ સુખી થઈશું? ॥ ૨૮-૩૭ ॥

જોકે લોભને લીધે ભ્રષ્ટચિત્ત થયેલા આ લોકો કુળના નાશથી ઉત્પન્ન થતા દોષને તથા મિત્રોનો વિરોધ કરવાથી ઉત્પન્ન થતા પાપને જોતા નથી; છતાં પણ હે જનાર્દન! કુળ-નાશના કારણે લાગતા દોષને જાણનારા અમોએ આ પાપથી બચવા માટે કેમ ન વિચારવું? કુળનો નાશ થતાં સનાતન કુળધર્મો નષ્ટ થઈ જાય છે અને ધર્મ નાશ પામતાં સમસ્ત કુળમાં પાપ પણ ખૂબ જ ફેલાઈ જાય છે. હે કૃષ્ણ! પાપ ઘણું વધી જતાં કુળની સ્ત્રીઓ અત્યંત દૂષિત થઈ જાય છે અને હે વાર્ષ્ણેય! જ્યારે સ્ત્રીઓ દૂષિત થાય છે ત્યારે વર્ણસંકર પ્રજા જન્મે છે. વર્ણસંકર સંતતિ કુળના હણનારાઓને તથા કુળને નરકમાં લઈ જવા માટે જ હોય છે; પિંડ અને તર્પણક્રિયાથી વંચિત એમના પિતૃઓ પણ અધોગતિને પામે છે. આ વર્ણસંકરકારક દોષોથી કુળઘાતીઓના સનાતન કુળધર્મો અને જાતિધર્મો સમૂળા નષ્ટ થઈ જાય છે. એટલું જ નહિ, હે જનાર્દન! જેમના કુળધર્મો સમૂળા નષ્ટ થઈ ગયા હોય એવા મનુષ્યોનો અનિશ્ચિત કાળ સુધી નરકમાં વાસ થાય છે, એમ અમે સાંભળતા આવ્યા છીએ. અરેરે! ઘણા દુઃખની વાત છે કે અમે બુદ્ધિમાન હોવા છતાં પણ એવું મોટું પાપ કરવા તત્પર થયા છીએ, જે રાજ્ય અને સુખના લોભે સ્વજનોને હણવા તૈયાર થયા છીએ. એ કરતાં તો

શસ્ત્રરહિત અને સામનો ન કરનાર એવા મને જો હાથમાં શસ્ત્ર લીધેલા ધૃતરાષ્ટ્રના પુત્રો રણમાં હણી નાખે, તો તે મરવું પણ મારા માટે વધુ કલ્યાણકારક થશે. ॥ ૩૮-૪૬ ॥

સંજય બોલ્યા – રણભૂમિમાં શોકથી ઉદ્વિગ્ન મનનો અર્જુન આમ કહીને બાણસહિત ધનુષ ત્યજીને રથના પાછળના ભાગમાં બેસી ગયો. ॥ ૪૭ ॥

—★—

શ્રીમદ્ભગવદ્ગીતા – સાંખ્યયોગ

સંજય બોલ્યા – આ પ્રમાણે કરુણાથી ઘેરાયેલા તેમજ આંસુભરેલા અને વ્યાકુળ નેત્રોના તથા શોક કરતા તે અર્જુનને ભગવાન મધુસૂદને આ વાક્ય કહ્યું : ॥ ૧ ॥

શ્રીભગવાન બોલ્યા – હે અર્જુન! તારા જેવા શૂરવીરને અસમયે વિષાદ માટે અયોગ્ય એવી રણભૂમિમાં આવો મોહ ક્યાંથી થયો? કારણ કે ન તો આ શ્રેષ્ઠ પુરુષોએ આચરેલો છે, ન તો સ્વર્ગ આપનારો છે કે ન તો યશ આપનારો પણ છે. આથી હે પાર્થ! નપુંસકતાને પ્રાપ્ત ન થા, તને એ શોભતી નથી. હે શત્રુઓને તપાવનાર! હૃદયની આ તુચ્છ દુર્બળતાને ત્યજીને યુદ્ધ માટે ઊભો થઈ જા. ॥ ૨-૩ ॥

અર્જુન બોલ્યા – હે મધુસૂદન! રણભૂમિમાં હું બાણોથી કઈ રીતે ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્ય વિરુદ્ધ લડીશ? કેમ કે હે અરિસૂદન! તેઓ બન્નેય પૂજનીય છે. માટે આ મહાનુભાવ ગુરુજનોને ન હણીને હું આ લોકમાં ભિક્ષાવૃત્તિ વડે જીવનનિર્વાહ કરવાનું પણ કલ્યાણકારી સમજું છું; કેમકે ગુરુજનોને હણીને પણ આ લોકમાં લોહીથી ખરડાયેલા અર્થ અને કામરૂપ ભોગોને જ ભોગવીશ ને! વળી, અમે એ પણ જાણતા નથી કે અમારા માટે યુદ્ધ કરવું કે ન કરવું એ બન્નેમાંથી કયું શ્રેષ્ઠ છે; અથવા એ પણ નથી જાણતા કે તેમને અમે જીતીશું કે તેઓ અમને જીતશે. જેમને હણીને અમે જીવવા પણ માગતા નથી, તે જ અમારા આત્મીય ધૃતરાષ્ટ્રના પુત્રો અમારી સામે યુદ્ધ માટે ઊભા છે. આથી કાયરતારૂપી દોષને લીધે જેનો સ્વભાવ નાશ પામ્યો છે એવો તથા ધર્મની બાબતમાં મોહિતચિત્ત થયેલો હું આપને પૂછું છું કે જે નિશ્ચિતરૂપે કલ્યાણકારી સાધન હોય, તે મને કહો; કેમકે હું આપનો શિષ્ય છું, માટે આપને શરણે આવેલા મને ઉપદેશ આપો; કેમકે પૃથ્વીનું નિષ્કંટક અને ધનધાન્યથી સંપન્ન રાજ્ય તેમજ દેવતાઓનું આધિપત્ય પામીને પણ હું એવો ઉપાય નથી જોતો, જે મારી ઇન્દ્રિયોને સૂકવનારા શોકને નિવારી શકે. ॥ ૪-૮ ॥

સંજય બોલ્યા – રાજન્! નિદ્રાને જીતનારા અર્જુન અંતર્યામી શ્રીકૃષ્ણ મહારાજ પ્રત્યે આમ કહીને પછી શ્રીગોવિંદ ભગવાનને 'યુદ્ધ નહિ કરું' એમ સ્પષ્ટ કહીને ચૂપ થઈ ગયા. હે ભરતવંશી ધૃતરાષ્ટ્ર! અંતર્યામી શ્રીકૃષ્ણ મહારાજ બંને સેનાઓની મધ્યે શોક કરતા અર્જુન પ્રત્યે મલકતા હોય એમ આ વચન બોલ્યા – ॥ ૯-૧૦ ॥

શ્રીભગવાન બોલ્યા – અર્જુન! જેમના માટે શોક કરવો યોગ્ય નથી તેમના માટે તું શોક કરે છે અને જ્ઞાનીજનો જેવાં વચનો બોલે છે, પરંતુ જેમના પ્રાણ જતા રહ્યા છે તેમના માટે કે જેમના પ્રાણ નથી ગયા તેમના માટે પણ જ્ઞાનીજનો શોક નથી કરતા. હું કોઈ કાળમાં ન હતો એવું નથી, તું ન હતો કે આ રાજાઓ

ન હતા એવું પણ નથી અને એવું પણ નથી કે હવે પછી આપણે બધા નહિ હોઈએ. જેમ જીવાત્માને આ શરીરમાં બાળપણ, યુવાની અને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે, તે જ પ્રમાણે બીજા શરીરની પ્રાપ્તિ થાય છે; તે બાબતમાં ધીર પુરુષ મોહિત થતો નથી. હે કુંતીપુત્ર! ઠંડી-ગરમી અને સુખ-દુઃખ દેનારા ઈન્દ્રિયો સાથેના વિષયોના સંયોગો તો ઉત્પત્તિ-વિનાશશીલ છે અને અનિત્ય છે; માટે હે ભારત! તેમને તું સહન કર. કેમકે હે પુરુષશ્રેષ્ઠ! દુઃખ-સુખને સમાન સમજનાર જે ધીર પુરુષને આ ઈન્દ્રિયો સાથેના વિષયોના સંયોગો વ્યાકુળ નથી કરતા, તે મોક્ષને પાત્ર થાય છે. અસત્ પદાર્થની સત્તા નથી અને સત્‌નો અભાવ નથી; આ પ્રમાણે આ બંનેનું તત્ત્વ તત્ત્વજ્ઞાની પુરુષોએ જોયું છે. નાશરહિત તો તું તેને જાણ, જેનાથી આ સકળ જગત-દૃશ્યવર્ગ વ્યાપ્ત છે. આ અવિનાશીનો વિનાશ કરવા કોઈ પણ સમર્થ નથી. આ પ્રમાણે આ નાશરહિત, અપ્રમેય, નિત્યસ્વરૂપ જીવાત્માનાં આ સઘળાં શરીરો નાશવંત કહેવાયાં છે; માટે હે ભરતવંશી અર્જુન! તું યુદ્ધ કર. જે આ આત્માને હણનાર સમજે છે તથા જે એને હણાયેલ માને છે, તે બન્નેય જાણતા નથી; કેમકે આ આત્મા વાસ્તવમાં નથી કોઈને હણતો કે નથી કોઈના દ્વારા હણાતો. આ આત્મા કોઈ કાળમાં પણ ન તો જન્મ લે છે અને ન મરણ પામે છે તથા ન આ ઉત્પન્ન થઈને ફરીથી સત્તાવાન થતો હોય છે, કારણ કે આ અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે, શરીરના હણાવા છતાં પણ તે હણાતો નથી. હે પાર્થ! જે પુરુષ આ આત્માને નાશરહિત, નિત્ય, અજન્મા તેમજ અવ્યય જાણે છે, આ પુરુષ કઈ રીતે કોને હણાવે છે અને કઈ રીતે કોને હણે છે? જેમ માણસ જૂનાં વસ્ત્રો ત્યજીને બીજાં નવાં વસ્ત્રો ગ્રહણ કરે છે, તેમ જ જીવાત્મા જૂનાં શરીરો ત્યજીને બીજાં નવાં શરીરો પામે છે. આ આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી, આને અગ્નિ બાળી શકતો નથી, આને પાણી ભીંજવી શકતું નથી અને પવન આને સૂકવી શકતો નથી. કેમકે આ આત્મા અચ્છેદ્ય, અદાહ્ય, અક્લેદ્ય, અશોષ્ય તથા નિત્ય, સર્વવ્યાપી, અચળ, સ્થિર તેમજ સનાતન છે. આ આત્મા અવ્યક્ત, અચિંત્ય અને વિકારરહિત કહેવાય છે; તેથી હે અર્જુન! આ આત્માને આ પ્રમાણે જાણીને તું શોક કરવાને યોગ્ય નથી એટલે કે તારે શોક કરવો ઉચિત નથી અને જો તું આ આત્માને સદા જન્મ લેનાર તથા સદા મૃત્યુ પામનાર માનતો હોય, તોપણ હે મહાબાહો! આવી રીતે શોક કરવો તારા માટે યોગ્ય નથી. કેમકે આ માન્યતા મુજબ જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે અને મરેલાનો જન્મ નિશ્ચિત છે; તેથી પણ આ ઉપાય વિનાના વિષયમાં શોક કરવો તારા માટે યોગ્ય નથી. હે અર્જુન! સઘળાં પ્રાણીઓ જન્મ પૂર્વે અપ્રગટ હતાં અને મર્યા પછી પણ અપ્રગટ થઈ જનાર છે, કેવળ વચગાળામાં જ પ્રગટ છે, તો પછી આવી સ્થિતિમાં શો શોક કરવાનો? કોઈ એક વિરલ મહાપુરુષ જ આ આત્માને આશ્ચર્યની જેમ જુએ છે, તે જ રીતે બીજો કોઈ મહાપુરુષ જ આત્મતત્ત્વને આશ્ચર્યની જેમ વર્ણવે છે તથા બીજો કોઈ અધિકારી પુરુષ જ આને આશ્ચર્યની પેઠે સાંભળે છે અને કોઈ તો સાંભળીને પણ આને જાણતો નથી. હે અર્જુન! આ આત્મા સૌનાં શરીરોમાં હંમેશાં અવધ્ય છે; એ કારણે તારે સમસ્ત પ્રાણીઓ માટે શોક કરવો ઉચિત નથી. ॥ ૧૧-૩૦ ॥

વળી, સ્વધર્મને જોતાં પણ તારે ભય પામવો ન જોઈએ; કેમકે ક્ષત્રિય માટે ધર્મયુક્ત યુદ્ધથી

વધીને બીજું કોઈ કલ્યાણકારી કર્તવ્ય નથી. હે પાર્થ! આપમેળે પ્રાપ્ત થયેલા તેમજ ઊઘડેલા સ્વર્ગના દ્વારરૂપી આ પ્રકારના યુદ્ધને ભાગ્યશાળી ક્ષત્રિયો જ મેળવે છે. આમ છતાં પણ જો તું આ ધર્મયુક્ત યુદ્ધ નહિ કરે, તો સ્વધર્મ અને કીર્તિને ગુમાવીને પાપને પામીશ. એટલું જ નહિ, બધા લોકો ઘણા લાંબા કાળ સુધી રહેનારી તારી અપકીર્તિ પણ કહેશે અને ગૌરવશાળી પુરુષ માટે અપકીર્તિ મરણથીયે અધિક છે. તારા અતુલનીય પ્રભાવને લીધે જેઓ તને ઘણા સન્માનની દૃષ્ટિએ જોતા આવ્યા છે, તેમની દૃષ્ટિમાં તું તુચ્છતાને પામીશ, તે મહારથીઓ તને ભયને લીધે યુદ્ધથી વિમુખ થયેલો માનશે. તારા વેરીઓ તારા સામર્થ્યની નિંદા કરતાં તને ઘણાં બધાં ન કહેવા જેવાં વચનો પણ કહેશે; એનાથી વધારે દુઃખ બીજું શું હશે? કાં તો તું યુદ્ધમાં હણાઈને સ્વર્ગ પામીશ અથવા તો સંગ્રામમાં જીતીને ભૂમંડળનું રાજ્ય ભોગવીશ; માટે હે અર્જુન! તું યુદ્ધ માટે નિશ્ચય કરીને ઊભો થઈ જા. જય-પરાજય, લાભ-હાનિ અને સુખ-દુઃખને સમાન સમજ્યા પછી યુદ્ધ માટે કટિબદ્ધ થઈ જા; આ પ્રમાણે યુદ્ધ કરવાથી તું પાપને પામીશ નહિ. ॥ ૩૧-૩૮ ॥

હે પાર્થ! આ બુદ્ધિ તારે માટે જ્ઞાનયોગના વિષયમાં કહેવામાં આવી અને હવે તું એને કર્મયોગના વિષયમાં સાંભળ. જે બુદ્ધિથી યુક્ત થયેલો તું કર્મોના બંધનને સારી પેઠે ત્યજી દઈશ એટલે કે કર્મબંધનમાંથી છૂટી જઈશ. આ કર્મયોગમાં આરંભનો અર્થાત્ બીજનો નાશ નથી અને પ્રત્યવાય દોષ અર્થાત્ અવળા ફળરૂપી દોષ પણ નથી; બલકે આ કર્મયોગરૂપી ધર્મનું થોડું પણ આચરણ જન્મ-મૃત્યુરૂપી મહાન ભયમાંથી ઉગારે છે. હે અર્જુન! આ કર્મયોગમાં નિશ્ચયાત્મિકા બુદ્ધિ એક જ હોય છે; જ્યારે અસ્થિર વિચારના વિવેકહીન સકામ માણસોની બુદ્ધિઓ ખરેખર ઘણા પ્રકારની અને અપાર હોય છે. હે અર્જુન! જેઓ ભોગોમાં તન્મય થયેલા છે, જેઓ કર્મફળનાં પ્રશંસક વેદવાક્યોમાં જ પ્રીતિ સેવે છે, જેમની બુદ્ધિમાં એકમાત્ર સ્વર્ગ જ પરમ પ્રાપ્ય વસ્તુ છે અને જેઓ સ્વર્ગથી ચઢિયાતું બીજું કશું જ નથી – એમ બોલનારા છે, એવા અવિવેકી માણસો આ પ્રકારની પુષ્પિત એટલે કે માત્ર સાંભળવામાં જ મધુર અને મનોહર વાણી બોલ્યા કરે છે કે જે જન્મરૂપી કર્મફળ દેનારી તેમજ ભોગ તથા ઐશ્વર્યની પ્રાપ્તિ અર્થે વિવિધ જાતની ઘણી-બધી ક્રિયાઓનું વર્ણન કરનારી છે; તે વાણી દ્વારા જેમનું ચિત્ત હરાયેલું છે, જેઓ ભોગ અને ઐશ્વર્યમાં અત્યંત આસક્ત છે, એવા માણસોની પરમાત્મામાં નિશ્ચયાત્મિકા બુદ્ધિ નથી હોતી. હે અર્જુન! વેદો ઉપર જણાવ્યા અનુસાર ત્રણેય ગુણોના કાર્યરૂપ સઘળા ભોગો તથા એમનાં સાધનોનું પ્રતિપાદન કરનારા છે; માટે તું એ ભોગો અને એમનાં સાધનોમાં આસક્તિરહિત અને હર્ષ-શોક વગેરે દ્વન્દ્વોથી રહિત બનીને નિત્યવસ્તુ પરમાત્મામાં સ્થિત થઈ જા, તેમજ યોગક્ષેમને ન ઇચ્છનાર એટલે કે શરીરનિર્વાહની ચિંતા પણ ન કરનાર તથા સ્વાધીન અંતઃકરણનો અર્થાત્ જિતેન્દ્રિય થા. બધી બાજુથી ભરપૂર જળાશય મળી જતાં નાનકડા જળાશયમાં મનુષ્યનું જેટલું પ્રયોજન રહે છે, બ્રહ્મને તત્ત્વથી જાણનાર બ્રાહ્મણનું સઘળા વેદોમાં એટલું જ પ્રયોજન રહે છે. (અર્થાત્ જેમ મોટું જળાશય પ્રાપ્ત થઈ જતાં જળ માટે નાનાં જળાશયોની જરૂર રહેતી નથી, તેમજ બ્રહ્માનંદની પ્રાપ્તિ થતાં આનંદ માટે વેદોક્ત કર્મોના ફળરૂપી ભોગોની જરૂર રહેતી

નથી.) તારો કર્મ કરવામાં જ અધિકાર છે, એનાં ફળોમાં કદીયે નહિ; માટે તું કર્મોના ફળનો હેતુ થા મા; અર્થાત્ ફલાપેક્ષાથી રહિત થઈને કર્તવ્યબુદ્ધિથી કર્મ કર તથા તારી કર્મ ન કરવામાં પણ આસક્તિ ન થાઓ. હે ધનંજય! તું આસક્તિ ત્યજીને તથા સિદ્ધિ અને અસિદ્ધિમાં સમબુદ્ધિ રાખીને યોગમાં સ્થિત થઈ કર્તવ્યકર્મો કર; 'સમત્વ' એ જ યોગ કહેવાય છે. આ સમત્વરૂપ બુદ્ધિયોગ કરતાં સકામ કર્મ ઘણું જ નીચલી કક્ષાનું છે, માટે હે ધનંજય! તું સમબુદ્ધિમાં જ રક્ષણનો ઉપાય શોધ અર્થાત્ બુદ્ધિયોગનો જ આશરો લે; કેમકે ફળનો હેતુ બનનારા અર્થાત્ ફલાપેક્ષીજનો દયાને પાત્ર છે. સમબુદ્ધિયુક્ત માણસ પુણ્ય અને પાપ બેયને આ લોકમાં ત્યાગી દે છે – તેમનાથી મુક્ત થઈ જાય છે; માટે તું સમત્વરૂપ યોગમાં જોડાઈ જા, આ સમત્વરૂપ યોગ એ જ કર્મોમાં કુશળતા છે અર્થાત્ કર્મબંધનમાંથી છૂટવાનો ઉપાય છે. કેમકે સમબુદ્ધિથી યુક્ત જ્ઞાનીજનો કર્મોથી ઉત્પન્ન થનાર ફળનો ત્યાગ કરીને જન્મરૂપી બંધનથી મુક્ત થઈ નિર્વિકાર પરમ પદને પામે છે. જ્યારે તારી બુદ્ધિ મોહરૂપી કળણને સારી રીતે ઓળંગી જશે, તે વખતે તું સાંભળેલા અને સાંભળવા બાકી રહેલા આ લોક તેમજ પરલોક સંબંધી બધાય ભોગો પ્રત્યે વૈરાગ્ય પામીશ. જાત-જાતનાં વચનો સાંભળવાને લીધે વિચલિત થયેલી તારી બુદ્ધિ જ્યારે પરમાત્મામાં અચળ અને સ્થિરભાવે સ્થાયી થઈ જશે, ત્યારે તું યોગને પામીશ, અર્થાત્ તારો પરમાત્મા સાથે નિત્યસંયોગ થઈ જશે. ॥ ૩૯-૫૩ ॥

અર્જુન બોલ્યા – હે કેશવ! સમાધિમાં સ્થિત પરમાત્માને પામેલા સ્થિરબુદ્ધિ પુરુષનું શું લક્ષણ છે? તે સ્થિરબુદ્ધિ પુરુષ કેવી રીતે બોલે છે, કેવી રીતે બેસે છે તથા કેવી રીતે ચાલે છે, અર્થાત્ તેનાં આચરણ કેવાં હોય છે? ॥ ૫૪॥

શ્રીભગવાન બોલ્યા – હે પાર્થ! જે વખતે આ પુરુષ મનમાં રહેલી સઘળી કામનાઓને સમ્યક રીતે ત્યજી દે છે અને આત્માથી આત્મામાં જ સંતુષ્ટ રહે છે ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. દુઃખોની પ્રાપ્તિ થતાં જેના મનમાં ઉદ્વેગ નથી થતો, સુખો મળતાં જે સંપૂર્ણપણે નિઃસ્પૃહ હોય છે તથા જેના રાગ, ભય અને ક્રોધ નાશ પામ્યા છે, એવો મુનિ સ્થિરબુદ્ધિ કહેવાય છે. જે પુરુષ સર્વત્ર સ્નેહરહિત થયેલો તે તે શુભ કે અશુભ વસ્તુ પામીને નથી પ્રસન્ન થતો કે નથી દ્વેષ કરતો, તેની બુદ્ધિ સ્થિર છે. કાચબો બધી બાજુથી પોતાનાં અંગોને જેમ સંકોરી લે છે, તેમજ જ્યારે આ પુરુષ ઇન્દ્રિયોના વિષયોથી ઇન્દ્રિયોને સર્વ પ્રકારે ખેંચી લે છે, ત્યારે તેની બુદ્ધિ સ્થિર છે (એમ સમજવું). ઇન્દ્રિયો દ્વારા વિષયોને ગ્રહણ ન કરનાર પુરુષનાય માત્ર વિષયો તો નિવૃત્ત થઈ જાય છે, પરંતુ એમના પ્રત્યેની આસક્તિ નિવૃત્ત નથી થતી; જ્યારે આ સ્થિતપ્રજ્ઞ પુરુષની તો આસક્તિ પણ પરમાત્માનો સાક્ષાત્કાર કરીને નિવૃત્ત થઈ જાય છે, અર્થાત્ પરમાત્માનો સાક્ષાત્કાર થવાને લીધે એની સંસાર પ્રત્યે લેશમાત્ર આસક્તિ રહેતી નથી. હે કુંતીપુત્ર! આસક્તિનો નાશ ન થવાને લીધે મંથન કરી નાખવાના સ્વભાવની આ ઇન્દ્રિયો યત્ન કરતા બુદ્ધિમાન મનુષ્યના મનને પણ પરાણે હરી લે છે. માટે સાધક માટે જરૂરી છે કે પોતે એ સમસ્ત ઇન્દ્રિયોને વશમાં કરી સમાહિતચિત્ત થયેલો મારા પરાયણ થઈને ધ્યાનમાં બેસે; કેમકે જે પુરુષની ઇન્દ્રિયો વશમાં હોય છે, તેની જ બુદ્ધિ સ્થિર થાય છે. વિષયોનું ચિંતન કરનારા

પુરુષને તે વિષયોમાં આસક્તિ જન્મે છે. આસક્તિથી તે વિષયોની કામના ઉત્પન્ન થાય છે અને કામનામાં વિઘ્ન આવવાથી ક્રોધ જન્મે છે. ક્રોધથી વળી મૂઢતા આવે છે, મૂઢતાથી સ્મૃતિમાં ભ્રમ ઊભો થાય છે. સ્મૃતિમાં ભ્રમ ઊભો થવાથી બુદ્ધિ અર્થાત્ જ્ઞાનશક્તિનો નાશ થઈ જાય છે અને બુદ્ધિનો નાશ થવાથી એ પુરુષનું પોતાની સ્થિતિથી પતન થાય છે. પરંતુ સ્વાધીન અંતઃકરણનો સાધક પોતાના વશમાં કરેલી રાગદ્વેષ વિનાની ઇન્દ્રિયો દ્વારા વિષયોમાં વિચરણ કરતો હોવા છતાં અંતઃકરણની આધ્યાત્મિક પ્રસન્નતાને પામે છે. અંતઃકરણ પ્રસન્ન થતાં એનાં સર્વ દુઃખોનો અભાવ થઈ જાય છે અને એ પ્રસન્ન-ચિત્ત કર્મયોગીની બુદ્ધિ તત્કાળ બધી બાજુએથી દૂર થઈને એક પરમાત્મામાં જ સારી પેઠે સ્થિર થઈ જાય છે. જે પુરુષે મન અને ઇન્દ્રિયો જીત્યાં નથી તેનામાં નિશ્ચયાત્મિકા બુદ્ધિ નથી હોતી તેમજ એ અયુક્ત માણસના અંતઃકરણમાં ભાવના પણ નથી હોતી તથા ભાવનાહીન માણસને શાંતિ નથી મળતી અને શાંતિ વિનાના માણસને સુખ ક્યાંથી મળે? કેમકે જેમ વાયુ જળમાં વહેતી નૌકાને ખેંચી જાય છે, તે જ પ્રમાણે વિષયોમાં વિચરતી ઇન્દ્રિયોમાંથી જે ઇન્દ્રિયની સાથે મન રહે છે, તે એકલી ઇન્દ્રિય આ અયુક્ત પુરુષની બુદ્ધિને હરી લે છે. તેથી હે મહાબાહો! જે પુરુષની ઇન્દ્રિયો ઇન્દ્રિયોના વિષયોથી સર્વ પ્રકારે નિગૃહીત કરાયેલી છે, એની બુદ્ધિ સ્થિર છે. સમસ્ત પ્રાણીઓ માટે જે રાત્રિ સમાન છે, તે નિત્ય જ્ઞાનસ્વરૂપ પરમાનન્દની પ્રાપ્તિમાં સ્થિતપ્રજ્ઞ યોગી જાગે છે; અને જે નાશવંત સાંસારિક સુખની પ્રાપ્તિમાં સઘળાં પ્રાણીઓ જાગે છે, પરમાત્માના તત્ત્વને જાણનાર મુનિ માટે તે રાત્રિ સમાન છે. જે પ્રમાણે બધી બાજુથી ભરપૂર, અચળ પ્રતિષ્ઠાવાળા સમુદ્રમાં અનેક નદીઓનાં પાણી તેને વિચલિત કર્યા વિના જ સમાઈ જાય છે, તે જ પ્રમાણે સર્વ ભોગો જે સ્થિતપ્રજ્ઞ પુરુષમાં કોઈ પણ પ્રકારનો વિકાર ઉત્પન્ન કર્યા વિના જ સમાઈ જાય છે, તે જ પુરુષ પરમ શાંતિને પામે છે, ભોગોને ઇચ્છનારો નહિ. જે પુરુષ સઘળી કામનાઓ છોડીને મમતા વિનાનો, અહંકાર વિનાનો અને સ્પૃહા વિનાનો થઈને વિચરે છે તે જ શાંતિને પામે છે અર્થાત્ તે શાંતિને પામેલો છે. હે પાર્થ! આ બ્રહ્મને પામી ચૂકેલા પુરુષની સ્થિતિ છે; આને પામીને યોગી કદી મોહિત નથી થતો અને અંતકાળે પણ આ બ્રાહ્મી સ્થિતિમાં સ્થિત થઈને બ્રહ્માનંદને પામી જાય છે. ॥ ૫૫-૭૨ ॥

—★—

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા – કર્મયોગ

અર્જુન બોલ્યા – હે જનાર્દન! જો તમે કર્મ કરતાં જ્ઞાનને ચઢિયાતું માનો છો, તો પછી હે કેશવ! મને આ યુદ્ધરૂપી ભયાનક કર્મમાં કેમ જોડો છો? તમે મિશ્રિત (અનેકાર્થક) જેવાં વચનોથી મારી બુદ્ધિને જાણે ભરમાવી રહ્યા છો, તો એવી એક વાતને નિશ્ચિત કરીને કહો, કે જેનાથી હું કલ્યાણ પામું. ॥ ૧-૨ ॥

શ્રીભગવાન બોલ્યા – હે નિષ્પાપ! આ લોકમાં બે પ્રકારની નિષ્ઠા મારા વડે પહેલાં કહેવાઈ ચૂકી છે; એમનામાંથી સાંખ્યયોગીઓની નિષ્ઠા જ્ઞાનયોગ દ્વારા અને યોગીઓની નિષ્ઠા કર્મયોગ દ્વારા થાય છે. માણસ ન તો કર્મોના

આરંભ કર્યા વિના અર્થાત્ આચરણ કર્યા વિના નિષ્કર્મતાને એટલે કે યોગનિષ્ઠાને પામી શકે છે કે ન તો કર્મોના કેવળ ત્યાગમાત્રથી સિદ્ધિ એટલે કે સાંખ્યનિષ્ઠાનેય પામી શકે છે. ખરેખર કોઈ પણ માણસ કદીયે ક્ષણમાત્ર પણ કર્મ કર્યા વિના નથી રહેતો; કેમકે આખાય મનુષ્યસમુદાયને પ્રકૃતિજનિત ગુણો વડે પરવશ થઈને કર્મ તો કરવું જ પડે છે. જે મૂઢબુદ્ધિનો મનુષ્ય સઘળી ઇન્દ્રિયોને હઠપૂર્વક ઉપર-ઉપરથી રોકીને મનથી તે ઇન્દ્રિયોના વિષયોનું ચિંતન કરતો રહે છે, તે મિથ્યાચારી અર્થાત્ દંભી કહેવાય છે. પરંતુ હે અર્જુન! જે પુરુષ મન વડે ઇન્દ્રિયોને વશમાં કરી અનાસક્ત થઈને સઘળી ઇન્દ્રિયો દ્વારા કર્મયોગનું આચરણ કરે છે, તે યોગી શ્રેષ્ઠ છે. આથી તું શાસ્ત્રવિહિત સ્વધર્મરૂપી કર્તવ્યકર્મ કર; કેમકે કર્મ ન કરવા કરતાં કર્મ કરવું શ્રેષ્ઠ છે, તેમજ કર્મ ન કરવાથી તારો શરીર-નિર્વાહ પણ સિદ્ધ નહિ થાય. યજ્ઞનિમિત્તે કરવામાં આવતાં કર્મો સિવાયનાં બીજાં કર્મોમાં જોડાઈને જ આ મનુષ્ય-સમુદાય કર્મોથી બંધાય છે, માટે હે અર્જુન! તું આસક્તિ વિનાનો થઈને તે યજ્ઞનિમિત્તે જ સારી રીતે કર્તવ્યકર્મ કર. ॥ ૩-૯ ॥

પ્રજાપતિ બ્રહ્માએ કલ્પના આદિમાં અર્થાત્ સૃષ્ટિના આરંભે યજ્ઞસહિત પ્રજાઓને સર્જીને તે પ્રજાઓને કહ્યું કે તમે આ યજ્ઞ દ્વારા વૃદ્ધિ પામો અને આ યજ્ઞ તમને બધાને ઇચ્છિત ભોગ આપનાર થાઓ. તમે બધા આ યજ્ઞ વડે દેવતાઓને ઉન્નત કરો અને તે દેવતાઓ તમને બધાને ઉન્નત કરે; આ પ્રમાણે નિઃસ્વાર્થભાવે એક-બીજાને ઉન્નત કરતા રહીને તમે બધા પરમ કલ્યાણને પામશો. યજ્ઞ વડે વૃદ્ધિ પામેલા દેવતાઓ તમને બધાને વણમાગ્યે જ ઇચ્છિત ભોગો અવશ્ય આપતા રહેશે; આ રીતે તે દેવતાઓ દ્વારા અપાયેલા ભોગોને જે પુરુષ તે દેવતાઓને નહિ આપીને પોતે ભોગવે છે, તે ચોર જ છે. યજ્ઞમાંથી વધેલા અન્નને આરોગનારા શ્રેષ્ઠ પુરુષો સર્વ પાપોથી મુક્ત થઈ જાય છે અને જે પાપીઓ પોતાના શરીરના પોષણ માટે જ અન્ન રાંધે છે, તેઓ તો પાપને જ ખાય છે. સઘળાં પ્રાણીઓ અન્નથી ઉત્પન્ન થાય છે, અન્નની ઉત્પત્તિ વરસાદથી થાય છે, વરસાદ યજ્ઞથી થાય છે અને યજ્ઞ વિહિત કર્મોથી ઉત્પન્ન થનારો છે, કર્મસમુદાયને તું વેદથી ઉદ્‌ભવેલો અને વેદને અવિનાશી પરમાત્માથી ઉદ્‌ભવેલો જાણ; આથી સિદ્ધ થાય છે કે સર્વવ્યાપી પરમ અક્ષર પરમાત્મા સદાય યજ્ઞમાં પ્રતિષ્ઠિત છે. હે પાર્થ! જે મનુષ્ય આ લોકમાં આ પ્રમાણે પરંપરાથી પ્રચલિત સૃષ્ટિચક્રને નથી અનુસરતો, અર્થાત્ પોતાના કર્તવ્યનું પાલન નથી કરતો, તે ઇન્દ્રિયો વડે ભોગોમાં રમનારો પાપાત્મા મનુષ્ય ફોગટ જ જીવે છે. પણ જે માણસ આત્મામાં જ રમનારો અને આત્મામાં જ તૃપ્ત તેમજ આત્મામાં જ સંતુષ્ટ હોય, તેના માટે કશું કરવાનું બાકી નથી રહેતું. એ મહાપુરુષનું આ સંસારમાં ન તો કર્મ કરવાથી કશું પ્રયોજન રહે છે કે ન તો કર્મ ન કરવાથીયે કશું પ્રયોજન રહે છે તેમજ સઘળા જીવો સાથે આ મહાપુરુષનો લેશમાત્ર પણ સ્વાર્થનો સંબંધ નથી રહેતો. આથી તું નિરંતર આસક્તિ વિનાનો થઈ હંમેશાં કર્તવ્યકર્મોને સમ્યક (યોગ્ય) રીતે કરતો રહે, કેમકે આસક્તિ વિનાનો થઈને કર્મ કરતો માણસ પરમાત્માને પામે છે. ॥ ૧૦-૧૯ ॥

જનક વગેરે જ્ઞાનીજનો પણ આસક્તિ વિનાના કર્માચરણ દ્વારા જ પરમ સિદ્ધિને પામ્યા હતા, તેથી તથા લોકસંગ્રહને જોતાં પણ તું કર્મ કરવાને જ યોગ્ય છે, અર્થાત્ તારા માટે

કર્મ કરવું એ જ ઉચિત છે. શ્રેષ્ઠ પુરુષ જે જે આચરણ કરે છે, અન્ય માણસો પણ તેને તેને જ અનુસરે છે; તે જે કંઈ પ્રમાણ કરી આપે છે, સકળ માનવ-સમૂહ તે પ્રમાણે વર્તવા લાગે છે. હે પાર્થ! મારે આ ત્રણેય લોકોમાં ન તો કશું કર્તવ્ય છે કે ન કશીયે પ્રાપ્ત કરવા જેવી વસ્તુ અપ્રાપ્ત છે, છતાંય હું કર્મમાં જ વર્તું છું. કેમકે હે પાર્થ! જો કદાચ હું સાવધાન થઈને કર્મોમાં ન વર્તું તો ભારે હાનિ થઈ જાય, કારણકે માણસો બધી રીતે મારા જ માર્ગનું અનુસરણ કરે છે. આથી જો હું કર્મ ન કરું તો આ બધા માણસો નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય અને હું સંકરપણાનો કરનાર બનું તથા આ આખી પ્રજાને નષ્ટ કરનારો બનું. માટે હે ભારત! કર્મમાં આસક્ત થયેલા અજ્ઞાનીજનો જે પ્રમાણે કર્મ કરે છે, આસક્તિ વિનાનો વિદ્વાન પણ લોકસંગ્રહની ઇચ્છા રાખતો તે જ પ્રમાણે કર્મ કરે. પરમાત્માના સ્વરૂપમાં અચળભાવે સ્થિત થયેલો જ્ઞાની પુરુષ શાસ્ત્રવિહિત કર્મોમાં આસક્તિ રાખનારા અજ્ઞાનીઓની બુદ્ધિમાં ભ્રમ અર્થાત્ એ કર્મો પ્રત્યે અશ્રદ્ધા ન ઉપજાવે; પરંતુ પોતે શાસ્ત્રવિહિત સઘળાં કર્મો સારી પેઠે કરતો રહી એમની પાસે પણ તે જ પ્રમાણે કર્મ કરાવે. વાસ્તવમાં સઘળાં કર્મો સર્વ પ્રકારે પ્રકૃતિના ગુણો વડે કરવામાં આવે છે, છતાં પણ અહંકાર દ્વારા મોહિત થયેલા અંતઃકરણનો અજ્ઞાની 'હું કર્તા છું' એમ માને છે. પણ હે મહાબાહો! ગુણવિભાગ અને કર્મવિભાગના તત્ત્વને જાણનાર જ્ઞાનયોગી તો સમસ્ત ગુણો જ ગુણોમાં વર્તી રહ્યા છે એમ સમજીને એમનામાં આસક્ત નથી થતો. પ્રકૃતિના ગુણોથી અત્યંત મોહિત થયેલા મનુષ્યો ગુણોમાં અને કર્મોમાં આસક્ત રહે છે; એવા સંપૂર્ણપણે ન સમજનાર મંદબુદ્ધિના અજ્ઞાનીઓને સંપૂર્ણપણે જાણનાર જ્ઞાની વિચલિત ન કરે. મુજ અંતર્યામી પરમાત્મામાં પરોવાયેલા ચિત્ત દ્વારા સઘળાં કર્મોને મારામાં સમર્પીને ઇચ્છા વિનાનો, મમત્વ વિનાનો અને સંતાપ વિનાનો થઈને તું યુદ્ધ કર. જે માણસો દોષદૃષ્ટિ વિનાના અને શ્રદ્ધાળુ બનીને મારા આ મતને સદા અનુસરે છે, તેઓ પણ સર્વ કર્મોથી છૂટી જાય છે. પણ જે માણસો મારામાં દોષારોપણ કરીને મારા આ મત અનુસાર નથી ચાલતા, એ મૂર્ખાઓને તો તું સર્વ જ્ઞાનોમાં મોહિત અને નષ્ટ થયેલા જ સમજ. સર્વ પ્રાણીઓ પ્રકૃતિને પામે છે એટલે કે પોતાના સ્વભાવને વશ થઈને કર્મો કરે છે; જ્ઞાની પણ પોતાની પ્રકૃતિ અનુસાર ચેષ્ટા કરે છે; એમાં કોઈનો દુરાગ્રહ શો કરવાનો? ઇન્દ્રિય-ઇન્દ્રિયના અર્થમાં એટલે કે પ્રત્યેક ઇન્દ્રિયના વિષયમાં રાગ અને દ્વેષ છુપાઈને રહેલા છે; માણસે એ બન્નેને વશ ન થવું; કેમ કે તે બન્નેય એના કલ્યાણમાર્ગમાં વિઘ્નો ઊભા કરનારા મહાશત્રુઓ છે. સારી રીતે આચરવામાં આવેલા અન્યના ધર્મ કરતાં ગુણ વિનાનો હોવા છતાં પણ પોતાનો ધર્મ ઘણો ચઢિયાતો છે; પોતાના ધર્મમાં તો મરવું પણ કલ્યાણકારી છે, જ્યારે અન્યનો ધર્મ તો ભયપ્રદ છે. ॥ ૨૦-૩૫ ॥

અર્જુન બોલ્યા – હે કૃષ્ણ! તો પછી આ માણસ પોતે ન ઇચ્છતો હોવા છતાં પણ પરાણે જોડ્યો હોય એમ કોનાથી પ્રેરાઈને પાપનું આચરણ કરે છે? ॥ ૩૬॥

શ્રીભગવાન બોલ્યા – રજોગુણમાંથી ઉદ્‌ભવેલો આ કામ જ ક્રોધ છે, આ ઘણું ખાનારો એટલે કે ભોગોથી કદી ન ધરાતો અને મહાપાપી છે, આને જ તું આ બાબતમાં વેરી જાણ. જેમ ધુમાડાથી અગ્નિ અને મેલથી દર્પણ

ઢંકાઈ જાય છે તથા જેમ ઓરથી ગર્ભ ઢંકાયેલો રહે છે, તેમજ એ કામ વડે આ જ્ઞાન ઢંકાયેલું રહે છે. હે કૌન્તેય! આ અગ્નિની પેઠે કદી પૂર્ણ ન થનારા કામરૂપી જ્ઞાનીઓના નિત્ય વેરી વડે માણસનું જ્ઞાન ઢંકાયેલું છે. ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ – એ સર્વ આનું રહેઠાણ કહેવાય છે; આ કામ આ મન, બુદ્ધિ અને ઇન્દ્રિયો દ્વારા જ જ્ઞાનને ઢાંકી દઈને જીવાત્માને મોહિત બનાવે છે. માટે હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ! તું પહેલાં ઇન્દ્રિયોને વશમાં કરીને, જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનાર આ મહાપાપી કામને અવશ્ય બળપૂર્વક હણી નાખ. ઇન્દ્રિયોને સ્થૂળ શરીર કરતાં પર અર્થાત્ શ્રેષ્ઠ, બળવાન તેમજ સૂક્ષ્મ કહે છે; આ ઇન્દ્રિયો કરતાં મન શ્રેષ્ઠ છે, મન કરતાંય બુદ્ધિ શ્રેષ્ઠ છે અને જે બુદ્ધિ કરતાં પણ સર્વશ્રેષ્ઠ છે, તે આત્મા છે. આ પ્રમાણે બુદ્ધિ કરતાં પર એટલે કે સૂક્ષ્મ, બળવાન અને ઘણા શ્રેષ્ઠ આત્માને ઓળખીને અને બુદ્ધિ વડે મનને વશ કરીને હે મહાબાહો! તું આ કામરૂપી દુર્જય શત્રુને હણ. ॥ ૩૭-૪૩ ॥

—★—

શ્રીમદ્ભગવદ્ગીતા – જ્ઞાન-કર્મસંન્યાસયોગ

શ્રીભગવાન બોલ્યા – આ અવિનાશી યોગ મેં સૂર્યને કહ્યો હતો, સૂર્યે પોતાના પુત્ર વૈવસ્વત મનુને કહ્યો અને મનુએ પોતાના પુત્ર રાજા ઇક્ષ્વાકુને કહ્યો. હે પરંતપ! આમ પરંપરાથી પ્રાપ્ત આ યોગને રાજર્ષિઓએ જાણ્યો; પણ ત્યાર બાદ તે યોગ ઘણા સમયથી આ પૃથ્વીલોકમાં લગભગ લુપ્તપ્રાય થઈ ગયો. તું મારો ભક્ત અને પ્રિય સખા છે, માટે એ જ આ પુરાતન યોગ આજે મેં તને કહ્યો છે; કેમકે આ ઘણું ઉત્તમ રહસ્ય છે એટલે કે ગુપ્ત રાખવાયોગ્ય વિષય છે. ॥ ૧-૩ ॥

અર્જુન બોલ્યા – આપનો જન્મ તો અર્વાચીન – હાલનો છે, જ્યારે સૂર્યનો જન્મ તો ઘણો પહેલાંનો છે એટલે કે કલ્પના આરંભે થયેલો છે; તો હું એ વાતને કેમ સમજું કે તમે જ કલ્પના આરંભે સૂર્યને આ યોગ કહ્યો હતો? ॥ ૪॥

શ્રીભગવાન બોલ્યા – હે પરંતપ અર્જુન! મારા અને તારા ઘણા બધા જન્મો થઈ ચૂક્યા છે; એ બધાને તું નથી જાણતો, પણ હું જાણું છું. હું અજન્મા અને અવિનાશીસ્વરૂપ હોવા છતાં પણ, તેમજ બધાંય પ્રાણીઓનો ઈશ્વર હોવા છતાંય પોતાની પ્રકૃતિને આધીન કરીને પોતાની યોગમાયાથી પ્રગટ થાઉં છું. હે ભારત! જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે હું પોતાના રૂપને સર્જું છું એટલે કે સાકારરૂપે લોકો સમક્ષ પ્રગટ થાઉં છું. સાધુપુરુષોનો ઉદ્ધાર કરવા માટે, પાપકર્મ કરનારાઓનો વિનાશ કરવા માટે અને ધર્મની સમ્યક (યોગ્ય) રીતે સ્થાપના કરવા માટે હું યુગે યુગે પ્રગટ થાઉં છું. હે અર્જુન! મારા જન્મ અને કર્મ દિવ્ય અર્થાત્ નિર્મળ અને અલૌકિક છે – એમ જે માણસ તત્ત્વથી જાણી લે છે, તે દેહ છોડીને પુનર્જન્મ નથી પામતો, પણ મને જ પામે છે. જેમના રાગ, ભય તથા ક્રોધ સંપૂર્ણપણે નાશ પામી ચૂક્યા હતા તેમજ જેઓ મારામાં અનન્ય પ્રેમભાવે સ્થિત રહેતા હતા, એવા મારે આશ્રયે રહેનારા ઘણાય ભક્તો આ પહેલા પણ ઉપર કહેલા જ્ઞાનરૂપી તપ વડે પવિત્ર થઈને મારા સ્વરૂપને પામી ચૂક્યા છે. હે પાર્થ! જે ભક્તો

મને જેવા ભાવથી ભજે છે, હું પણ તેમને એવા જ ભાવથી ભજું છું; કેમકે સૌ મનુષ્યો સર્વ રીતે મારા જ માર્ગને અનુસરે છે. આ મનુષ્યલોકમાં કર્મોનાં ફળને ઇચ્છનારા માણસો દેવતાઓનું પૂજન કરતા રહે છે; કેમકે એમને કર્મોથી ઉત્પન્ન થનારી સિદ્ધિ સત્વરે મળી જાય છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર – આ ચાર વર્ણોનો સમૂહ ગુણ અને કર્મોનાં વિભાગ પ્રમાણે મારા દ્વારા સર્જાયેલો છે; આ પ્રમાણે એ સૃષ્ટિરચના વગેરે કર્મનો કર્તા હોવા છતાં પણ મુજ અવિનાશી પરમેશ્વરને તું વાસ્તવમાં અકર્તા જ જાણ. કર્મોનાં ફળમાં મારી સ્પૃહા નથી, માટે મને કર્મો લિપ્ત નથી કરતાં – આ પ્રમાણે જે મને તત્ત્વથી જાણી લે છે, તે પણ કર્મોથી નથી બંધાતો. પૂર્વકાળના મુમુક્ષુઓએ પણ આ પ્રમાણે જાણીને જ કર્મો કર્યાં છે, માટે તું પણ પૂર્વજો વડે સદાકાળથી આચરવામાં આવેલાં કર્મોને જ કર. ॥ ૫-૧૫ ॥

કર્મ શું છે? અને અકર્મ શું છે? – એનો નિર્ણય કરવામાં બુદ્ધિશાળી પુરુષો પણ મોહિત થઈ જાય છે; માટે તે કર્મતત્ત્વ હું તને સમ્યક રીતે સમજાવીને કહું છું, જેને જાણીને તું અશુભથી એટલે કે કર્મબંધનમાંથી મુક્ત થઈ જઈશ. કર્મનું સ્વરૂપ પણ જાણવું જોઈએ અને અકર્મનું સ્વરૂપ પણ જાણવું જોઈએ, તેમજ વિકર્મનું સ્વરૂપ પણ જાણવું જોઈએ; કેમકે કર્મની ગતિ ગહન છે. જે માણસ કર્મમાં અકર્મ જુએ છે અને જે અકર્મમાં કર્મ જુએ છે, એ માણસ સઘળા માણસોમાં બુદ્ધિશાળી છે તેમજ એ યોગી સમસ્ત કર્મો કરનારો છે. જેનાં સર્વ શાસ્ત્રસંમત કર્મો કામના કે સંકલ્પ વિના થાય છે તથા જેનાં બધાંય કર્મો જ્ઞાનરૂપી અગ્નિ વડે બળી ગયાં છે, એ મહાપુરુષને જ્ઞાનીજનો પણ પંડિત કહે છે. જે માણસ સર્વ કર્મો પ્રત્યેની તેમજ એમનાં ફળ પ્રત્યેની આસક્તિને બધી રીતે ત્યાગીને સંસારના આશ્રયથી રહિત થઈ ગયો છે તથા પરમાત્મામાં સદાય તૃપ્ત છે, તે કર્મોમાં યોગ્ય રીતે વર્તતો હોવા છતાં પણ વાસ્તવમાં કંઈ જ નથી કરતો. જેને કશાયની ખેવના નથી, અંતઃકરણ અને ઇન્દ્રિયો સહિત જેણે શરીર જીત્યું છે તેમજ સઘળી ભોગોની સામગ્રીનો જેણે પરિત્યાગ કરી દીધો છે એવો સાંખ્યયોગી કેવળ શરીરસંબંધી કર્મ કરતો હોવા છતાં પણ પાપને નથી પામતો. ઇચ્છા વિના આપમેળે મળેલા પદાર્થમાં જે સદાય સંતુષ્ટ રહે છે, અદેખાઈનો જેનામાં સર્વ રીતે અભાવ થઈ ગયો છે, હર્ષ-શોક વગેરે દ્વંદ્વોથી જે સંપૂર્ણપણે અતીત થઈ ગયો છે – એવો સિદ્ધિ તથા અસિદ્ધિમાં સમ રહેનાર કર્મયોગી કર્મ કરતો હોવા છતાં પણ કર્મોથી નથી બંધાતો. જેની આસક્તિ સર્વથા નાશ પામી ચૂકી છે, જે દેહાભિમાન તથા મમત્વ વિનાનો થઈ ચૂક્યો છે, જેનું ચિત્ત નિરંતર પરમાત્માના જ્ઞાનમાં સ્થિત રહે છે – એવા કેવળ યજ્ઞસંપાદનને અર્થે કર્મ કરનાર મનુષ્યનાં સમસ્ત કર્મો પૂર્ણ રીતે વિલીન થઈ જાય છે. ॥ ૧૬-૨૩ ॥

બ્રહ્મયજ્ઞ કે જેમાં અર્પણ એટલે કે સુવા આદિ ઉપકરણ પણ બ્રહ્મ છે, હવન કરવા માટેનું દ્રવ્ય પણ બ્રહ્મ છે, બ્રહ્મરૂપી હોતા દ્વારા બ્રહ્મરૂપી અગ્નિમાં હોમવારૂપી ક્રિયા પણ બ્રહ્મ છે અને સર્વત્ર બ્રહ્મબુદ્ધિ કરવારૂપી બ્રહ્મકર્મમાં સ્થિત રહેનાર એ યોગીને મળનારું ફળ પણ બ્રહ્મ જ છે. બીજા કેટલાક યોગીજનો દેવતાઓની પૂજારૂપી યજ્ઞનું જ સમ્યક પ્રકારે અનુષ્ઠાન કરે છે, જ્યારે અન્ય યોગીજનો પરબ્રહ્મ પરમાત્મારૂપી અગ્નિમાં અભેદદર્શનરૂપી યજ્ઞ દ્વારા જ

આત્મારૂપી યજ્ઞનો હોમ કરે છે. અન્ય કેટલાક યોગીઓ શ્રોત્ર વગેરે સઘળી ઇન્દ્રિયોને સંયમરૂપી અગ્નિઓમાં હોમે છે, તો વળી બીજા કેટલાક યોગીજનો શબ્દ વગેરે સર્વ વિષયોને ઇન્દ્રિયોરૂપી અગ્નિઓમાં હોમતા રહે છે. અન્ય યોગીજનો ઇન્દ્રિયોની સર્વ ક્રિયાઓને તથા પ્રાણોની સમસ્ત ક્રિયાઓને જ્ઞાન વડે પ્રજ્વલિત આત્મસંયમયોગરૂપી અગ્નિમાં હોમી દે છે. અન્ય કેટલાક માણસો દ્રવ્યસંબંધી યજ્ઞ કરનારા છે, કેટલાક તપરૂપી યજ્ઞ કરનારા છે, બીજા કેટલાક પુરુષો અષ્ટાંગ યોગરૂપી યજ્ઞ કરનારા છે અને વળી કેટલાક અહિંસા આદિ તીક્ષ્ણ વ્રતો પાળનારા પ્રયત્નશીલ માણસો સ્વાધ્યાયરૂપી જ્ઞાનયજ્ઞ કરનારા છે. બીજા કેટલાય યોગીજનો અપાનવાયુમાં પ્રાણવાયુને હોમે છે, તેમજ અન્ય યોગીજનો પ્રાણવાયુમાં અપાનવાયુને હોમે છે, તો અન્ય કેટલાય નિયમ પ્રમાણે આહાર કરનારા પ્રાણાયામપરાયણ માણસો પ્રાણ અને અપાનની ગતિને રોકીને પ્રાણોને પ્રાણોમાં જ હોમે છે; આ સઘળાય સાધકો યજ્ઞો દ્વારા પાપોનો નાશ કરનારા તેમજ યજ્ઞોને જાણનારા છે. હે કુરુશ્રેષ્ઠ! યજ્ઞોના પરિણામરૂપ જ્ઞાનામૃતનો અનુભવ કરનારા યોગીજનો સનાતન પરબ્રહ્મ પરમાત્માને પામે છે, જ્યારે યજ્ઞ ન કરનાર માણસ માટે તો આ મનુષ્ય-લોક પણ સુખદાયક નથી, તો પરલોક ક્યાંથી સુખદાયક હોય? આવા બીજા પણ અનેક જાતના યજ્ઞો વેદની વાણીમાં વિસ્તારથી કહેવાયેલા છે, એ સર્વને તું મન, ઇન્દ્રિયો અને શરીરની ક્રિયા દ્વારા સંપન્ન થનારા જાણ; આ પ્રમાણે તત્ત્વથી જાણીને એમના અનુષ્ઠાન દ્વારા તું કર્મબંધનથી પૂર્ણ રીતે છૂટી જઈશ. ॥ ૨૪-૩૨ ॥

હે પરંતપ અર્જુન ! દ્રવ્યમય યજ્ઞની અપેક્ષાએ જ્ઞાનયજ્ઞ અત્યંત શ્રેષ્ઠ છે કેમ કે સઘળાં કર્મો જ્ઞાનમાં સમાપ્તિને પામે છે. તે જ્ઞાનને તું તત્ત્વદર્શી જ્ઞાનીજનો પાસે જઈને જાણી લે; એમને યોગ્ય રીતે દંડવત્ પ્રણામ કરવાથી, એમની સેવા કરવાથી તેમજ કપટ છોડીને સરળ ભાવે પ્રશ્ન પૂછવાથી પરમાત્મતત્ત્વને બરાબર ઓળખનારા એ જ્ઞાની મહાત્માજનો તને એ તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપશે – જેને જાણ્યા પછી ફરીથી તું આ રીતે મોહને નહિ પામે, તેમજ હે અર્જુન! જે જ્ઞાનથી તું સમગ્ર ભૂતોને નિઃશેષભાવે પહેલાં પોતાનામાં અને પછી મુજ સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જોઈશ. જો તું બીજા સમસ્ત પાપીઓ કરતાં પણ વધારે પાપ કરનાર હોય, તો પણ તું જ્ઞાનરૂપી નૌકા દ્વારા નિઃસંદેહ આખા પાપ-સાગરને સારી રીતે પાર કરી જઈશ. કેમકે હે અર્જુન! જે રીતે ભડભડતો અગ્નિ ઘણાંબધાં ઇંધણોને ભસ્મીભૂત કરી નાખે છે, તે જ રીતે જ્ઞાનરૂપી અગ્નિ સમગ્ર કર્મોને ભસ્મીભૂત કરી નાખે છે. માટે આ સંસારમાં જ્ઞાનના જેવું પવિત્ર કરનારું નિઃસંદેહ બીજું કશું જ નથી; એ જ્ઞાનને ઘણા સમય સુધી કર્મયોગના આચરણ દ્વારા શુદ્ધાન્તઃકરણ થયેલો માણસ આપમેળે જ આત્મામાં પામે છે. જિતેન્દ્રિય, સાધનપરાયણ અને શ્રદ્ધાવાન માણસ જ્ઞાનને પામી જાય છે અને જ્ઞાનને પામીને એ વિના વિલંબે- તત્કાળ જ ભગવત્પ્રાપ્તિરૂપી પરમ શાન્તિને પ્રાપ્ત થઈ જાય છે. પણ વિવેકહીન, અશ્રદ્ધાળુ તેમજ સંશયગ્રસ્ત માણસ પરમાર્થથી નિશ્ચિતપણે ભ્રષ્ટ થઈ જાય છે; આવા સંશયગ્રસ્ત મનુષ્ય માટે ન આ લોક છે, ન તો પરલોક કે ન સુખ. હે ધનંજય! જેણે કર્મયોગના આચરણ દ્વારા સમગ્ર કર્મો પરમાત્મામાં અર્પી દીધાં છે તથા જેણે વિવેક વડે સકળ સંશયોનો નાશ કરી

દીધો છે, એવા વશ કરેલ અંતઃકરણના પુરુષને કર્મો નથી બાંધતાં. માટે હે ભરતવંશી! તું હૃદયમાં રહેલા આ અજ્ઞાનજનિત પોતાના સંશયને વિવેકજ્ઞાનરૂપી તલવાર વડે છેદીને સમત્વરૂપ કર્મયોગમાં સ્થિત થઈ જા અને યુદ્ધ માટે ઊભો થઈ જા. ॥ ૩૩-૪૨ ॥

—★—

શ્રીમદ્ભગવદ્ગીતા – કર્મસંન્યાસયોગ

અર્જુન બોલ્યા – હે કૃષ્ણ! તમે એક બાજુ કર્મોના સંન્યાસની અને વળી બીજી બાજુ કર્મયોગની પ્રશંસા કરો છો; તો આ બન્નેમાંથી જે એક મારા માટે ચોક્કસપણે કલ્યાણકારી સાધન હોય, તે કહો. ॥ ૧॥

શ્રીભગવાન બોલ્યા – કર્મસંન્યાસ અને કર્મયોગ – આ બેય પરમ કલ્યાણ કરનારા છે; પરંતુ એ બન્નેમાં કર્મસંન્યાસ કરતાં કર્મયોગ સાધનમાં સુગમ હોવાથી શ્રેષ્ઠ છે. હે મહાબાહો! જે માણસ ન તો કોઈનોય દ્વેષ કરે છે કે ન તો કશાયની આકાંક્ષા કરે છે, તે કર્મયોગી સદા સંન્યાસી જ સમજવા યોગ્ય છે; કેમકે રાગ-દ્વેષ વગેરે દ્વન્દ્વો વિનાનો માણસ સુખપૂર્વક સંસારના બંધનમાંથી મુક્ત થઈ જાય છે. ઉપર કહેલા સંન્યાસ અને કર્મયોગને બાળકબુદ્ધિના માણસો અલગ-અલગ ફળ આપનાર કહે છે, ડાહ્યા માણસો નહિ; કેમકે બન્નેમાંથી એકમાં પણ સમ્યક રીતે સ્થિત માણસ બેયના ફળસ્વરૂપ પરમાત્માને પામે છે. જ્ઞાનયોગીઓ વડે જે પરમધામ પ્રાપ્ત કરાય છે, કર્મયોગીઓ વડે પણ એ જ પ્રાપ્ત કરવામાં આવે છે; આથી જે માણસ જ્ઞાનયોગ અને કર્મયોગને ફળરૂપે એક જુએ છે, તે જ યથાર્થ જુએ છે. તેમ છતાં પણ હે મહાબાહો! કર્મયોગ વિના સંન્યાસ (મન, ઇન્દ્રિય અને શરીર દ્વારા થતાં સમસ્ત કર્મોમાં કર્તાપણાના ભાવનો ત્યાગ) પ્રાપ્ત થવો મુશ્કેલ છે; જ્યારે ભગવત્સ્વરૂપનું મનન કરનાર કર્મયોગી પરબ્રહ્મ પરમાત્માને વિના વિલંબે પામી જાય છે. જેનું મન પોતાને વશ છે, જે જિતેન્દ્રિય છે, જેનું અંતઃકરણ વિશુદ્ધ છે તથા સઘળા પ્રાણીઓના આત્મસ્વરૂપ પરમાત્મા જ જેનો આત્મા છે, એવો કર્મયોગી કર્મ કરતો હોવા છતાં પણ તેનાથી લેપાતો નથી. તત્ત્વને જાણનારો સાંખ્યયોગી તો જોતો, સાંભળતો, સ્પર્શ કરતો, સૂંઘતો, જમતો, ચાલતો, ઊંઘતો, શ્વાસ લેતો, બોલતો, ત્યાગતો, ગ્રહણ કરતો, તેમજ આંખો ઉઘાડતો કે મીંચતો હોવા છતાં પણ, 'સર્વ ઇન્દ્રિયો પોતપોતાના અર્થોમાં એટલે કે વિષયોમાં વર્તી રહી છે' એમ સમજીને નિઃશંકપણે એમ માને કે હું કશું જ નથી કરી રહ્યો. જે માણસ બધાં કર્મોને પરમાત્મામાં અર્પીને તેમજ આસક્તિને છોડીને કર્મ કરે છે, એ માણસ જળથી કમળનાં પાંદડાંની પેઠે પાપથી લેપાતો નથી. કર્મયોગીઓ મમત્વભાવ રાખ્યા વિનાનાં કેવળ ઇન્દ્રિય, મન, બુદ્ધિ તેમજ શરીર દ્વારા થનારી સઘળી ક્રિયાઓમાં આસક્તિ ત્યજીને અંતઃકરણની શુદ્ધિ માટે કર્મ કરે છે. કર્મયોગી કર્મોના ફળને પરમેશ્વરને અર્પણ કરીને ભગવત્પ્રાપ્તિસ્વરૂપ શાંતિ પ્રાપ્ત કરે છે, જ્યારે સકામ માણસ કામનાની પ્રેરણાથી ફળમાં આસક્ત થઈને બંધાય છે. ॥ ૨-૧૨ ॥

અંતઃકરણ જેના વશમાં છે, એવો સાંખ્યયોગનું આચરણ કરનાર મનુષ્ય કશું ન કરતો કે ન કરાવતો રહીને જ નવ દ્વારોના શરીરરૂપી ઘરમાં સઘળાંય કર્મોને મનથી ત્યજીને

આનંદપૂર્વક સચ્ચિદાનંદઘન પરમાત્માના સ્વરૂપમાં સ્થિત રહે છે. પરમેશ્વર માણસોના ન તો કર્તાપણાને, ન કર્મોને કે ન તો કર્મફળના સંયોગને સર્જે છે; પણ સ્વભાવ અર્થાત્ ત્રિગુણમયી પ્રકૃતિ જ બધું સર્જન કરે છે. સર્વવ્યાપી પરમેશ્વર ન તો કોઈના પાપકર્મને ગ્રહણ કરે છે કે ન કોઈના શુભકર્મને; પરંતુ અજ્ઞાન વડે જ્ઞાન ઢંકાયેલું છે, એનાથી જ બધા અજ્ઞાની માણસો મોહ પામે છે. પણ જેમનું એ અજ્ઞાન પરમાત્માના તત્ત્વજ્ઞાન વડે નષ્ટ કરી નાખવામાં આવ્યું છે, એમનું એ જ્ઞાન સૂર્યની જેમ એ સચ્ચિદાનંદઘન પરમાત્માને પ્રકાશિત કરી દે છે, એટલે કે પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવે છે. પરમાત્મામાં જેમનું મન તદ્રૂપ થઈ રહ્યું છે, પરમાત્મામાં જેમની બુદ્ધિ તદ્રૂપ થઈ રહી છે અને સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જ જેમની નિરંતર એકાત્મભાવે સ્થિતિ છે, એવા પરમાત્મપરાયણ મનુષ્યો જ્ઞાન દ્વારા પાપરહિત થઈને અપુનરાવૃત્તિને એટલે કે પરમગતિને પામે છે. એવા જ્ઞાનીજનો વિદ્યા અને વિનયશીલ બ્રાહ્મણમાં તથા ગાય, હાથી, કૂતરા અને ચાંડાળમાંયે સમાન દૃષ્ટિવાળા જ હોય છે. જેમનું મન સમભાવમાં સ્થિત છે, તેમણે આ જીવંત અવસ્થામાં જ સકળ સંસાર જીતી લીધો છે; કેમકે સચ્ચિદાનંદઘન પરમાત્મા નિર્દોષ અને સમ છે, માટે તેઓ સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જ સ્થિત છે. જે માણસ પ્રિયને પામીને હરખાય નહિ તેમજ અપ્રિયને પામીને અકળાય નહિ, એ સ્થિરબુદ્ધિનો અને સંશય વિનાનો બ્રહ્મવેત્તા મનુષ્ય સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્મામાં એકાત્મભાવે કાયમ સ્થિત છે. ॥ ૧૩-૨૦ ॥

બહારના વિષયોમાં આસક્તિ વિનાના અંતઃકરણવાળો સાધક આત્મામાં સ્થિત જે ધ્યાનજનિત સાત્ત્વિક આનંદ છે, એને પામે છે; એ પછી એ સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્માના ધ્યાનસ્વરૂપ યોગમાં અભિન્નભાવે સ્થિત માણસ અક્ષય આનંદને અનુભવે છે. જે આ ઇન્દ્રિય અને વિષયોના સંયોગથી ઉત્પન્ન થતા સર્વ ભોગો છે, તે બધા – જો કે વિષયી માણસોને સુખસ્વરૂપ ભાસે છે, તો પણ – નિઃશંકપણે દુઃખના જ હેતુ છે; વળી આદિ-અંતવાળા એટલે કે અનિત્ય છે, માટે હે કૌન્તેય! ડાહ્યો અને વિવેકી માણસ એમનામાં આસક્ત રહેતો નથી. જે સાધક આ મનુષ્યશરીરમાં, દેહનો નાશ થયા પહેલાં જ કામ-ક્રોધમાંથી ઉદ્ભવતા વેગને સહેવા સમર્થ બની જાય છે, એ જ માણસ યોગી છે અને એ જ સુખી છે. જે માણસ અંતરાત્મામાં જ આનંદ અનુભવનારો છે, આત્મામાં જ રમનારો છે અને જે આત્મામાં જ જ્ઞાનસ્વરૂપ પરમાત્માનો અનુભવ કરનારો છે, એ સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્માની સાથે ઐક્ય પામેલો સાંખ્યયોગી શાન્ત બ્રહ્મને પામે છે. જેમનાં સઘળાં પાપ નષ્ટ થઈ ચૂક્યાં છે, જેમના સઘળા સંશયો જ્ઞાન દ્વારા નિવૃત્ત થઈ ચૂક્યા છે, જેઓ સર્વ પ્રાણીઓનાં હિતમાં રત છે તેમજ જેમનું જિતાયેલું મન નિશ્ચળભાવે પરમાત્મામાં સ્થિત છે, એવા બ્રહ્મવેત્તા માણસો શાન્ત બ્રહ્મને પામે છે. કામ-ક્રોધ વિનાના, જીતેલા, ચિત્તવાળા પરબ્રહ્મ પરમાત્માનો સાક્ષાત્કાર કરી ચૂકેલા જ્ઞાનીજનો માટે ચારેકોર શાન્ત પરબ્રહ્મ પરમાત્મા જ પરિપૂર્ણ છે. બહારના વિષયભોગોનું ચિંતન કર્યા વિના તેમને બહાર જ ત્યજીને અને આંખોની દૃષ્ટિને ભ્રમરોની મધ્યમાં સ્થાપીને તથા નાસિકામાં વિચરતા પ્રાણ અને અપાન વાયુને સમ કરીને જેણે ઇન્દ્રિયો, મન અને બુદ્ધિને જીત્યાં છે, એવો જે મોક્ષપરાયણ મુનિ ઇચ્છા, ભય અને ક્રોધ

વિનાનો થઈ ગયો છે, તે સદા મુક્ત જ છે. મારો ભક્ત મને સર્વ યજ્ઞો અને તપોનો ભોગવનાર, સકળ લોકોના ઈશ્વરોનોય ઈશ્વર તેમજ સઘળાં પ્રાણીઓનો સુહૃદ્ એટલે કે સ્વાર્થ વિના દયાળુ અને પ્રેમ કરનાર એવો તત્ત્વથી જાણીને શાન્તિને પામે છે. ॥ ૨૧-૨૯ ॥

—★—

શ્રીમદ્ભગવદ્ગીતા – આત્મસંયમયોગ

શ્રીભગવાન બોલ્યા – જે માણસ કર્મફળનો આશ્રય લીધા વિના કરવા યોગ્ય કર્મ (કર્તવ્ય-કર્મ) કરે છે, તે સંન્યાસી તેમજ યોગી છે; અને કેવળ અગ્નિનો ત્યાગ કરનારો સંન્યાસી નથી અને માત્ર ક્રિયાઓનો ત્યાગ કરનારો યોગી નથી. હે પાંડવ! જેને 'સંન્યાસ' કહે છે, એને જ તું યોગ જાણ; કેમકે સંકલ્પોનો ત્યાગ ન કરનાર કોઈ પણ માણસ યોગી નથી હોતો. યોગમાં આરૂઢ થવા ઈચ્છુક મનનશીલ માણસ માટે નિષ્કામભાવે કર્મ કરવું એ જ યોગની પ્રાપ્તિમાં હેતુ કહેવાય છે અને યોગારૂઢ થયા બાદ એ યોગારૂઢ માણસનો જે સમસ્ત સંકલ્પોનો અભાવ છે, એ જ કલ્યાણમાં હેતુ કહેવાય છે. જે વખતે નથી તો ઇન્દ્રિયોના ભોગોમાં આસક્ત થતો કે નથી કર્મોમાંય આસક્ત થતો, તે વખતે સઘળા સંકલ્પોનો ત્યાગી માણસ યોગારૂઢ કહેવાય છે. પોતાના વડે પોતાનો સંસાર-સાગરથી ઉદ્ધાર કરે અને પોતાને અધોગતિમાં ન નાખે; કારણ કે માણસ પોતે જ તો પોતાનો મિત્ર છે અને પોતે જ પોતાનો શત્રુ છે. જે જીવાત્મા દ્વારા મન અને ઇન્દ્રિયો સહિત શરીર જીતવામાં આવ્યું છે, એ જીવાત્માનો એ પોતે જ મિત્ર છે; અને જેના વડે મન તથા ઇન્દ્રિયોસહિત શરીર નથી જીતવામાં આવ્યું, એના પ્રત્યે એ પોતે જ શત્રુની જેમ શત્રુતામાં વર્તે છે. ઠંડી-ગરમીમાં, સુખ-દુઃખાદિમાં તથા માન તેમજ અપમાનમાં જેના અંતઃકરણની વૃત્તિઓ સમ્યક રીતે શાંત છે, એવા સ્વાધીન આત્માવાળા મનુષ્યના જ્ઞાનમાં સચ્ચિદાનંદઘન પરમાત્મા સમ્યક પ્રકારે સ્થિત છે એટલે કે એના જ્ઞાનમાં પરમાત્મા સિવાય બીજું કશું છે જ નહિ. જેનું અંતઃકરણ જ્ઞાન અને વિજ્ઞાનથી તૃપ્ત છે, જેની સ્થિતિ વિકારરહિત છે, જેની ઇન્દ્રિયો સારી પેઠે જિતાયેલી છે તેમજ જેના માટે માટી, પથ્થર અને સુવર્ણ સમાન છે, તે યોગી યુક્ત અર્થાત્ ભગવત્પ્રાપ્ત કહેવાય છે. સુહૃદ્, મિત્ર, શત્રુ, ઉદાસીન, મધ્યસ્થ, દ્વેષ કરનાર, તેમજ બંધુગણોમાં, ધર્માત્માઓમાં અને પાપીઓમાં પણ સમાન ભાવ રાખનાર ઘણો શ્રેષ્ઠ છે. ॥ ૧-૯ ॥

મન અને ઇન્દ્રિયોસહિત શરીરને વશમાં રાખનાર, કશાયની ખેવના ન રાખનાર અને સંગ્રહરહિત યોગી એકલો જ એકાન્ત સ્થળે સ્થિત થઈને આત્માને નિરંતર પરમાત્મામાં જોડે. પવિત્ર ભૂમિ પર કે જેના ઉપર ક્રમ પ્રમાણે દર્ભ, મૃગચર્મ અને વસ્ત્ર પાથરેલાં છે, તેમજ ન ઘણા ઊંચા અને ન ઘણા નીચા એવા પોતાના આસનને સ્થિરરૂપે સ્થાપીને–તે આસન પર બેસીને ચિત્ત અને ઇન્દ્રિયોની ક્રિયાઓને વશમાં રાખી, મનને એકાગ્ર કરીને, અંતઃકરણની શુદ્ધિ માટે યોગનો અભ્યાસ કરે. કાયા, મસ્તક અને ડોકને સીધાં તેમજ ટટ્ટાર ધારણ કરીને અને સ્થિર થઈ પોતાની નાસિકાના અગ્રભાગે દૃષ્ટિ ટેકવીને અન્ય દિશાઓને ન જોતો – બ્રહ્મચારીના વ્રતમાં સ્થિત, નિર્ભય તથા સમ્યક રીતે શાન્ત અંતઃકરણનો

સાવધાન યોગી મનને સંયત કરી મારામાં ચિત્ત જોડી અને મારા પરાયણ થઈને ધ્યાનમાં બેસે. વશ કરેલા મનનો યોગી આ રીતે આત્માને નિરંતર મુજ પરમેશ્વરના સ્વરૂપમાં જોડતો મારામાં રહેલી પરમ આનંદની પરાકાષ્ઠાસ્વરૂપ શાન્તિને પામે છે. હે અર્જુન! આ યોગ ખૂબ ખાનારનો સિદ્ધ થતો નથી તેમજ બિલકુલ ન ખાનારનો પણ સિદ્ધ થતો નથી તથા ઘણું ઊંઘનારનો સિદ્ધ થતો નથી તેમજ હંમેશાં જાગનારનોયે સિદ્ધ થતો નથી. દુઃખોનો નાશ કરનાર યોગ તો યથાયોગ્ય આહાર-વિહાર કરનારનો, કર્મોમાં યથાયોગ્ય ચેષ્ટા કરનારનો તથા યથાયોગ્ય ઊંઘનાર તેમજ જાગનારનો જ સિદ્ધ થાય છે. સંપૂર્ણ વશમાં કરેલું ચિત્ત જે વખતે પરમાત્મામાં જ સમ્યક રીતે સ્થિત થઈ જાય છે, એ વખતે સમસ્ત ભોગોથી નિઃસ્પૃહ થયેલો માણસ યોગયુક્ત કહેવાય છે. જે રીતે વાયુ વિનાના સ્થાનમાં રહેલી દીવાની જ્યોત ડોલતી નથી, એવી જ ઉપમા પરમાત્માના ધ્યાનમાં લાગેલા યોગીના જિતાયેલા ચિત્તની કહેવાઈ છે. યોગના અભ્યાસથી નિરુદ્ધ થયેલું ચિત્ત જે અવસ્થામાં ઉપરતિ પામે છે અને જે અવસ્થામાં પરમાત્માના ધ્યાનને લીધે શુદ્ધ થયેલી સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા પરમાત્માનો સાક્ષાત્કાર કરતો સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જ સંતુષ્ટ રહે છે; ઇન્દ્રિયોથી અતીત, માત્ર શુદ્ધ થયેલી સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા ગ્રહણ થઈ શકે એવો જે અનંત આનંદ છે; તેને જે અવસ્થામાં અનુભવે છે અને જે અવસ્થામાં સ્થિત આ યોગી પરમાત્માના સ્વરૂપથી કદીય વિચલિત થતો જ નથી; પરમાત્માની પ્રાપ્તિરૂપી જે લાભને પામીને એનાથી વધુ બીજા કશા લાભને નથી માનતો અને પરમાત્મપ્રાપ્તિસ્વરૂપ જે અવસ્થામાં રહેલો યોગી ઘણા ભારે દુઃખથી પણ વિચલિત નથી થતો; દુઃખરૂપ સંસાર સાથેના સંયોગથી જે રહિત છે, તથા જેનું નામ યોગ છે, તેને જાણવો જોઈએ. તે યોગ નહિ કંટાળેલા અર્થાત્ ધૈર્યશીલ અને ઉત્સાહી ચિત્તથી નિશ્ચયપૂર્વક કરવો જોઈએ. સંકલ્પથી ઉત્પન્ન થતી સઘળી કામનાઓને સમૂળી ત્યજીને, તેમજ મન વડે ઇન્દ્રિયોના સમુદાયને બધી બાજુથી સમ્યક રીતે રોકીને – ક્રમે-ક્રમે અભ્યાસ કરતો ઉપરતિને પામે તથા ધૈર્યશીલ બુદ્ધિ દ્વારા મનને પરમાત્મામાં સ્થિત કરીને પરમાત્મા સિવાય બીજા કશાયનું ચિંતન ન કરે. આ સ્થિર ન રહેનારું અને ચંચળ મન જે-જે શબ્દાદિ વિષયના નિમિત્તે સંસારમાં વિચરે છે, તે-તે વિષયમાંથી રોકીને એને વારંવાર પરમાત્મામાં જ નિરુદ્ધ કરવું. કેમકે જેનું મન સમ્યક રીતે શાન્ત છે, જે નિષ્પાપ છે અને જેનો રજોગુણ શાંત થઈ ચૂક્યો છે, એવા સચ્ચિદાનંદઘન બ્રહ્મની સાથે એકાત્મતાને પામેલા આ યોગીને ઉત્તમ આનંદ પ્રાપ્ત થાય છે. એ પાપ વિનાનો યોગી આ પ્રમાણે નિરંતર આત્માને પરમાત્મામાં જોડતો સુખેથી પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિસ્વરૂપ અનંત આનંદનો અનુભવ કરે છે. સર્વવ્યાપી અનંત ચેતનમાં એકાત્મભાવે રહેવારૂપી યોગથી યુક્ત આત્મવાન તેમજ સૌમાં સમભાવે જોનાર યોગી આત્માને સર્વ ભૂતોમાં રહેલો અને સર્વ ભૂતોને આત્મામાં કલ્પિત જુએ છે. જે માણસ સઘળાં ભૂતોમાં સહુના આત્મારૂપ મુજ વાસુદેવને જ વ્યાપેલ જુએ છે અને સઘળાં ભૂતોને મુજ વાસુદેવની અંતર્ગત જુએ છે, એને માટે હું અદૃશ્ય નથી હોતો અને એ મારે માટે અદૃશ્ય નથી હોતો. જે માણસ એકાત્મભાવમાં સ્થિત થઈને સર્વ ભૂતોમાં આત્મારૂપે રહેલા મુજ સચ્ચિદાનંદઘન વાસુદેવને ભજે છે, એ યોગી સર્વ રીતે વર્તવા છતાં મારામાં જ વર્તે છે. હે અર્જુન! જે યોગી

પોતાની જેમ સઘળાં ભૂતોમાં સમ જુએ છે, તેમજ સુખ અથવા દુઃખનેય બધામાં સમ જુએ છે, એ યોગી પરમ શ્રેષ્ઠ માન્યો છે. ॥ ૧૦-૩૨ ॥

અર્જુન બોલ્યા – હે મધુસૂદન! જે આ યોગ આપે મને સમભાવે કહ્યો, મન ચંચળ હોવાને લીધે હું આની નિત્ય સ્થિતિને નથી જોતો. કેમ કે હે શ્રીકૃષ્ણ! મન ઘણું ચંચળ, પ્રમથન સ્વભાવનું, અત્યંત દૃઢ અને બળવાન છે; આથી એને વશમાં કરવાનું હું વાયુને રોકવાની પેઠે ઘણું દુષ્કર માનું છું. ॥ ૩૩-૩૪ ॥

શ્રીભગવાન બોલ્યા – હે મહાબાહો! નિઃસંદેહ મન ચંચળ તેમજ મુશ્કેલીથી વશ થનારું છે, છતાં પણ હે કુંતીપુત્ર! એ અભ્યાસ અને વૈરાગ્ય વડે વશમાં થાય છે. જેનું મન વશમાં કરાયેલું નથી એવા માણસ દ્વારા યોગ દુષ્પ્રાપ્ય એટલે કે પ્રાપ્ત થવો મુશ્કેલ છે અને જેણે મનને વશ કર્યું છે એવા પ્રયત્નશીલ માણસ દ્વારા સાધન વડે એ પ્રાપ્ત થવો સહજ છે – આ મારો મત છે. ॥ ૩૫-૩૬ ॥

અર્જુન બોલ્યા – હે શ્રીકૃષ્ણ! જે યોગમાં શ્રદ્ધા તો ધરાવે છે, પરંતુ સંયમી નથી; એ કારણે અંતકાળે જેનું મન યોગથી વિચલિત થઈ ગયું છે, એવો સાધક યોગી યોગની સિદ્ધિને એટલે કે ભગવત્સાક્ષાત્કારને ન પામતાં કઈ ગતિને પામે છે? હે મહાબાહો! શું એ ભગવત્પ્રાપ્તિના માર્ગમાં મોહ પામેલો અને આશ્રય વિનાનો માણસ છિન્નભિન્ન થયેલા વાદળની પેઠે બેય બાજુથી ભ્રષ્ટ થઈને નાશ તો નથી પામતો ને? હે શ્રીકૃષ્ણ! મારા આ સંશયને સમૂળો છેદવા માટે આપ જ યોગ્ય છો; કેમકે આપના વિના બીજો આ સંશયનું છેદન કરનાર મળવો સંભવિત નથી. ॥ ૩૭-૩૯ ॥

શ્રીભગવાન બોલ્યા – હે પાર્થ! એ માણસનો ન તો આ લોકમાં વિનાશ થાય છે કે ન પરલોકમાંય; કેમકે હે વહાલા! આત્મોદ્ધાર માટે અર્થાત્ ભગવત્પ્રાપ્તિ અર્થે કર્મ કરનાર કોઈ પણ મનુષ્ય દુર્ગતિને પામતો નથી. યોગભ્રષ્ટ માણસ પુણ્યશાળીઓના લોકોને એટલે કે સ્વર્ગ વગેરે ઉત્તમ લોકોને પામીને ત્યાં ઘણાં વર્ષો સુધી નિવાસ કર્યા પછી શુદ્ધ આચરણશીલ ધનવાનોનાં ઘરે જન્મ લે છે અથવા વૈરાગ્યવાન પુરુષ તે લોકોમાં ન જતાં જ્ઞાનવાન યોગીઓનાં જ કુળમાં જન્મે છે, પરંતુ આ પ્રકારનો જે આ જન્મ છે, એ સંસારમાં ખરેખર ઘણો દુર્લભ છે. ત્યાં તે પૂર્વજન્મના શરીરમાં સંઘરેલા બુદ્ધિસંયોગને એટલે કે સમબુદ્ધિસ્વરૂપ યોગના સંસ્કારોને અનાયાસે જ પામે છે અને હે કુરુનંદન! તેના પ્રભાવને લીધે તે ફરીથી પરમાત્માની પ્રાપ્તિરૂપી સિદ્ધિ માટે પહેલાં કરતાં પણ વધુ પ્રયત્ન કરે છે. તે શ્રીમંતોના ઘરે જન્મ લેનાર યોગભ્રષ્ટ, પરાધીન હોવા છતાં પણ તે પૂર્વજન્મના અભ્યાસના બળે જ નિઃશંકપણે ભગવાન પ્રત્યે આકર્ષાય છે અને સમબુદ્ધિસ્વરૂપ યોગનો જિજ્ઞાસુ પણ વેદમાં કહેલા સકામ કર્મોનાં ફળને ઓળંગી જાય છે. પરંતુ પ્રયત્નપૂર્વક અભ્યાસ કરનાર યોગી તો પાછલા અનેક જન્મોના સંસ્કારબળે આ જ જન્મે સંસિદ્ધ થઈ સમગ્ર પાપોથી રહિત થયા બાદ તત્કાળ જ પરમ ગતિને પામે છે. યોગી તપસ્વીઓ કરતાં શ્રેષ્ઠ છે, શાસ્ત્રજ્ઞોથીય શ્રેષ્ઠ મનાયો છે અને સકામ કર્મ કરનારાઓથીય યોગી શ્રેષ્ઠ છે; માટે હે અર્જુન! તું યોગી થા. સઘળા યોગીઓમાં પણ જે શ્રદ્ધાવાન યોગી મારામાં જોડાયેલા અંતરાત્માથી મને નિરંતર ભજે છે, એ યોગી મને સૌથી શ્રેષ્ઠ માન્ય છે. ॥ ૪૦-૪૭ ॥

—★—

શ્રીમદ્ભગવદ્ગીતા – જ્ઞાન-વિજ્ઞાનયોગ

શ્રીભગવાન બોલ્યા – હે પાર્થ! અનન્ય પ્રેમથી મારામાં ચિત્તને પરોવનાર તથા અનન્ય ભાવથી મારે પરાયણ થઈને યોગમાં જોડાયેલો તું જે રીતે સંપૂર્ણ વિભૂતિ, બળ, ઐશ્વર્ય આદિ ગુણો સહિત સૌના આત્મારૂપ મને વિના સંશયે જાણીશ, એને સાંભળ. હું તારે માટે આ વિજ્ઞાનસહિત તત્ત્વજ્ઞાનને સંપૂર્ણપણે કહીશ, જેને જાણીને સંસારમાં ફરી બીજું કશું પણ જાણવાલાયક શેષ નથી રહેતું. હજારો માણસોમાંથી કોઈ એક મને પામવા માટે પ્રયત્ન કરે છે અને એ પ્રયત્ન કરનાર યોગીઓમાંથી પણ કોઈ એક મારે પરાયણ થઈને મને તત્ત્વથી એટલે કે યથાર્થરૂપે જાણી શકે છે. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર – આ પ્રમાણે આ આઠ પ્રકારે વિભાગ પામેલી મારી પ્રકૃતિ છે. આ આઠ પ્રકારના ભેદની તો અપરા એટલે કે મારી જડ પ્રકૃતિ છે અને હે મહાબાહો! આના સિવાયની બીજી કે જેનાથી આ આખું જગત ધારણ કરાય છે – એને મારી જીવરૂપા પરા એટલે કે ચેતન પ્રકૃતિ જાણ. હે અર્જુન! તું એમ સમજ કે સઘળા જીવો આ બન્ને પ્રકૃતિઓથી જ ઉદ્ભવનારા છે અને હું આખાય જગતનો પ્રભવ તેમજ પ્રલય છું એટલે કે સકળ જગતનું મૂળ કારણ છું. હે ધનંજય! મારા સિવાય બીજું કોઈ પણ પરમ કારણ નથી; આ આખું જગત સૂતરમાં સૂતરના મણકાની પેઠે મારામાં ગૂંથાયેલું છે. હે કૌન્તેય! હું જળમાં રસ છું, ચન્દ્ર તેમજ સૂર્યમાં પ્રકાશ છું, બધા વેદોમાં ૐકાર છું, આકાશમાં શબ્દ અને પુરુષોમાં પુરુષત્વ છું. હું પૃથ્વીમાં પવિત્ર ગંધ અને અગ્નિમાં તેજ છું તેમજ સમસ્ત ભૂતોમાં એમનું જીવન છું અને તપસ્વીઓમાં તપ છું. હે પાર્થ! તું સર્વ જીવોનું સનાતન બીજ મને જ જાણ; હું બુદ્ધિમાનોની બુદ્ધિ તથા તેજસ્વીઓનું તેજ છું. હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ! હું બળવાનોનું આસક્તિ તથા કામનાઓ વિનાનું બળ એટલે કે સામર્થ્ય છું અને સહુ જીવોમાં ધર્મને અનુકૂળ એટલે કે શાસ્ત્રને અનુકૂળ કામ છું અને વળી, જે સત્ત્વગુણમાંથી ઉદ્ભવતા ભાવો છે તેમજ જે રજોગુણથી અને તમોગુણથી થતા ભાવો છે, એ બધાને તું મારાથી જ થનારા છે એમ સમજ; એમ હોવા છતાં પણ વાસ્તવમાં તેમનામાં હું કે તેઓ મારામાં નથી. ॥ ૧-૧૨ ॥

ગુણોનાં કાર્યરૂપ સાત્ત્વિક, રાજસ અને તામસ એવા આ ત્રણેય પ્રકારના ભાવોથી આ આખો પ્રાણીસમુદાય મોહ પામી રહ્યો છે, માટે જ આ ત્રણેય ગુણોથી પર એવા મુજ અવિનાશીને નથી ઓળખતો; કેમકે આ અલૌકિક અર્થાત્ ઘણી અદ્ભુત ત્રિગુણમયી મારી માયાને પાર કરવી ઘણી કઠિન છે, પરંતુ જે માણસો માત્ર મને જ નિરંતર ભજે છે, તેઓ આ માયાને પાર કરી જાય છે એટલે કે સંસાર-સાગરને તરી જાય છે. માયા વડે જેમનું જ્ઞાન હરાયેલું છે, એવા આસુરી સ્વભાવને ધારણ કરનાર, મનુષ્યોમાં અધમ, દૂષિત કર્મ કરનાર મૂઢ જનો મને નથી ભજતા. હે ભરતશ્રેષ્ઠ અર્જુન! ઉત્તમ કર્મ કરનાર અર્થાર્થી આર્ત, જિજ્ઞાસુ અને જ્ઞાની-એવા ચાર પ્રકારના ભક્તજનો મને ભજે છે. એમનામાંથી હંમેશાં મારામાં એકાત્મભાવે સ્થિત, અનન્ય પ્રેમભક્તિ રાખનાર જ્ઞાની ભક્ત ઘણો શ્રેષ્ઠ છે; કેમકે મને તત્ત્વથી ઓળખનાર જ્ઞાનીને હું અત્યંત પ્રિય છું અને એ જ્ઞાની મને અત્યંત

પ્રિય છે. આ બધાય ભક્તો ઉદાર એટલે કે શ્રેષ્ઠ છે, છતાં એ સર્વમાં જ્ઞાની તો સાક્ષાત્ મારું સ્વરૂપ જ છે એવો મારો મત છે; કેમ કે એ મારામાં જ મન તથા બુદ્ધિ રાખનાર જ્ઞાની ભક્ત અતિ ઉત્તમ ગતિસ્વરૂપ એવા મારામાં જ સમ્યક રીતે સ્થિત છે. ઘણા જન્મો પછીના અંતિમ જન્મમાં તત્ત્વજ્ઞાન પામેલો માણસ 'સર્વ કાંઈ વાસુદેવ જ છે' એવા ભાવે મને ભજે છે; એ મહાત્મા ઘણો દુર્લભ છે. પોતાના સ્વભાવથી પ્રેરાયેલી જે જે ભોગોની કામના વડે જેમનું જ્ઞાન હરાઈ ચૂક્યું છે, એ માણસો પોતાના સ્વભાવથી પ્રેરાઈને તે તે નિયમને ધારણ કરી અન્ય દેવતાઓને ભજે છે એટલે કે ઉપાસે છે. જે-જે સકામ ભક્ત જે-જે દેવતાના સ્વરૂપને શ્રદ્ધાથી પૂજવા ઈચ્છે છે, તે-તે ભક્તની શ્રદ્ધાને હું એ જ દેવતા પ્રત્યે દૃઢ કરું છું. એ માણસ એ શ્રદ્ધાથી યુક્ત થઈ એ દેવતાનું પૂજન કરે છે અને એ દેવતા પાસેથી મારા વડે જ વિધાન કરેલા એ ઈચ્છેલા ભોગોને નિઃસંદેહ પામે છે. પરંતુ એ અલ્પબુદ્ધિજનોનું એ ફળ નાશવંત હોય છે તેમજ એ દેવતાઓને પૂજનારાઓ દેવતાઓને પામે છે; જ્યારે મારા ભક્તો ભલે ગમે તેમ ભજે, છેવટે તેઓ મને જ પામે છે. અજ્ઞાનીઓ મારા સર્વશ્રેષ્ઠ અવિનાશી પરમ ભાવને નહિ ઓળખીને અવ્યક્ત અર્થાત્ મન-ઈન્દ્રિયોથી પર એવા મુજ સચ્ચિદાનંદઘન પરમાત્માને માણસની પેઠે જન્મ લઈને વ્યક્તિ ભાવને પામનાર માને છે. ॥૧૩-૨૪॥

પોતાની યોગમાયા વડે ઢંકાયેલો હું સૌને પ્રત્યક્ષ નથી થતો, માટે આ અજ્ઞાની જનસમુદાય મુજ અજન્મા અવિનાશી પરમેશ્વરને નથી ઓળખી શકતો એટલે કે મને જન્મ-મરણશીલ સમજે છે. હે અર્જુન! પૂર્વે થઈ ગયેલા, વર્તમાનમાં હયાત તથા ભવિષ્યમાં થનાર સર્વ ભૂતોને હું જાણું છું, પરંતુ મને કોઈ પણ શ્રદ્ધા ભક્તિ વિનાનો માણસ નથી જાણી શકતો. હે ભરતવંશી! હે અર્જુન! સંસારમાં ઈચ્છા અને દ્વેષથી ઉદ્ભવેલા સુખ-દુઃખ આદિ દ્વંદ્વસ્વરૂપ મોહને લીધે સઘળાં પ્રાણીઓ અત્યંત અજ્ઞતાને પામી રહ્યાં છે. પરંતુ નિષ્કામભાવે ઉત્તમ કર્મોનું આચરણ કરનારા જે માણસોનું પાપ નષ્ટ થઈ ચૂક્યું છે, એ રાગદ્વેષ-જનિત દ્વંદ્વસ્વરૂપ મોહથી મુક્ત થયેલા દૃઢનિશ્ચયી ભક્તો મને સર્વ રીતે ભજે છે. જેઓ મારે શરણે થઈને જરા અને મરણમાંથી છૂટવા માટે પ્રયત્ન કરે છે, એ માણસો એ બ્રહ્મને, સમગ્ર અધ્યાત્મને તેમજ સંપૂર્ણ કર્મને ઓળખી લે છે. જે માણસો અધિભૂત અને અધિદૈવ સહિત તેમજ અધિયજ્ઞ સહિત સૌના આત્માસ્વરૂપ મને જાણી લે છે, એ મારામાં ચિત્ત પરોવેલા માણસો અંતકાળેય મને જ જાણી લે છે એટલે કે પામી જાય છે. ॥૨૫-૩૦॥

—★—

શ્રીમદ્ભગવદ્ગીતા – અક્ષરબ્રહ્મયોગ

અર્જુન બોલ્યા – હે પુરુષોત્તમ! એ બ્રહ્મ શું છે? અધ્યાત્મ શું છે? કર્મ શું છે? અધિભૂત નામથી શું કહેવાયું છે અને અધિદૈવ કોને કહે છે? હે મધુસૂદન! અહીં અધિયજ્ઞ કોણ છે? અને તે આ શરીરમાં કેવી રીતે છે? તથા તમારામાં ચિત્ત પરોવેલા માણસો વડે અંતકાળે તમે કયા પ્રકારે જાણી શકાઓ છો? ॥૧-૨॥

શ્રીભગવાન બોલ્યા – પરમ અક્ષર 'બ્રહ્મ'

છે, પોતાનું સ્વરૂપ અર્થાત્ જીવાત્મા 'અધ્યાત્મ' નામે કહેવાય છે; તથા સકળ ચરાચર પ્રાણીઓનો ઉદ્‌ભવ તેમજ અભ્યુદય કરાવનાર જે સૃષ્ટિરચનારૂપી વિસર્જન અર્થાત્ ત્યાગ છે, એ 'કર્મ' નામે ઓળખાયો છે. ઉત્પત્તિ-વિનાશશીલ પ્રત્યેક પદાર્થ 'અધિભૂત' છે, હિરણ્યમય પુરુષ 'અધિદૈવ' છે અને હે દેહધારીઓમાં શ્રેષ્ઠ અર્જુન! આ શરીરમાં હું વાસુદેવ જ અંતર્યામીસ્વરૂપે 'અધિયજ્ઞ' છું. જે માણસ અંતકાળેય મને જ સ્મરતો-સ્મરતો શરીર છોડીને જાય છે, એ મારા સાક્ષાત્ સ્વરૂપને પામે છે, એમાં સહેજ પણ સંશય નથી. હે કુંતીપુત્ર! આ માણસ અંતકાળે જે-જે પણ ભાવને સ્મરણ કરતો શરીરને છોડે છે, તેને તેને જ પામે છે; કેમકે એ સદા તે જ ભાવથી ભાવિત રહ્યો છે. માટે હે અર્જુન! તું સર્વ કાળે નિરંતર મારું સ્મરણ કર અને યુદ્ધ પણ કર; આ પ્રમાણે મારામાં અર્પેલાં મન-બુદ્ધિથી યુક્ત થઈ તું ચોક્કસ મને જ પામીશ. ॥ ૩-૭ ॥

હે પાર્થ! એ નિયમ છે કે પરમેશ્વરના ધ્યાનના અભ્યાસરૂપ યોગથી યુક્ત, બીજી તરફ ન જનારા ચિત્તથી નિરંતર ચિંતન કરતો માણસ પરમ પ્રકાશસ્વરૂપ દિવ્ય પુરુષને એટલે કે પરમેશ્વરને જ પામે છે. જે માણસ સર્વજ્ઞ, અનાદિ, સૌના નિયન્તા, સૂક્ષ્મથીય અતિ સૂક્ષ્મ, સૌનું ધારણ-પોષણ કરનાર, અચિન્ત્ય-સ્વરૂપ, સૂર્ય સમાન નિત્ય ચેતન પ્રકાશસ્વરૂપ અને અવિદ્યાથી સાવ પર એવા શુદ્ધ સચ્ચિદાનંદઘન પરમેશ્વરને સ્મરે છે, એ ભક્તિયુક્ત માણસ અંતકાળે પણ યોગબળથી બે ભ્રમરોની મધ્યમાં પ્રાણને સારી રીતે સ્થાપ્યા પછી નિશ્ચળ મનથી સ્મરણ કરતો એ દિવ્યરૂપ પરમ પુરુષ પરમાત્માને જ પામે છે. વેદોને જાણનાર વિદ્વાનો જે સચ્ચિદાનંદઘનસ્વરૂપ પરમપદને અવિનાશી કહે છે, આસક્તિ વિનાના યત્નશીલ સંન્યાસી મહાત્માઓ જેનામાં પ્રવેશ કરે છે તથા જે પરમપદના ઇચ્છુક બ્રહ્મચારીઓ બ્રહ્મચર્યનું આચરણ કરે છે, એ પરમપદને હું તારા માટે ટૂંકમાં કહું છું. બધી ઇન્દ્રિયોનાં દ્વારોને રોકીને તથા મનને હૃદય-પ્રદેશમાં સ્થિર કરીને, પછી એ જિતાયેલ મન વડે પ્રાણને મસ્તકમાં સ્થાપીને, પરમાત્મસંબંધી યોગધારણામાં સ્થિત થઈને જે માણસ 'ૐ' એ એક-અક્ષરસ્વરૂપ બ્રહ્મને ઉચ્ચારતો અને એના અર્થસ્વરૂપ મુજ નિર્ગુણ બ્રહ્મનું ચિંતન કરતો શરીરને છોડીને જાય છે, એ માણસ પરમ ગતિને પામે છે. ॥ ૮-૧૩ ॥

હે પૃથાપુત્ર! જે માણસ મારામાં અનન્ય-ચિત્ત થઈને સદાય નિરંતર મુજ પુરુષોત્તમનું સ્મરણ કરે છે, એ નિત્ય-નિરંતર મારામાં જોડાયેલા યોગીને માટે હું સુલભ છું એટલે કે એને સહજ રીતે મળી જાઉં છું. પરમ સિદ્ધિને પામેલા મહાત્માઓ મને પામીને દુઃખોના રહેઠાણ તેમજ ક્ષણભંગુર એવા પુનર્જન્મને નથી પામતા. હે અર્જુન! બ્રહ્મલોક સુધીના સમસ્ત લોકો પુનરાવર્તી છે, પરંતુ હે કુંતીપુત્ર! મને પામીને પુનર્જન્મ નથી થતો; કેમકે હું કાલાતીત છું અને આ બ્રહ્મા આદિના લોકો કાળ દ્વારા સીમિત હોવાથી અનિત્ય છે. બ્રહ્માનો જે એક દિવસ છે, તેને એક હજાર ચતુર્યુગીની અવધિનો અને રાત્રિ પણ એટલી જ – એક હજાર ચતુર્યુગીની છે (અર્થાત્ બ્રહ્મલોકનો પણ અંત આવતો હોવાને લીધે એ પણ વિનાશશીલ તથા અનિત્ય છે) એમ જેઓ તત્ત્વથી જાણે છે, એ યોગીઓ કાળના તત્ત્વને જાણનારા છે. બધાય જીવો બ્રહ્માનો દિવસ શરૂ થતાં અવ્યક્તથી અર્થાત્ બ્રહ્માનાં સૂક્ષ્મ શરીરથી ઉત્પન્ન થાય છે

અને બ્રહ્માની રાત્રિ શરૂ થતાં એ અવ્યક્ત નામના બ્રહ્માનાં સૂક્ષ્મ શરીરમાં જ લીન થઈ જાય છે. હે પાર્થ! એ જ આ ભૂતસમુદાય વારંવાર ઉત્પન્ન થઈને પ્રકૃતિને વશ થયેલો બ્રહ્માની રાત્રિ થતાં લય પામે છે અને દિવસ શરૂ થતાં ફરી ઉત્પન્ન થાય છે. પરંતુ તે અવ્યક્ત કરતાંય અતિ પર એવો અન્ય એટલે કે વિલક્ષણ જે સનાતન અવ્યક્ત ભાવ છે, તે પરમ દિવ્ય પુરુષ સઘળા જીવોના નષ્ટ થવા છતાંય નાશ નથી પામતો. જે અવ્યક્ત 'અક્ષર' એવા નામે કહેવાયો છે, એ જ અક્ષર નામના અવ્યક્તભાવને પરમ ગતિ કહે છે તથા જે સનાતન અવ્યક્તભાવને પામીને માણસો પાછા આવતા નથી, એ મારું પરમ ધામ છે. હે પૃથાપુત્ર! જે પરમાત્માની અંતર્ગત સર્વ ભૂતો છે તથા જે સચ્ચિદાનંદઘન પરમાત્માથી આ આખું જગત પરિપૂર્ણ છે, એ સનાતન અવ્યક્ત પરમ પુરુષ તો અનન્ય ભક્તિથી જ પામી શકાય છે. ॥ ૧૪-૨૨ ॥

હે ભરતશ્રેષ્ઠ! જે કાળે શરીર છોડીને જનારા યોગીજનો પરત ન આવનારી ગતિને પામે છે અને જે કાળે જનારા પરત આવનારી ગતિને જ પ્રાપ્ત થાય છે, એ કાળને એટલે કે બેય માર્ગોને કહીશ. આ બે માર્ગમાંથી જે માર્ગે જ્યોતિર્મય અગ્નિ-અભિમાની દેવતા છે, દિવસનો અભિમાની દેવતા છે, શુક્લપક્ષનો અભિમાની દેવતા છે અને ઉત્તરાયણના છ મહિનાનો અભિમાની દેવતા છે, એ માર્ગે મૃત્યુ પામીને જનારા બ્રહ્મવેત્તા યોગીજનો (આ દેવતાઓ દ્વારા ક્રમે ક્રમે લઈ જવાઈને) બ્રહ્મને પામે છે. અને જે માર્ગે ધૂમાભિમાની દેવતા છે, રાત્રિનો અભિમાની દેવતા છે, કૃષ્ણપક્ષનો અભિમાની દેવતા છે અને દક્ષિણાયનના છ મહિનાનો અભિમાની દેવતા છે, એ માર્ગે મૃત્યુ પામીને જનાર સકામ કર્મયોગી (આ દેવતાઓ દ્વારા ક્રમે ક્રમે લઈ જવાઈને) ચન્દ્રમાની જ્યોતિને પામીને (સ્વર્ગમાં પોતાનાં શુભ કર્મોનું ફળ ભોગવીને) પાછો આવે છે. કેમકે જગતના આ બે પ્રકારના શુક્લ અને કૃષ્ણ અર્થાત્ દેવયાન અને પિતૃયાન માર્ગ સનાતન મનાયા છે; આ બેમાંથી એક માર્ગ દ્વારા જનારને જ્યાંથી પાછું નથી ફરવું પડતું, એવી પરમ ગતિને પામે છે અને બીજા માર્ગ દ્વારા જનાર ફરી પાછો આવે છે એટલે કે જન્મ-મરણને પામે છે. હે પાર્થ! આ પ્રમાણે આ બેય માર્ગોને તત્ત્વથી જાણીને કોઈ પણ યોગી મોહિત નથી થતો; માટે હે અર્જુન! તું સર્વ કાળે સમબુદ્ધિસ્વરૂપ યોગથી યુક્ત થા અર્થાત્ નિરંતર મને પ્રાપ્ત કરવા માટે સાધન કરનાર થા. યોગી મનુષ્ય આ રહસ્યને તત્ત્વથી જાણીને વેદોના વાચનમાં, યજ્ઞ, તપ તેમજ દાન આદિ કરવામાં જે પુણ્યફળ કહ્યું છે, એ સર્વને નિઃશંકપણે ઓળંગી જાય છે અને શાશ્વત પરમ પદને પામે છે. ॥ ૨૩-૨૮ ॥

—★—

શ્રીમદ્ભગવદ્ગીતા – રાજવિદ્યા-રાજગુહ્યયોગ

શ્રીભગવાન બોલ્યા – તારા જેવા શુદ્ધહૃદયના ભક્ત માટે આ પરમ ગોપનીય વિજ્ઞાનસહિત જ્ઞાનને ફરીથી સમ્યક્ રીતે કહું છું કે જેને જાણીને તું દુઃખરૂપ સંસારથી છૂટી જઈશ. આ વિજ્ઞાનસહિત જ્ઞાન સઘળી વિદ્યાઓનો રાજા, સઘળા ગોપનીયોનો રાજા,

અતિ પવિત્ર, ઘણું ઉત્તમ, પ્રત્યક્ષ ફળ અનુભવી શકાય એવું, ધર્મયુક્ત, સાધન કરવામાં સાવ સહેલું અને અવિનાશી છે. હે પરંતપ! ઉપર જણાવેલા આ ધર્મમાં શ્રદ્ધા વિનાના માણસો મને ન પામતાં મૃત્યુરૂપી સંસારચક્રમાં ભટકતા રહે છે. મુજ નિરાકાર પરમાત્માથી આ આખું જગત જળથી બરફની પેઠે પરિપૂર્ણ છે અને સઘળાં ભૂતો મારામાં સંકલ્પને આધારે સ્થિત છે, પણ વાસ્તવમાં હું એમનામાં સ્થિત નથી અને વળી એ સમસ્ત ભૂતો મારામાં સ્થિત નથી; પરંતુ મારી ઈશ્વરીય યોગશક્તિને જો, કે ભૂતોનું ધારણ-પોષણ કરનાર અને ભૂતોને ઉત્પન્ન કરનાર છતાંયે મારો આત્મા વાસ્તવમાં ભૂતોમાં સ્થિત નથી. જેમ આકાશથી ઉદ્ભવેલો સર્વ બાજુએ વિચરનાર અતિ વિસ્તૃત વાયુ સદા આકાશમાં જ સ્થિત છે, એ જ રીતે મારા સંકલ્પ દ્વારા ઉત્પન્ન હોવાને લીધે સઘળાં ભૂતો મારામાં સ્થિત છે, એમ સમજ. હે કૌન્તેય! કલ્પોના અંતે બધાં ભૂતો મારી મૂળ પ્રકૃતિને પામે છે એટલે કે પ્રકૃતિમાં લય પામે છે અને કલ્પોના આરંભે એમને હું ફરી સર્જું છું. પોતાની પ્રકૃતિને સ્વીકારીને સ્વભાવના બળને લીધે વશ થયેલા આ આખાય ભૂતસમુદાયને વારંવાર એમનાં કર્મો અનુસાર સર્જું છું. હે ધનંજય! એ કર્મોમાં આસક્તિ વિનાના અને ઉદાસીનની જેમ સ્થિત મુજ પરમાત્માને એ કર્મો નથી બાંધતાં. હે કુંતીપુત્ર! મુજ અધિષ્ઠાતાના પ્રભાવથી જ પ્રકૃતિ ચરાચરસહિત આખા જગતને સર્જે છે અને આ હેતુથી જ આ સંસાર-ચક્ર ફરી રહ્યું છે. ॥૧-૧૦॥

મારા પરમ ભાવને નહિ જાણનારા મૂઢ માણસો, મનુષ્યનું શરીર ધારણ કરનાર મુજ સઘળાં ભૂતોના મહાન ઈશ્વરને અવગણે છે એટલે કે પોતાની યોગમાયાથી સંસારના ઉદ્ધારને અર્થે મનુષ્યસ્વરૂપે વિચરતા મુજ પરમેશ્વરને સામાન્ય માણસ ગણે છે. એ વ્યર્થ આશા રાખનારા, વ્યર્થ કર્મ કરનારા તેમજ જ્ઞાનનો દુરુપયોગ કરનારા વિક્ષિપ્ત ચિત્તના અજ્ઞાનીજનો રાક્ષસી, આસુરી અને મોહિની પ્રકૃતિને જ ધારણ કરી રાખે છે. પણ હે પાર્થ! દૈવી પ્રકૃતિને આશ્રિત મહાત્માઓ મને સર્વ ભૂતોનું સનાતન કારણ અને નાશરહિત અક્ષર-સ્વરૂપ સમજીને અનન્ય મનથી યુક્ત થઈને નિરંતર ભજે છે. એ દૃઢનિશ્ચયી ભક્તો નિરંતર મારાં નામ અને ગુણોનું કીર્તન કરતાં, મારી પ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરતાં અને મને વારંવાર પ્રણામ કરતાં સદા મારા ધ્યાનમાં જોડાઈને અનન્ય પ્રેમથી મને ઉપાસે છે. બીજા જે જ્ઞાનયોગીઓ છે, એ મુજ નિર્ગુણ-નિરાકાર બ્રહ્મનું જ્ઞાનયજ્ઞ દ્વારા અભિન્નભાવે પૂજન કરતાં કરતાં પણ મારી ઉપાસના કરે છે અને બીજા ભક્તો આખા બ્રહ્માંડમાં જેટલાં પણ ચરાચર પ્રાણીઓ છે, એમને મારું જ સ્વરૂપ માનીને મુજ વિરાટસ્વરૂપ પરમેશ્વરની પૃથક્-ભાવે ઉપાસના કરે છે. ક્રતુ એટલે કે શ્રૌતકર્મ હું છું, યજ્ઞ એટલે કે પંચમહાયજ્ઞ વગેરે સ્માર્ત કર્મ હું છું, સ્વધા એટલે કે પિતૃઓને તર્પણરૂપે અપાતું અન્ન હું છું, ઔષધ હું છું, મંત્ર હું છું, ઘૃત હું છું, અગ્નિ હું છું અને હવનરૂપી ક્રિયા પણ હું જ છું. આ સકળ જગતનો ધાતા એટલે કે ધારણ કરનાર, કર્મોનાં ફળને આપનાર, પિતા, માતા, દાદા અને જાણવા યોગ્ય તત્ત્વ, પવિત્ર, ૐકાર તેમજ ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ પણ હું જ છું. પરમપદસ્વરૂપ પરમ ગતિ, ભરણ-પોષણ કરનાર, સૌનો સ્વામી, શુભ-અશુભને જોનાર, સૌનું રહેઠાણ, શરણ લેવા

યોગ્ય, પ્રત્યુપકાર ઇચ્છયા વિના હિત કરનાર, સૌની ઉત્પત્તિ-પ્રલયનો હેતુ, સ્થિતિનો આધાર, નિધાન તેમજ અવિનાશી કારણ પણ હું જ છું. હું જ સૂર્યરૂપે તપું છું, વર્ષાને સમુદ્ર વગેરે સ્થાનોમાંથી ખેંચું છું અને એને વરસાવું છું; હે અર્જુન! હું જ અમૃત અને મૃત્યુ છું તથા સત-અસત પણ હું જ છું. ત્રણેય વેદોમાં વિધાન કરાયેલાં સકામ કર્મોને કરનારા, સોમરસ પીનારા, પાપ વિનાના માણસો મને યજ્ઞો દ્વારા પૂજીને સ્વર્ગની પ્રાપ્તિ ઇચ્છે છે. એ માણસો પોતાનાં પુણ્યોનાં ફળસ્વરૂપે સ્વર્ગલોકને પામીને સ્વર્ગમાં દિવ્ય એવા દેવતાઓના ભોગોને ભોગવે છે. તેઓ એ વિશાળ સ્વર્ગલોકને ભોગવીને પુણ્ય ક્ષીણ થતાં મૃત્યુલોકમાં પાછા આવે છે; આ રીતે ત્રણેય વેદોમાં કહેલા સ્વર્ગની પ્રાપ્તિનાં સાધનભૂત સકામ કર્મોનો આશ્રય લેનારા, તેમજ ભોગોને ઇચ્છતા માણસો વારંવાર ગમન-આગમનને પામે છે એટલે કે પુણ્યના પ્રભાવે સ્વર્ગમાં જાય છે અને પુણ્ય ક્ષીણ થતાં મૃત્યુલોકમાં આવે છે. ॥ ૧૧-૨૧ ॥

જે અનન્ય પ્રેમી ભક્તજનો મુજ પરમેશ્વરને નિરંતર ચિંતન કરતાં નિષ્કામભાવે ભજે છે, એ નિત્ય-નિરંતર મારું ચિંતન કરનારા ભક્તોના યોગક્ષેમનું હું પોતે વહન કરું છું. હે કુંતીપુત્ર! જોકે શ્રદ્ધાથી યુક્ત જે સકામ ભક્તો અન્ય દેવતાઓને પૂજે છે, તેઓ પણ મને જ પૂજે છે; પરંતુ એમનું તે પૂજન અવિધિપૂર્વકનું એટલે કે અજ્ઞાનપૂર્વકનું છે. સમસ્ત યજ્ઞોનો ભોક્તા અને સ્વામી પણ હું જ છું; આમ હોવા છતાં પણ એ સકામ ભક્તો મુજ પરમેશ્વરને તત્ત્વથી નથી જાણતા, માટે જ પતન પામે છે એટલે કે પુનર્જન્મને પામે છે. દેવતાઓને પૂજનારા દેવતાઓને પામે છે, પિતૃઓને પૂજનારા પિતૃઓને પામે છે, ભૂતોને પૂજનારા ભૂતોને પામે છે અને મારું પૂજન કરનારા ભક્તો મને જ પામે છે; માટે જ મારા ભક્તોનો પુનર્જન્મ નથી થતો. જે કોઈ ભક્ત મને પ્રેમથી પત્ર, પુષ્પ, ફળ, જળ વગેરે અર્પે છે, એ શુદ્ધબુદ્ધિના નિષ્કામ પ્રેમી ભક્તનું પ્રેમપૂર્વક અર્પેલું એ પત્ર-પુષ્પ આદિ હું સગુણરૂપે પ્રગટ થઈને ઘણા પ્રેમથી આરોગું છું. હે કૌન્તેય! તું જે કંઈ કર્મ કરે છે, જે ખાય છે, જે હોમે છે, જે દાન કરે છે તથા જે તપ કરે છે, એ સઘળું મને અર્પણ કર. આ પ્રમાણે, જેમાં સમસ્ત કર્મો મુજ ભગવાનને અર્પણ થાય છે, એવા સંન્યાસયોગથી યુક્ત થયેલા ચિત્તનો તું શુભાશુભ ફળરૂપી કર્મબંધનથી છૂટી જઈશ અને એમનાથી મુક્ત થઈને મને જ પ્રાપ્ત થઈશ. હું સઘળાં ભૂતોમાં સમભાવે વ્યાપક છું, ન તો કોઈ મને અપ્રિય છે કે ન પ્રિય છે; છતાં પણ જે ભક્તો મને પ્રેમથી ભજે છે, તેઓ મારામાં છે અને હું પણ એમનામાં પ્રત્યક્ષરૂપે પ્રગટ છું. જો કોઈ અત્યંત દુરાચારી પણ અનન્યભાવે મારો ભક્ત બનીને મને ભજે છે, તો એ સાધુ જ માનવા યોગ્ય છે; કેમકે એ ખરો નિશ્ચય કરનારો છે એટલે કે એણે દૃઢતાથી નિશ્ચય કરી લીધો છે કે પરમેશ્વરના ભજન જેવું બીજું કશુંય નથી. એ સત્વરે ધર્માત્મા થઈ જાય છે અને સદા રહેનારી પરમ શાન્તિને પામે છે; હે કૌન્તેય! તું નિશ્ચયપૂર્વક સત્ય જાણ કે મારો ભક્ત નાશ નથી પામતો. હે પાર્થ! સ્ત્રીઓ, વૈશ્યો, શૂદ્રો તથા પાપયોનિ – ચાંડાલ આદિ જે કોઈ પણ હોય, તેઓ પણ મારે શરણે જઈને પરમ ગતિને જ પામે છે. જો આ લોકો પરમ ગતિને પામી જતા હોય, તો પુણ્યશાળી બ્રાહ્મણો તથા રાજર્ષિ ભક્તો મારે શરણે થઈને પરમ ગતિને પામે એમાં તો કહેવું જ શું! માટે

તું સુખ વિનાનું અને ક્ષણભંગુર આ મનુષ્ય-શરીર પામીને નિરંતર મને જ ભજ. મારામાં મનને પરોવ, મારો ભક્ત બન, મારું પૂજન કરનારો થા, મને પ્રણામ કર; આ રીતે આત્માને મારામાં પરોવીને મારે પરાયણ થયેલો તું મને જ પામીશ. ॥ ૨૨-૩૪ ॥

—★—

શ્રીમદ્ભગવદ્ગીતા – વિભૂતિયોગ

શ્રીભગવાન બોલ્યા – હે મહાબાહો! હજી ફરીથી પણ મારા પરમ રહસ્યને તેમજ પ્રભાવ-યુક્ત વચનને સાંભળ, જેને હું મારામાં અતિશય પ્રેમભાવ રાખનાર તને, તારા હિતની ઇચ્છાથી કહું છું. મારી ઉત્પત્તિને એટલે કે અવતાર ધારણ કરવાની અલૌકિક લીલાને નથી દેવતાઓ જાણતા કે નથી તો મહર્ષિઓ જાણતા; કેમકે હું સર્વ રીતે દેવતાઓનું અને મહર્ષિઓનું પણ આદિ કારણ છું. જે મને અજન્મા એટલે કે વાસ્તવમાં જન્મ વિનાનો, અનાદિ અને સર્વ લોકોનો મહાન ઈશ્વર તત્ત્વથી જાણે છે, બધા માણસોમાં એ જ્ઞાની માણસ સર્વ પાપોથી છૂટી જાય છે. નિશ્ચય કરવાની શક્તિ, યથાર્થ જ્ઞાન, અસંમૂઢતા, ક્ષમા, સત્ય, ઇન્દ્રિયો વશમાં રાખવી, મનનો નિગ્રહ તેમજ સુખ-દુઃખ, ઉત્પત્તિ-પ્રલય અને ભય-અભય તથા અહિંસા, સમતા, સંતોષ, તપ, દાન, કીર્તિ અને અપકીર્તિ – પ્રાણીઓના આવા વિવિધ પ્રકારના ભાવો મારાથી જ થાય છે. સાત મહર્ષિજનો, ચાર એમની પણ પૂર્વે થયેલા સનકાદિ તથા સ્વાયંભુવ આદિ ચૌદ મનુઓ–મારામાં ભાવ રાખનારા, આ બધાય મારા સંકલ્પથી જન્મેલા છે, જેમની સંસારમાં આ સઘળી પ્રજા છે. જે માણસ મારી આ પરમ ઐશ્વર્યસ્વરૂપ વિભૂતિને અને યોગશક્તિને તત્ત્વથી જાણે છે, એ નિશ્ચળ ભક્તિયોગથી યુક્ત થઈ જાય છે – એમાં લેશમાત્ર પણ સંશય નથી. હું વાસુદેવ જ આખા જગતની ઉત્પત્તિનું કારણ છું અને મારાથી જ સમગ્ર જગત ચેષ્ટા કરે છે, આ પ્રમાણે સમજીને શ્રદ્ધા અને ભક્તિ રાખનારા બુદ્ધિમાન ભક્તો મુજ પરમેશ્વરને જ નિરંતર ભજે છે. નિરંતર મારામાં મન પરોવી રાખનારા અને મારામાં જ પ્રાણોને અર્પણ કરી રાખનારા ભક્તજનો, મારી ભક્તિની ચર્ચા દ્વારા પરસ્પર મારા પ્રભાવને ઓળખાવતા તથા ગુણ અને પ્રભાવ સહિત મારું કથન કરીને નિત્ય-નિરંતર સંતુષ્ટ રહે છે અને મુજ વાસુદેવમાં જ નિરંતર રમ્યા કરે છે. નિરંતર મારા ધ્યાન વગેરેમાં પરોવાયેલા અને પ્રેમથી ભજનારા એ ભક્તોને હું એવો તત્ત્વજ્ઞાનરૂપી યોગ આપું છું, જેનાથી એ ભક્તો મને જ પામે છે. હે અર્જુન! એમના ઉપર અનુગ્રહ કરવા માટે, એમના અંતઃકરણમાં રહેલો હું પોતે જ, એમના અજ્ઞાનજનિત અંધકારને ઝળહળતા તત્ત્વજ્ઞાનરૂપી દીપક દ્વારા નષ્ટ કરી દઉં છું. ॥ ૧-૧૧ ॥

અર્જુન બોલ્યા – આપ પરમ બ્રહ્મ, પરમ ધામ અને પરમ પવિત્ર છો; કેમકે આપને સમસ્ત ઋષિજનો સનાતન, દિવ્ય પુરુષ, દેવોના પણ આદિદેવ, અજન્મા અને સર્વવ્યાપી કહે છે, એવું જ દેવર્ષિ નારદ, અસિત અને દેવલ ઋષિ તથા મહર્ષિ વ્યાસ પણ કહે છે; અને વળી આપ પોતે પણ મને એમ જ કહો છો. હે કેશવ! જે કંઈ પણ મને આપ કહી રહ્યા છો, એ સઘળું હું સત્ય માનું છું; હે ભગવન્! આપના લીલામય સ્વરૂપને નથી તો દાનવો જાણતા કે નથી દેવતા

પણ જાણતા. હે સઘળાં ભૂતોના સર્જનહાર! હે સઘળાં ભૂતોના ઈશ્વર! હે દેવોના દેવ! હે જગતના સ્વામી! હે પુરુષોત્તમ! આપ પોતે જ પોતાના વડે પોતાને જાણો છો. માટે આપ જ પોતાની એ દિવ્ય વિભૂતિઓને સંપૂર્ણપણે કહેવા સમર્થ છો, જે વિભૂતિઓ દ્વારા આપ આ સકળ લોકોને વ્યાપીને રહેલા છો. હે યોગેશ્વર! હું કયા પ્રકારે નિરંતર ચિંતન કરતો આપને જાણી શકું અને હે ભગવન્! આપ કયા કયા ભાવોમાં મારા વડે ચિંતન કરવા યોગ્ય છો? હે જનાર્દન! પોતાની યોગશક્તિને અને વિભૂતિને હજી પણ વિસ્તારથી કહો; કેમકે આપનાં અમૃત જેવાં વચનોને સાંભળતાં મને તૃપ્તિ થતી નથી, મારી સાંભળવાની ઉત્કંઠા હજીય વધતી જાય છે. ॥ ૧૨-૧૮ ॥

શ્રીભગવાન બોલ્યા – હે કુરુશ્રેષ્ઠ! હવે મુખ્ય-મુખ્યરૂપે જે મારી દિવ્ય વિભૂતિઓ છે, એમને હું તારા માટે કહું છું; કેમકે મારા વિસ્તારનો અંત નથી. હે નિદ્રાને જીતનારા અર્જુન! હું સઘળાં ભૂતોનાં હૃદયમાં રહેલો સૌનો આત્મા છું તથા સર્વ ભૂતોનો આદિ, મધ્ય અને અંત પણ હું જ છું. હું અદિતિના બાર પુત્રોમાં વિષ્ણુ અને જ્યોતિઓમાં અંશુમાલી સૂર્ય છું તથા ઓગણપચાસ વાયુદેવતાઓનું તેજ તેમજ નક્ષત્રોનો અધિપતિ ચન્દ્રમા છું. હું વેદોમાં સામવેદ છું, દેવોમાં ઈન્દ્ર છું, ઇન્દ્રિયોમાં મન છું અને પ્રાણીઓની ચેતના એટલે કે જીવનશક્તિ છું. હું અગિયાર રુદ્રોમાં શંકર છું, યક્ષ-રાક્ષસોમાં ધનનો સ્વામી કુબેર છું; હું આઠ વસુઓમાં અગ્નિ છું અને શિખરોવાળા પર્વતોમાં મેરુ પર્વત છું. પુરોહિતોમાં મુખ્ય બૃહસ્પતિ તું મને જાણ; હે પાર્થ! હું સેનાપતિઓમાં સ્કંદ અને જળાશયોમાં સમુદ્ર છું. હું મહર્ષિઓમાં ભૃગુ અને અર્થબોધક શબ્દોમાં એક અક્ષર એટલે કે ઓંકાર છું; સર્વ પ્રકારના યજ્ઞોમાં જપયજ્ઞ અને સ્થાવરોમાં હિમાલય છું. સઘળાં વૃક્ષોમાં પીપળાનું વૃક્ષ, દેવર્ષિઓમાં નારદમુનિ, ગંધર્વોમાં ચિત્રરથ અને સિદ્ધોમાં કપિલ મુનિ છું. અશ્વોમાં અમૃતની સાથે ઉદ્ભવેલો ઉચ્ચૈઃશ્રવા નામનો અશ્વ, ગજેન્દ્રોમાં ઐરાવત નામનો હાથી અને મનુષ્યોમાં રાજા તું મને જાણ. હું શસ્ત્રોમાં વજ્ર અને ગાયોમાં કામધેનુ છું; શાસ્ત્રોક્ત પ્રકારે સંતાનની ઉત્પત્તિનો જે હેતુ છે એ કામદેવ છું અને સર્પોમાં સર્પરાજ વાસુકિ છું. હું નાગોમાં શેષનાગ અને જળચરોનો અધિપતિ વરુણ દેવતા છું; તેમજ પિતૃઓમાં અર્યમા નામનો પિતૃ તથા શાસન કરનારાઓમાં યમરાજ છું. હું દૈત્યોમાં પ્રહ્લાદ અને ગણના કરનારાઓમાં સમય છું, તેમજ પશુઓમાં મૃગરાજ સિંહ અને પક્ષીઓમાં હું ગરુડ છું. હું પાવન કરનારાઓમાં વાયુ અને શસ્ત્રધારીઓમાં શ્રીરામ છું તથા માછલીઓમાં મગર છું અને નદીઓમાં શ્રીભાગીરથી ગંગાજી છું. હે અર્જુન! સૃષ્ટિઓનો આદિ, અંત તથા મધ્ય પણ હું જ છું; હું વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા એટલે કે બ્રહ્મવિદ્યા અને પરસ્પર વાદ કરનારાઓનો તત્ત્વનિર્ણયને માટે કરવામાં આવતો વાદ છું. હું અક્ષરોમાં અકાર છું અને સમાસોમાં દ્વન્દ્વ નામનો સમાસ છું; અક્ષય કાળ એટલે કે કાળનોય મહાકાળ તથા સર્વ તરફ મુખ ધરાવનાર વિરાટસ્વરૂપ ધાતા અર્થાત્ સૌનું ધારણ-પોષણ કરનાર પણ હું જ છું. હું સૌનો સંહાર કરનાર મૃત્યુ અને ઉત્પન્ન થનારાઓની ઉત્પત્તિનો હેતુ છું; તથા સ્ત્રીઓમાં કીર્તિ, શ્રી, વાક્, સ્મૃતિ, મેધા, ધૃતિ અને ક્ષમા છું તથા ગાઈ શકાય એવી શ્રુતિઓમાં હું બૃહત્ નામનો સામ તેમજ છંદોમાં ગાયત્રી છંદ છું; તથા મહિનાઓમાં માગશર

અને ઋતુઓમાં વસંત હું છું. છળનારાઓમાં જુગાર તથા પ્રભાવશાળીઓનો પ્રભાવ છું; હું જીતનારાઓનો વિજય છું, નિશ્ચય કરનારાઓનો નિશ્ચય અને સાત્ત્વિક માણસોનો સાત્ત્વિક ભાવ છું. વૃષ્ણિવંશીઓમાં વાસુદેવ એટલે કે હું પોતે તારો સખા, પાંડવોમાં ધનંજય એટલે કે તું, મુનિઓમાં વેદવ્યાસ અને કવિઓમાં શુક્રાચાર્ય કવિ પણ હું જ છું. હું દમન કરનારાઓનો દંડ અર્થાત્ દમન કરનારી શક્તિ છું, વિજય ઇચ્છનારાઓની નીતિ છું, ગુપ્ત રાખવા યોગ્ય ભાવોનું રક્ષણ કરનાર મૌન છું અને જ્ઞાની જનોનું તત્ત્વજ્ઞાન હું જ છું અને હે અર્જુન! જે સમસ્ત ભૂતોની ઉત્પત્તિનું કારણ છે, એ પણ હું જ છું; કેમકે એવું ચર કે અચર કોઈ પણ પ્રાણી નથી, જે મારા વિનાનું હોય. હે પરંતપ! મારી દિવ્ય વિભૂતિઓનો અંત નથી; મેં પોતાની વિભૂતિઓનો આ વિસ્તાર તો તારા માટે એકદેશરૂપે એટલે કે અત્યંત ટૂંકમાં કહ્યો છે. જે-જે પણ વિભૂતિયુક્ત એટલે કે ઐશ્વર્યસંપન્ન, શોભાયુક્ત અને શક્તિયુક્ત પદાર્થ છે, એને-એને તું મારા તેજના અંશની જ અભિવ્યક્તિ સમજ અથવા હે અર્જુન! આ વધારે જાણીને તારે શું કરવું છે? સારરૂપે સમજી લે કે હું આ આખાય બ્રહ્માંડને પોતાની યોગ-શક્તિના એક અંશમાત્રથી ધારણ કરીને સ્થિત છું. ॥ ૧૯-૪૨ ॥

—★—

શ્રીમદ્ભગવદ્ગીતા – વિશ્વરૂપદર્શનયોગ

અર્જુન બોલ્યા – મારા પર અનુકંપા કરીને આપે જે પરમ ગોપનીય અધ્યાત્મવિષયક ઉપદેશ કહ્યો, એનાથી મારું આ અજ્ઞાન નાશ પામી ચૂક્યું છે. કેમકે હે કમલનયન! મેં આપની પાસેથી ભૂતોની ઉત્પત્તિ અને પ્રલય વિસ્તારપૂર્વક સાંભળ્યાં તથા આપનો અવિનાશી મહિમા પણ સાંભળ્યો. હે પરમેશ્વર! આપ પોતાને જેવા કહો છો, એ ખરેખર એમ જ છે, છતાં પણ હે પુરુષોત્તમ! આપના જ્ઞાન, ઐશ્વર્ય, શક્તિ, બળ, વીર્ય અને તેજથી યુક્ત ઈશ્વરીય રૂપને હું પ્રત્યક્ષ જોવા ચાહું છું. હે પ્રભો! જો મારા વડે આપનું એ રૂપ જોવાનું શક્ય છે – એમ આપ માનતા હો, તો હે યોગેશ્વર! આપ પોતાના એ અવિનાશી સ્વરૂપનું મને દર્શન કરાવો. ॥ ૧-૪ ॥

શ્રીભગવાન બોલ્યા – હે પાર્થ! હવે તું મારાં સેંકડો-હજારો વિવિધ પ્રકારનાં, વિવિધરંગી તથા વિવિધ આકૃતિનાં અલૌકિક રૂપોને જો. હે ભરતવંશી! મારામાં અદિતિના બાર પુત્રોને, આઠ વસુઓને, અગિયાર રુદ્રોને, બન્ને અશ્વિનીકુમારોને અને ઓગણપચાસ મરુદ્ગણોને જો તથા બીજાં પણ ઘણાંબધાં આ પહેલાં ન જોયેલાં આશ્ચર્યમય રૂપોને જો. હે નિદ્રાને જીતનાર! હમણાં જ આ મારા શરીરમાં એક સ્થળે રહેલા, ચર અને અચર સહિત આખા બ્રહ્માંડને જો તથા બીજું પણ જે કંઈ જોવા ઇચ્છતો હોય એ જો. પરંતુ મને તું આ પોતાનાં સ્થૂળ ચક્ષુઓથી જોઈ શકવા ચોક્કસપણે સમર્થ નથી; માટે હું તને અલૌકિક ચક્ષુ આપું છું; એનાથી તું મારી ઈશ્વરીય યોગશક્તિને જો. ॥ ૫-૮ ॥

સંજય બોલ્યા – હે રાજન્! મહાયોગેશ્વર તેમજ સર્વ પાપોને હરનાર ભગવાન હરિએ આમ કહ્યા પછી અર્જુનને પરમ ઐશ્વર્યયુક્ત દિવ્યસ્વરૂપ દેખાડ્યું. અનેક મુખ અને નેત્રો ધરાવનાર, અનેક અદ્ભુત દૃશ્યોથી યુક્ત, ઘણાં

બધાં દિવ્ય આભૂષણોથી યુક્ત અને કેટલાંયે ઉગામેલાં દિવ્ય આયુધો હાથોમાં ધારણ કરેલા, દિવ્ય માળા તેમજ વસ્ત્રોને ધારણ કરેલા તથા જેમના શ્રીવિગ્રહમાંથી દિવ્ય ચંદનનો લેપ પ્રસરી રહ્યો છે એવા, બધી જ જાતનાં આશ્ચર્યોથી યુક્ત, સીમા વિનાના અને સર્વ તરફ જેમનાં મુખો છે, એવા વિરાટસ્વરૂપ પરમદેવ પરમેશ્વરને અર્જુને જોયા. હે રાજન્! આકાશમાં હજારો સૂર્યોના એકસાથે ઉદય થવાને લીધે જે પ્રકાશ ઊપજે, તે પણ એ વિશ્વરૂપ પરમાત્માના પ્રકાશના જેટલો ભાગ્યે જ હશે. પાંડુપુત્ર અર્જુને એ વખતે અનેક પ્રકારે વિભાજિત આખા બ્રહ્માંડને દેવોનાય દેવ ભગવાન શ્રીકૃષ્ણના એ શરીરમાં એક સ્થળે રહેલું જોયું. ત્યાર પછી આશ્ચર્યમાં ડૂબેલા અને હર્ષપુલકિત થયેલા ધનંજય, પ્રકાશમાન વિશ્વરૂપ પરમાત્માને શ્રદ્ધા અને ભક્તિ સાથે મસ્તક નમાવીને, હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા. ॥ ૯-૧૪ ॥

અર્જુન બોલ્યા – હે દેવ! હું આપના શ્રીવિગ્રહમાં સઘળા દેવોને તથા અનેક ચરાચર પ્રાણીઓના સમૂહોને, કમળના આસન પર બિરાજેલા બ્રહ્માને, મહાદેવને, સમસ્ત ઋષિઓને અને દિવ્ય સર્પોને જોઉં છું. હે સકળ વિશ્વના સ્વામી! આપને અસંખ્ય ભુજાઓ ઉદર, મુખ અને નેત્ર ધરાવનાર, તેમજ સર્વ તરફ અનન્ત રૂપો ધરાવતા જોઉં છું; આખું વિશ્વ જ જેનું સ્વરૂપ છે એવા હે વિશ્વરૂપ! હું ન તો આપના અંતને જોઉં છું, ન તો મધ્યને કે ન તો આદિને. આપને હું મુકુટધારી, ગદાધારી અને ચક્રધારી, બધી બાજુએ પ્રકાશમાન તેજના પુંજસ્વરૂપ, ધગધગતા અગ્નિ અને સૂર્ય જેવા તેજસ્વી, મુશ્કેલીથી જોઈ શકાય એવા તેમજ બધી બાજુએ અપ્રમેયસ્વરૂપે જોઉં છું. આપ જ જાણવાયોગ્ય પરમ અક્ષર એટલે કે પરબ્રહ્મ પરમાત્મા છો, આપ જ આ જગતના પરમ આશ્રય છો, આપ જ શાશ્વત ધર્મના રક્ષક છો અને આપ જ અવિનાશી સનાતન પુરુષ છો, એવો મારો મત છે. આપને આદિ, મધ્ય અને અંત વિનાના, અનન્ત સામર્થ્ય ધરાવનાર, અપાર ભુજા ધરાવતા, ચંદ્ર-સૂર્યરૂપી નેત્રો ધરાવતા, પ્રદીપ્ત અગ્નિરૂપી મુખ ધરાવતા અને પોતાના તેજથી આ જગતને સંતાપતા જોઉં છું. હે મહાત્મન્! સ્વર્ગ અને પૃથ્વીની વચ્ચેનું આ સંપૂર્ણ આકાશ તથા સઘળી દિશાઓ, એકમાત્ર આપનાથી જ વ્યાપેલાં છે; તેમજ આપના આ અદ્ભુત અને ભયાવહ રૂપને જોઈને ત્રણેય લોક ભયના માર્યા કાંપી રહ્યા છે. પેલા દેવતાઓના સમૂહો આપનામાં પ્રવેશી રહ્યા છે તથા કેટલાક ભયના માર્યા હાથ જોડીને આપનાં નામ અને ગુણોનું ગાન કરી રહ્યા છે અને મહર્ષિ તેમજ સિદ્ધોના સમુદાયો 'કલ્યાણ થાઓ' એમ કહીને કેટલાંયે ઉત્તમ સ્તોત્રો દ્વારા આપની સ્તુતિ કરી રહ્યા છે. જે અગિયાર રુદ્રો અને બાર આદિત્યો તથા આઠ વસુઓ, બાર સાધ્યો, દસ વિશ્વેદેવો, બન્ને અશ્વિનીકુમારો, મરુદ્ગણ અને પિતૃઓનો સમુદાય તથા ગંધર્વ, યક્ષ, રાક્ષસ અને સિદ્ધોના સમુદાયો છે – એ બધાય વિસ્મિત થઈને આપને જોઈ રહ્યા છે. હે મહાબાહો! આપના ઘણાં મુખ અને નયનોથી યુક્ત, ઘણા હાથ, જંઘા અને ચરણ ધરાવતા, અનેક ઉદરો ધરાવતા અને ઘણી બધી દાઢોને કારણે અત્યંત વિકરાળ, મહાન રૂપને જોઈને બધા લોકો વ્યાકુળ થઈ રહ્યા છે, તેમજ હું પણ આકુળ-વ્યાકુળ થઈ રહ્યો છું. કેમકે હે વિષ્ણો! ગગનને સ્પર્શતા, દેદીપ્યમાન, અનેક વર્ણોથી યુક્ત તથા ફાડેલા મુખ અને પ્રકાશમાન વિશાળ નેત્રો ધરાવતા આપને જોઈને, ભયભીત

અંતઃકરણનો હું ધીરજ કે શાંતિ નથી પામતો. તીણી દાઢોને લીધે વિકરાળ અને પ્રલયકાળના અગ્નિ જેવાં પ્રજ્વળેલાં આપનાં મુખોને જોઈને હું દિશાઓને નથી ઓળખી શકતો અને સુખ પણ નથી પામી શકતો; માટે હે દેવોના સ્વામી! હે જગતના આધાર! આપ પ્રસન્ન થાઓ. ધૃતરાષ્ટ્રના પેલા બધા જ પુત્રો, રાજાઓના સમૂહ સમેત આપનામાં પ્રવેશી રહ્યા છે અને પિતામહ ભીષ્મ, દ્રોણાચાર્ય તથા પેલો કર્ણ અને આપણા પક્ષના પણ મુખ્ય યોદ્ધાઓ સમેત એકેએક, તીણી દાઢોને લીધે વિકરાળ આપના ભયાવહ મુખોમાં ઘણા વેગથી દોડીને પ્રવેશી રહ્યા છે અને કેટલાક તો ભુકો થયેલાં માથાંસહિત, આપના દાંતોની વચ્ચે ભીંસાયેલા દેખાઈ રહ્યા છે. જેમ નદીઓના અનેક જળપ્રવાહો સહજ રીતે સાગર તરફ જ દોડે છે, એટલે કે સાગરમાં સમાઈ જાય છે, એ જ રીતે નરલોકના શ્રેષ્ઠ શૂરવીરો પણ આપનાં પ્રજ્વળતાં મુખોમાં પ્રવેશી રહ્યા છે એટલે કે આપનામાં લીન થઈ રહ્યા છે. જેમ પતંગિયાં મોહને વશ થઈ, નષ્ટ થવા માટે પ્રજ્વલિત અગ્નિમાં ઘણા વેગથી ઊડતાં-ઊડતાં જાતે જ પ્રવેશતાં હોય છે, એમ જ આ સર્વે પણ, પોતાના નાશને માટે આપનાં મુખોમાં અતિ વેગથી, જાતે જ પ્રવેશી રહ્યા છે. આપ, એ સમસ્ત લોકોને પ્રજ્વળતાં મુખો દ્વારા કોળિયો કરતા, ચારે કોરથી વારંવાર ચાટી રહ્યા છો; હે વિષ્ણો! આપનો ઉગ્ર પ્રકાશ સકળ બ્રહ્માંડને તેજથી ભરી દઈને સંતાપી રહ્યો છે. મને જણાવો કે ઉગ્ર રૂપધારી આપ કોણ છો? હે દેવાધિદેવ! આપને નમસ્કાર કરું છું, આપ પ્રસન્ન થાઓ; આદિપુરુષ આપને હું વિશેષ રૂપે ઓળખવા માગું છું, કેમકે હું આપની પ્રવૃત્તિને નથી સમજી શકતો. ॥૧૫-૩૧॥

શ્રીભગવાન બોલ્યા – હું લોકોનો સંહાર કરનાર વધી ગયેલો મહાકાળ છું, અત્યારે આ લોકોનો સંહાર કરવા માટે પ્રવૃત્ત થયો છું; માટે જે પ્રતિપક્ષીઓની સેનામાં રહેલા યોદ્ધાઓ છે, એ બધા તારા વિના પણ નથી રહેવાના, એટલે કે તું યુદ્ધ નહિ કરે તો પણ આ સર્વેનો નાશ તો થવાનો જ છે. માટે તું ઊભો થા, યશ મેળવ અને શત્રુઓને જીતીને ધન-ધાન્યથી સમૃદ્ધ રાજ્યને ભોગવ; આ સર્વે શૂરવીરો પહેલેથી જ મારા વડે હણાયેલા છે; હે સવ્યસાચી! તું તો કેવળ નિમિત્તમાત્ર થા. દ્રોણાચાર્ય, ભીષ્મપિતામહ, જયદ્રથ, કર્ણ તથા બીજા પણ ઘણા બધા મારા વડે હણાયેલા શૂરવીર યોદ્ધાઓને તું હણ, ભય રાખીશ મા; ચોક્કસ તું યુદ્ધમાં વેરીઓને જીતીશ, માટે યુદ્ધ કર. ॥૩૨-૩૪॥

સંજય બોલ્યા – શ્રીહરિ કેશવના આ વચનને સાંભળીને, કિરીટી અર્જુન હાથ જોડી થરથર કાંપતા નમસ્કાર કરીને, ફરીથી અત્યંત ભયભીત થઈને પ્રણામ કરીને, ભગવાન શ્રીકૃષ્ણની ગદ્ગદ વાણીથી સ્તુતિ કરવા લાગ્યા. ॥૩૫॥

અર્જુન બોલ્યા – હે અંતર્યામી! એ યોગ્ય જ છે કે આપનાં નામ, ગુણ અને પ્રભાવના કીર્તનથી વિશ્વ ઘણું હરખાઈ રહ્યું છે અને પ્રેમવિહ્વળ પણ થઈ રહ્યું છે; તેમજ ભય પામેલા રાક્ષસો આમ-તેમ નાસી રહ્યા છે તથા સર્વે સિદ્ધગણોના સમૂહો નમસ્કાર કરી રહ્યા છે. હે મહાત્મન્! બ્રહ્માના પણ આદિકર્તા અને સૌથી મોટા આપને તેઓ કેમ ન નમે; કેમકે હે અનન્ત! હે દેવતાઓના ઈશ! હે વિશ્વના પરમ આધાર! જે સત, અસત અને એ બેયથી પર અક્ષર એટલે કે સચ્ચિદાનંદઘન બ્રહ્મ આપ જ છો. આપ આદિદેવ અને સનાતન પુરુષ

છો, આપ આ જગતના પરમ આશ્રય, જાણનાર, જાણવા યોગ્ય અને પરમ ધામ છો; હે અનન્તરૂપ! આપનાથી આ આખું વિશ્વ વ્યાપેલું એટલે કે પરિપૂર્ણ છે. આપ વાયુ, યમ, અગ્નિ, વરુણ, ચન્દ્રમા અને પ્રજાના સ્વામી બ્રહ્મા છો તથા બ્રહ્માના પણ પિતા છો; આપને વારંવાર નમસ્કાર! હજારો વાર નમસ્કાર!! તથા ફરી પાછા એથી પણ વધારે વાર નમસ્કાર!!! હે અનન્ત સામર્થ્ય ધરાવનાર! આપને આગળથી તેમજ પાછળથી પણ નમસ્કાર! હે સર્વના આત્મા! આપને બધી જ બાજુઓથી નમસ્કાર કરું છું; કેમકે અનંત પરાક્રમી આપ આખા બ્રહ્માંડને વ્યાપીને રહેલા છો, માટે આપ જ સર્વરૂપ છો. આપના આ પ્રભાવને નહિ જાણતાં, તમે મારા સખા છો એમ માનીને, પ્રેમથી કે પ્રમાદથી પણ મેં 'હે કૃષ્ણ!' 'હે યાદવ!' 'હે સખા!' એ પ્રમાણે જે કંઈ વગર વિચાર્યે અવજ્ઞાપૂર્વક કહ્યું છે અને હે અચ્યુત! આપ જે મારા વડે વિનોદ ખાતર વિહાર, શય્યા, આસન અને ભોજન આદિ કરતી વખતે એકાંતમાં, કે પછી એ સખાઓની સામે પણ, અપમાનિત કરવામાં આવ્યા છો – એ સર્વ અપરાધો અપ્રમેયસ્વરૂપ એટલે કે અચિન્ત્ય પ્રભાવના આપને હું ક્ષમા કરવાની પ્રાર્થના કરું છું. આપ આ ચરાચર જગતના પિતા, સૌથી મોટા ગુરુ અને ઘણા પૂજનીય છો; હે અતુલ પ્રભાવ ધરાવનાર! ત્રણેય લોકમાં આપના સમાન પણ બીજો કોઈ નથી, પછી ચઢિયાતો તો ક્યાંથી હોઈ શકે!! માટે હે પ્રભો! હું શરીરને સારી પેઠે ચરણોમાં નિવેદિત કરીને, પ્રણામ કરીને, સ્તુતિને યોગ્ય આપ ઈશ્વરને પ્રસન્ન થવા માટે પ્રાર્થું છું; હે દેવ! પિતા જેમ પુત્રના, સખા જેમ સખાના અને પતિ જેમ પ્રિયતમા પત્નીના અપરાધોને સહી લે છે, એમ જ આપ પણ મારા અપરાધ સહી લેવા યોગ્ય છો. હું પહેલાં ન જોયેલા આપના આ આશ્ચર્યમય રૂપને જોઈને હરખાઈ પણ રહ્યો છું અને મારું મન ભયને લીધે ઘણું વ્યાકુળ પણ થઈ રહ્યું છે; માટે આપ પોતાનું તે ચતુર્ભુજ વિષ્ણુરૂપ જ મને દર્શાવો; હે દેવેશ! હે જગન્નિવાસ! પ્રસન્ન થાઓ. હું એવા જ આપને મુગટધારી તથા ગદા અને ચક્ર હાથમાં ધારણ કરેલા જોવા ઇચ્છું છું, માટે હે વિશ્વસ્વરૂપ! હે હજાર હાથવાળા! આપ એ જ ચતુર્ભુજરૂપે પ્રગટ થાઓ. ॥ ૩૬-૪૬ ॥

શ્રીભગવાન બોલ્યા – હે અર્જુન! તારા પર અનુકંપા કરીને મેં પોતાની યોગશક્તિના પ્રભાવે, આ મારું ઉત્કૃષ્ટ, તેજોમય, સર્વનું આદિ અને અસીમ વિરાટ રૂપ તને દેખાડ્યું છે, જેને તારા સિવાય બીજા કોઈએ પહેલાં નહોતું જોયું. હે કુરુવંશીઓમાં શ્રેષ્ઠ વીર! મનુષ્યલોકમાં આવા વિશ્વરૂપધારી હું, તારા સિવાય બીજા કોઈનાથી ન તો વેદ અને યજ્ઞોના અધ્યયનથી, ન દાનથી, ન શાસ્ત્રવિહિત કર્મોથી કે ન આકરા તપ દ્વારા પણ જોઈ શકાઉં છું. મારા આવા આ વિકરાળ રૂપને જોઈને તને વ્યાકુળતા ન થાઓ અને મૂઢભાવ પણ ન થાઓ; તું નિર્ભય અને પ્રસન્નમન થઈને એ જ મારા આ શંખ-ચક્ર-ગદા-પદ્મધારી ચતુર્ભુજ રૂપને ફરીથી જો. ॥ ૪૭-૪૯ ॥

સંજય બોલ્યા – હે રાજન્! વાસુદેવ શ્રીહરિએ અર્જુનને આ પ્રમાણે કહીને પાછું એવું જ પોતાનું ચતુર્ભુજરૂપ દર્શાવ્યું અને પછી સૌમ્યમૂર્તિ થઈને આ ભય પામેલા અર્જુનને મહાત્મા શ્રીકૃષ્ણે ધીરજ આપી. ॥ ૫૦ ॥

અર્જુન બોલ્યા – હે જનાર્દન! આપના આ પરમશાન્ત મનુષ્યરૂપને જોઈને હવે હું

સ્થિરચિત્ત થઈ ગયો છું અને પોતાની સ્વાભાવિક સ્થિતિને પામી ચૂક્યો છું. ॥૫૧॥

શ્રીભગવાન બોલ્યા – મારું જે ચતુર્ભુજરૂપ તેં જોયું છે, એના દર્શન બહુ દુર્લભ છે. દેવતાઓ પણ સદા આ રૂપનાં દર્શનની ખેવના રાખ્યા કરે છે. જેવો તેં મને જોયો છે એવો ચતુર્ભુજરૂપધારી હું ન તો વેદોથી, ન તપથી, ન દાનથી કે ન યજ્ઞથીયે જોઈ શકાઉં છું. પરંતુ હે પરન્તપ અર્જુન! અનન્ય ભક્તિ દ્વારા આવો ચતુર્ભુજરૂપધારી હું પ્રત્યક્ષ દેખાવા માટે, તત્ત્વથી જાણવા માટે તથા પ્રવેશ કરવા એટલે કે એકાત્મભાવે પ્રાપ્ત થવા માટે પણ શક્ય છું. હે પાંડુપુત્ર! જે કેવળ મારે જ ખાતર સઘળાં કર્તવ્ય-કર્મોને કરનારો છે, મારે પરાયણ છે, મારો ભક્ત છે, આસક્તિ વિનાનો છે અને સર્વ પ્રાણીઓ પ્રત્યે વેરભાવથી રહિત છે, એ અનન્યભક્તિયુક્ત માણસ મને જ પામે છે. ॥૫૨-૫૫॥

—★—

શ્રીમદ્ભગવદ્ગીતા – ભક્તિયોગ

અર્જુન બોલ્યા – જે અનન્ય પ્રેમી ભક્તજનો, હમણાં આપે જણાવ્યું એ પ્રકારે નિરંતર આપનાં ભજન-ધ્યાનમાં રચ્યા-પચ્યા રહીને આપ સગુણસ્વરૂપ પરમેશ્વરને ભજે છે અને બીજા ભક્તો, જે કેવળ અવિનાશી સચ્ચિદાનંદઘન નિરાકાર બ્રહ્મને જ ઘણા ઉત્તમ ભાવે ભજે છે – એ બન્ને પ્રકારના ઉપાસકોમાં વધુ ચઢિયાતા યોગવેત્તા કોણ છે? ॥૧॥

શ્રીભગવાન બોલ્યા – મારામાં મનને પરોવીને નિરંતર મારા ભજન-ધ્યાનમાં રચ્યા-પચ્યા રહેનારા જે ભક્તજનો, અત્યંત અડગ શ્રદ્ધાભાવથી યુક્ત થઈને, મુજ સગુણસ્વરૂપ પરમેશ્વરને ભજે છે, તેઓ મને યોગીઓમાં વધુ ચઢિયાતા યોગીરૂપે માન્ય છે. પરંતુ જે ભક્તો, ઇન્દ્રિયોના સમુદાયને સારી પેઠે વશમાં કરીને મન-બુદ્ધિથી પર, સર્વવ્યાપક, કોઈ પણ રીતે નિર્દેશ ન થઈ શકે એવા, સદા એકરસ રહેનાર, નિત્ય, અચળ, નિરાકાર, અવિનાશી સચ્ચિદાનંદઘન બ્રહ્મને નિરંતર એકાત્મભાવે ધ્યાન કરતાં ભજે છે, એ સઘળાં ભૂતોના હિતમાં રત રહેનારા અને સૌમાં સમાનભાવ રાખનારા યોગીઓ મને જ પામે છે. પણ સચ્ચિદાનંદઘન નિરાકાર બ્રહ્મમાં મન પરોવનાર એ માણસોના સાધનમાં પરિશ્રમ વધુ છે; કારણ કે દેહાભિમાનીઓ વડે અવ્યક્તવિષયક ગતિ ઘણું દુઃખ વેઠીને પ્રાપ્ત કરવામાં આવે છે અર્થાત્ દેહાભિમાન રહેવાને લીધે નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિ દુષ્કર છે. પરંતુ મારે પરાયણ રહેનારા જે ભક્તજનો, સર્વ કર્મોને મારામાં અર્પણ કરીને, મુજ સગુણસ્વરૂપ પરમેશ્વરને જ અનન્ય ભક્તિયોગથી નિરંતર ચિંતન કરતાં ભજે છે, મારામાં ચિત્ત પરોવનારા એ પ્રેમી ભક્તોનો હે પાર્થ! હું સત્વરે મૃત્યુરૂપી સંસાર-સાગરમાંથી ઉદ્ધાર કરી દઉં છું. મારામાં મનને પરોવ અને મારામાં જ બુદ્ધિને જોડ; એ પછી તું મારામાં જ નિવાસ કરીશ, એમાં લેશમાત્ર સંશય નથી. જો તું મનને મારામાં અચળ ભાવે સ્થાપવા સમર્થ ન હોય, તો હે ધનંજય! અભ્યાસરૂપ યોગ દ્વારા મને પામવાની ઇચ્છા કર. જો તું ઉપર જણાવેલા અભ્યાસમાં પણ અસમર્થ છે, તો કેવળ મારે અર્થે કર્મ કરવાને જ પરાયણ થા; મારે અર્થે કર્મોને કરતો રહીને પણ તું

મારી પ્રાપ્તિરૂપી સિદ્ધિને જ પામીશ. જો મારી પ્રાપ્તિરૂપી યોગનો આશરો લઈને ઉપર જણાવેલ સાધન કરવામાં પણ તું અસમર્થ છે, તો મન-બુદ્ધિ આદિ ઉપર જય મેળવનારો થઈને સર્વ કર્મોનાં ફળનો ત્યાગ કર. મર્મને જાણ્યા વિના કરેલા અભ્યાસ કરતાં જ્ઞાન ચઢિયાતું છે, જ્ઞાન કરતાં મુજ પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન ચઢિયાતું છે અને ધ્યાન કરતાં પણ સર્વ કર્મોનાં ફળનો ત્યાગ ચઢિયાતો છે; કેમકે ત્યાગથી તરત જ પરમ શાન્તિ મળે છે. ॥ ૨-૧૨ ॥

જે સર્વ ભૂતોમાં દ્વેષભાવ વિનાનો, સ્વાર્થરહિત સૌનો પ્રેમી અને કોઈ પણ હેતુ રહિત દયાળુ તથા મમતા રહિત, અહંકાર રહિત, સુખ-દુઃખોની પ્રાપ્તિમાં સમ અને ક્ષમાશીલ છે, એટલે કે અપરાધ કરનારને પણ અભય આપનારો છે; તથા જે યોગી નિરંતર સંતુષ્ટ છે, મન-ઇન્દ્રિયોસહિત શરીરને વશમાં કરી રાખેલ છે અને મારામાં દૃઢ નિશ્ચયવાળો છે, એ મારામાં અર્પેલ મન-બુદ્ધિવાળો મારો ભક્ત મને પ્રિય છે. જેનાથી કોઈ પણ જીવ ઉદ્વેગ નથી પામતો અને જે પોતે પણ કોઈ જીવથી ઉદ્વેગ નથી પામતો તથા જે હર્ષ, અમર્ષ, ભય અને ઉદ્વેગ આદિથી રહિત છે, એ ભક્ત મને પ્રિય છે. જે તૃષ્ણા વિનાનો, બાહ્ય તેમ જ આંતરિક રીતે શુદ્ધ, નિપુણ, પક્ષપાત વિનાનો અને દુઃખોમાંથી છૂટેલો છે, એ સર્વ આરંભોનો ત્યાગી મારો ભક્ત મને પ્રિય છે. જે ન તો કદી હર્ષ પામે છે, ન દ્વેષ કરે છે, ન શોક કરે છે, ન કશાયની કામના કરે છે તથા જે શુભ અને અશુભ સઘળાં કર્મોનો ત્યાગી છે, એ ભક્તિયુક્ત માણસ મને પ્રિય છે. જે શત્રુ કે મિત્રમાં અને માન કે અપમાનમાં સમ છે તથા ઠંડી, ગરમી અને સુખ-દુઃખ આદિ દ્વંદ્વોમાં સમ છે અને આસક્તિ વિનાનો છે, જે નિંદા-સ્તુતિને સમાન સમજનાર, મનનશીલ અને જેમ તે પ્રકારે પણ શરીરનો નિર્વાહ થતાં સદા સંતુષ્ટ છે તથા રહેવાના સ્થાનમાં મમતા અને આસક્તિ વિનાનો છે, એ સ્થિરબુદ્ધિનો ભક્તિમાન માણસ મને પ્રિય છે. પરંતુ જે શ્રદ્ધાળુ માણસો મારે પરાયણ થઈને ઉપર કહેલા ધર્મમય અમૃતને નિષ્કામ પ્રેમભાવે સેવે છે, એ ભક્તો મને સાચી પ્રિય છે. ॥ ૧૩-૨૦ ॥

—★—

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા – ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞવિભાગયોગ

શ્રીભગવાન બોલ્યા – હે કૌન્તેય! આ શરીર 'ક્ષેત્ર' કહેવાય છે અને એને જે જાણે છે તે 'ક્ષેત્રજ્ઞ' (જીવાત્મા) નામથી ઓળખાય છે; આવું આ બન્નેના તત્ત્વને જાણનારા જ્ઞાનીજનોએ કહ્યું છે. હે ભારત! બધાં ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞ પણ તું મને જ જાણ; અને ક્ષેત્ર અર્થાત્ વિકાર સહિતની પ્રકૃતિ તથા ક્ષેત્રજ્ઞ અર્થાત્ પુરુષના વિષયનું જે તત્ત્વસહિત જ્ઞાન છે, એ જ ખરું જ્ઞાન છે – એવો મારો મત છે. એ ક્ષેત્ર જે છે અને જેવું છે, જે જે વિકારોથી યુક્ત છે અને જે કારણથી એ ઉદ્‌ભવ્યું છે તથા એ ક્ષેત્રજ્ઞ પણ જે અને જેવા પ્રભાવવાળો છે – એ સઘળું તું ટૂંકમાં મારી પાસેથી સાંભળ. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું આ તત્ત્વ ઋષિઓ દ્વારા અનેક પ્રકારે કહેવાયું છે, વિવિધ વેદમંત્રો દ્વારા પણ વિભાગપૂર્વક કહેવામાં આવ્યું છે તેમજ સારી રીતે નિશ્ચિત કરેલાં યુક્તિપૂર્વકનાં બ્રહ્મસૂત્રનાં પદો દ્વારા પણ કહેવાયું છે. પાંચ

મહાભૂત, અહંકાર, બુદ્ધિ અને એ જ રીતે મૂળ પ્રકૃતિ પણ; તેમજ દસ ઇન્દ્રિયો, એક મન અને ઇન્દ્રિયોના પાંચ વિષયો – શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ – ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, સ્થૂળ શરીર, ચેતના અને ધૃતિ – આટલા વિકારો સહિતનું આ ક્ષેત્ર ટૂંકમાં કહેવાયું છે. પોતાને શ્રેષ્ઠ માનવારૂપી અભિમાનનો અભાવ હોવો, દંભાચરણનો અભાવ હોવો, કોઈ પણ પ્રાણીને કોઈપણ પ્રકારે કષ્ટ ન આપવું, ક્ષમાભાવ, મન-વાણી આદિમાં સરળતા, શ્રદ્ધા-ભક્તિ સાથે ગુરુજનોની સેવા, બાહ્ય તેમજ આંતરિક શુદ્ધિ હોવી, અંતઃકરણની સ્થિરતા હોવી, મન-ઇન્દ્રિયો સહિત શરીરનો નિગ્રહ, આ લોક અને પરલોકના સર્વ ભોગોમાં આસક્તિ ન હોવી અને અહંકારનો પણ અભાવ હોવો; જન્મ, મૃત્યુ, જરા અને રોગ આદિમાં દુઃખો અને દોષોને વારંવાર જોવાં, પુત્ર, સ્ત્રી, ઘર અને ધન આદિમાં આસક્તિનો તેમજ મમતાનો અભાવ તથા પ્રિય અને અપ્રિયની પ્રાપ્તિ થતાં સદાય ચિત્તનું સમ રહેવું, મુજ પરમેશ્વરમાં અનન્ય યોગનો આશરો લઈને અવ્યભિચારિણી ભક્તિ હોવી; તથા એકાન્ત અને શુદ્ધ સ્થાનમાં રહેવાનો સ્વભાવ હોવો અને વિષયાસક્ત માણસોના સમુદાયમાં પ્રીતિ ન હોવી, અધ્યાત્મજ્ઞાનમાં નિત્ય સ્થિત રહેવું અને તત્ત્વજ્ઞાન વડે જેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, એ પરમાત્માને જ જોતા રહેવું – આ બધું જ્ઞાન છે; અને જે આ બધાથી વિપરીત છે, એ અજ્ઞાન કહેવાયું છે. જે જાણવાયોગ્ય તત્ત્વ છે તથા જેને જાણીને માણસ પરમાનંદને પ્રાપ્ત થાય છે, એને સમ્યક રીતે કહું છું. પ્રકૃતિ અને જીવાત્મા – એ બે અનાદિઓનો સ્વામી પરમ બ્રહ્મ નથી સત કહેવાતો કે નથી અસત. એ સર્વ તરફ હાથ-પગ ધરાવનાર, સર્વ તરફ આંખ, મસ્તક અને મુખ ધરાવનાર અને સર્વ તરફ કાન ધરાવનાર છે; કેમકે સંસારમાં એ સૌને વ્યાપીને સ્થિત છે. એ સઘળી ઇન્દ્રિયોના વિષયોને જાણનારો છે, છતાં વાસ્તવમાં સઘળી ઇન્દ્રિયો વિનાનો છે તથા આસક્તિ વિનાનો હોવા છતાં પણ સર્વનું ધારણ-પોષણ કરનારો અને નિર્ગુણ હોવા છતાં પણ ગુણોને ભોગવનારો છે. એ ચરાચર સર્વ ભૂતોની અંદર-બહાર પૂર્ણરૂપે વ્યાપેલો છે, તેમજ ચર-અચરરૂપે પણ એ જ છે અને એ સૂક્ષ્મ હોવાને લીધે જાણી શકાતો નથી તથા એકદમ પાસે તેમજ ઘણો દૂર રહેલો પણ એ જ છે. એ પરમાત્મા, અવિભાજિત એકરૂપે રહેલા આકાશની જેમ, પરિપૂર્ણ હોવા છતાં પણ ચરાચર બધાં ભૂતોમાં જાણે વિભાજિત હોય એમ સ્થિત જણાય છે તથા એ જાણવા યોગ્ય પરમાત્મા વિષ્ણુરૂપે ભૂતોનું ધારણ-પોષણ કરનારો, રુદ્રરૂપે સંહાર કરનારો તેમજ બ્રહ્મારૂપે સર્વને ઉત્પન્ન કરનારો છે. એ પરબ્રહ્મ જ્યોતિઓનો પણ જ્યોતિ તેમજ માયાથી સાવ પર કહેવાય છે; એ પરમાત્મા બોધસ્વરૂપ, જાણવાયોગ્ય તેમજ તત્ત્વજ્ઞાનથી પામવાયોગ્ય છે અને સૌના હૃદયમાં વિશેષરૂપે રહેલો છે. આ પ્રમાણે ક્ષેત્ર, જ્ઞાન તેમજ જાણવાયોગ્ય પરમાત્માનું સ્વરૂપ ટૂંકમાં કહ્યું. મારો ભક્ત એને તત્ત્વથી જાણીને મારા સ્વરૂપને પામે છે. ॥૧-૧૮॥

મૂળ પ્રકૃતિ અને પુરુષ – એ બન્નેને તું અનાદિ જાણ અને રાગ-દ્વેષ આદિ વિકારોને તથા ત્રિગુણાત્મક બધાય પદાર્થોને પણ પ્રકૃતિથી ઉદ્‌ભવેલા જાણ. કાર્યો અને કરણોને ઉત્પન્ન કરવામાં પ્રકૃતિ કારણ કહેવાય છે અને સુખ-દુઃખોનો અનુભવ થવામાં જીવાત્મા કારણ

કહેવાય છે. પ્રકૃતિમાં રહીને જ પુરુષ પ્રકૃતિમાંથી જન્મેલા ત્રિગુણાત્મક પદાર્થોને અનુભવે છે અને આ ગુણોનો સંગ જ આ જીવાત્માના સારી-નરસી યોનિઓમાં જન્મ થવામાં કારણ બને છે. આ દેહમાં રહેલો હોવા છતાં, આ જીવાત્મા વાસ્તવમાં પરમાત્મા જ છે; એ જ સાક્ષી હોવાને લીધે ઉપદ્રષ્ટા અને યથાર્થ સંમતિ આપનારો હોવાને લીધે અનુમંતા, સૌનું ધારણ-પોષણ કરનારો હોવાને લીધે ભર્તા, જીવરૂપે ભોક્તા, બ્રહ્મા આદિનો પણ સ્વામી હોવાને લીધે મહેશ્વર અને શુદ્ધ સચ્ચિદાનંદઘન હોવાથી પરમાત્મા – એમ કહેવાયો છે. આ રીતે પુરુષને અને ગુણોની સાથે પ્રકૃતિને, જે માણસ તત્ત્વથી જાણે છે, એ સર્વ રીતે કર્તવ્ય કર્મ કરતો હોવા છતાં પણ ફરી નથી જન્મ પામતો. એ પરમાત્માને, કેટલાક માણસો શુદ્ધ થયેલી સૂક્ષ્મ બુદ્ધિ વડે ધ્યાન દ્વારા હૃદયમાં જુએ છે, તો બીજા કેટલાક જ્ઞાનયોગ દ્વારા અને વળી બીજા કેટલાક કર્મયોગ દ્વારા જુએ છે એટલે કે પામે છે, પરંતુ આ બધા કરતાં અન્ય પ્રકારના અર્થાત્ મંદબુદ્ધિના માણસો, આ પ્રમાણે ન જાણતા હોવાને લીધે બીજા માણસો પાસેથી એટલે કે તત્ત્વજ્ઞાનીઓ પાસેથી સાંભળીને એ મુજબ ઉપાસના કરે છે અને એ શ્રવણ-પરાયણ પુરુષો પણ મૃત્યુરૂપી સંસારસાગરને નિઃસંદેહ તરી જાય છે. હે ભરતશ્રેષ્ઠ! યાવન્માત્ર જેટલાં પણ સ્થાવર-જંગમ પ્રાણીઓ જન્મે છે, એ બધાંયને તું ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સંયોગથી જ ઉદ્ભવેલાં જાણ. જે માણસ નષ્ટ થઈ રહેલાં સઘળાં ચરાચર ભૂતોમાં પરમેશ્વરને નાશરહિત અને સમભાવે રહેલા જુએ છે, એ જ ખરું જુએ છે, કેમકે સર્વમાં સમભાવે રહેલા પરમેશ્વરને સમસ્વરૂપે જોતો માણસ પોતાના વડે પોતાને નષ્ટ નથી કરતો, માટે એ પરમ ગતિને પામે છે અને જે માણસ બધાંય કર્મોને સર્વ રીતે પ્રકૃતિ વડે જ થનારાં જુએ છે તથા આત્માને અકર્તા જુએ છે, એ જ ખરું જુએ છે. જે ક્ષણે, આ માણસ પ્રાણીઓનાં જાતજાતનાં સ્વરૂપોને એક પરમાત્મામાં જ રહેલાં તથા એ પરમાત્માથી જ સઘળાં પ્રાણીઓનો વિસ્તાર જુએ છે, એ જ ક્ષણે એ સચ્ચિદાનંદઘન બ્રહ્મને પામી જાય છે. હે કૌન્તેય! અનાદિ હોવાને લીધે તથા નિર્ગુણ હોવાને લીધે આ અવિનાશી પરમાત્મા, શરીરમાં રહેલો હોવા છતાં પણ, ખરી રીતે ન તો કશું કરે છે કે ન તો લેપાય છે. જેમ સર્વત્ર વ્યાપ્ત આકાશ સૂક્ષ્મ હોવાને લીધે (સ્થાનોના ગુણ-દોષોથી) લેપાતું નથી, એ જ રીતે દેહમાં સર્વત્ર રહેલો આત્મા નિર્ગુણ હોવાને લીધે દેહના ગુણોથી લેપાતો નથી. હે ભારત! જેવી રીતે એક જ સૂર્ય આ આખાય બ્રહ્માંડને ઉજાળે છે, એ જ રીતે એક જ આત્મા આખાય ક્ષેત્રને ઉજાળે છે. આ પ્રમાણે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના ભેદને તથા કાર્ય- સહિત પ્રકૃતિથી મુક્ત થવાને, જે માણસો જ્ઞાનચક્ષુ દ્વારા તત્ત્વથી જાણી લે છે, એ મહાત્માજનો પરમ બ્રહ્મ પરમાત્માને પ્રાપ્ત થઈ જાય છે. ॥૧૯-૩૪॥

—★—

શ્રીમદ્ભગવદ્ગીતા – ગુણત્રયવિભાગયોગ

શ્રીભગવાન બોલ્યા – સર્વ જ્ઞાનો કરતાં ચઢિયાતા ઘણા ઉત્કૃષ્ટ એવા જ્ઞાનને હું ફરી કહું છું, જેને જાણીને સઘળા મુનિજનો આ સંસારથી છૂટીને પરમ સિદ્ધિને પામી ચૂક્યા છે.

આ જ્ઞાનને આશ્રયે મારા સ્વરૂપને પામી ચૂકેલા માણસો, સૃષ્ટિના આરંભે ફરીથી નથી જન્મતા કે પ્રલયકાળેય નથી તો વ્યાકુળ થતા. હે ભારત! મારી મહદ્-બ્રહ્મસ્વરૂપ મૂળ પ્રકૃતિ સકળ ભૂતોની યોનિ છે, અર્થાત્ ગર્ભાધાનનો આધાર છે અને હું એ યોનિમાં ચેતન(જીવ)સમુદાયરૂપી ગર્ભને સ્થાપું છું; એ જડ-ચેતનના સંયોગમાંથી સકળ ભૂતોનો ઉદ્ભવ થાય છે. હે કુંતીપુત્ર! વિવિધ જાતની સઘળી યોનિઓમાં જે મૂર્તિઓ – શરીરધારી પ્રાણીઓ ઉદ્ભવે છે, પ્રકૃતિ એ સર્વની ગર્ભ ધારણ કરનારી માતા છે અને હું બીજને સ્થાપનાર પિતા છું. ॥૧-૪॥

હે મહાબાહો! સત્ત્વગુણ, રજોગુણ તેમજ તમોગુણ– પ્રકૃતિમાંથી ઉદ્ભવેલા આ ત્રણેય ગુણો અવિનાશી જીવાત્માને શરીરમાં બાંધે છે. હે નિષ્પાપ! એ ત્રણે ગુણોમાં સત્ત્વગુણ નિર્મળ હોવાને કારણે પ્રકાશક અર્થાત્ તેજ પ્રગટાવનાર અને વિકાર વિનાનો છે; છતાં એ સુખના સંગ વડે એટલે કે સુખના અભિમાન વડે અને જ્ઞાનના સંગ વડે એટલે કે જ્ઞાનના અભિમાન વડે જીવાત્માને બાંધે છે. હે કૌન્તેય! રાગસ્વરૂપના રજોગુણને તું લાલસા અને આસક્તિમાંથી ઉદ્ભવેલો જાણ; એ આ જીવાત્માને કર્મોના તથા એમનાં ફળોના સંગ વડે બાંધે છે. હે ભરતવંશી! સૌ દેહાભિમાનીઓને મોહિત કરનાર તમોગુણને તો તું અજ્ઞાનમાંથી ઉપજેલો જાણ; એ આ જીવાત્માને પ્રમાદ, આળસ અને નિદ્રા વડે બાંધે છે. હે ભારત! સત્ત્વગુણ સુખમાં જોડે છે, રજોગુણ કર્મમાં અને વળી તમોગુણ તો જ્ઞાનને ઢાંકી દઈને પ્રમાદમાં પણ જોડે છે. હે ભારત! રજોગુણ અને તમોગુણને દબાવીને સત્ત્વગુણ, સત્ત્વગુણ અને તમોગુણને દબાવીને રજોગુણ, તેમજ સત્ત્વગુણ અને રજોગુણને દબાવીને તમોગુણ વૃદ્ધિ પામે છે. જે વખતે આ દેહમાં તથા અંતઃકરણ અને ઇન્દ્રિયોમાં ચેતનતા અને વિવેકશક્તિ ઊપજે છે, એ વખતે એમ સમજવું કે સત્ત્વગુણ વધ્યો છે. હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ! રજોગુણ વધતાં લોભ, પ્રવૃત્તિ, કર્મોને સ્વાર્થબુદ્ધિથી તેમજ સકામભાવે કરવાં, અશાંતિ અને વિષયની લાલસા – આ સઘળાં જન્મે છે. હે કુરુનંદન! તમોગુણ વધતાં અંતઃકરણ અને ઇન્દ્રિયોમાં નિસ્તેજપણું, ચેતનતાનો અભાવ, કર્તવ્યકર્મોમાં પ્રવૃત્ત ન થવું, પ્રમાદ અને નિદ્રા જેવી અંતઃકરણની મોહમાં નાખનારી વૃત્તિઓ – આ સઘળાંય જન્મે છે. જ્યારે આ જીવાત્મા સત્ત્વગુણની વૃદ્ધિમાં મૃત્યુ પામે છે, તો ઉત્તમ કર્મ કરનારાઓના નિર્મળ દિવ્ય સ્વર્ગ આદિ લોકોને પામે છે. જે વખતે રજોગુણની વૃદ્ધિમાં મૃત્યુ પામીને કર્મસંગીઓમાં એટલે કે કર્મોમાં આસક્તિ રાખનારા માણસોમાં જન્મે છે તથા તમોગુણ વધ્યો હોય ત્યારે મરણ પામેલો માણસ જંતુ, પશુ જેવી મૂઢયોનિઓમાં જન્મે છે. શ્રેષ્ઠ કર્મોનું સાત્ત્વિક એટલે કે સુખ, જ્ઞાન, વૈરાગ્ય આદિ નિર્મળ ફળ તત્ત્વજ્ઞાનીઓએ કહ્યું છે; જ્યારે રાજસ કર્મનું ફળ દુઃખ તથા તામસ કર્મનું ફળ અજ્ઞાન કહ્યું છે. સત્ત્વગુણથી જ્ઞાન જન્મે છે અને રજોગુણથી નિઃશંકપણે લોભ તથા તમોગુણથી પ્રમાદ અને મોહ જન્મે છે અને વળી અજ્ઞાન પણ જન્મે છે. સત્ત્વગુણમાં સ્થિત માણસો સ્વર્ગ આદિ ઉચ્ચ લોકોને પામે છે, રજોગુણમાં સ્થિત રાજસી માણસો મધ્યમાં એટલે કે મનુષ્યલોકમાં જ રહે છે અને તમોગુણના કાર્ય એવા નિદ્રા, પ્રમાદ, આળસ આદિમાં સ્થિત તામસી માણસો અધોગતિને એટલે કે જંતુ, પશુ, આદિ નીચ યોનિઓને તેમજ નરકોને પામે છે. જે કાળે સાક્ષીરૂપ

રહેલો દ્રષ્ટા ત્રણ ગુણો સિવાય બીજા કોઈને કર્તારૂપે નથી જોતા અને ત્રણેય ગુણોથી સાવ પર એવા સચ્ચિદાનંદઘનસ્વરૂપ મુજ પરમાત્માને તત્ત્વથી જાણે છે, એ વખતે એ મારા સ્વરૂપને પામે છે. શરીરની ઉત્પત્તિના કારણ એવા આ ત્રણેય ગુણોને પાર કરીને જન્મ, મૃત્યુ, વૃદ્ધાવસ્થા અને સર્વ પ્રકારનાં દુઃખોથી છૂટેલો આ પુરુષ પરમાનંદને પામે છે. ॥૫-૨૦॥

અર્જુન બોલ્યા – આ ત્રણેય ગુણોથી અતીત પુરુષ કયાં કયાં લક્ષણોથી યુક્ત હોય છે અને કેવું આચરણ કરનાર હોય છે તથા હે પ્રભો! માણસ કયા ઉપાયથી આ ત્રણેય ગુણોથી અતીત થઈ શકે છે? ॥૨૧॥

શ્રીભગવાન બોલ્યા – હે પાંડવ! સત્ત્વગુણના કાર્ય એવા પ્રકાશનો, રજોગુણના કાર્યસ્વરૂપ પ્રવૃત્તિનો તથા તમોગુણના કાર્ય એવા મોહનો પણ જે પુરુષ નથી તો એમના પ્રવૃત્ત થતાં દ્વેષ કરતો કે નથી તો નિવૃત્ત થતાં એમની આકાંક્ષા કરતો; જે સાક્ષીની પેઠે સ્થિત થયેલો ગુણો વડે વિચલિત કરી શકાતો નથી તથા 'ગુણો જ ગુણોમાં વર્તે છે' એમ સમજીને જે સચ્ચિદાનંદઘન પરમાત્મામાં એકાત્મભાવે સ્થિત રહે છે તેમજ એ સ્થિતિથી કદી વિચલિત નથી થતો; જે નિરંતર આત્મભાવમાં સ્થિત છે, સુખ-દુઃખને સમાન સમજે છે, માટી, પથ્થર તેમજ સોનામાં સમાન ભાવ રાખે છે, જ્ઞાની છે, પ્રિય અને અપ્રિયને એક જેવાં માને છે તથા પોતાની નિંદા કે સ્તુતિમાં પણ સમાન ભાવ રાખે છે; જે માન અને અપમાનમાં સમ છે, મિત્ર અને શત્રુ પક્ષમાં પણ સમ છે તેમજ સર્વ કર્મોમાં કર્તાપણાના અભિમાન વિનાનો છે, એ પુરુષ ગુણાતીત કહેવાય છે. જે પુરુષ અવ્યભિચારી ભક્તિયોગથી મને નિરંતર ભજે છે, એ પણ આ ત્રણેય ગુણોને સમ્યક રીતે પાર કરીને સચ્ચિદાનંદઘન બ્રહ્મને પામવા યોગ્ય બની જાય છે. કેમકે એ અવિનાશી પરબ્રહ્મનું અને અમૃતનું તથા શાશ્વત ધર્મનું તેમજ અખંડ એકરસ આનંદનું રહેઠાણ હું છું. ॥૨૨-૨૭॥

—★—

શ્રીમદ્ભગવદ્ગીતા – પુરુષોત્તમયોગ

શ્રીભગવાન બોલ્યા – જેનું આદિપુરુષ પરમેશ્વરરૂપી ઊર્ધ્વ-મૂળ છે, જેની નીચે રહેલી બ્રહ્મારૂપી મુખ્ય શાખા છે તથા વેદો જેનાં પાંદડાંઓ છે, એવા આ સંસારરૂપી અશ્વત્થ વૃક્ષને તત્ત્વજ્ઞાનીઓ અવિનાશી કહે છે; જે માણસ એ સંસારરૂપી વૃક્ષને મૂળસહિત તત્ત્વથી જાણે છે, એ વેદના તાત્પર્યને જાણનાર છે. એ સંસારવૃક્ષની ત્રણેય ગુણોરૂપી જળ વડે વૃદ્ધિ પામેલી અને વિષયોરૂપી કૂંપળો ધરાવતી દેવ, મનુષ્ય, તિર્યક આદિ યોનિઓરૂપી શાખાઓ નીચે અને ઉપર આમ તેમ ફેલાયેલી છે તથા મનુષ્ય યોનિમાં કર્માનુસાર બાંધનારાં અહંતા, મમતા તથા વાસનારૂપી મૂળિયાં નીચે અને ઉપર બધા લોકોમાં ફેલાયેલાં છે. આ સંસારવૃક્ષનું સ્વરૂપ જેવું કહ્યું છે, એવું અહીં વિચારકાળમાં જોવા મળતું નથી, કેમકે આનો નથી તો આદિ કે નથી અંત, તેમજ નથી આની નિશ્ચિત પ્રકારની સ્થિતિ પણ છે. માટે આ અહંતા, મમતા અને વાસનારૂપી અત્યંત દૃઢ થયેલાં મૂળ ધરાવતા સંસારરૂપી અશ્વત્થવૃક્ષને દૃઢ વૈરાગ્યરૂપી શસ્ત્ર વડે કાપી નાખીને, એ પછી એ પરમપદસ્વરૂપ પરમેશ્વરને સારી પેઠે શોધવા જોઈએ, કે જેને પામી ચૂકેલા માણસો

ફરી પાછા વળીને સંસારમાં નથી આવતા અને જે પરમેશ્વરથી આ પુરાતન સંસાર-વૃક્ષની પ્રવૃત્તિ અર્થાત્ પરંપરા વિસ્તાર પામી છે; એ જ આદિપુરુષ નારાયણને હું શરણે છું – આ પ્રમાણે દૃઢ નિશ્ચય કરીને એ પરમેશ્વરનું મનન અને નિદિધ્યાસન કરવું. જેમનાં માન અને મોહ નષ્ટ થઈ ચૂક્યાં છે, જેમણે આસક્તિરૂપી દોષને જીતી લીધો છે, જેમની પરમાત્માના સ્વરૂપમાં નિત્ય સ્થિતિ છે અને જેમની કામનાઓ પૂર્ણરૂપે નાશ પામી ચૂકી છે – એવા સુખ-દુઃખરૂપી દ્વંદ્વોથી છૂટેલા જ્ઞાનીજનો તે અવિનાશી પરમપદને પામે છે. જે પરમપદને પામીને મનુષ્યો પાછા ફરીને સંસારમાં આવતા નથી—તે સ્વયંપ્રકાશિત પરમપદને ન તો સૂર્ય પ્રકાશિત કરી શકે છે, ન ચન્દ્રમા કે ન અગ્નિ; તે જ મારું પરમધામ છે. ॥ ૧-૬ ॥

આ દેહમાં રહેલો સનાતન જીવાત્મા મારો જ અંશ છે અને તે જ આ પ્રકૃતિમાં રહેલી મનસહિતની પાંચેય ઇન્દ્રિયોને ખેંચે છે. વાયુ ગંધના સ્થાનેથી ગંધને જે રીતે ગ્રહણ કરીને બીજા સ્થાને લઈ જાય છે, તે જ રીતે દેહ આદિનો સ્વામી જીવાત્મા પણ જે શરીરને છોડે છે, તે શરીરમાંથી પ્રાણો દ્વારા મન સમેત ઇન્દ્રિયોને લઈને, પછી જે શરીરને પામે છે, એમાં જાય છે. આ જીવાત્મા શ્રોત્ર, ચક્ષુ, ત્વચા, રસના, ઘ્રાણ અને મનને આશ્રયે એટલે કે એમની સહાય લઈને જ વિષયોને સેવે છે. શરીર છોડીને જતો, શરીરમાં સ્થિત રહેલો, વિષયોને ભોગવતો કે ત્રણેય ગુણોથી જોડાયેલો હોવા છતાંય, જીવાત્માના યથાર્થ સ્વરૂપને અજ્ઞાની જનો નથી જાણતા, કેવળ જ્ઞાનચક્ષુ ધરાવનાર વિવેકશીલ જ્ઞાનીજનો જ તત્ત્વથી જાણે છે. યત્ન કરનારા યોગી જનો પણ પોતાના હૃદયમાં સ્થિત આ આત્માને તત્ત્વથી જાણી શકે છે; પરંતુ જેમણે અંતઃકરણ શુદ્ધ નથી કર્યું, એવા અજ્ઞાનીજનો તો યત્ન કરતા રહેવા છતાં પણ આ આત્માને નથી જાણી શકતા. ॥ ૭-૧૧ ॥

સૂર્યમાં રહેલું જે તેજ આખા જગતને પ્રકાશિત કરે છે, જે તેજ ચન્દ્રમામાં છે અને જે અગ્નિમાં છે, એને તું મારું જ તેજ જાણ તથા હું જ પૃથ્વીમાં પ્રવેશીને પોતાની શક્તિથી સઘળાં ભૂતોને ધારણ કરું છું અને રસસ્વરૂપ એટલે કે અમૃતમય ચન્દ્રમા બનીને સઘળી વનસ્પતિઓને પોષું છું. સર્વ પ્રાણીઓનાં શરીરમાં સ્થિત રહેલો હું જ પ્રાણ અને અપાનથી સંયોજાયેલ વૈશ્વાનર અગ્નિસ્વરૂપ થઈને ચાર પ્રકારનાં અન્નને પચાવું છું. હું જ સૌ પ્રાણીઓના હૃદયમાં અંતર્યામી રૂપે રહેલો છું તથા મારાથી જ સ્મૃતિ, જ્ઞાન તેમજ અપોહન (સંશય-નિવૃત્તિ) થાય છે, તથા બધા વેદો વડે હું જ જાણવા યોગ્ય છું તેમજ વેદાન્તનો કર્તા અને વેદોને જાણનાર પણ હું જ છું. આ સંસારમાં નાશવંત અને અવિનાશી – એ બે પ્રકારના પુરુષો છે; એમાંથી સઘળાં ભૂતપ્રાણીઓનાં શરીરો નાશવંત છે અને જીવાત્મા અવિનાશી કહેવાય છે. આ બેયથી ઉત્તમ પુરુષ તો જુદો જ છે, જે ત્રણેય લોકોમાં પ્રવેશીને સૌનું ધારણ-પોષણ કરે છે અને જેને અવિનાશી, પરમેશ્વર તેમજ પરમાત્મા એવાં નામોથી ઓળખાવ્યો છે. હું નાશવંત જડસમુદાય ક્ષેત્રથી સર્વ રીતે અતીત છું અને અવિનાશી જીવાત્માથી પણ ઉત્તમ છું, માટે લોકમાં તેમજ વેદોમાં પુરુષોત્તમ નામે પ્રસિદ્ધ છું. હે ભરતવંશી! જે જ્ઞાની માણસ મને આ રીતે તત્ત્વથી પુરુષોત્તમસ્વરૂપે જાણે છે, એ સર્વજ્ઞ માણસ સર્વ રીતે નિરંતર મુજ વાસુદેવ પરમેશ્વરને જ ભજે છે. હે નિષ્પાપ અર્જુન! આમ આ ઘણું રહસ્યમય ગોપનીય શાસ્ત્ર મેં કહ્યું, આને તત્ત્વથી જાણીને માણસ જ્ઞાની અને કૃતાર્થ થઈ જાય છે. ॥ ૧૨-૨૦ ॥

—★—

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા – દૈવાસુરસમ્પદ્વિભાગયોગ

શ્રીભગવાન બોલ્યા – ભયનો સંપૂર્ણપણે અભાવ હોવો, અંતઃકરણ પૂર્ણરૂપે નિર્મળ હોવું, તત્ત્વજ્ઞાનને અર્થે ધ્યાનયોગમાં નિરંતર દૃઢ સ્થિતિ હોવી, સાત્ત્વિક દાન કરવું, ઇન્દ્રિયોને પોતાના વશમાં રાખવી, ભગવાન, દેવતા અને વડીલોની પૂજા કરવી તેમજ અગ્નિહોત્ર આદિ ઉત્તમ કર્મોનું આચરણ કરવું, વેદ-શાસ્ત્રોનું પઠન-પાઠન અને ભગવાનના નામ તેમજ ગુણોનું કીર્તન કરવું, સ્વધર્મ-પાલન અર્થે કષ્ટ સહેવું તથા શરીર અને ઇન્દ્રિયોસહિત અંતઃકરણમાં સરળતા હોવી – મન, વાણી અને શરીરથી કોઈ પણ પ્રકારનું કોઈનેય કષ્ટ ન આપવું, યથાર્થ અને પ્રિય બોલવું, પોતાના પર અપકાર કરનાર ઉપર પણ ક્રોધ ન હોવો, કર્મોમાં કર્તાપણાના અભિમાનનો ત્યાગ, અંતઃકરણની ઉપરતિ એટલે કે ચિત્તની ચંચળતા ન હોવી, કોઈનાય નિંદા આદિ ન કરવા, સર્વ ભૂત-પ્રાણીઓ પર કશાય હેતુ વિના દયાભાવ રાખવો, ઇન્દ્રિયોનો વિષયો સાથે સંયોગ થવા છતાં પણ વિષયો પ્રત્યે આસક્તિ ન હોવી, મૃદુ સ્વભાવ હોવો, લોક અને શાસ્ત્રથી વિરુદ્ધ આચરણમાં લજ્જા થવી તથા વ્યર્થ ચેષ્ટાઓ ન થવી – તેજ, ક્ષમા, ધૈર્ય, બાહ્યશુદ્ધિ, કોઈના પ્રત્યે શત્રુભાવ ન હોવો, પોતાનામાં પૂજ્યતાનું અભિમાન ન હોવું – આ સઘળાં હે ભારત! દૈવી સંપદાને પ્રાપ્ત થયેલા માણસનાં લક્ષણો છે. હે પાર્થ! દંભ, ઘમંડ, અભિમાન, ક્રોધ, કઠોરતા અને વળી અજ્ઞાન – આ સઘળાં આસુરી સંપદાને પ્રાપ્ત થયેલા માણસનાં લક્ષણો છે. દૈવી સંપદા મુક્તિમાં અને આસુરી સંપદા બંધનમાં હેતુ મનાઈ છે; તું દૈવી સંપદાને લઈને જન્મ્યો છે, માટે હે પાંડવ! તું શોક કર મા.
॥ ૧-૫ ॥

હે પાર્થ! આ લોકમાં ભૂતોની સૃષ્ટિ એટલે કે મનુષ્યસમુદાય બે જ પ્રકારના છે : એક દૈવી પ્રકૃતિનો અને બીજો આસુરી પ્રકૃતિનો; એમાંથી દૈવી પ્રકૃતિના સમુદાય વિષે તો વિસ્તારથી કહ્યું, હવે તું આસુરી પ્રકૃતિના મનુષ્યસમુદાય વિષે પણ વિસ્તારપૂર્વક મારી પાસેથી સાંભળ. આસુરી સ્વભાવના માણસો પ્રવૃત્તિ અને નિવૃત્તિ – આ બંનેને નથી જાણતા. માટે એમનામાં નથી તો બાહ્ય-આંતરિક શુદ્ધિ હોતી, નથી શ્રેષ્ઠ આચરણ હોતું કે નથી સત્યભાષણ પણ હોતું. આસુરી પ્રકૃતિના માણસો કહ્યા કરે છે કે જગત્ આશ્રય વિનાનું, સાવ અસત્ય અને ઈશ્વર વિના આપમેળે માત્ર સ્ત્રી-પુરુષના સંયોગથી ઉદ્‌ભવ્યું છે, માટે કેવળ કામ જ એનું કારણ છે; એ કામ સિવાય બીજું શું છે? આ મિથ્યા દૃષ્ટિને આધારે નાશ પામેલા સ્વભાવના, મંદબુદ્ધિના, સૌનો અપકાર કરનારા, ક્રૂરકર્મી માણસો માત્ર જગતનો નાશ કરવા માટે જ સમર્થ હોય છે. દંભ, માન અને મદથી ભરેલા એ માણસો કોઈ પણ રીતે પૂરી ન થનારી કામનાઓનો આશરો લઈને, અજ્ઞાનને લીધે મિથ્યા સિદ્ધાંતોને પકડીને તેમજ ભ્રષ્ટ આચરણો ધારણ કરીને સંસારમાં વિચરે છે. તથા તેઓ મૃત્યુપર્યન્ત રહેનારી અસંખ્ય ચિંતાઓનો આશરો લેનારા, વિષયોને ભોગવવામાં તત્પર રહેનારા અને 'આટલું જ સુખ છે' એમ માનનારા હોય છે. આશાના સેંકડો ફંદાઓથી બંધાયેલા એ માણસો કામ-ક્રોધને પરાયણ થઈને વિષયભોગોને અર્થે અન્યાયથી ધન આદિ પદાર્થોને ભેગા કરવાના

પ્રયત્નો કર્યા કરે છે. તેઓ વિચાર્યા કરે છે કે મેં આજે આ મેળવી લીધું અને હવે આ મનોરથને પાર પાડીશ, મારી પાસે આટલું ધન છે અને હજી પણ આ થઈ જશે. પેલો શત્રુ તો મારા વડે હણાયો અને પેલા બીજા શત્રુઓને પણ હું હણી નાખીશ. હું ઈશ્વર છું, ઐશ્વર્યને ભોગવનારો છું, હું સઘળી સિદ્ધિઓથી યુક્ત છું તથા બળવાન અને સુખી છું. હું ઘણો ધનવાન છું અને મારું આટલું મોટું કુટુંબ છે, મારા જેવો બીજો કોણ છે? હું યજ્ઞ કરીશ, દાન દઈશ અને મોજમજા કરીશ. આમ અજ્ઞાનને કારણે મોહિત રહેનારા, અનેક રીતે ભ્રમિતચિત્ત તથા મોહરૂપી જાળથી વીંટળાયેલા, તેમજ વિષયભોગોમાં રચ્યાપચ્યા રહેનારા આસુરી જનો મહાન અપવિત્ર નરકમાં પડે છે. એવા પોતે પોતાને જ શ્રેષ્ઠ માનનારા ઘમંડી માણસો ધન અને માનના મદથી ચૂર થઈને કેવળ નામમાત્રના યજ્ઞો વડે પાખંડથી શાસ્ત્રવિધિથી રહિત યજન કરે છે. અહંકાર, બળ, ઘમંડ, કામના અને ક્રોધ આદિને પરાયણ રહેનારા, એ સિવાય બીજા અનાચારોમાં રચ્યાપચ્યા તથા બીજાની નિંદા કરનારા એ માણસો પોતાના તેમજ બીજાના શરીરમાં રહેલા મુજ અંતર્યામીનો જ દ્વેષ કરે છે. એ દ્વેષ કરનારા, પાપાચારીઓ અને ક્રૂરકર્મી નરાધમોને હું સંસારમાં વારંવાર આસુરી યોનિઓમાં જ નાખું છું. હે કૌન્તેય! એ મૂર્ખાઓ મને પામ્યા વિના જ જનમોજનમ આસુરી યોનિને પામે છે, પછી એનાથીય ઘણી નીચ ગતિને પામે છે એટલે કે ઘોર નરકોમાં પડે છે. કામ, ક્રોધ તથા લોભ – આ ત્રણ જાતનાં નરકનાં દ્વાર આત્માનો નાશ કરનારાં એટલે કે એને અધોગતિએ લઈ જનારાં છે, માટે આ ત્રણેયને ત્યજી દેવાં જોઈએ. હે કુંતીપુત્ર! આ ત્રણેય નરકનાં દ્વારોથી છૂટેલો માણસ પોતાનું કલ્યાણ આચરે છે, માટે એ પરમ ગતિને એટલે કે મને પામી જાય છે. જે માણસ શાસ્ત્રવિધિને છોડીને પોતાની ઇચ્છા પ્રમાણે મનમાન્યું આચરણ કરે છે, એ ન તો સિદ્ધિને પામે છે, ન પરમ ગતિને કે ન સુખને પામે છે. આથી તારા માટે આ કર્તવ્ય અને અકર્તવ્યની વ્યવસ્થામાં શાસ્ત્ર જ પ્રમાણ છે, એમ જાણીને તારે શાસ્ત્રવિધિ પ્રમાણે નિયત કર્મ જ કરવું જોઈએ. ॥ ૬-૨૪॥

—★—

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા – શ્રદ્ધાત્રયવિભાગયોગ

અર્જુન બોલ્યા – હે કૃષ્ણ! જે માણસો શાસ્ત્રવિધિને છોડીને શ્રદ્ધાભાવે જોડાયેલા, દેવાદિકોને પૂજે છે, એમની સ્થિતિ તો પછી કઈ ગણાય? સાત્ત્વિકી, રાજસી કે તામસી? ॥ ૧॥

શ્રીભગવાન બોલ્યા – માણસોની એ શાસ્ત્રીય સંસ્કારો વિનાની કેવળ સ્વભાવમાંથી જન્મેલી શ્રદ્ધા સાત્ત્વિકી, રાજસી અને તામસી – એમ ત્રણ પ્રકારની જ હોય છે; એને તું મારી પાસેથી સાંભળ. હે ભરતવંશી! સૌ માણસોની શ્રદ્ધા એમના અંતઃ-કરણને અનુરૂપ હોય છે. આ જીવાત્મા શ્રદ્ધામય છે, માટે જે માણસ જેવી શ્રદ્ધા રાખનારો છે, એ પોતે પણ એવા જ સ્વભાવનો છે. સાત્ત્વિક માણસો દેવોને પૂજે છે, રાજસી માણસો યક્ષ અને રાક્ષસોને તથા બીજા જે તામસી માણસો છે, તેઓ પ્રેત અને ભૂતોને પૂજે છે. બીજા જે માણસો શાસ્ત્રવિધિ વિનાનું, માત્ર મનમાન્યું ઘોર તપ આચરે છે તથા દંભ અને અહંકારથી ભરેલા

તેમજ કામના, આસક્તિ અને બળના અભિમાનથી પણ યુક્ત છે તથા જેઓ શરીરરૂપે રહેલા ભૂતસમુદાયને અને અંતઃકરણમાં રહેલા મુજ પરમાત્માને પણ કૃશ કરનારા છે, એ અજ્ઞાનીઓને તું આસુરી સ્વભાવના જાણ. ભોજન પણ સૌને પોત-પોતાના સ્વભાવ અનુસાર ત્રણ પ્રકારનું ગમતું હોય છે અને એ જ રીતે યજ્ઞ, તપ અને દાન પણ ત્રણ-ત્રણ પ્રકારનાં હોય છે; એમના આ જુદા–જુદા ભેદને તું મારી પાસેથી સાંભળ. ॥ ૨-૭ ॥

આયુષ્ય, બુદ્ધિ, બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિ વધારનારા, રસયુક્ત, સ્નિગ્ધ, સ્થિર રહેનારા અને સ્વાભાવિક રીતે જ મનને ગમે એવા આહાર એટલે કે ભોજન કરવાના પદાર્થો સાત્ત્વિક માણસને ગમતા હોય છે. કડવા, ખાટા, ખારા, ઘણા ગરમ, તીખા, રૂખા, દાહકારક અને દુઃખ, ચિન્તા તથા રોગોને જન્માવનારા આહાર રાજસી માણસને ગમતા હોય છે. જે ભોજન અડધું પાકેલું અને અડધું કાચું, રસ વિનાનું દુર્ગંધવાળું, વાસી અને એંઠું છે તથા જે અપવિત્ર પણ છે, એ ભોજન તામસી માણસને ગમતું હોય છે. જે શાસ્ત્રવિધિ દ્વારા નિયત થયેલો યજ્ઞ કરવો એ જ કર્તવ્ય છે—એમ મનમાં નિશ્ચય કરીને ફળની ઈચ્છા વિનાના માણસો વડે કરવામાં આવે છે, તે સાત્ત્વિક છે. પણ હે ભરતશ્રેષ્ઠ! કેવળ દંભ આચરવા ખાતર અથવા ફળ પ્રત્યે લક્ષ રાખીને જે યજ્ઞ કરાય છે, તે યજ્ઞને તું રાજસ જાણ. શાસ્ત્રવિધિ વિના, અન્નદાન વિના, મંત્રરહિત, વિના દક્ષિણાએ અને શ્રદ્ધાભાવ વિના કરવામાં આવેલા યજ્ઞને તામસ યજ્ઞ કહેવાય છે. દેવો, બ્રાહ્મણ, ગુરુજનો અને જ્ઞાનીજનોનું પૂજન, પવિત્રતા, સરળપણું, બ્રહ્મચર્ય અને અહિંસા – આ શરીરનું તપ કહેવાય છે. જે ઉદ્વેગ ન જન્માવનારું, પ્રિય અને હિતકારક તેમજ યથાર્થ વચન છે તથા જે વેદશાસ્ત્રોનાં વાંચનનો અને પરમેશ્વરના નામ-જપનો અભ્યાસ છે, એ જ વાણીનું તપ કહેવાય છે. મનની પ્રસન્નતા, શાન્તભાવ, ભગવચ્ચિંતન કરવાનો સ્વભાવ, મનનો નિગ્રહ અને અંતઃકરણના ભાવોની સારી પેઠે પવિત્રતા – (આ પ્રમાણેનું) આ મનનું તપ કહેવાય છે. ફળની ઈચ્છા વિનાના યોગી જનો દ્વારા પરમ શ્રદ્ધાથી આચરવામાં આવેલા એ ત્રણ પ્રકારના (કાયિક, વાચિક અને માનસિક) તપને સાત્ત્વિક કહે છે. જે તપ સત્કાર, માન અને પૂજા ખાતર તથા બીજા કોઈ સ્વાર્થ ખાતર પાખંડથી આચરવામાં આવે છે, એ અનિશ્ચિત તેમજ ક્ષણિક ફળ આપનારું તપ અહીં રાજસ કહેવાયું છે. જે તપ મૂર્ખતાપૂર્વક હઠથી, મન, વાણી અને શરીરની પીડાસહિત અથવા બીજાનું અનિષ્ટ કરવા માટે આચરવામાં આવે છે, એ તપ તામસ કહેવાયું છે. 'દાન આપવું એ જ કર્તવ્ય છે' એવા ભાવથી જે દાન યોગ્ય દેશ, યોગ્ય કાળ અને યોગ્ય પાત્ર પ્રાપ્ત થતાં, પોતાના પર જેણે ઉપકાર નથી કર્યો, એવા માણસને પ્રત્યુપકારની અપેક્ષા ન રાખતાં, નિઃસ્વાર્થભાવે જે આપવામાં આવે છે, એ દાન સાત્ત્વિક કહેવાયું છે. પરંતુ જે દાન ક્લેશપૂર્વક તથા પ્રત્યુપકારની અપેક્ષાથી કે ફળને દૃષ્ટિમાં રાખ્યા પછી આપવામાં આવે છે, એ દાન રાજસ કહેવાયું છે. જે દાન સત્કાર વિના કે તિરસ્કારપૂર્વક અયોગ્ય દેશ-કાળમાં અને કુપાત્રને આપવામાં આવે છે, એ દાન તામસ કહેવાયું છે. ॥ ૮-૨૨ ॥

ૐ, તત, સત્ – એમ આ ત્રણ પ્રકારનું સચ્ચિદાનંદઘન બ્રહ્મનું નામ કહેવાયું છે; એ બ્રહ્મથી જ સૃષ્ટિના આરંભે બ્રાહ્મણો, વેદો તથા

યજ્ઞ આદિ રચાયા. માટે વેદમંત્રોનું ઉચ્ચારણ કરનારા શ્રેષ્ઠ માણસોની, શાસ્ત્રવિધિથી નિયત થયેલી યજ્ઞ, દાન અને તપરૂપી ક્રિયાઓ સદા 'ૐ' એ પરમાત્માના નામનું ઉચ્ચારણ કરીને જ શરૂ થાય છે. તત્ એટલે કે 'तत्' નામથી ઓળખાતા પરમાત્માનું જ આ સઘળું છે – એવા ભાવ સાથે ફળને લક્ષમાં ન રાખતાં અનેક પ્રકારની યજ્ઞ–તપરૂપી ક્રિયાઓ, તેમજ દાનરૂપી ક્રિયાઓ કલ્યાણની ઇચ્છા રાખનારા માણસો દ્વારા કરવામાં આવે છે. 'सत्' – એ પ્રમાણે આ પરમાત્માનું નામ સત્યભાવમાં અને શ્રેષ્ઠભાવમાં પ્રયુક્ત થાય છે તથા હે પાર્થ! ઉત્તમ કર્મોમાં પણ 'सत्' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. તથા યજ્ઞ, તપ અને દાનમાં જે શ્રદ્ધા અને આસ્તિકબુદ્ધિ છે, એ પણ 'सत्' કહેવાય છે અને એ પરમાત્માને કાજે કરેલું કર્મ તો નિશ્ચિતપણે 'सत्' કહેવાય છે. હે પાર્થ! વગર શ્રદ્ધાએ કરાયેલો હવન, દીધેલું દાન, આચરેલું તપ અને જે કંઈ પણ કરવામાં આવેલું શુભ કર્મ છે – એ સઘળું 'असत्' કહેવાય છે; માટે એ ન તો આ લોકમાં લાભદાયક છે કે ન તો મર્યા પછી. ॥ ૨૩-૨૮ ॥

—★—

શ્રીમદ્ભગવદ્ગીતા – મોક્ષસંન્યાસયોગ

અર્જુન બોલ્યા – હે મહાબાહો! હે અંતર્યામી! હે વાસુદેવ! હું સંન્યાસના તેમજ ત્યાગના તત્ત્વને જુદું-જુદું જાણવા માગું છું. ॥ ૧ ॥

શ્રીભગવાન બોલ્યા – કેટલાક પંડિતજનો કામ્યકર્મોના ત્યાગને સંન્યાસ સમજે છે, જ્યારે બીજા વિચારકુશળ માણસો સઘળાંય કર્મોના ફળના ત્યાગને ત્યાગ કહે છે. કેટલાક વિદ્વાનો એમ કહે છે કે કર્મમાત્ર દોષયુક્ત છે, માટે ત્યાગ કરવા યોગ્ય છે, જ્યારે અન્ય વિદ્વાનો એમ કહે છે કે યજ્ઞ, દાન અને તપરૂપી કર્મ ત્યાગ કરવા યોગ્ય નથી. હે પુરુષશ્રેષ્ઠ! હે ભરતવંશીઓમાં ઉત્તમ! સંન્યાસ અને ત્યાગ – એ બેમાંથી પહેલાં ત્યાગ વિષે તું મારો નિશ્ચય સાંભળ, કેમકે ત્યાગ સાત્ત્વિક, રાજસ અને તામસ એવા ભેદથી ત્રણ પ્રકારનો કહેવાયો છે. યજ્ઞ, દાન અને તપરૂપી કર્મો ત્યાગ કરવા યોગ્ય નથી, પરંતુ એ તો અવશ્ય કરવાં જોઈએ; કેમકે યજ્ઞ, દાન અને તપ- એ ત્રણેય કર્મો બુદ્ધિશાળી માણસોને પવિત્ર કરનારાં છે. માટે હે પાર્થ! આ યજ્ઞ, દાન અને તપરૂપી કર્મોને, તેમજ બીજાં પણ સઘળાંય કર્તવ્ય કર્મોને આસક્તિ અને ફળનો ત્યાગ કરીને ચોક્કસ કરવાં જોઈએ; આ મારો નિશ્ચિત કરેલો ઉત્તમ મત છે. (નિષિદ્ધ તેમજ કામ્યકર્મોનો તો સ્વરૂપથી ત્યાગ કરવો ઉચિત જ છે.) પરંતુ નિયત કર્મનો સ્વરૂપથી ત્યાગ ઉચિત નથી; માટે મોહને લીધે એ નિયત કર્મનો ત્યાગ કરી દેવો તામસ ત્યાગ કહેવાયો છે. જે કંઈ કર્મ છે, એ સઘળું દુઃખરૂપ જ છે – એમ માનીને જો કોઈ માણસ શારીરિક ક્લેશના ભયથી કર્તવ્યકર્મોનો ત્યાગ કરી દે, તો એ આવો રાજસ ત્યાગ કરીને ત્યાગના ફળને કોઈ રીતે પણ નથી પામતો. હે અર્જુન! જે શાસ્ત્રવિહિત કર્મ કરવું કર્તવ્ય છે—એવા ભાવથી આસક્તિ અને ફળનો ત્યાગ કરીને કરવામાં આવે છે, એ જ સાત્ત્વિક ત્યાગ મનાયો છે. જે માણસ અકુશળ કર્મનો દ્વેષ નથી કરતો કે કુશળ કર્મમાં આસક્ત નથી થતો, એ શુદ્ધ

સત્ત્વગુણથી યુક્ત માણસ સંશય વિનાનો, બુદ્ધિશાળી અને ખરો ત્યાગી છે. શરીરધારી કોઈ પણ માણસ દ્વારા સંપૂર્ણપણે બધાં જ કર્મોને ત્યજવાં શક્ય નથી; માટે જે કર્મફળનો ત્યાગ કરનાર છે, એ જ ત્યાગી કહેવાય છે. કર્મફળનો ત્યાગ ન કરનારા માણસોનાં કર્મોનું સારું, નરસું અને મિશ્ર – એમ ત્રણ પ્રકારનું ફળ મર્યા પછી અવશ્ય હોય છે; પરંતુ કર્મફળનો ત્યાગ કરી દેનારા માણસોનાં કર્મોનું ફળ કોઈ કાળે પણ નથી હોતું. ॥ ૨-૧૨ ॥

હે મહાબાહો! સર્વ કર્મોના સિદ્ધ થવામાં આ પાંચ કારણો, કર્મોનો અંત કરવાનો ઉપાય દર્શાવનાર સાંખ્યશાસ્ત્રમાં કહેવાયાં છે, એમને તું મારી પાસેથી સારી રીતે જાણી લે. આ વિષે એટલે કે કર્મોની સિદ્ધિ થવામાં અધિષ્ઠાન, કર્તા, જુદા-જુદા પ્રકારનાં કરણો, અનેક જાતની જુદી-જુદી ચેષ્ટાઓ અને એ જ રીતે પાંચમું કારણ દૈવ છે. માણસ મન, વાણી અને શરીરથી શાસ્ત્રને અનુકૂળ કે વિપરીત જે કંઈ પણ કર્મ આચરે છે, એનાં આ પાંચેય કારણો છે. પરંતુ આમ હોવા છતાં પણ જે માણસ અશુદ્ધ બુદ્ધિનો હોવાને કારણે કર્મોના થવામાં કેવળ – શુદ્ધસ્વરૂપ આત્માને કર્તા સમજે છે, એ મલિન બુદ્ધિનો અજ્ઞાની યથાર્થ નથી સમજતો. જે માણસના અંતઃકરણમાં 'હું કર્તા છું' એવો ભાવ નથી, તેમજ જેની બુદ્ધિ સાંસારિક પદાર્થોમાં અને કર્મોમાં લેપાતી નથી, એ માણસ આ બધા લોકોને હણીને પણ વાસ્તવમાં નથી હણતો કે નથી પાપથી બંધાતો. જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય – આ ત્રણ પ્રકારના કર્મના પ્રેરકો છે; અને કર્તા, કરણ તેમજ ક્રિયા – આ ત્રણ પ્રકારનો કર્મસંગ્રહ એટલે કે કર્મનાં સાધનો છે. ॥ ૧૩-૧૮ ॥

ગુણોને આધારે સઘળા પદાર્થોની ગણના કરનારા સાંખ્યશાસ્ત્રમાં ગુણોના ભેદને લીધે જ્ઞાન, કર્મ તથા કર્તા ત્રણ-ત્રણ પ્રકારનાં જ કહેવાયાં છે; એમને પણ તું મારી પાસેથી સારી પેઠે સાંભળ. જે જ્ઞાનથી માણસ ભિન્ન-ભિન્ન જણાતાં બધાં જ ભૂતોમાં એક અવિનાશી પરમાત્મભાવને, અવિભાજિતરૂપે સમભાવે રહેલો જુએ છે, એ જ્ઞાનને તું સાત્ત્વિક જાણ. પરંતુ જે જ્ઞાન સકળ ભૂતોમાં જુદી-જુદી જાતના અનેક ભાવોને જુદા-જુદા સ્વરૂપે જાણે છે, એ જ્ઞાનને તું રાજસ જાણ અને વળી જે જ્ઞાન એકલા કાર્યરૂપ શરીરમાં જ સંપૂર્ણની જેમ આસક્ત રહેનારું છે તથા જે યુક્તિ વિનાનું, તાત્ત્વિક અર્થથી રહિત તેમજ તુચ્છ છે, એ તામસ કહેવાયું છે. જે કર્મ શાસ્ત્રવિધિથી નિયત થયેલું હોય, કર્તાપણાના અભિમાનથી રહિત થઈને કરવામાં આવ્યું હોય તેમજ ફળની લાલસા વિનાના માણસ વડે રાગ-દ્વેષ વિના કરવામાં આવ્યું હોય, એ કર્મ સાત્ત્વિક કહેવાય છે. પરંતુ જે કર્મ ઘણો પરિશ્રમ વેઠીને કરાય છે અને વળી ભોગોને ઇચ્છતા માણસ વડે કે અહંકારી માણસ વડે કરવામાં આવે છે, એ કર્મ રાજસ કહેવાયું છે. જે કર્મ પરિણામ, હાનિ, હિંસા અને સામર્થ્યને ધ્યાનમાં લીધા વિના, કેવળ અજ્ઞાનને લીધે આચરવામાં આવે છે, એ કર્મ તામસ કહેવાય છે. જે કર્તા આસક્તિરહિત, અહંકારભર્યાં વચનો ન બોલનાર, ધૈર્ય અને ઉત્સાહ ધરાવનાર તથા કાર્યની સિદ્ધિ કે અસિદ્ધિમાં હરખ-શોક આદિ વિકારોથી રહિત છે, એ સાત્ત્વિક કહેવાય છે. જે કર્તા આસક્તિ ધરાવનાર, કર્મોના ફળની લાલસા રાખનાર, લોભી, બીજાને કષ્ટ આપવાનો સ્વભાવ ધરાવનાર, અશુદ્ધ આચરણ રાખનાર તેમજ

હર્ષ-શોકથી લિપ્ત છે, એ રાજસ કહેવાયો છે. જે કર્તા પોતાને વશમાં ન રાખનાર, અશિક્ષિત, ઘમંડી, શઠ, બીજાની આજીવિકાનો નાશ કરનાર, શોક કરનાર, આળસુ અને દીર્ઘસૂત્રી છે, એ તામસ કહેવાય છે. હે ધનંજય! હવે તું બુદ્ધિ તેમજ ધૃતિનો પણ ગુણો અનુસાર ત્રણ પ્રકારનો ભેદ સંપૂર્ણપણે વિભાગપૂર્વક મારી પાસેથી સાંભળ. હે પાર્થ! જે બુદ્ધિ પ્રવૃત્તિમાર્ગ અને નિવૃત્તિ-માર્ગને, કર્તવ્ય તેમજ અકર્તવ્યને, ભય અને અભયને તથા બંધન અને મોક્ષને યથાર્થપણે જાણે છે, એ બુદ્ધિ સાત્ત્વિકી છે. હે પાર્થ! માણસ જે બુદ્ધિ દ્વારા ધર્મ અને અધર્મને તથા કર્તવ્ય અને અકર્તવ્યને પણ યથાર્થપણે નથી જાણી શકતો, એ બુદ્ધિ રાજસી છે. હે પાર્થ! તમોગુણથી ઘેરાયેલી જે બુદ્ધિ અધર્મને પણ 'આ ધર્મ છે' એમ માની બેસે છે તથા એ જ પ્રમાણે બીજા સઘળા પદાર્થોને પણ અવળા માને છે, એ બુદ્ધિ તામસી છે. હે પૃથાપુત્ર! જે અવ્યભિચારિણી ધારણશક્તિથી માણસ ધ્યાનયોગ દ્વારા મન, પ્રાણ અને ઇન્દ્રિયોની ક્રિયાઓને ધારણ કરે છે, એ ધૃતિ સાત્ત્વિકી છે. પરંતુ હે પૃથાપુત્ર અર્જુન! ફળની લાલસા રાખનાર માણસ જે ધારણશક્તિ દ્વારા ઘણી આસક્તિપૂર્વક ધર્મ, અર્થ અને કામને ધારણ કરે છે, એ ધારણશક્તિ રાજસી છે. હે પૃથાપુત્ર! દુષ્ટ બુદ્ધિનો માણસ જે ધારણશક્તિ દ્વારા નિદ્રા, ભય, ચિંતા અને દુઃખને તથા ઉન્મત્તપણાને પણ નથી છોડતો, પણ પકડી રાખે છે, એ ધારણશક્તિ તામસી છે. હે ભરતશ્રેષ્ઠ! હવે ત્રણ પ્રકારનાં સુખને પણ તું મારી પાસેથી સાંભળ. જે સુખમાં સાધક મનુષ્ય ભજન, ધ્યાન અને સેવા આદિના અભ્યાસ વડે રમણ કરે છે અને જેથી દુઃખોના અંતને પામી જાય છે – જે આ જાતનું સુખ છે, એ શરૂઆતમાં જોકે વિષ જેવું જણાય છે, પણ પરિણામે અમૃત જેવું છે; માટે એ પરમાત્મવિષયક બુદ્ધિના પ્રસાદમાંથી ઊપજનારું સુખ સાત્ત્વિક કહેવાયું છે. જે સુખ વિષય અને ઇન્દ્રિયોના સંયોગથી થાય છે, એ શરૂઆતમાં – ભોગકાળમાં અમૃત જેવું જણાતું હોવા છતાં પરિણામે વિષ જેવું છે; માટે એ સુખ રાજસ કહેવાયું છે. જે સુખ ભોગકાળે તેમજ પરિણામે પણ આત્માને મોહિત કરનારું છે, એ નિદ્રા, આળસ અને પ્રમાદમાંથી જન્મેલું સુખ તામસ કહેવાયું છે. પૃથ્વી, આકાશમાં કે દેવતાઓમાં, અથવા એ સિવાય ક્યાંય પણ એવો કોઈ જીવ નથી, જે આ પ્રકૃતિમાંથી જન્મેલા ત્રણેય ગુણોથી મુક્ત હોય. ॥ ૧૯-૪૦ ॥

હે પરંતપ! બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો તથા શૂદ્રોનાં કર્મો સ્વભાવમાંથી ઊપજેલા ગુણો દ્વારા વિભક્ત કરવામાં આવ્યા છે. અંતઃકરણનો નિગ્રહ કરવો, ઇન્દ્રિયોનું દમન કરવું, ધર્મના પાલન કાજે કષ્ટ સહેવું, બાહ્ય-ભીતરથી શુદ્ધ રહેવું, બીજાના અપરાધોને ક્ષમા આપવી, મન, ઇન્દ્રિય તેમજ શરીરને સરળ રાખવાં, વેદો, શાસ્ત્રો, ઈશ્વર અને પરલોક આદિમાં શ્રદ્ધા રાખવી, વેદ-શાસ્ત્રોનું અધ્યયન તથા અધ્યાપન કરવું અને પરમાત્માના તત્ત્વને અનુભવવું – આ બધાંય બ્રાહ્મણનાં સ્વાભાવિક કર્મો છે. શૂરવીરતા, તેજ, ધૈર્ય, નિપુણતા તથા યુદ્ધમાંથી પલાયન ન થવું, દાન આપવું અને પ્રજાનું શાસન કરવું – આ બધાં ક્ષત્રિયનાં સ્વાભાવિક કર્મો છે. ખેતી, ગોપાલન અને ખરીદવા-વેચવારૂપી સત્ય વ્યવહાર – આ વૈશ્યનાં સ્વાભાવિક કર્મો છે તથા સર્વ વર્ણોની સેવા કરવી એ શૂદ્રનું પણ સ્વાભાવિક કર્મ છે.

પોતપોતાના સ્વાભાવિક કર્મમાં તત્પરતાપૂર્વક જોડાયેલો માણસ ભગવત્પ્રાપ્તિરૂપી પરમ સિદ્ધિને પામી જાય છે. પોતાના સ્વાભાવિક કર્મમાં માણસ જે રીતે કર્મ કરીને પરમ સિદ્ધિને પામે છે, એ ઉપાયને તું સાંભળ. જે પરમેશ્વરથી સઘળાં પ્રાણીઓની ઉત્પત્તિ થઈ છે અને જેનાથી આ આખું જગત વ્યાપેલું છે, એ પરમેશ્વરની પોતાના સ્વાભાવિક કર્મો વડે પૂજા કરીને માણસ પરમ સિદ્ધિને પ્રાપ્ત થઈ જાય છે. સારી રીતે આચરવામાં આવેલા બીજાના ધર્મ કરતાં ગુણ વિનાનો છતાં પણ પોતાનો ધર્મ ચડિયાતો છે; કેમકે સ્વભાવથી નિયત થયેલું સ્વધર્મરૂપી કર્મ કરતાં માણસ પાપને નથી પામતો. હે કૌન્તેય! દોષયુક્ત હોવા છતાં પણ સહજ કર્મને ન છોડવું જોઈએ; કેમકે ધુમાડાથી અગ્નિની પેઠે સઘળાં કર્મો કોઈને કોઈ દોષથી યુક્ત છે. ॥ ૪૧-૪૮ ॥

સર્વત્ર આસક્તિરહિત બુદ્ધિ ધરાવનાર, સ્પૃહા વિનાનો તેમજ જેણે અંતઃકરણને જીત્યું છે એવો માણસ સાંખ્યયોગ દ્વારા પણ પરમ નૈષ્કર્મ્યસિદ્ધિને પામે છે. હે કુન્તીપુત્ર! અંતઃકરણની શુદ્ધિરૂપી સિદ્ધિને પ્રાપ્ત થયેલો મનુષ્ય જે રીતે સચ્ચિદાનંદઘનને પ્રાપ્ત થાય છે, જે જ્ઞાનયોગની પરા નિષ્ઠા છે તેને તું સંક્ષેપમાં જ મારી પાસેથી સાંભળ. વિશુદ્ધ થયેલી બુદ્ધિથી યુક્ત, પચવામાં હલકા, સાત્ત્વિક અને નિયમિતપણે ખોરાક ખાનાર, શબ્દાદિ વિષયોને ત્યજીને એકાન્ત તેમજ શુદ્ધ દેશનું સેવન કરનાર, સાત્ત્વિક ધારણશક્તિ દ્વારા અંતઃકરણ અને ઇન્દ્રિયોને સંયમિત કરીને મન, વાણી તથા શરીરને વશમાં રાખનાર, રાગ-દ્વેષને સંપૂર્ણપણે નષ્ટ કરીને યોગ્ય રીતે દૃઢ વૈરાગ્યનો આશરો લેનાર તથા અહંકાર, બળ, ઘમંડ, કામ, ક્રોધ અને પરિગ્રહને છોડીને નિરંતર ધ્યાનયોગને પરાયણ રહેનાર, મમત્વ વિનાનો અને શાંત માણસ સચ્ચિદાનંદઘન બ્રહ્મમાં અભિન્નભાવે સ્થિત રહેવાને પાત્ર બને છે. પછી એ સચ્ચિદાનંદઘન બ્રહ્મમાં એકાત્મભાવે સ્થિત, પ્રસન્નમન યોગી ન તો કોઈના માટે શોક કરે છે કે ન કશાયની આકાંક્ષા કરે છે; એવો બધાંય પ્રાણીઓમાં સમભાવ રાખનાર યોગી મારી પરાભક્તિને પામી જાય છે. પરાભક્તિ દ્વારા એ યોગી મુજ પરમાત્માને, હું જે છું અને જેવા પ્રભાવનો છું, બરાબર એવો ને એવો તત્ત્વથી જાણી લે છે તથા એ ભક્તિના પ્રભાવે મને તત્ત્વથી જાણીને તત્કાળ મારામાં પ્રવેશી જાય છે. ॥ ૪૯-૫૫ ॥

મારે પરાયણ થયેલો કર્મયોગી સઘળાં કર્મોને સદા કરતો હોવા છતાંય મારી કૃપાથી શાશ્વત અવિનાશી પરમ પદને પામી જાય છે. માટે હે અર્જુન! સઘળાં કર્મોને મનથી મારામાં અર્પીને તેમજ સમબુદ્ધિરૂપી યોગને આશ્રયે રહીને, તું મારે પરાયણ અને નિરંતર મારામાં ચિત્ત પરોવનાર થા. એ પ્રમાણે મારામાં ચિત્ત પરોવનાર થયેલો તું મારી કૃપાથી બધાંય સંકટોને વિના પ્રયત્ને પાર કરી જઈશ; અને જો અહંકારને લીધે મારાં વચનોને નહિ સાંભળે, તો નાશ પામીશ, એટલે કે પરમાર્થથી ભ્રષ્ટ થઈ જઈશ. જે તું અહંકારનો આશરો લઈને એમ માની રહ્યો છે કે 'હું યુદ્ધ કરીશ નહિ', તો તારો આ નિશ્ચય મિથ્યા છે; કેમકે તારો સ્વભાવ તને બળજબરીથી યુદ્ધમાં જોડશે. હે કુંતીપુત્ર! જે કર્મને તું મોહને લીધે કરવા નથી ઇચ્છતો, એને પણ પોતાના સ્વાભાવિક કર્મથી બંધાયેલો પરવશ થઈને કરીશ. હે અર્જુન! શરીરરૂપી યંત્ર પર આરૂઢ થયેલાં સંપૂર્ણ પ્રાણીઓને, અંતર્યામી પરમેશ્વર પોતાની માયાથી એમનાં કર્મો પ્રમાણે ભમાવતા સર્વ પ્રાણીઓનાં હૃદયમાં સ્થિત છે.

હે ભારત! તું સર્વ રીતે એ પરમેશ્વરના જ શરણે જા; એ પરમાત્માની કૃપાથી જ તું પરમ શાંતિને તથા શાશ્વત પરમ ધામને પામીશ. આમ આ પ્રમાણે આ ગોપનીયથીય અતિ ગોપનીય જ્ઞાન મેં તને કહી દીધું; હવે તું આ રહસ્યયુક્ત જ્ઞાનને સંપૂર્ણપણે યોગ્ય રીતે વિચારીને જેમ ઇચ્છે એમ જ કર. સઘળાં ગોપનીય વચનોથીય અતિ ગોપનીય મારા પરમ રહસ્યયુક્ત વચનને તું હજી પણ સાંભળ; તું મને ઘણો પ્રિય છે, માટે આ પરમ હિતકારી વચન હું તારા માટે ફરીથી કહું છું. હે અર્જુન! તું મારામાં મન પરોવનાર થા, મારો ભક્ત બની જા, મારું પૂજન કરનાર થા અને મને પ્રણામ કર; આમ કરવાથી તું મને જ પામીશ, આ હું તારી સામે સત્ય પ્રતિજ્ઞા કરું છું, કેમકે તું મને ઘણો પ્રિય છે. સઘળાય ધર્મોને એટલે કે સઘળાંય કર્તવ્ય-કર્મોને મારામાં ત્યજીને, તું કેવળ એકમાત્ર મુજ સર્વ-શક્તિમાન સર્વાધાર પરમેશ્વરના જ શરણે આવી જા. હું તને બધાય પાપોથી મુક્ત કરી દઈશ, તું શોક કર મા. ॥ ૫૬-૬૬ ॥

તારે આ ગીતારૂપી રહસ્યમય ઉપદેશ, કોઈ પણ કાળે ન તો તપરહિત માણસને કહેવો, ન તો ભક્તિરહિતને અને ન તો સાંભળવા ન ઇચ્છતા માણસને કહેવો તથા જે મારામાં દોષદૃષ્ટિ રાખે છે એને તો કદીય ન કહેવો. જે માણસ મારામાં પરમ પ્રેમ રાખીને આ પરમ રહસ્યયુક્ત ગીતાના ઉપદેશને મારા ભક્તોમાં કહી સંભળાવશે, એ મને જ પામશે – એમાં જરા પણ સંદેહ નથી. માણસોમાં એનાથી વધીને મારું પ્રિય કાર્ય કરનારો કોઈ પણ નથી તથા આખી પૃથ્વી પર એનાથી વધીને મારો પ્રિય બીજો કોઈ ભવિષ્યમાં થશે પણ નહિ. જે માણસ આ ધર્મમય આપણા બેના સંવાદરૂપી ગીતાશાસ્ત્રનું અધ્યયન કરશે, એના દ્વારા પણ હું જ્ઞાનયજ્ઞથી પૂજિત થઈશ – એવો મારો મત છે. જે માણસ શ્રદ્ધાળુ અને દોષદૃષ્ટિ વિનાનો થઈને આ ગીતાશાસ્ત્રનું માત્ર શ્રવણ કરશે, એ પણ પાપોથી છૂટીને ઉત્તમ કર્મ કરનારાઓના શ્રેષ્ઠ લોકોને પામશે. હે પાર્થ! શું આ ગીતાશાસ્ત્રને તેં એકાગ્રચિત્તે સાંભળ્યું? અને હે ધનંજય! શું તારો અજ્ઞાનમાંથી ઊપજેલો મોહ નાશ પામ્યો? ॥ ૬૭-૭૨ ॥

અર્જુન બોલ્યા – હે અચ્યુત! આપની કૃપાથી મારો મોહ નષ્ટ થઈ ગયો અને મેં સ્મૃતિ મેળવી લીધી છે, હવે હું સંશયરહિત થઈને સ્થિત છું; માટે આપની આજ્ઞાનું પાલન કરીશ. ॥ ૭૩॥

સંજય બોલ્યા – આમ મેં શ્રીવાસુદેવ અને મહાત્મા અર્જુનના આ અદ્‌ભુત રહસ્યયુક્ત રોમાંચકારક સંવાદને સાંભળ્યો. શ્રી વ્યાસજીની કૃપાથી દિવ્ય દૃષ્ટિ પામીને મેં આ પરમ ગોપનીય યોગને, અર્જુન પ્રત્યે કહેતા સ્વયં યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ પાસેથી પ્રત્યક્ષ સાંભળ્યો છે. હે રાજન્! ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનના આ રહસ્યયુક્ત, કલ્યાણકારક અને અદ્‌ભુત સંવાદનું વારંવાર સ્મરણ કરીને હું ફરીફરીને હરખાઉં છું. હે રાજન્! શ્રીહરિના એ અત્યંત વિલક્ષણ રૂપનું પણ વારંવાર સ્મરણ કરીને મારા ચિત્તમાં મહાન આશ્ચર્ય થાય છે અને હું વારંવાર હર્ષિત થાઉં છું. હે રાજન્! જ્યાં યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ છે અને જ્યાં ગાંડીવધારી અર્જુન છે, ત્યાં જ શ્રી, વિજય, વિભૂતિ તેમજ અચળ નીતિ છે – એવો મારો મત છે. ॥ ૭૪-૭૮ ॥

—★—

રાજા યુધિષ્ઠિરે ભીષ્મ, દ્રોણ, કૃપ અને શલ્ય પાસે જઈને પ્રણામ કરીને યુદ્ધ કરવા માટે આજ્ઞા અને આશીર્વાદ માગવા

વૈશમ્પાયનજી કહે છે – રાજન્! ગીતા સ્વયં ભગવાન્ કમલનાભના મુખમાંથી નીકળી છે, તેથી આનો સારી રીતે સ્વાધ્યાય કરવો જોઈએ. અન્ય અનેક શાસ્ત્રોનો સંગ્રહ કરવાથી શો લાભ? ગીતામાં બધાં શાસ્ત્રોનો સમાવેશ થઈ જાય છે, ભગવાન સર્વદેવમય છે, ગંગાજીમાં બધાં તીર્થોનો વાસ છે તથા મનુ મહારાજ સકળ વેદસ્વરૂપ છે. ગીતા, ગંગા, ગાયત્રી અને ગોવિંદ – આ ગકારયુક્ત ચાર નામો હૃદયમાં સ્થિત થઈ જાય તો પછી આ સંસારમાં જન્મ લેવો પડતો નથી. શ્રીકૃષ્ણે ભારતામૃત (મહાભારતરૂપી અમૃત)ના સારરૂપી ગીતાને વલોવીને તેનો અર્જુનના મુખમાં હોમ કર્યો છે.

સંજયે કહ્યું – ત્યારે અર્જુનને બાણ અને ગાંડીવ ધનુષ્ય ધારણ કરેલો જોઈને મહારથીઓએ ફરી સિંહનાદ કર્યો. તે સમયે પાંડવો, સોમક અને તેમના અનુયાયી બીજા રાજાઓ પ્રસન્ન થઈને શંખ વગાડવા લાગ્યા તથા ભેરી, પેશી, કકચ અને રણશિંગાં વગેરે એકાએક વાગવાથી ત્યાં બહુ ભીષણ અવાજ થવા લાગ્યો.

આ પ્રમાણે બંને બાજુથી સેનાને યુદ્ધ માટે તૈયાર જોઈને મહારાજ યુધિષ્ઠિર પોતાનાં કવચ-શસ્ત્રો મૂકીને રથમાંથી ઊતરી પડ્યા અને હાથ જોડીને બહુ જ ઝડપથી પૂર્વ તરફ, જ્યાં શત્રુસેના ઊભી હતી, પિતામહ ભીષ્મ તરફ જોતા રહીને પગપાળા જ ચાલી નીકળ્યા. તેમને આ પ્રમાણે જતા જોઈને અર્જુન પણ રથમાંથી કૂદી પડ્યા અને બધા ભાઈઓ સાથે તેમની પાછળ-પાછળ ચાલવા માંડ્યા. ભગવાન શ્રીકૃષ્ણ અને બીજા મુખ્ય-મુખ્ય રાજાઓ પણ ભારે ઉત્સુકતાથી તેમની પાછળ-પાછળ જવા લાગ્યા. ત્યારે અર્જુને કહ્યું – 'રાજન્! તમારો શો વિચાર છે? તમે અમને મૂકીને પગપાળા શત્રુસેનામાં કેમ જઈ રહ્યા છો?' ભીમસેન બોલ્યા, 'રાજન્! શત્રુપક્ષના સૈનિકો કવચ પહેરીને યુદ્ધ માટે તૈયાર થઈને ઊભા છે. આવી સ્થિતિમાં તમે ભાઈઓને મૂકીને તથા કવચ અને શસ્ત્રો નાખીને ક્યાં જવા ઇચ્છો છો?' નકુળે કહ્યું, 'મહારાજ! તમે અમારા મોટાભાઈ છો, તમારા આ પ્રમાણે જવાથી અમારા હૃદયમાં બહુ ભય ઉત્પન્ન થઈ રહ્યો છે. જણાવો તો ખરા, તમે ક્યાં જશો?' સહદેવે પૂછ્યું, 'રાજન્! આ અત્યંત ભયંકર રણભૂમિમાં આવી ગયા પછી હવે તમે અમને છોડીને આ શત્રુઓ તરફ ક્યાં જઈ રહ્યા છો?'

ભાઈઓ દ્વારા આ પ્રમાણે પૂછવા છતાં પણ મહારાજ યુધિષ્ઠિરે કોઈ ઉત્તર ન આપ્યો. તેઓ ચૂપચાપ ચાલતા જ રહ્યા. ત્યારે ચતુર-શિરોમણિ શ્રીકૃષ્ણે હસીને કહ્યું, 'હું એમનો અભિપ્રાય સમજી ગયો છું. એ ભીષ્મ, દ્રોણ, કૃપ અને શલ્ય વગેરે બધા ગુરુજનોની આજ્ઞા લઈને શત્રુઓ સાથે યુદ્ધ કરશે. મારો એવો મત છે કે જે પુરુષ પોતાના ગુરુજનોની આજ્ઞા લીધા વિના જ તેમની સામે યુદ્ધ કરવા લાગે છે, તેને તેઓ અવશ્ય શાપ આપે છે અને જે શાસ્ત્રાનુસાર તેમનું અભિવાદન કરીને અને તેમની આજ્ઞા લઈને યુદ્ધ કરે છે, તેનો અવશ્ય વિજય થાય છે.'

આ બાજુ શ્રીકૃષ્ણ આ પ્રમાણે કહી રહ્યા હતા ત્યારે કૌરવોની સેનામાં ભારે શોરબકોર થવા લાગ્યો અને કેટલાક લોકો ચકિત થઈને

ચૂપચાપ ઊભા રહ્યા. દુર્યોધનના સૈનિકોએ રાજા યુધિષ્ઠિરને આવતા જોયા ત્યારે તેઓ આપસમાં કહેવા લાગ્યા, 'અહો! આ જ કુલકલંક યુધિષ્ઠિર છે. જુઓ, હવે આ ડરીને પોતાના ભાઈઓ સહિત શરણું મેળવવાની ઇચ્છાથી ભીષ્મજી પાસે આવી રહ્યો છે. અરે! આની પાછળ તો અર્જુન, ભીમ, નકુળ, સહદેવ જેવા વીરો છે, છતાં આ ભયભીત કઈ રીતે થઈ ગયો.' આમ કહીને પછી તે સૈનિકો કૌરવોની પ્રશંસા કરવા લાગ્યા અને પ્રસન્ન થઈને પોતાની ધજાઓ ફરકાવવા લાગ્યા. આ પ્રમાણે યુધિષ્ઠિરને ધિક્કારીને બધા સૈનિકો – આ ભીષ્મજીને શું કહે છે અને રણબંકો ભીમસેન, કૃષ્ણ તથા અર્જુન આ સંદર્ભમાં શું કહે છે – તે સાંભળવા ચૂપ થઈ ગયા. આ સમયે મહારાજ યુધિષ્ઠિરની આવી ચેષ્ટાથી બંને પક્ષની સેનાઓ ભારે સંદેહમાં પડી ગઈ.

મહારાજ યુધિષ્ઠિર શત્રુઓની સેનાની વચ્ચે થઈને ભીષ્મજીની પાસે પહોંચ્યા અને બંને હાથથી તેમના ચરણ પકડીને કહેવા લાગ્યા, 'અજેય પિતામહ! હું તમને પ્રણામ કરું છું. મારે તમારી સાથે યુદ્ધ કરવું પડશે. તમે મને આજ્ઞા આપો અને સાથે-સાથે આશીર્વાદ આપવાની કૃપા પણ કરો.'

ભીષ્મે કહ્યું – યુધિષ્ઠિર! જો આ સમયે તમે મારી પાસે ન આવ્યા હોત તો હું તમારા પરાજય માટે શાપ આપી દેત. પરંતુ હવે હું તમારા પર બહુ પ્રસન્ન છું. તમે યુદ્ધ કરો, તમારો જય થશે અને આ યુદ્ધમાં તમારી બીજી બધી ઇચ્છાઓ પણ પૂરી થશે. આ સિવાય તમારી કોઈ વરદાન માગવાની ઇચ્છા હોય તો માગી લો; કેમકે ત્યારપછી તમારો પરાજય થઈ શકશે નહિ. રાજન્! આ પુરુષ અર્થનો દાસ છે, અર્થ કોઈનો પણ દાસ નથી – આ જ સત્ય છે અને આ અર્થથી જ કૌરવોએ મને બાંધી રાખ્યો છે. તેથી જ હું તમારી સાથે નપુંસકો જેવી વાતો કરી રહ્યો છું. બેટા! યુદ્ધ તો મારે કૌરવોના પક્ષે જ કરવું પડશે. હા, આ સિવાય તમારે જે કહેવું હોય તે કહો.

યુધિષ્ઠિરે કહ્યું – દાદાજી! તમને તો કોઈ જીતી શકે એમ નથી. તેથી જો તમે અમારું હિત ચાહતા હો તો અમે તમને યુદ્ધમાં કઈ રીતે જીતી શકીએ એ જણાવો.

ભીષ્મ બોલ્યા – કુંતીનંદન! સંગ્રામભૂમિમાં યુદ્ધ કરીને મને જીતી શકે – એવું તો કોઈ દેખાતું નથી. બીજો પુરુષ તો શું, સ્વયં ઇન્દ્રમાં પણ એવી શક્તિ નથી. આ ઉપરાંત મારા મૃત્યુનો પણ કોઈ ચોક્કસ સમય નથી. તેથી તમે કોઈ બીજા સમયે મને પૂછજો.

ત્યારે મહાબાહુ યુધિષ્ઠિરે ભીષ્મજીની આ વાત માથા પર ચડાવી અને તેમને ફરી પ્રણામ કરીને તેઓ આચાર્ય દ્રોણના રથ તરફ ચાલ્યા. તેમણે આચાર્યને પ્રણામ કરીને તેમની પરિક્રમા કરી અને પછી પોતાના કલ્યાણ માટે કહ્યું, 'ભગવન્! મારે તમારી સાથે યુદ્ધ કરવું પડશે; હું આ માટે તમારી આજ્ઞા ચાહું છું, જેથી મને કોઈ પાપ ન લાગે. તમે એ પણ બતાવવાની કૃપા કરો કે હું શત્રુઓને કઈ રીતે જીતી શકીશ.'

દ્રોણાચાર્યે કહ્યું – રાજન્! જો તમે યુદ્ધનો નિશ્ચય કરીને મારી પાસે આવ્યા ન હોત તો હું તમારા પરાજય માટે શાપ આપી દેત. પરંતુ તમારા આ વિવેકથી હું પ્રસન્ન છું. તમે યુદ્ધ કરો, તમારો જય થશે. હું તમારી ઇચ્છા પૂરી કરીશ. તમારે શું જોઈએ છે તે કહો – આ સ્થિતિમાં તમારા પક્ષે યુદ્ધ કરવા સિવાય તમારી બીજી જે પણ ઇચ્છા હોય, તે કહો; કેમકે પુરુષ અર્થનો દાસ છે, અર્થ કોઈનો દાસ નથી – આ

જ સત્ય છે અને આ અર્થથી જ કૌરવોએ મને બાંધી દીધો છે. તેથી નપુંસકની જેમ તમને કહી રહ્યો છું કે તમે તમારા પક્ષે યુદ્ધ કરવા સિવાય બીજું શું ઇચ્છો છો? હું યુદ્ધ તો કૌરવો તરફથી કરીશ તો પણ વિજય તમારો જ ઇચ્છું છું.

યુધિષ્ઠિરે કહ્યું – બ્રહ્મન્! તમે કૌરવો તરફથી જ યુદ્ધ કરો, પરંતુ હું એ જ વરદાન માગું છું કે તમે મારો વિજય થાય એવું ઇચ્છો અને મને તે માટે ઉપયોગી સલાહ આપો.

દ્રોણાચાર્યજી બોલ્યા – રાજન્! તમારા સલાહકાર સ્વયં શ્રીકૃષ્ણ છે, તેથી તમારો વિજય તો નિશ્ચિત છે. હું તમને યુદ્ધ માટે આજ્ઞા આપું છું. તમે રણભૂમિમાં શત્રુઓનો સંહાર કરશો. જ્યાં ધર્મ રહે છે, ત્યાં શ્રીકૃષ્ણ રહે છે અને જ્યાં શ્રીકૃષ્ણ રહે છે ત્યાં જ જય રહે છે. કુંતીનંદન! હવે તમે જાઓ, યુદ્ધ કરો અને તમારે જે પૂછવું હોય, પૂછો; હું તમને શી સલાહ આપું?

યુધિષ્ઠિરે પૂછ્યું – આચાર્ય! તમને પ્રણામ કરીને એ જ પૂછું છું કે તમારા વધનો શો ઉપાય છે?

દ્રોણાચાર્ય બોલ્યા – રાજન્! સંગ્રામભૂમિમાં રથ પર બેસીને જ્યારે હું કોપિત થઈને બાણવૃષ્ટિ કરીશ તે સમયે મને મારી શકે – એવો તો કોઈ શત્રુ દેખાતો નથી. હા, જ્યારે હું શસ્ત્રો છોડીને અચેત-જેવો ઊભો રહું તે સમયે કોઈ યોદ્ધો મને મારી શકે છે – આ હું તમને સાચેસાચું કહું છું. એક સાચી વાત તમને કહું છું – જ્યારે કોઈ વિશ્વાસપાત્ર વ્યક્તિના મુખેથી મને કોઈ અત્યંત અપ્રિય વાત સાંભળવા મળે છે, ત્યારે હું યુદ્ધભૂમિમાં શસ્ત્રોનો ત્યાગ કરી દઉં છું.'

દ્રોણાચાર્યની આ વાત સાંભળીને રાજા યુધિષ્ઠિર તેમની આજ્ઞા લઈને આચાર્ય કૃપની પાસે આવ્યા અને તેમને પ્રણામ અને પ્રદક્ષિણા કરીને કહેવા લાગ્યા, 'ગુરુજી! મારે તમારી સાથે યુદ્ધ કરવું પડશે; એના માટે હું તમારી આજ્ઞા માગું છું, જેથી મને કોઈ પાપ ન લાગે. આ ઉપરાંત તમારી આજ્ઞા હોવાથી હું શત્રુઓને પણ જીતી શકીશ.'

કૃપાચાર્યે કહ્યું – રાજન્! યુદ્ધનો નિશ્ચય થયા પછી જો તમે મારી પાસે આવ્યા ન હોત તો હું તમને શાપ આપી દેત. પુરુષ અર્થનો દાસ છે, અર્થ કોઈનો દાસ નથી – આ જ સત્ય છે અને આ જ અર્થથી જ કૌરવોએ મને બાંધી રાખ્યો છે; તેથી યુદ્ધ તો મારે તેમના તરફથી જ કરવું પડશે – આવો મારો નિશ્ચય છે. આના કારણે જ નપુંસકની જેમ મારે એ કહેવું પડે છે કે પોતાના તરફથી યુદ્ધ કરવાનું કહેવા સિવાય બીજી તમારી ઇચ્છા હોય તે માગી લો.

યુધિષ્ઠિરે કહ્યું – આચાર્ય! સાંભળો, આથી જ હું તમને પૂછું છું...

આટલું કહીને ધર્મરાજ વ્યથિત થઈને અચેત-જેવા થઈ ગયા અને બીજો કોઈ શબ્દ બોલી ન શક્યા. ત્યારે તેમનો અભિપ્રાય સમજીને કૃપાચાર્યે કહ્યું, 'રાજન્! મને કોઈ મારી શકે એમ નથી. પરંતુ કોઈ ચિંતા નથી; તમે યુદ્ધ કરો, વિજય તમારો જ થશે. તમારા આ સમયે અહીં આવવાથી મને બહુ પ્રસન્નતા થઈ છે. હું દરરોજ ઊઠીને તમારા વિજયની કામના કરીશ – આ હું તમને સાચેસાચું કહું છું.'

કૃપાચાર્યજીની વાત સાંભળીને રાજા યુધિષ્ઠિર તેમની આજ્ઞા લઈને મદ્રરાજ શલ્ય પાસે ગયા તથા તેમને પ્રણામ અને પ્રદક્ષિણા કરીને પોતાના હિત માટે તેમને કહ્યું, 'રાજન્! મારે તમારી સાથે યુદ્ધ કરવું પડશે, એના માટે

હું તમારી આજ્ઞા માગું છું, જેથી મને કોઈ પાપ ન લાગે. આ ઉપરાંત તમારી આજ્ઞા હોવાથી હું શત્રુઓને પણ જીતી શકીશ.'

શલ્યે કહ્યું – રાજન્! યુદ્ધનો નિશ્ચય થયા પછી જો તમે મારી પાસે આવ્યા ન હોત તો હું તમારા પરાજય માટે તમને શાપ આપી દેત. આ સમયે આવીને તમે મારું સન્માન કર્યું છે, તેથી હું તમારા પર પ્રસન્ન છું; તમારી ઇચ્છા પૂરી થાઓ, હું તમને આજ્ઞા આપું છું; તમે યુદ્ધ કરો, જય તમારો જ થશે. તમારી બીજી કોઈ અભિલાષા હોય તો મને કહો. પુરુષ અર્થનો દાસ છે, અર્થ કોઈનો દાસ નથી – આ જ વાત સત્ય છે અને આ અર્થથી જ કૌરવોએ મને બાંધી રાખ્યો છે. તેથી નપુંસકની જેમ મારે એ કહેવું પડે છે કે પોતાના તરફથી યુદ્ધ કરાવવા સિવાય તમે બીજું શું ચાહો છો. તમે મારા ભાણેજ છો. તમારી જે ઇચ્છા હોય તે હું પૂરી કરીશ.

યુધિષ્ઠિરે કહ્યું – મામાજી! મેં સૈન્ય એકત્ર કરતી વખતે તમને જે પ્રાર્થના કરી હતી, તે જ હું ઇચ્છું છું. કર્ણ સાથે અમારું યુદ્ધ થાય ત્યારે તમે તેના તેજનો નાશ કરતા રહેજો.

શલ્ય બોલ્યા – કુંતીનંદન! તમારી આ ઇચ્છા પૂરી થશે. જાઓ, નિશ્ચિંત થઈને યુદ્ધ કરો. હું તમારી માગણી પ્રમાણે કાર્ય કરવાની પ્રતિજ્ઞા કરું છું.

સંજય કહે છે – રાજન્! મદ્રરાજ શલ્યની આજ્ઞા લઈને રાજા યુધિષ્ઠિર પોતાના ભાઈઓ સાથે તે વિશાળ સેનામાંથી બહાર આવી ગયા. આ દરમિયાન શ્રીકૃષ્ણ કર્ણ પાસે ગયા અને તેને કહ્યું કે, 'મેં સાંભળ્યું છે, ભીષ્મજી સાથે દ્વેષને કારણે તમે યુદ્ધ નહિ કરો. જો આવું છે, તો જ્યાં સુધી ભીષ્મ મરાતા નથી ત્યાં સુધી તમે અમારી બાજુ આવી જાઓ. તેમના મરાયા પછી તમને દુર્યોધનની સહાયતા કરવાનું યોગ્ય લાગે તો પછી અમારી સામે આવીને યુદ્ધ કરજો.

કર્ણે કહ્યું – કેશવ! હું દુર્યોધનનું અપ્રિય કદી નહિ કરું. તમે મને પ્રાણાન્ત સુધી દુર્યોધનનો હિતૈષી સમજો.

કર્ણની આ વાત સાંભળીને શ્રીકૃષ્ણ ત્યાંથી પાછા પાંડવસેનામાં આવી ગયા. ત્યારપછી મહારાજ યુધિષ્ઠિરે સેનાની વચ્ચે ઊભા રહીને ઊંચા સ્વરે કહ્યું – 'જે વીર અમારો સાથ આપવા ચાહે, મારી સહાયતા માટે તેનું હું સ્વાગત કરવા તૈયાર છું.' આ સાંભળીને યુયુત્સુ બહુ પ્રસન્ન થયો. તેણે પાંડવો તરફ જોઈને ધર્મરાજ યુધિષ્ઠિરને કહ્યું, 'મહારાજ! જો તમે મારી સેવાનો સ્વીકાર કરો તો હું આ મહાયુદ્ધમાં તમારા પક્ષે કૌરવો સાથે યુદ્ધ કરીશ.'

યુધિષ્ઠિરે કહ્યું – યુયુત્સો! આવો, આવો, આપણે બધા મળીને તમારા મૂર્ખ ભાઈઓ સાથે યુદ્ધ કરીશું. મહાબાહુ! હું તમારું સ્વાગત કરું છું. તમે અમારા તરફથી યુદ્ધ કરો. એવું લાગે છે કે મહારાજ ધૃતરાષ્ટ્રનો વંશ પણ તમારાથી જ ચાલશે અને તમારાથી જ તેમને પિંડદાન મળશે.

રાજન્! પછી યુયુત્સુ દુંદુભિઘોષ સાથે તમારા પુત્રોને છોડીને પાંડવોની સેનામાં ચાલ્યો ગયો. ત્યારે ધર્મરાજ યુધિષ્ઠિરે પોતાના ભાઈઓ સાથે પ્રસન્નતાપૂર્વક ફરીથી કવચ ધારણ કર્યું. બધા લોકો પોતપોતાના રથ પર ચડી ગયા, પછી સેંકડો દુંદુભિઓનો ઘોષ થવા લાગ્યો અને યોદ્ધાઓ જાતજાતના સિંહનાદ કરવા લાગ્યા. પાંડવોને રથમાં બેઠેલા જોઈને ધૃષ્ટદ્યુમ્ન વગેરે બધા રાજાઓને બહુ હર્ષ થયો. પાંડવોએ માનનીય વ્યક્તિઓનું સન્માન કરવાનું ગૌરવ

પ્રાપ્ત કર્યું છે – આ જોઈને રાજાઓએ તેમનો ભારે સત્કાર કર્યો તથા પોતાના ભાઈ-બાંધવોના પ્રત્યે તેમની સુહૃદતા, કૃપા અને દયાની બહુ ચર્ચા કરવા લાગ્યા.

—★—

યુદ્ધનો આરંભ – બંને પક્ષોના વીરોનું પરસ્પર લડવું

રાજા ધૃતરાષ્ટ્રે કહ્યું – સંજય! આ પ્રમાણે જ્યારે મારા પુત્રો અને પાંડવોની સેનાઓની વ્યૂહરચના થઈ ગઈ ત્યારે તે બંનેમાંથી પ્રથમ કોણે પ્રહાર કર્યો?

સંજયે કહ્યું – રાજન્! ત્યારે ભાઈઓ સહિત તમારો પુત્ર દુર્યોધન ભીષ્મજીને મોખરે રાખીને સેના સાથે આગળ વધ્યો. આ જ પ્રમાણે ભીમસેનના નેતૃત્વમાં બધા પાંડવો પણ ભીષ્મ સાથે યુદ્ધ કરવા માટે પ્રસન્નતાપૂર્વક આગળ આવ્યા. આ પ્રમાણે બંને સેનાઓમાં ઘોર યુદ્ધ થવા લાગ્યું. પાંડવોએ આપણી સેના પર આક્રમણ કર્યું અને આપણે તેમના પર હુમલો કરી દીધો. બંને બાજુથી એવો ભીષણ અવાજ થઈ રહ્યો હતો કે તે સાંભળીને રૂવાં ઊભાં થઈ જતાં હતાં. તે સમયે મહાબાહુ ભીમસેન તો સાંઢની જેમ તાડૂકી રહ્યા હતા. તેમની ત્રાડથી તમારી સેનાનાં હૃદય કાંપી ઊઠ્યાં તથા સિંહની ત્રાડ સાંભળીને જેમ બીજાં જંગલી જાનવરોનાં મળ-મૂત્ર નીકળી જાય છે, તે પ્રમાણે તમારી સેનાના હાથી-ઘોડા વગેરે વાહનોનાં પણ મળ-મૂત્ર નીકળી ગયાં. ભીમસેન વિકટરૂપ ધારણ કરીને આગળ વધવા લાગ્યા. આ જોઈને તમારા પુત્રોએ તેમને બાણોથી ઢાંકી દીધા, જેમ મેઘ સૂર્યને ઢાંકી દે છે. આ સમયે દુર્યોધન, દુર્મુખ, દુઃસહ, શલ, દુઃશાસન, દુર્મર્ષણ, વિવિંશતિ, ચિત્રસેન, વિકર્ણ, પુરુમિત્ર, જય, ભોજ અને સોમદત્તનો પુત્ર ભૂરિશ્રવા – આ બધા મોટાં મોટાં ધનુષ્ય ચડાવીને વિષધર સર્પોની જેમ બાણ છોડી રહ્યા હતા. બીજી બાજુ દ્રૌપદીના પુત્રો, અભિમન્યુ, નકુળ, સહદેવ અને ધૃષ્ટદ્યુમ્ન પોતાનાં બાણોથી તમારા પુત્રોને પીડિત કરીને આગળ વધી રહ્યા હતા. આ પ્રમાણે પ્રત્યંચાઓના ભીષણ ટંકારની સાથે આ પ્રથમ યુદ્ધ થયું. આમાં બંને પક્ષોના વીરોમાંથી કોઈએ પાછી પાની કરી નહિ.

ત્યારપછી શાન્તનુનંદન ભીષ્મ પોતાનું કાળદંડ જેવું ભયંકર ધનુષ્ય લઈને અર્જુન ઉપર ઝપટ્યા અને પરમ તેજસ્વી અર્જુન પણ પોતાનું જગપ્રસિદ્ધ ગાંડીવ ધનુષ્ય ચડાવીને ભીષ્મ પર તૂટી પડ્યા. આ બંને કુરુવીર એકબીજાને મારવાની ઇચ્છાથી યુદ્ધ કરવા લાગ્યા. ભીષ્મે અર્જુનને વીંધી નાખ્યો, છતાં પણ તેઓ સહેજ પણ વિચલિત ન થયા. એ જ પ્રમાણે અર્જુન પણ ભીષ્મને સંગ્રામમાંથી વિચલિત ન કરી શક્યા. આ જ સમયે સાત્યકિએ કૃતવર્મા પર આક્રમણ કર્યું. તેમનું પણ અત્યંત ભીષણ અને રોમાંચકારી યુદ્ધ થવા લાગ્યું. મહાન ધનુર્ધર કોસલરાજ બૃહદ્બલ સાથે અભિમન્યુ લડી રહ્યા હતા. તેણે અભિમન્યુના રથની ધજાને કાપી નાખી અને સારથિને પણ મારી નાખ્યો. આથી અભિમન્યુ ભારે ક્રોધિત થયા. તેણે નવ બાણ મારીને બૃહદ્બલને વીંધી નાખ્યો તથા બે તીક્ષ્ણ બાણો મારીને, એકથી ધજા કાપી નાખી તથા બીજાથી સારથિ અને ચક્રના રક્ષકને મારીને પાડી દીધા. ભીમસેનનું તમારા પુત્ર દુર્યોધન સાથે યુદ્ધ થઈ રહ્યું હતું. આ બંને મહાબળી યોદ્ધાઓ રણાંગણમાં એક-બીજા પર બાણવર્ષા કરી રહ્યા

હતા. આ ચિત્રયોધી વીરોને જોઈને બધાને ભારે આશ્ચર્ય થતું હતું. આ જ સમયે દુઃશાસન મહાબળી નકુળ સાથે લડતો હતો તથા દુર્મુખે સહદેવ પર હલ્લો કર્યો અને બાણોની વર્ષા કરીને તેને વ્યથિત કરવા લાગ્યો. ત્યારે સહદેવે એક તીક્ષ્ણ બાણ છોડીને તેના સારથિને મારી નાખ્યો. પછી તે બંને વીરો પરસ્પર પ્રતિશોધની ભાવનાથી એકબીજાને ભયંકર બાણોથી પીડિત કરવા લાગ્યા.

સ્વયં મહારાજ યુધિષ્ઠિર શલ્યની સામે આવ્યા. મદ્રરાજ શલ્યે તેમના ધનુષ્યના બે ટુકડા કરી નાખ્યા. ધર્મરાજે તરત જ બીજું ધનુષ લઈને મદ્રરાજને બાણોથી ઢાંકી દીધા. ધૃષ્ટદ્યુમ્ન દ્રોણાચાર્યની સામે આવ્યો. દ્રોણાચાર્યે ક્રોધિત થઈને તેના ધનુષ્યના ત્રણ ટુકડા કરી નાખ્યા અને પછી કાળદંડ જેવું એક ભીષણ બાણ માર્યું, જે તેના શરીરમાં ઘૂસી ગયું. ત્યારે ધૃષ્ટદ્યુમ્ને બીજું ધનુષ્ય લઈને ચૌદ બાણ છોડ્યાં અને દ્રોણાચાર્યને વીંધી નાખ્યા. આ પ્રમાણે બંને વીર ક્રોધિત થઈને ભયંકર યુદ્ધ કરવા લાગ્યા. શંખે અત્યંત ત્વરાથી સોમદત્તના પુત્ર ભૂરિશ્રવા પર હુમલો કર્યો અને 'ઊભો રહે, ઊભો રહે' એમ કહીને તેને લલકાર્યો. પછી તેણે તેની જમણી ભુજા કાપી નાખી. ત્યારે ભૂરિશ્રવાએ શંખના ગળા અને ખભાની વચ્ચેના હાડકા પર પ્રહાર કર્યો. આ પ્રમાણે તે બંને રણોન્મત્ત વીરોનું બહુ ભીષણ યુદ્ધ થવા લાગ્યું. રાજા બાહ્લીકને યુદ્ધમાં જોઈને ચેદિરાજ ધૃષ્ટકેતુ સામે આવ્યો અને સિંહની જેમ ગર્જના કરીને તેમના પર બાણ વરસાવવા લાગ્યો. તેણે નવ બાણ મારીને રાજા બાહ્લીકને વીંધી નાખ્યા. પછી તે બંને વીરો ક્રોધ કરીને ગર્જના કરીને એક-બીજા સાથે લડવા લાગ્યા. રાક્ષસરાજ અલમ્બુષની સાથે ક્રૂરકર્મા ઘટોત્કચ લડવા લાગ્યો. ઘટોત્કચે નેવું બાણ મારીને અલમ્બુષને વીંધી નાખ્યો તથા અલમ્બુષે પણ ભીમપુત્રને વાંકી નોકવાળાં બાણોથી ચાળણી જેવો કરી નાખ્યો. મહાબલી શિખંડીએ દ્રોણપુત્ર અશ્વત્થામા પર આક્રમણ કર્યું. ત્યારે અશ્વત્થામાએ તીક્ષ્ણ બાણોથી વીંધીને શિખંડીને ગભરાવી નાખ્યો. પછી શિખંડીએ પણ એક અત્યંત તીક્ષ્ણ બાણથી દ્રોણપુત્ર પર પ્રહાર કર્યો. આ પ્રમાણે તેઓ સંગ્રામભૂમિમાં એક-બીજા પર જાત-જાતનાં બાણોના પ્રહાર કરવા લાગ્યા.

સેનાપતિ વિરાટ મહાબળી ભગદત્ત સાથે લડવા લાગ્યા અને તેમનું ઘોર યુદ્ધ થયું. મેઘો જે પ્રમાણે પર્વત પર જળ વરસાવે છે, એ પ્રમાણે વિરાટે ભગદત્ત પર બાણોની વર્ષા કરી અને મેઘ જેમ સૂર્યને ઢાંકી દે છે, તે જ પ્રમાણે ભગદત્તે રાજા વિરાટને પોતાનાં બાણોથી આચ્છાદિત કરી દીધો. આચાર્ય કૃપે કેકયરાજ બૃહત્ક્ષત્ર પર હુમલો કર્યો અને પોતાનાં બાણોથી તેને બિલકુલ ઢાંકી દીધો. આ પ્રમાણે કેકયરાજે પણ કૃપાચાર્યને બાણોમાં ડુબાડી દીધા. તે બંનેએ એક-બીજાના ઘોડાઓને મારીને તેમનાં ધનુષ્ય કાપી નાખ્યાં. ત્યારપછી રથહીન થઈને તેઓ ખડ્ગયુદ્ધ કરવા માટે સામ-સામા આવી ગયા. તે સમયે તેમનું ભીષણ અને કઠોર યુદ્ધ થયું. રાજા દ્રુપદે જયદ્રથ પર આક્રમણ કર્યું. જયદ્રથે ત્રણ બાણ છોડીને દ્રુપદને ઘાયલ કરી દીધા, પછી દ્રુપદે જયદ્રથને બાણોથી વીંધી નાખ્યો. તમારા પુત્ર વિકર્ણે સુતસોમ પર હુમલો કર્યો. બંને વચ્ચે યુદ્ધ થવા લાગ્યું. તે બંનેએ એક-બીજાને બાણોથી વીંધી નાખ્યા. પરંતુ તે બંનેમાંથી કોઈએ પાછી પાની ન કરી. મહારથી ચેકિતાન સુશર્મા પર ચડી આવ્યો, પરંતુ સુશર્માએ ભીષણ બાણવર્ષા કરીને તેને આગળ વધતાં અટકાવી દીધો. ત્યારે